ઇતિહાસના ઓવારેથી પાટીદારો

કચ્છના કડવા પાટીદારોનો સંક્ષિપ્ત ઇતિહાસ

Short History of Kutch Kadva Patidar Community



કુળદેવી શ્રી ઉમિયા માતાજી



શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

Discovery of Patidar Community

લેખક - સંપાદન : કવિ પટેલ

ઇતિહાસના ઓવારેથી પાટીદારો

કચ્છના કડવા પાટીદારોનો સંક્ષિપ્ત ઇતિહાસ

Short History of Kutch Kadva Patidar Community



કુળદેવી શ્રી ઉમિયા માતાજી



શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

Discovery of Patidar Community

લેખક - સંપાદન : કવિ પટેલ




કુળદેવી શ્રી ઉમિયા માતાજી

ઇતિહાસના ઓવારેથી પાટીદારો

કચ્છના કડવા પાટીદારોનો સંક્ષિપ્ત ઇતિહાસ

A Short History of Kutch Kadva Patidar Community


આ ઈતિહાસ કચ્છ કડવા પાટીદારોને
નજર સમક્ષ રાખીને લખવામાં આવેલ છે



લેખક - સંપાદન : કવિ પટેલ (દિલ્હીવાળા)

વર્ષ - ૨૦૧૩
પ્રથમ આવૃત્તિ, પ્રત - ૫૦૦
પ્રકાશક : કવિ પટેલ
મુદ્રક : એડ સર્કલ-અમદાવાદ
કિમત : ૩૦૦/-

પ્રાપ્તી સ્થાન
૪/૩ WHS ફર્નિચર બ્લોક,
કિર્તીનગર, ન્યુ દિલ્હી-૧૫
ફોન : ૦૧૧-૨૫૯૩૭૯૩૬
મોબાઈલ : ૦૯૯૯૦૧૫૪૦૨૫




શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

કાદિયા મોટા - કચ્છ

ક.ક.પા. સમાજના સનાતની સંતો અને ઇષ્ટગુરૂ



બ્રહ્મલીન સંત
શ્રી લાલરામજી મહારાજ



બ્રહ્મલીન સંત
શ્રી ઓધવરામજી મહારાજ



બ્રહ્મલીન સંત
શ્રી વાલરામજી મહારાજ



પ.પૂ. સંત
શ્રી હરિદાસજી મહારાજ

ક.ક.પા. સમાજના આદ્યસુધારકો



શ્રી કેશરા પરમેશ્વરા સાંખલા



શ્રી નારાયણજી રામજી લીંબાણી



શ્રી રતનશી ખીમજી ખેતાણી



શ્રી રતનશી નારણ વાઘડીયા

ક.ક.પા. સમાજના આદ્યસુધારકો



નથુ નાનજી કેશરાણી



પરબત લખુ પોકાર



શીવદાસ કાનજી નાકરાણી



ભીમજી કેશરા લીંબાણી


ક.ક.પા. સમાજના આદ્યસુધારકો



નારાયણ શીવજી નાકરાણી



અરજણ રામજી ભગત



હીરાલાલ ગોપાલ સાંખલા



વિસરામ સીવદાસ - પોકાર

ક.ક.પા.સમાજના આદ્યસુધારકો



હિમતભાઈ રતનશી ખેતાણી



રમેશ માવજી વાઘડીયા



કરસન વિશ્રામ પોકાર(કવિ પટેલ)

મા ઉમિયાની સ્તુતિ

: રાગ :
ઓમ જય જગદીશ હરે, સ્વામી જય જગદીશ હરે

ઓમ જય ઉમિયા માતા, મા જય ઉમિયા માતા,
તુજકો નિશદિન સેવત, ગુણ તારા ગાતા.
ઓમ જય ઉમિયા માતા...

દુ:ખમાં સ્મરણ સૌ કરે, મા મન કરે અભિલાષાં,
સુખમાં સ્મરણ જે કરે, તે નર તરી જાતા.
ઓમ જય ઉમિયા માતા...

નર નારી ને બાળ તારાં, મા મંદિરમાં જાતા,
મન મંદિરમાં તારાં, દર્શન સૌને થાતાં,
ઓમ જય ઉમિયા માતા...

રોજ મંદિરે આરતી થાતી, મા પૂજા થાતી ઘરઘરમાં,
પ્રસાદ લઈને પાવન થાતા, દરદ મટી જાતા.
ઓમ જય ઉમિયા માતા...

દિન દુખિયાને અભાગા, મા દર્શન સૌને થાતાં,
દર્શન તારાં કરીને મન પાવન થતાં.
ઓમ જય ઉમિયા માતા...

ઊંઝામાં તારો વાસ, મા નંદીની સવારી,
પગપાળા તારાં દર્શન આવે, પાવે પુનિત પ્રસાદી.
ઓમ જય ઉમિયા માતા...

પટેલ પાટીદાર અમો મા દુ:ખિયાના દાતા,
કુળદેવી તું અમારી, બાળ અમો તારા થતાં.
ઓમ જય ઉમિયા માતા...

સેવક તારો અરજ કરે મા સાંભળજો કરૂણા,
જન્મ-જન્મમાં સાથે રહીને, દયા કરો રમણાં.
ઓમ જય ઉમિયા માતા...

મા ઉમિયાની સ્તૃતિ, મા જે ભાવે ગાશે,
કહે 'કવિ પટેલ' કર જોડી, જીવન સફળ થાસે.
ઓમ જય ઉમિયા માતા...

(કવિ પટેલ દિલ્હીવાળા)

અનુક્રમણિકા

'કુર્મિ ક્ષત્રિયોનું બ્રહ્માંડમાં અવતરણ''

આપણાં હિંદુ શાસ્ત્રો, વેદ પ્રમાણે વિદ્વાન પંડિતો કહે છે કે લક્ષ્મીનારાયણ ભગવાનની નાભી કમળથી બ્રહ્માજી પ્રગટ થયા અને તેનાથી સમગ્ર સૃષ્ટિના પિતા આદી પુરૂષ શ્રી કશ્યપ ઋષિ, કશ્યપ, અત્રિ, વશિષ્ટ, અગસ્ત્ય, વિશ્વામિત્ર, ભૃગુ અને અંગિરસ ઋષિઓ ઉત્પન્ન થયા અને આ ઋષિઓના સંતાનોથી પ્રજા ઉત્પન્ન થઈ.

આવા ઋષિ તપથી આવતો આપણો કડવા પાટીદાર સમાજ ચંદ્રવંશીય ક્ષત્રિય જાતીની એક શાખા છે. જે પંજાબથી માળવા થઈ ગુજરાત ગયા અને બીજી ટોળી રાજસ્થાન, મારવાડ અને ભિન્નમાલના રસ્તે ગુજરાતમાં ગયા અને ત્યાં બાવન ગૌત્રી પાટીદારો ફેલાઈ ગયા અને પોતાની કચ્છ કડવા પટેલની આગવી છાપ ઉભી કરી તેવું ઈતિહાસોમાં ઉલ્લેખ છે.

વિક્રમ સંવત ૨૦૨ના પોષ સુદી ૫ને ગુરૂવારના રોજ ઊંઝા ગામનું તોરણ બાંધનાર આપણાં કડવા પાટીદારોના વડવાઓ હતા. આ વિસ્તારમાં વરસો સુધી આપણાં વડીલોએ ખેતી કરી અને શાસન પણ કર્યું. તેવું વહીંવંચાના ચોપડામાં ઉલ્લેખ છે.

આપણાં કડવા પટેલોના કુળદેવી "મા ઉમિયાજી"નું સંવત ૨૧૨માં ઉંઝામાં સ્થાપિત વિશાળ મંદિર મોગલોએ તોડયું હતું જે ઇ.સ.૧૮૬૫માં પુનઃ નિર્માણ કરવામાં આવ્યું હતું. સમગ્ર ભારત તથા ભારત બહાર વસતા કડવા પાટીદારો મા ઉમિયાના સંતાનો છે

પ્રકાશન સમિતિ - કાદીયા મોટા

"કચ્છ કડવા પાટીદાર સમાજની ભૂમિકા"

ઈતિહાસમાં જીવન દર્શન કરવાની ક્ષમતા છે. ભવિષ્ય માટે શ્રેષ્ઠ માર્ગદર્શન કરવાની અને મનુષ્યને ઈતિહાસ વડે જ પ્રાપ્ત થાય છે. એ જ તો ઈતિહાસની મહત્તા છે.

આજે ભારતભરમાંથી દરેક જ્ઞાતિ પાસે પોતાનો ઈતિહાસ છે. જ્ઞાતિની ઉત્પત્તિ, જ્ઞાતિનો ભવ્ય ભૂતકાળ, જ્ઞાતિ વડીલોની તત્સમયની ટાંચા, સાધનો ઉપલબ્ધી વચ્ચે જીવન જીવવાનો સંઘર્ષ અંગે માહિતી મેળવી સમાજ પાસે મુકાય એ જરૂરી છે. સમાજ આ માહિતી ઉપરથી ચર્ચા વિચારણા કરે, જ્ઞાતિની વર્તમાન સમસ્યા આ અંગે વિચારણાં થાય અને ઈતિહાસ દ્વારા પ્રેરણા લઈ જ્ઞાતિ વધુ સંગઠિત થાય તો જ એ સમાજ વધુ પ્રગતિ કરી શકે. આજે સ્વતંત્ર ભારતમાં બિનસાંપ્રદાયિકતાની વાતો થઈ રહી છે. ત્યારે ઘણાં બુદ્ધિજીવીઓમાં એવા પ્રશ્નોની વાતો થઈ રહી છે કે જ્ઞાતિવાદ ઊભો કરીને દેશને સમાજને નુકશાન પહોંચાડવાની શી જરૂરત છે , માત્ર જ્ઞાતિના ઈતિહાસને મહત્ત્વ આપવાથી જ્ઞાતિ શી રીતે પ્રગતિ કરી શકે ?

જ્ઞાતિ સંગઠન એ માત્ર સંગઠિત થઈ સમાજ સુધારણાં માટેનો એક સામાજીક યજ્ઞ છે. આ સામાજીક યજ્ઞમાં સમાજ સુધારણાં માટે જે ચિંતા સેવી અને સામાજીક સુધારણાં દ્વારા અને ધાર્મિક સુધારણાં દ્વારા જ્ઞાતિમાં જે પરિવર્તન આવ્યું તેની સાચી સમજણ આજની યુવા પેઢીને માત્ર જ્ઞાતિ ઈતિહાસ જ આપી શકે તેમ છે.

કચ્છના કડવા પટેલ જ્ઞાતિના ઈતિહાસ અંગે જ્ઞાતિના વડીલો ચાલુ પેઢી અને ભાવિ પેઢી એટલું જ જાણે છે કે અમો ઊંઝા, ઉત્તર ગુજરાત થઈ કચ્છ વાગડમાંથી શિકરા ગામે આવ્યા છીએ અને શિકરાથી પશ્ચિમકચ્છમાં ફેલાયા છીએ. એટલું જ જાણે છે. આ પ્રશ્નને રસ દાખવી ઘણાં લોકો વહીવંચા, ભવાયા, બારોટ, ગઢવી, ચારણ વિગેરે પાસેથી પોતાના કુટુંબનો અને જ્ઞાતિનો વંશવૃક્ષ (આંબો) તૈયાર કરાવેલ છે. પરંતુ તેનાથી પણ આગળ આપણે ક્યાં હતા ? તે જાણવાની ઉત્કંઠા લોકોમાં જોવા મળતી નથી.

આજે ભારતમાં પથરાયેલ કુર્મિ, કણબી, કુનબી પટેલ, પાટીદાર, મરાઠા, પાટીલ, રેડ્ડી, કાયુસ, નાયડુ, લોકીલીંગર વગેરે જાતિની પ્રજા આપણાં વંશની છે. તેના જાણ સમગ્ર પટેલ જ્ઞાતિજનોને કદાચ ખબર પણ ન હોય. આમ આ માહિતી માત્ર જ્ઞાતિ ઈતિહાસ દ્વારા મળી શકે છે. ઉપર જણાવેલ નામોવાળા પટેલો લેવા અને કડવા પાટીદારો છે. તેની જાણકારી આ ઈતિહાસમાં છે.

- ગોવિંદ વી. ખોખાણી

(લેવા પટેલ જ્ઞાતિ ઈતિહાસ)

પ્રસ્તાવના

માનવી એક સામાજીક પ્રાણી છે. એક સમાન આચાર વિચાર ભાષા અને સંસ્કૃતિથી બંધાયેલા માનવ સમુદાય એટલે જ એક આદર્શ સમાજ, સમાજમાં પરસ્પર એક બીજાની ભાવનાને આદર આપી, સહકારથી રહી જીવનપંથમાં આગળ વધતા રહેવું એજ સમાજનો મુખ્ય હેતુ. આવા ઉમદા હેતુના તાંતણાથી બંધાયેલો આપણો પાટીદાર સમાજ ભુતકાળમાં અનેક વિધ ચડતી પડતી જોઇ જાણી અનુભવી પ્રગતિને પંથે અગ્રેસર થતો રહેલ છે. એક આદર્શ સમાજની છાપ ઊભી કરી શકેલ છે. મા ઉમિયાની અનુકંપા તેમજ પરમ દયાળુ પરમાત્મા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમ કૃપાથી આપણો આ સમાજ દિનદુની રાત ચૌગુની પ્રગતિને પંથે અગ્રેસર થતો રહેલ છે. ભુતકાળમાં આપણે એક દૃષ્ટિ દોડાવીએ તો આપણને સમજાશે કે આપણો આ સમાજ કયાં હતો અને આજે ઉમિયામાની કૃપાથી કયાં છે..? ખૂબ જ અલ્પ સમયમાં આપણા સમાજે સામાજીક, આધ્યાત્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે જે પ્રગતિ કરેલ છે તે બેનમૂન છે. તેમાં શંકાને સ્થાન નથી. ખરેખર શૂન્યમાંથી નવ સર્જન કરી સમાજને પ્રગતિને પંથે દોડાવનાર આપણા વડીલોને જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

આજથી ૭૫ થી ૮૦ વર્ષ કે એથી પહેલા જરા દૃષ્ટિપાત કરશું તો જણાશે કે આપણો સમાજ મુખ્યતઃ ખેતી પ્રધાન સમાજ હતો. ખેતી એજ એક આજીવિકાનું સાધન હતું. કચ્છમાં વરસાદની અનિમિયતાને કારણે સીમિત સાધનોથી આપણા વડીલો પોતાનું જીવન માંડ માંડ ચલાવતા હતા. વારંવાર પડતા દુકાળને કારણે આપણા વડીલોને પોતાની આજીવિકા ચલાવવા માટે કચ્છ બહાર નીકળવાની ફરજ પડી. આપણે સૌ જાણીએ છીએ કે આજનું પાકિસ્તાન એ વખતે આપણું અભિન્ન અંગ હતું. પાકિસ્તાન કચ્છની ખૂબ જ નજીક હોવાથી આપણા વડીલો પ્રથમ સિંધમાં (પાકિસ્તાન) ખેતી કરવા અર્થે પગપાળા જવા લાગ્યા. સિંધમાં ખેતીની કાળી મજુરી કરીને અન્ય ક્ષેત્રે પણ વડીલોએ જંપલાવેલ હતું. આમ કાળી મજુરીની પરાકાષ્ટા એવા હાથ વેરણના કામમાં પ્રવૃત થયા. શિક્ષણનો અભાવ અને આર્થિક પરિસ્થિતી પણ અનુકૂળ ન હતા તેઓ શોષણનો ભોગ બન્યા તેથી હાથ વેરણનું કામ કરવા સિવાય બીજા કોઇ વિકલ્પ તે વખત વડીલો સમક્ષ ન હતો. ધીરે ધીરે આ હાથ વેરણમાં સારી એવી નિપુણતા અને નામના વડીલોએ મેળવી હતી.

સમય જતાં પોતાનું જીવન સ્તર ઉન્નત બનાવવાના ઉદ્દેશ્યથી ભારતના અન્ય શહેર તરફ આપણા વડીલો આકર્ષાયા. તે જમાનામાં અવાગમનના સાધનો નહીંવત હતાં છતાં પણ આપણા વડીલો ખૂબજ કષ્ટ સહન કરીને ભારતના ખૂણે ખૂણે વસેલા છે. ત્યાં આજીવિકા રળી કમાવા પ્રયત્નો કરેલ છે. જુના સમયમાં ખૂબ જ કષ્ટદાયક મુસાફરી કરવી પડતી હતી. ગામડાથી ભુજ આવવા બળદગાડાં સિવાય અન્ય કોઇ સાધનો ઉપલ્બધ ન હતાં. ભુજથી કંડલા કચ્છ સ્ટેટની નેરોગેજ રેલ્વે છુક છુક ગાડીમાં અને કંડલાથી નવલખી સમુદ્ર માર્ગે લોંચમાં બેસીને નવલખી પહોંચતા. નવલખીથી વિરમગામ રેલ માર્ગે આવી વિરમગામથી રેલ મુંબઇ, નાગપુર, કલકતા વગેરે સ્થળોએ ચારથી સાત દિવસની ખૂબજ કષ્ટદાયક મુસાફરી કરવી પડતી હતી. પરંતુ જેના જીવનમાં ઉન્નત જીવન તરફ વધવાનો દ્રઢ સંકલ્પ હોય તેમના માટે આવી કષ્ટદાયક મુસાફરીઓ પણ વિઘ્ન રૂપ બની શકે નહી. આમ મુસીબતનો સામનો કરી આપણા વડીલો કચ્છની બહાર પહોંચી શકયા છે.

અહીં એક વાત જે અતિ મહત્વની છે જેનો સીધો સંબંધ માણસોની વિકાસશીલતા સાથે જોડાયેલો છે. એ છે માનવીના મગજની સાંપ્રત સમાજ અને જગત આખામાં જુદી જુદી જગ્યાએ ચાલતી માનવ જીવન ઉપયોગી વિચારધારા આપણા વડીલોના એ વખતના જીવન દરમ્યિાન કાળી મજુરી કરવાની ફરજના લીધે તેમજ અંત્યત ગરીબાઇ વાળું જીવન, નિર્ધનતા અને નિરક્ષરતા આ બધા તત્વો તેઓને પોતાના જીવનને સુધારા તરફ લઇ જવા માટે બાધા રૂપ હતા. કદાચ એમના આવા સંજોગોના લીધે તેઓ પોતે શુધ્ધ હિન્દુ હોવા છતાં તે વખતની પર વિધર્મિય ધર્માંધ શકિતઓના ભોગ બન્યા. પરિણામ સ્વરૂપ તેઓ પોતાના ધર્મનો સાચો પંથ મજબુરીથી ભુલી અને વિધર્મિઓની કપટી અને ખતરનાક ચાલનો અજાણતા શિકાર બન્યા ! અત્યારે એક વસ્તુ સાબિત થઇ ચુકી છે કે જે ધર્મના લોકો ધર્માંધ બની જાય છે તેઓ પોતાના જીવનનો યોગ્ય વિકાસ ગુમાવી બેસે છે. તેમની વિચારધારા સંકુચીત બની જાય છે અને સાંપ્રત સમાજની વિકાશશીલતા સાથે તાલમેલ રાખી શકતા નથી અર્થાત પ્રગતિ વિકાસશીલતા ગુમાવી બેસે છે.

હિન્દુ ધર્મ એક એવો ધર્મ છે. જે સહિષ્ણું, વિશાળ તેમજ દરેક સારી અને પ્રગતિશીલ વિચારધારાને સ્વિકૃતી આપી અપનાવી લે છે. ટૂંકમાં આ ધર્મ રૂઢીવાદી, સંકુચીત અને કટ્ટરવાદીપણા વાળો નથી. કદાચ આજ કારણને લઇને આજે વિશ્વમાં લઘુમતીમાં હોવા છતાંય ખૂબજ આદરણીય બની શકયો છે.

-પ્રકાશન સમિતિ
વીરાણી મોટી પાટીદાર સમાજ

લેખકના બે બોલ

આ ઇતિહાસ કચ્છ કડવા પાટીદારોને કેન્દ્રમાં રાખી અને ઇતિહાસના જાણકાર સાહિત્યકારોથી મેળવેલ વિગતો પર આધારિત છે. મારા પ્રવાસ દરમ્યાન, ભોગોલિક રીતે, પાટીદારોના ઇતિહાસમાંથી, સભાઓ દ્વારા સાહિત્યદ્વારા સંકલન અને સંપાદન કરી જે કંઇ સમાજમાંથી મેળવેલ જાણકારી મુજબ મળ્યું તેના પર આધારીત છે. છતા પણ આ કચ્છ કડવા પાટીદારો તથા ગુજરાતના પાટીદારોની માહિતી પૂર્ણ છે. તેવું ન માનતા.

આ ઇતિહાસ કચ્છમાં વસવાટ કરતા કડવા પાટીદારોની જાણકારી માટે લખાયો છે કે તેઓ કચ્છમાં કયારે આવ્યા અને કેમ આવ્યા. તેની જાણકારી આપી છે.

ગુજરાતની ફળદ્રુપ જમીન, મીઠા પાણી મુકી કરી. કચ્છની રેતાળ જમીન, ડુંગરાળ જમીન, વાગડની ખારી જમીન અને વારંવાર પડતા દુષ્કાળ, અને કચ્છી પ્રજાની અવાર-નવાર થતી કનડગત થતા છતા પણ આ પાટીદારો સેંકડો વરસ વાગડમાં વસવાટ કર્યો છે. પરતું ઊંઝા-પીરાણાથી એક પાછળ એક આવવાથી આ પાટીદારોનો વાગડમાં ઘણો ભરાવો થવાથી તેઓએ પશ્ચિમ કચ્છમાં ઉચાળા ભર્યા અને તેઓ એ ગામડા વસાવી ખેતી કરવા લાગ્યા.

પરતું ત્યાં અનુકુળ પરિસ્થિતિ ન હોવા છતા પણ આ મરદના દીકરા પાટીદારોએ કચ્છને નંદન વન બનાવી દીધુ. આજે આ પાટીદારો પર મા ઉમિયા તથા લક્ષ્મીનારાયણ ભગવાનના અસીમ આશીર્વાદ હોવાથી સાધન સંપન્ન છે. અને તેઓ દેશ-વિદેશમાં પહોંચી ગયા છે.

આ ઇતિહાસ કચ્છ કડવા પાટીદારોની જાણકારી માટે લખાયો છે. આ ઇતિહાસમાં જણાવેલ વિગતોથી, તે વખતે પાટીદારોની કેવી પરિસ્થિતિ હતી તેનો ખ્યાલ આવશે. વધુમાં આ ઇતિહાસ કોઇ સમાજ, સંસ્થા અથવા કોઇ ધર્મ અને ધાર્મિક સંસ્થા માટે લખાયો નથી. સીર્ફ ચાલુ પેઢી અને ભાવી પેઢીને પોતાના ધર્મ-કર્મની જાણકારી મળે તે માટે લખાયો છે. જેથી કરી આપણી જ્ઞાતિ ઇ. સ. ૧૪૪૯ થી કરી આજ સુધી જ્ઞાતિને પોતાના ઇતિહાસની ખબર પડે. માટે કોઇ વ્યકિત અથવા ધાર્મિક સંસ્થા સામાજીક સંસ્થાને બંધ બેસતી પાઘડી પેહરવી નહી.

ફરીથી આપ સમક્ષ આ ઇતિહાસ મુકતા આનંદ વ્યકત કરુ છુ. આ ઇતિહાસની વિગતો મારા પ્રવાસ દરમ્યાન અને ઇતિહાસના પાનેથી સંશોધન કરી જે મેળવેલ છે. તેના પર આધારીત છે..

આ ઇતિહાસમાં કદાચ ભુલો હોય અથવા અધુરી માહીતી હોય અથવા વ્યાકરણ કે શબ્દોની ભુલો હોય, અથવા વાકયોમાં ખામી હોય, તો ક્ષમ્ય ગણશો.

અંતમાં કોઇ સમાજ સંસ્થાન, વ્યકિત, ધાર્મિક સંસ્થાન વિગેરેની પાસે કંઇ પણ માહીતી હોય તો મને જણાવશો જેથી કરી બીજી આવૃતીમાં સમાવેશ કરવામાં આવે. આ ઇતિહાસ લખવાનો મારો પ્રથમ પ્રયાસ છે. ફરીથી જે કંઇ ભુલો હોયતો ક્ષમ્ય ગણશો ધન્યવાદ ક્ષમા અને અભાર.

આ ઇતિહાસ. વિ. સ. ૨૦૦૨ સુધીનો લખવામાં આવ્યો છે. તે પછીનો જ્ઞાતિનો ઇતિહાસ આજ સુધીનો ક. ક. પાટીદારોનો ઇતિહાસ લખાયો છે. તે ઇતિહાસ સમાજના કાર્યાલય, સંસ્કાર ધામ અને ઉમિયા માતાજી મંદિર વાંઢાયથી મળશે. જે વાંચી જવા વિનંતી.

-કવિ પટેલ

મારું આત્મનિવેદન

હું કરસન વિસરામ પટેલ તરીકે સમાજ તથા જ્ઞાતીમાં ખાસ પરિચિત નથી . લોકો કવિ પટેલ તરીકે ઓળખે છે. મને લેખન વાંચન તથા અધ્યન નો ઘણો લખવાનો શોખ છે. હુ ખાસ કરી પાટીદારો વિશે લેખો લખવાનો વધારે શોખ અને રૂચી છે

મારું પ્રાથમિક શિક્ષણ ગામ કાદીયા મદ્યે થયું. ત્યાર પછી સન ૧૯૬૦માં ચંદીગઢ પંજાબ થી મેટ્રીક પાસ કરી છે. મને પાટીદાર સમાજ માટે ગૌરવ છે મા કુળદેવી ઉમીયા તથા લક્ષ્મીનારાયણ ભગવાન પ્રત્યે અગાથ શ્રધ્ધા છે. હું વરસોથી ઊમીયા માતાજી સંસ્થાન ઊંઝાનો કારોબારી સભ્ય છુ આમ તો હું દીલ્હીમાં ફરનીચરનો શો રૂમ તથા લાકડાનો ઘંઘો ચલાવુ છું પણ અત્યારે નિવૃત છું. અને મારા બંને દિકરા ઘંઘો ચલાવે છે. એટલે મને સમાજના કામો કરવામાં વધુ સમય મળે છે. અને ખાસ કરી ભારતભરમાં પાટીદારોના પ્રદેશમાં પ્રવાસ કરૂ છુ. અને તેઓને નિકટથી જાણવા નો પ્રયાસ કરૂ છું.

સમાજના કાર્યો કરવા માટે મારા મિત્રો કે સ્નેહીઓ શ્રી મણીભાઈ મમી અને શ્રી સીતારામ ભાઈએ મને ખૂબ પ્રોત્સાહિત કર્યો છે મારા લેખો કે કવિતાઓને પણ આ બંને ભાઈઓએ બિરદાવી મને આગળ વધવા જોસ આપ્યુ છે. જો કે મને આ લોકો જે રીતે બિરદાવે છે તેટલી મારામાં શકિત છે કે કેમ તે તો માતજી જાણે પણ મને તેમના સંબધથી ઘણી શકિતી મળે છે. આ પુસ્તક પણ તેમના જ પ્રોત્સાહનથી તૈયાર થઈ રહ્યું છે.

મને પીઠબળ તરીકે સ્વ. શેઠ કેશવલાલ તથા પ્રિ.સોમાભાઈ, ડો.મફતલાલ વિગેરે ભાઈઓ મને અપનાવ્યો છે અને હમેંશા સહયોગ આપ્યો છે. સાથે ઓ. આર. પટેલ, જયરામભાઈ વિગેરે મિત્રો એ પણ મને પોતાનો માની હમેંશાં પ્રેરણા આપતા રહ્યા છે.

મારી પાટીદાર સમાજ પ્રત્યેની લાગણીને લઈને મને સમાજના કાર્યોમાં ખૂબ રસ પડે છે. યુ.પીના તથા ઉ.ભારતના ભાઈઓના સતત સંપર્કમાં રહુ છું. જેથી તેમનો ગુજરાત સાથેનો સંબંધ જોડાઈ રહ્યો છે (ખાસકરી ગુજરાતી પાટીદારો સાથે) જુદા-જુદા વિસ્તાર આપણા કુર્મિ ભાઈઓને હું મળતો રહુ છું. તેમાંથી મને જાણવાનું મળે છે અને વધુ ને વધુ સબંધો કેળવાય છે.

મા ઉમિયાની કૃપાથી અને લક્ષ્મીનારાયણ ભગવાનના આશીર્વાદથી ઊંઝા અને કચ્છની સમાજોના આગેવાનોની સલાહ-સુચનોથી હું મારા પાટીદાર સમાજ માટે જે કંઈ થોડુ ઘણં કામ કરી શકુ તો તેમાં કોઈ મેં ઉપકાર કર્યો નથી એ તો મારા જીવનની એક ફરજ સમજુ છુ. જો કોઈ માણસ પોતાના સમાજ માટે ગૌરવ અને લાગણી ન રાખે તો તે નગુણો ગણાય. પોતાનો ઈતિહાસ ભુલનારા માણસનું પતન થાય અને સમાજનું પણ.

હું સમાજના કામ માટે હમેશાં ફરતો રહુ છું મને જુદા-જુદા વિસ્તારોમાંથી ગુજરાતી ભાઈઓ, કુર્મિ ક્ષત્રિય ભાઈઓ મળે છે ત્યારે એક ખાસ લાગણી જોવા મળે છે. ઘણીવાર તો જાણે વર્ષોથી વિસરાયેલા ગુજરાતી ભાઈઓના મિલન વખતનો લાગણીનો અનુભવ થાય છે. મે એવી મુલાકાતોના પ્રસંગો પણ આ પુસ્તકમાં નોંધ્યા છે.

મારામાં કુદરતી રીતે જ જુદા-જુદા વિસ્તારના આપણા ભાઈઓ સાથેની મુલાકાતનો શોખ પેદા થયો છે મને આ બાબતે ઘણી જગ્યાએથી આમંત્રણ પણ મળે છે. મારૂં સન્માન પણ થાય છે અને એવોર્ડ પણ મળે છે. આ રીતે પણ મા ઉમીયાએ મને સમાજનું નાનુ મોટુ કામ કરવા નિમિત બનાવ્યો છે અને તેમાંથી જ પ્રેરણા મળતી રહે છે ઉપરાંત માતાજીના અને લક્ષ્મીનારાયણ ભગવાનના આશીર્વાદ તો હંમેશાં મળતા રહે છે.

(કવિ પટેલ દિલ્હી વાલા)

ન પુછો મુજને હું શું કરૂં છુ
મને જયાં ગમે ત્યાં હરૂં છું ફરૂં છું

- કવિ પટેલ

કચ્છના ઇતિહાસની ટુંકી જાણકારી

-પટેલ ગંગારામભાઇ સાંખલા દ્વારા



શ્રી ગંગારામભાઇ સાંખલા

કચ્છમાં પાંચાડાની વ્યવસ્થા હતી ત્યારે ચાર પાંચાડા બનાવવામાં આવ્યા હતા. તે આ પ્રમાણે હતા
(૧) આથમણો પાંચાડો (૨)વચલો પાંચાડો (૩) ઉગમણો પાંચાડો
(૪) દખણાદો પાંચાડો

રતનસી બાપા અને ઓધવરામ મહારાજ આપણને સનાતન ધર્મ તરફ વાળ્યા અને લક્ષ્મીનારાયણ ભગવાનને ઇષ્ટ દેવ તરીકે પુજવાનું સમજાવ્યું આ સનાતન ધર્મ છે. અને આપણી કુળદેવી ઉમિયા માતાજી છે. કચ્છના ઇતિહાસમાં પ્રાગજી કાકાએ વહીંવંચા અને બ્રાહ્મણને રજા આપી તેનો ઠરાવ નખત્રાણામા ચારે પાંચાડાની નાતે મળીને કરેલ હતો. ત્યારે કેશરા બાપા મુખીએ તેનો વિરોધ કર્યો હતો અને તેમને નાત બહાર કર્યા હતા. અને ત્યાંથી સનાતન ધર્મની ચીનાગારી લાગી છે. કચ્છના કડવા પાટીદારની ધર્મ જાગૃતિની શરૂઆત થઇ છે. કેશરા બાપાની ઉંમર ૧૦૫ વરસની હતી. તેમના અવસાન બાદ પાંચ વરસે નારાયણજી બાપાનો જન્મ થયો હતો. બંને વડીલોની ઉંમરમાં આટલો તફાવત હતો.

નારાયણજી બાપા આર્ય સમાજને માનનારા હતા પરતું જયારે વિરાણી ગામમાં લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના સતપંથ સમાજના જગીયા (ખાના)માં કરી ત્યારે તેમની સહમતી હતી અને તબિયત નાદુરસ્ત હોવા છતા હાજરી આપી હતી.

લી આપનો
પટેલ ગગાંરામભાઇ સાંખલા
ન્યુ દિલ્હી

સંદેશો

શ્રી ગંગારામભાઇ સાંખલા

પ્રમુખ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ- નખત્રાણા

ભારતની કુર્મિ પ્રજાના ઇતિહાસનુ સંકલન કરવાનો અને પુસ્તિકા રૂપે પ્રસિધ્ધ કરવાનો કવિ પટેલનો પ્રયાસ સરાહનીય છે અને અભિનંદનને પાત્ર છે.

વરસોથી કવિ પટેલનો આ વિષય રહ્યો છે. ઘણા પ્રદેશના કુર્મિક્ષત્રિય પ્રજા વચ્ચે ગયા છે. તેમની રહેણી-કરણીનો પણ અભ્યાસ કરેલ છે. તે લીધે આ કાર્ય તેમના માટે સરળ બન્યુ છે.ભારતના કુર્મિ ક્ષત્રિય પ્રજા સાથે ગુજરાતના પટેલ ઇતિહાસ જોડાયો છે. અને તેમાં પણ કચ્છના કડવા પાટીદારોના ઇતિહાસના પ્રસંગો ટાંકયા છે. તે અતિ ઉત્તમ પ્રયાસ છે. આ પુસ્તક પાટીદારોને ગમશે અને તેમાંથી જાણકારી પણ મળશે. એવા આશય સાથે કવિ પટેલના પ્રયાસને ખૂબ-ખૂબ ધન્યવાદ સાથે અભિનંદન.

લી.આપનો
પટેલ ગંગારામ હીરાલાલ સાંખલા

સંદેશો



રતીલાલ મ.પટેલ

આત્મીય ભાઈ શ્રી કરસનભાઈ (કવિ પટેલ)

આપ કચ્છના કડવા પાટીદારો ઈતિહાસ પુસ્તક પ્રકાશિત કરી રહ્યા છો એ જાણીને ખુબ આંનદ થયો. આ વિષય પર અત્યાર લગી બહુ ઓછું કામ થયું છે. આપના પુસ્તકમાં સંપાદીત કરેલી જ્ઞાતિ વિશેની ઐતિહાસિક હકીકતો આવનારી પેઢી માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

ઈતિહાસ એ એવી આરસી છે કે જેમાં અતીતનુ હું બહુ પ્રતિબિંબ ઝીલાતુ હોય છે. દરેક રાષ્ટ્ર કે સમાજનો વર્તમાન તેના અતીતના પાયા પર ઊભેલો હોય છે. અને અતિત તેના ઈતિહાસના પાના પરથી મળતો હોય છે.

આપે આ દિશામાં કરેલ પ્રયાસ બદલ અભિનંદન અને યશસ્વી બનો એવી શુભ કામના.

લી.

રતીલાલ મ. પટેલ

તંત્રીશ્રી- ઉમાદર્પણ

॥ અભિવાદનમ્ ॥



માનવંત શ્રી

શ્રી કરસનભાઈ(કવિ) પટેલ
ચેયરમેન શેષ ભારત ઝોન

પાટીદાર સંદેશ 25 રજત જયંતિ વર્ષ

આપશ્રી ના વ્યસ્ત જીવન માંથી અમૂલ્ય સમય ફાળવીને "પાટીદાર સંદેશ" મુખપત્રના વહીવટમાં અનન્ય યોગદાન આપી "સમાજના ગેઝેટ" પ્રસ્થાપિત કરવાના આપના નિષ્ટાપૂર્વકના પ્રયત્નો માટે સંસ્થા આપશ્રીનું રજત જયંતિ પ્રસંગે હાર્દિક અભિવાદન કરે છે.

તા. ૨૦-૫-૨૦૦૬
શનીવાર

પાટીદાર સંદેશ પરિવાર-અમદાવાદ
"પાટીદાર સંદેશ"

શુભેચ્છા સંદેશ / આવકાર



સોમાભાઇ વી .પટેલ

દિલ્હી નિવાસી કચ્છી-ગુજરાતી શ્રી કવિ પટેલ ઘણાં વર્ષોથી પાટીદાર સમાજની સેવામાં કાર્યરત છે. ગુજરાતની બહાર રહીને માત્ર પોતાની જ્ઞાતિના જ નહિ, પરંતુ સમગ્ર ગુજરાતના અને દેશના કુર્મિ-પાટીદારોની એકતા અને ઉત્કર્ષ માટે વિચાર કરનારા અને પ્રયત્ન કરનારા તેઓ કદાચ પ્રથમ છે. ગુજરાતના અને ઉત્તર પ્રદેશના કુર્મિપાટીદારો, જેઓ ઘણાં વર્ષોથી એકબીજાથી દૂર અને અજાણ હતા તેમને એકબીજા સાથે પરિચયમાં લાવવાનું અને તેમને જોડનારી સંપર્ક-કડી બનાવવાનું અતિ મહત્ત્વનું કાર્ય તેમણે કર્યું છે, તેની નોંધ પાટીદાર સમાજના ઇતિહાસકારો ભવિષ્યમાં અવશ્ય લેશે.

શ્રી કવિ પટેલ સામાજિક ઉત્કર્ષના કાર્યની સાથે સમાજના ઈતિહાસમાં પણ રસ ધરાવે છે. તેઓ તેમના વતન કચ્છના તેમજ ઉત્તર પ્રદેશ, મોરેશ્યસ, ફીજી વગેરે દેશોમાં વસતા ગુજરાતીઓની સામાજિક-આર્થિક સ્થિતિ અને ઐતિહાસિક ભૂમિકા સાથેના લેખો અવારનવાર લખતા રહ્યા છે. તેઓ હાલમાં તેમના કચ્છી પાટીદાર સમાજનો ઈતિહાસ દેશના પાટીદારોના સંદર્ભની ભૂમિકા સાથે લખવાનું અતિ મહત્ત્વનું કાર્ય કરી રહ્યા છે તે ઘણી ખુશીની બાબત છે. તેમના આ કાર્યને હું હૃદયપૂર્વક આવકારું છું, અને તેમના હાથે કચ્છ-કડવા પાટીદારો વિશે એક ઉત્તમ અને પ્રમાણભૂત ગ્રંથ પ્રાપ્ત થાય એવી શુભકામનાઓ વ્યક્ત કરું છું.

લિ. સ્નેહાધીન

સોમાભાઈ પટેલ

તંત્રી : "ધરતી" માસિક


ધરતી વિકાસ મંડળ, અમદાવાદ.

નિવૃત્ત પ્રિન્સીપાલ અને લેખક

કારોબારી સભ્ય,

ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા.

॥ શ્રી લક્ષ્મીનારાયણાય નમઃ ॥ **સંદેશો** ॥ શ્રી મા ઉમાયૈ નમઃ ॥



પ. પૂ. સંત શ્રી હરિદાસજી મહારાજ

સમાજનાં વિવિધ ક્ષેત્રોનાં વિવિધ ઉત્કર્ષ માટે વિવિધ વ્યક્તિઓ પ્રયત્નશીલ હોય ત્યારે, સમાજ સર્વાંગીય ઉત્કર્ષને પામે છે. સમાજ સર્વાંગીય વિકસીત થાય છે. સંસ્કાર, શક્તિ, અધ્યાત્મ, રાજનિતી, કૃષિ, વેપાર, ઉદ્યોગ, વિજ્ઞાન, શોધો અને શાસ્ત્રો જેવા અનેક પાસાઓથી સમાજ સુસજ્જિત થાય છે.

સમાજનાં સર્વાંગીય વિકાસનાં મહાયજ્ઞમાં આવો જ એક પ્રયાસ શ્રી કરસનભાઈ વિશ્રામભાઈ પટેલ (ક.વિ.) દિલ્હી દ્વારા થયો છે.

મૂળમાં પાટીદાર હોવા છતાં થોડા થોડા પરિવર્તન સાથે વિવિધ નામાભિધાન ધરાવતા સમગ્ર વિશ્વમાં વસવાટ કરતાં પાટીદારોને રૂબરૂ અથવા અન્ય ઉપાયો દ્વારા સંપર્ક કરી એક પુસ્તક દ્વારા સૌ સમાજ બંધુઓ સુધી પહોચતા કરવાનો પ્રયાસ કરી સમાજ ઉત્કર્ષ મહાયજ્ઞમાં ભાગીદાર બનવાનો શ્રી ક.વિ.નો પ્રયાસ પ્રશંસનીય છે. આ સમાજસેવાનાં મીઠા ફળો સમાજબંધુઓ તથા લેખક મહોદયશ્રીને મળે એવી ભગવાન ઓધવરામ તથા ભગવાન વાલરામના શ્રી ચરણોમાં પ્રાર્થના.


અસ્તુ.....

આપના પ્રયાસમાં સહભાગી
હરિદાસજી ગુરૂશ્રી વાલરામજી મહારાજનાં હરિ ૐ

સંદેશો

તા. ૨૨-૦૭-૧૨

પ્રતિ
શ્રી ક.વિ.પટેલ
નવી દિલ્હી



શામજીભાઇ પટેલ

સ્નેહી શ્રી,

આપશ્રી દ્વારા "પાટીદારો" અંગે વારંવાર સંશોધન કરીને તથા જુદા-જુદા સ્થળોએથી ઐતિહાસિક વિગતો એકત્ર કરીને પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવી રહેલ છે. તે હકીકત જાણી ને ખુબ આનંદ થયો. આપને અભિનંદન.

આપશ્રી "પાટીદાર સંદેશ" સમાચાર પત્રના વરિષ્ઠ સભ્યશ્રી છો, અનુભવી છો આપશ્રી એ છેલ્લા કેટલા વર્ષોથી આ ક્ષેત્રમાં "ઉંડું ખેડાણ" કર્યું છે હવે તેને "પુસ્તક દેહ" પ્રાપ્ત થઈ રહયો છે ત્યારે મને શ્રધ્ધા છે કે આપણા સમાજના ઈતિહાસ પ્રેમી તથા જિજ્ઞાસુ ભાઈ બહેનોને તે ઉપયોગી થઇ પડશે. ફરીથી આપશ્રીને પ્રસંગે શુભેચ્છાઓ પાઠવું છુ.

-આપનો
શામજીભાઈ પટેલ

સંદેશો

સ્નેહી શ્રી,

કવિ પટેલ

આપશ્રી ઘણા સમયથી પાટીદારો અંગે રસ લઈ કાર્ય કરી રહ્યા છો તે હકીકતથી હું વાકેફ છુ. હવે આ વિગતો એકત્ર કરીને તેને પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે ત્યારે આપને શુભેચ્છા પાઠવુ છું. આશા છે કે આ પુસ્તક સૌને ગમશે અને તેમાંથી ભુતકાળની વિગતોની જાણકારી મળી રહેશે.

-આપનો
ડાહ્યાભાઈ પટેલ
પ્રમુખ પાટીદાર સંદેશ

સંદેશો



લક્ષ્મણભાઇ નાનજી ચોહાણ

આપણા કચ્છ કડવા પાટીદારો, ગુજરાતી પાટીદારો કડવા-લેવા અને કુર્મિક્ષત્રિય પાટીદારોનો સંક્ષિપ્ત ઈતિહાસની જાણકારી આપતું પુસ્તકનું પ્રકાશન કરી રહ્યા છો એ જાણી આનંદ થયો છે. તે બદલ હું આપને અભિનંદન આપું છું.

આપશ્રીએ ઈતિહાસકારો દ્વારા લખાયેલ ઈતિહાસનું અધ્યન કરી જેમાં લેવા-કડવા કુર્મિક્ષત્રિય અને આંજણાં પાટીદારો વિગેરે પુસ્તકોમાંથી ઈતિહાસની જરૂરી માહિતીનું સંકલન કરી અને ભારતમાં ઘણા રાજ્યોમાં પાટીદાર પ્રદેશોમાં પ્રવાસ કરી જાત માહિતી મેળવી. આ ઈતિહાસ સાચા દીલથી અને ઘણા શહેરોમાં પ્રવાસ કરી આ પ્રગટ કરી રહ્યા છો. એ બદલ આપ ધન્યવાદને પાત્ર છો.

અખિલ ભારત તેમજ વિદેશોમાં ક્યાં-ક્યાં લેવા-કડવાનો વસવાટ છે. તે વિગતવાર જાણકારી આ પુસ્તકમાં આપી છે. તેમની સાથે કુર્મિક્ષત્રિઓની પણ જાણકારી આપી છે. તમોએ ખરેખર બહુજ મહેનત કરી છે. સાથે-સાથે સનાતન ધર્મ બાબત આ ઇતિહાસમાં ઉલ્લેખ કર્યો છે. ખાસ કરી કચ્છ કડવા પાટીદારોનો સંક્ષિપ્ત ઇતિહાસની પણ જાણકારી આપી છે. ધન્યવાદ.

ઈતિહાસના અધ્યનથી મને એમ લાગે છે કે આ પુસ્તકના પ્રકાશન પછી કડવા-લેવા-આંજણા અને કુર્મિ ક્ષત્રિય પાટીદારોને, વાચક વર્ગને પસંદ આવશે અને સૌને ગમશે.

અંતમાં મારા મિત્ર કવિ પટેલને પુસ્તક પ્રકાશન કરવા બદલ ફરીથી અભિનંદન.

પટેલ લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ
નવી દીલ્હી

લક્ષ્મણભાઈનો સંસ્થાઓ સાથે સંબંધ

ટ્રસ્ટી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-નખત્રાણા
ટ્રસ્ટી : કચ્છી લાલરામેશ્વર આશ્રમહરિદ્વાર
પ્રમુખ: શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર
ચૌહાણ પરિવાર ખોંભડી

◆ સંદેશો ◆



રવજીભાઇ જેઠા જબુવાણી

કવિ પટેલ કચ્છમાં કાદીયા મોટાના વતની છે. પણ અત્યારે દીલ્હીમાં ધંધાર્થે સ્થાઇ થયા છે. તેમના પિતાજી સન ૧૯૪૯ માં દીલ્હી ગયા હતા. કવિ પટેલને નાનપણથી લોકસાહિત્યમાં ઘણી બધી રૂચી હોવાથી તેઓ કાવ્ય કવિતા, ભજન અને પાટીદારો વિશે લેખો લખે છે. આ સિવાય સમાજ સેવા અને ખાસ કરીને પાટીદારોના પ્રદેશમાં પ્રવાસ કરે છે અને તેઓને નજદીકથી જોવા અને જાણવા માટે ભારતભરમાં ભ્રમણ કરે છે. અને મીટીંગોમાં પણ જાય છે.

અત્યારે તેઓ ભારતભરમાં વસવાટ કર્તા જુદી જુદી ભાષા બોલતા અને દરેક રાજયમાં વસતા પાટીદારોનો ઇતિહાસ લખે છે. આજ સુધી આપણી સમાજ નો ઇતિહાસ લખાયો નથી આ ઇતિહાસમાં કચ્છ કડવા પાટીદારો કચ્છમાં કયારે આવ્યા તેની જાણકારી પણ આપી છે.

હું આ ઇતિહાસ લખવા બદલ કવિ પટેલને ધન્યવાદ અને અભિનંદન આપુ છુ, આ ઇતિહાસથી જુની પેઢી ચાલુ અને ભાવી પેઢીને આપણા સમાજની જાણકારી મળશે. હું ફરીથી કવિ પટેલને ધન્યવાદ અને અભિનંદન આપુ છું કે સમાજ માટે અને પાટીદારો માટે ઇતિહાસની જાણકારી આપતા રહો એવી "મા ઉમિયાના" ના આશીર્વાદ તમારા પર વરસે અને સદેવ આવા કાર્યો સમાજ માટે કરતા રહો એજ અભ્યર્થના

લી. રવજીભાઇ જેઠા જબુવાણી. ઉદયપુર (રાજ).

◆ આભાર ◆



શ્રી બાબુલાલ સાંખલા

આ કચ્છ કડવા પાટીદારોનો ઇતિહાસ છાપવા માટે મને અવાર નવાર અમદાવાદ જવુ પડતું હતું. એકાદ રોકાણમાં બે-ચાર દિવસ લાગી જતા. મને ત્રણ-ચાર વખત પ્રેસમાં જવુ પડતુ. આખો દિવસ લાગી જતો રાત્રે રોકાણ બાબુલાલભાઇને ઘેર થતુ.

જયારે પણ મારૂ અમદાવાદ જવાનું થતુ ત્યારે હંમેશા બાબુભાઇ મારી સાથે રહેતા પોતાના કારખાના અથવા દુકાનનું ગમે તે અગત્યનું કામ હોય તે એક બાજુ મુકી પોતાની ગાડી લઇ મારા આ કાર્યમાં સાથ અને સહકાર આપતા. રાત્રી રોકાણ તથા ભોજન પાણી બાબુભાઇને ઘેર થતા.

બાબુભાઇએ આપેલ સાથ અને સહકાર બદલ હું તેમનો ઘણો ઋણી અને ઘણો આભારી છુ. જેમને મને પોતાનો ગણી સહયોગ આપ્યો તે બદલ ફરી આભાર અને ધન્યવાદ. આ સાથે મને પુસ્તક છાપવામાં મદદ કરનાર નારણભાઇ વાલાણી નો હું ઘણો આભારી છું.

ધન્યવાદ... **- કવિ પટેલ**

પાટીદાર સમાજના સજાગ સૂત્રધાર

સંદેશો



ડો. મફતલાલ પટેલ

પાટીદાર સમાજમાં કવિ પટેલનું ગૌરવવંતુ નામછે, પોતે સારા લેખક અને સાહિત્યસર્જક તો છે, સાથે સાથે સમગ્ર પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે, ને પાટીદાર સમાજને ગતિ અને દૃષ્ટિ આપવા માટે સતત સક્રીય છે. તેઓનું પ્રેમાળ અને પ્રેરણાદાયી વ્યક્તિત્વ રહ્યું છે. પાટીદાર સમાજમાં જાગૃતિ માટે તેઓએ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં વ્યાપક પ્રવાસો કરેલ છે, તેમજ અનેક સામાજિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને નવા રાહ ચિંધ્યા છે.

કચ્છ જિલ્લો ગુજરાતમાં પાણીદાર જિલ્લો છે. કચ્છમાં વસતાં પાટીદારોના વાણી, વર્તન અને વ્યવહાર બીજા બધા પાટીદારો કરતાં કંઈક અલગ ભાત ઊભી કરે છે. સમગ્ર સમાજ સંસ્કારી છે, ને ગામડાઓમાં વસતા આપણા પાટીદાર કન્યાઓ ભલે ઓછું ભણી હોય તો પણ તેમનામાં સંસ્કારિતા ને સેવાની ભાવના અલગ તરી આવે છે. કચ્છ જિલ્લામાં ૧૪૫ ગામો કડવા પાટીદારોના છે, ને ચોવીસી ગામનો સમાજ લેઉવા પાટીદારોનો છે. આ બન્ને સમાજોએ અભૂતપૂર્વ ક્રાન્તિકારી સિદ્ધિઓ શિક્ષણમાં પ્રાપ્ત કરી છે. ઘણી બધી શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી છે, સાથે સાથે કન્યાઓના ભણતર માટે પૂરૂ ધ્યાન આ બન્ને સમાજ રાખે છે. દયા, પ્રેમ, સમર્પણ, ત્યાગ અને બીજાને મદદરૂપ બનવાની ને દાન આપાવની ભાવના સૌમાં જોવા મળે છે.

આવા ચેતનવંતા સંસ્કારી સમાજને કેન્દ્રમાં રાખી કવિ પટેલે પોતાની અનુભવજન્ય વિદ્વત્સભર લેખની દ્વારા જે આ પુસ્તકમાં લખ્યું છે, તે અત્યંત પ્રેરણાદાયી અને સૌના હૃદયને અસર કરી જાય તેવું ઉત્તમ લખાણ છે. કવિ પટેલને આવું સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા બદલ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું, ને પોતે જીવનમાં ખૂબ આગળ વધે ને પાટીદાર સમાજની સેવા કરતા રહે તેવી શુભેચ્છા સામે વિરમું છું.

ડૉ. મફતલાલ પટેલ
૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી,
મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
ફોન: (૦૭૯) ૨૭૪૯૩૯૨૭, ૨૭૪૯૩૨૫૫
મો.: ૯૮૨૪૦૨૧૦૬૩,
ફેક્સ: (૦૭૯) ૨૭૪૯૩૯૨૭



સંદેશો

॥ શ્રી સદ્‌ગુરુવે નમઃ॥
હરિ ૐ

સંતશ્રી
રમાદેવી માતાજી
હરિદ્વાર

જેવું નામ તેવા ગુણ ધરાવતા આપણા કવિભાઇ ખૂબ પ્રયત્ન કરી પાટીદારોના ઇતિહાસનું સંશોધન કરી, ૯૪ ટાંકનું આ પુસ્તક પ્રકાશિત કરી રહ્યા છો તે બદલ ગુરૂ મહારાજના આશીર્વાદ મળતા રહે. ઉમિયા માં તથા લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમ કૃપા વરસતી રહે.

આ સમાજને પાટીદારના ઇતિહાસની ઓળખ કરાવી. જુદા જુદા પ્રદેશમાં વસતા પાટીદારો સાથે આત્મીયતા, ભાઇચારો, એકતા આવતી પેઢીમાં વધે એવું જણાય છે.

હરેક પ્રાંતની ભાષાઓ બદલે રહેણી કરણી બદલે છતા આપણેને એની ખબર પડી છે. ઇતિહાસ મળ્યો છે જેથી પંજાબી, મરાઠી, રાજસ્થાની, બંગાલી, બિહાર, યુ.પી, તામીલ, કર્ણાટક, ઉડિસા વિગેરે હરેક પ્રાંતના પાટીદારો અલગ અલગ રીત રીવાજો પાળે, અલગ અલગ ભાષા બોલે છે, અલગ અલગ પ્રાંતનો વતની બન્યો પણ અમારા છેડા એમની સાથે અડકે છે તેથી એમની સાથે ભાઇચારાની ભાવના જાગૃત થાય.


લગભગ પોણા ભાગનું હિન્દુસ્તાન પાટીદાર ક્ષત્રિય છે.

ક્ષત્રિય બધા જ સમજદારીથી જીવન જીવી ભગવાન રામના (લવ -કુશ)ના વંશજ હિન્દુસ્તાનમાં ફેલાયેલ ક્ષત્રિય પાટીદાર એકતામાં જીવે. પાછો આ દેશ ધાર્મિક ને સાત્વીક રીત રીવાજોથી જીવતો બને અને મહેનત થી ઉભો થાય.

પાટીદારોના ઐકય થકી હિન્દુસ્તાનમાં સનાતન ધર્મનો નારો લાગે એવી શુભેચ્છા.

લી. સંતશ્રી રમાદેવી માતાજી
ગુરૂશ્રી વાલરામજી મહારાજ-હરિદ્વાર

સંદેશો



શ્રી શામજીભાઇ પટેલ

પરમ સ્નેહી અને આદરણીય કવિરાજ
નમસ્કાર અને સસ્નેહ યાદ

ગત ઓગસ્ટ, ૨૦૧૩માં આપશ્રી દ્વારા કચ્છ કડવા પાટીદાર સમાજનો ઇતિહાસ જુદા જુદા source દ્વારા વિગતો - માહિતી એકત્ર અને સંકલિત કરીને પ્રથમ આવૃતિની ૫૦૦ નકલો પ્રસિદ્ધિ કરી હતી. આપશ્રીએ આ પુસ્તકની પ્રસિદ્ધિ દ્વારા આપણા સમાજનો અતિત નવી પેઢીના ધ્યાને મૂકવાનો પ્રયાસ કરેલ જે અમારા મતે પ્રસંશનીય છે. આપના આ સાહસ બદલ અભિનંદન

દરમ્યાન અમને મળેલ માહિતી મુજબ, સમયના ખૂબ ટૂંકા ગાળામાં, આ ઇતિહાસના પુસ્તકની બીજી આવૃતિ પ્રવૃત કરવા જઇ રહ્યા છો એ હકીકત જાણીને આનંદ થયો. આઠેક માસના ગાળામાં પુસ્તકની ૫૦૦ નકલો ખપી ગઇ તે તેની ઉપયોગિતા દર્શાવે છે.

ફરીથી આપશ્રીએ આપણા ગૌરવશાળી સમાજના ઇતિહાસને અક્ષર દેહ આપીને નવી પેઢીને તો તેની જાણકારી આપવાનો પ્રયાસ કર્યો પરંતુ આવનારા વર્ષોમાં આ પુસ્તક એક ગ્રંથ તરીકે ઉપયોગી નીવડશે તેની મને ખાત્રી અને શ્રધ્ધા છે.

આપને સલામ, જય લક્ષ્મીનારાયણ

- શામજીભાઇ પટેલ
તંત્રીશ્રી, પાટીદાર સંદેશ

કવિતા મારા જીવનનું અંગ બની ગઈ છે - કવિ પટેલ

પરિચય - ૧

-સી. કે. પટેલ



સી. કે. પટેલ

કાદિયા મોટાના કરસન વિશ્રામપોકાર તરીકે તમે તેમની ઓળખાણ આપો તો કદાચ તમને ઓળખવા-વાળા સગાં-સંબંધી, મિત્રો જ હશે. પણ 'કવિ પટેલ'નું નામલો તો પછી બીજી ઓળખાણ આપવાની જરૂર જ નહીં રહે !

કવિ પટેલ દિલ્હીવાલા !

કરસન વિશ્રામના પ્રથમા-ક્ષરોથી 'કવિ' બનેલા કવિ પટેલ આપણા સમાજમાં ગણ્યા-ગાઠ્યા કવિ, સાહિત્યકાર અને લેખકો પૈકીના એક છે. ૧૯૫૭થી દિલ્હીમાં રહેતા કવિએ પ્રાથમિક શિક્ષણ કાદિયામાં અને મેટ્રીક ચંદીગઢમાં પાસ કરી છે.

અભ્યાસ દરમિયાન વકીલ થવાની આશા હતી. ૧૯૬૦માં એસ.એસ.સી. કર્યા પછી તુરંત જ લાકડાના વ્યવસાયમાં જોડાઈ ગયા. સાહિત્યનો શોખ તેમને નાનપણથી જ હતો. વધારામાં સંગીતનો શોખ પણ તેમને ગળથૂથીમાં જ મળ્યો હતો.

કવિ પટેલને ૧૩-૧૪ વર્ષની ઉંમરેથી જ ભાષણ અને સમાજ-સેવા કરવાનો શોખ હતો. અત્યાર સુધીમાં સાહિત્યક્ષેત્રે ૩૫ જેટલી કવિતા અને ભજન બનાવ્યાં છે. તે ઉપરાંત ૭-૮ વાર્તાઓ પણ લખી છે. ૧૯૬૫માં તેમની 'આણાં ન આવ્યાં મારા જ !' ટૂંકી વાર્તા પ્રકાશિત થઈ હતી.

જાગૃતિ', 'આઝાદ' કલમમાં પણ તેમની રચનાઓ અગાઉ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. અત્યારે 'પાટીદાર સંદેશ', 'ઉમા-દર્પણ' 'પાટીદાર સૌરભ' ઉપરાંત ગુજરાતના કડવા પાટીદારોના બીજા મેગેઝીનોમાં પણ તેમની કવિતાઓ નિયમિત પ્રગટ થાય છે.

કવિ પટેલનું કુટુંબ નાટક સંગીતમાં શરૂઆતથી જ મોખરે છે. તેમના પિતાજી વિશ્રામ શિવદાસ અગાઉ દિલ્હીમાં ગુજરાતી સમાજના ઉપક્રમે યોજાયેલ સંગીત સ્પર્ધામાં પ્રથમ નંબરે આવ્યા હતા. તેમનો મુખ્ય શોખ ભજન ગાવાનો છે.

ધંધાકીય અને કૌટુંબિક જવાબદારી અને વ્યવસ્થામાંથી સમય કાઢીને પણ કવિ પટેલે શોખ જીવંત રાખ્યો છે. કવિતા તેમના જીવનનું એક અંગ બની ગયું છે. તેમની સાથે થોડી રંગત જમાવીએ તો તરત જ ખ્યાલ આવી જાય કે કવિ પટેલ માત્ર દિલ્હીવાલા જ નથી, દિલવાલા ભી હૈ !

-સી. કે. પટેલ
તંત્રીશ્રી પાટીદાર સૌરભ

બદલાતા સમાજ અને સામાજિક પરંપરાઓથી ચિંતિત કવિ પટેલ દિલ્હીવાલા

પરિચય - ૨

- કૌશીક અમીન - જયંતિભાઈ પટેલ

વતનથી દૂર રહેતા માનવીને સમાજ, પારિવારિક સંબંધો અને વતનમાં ચાલતી પ્રવૃત્તિઓ પર એક બાજની જેમથોડીક હલચલ પણ ચમકાવી મૂકતી હોય છે. સમાજમાં ચાલતી પ્રવૃત્તિઓ, પરંપરાઓમાં થતા ફેરફાર કે વતનમાં થતી પ્રવૃત્તિઓની અનુભૂતિ અને તે બાબતોથી આ માનવી એટલા સચેત હોય છે કે જે આ બધાની વચ્ચે રહેતા હોય તેમે તેની કલ્પના પણ આવે તે અગાઉ આ દૂર બેઠેલા પરિવારજન તેનાથી તલસ્પર્શી માહેર બની ચૂક્યા હોય છે.

સામાજિક કે પારિવારિક સંબંધના મૂલ્યો સમજવામાં તેમને વાર નથી લાગતી. મા-બાપ કે ભાઈ-ભાંડુના અસ્તિત્વને પણ તેઓ વધુ મહેસૂસ કરી શકતા હોય છે. લાગણીનો જાણે દરિયો છલકાતો હોય છે.

કવિ પટેલ આવા જ એક લાગણીના દરિયાથી ભરેલા સાચે જ કવિ હૃદયના માનવી છે. એમનો પ્રત્યક્ષ પરિચય તો નથી થયો, પણ 'ઉમિયાદર્શન'ના અંકોમાં અવારનવાર તેમની કાવ્યપંક્તિઓ વાંચતાં તેમના વિશે વધારે જાણવાનું મન થયું. જો કે તેમની કાવ્યપંક્તિઓ જ તેમનો ઊંડો પરિચય આપી જાય છે. 'એપ્રિલ-૯૩'ના અંકમાં તેમની એક કવિતા છપાઈ. 'ઘૂંઘટ ઉઘાડા થઈ ગયા.' તેની રીત-રિવાજો અને સામાજિક બંધનો ફગાવવાની, સમાજના ખાસ તો યુવાવર્ગની પ્રવૃત્તિથી તેઓ તેમની સખત નારાજગી તેમાં વ્યક્ત કરી શક્યા છે.

'મા-બાપના કીધેલ સગપણ
નામંજૂર સર્વે થઈ ગયાં.
છૂટાછેડાની મ્હોંકાણમાં,
ઘર ઉઘાડા થઈ ગયાં.
સવારનું શિરામણ ને
સાંજના વાળુ વહી ગયા.
મહેમાનનું મન મનાવવા
ઘર ઘરમાં ચા-પાણી થઈ ગયા.
માતા દૂધના ગુણો
સર્વત્ર ભુલાઈ ગયા.
બાળકોના મન મનાવવા
પાવડરના દૂધ થઈ ગયાં.'બાટલી બોય થઈ ગયા.

તેમનું આ કાવ્ય વાંચ્યા પછી તેમની વિગતો મંગાવી. કલ્પના હતી કે કવિહૃદય છે, એટલે એવા જ કોઈક વ્યવસાય સાથે સંકળાયેલો હશે. 'કચ્છી' હશે કે 'વ્યાપારી' હસે તેની કલ્પના ન હતી. તેમની સરસ મજાની 'ટચૂકડી' ચિઠ્ઠી આવી અને ખરેખર-આનંદ આશ્ચર્ય થયું.

છેક નાનપણથી જ ઉત્તર ભારતને તેમણે વતન બનાવ્યું છે. ઈ.સ. ૧૯૬૦માં પંજાબના ચંદીગઢથી મેટ્રિકની પરીક્ષા આપીને વ્યવસાયમાં જોડાયા. ફર્નિચર, ડનલોપ તથા કોઈર (કાથી)ના ગાદલાં-કુશનનો તેમનો વ્યવસાય છે. (ડનલપના કારણે જ તેમનું હૃદય પણ પોચું-પોચું લાગણીભર્યું બની શક્યું છે.)

લેખન-સાહિત્યનો શોખ પણ અભ્યાસકાળ દરમિયાન જ તેમણે વિકસાવ્યો. વાચન અને અધ્યયન-ચિંતન તેમને ગમતી બાબતો છે. કચ્છમાં માદરે વતનમાં ગુજરાતી છ ચોપડી ભણ્યા બાદ દિલ્હી વસવાટ નિમિત્તે જવું પડ્યું. ત્યાં સાહિત્ય, સંગીત અને ફોટોગ્રાફીના શોખ વિકસાવવાની સાથેજ સામાજિકકાર્યો પણ હાથ ધર્યા. અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે કવિ પટેલ સંકળાયેલા છે.

પાટીદાર સંગઠન માટે તેમણે વ્યાપક પ્રયાસો ઉત્તર ભારતમાં કર્યા છે. પાટીદાર ઈતિહાસમાં, પાટીદાર રિવાજો અને પાટીદાર પરંપરાઓની જાણકારીમાં તેમને ઊંડો રસ છે. લોકસાહિત્ય પ્રત્યેની તેમની રુચિ અદ્‌ભુત છે. કચ્છી કડવા પાટીદાર હોવા છતાં ઉત્તર ભારતના મોટા ભાગના પાટીદાર પરિવારોના સંપર્કમાં તેમની સામાજિક પ્રવૃત્તિઓના કારણે લોકપ્રિય બન્યા છે. આ બધા પરિવારો તેમને 'કવિ પટેલ દિલ્હીવાલા'થી જ ઓળખે છે.

તક મળે તો મળવા જેવા માનવી છે એ

- 'કવિ પટેલ દિલ્હીવાલા.'

કવિ પટેલ "ચેયરમેન, શેષભારત-પાટીદાર સંદેશ

પાટીદાર સંદેશ-શેષભારત ઝોન-દીલ્હી.

પરિચય-૩

સામજીભાઈ-તંત્રી પાટીદાર સંદેશ

શેષ ભારત ઝોનના ચેયરમેન ૬૮ વર્ષની ઉંમર ધરાવતા કાદીયા મોટાના વતની પોકાર પરિવાર અને પંજાબ મેટ્રીક(ચંદીગઢ)ની ડીગ્રી ધરાવતા. શ્રી કવિપટેલ ના નામે જાણીતા શ્રી કરસનભાઈ. દીલ્હી સમાજ, કાદીયા મોટા લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ, અખિલ ભારતીય પોકાર પરિવાર, કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા, ગુજરાત કડવા પાટીદાર પરિષદ, અ. ભા. ક. ક. પાટીદાર સનાતન સમાજ, શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન કેન્દ્રસ્થાન સંસ્કાર ધામ, અખિલ ભારતીય કુર્મિક્ષત્રિય મહાસભા, ઉમિયા માતાજી સંસ્થાન મથલ, ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય. કચ્છી લાલરામેશ્વર આશ્રમ હરિદ્વાર (HARIDWAR) વિગેરે આવી અનેક સંસ્થાઓની પ્રવૃતીઓ સાથે સંકળાયેલા છે. પાટીદાર સંદેશ પરિવારમાં ૧૯૮૨થી જોડાયેલા શ્રી કવિ પટેલ રાષ્ટ્રીય સ્તરે પાટીદારોના સંગઠન અને એકતાની કામગીરી સાથે જોડાયેલા છે. આ કામગીરી સાથે અને સંદર્ભમાં તેમને અનેક સન્માન પત્રો અને એવોર્ડ પ્રાપ્ત થયા છે

પ્રમખ - દિલ્હી તથા ઉત્તર ભારતઝોન

ટ્રસ્ટી : કાદિયા મોટા સનાતન સમાજ

જે સંસ્થાઓ કવિ પટેલને એવોર્ડ આપ્યા છે. તે આ પ્રમાણે છે.

(૧) " સરદાર પટેલ AWARD વિજેતા"
લેવા પાટીદાર યુવક મંડળ, મીરાં રોડ, મુંબઈ.
(૨)"શીવાજી મરાઠા એવોર્ડ". મુંબઈ
(૩)"કુર્મિ ક્ષત્રિય એવોર્ડ"-લખનઉ-યુ.પી.
(૪)"આંજણા પટેલ એવોર્ડ"
-શીકારપુરા-મારવાડ.

શ્રી કવિ પટેલ દીલ્હીવાલા

કચ્છમાં કાદીયા મોટાના વતની અને છેલ્લા કેટલાક વરસોથી નવી દીલ્હી ખાતે ધંધાર્થે સ્થાઇ થયેલા. શ્રી કરસનભાઈ પટેલ (કવિ પટેલ) "પાટીદાર સંદેશ" પરિવારમાં ફેબ્રુઆરી ૧૯૮૨થી જોડાયા છે. શાંત, સરળ અને ડરેલ સ્વભાવ ધરાવતા અને કવિ પટેલના નામે જાણીતા શ્રી કવિ પટેલ પાટીદાર સંદેશ પરિવારમાં વડીલ કક્ષાના ઉચ્ચ સભ્ય હોવા ઉપરાંત પાટીદાર સંદેશના દીલ્હી તથા શેષભારતના "ચેયરમેન" છે.

તંત્રીઓશ્રી

સામજીભાઈ તથા કરમસીભાઈ (પાટીદાર સંદેશ)

કવિ પટેલ દીલ્હીવાલા

પરિચય-૪

શ્રી કવિ પટેલ (કરસનભાઈ વિસરામભાઈ પટેલ)કચ્છના ગુજરાતી પટેલ છે. અને દીલ્હીમાં ફરનીચર અને ટીંબર નો ધંધો કરે છે. અને દિલ્હીવાળા તરીકે ઓળખાય છે. આ કચ્છી ભાયડો વિષેશ વ્યકતિત્વ ધરાવે છે. આ માણસ દીલ્હી પાટીદાર સમાજમાં સક્રિય છે. સર્વે સાથે સારા સંબધો ધરાવે તો છે જ. પણ દીલ્હી કુર્મિક્ષત્રિય સમાજને ગુજરાત સાથે જોડાવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

દીલ્હી તથા ઉત્તરભારતમાં વસવાટ કરતા, કુર્મિક્ષત્રિય તથા ગુજરાતી પાટીદારોને ગુજરાત આવવા અને ગુજરાતના પાટીદારોની પ્રગતિ જોવા અને સ્વજાતિ બંધુઓનો નાતો પુનઃ શરૂ કરવા કવિ પટેલ જહેમત ઉઠાવી છે. યુ. પી. અને ગુજરાતની એકતામાં આ પટેલ ભાયડાનો ઐતિહાસિક ફાળો છે.

- શ્રી સીતારામભાઈ જો. પટેલ- ઊંઝા.

શ્રી કવિ પટેલ - ઉત્તર ભારત અને ગુજરાતના પાટીદારોને જોડનાર સેતુ !

પરિચય-૫



સીતારામભાઇ જો.પટેલ



મણીભાઇ આઇ.પટેલ

કચ્છ કડવા પાટીદાર સમાજ કે કચ્છી પાટીદારોએ સર્વે મા ઉમિયાના સંતાનોમાં એક વિશિષ્ઠ ઓળખ ધરાવતો ખમીરવંતો સમાજ છે. પાટીદારોનો જ્યારથી કચ્છમાં વસવાટ થયો ત્યારથી તેમની તાસીર જ અલગ છે. ખાસ કરીને અમદાવાદ જોડેનું પિરાણા ગામ તેમને કચ્છના વસવાટ માટે નિમિત્ત બન્યું છે. પિરાણાના એક મુસ્લિમ સંત સદ્રુદીન અને તે પછી ઈમામશાહ બાવાએ ભોળા પાટીદાર સમાજને સનાતન હિન્દુ ધર્મનો આધાર લઈ અંદરખાનેથી છૂપી રીતે મુસ્લિમકર્મકાંડ તરફ વાળીને તેઓ ફરી પાછા હિન્દુ સનાતન ધર્મમાં પાછા ન આવે, તે માટે આ લોકોને કચ્છમાં મોકલવામાં આવતા હતા. કચ્છની વિસમ ભૌગોલિક પરિસ્થિતીને લીધે તેઓ ત્યાં આકરી મહેનત કરી કઠિન જીવન જીવતાં. વરસાદ સાવ જ ઓછો, એથી ખેતીમાં ધારી સફળતા ન મળે. જમીનનું તળ પણ ખડકાળ હોવાથી પાણી માટે ફાંફાં મારવાં પડે. તેથી તેઓને જીવન નિર્વાહ માટે ફરજિયાત કચ્છ બહાર નીકળવું પડે. તેઓ શરૂમાં તો આજના પાકિસ્તાનના કરાંચી અને સિંધમાં જાય, કાં તો મુંબઈ જાય. ધીમે ધીમે ભારતના ગમે તે ખૂણે જવા લાગ્યા. તેઓ ખાસ કરીને લાકડા વહેરવાનો ધંધો વહેરણીયા તરીકે કરે. કચ્છમાં તેઓને

પિરાણાની ગાદીના 'સૈયદો' કે 'કાકાઓ' આવી તેમની પાસેથી દશાંશ કે વિશાંદ ઉઘરાવી જાય. તેમને હિન્દુ કર્મકાંડમાંથી ધીમે ધીમે મુસ્લિમકર્મકાંડ તરફ દોરે. લગ્ન હિન્દુ વિધિ મુજબ બ્રાહ્મણ દ્વારા ન થાય એટલે બ્રાહ્મણ બોલાવવાનું બંધ કરાવે, વહીવંચા બારોટો કે જે તેમના ભૂતકાળની વંશાવલીની નોંધ કરે અને હિન્દુ કથાવાર્તાઓ થકી સંસ્કાર સિંચન કરે તેમને પણ ત્યાં બોલાવવાનું બંધ કરાવે. મૃત્યુ પામનારને અગ્નિ સંસ્કાર નહિ, પણ મુસ્લિમ પદ્ધતિથી જમીનમાં દફનાવવાનું, ખાનામાં જવું, પથ્થરના મણકાઓની તસબી પઢવી. કઠણ મહેનતના કામવખતે જોર લગાવવા મોઢેથી 'અરે રામ' નહિ પણ 'બિસ્મિલ્લાહ' બોલવું. રહેણીકરણી હિન્દુ પણ ધીરે ધીરે આવા મુસ્લિમ કર્મકાંડ તરફ વાળવાનું કામ આ સૈયદો કે કાકાઓ કરે.

આવી પરિસ્થિતી કચ્છ પાટીદાર સમાજ ગુજરાતના પાટીદાર સમાજથી અલગ થતો ગયો. આજે ત્યાંના સમાજ સુધારકો કે જેઓ સનાતન હિન્દુ ધર્મમાં પરિવર્તિત થયા છે - તેઓ ગુજરાતના પાટીદારોને મજાકમાં કહે છે કે - "તમે અમને કચ્છમાં મોકલીને છોડી દીધા" આ વાત ભલે મજાક હોય, પણ સત્ય છે. ગુજરાતના અન્ય પાટીદારોએ આ ભોળા કચ્છી ભાઈઓને ખરેખર તેમના હાલ પર છોડી જ દીધા હતા. તેમની સાથેનો સર્વ વ્યવહાર કપાઈ જ ગયો હતો. આવા સંજોગો હતા.

ત્યારે કચ્છના પાટીદારો બે વિભાગમાં વહેંચાયા. જે લોકો કચ્છ છોડી બહાર કરાંચી કે મુંબઈ ગયા – તેમે પોતાના સનાતની હિન્દુત્વના આચાર વિચારનો પ્રથમ ખ્યાલ આવ્યો. તેમને પિરાણા વ્યવહારને લીધે અપમાનો અને તિરસ્કાર પણ સહન કરવા પડ્યા ત્યારે તેમને પોતાના નિજ સનાતન ધર્મથી કેમઅલગ થયા છે – તેનો ખ્યાલ આવ્યો. જે લાકોને કચ્છમાં ઊંડા લપેટાવું પડ્યું કારણકે તેમા પર સૈયદો અને કાકાઓની ચોકી હતી.

આવા સંજોગોમાં કેટલાક મર્દ પુરૂષો પાક્યા જેમણે પિરાણા પંથ વિરુદ્ધ ખૂબ સંઘર્ષ કરીને અભિયાન ચલાવ્યું. તેમને ખૂબ સહન કરવું પડ્યું.

આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં પ્રથમમર્દ પુરૂષ શ્રી કેશરા પરમેશરા થયા. તેમણે સમાજને સાચો સનાતન હિન્દુ ધર્મ ત્યજી પિરાણાવાળો સતપંથ અપનાવ્યો છે તે ખોટું છે – તેવું તેમને પ્રથમભાન થયું. પિરાણા પંથીઓએ સમાજને ભ્રમમાંથી હિન્દુત્વનો અંચબ ઓઢી મુસ્લિમપદ્ધતિથી કર્મકાંડ કરી જીવવા તરફ વાળ્યા હતા. તેઓને તેમના અનુયાયીઓને સનાતન પંથને બદલે 'સતપંથ' નામની ફિકરો ચલાવ્યો. કેશરાબાપાએ આનો સખત વિરોધ કર્યો અને પોતે પ્રથમહિન્દુ રીતે શુદ્ધિકરણ કરી પિરાણાવાળા સતપંથનો ત્યાગ કર્યો અને સનાતની હિન્દુ બન્યા. તેમણે સમાજને સનાતન ધર્મમાં પાછા ફરવા ખૂબ મહેનત કરી. તેમણે તેમના થોડાક સાથીઓથી ઘણું મોટું કામકર્યું. તેઓએ સ્વામિનારાયણ પદ્ધતિથી લોકોને શુદ્ધિકરણ કરાવી પરિવર્તિત કરવાનું કામકર્યું. તેમે પિરાણાપંથી આખા સમાજ સામે ખૂબ સંઘર્ષ કરવો પડ્યો. છેવટે તેમણે સ્વામીનારાયણ પંથ અપનાવી હૂંફ મેળવી. તેમને કચ્છના મહારાવે પણ મદદ કરી હતી.

શ્રી કેશરાબાપા પછી તેમના અનુયાયી બીજા મર્દ પુરૂષ શ્રી નારાયણ રામજી લિંબાણી થયા કેશરા બાપાના અવસાન બાદ આ મહાપુરૂષે પિરાણા પંથવાળા સતપંથમાંથી કચ્છી સમાજને પાછા સનાતની બનાવવાનું અભિયાન ચલાવ્યું. તેમને આ માટે શ્રી ઓધવરામજી મહારાજનો ટેકો મળ્યો. તેમણે કચ્છી પણ અંતિમસમયમાં નારણ બાપાને લકવા મારી જવાથી તેમના દ્વારા ચલાવેલ આંદોલન ધીમુ પડવા લાગ્યુ. આ સમયમાં કચ્છકડવા પાટીદારના ઈષ્ટ ગુરૂ ઓધવરામજી મહારાજ આગળ આવ્યા અને ધીમું પડેલ આંદલોન ચાલુ રાખવા અને સમાજના પ્રખર સનાતની રતનશી ખીમજી ખેતાણી અને વડીલોને સાથે રાખી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મની સ્થાપના કરી ગામોગામપાનમુર્તિ મંદિરો બનાવી સનાતન ધર્મની સ્થાપના કરવાવાળા ખાસ ઓધવરામજી મહારાજના આર્શીવાદ સાથે રતનશી ખીમજી ખેતાણી બાપા ગામવીરાણીવાળા હતા. સમાજને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને પોતાના ઈષ્ટદેવ બનાવી ઠેર ઠેર તેમના મંદિરો બનાવ્યાં. તેમની સાથે શ્રી રતનશી ખીમજી ખેતાણીએ ખૂબ મહેનત કરી. તેમણે કચ્છમાં ઠેર ઠેર ફરીને સતપંથ છોડી સનાતન ધર્મ અપનાવવા અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન અને કુળદેવી મા ઉમિયાને પૂજવા લોકોને જાગૃત કર્યા.

પરિણામે આજે કચ્છી પાટીદારોના ૮૫% લોકો પિરાણા પંથ કે સતપંથ છોડી પાછા સનાતની બની ગયા છે.

અહીં એક વાતની નોંધ લેવી ઘટે કે સનાતન હિન્દુ જીવન પ્રવાહથી અલગ પડેલ પ્રવાહ કે વટલાયેલો પ્રવાહ ફરી કદી હિન્દુ બનતો નથી, અથવા તો ભાગ્યેજ પાછો આવે છે. ઇતિહાસ સાક્ષી છે કે ભારત પર વિધર્મીઓના આક્રમણે હિન્દુ જીવન પ્રવાહને છિન્ન ભિન્ન કર્યો છે. મુસ્લિમોએ ખાસ કરીને બળજબરીથી હિન્દુઓને મુસ્લિમ બનાવ્યા છે. ખ્રિસ્તીઓએ છદ્મવેશે ભોળવીને હિન્દુઓને ખ્રિસ્તી બનાવ્યા છે. કચ્છી પાટીદાર સમાજની એ વિશેષતા છે કે આ સમાજના ભોળપણનો લાભ લઈ, હિન્દુ ધર્મગ્રંથોને વિકૃત રીતે રજૂ કરી ધીમે ધીમે મુસ્લિમ બનાવવાનો પ્રયત્નો થયા છે, તેથી આખો કચ્છી પાટીદાર સમાજ પિરાણાપંથી કે સતપંથી બની ગયો હતો. છતાં આ સમાજના નરરત્નો એવા મર્દ પુરૂષોએ ખૂબજ સંઘર્ષ કરી, એક તરફી સમાજનો વિરોધ, તિરસ્કાર અને બહિષ્કાર વહોરી,

સહન કરી મુસ્લિમબનતા સમાજને સમજાવીને આખો ને આખો હિન્દુ પ્રવાહમાં જોડ્યો. આ ઈતિહાસની એક વિરલ ઘટના છે.આમકચ્છી પાટીદાર સમાજ વિધર્મીઓના આક્રમણને લીધે અન્ય પાટીદારોથી અલગ પડી ગયો હતો. આ સમય તેઓ માટે અસ્તિત્ત્વની લડાઈ હતી. તેમની મહેનત અને ધગશ બેનમૂન ગણાય.

ભારતના ભાગલા થતાં પાકિસ્તાન બન્યું. સિંધ અને કરાંચીમાં વસતા કચ્છી ભાઈઓ કચ્છમાં પરત આવ્યા. તે પછી સૌ પ્રથમગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં મહેનત સામે જમીન મળવાથી તેઓએ ત્યાં જુદા જુદા કમ્પાઓ બનાવી ખેતી કરવા લાગ્યા અને ગુજરાતમાં વસવાટ કર્યો. જે લોકો જીવન નિર્વાહ માટે ભારતના ખૂણે ખૂણે લાકડાનો ધંધો કરવા ગયા તેમણે પ્રથમવહેરણીઆથી શરૂઆત કરી. લાકડાની લાટીઓ કરતા થયા. જે ભારતભરમાં તેઓ વસે છે અને ખૂબ જ સમૃદ્ધ થયા છે.

કચ્છી પાટીદારોની ખાસિયત છે કે તેઓ ગમે ત્યાં વસતા હોય છે પણ વર્ષમાં એકવાર તો પોતાના વતન કચ્છમાં અવશ્ય આવેજ છે. જોકે આજે તો એવા ઘણાં કુટુંબો છે કે જે ત્રણ-ચાર પેઢીથી કચ્છ બહાર જ વસે છે અને તે પ્રદેશના વાસી બની ગયા છે.

ભાઈશ્રી કવિ પટેલ - કરશન વિશ્રામપટેલ પણ એવા કચ્છી છે કે જેમના પિતાશ્રી દિલ્હીમાં વસ્યા અને ત્યાં લાકડાનો ધંધો કર્યો. તેમણે પણ લાકડાનો ધંધો અપનાવ્યો - તેમાંથી ફર્નીચરના ધંધાને વિકસાવ્યો. કમાવા માટે વતન છોડી સૌ ગમે ત્યાં જાય છે, પણ આપણા કવિ પટેલ પણ મર્દ પુરૂષ છે. પંજાબના ચંડીગઢમાં ભણ્યા. કવિતાઓ લખનાર અને લેખક એવા કવિભાઈ સ્વભાવે ઋજુ અને લાગણી પ્રધાન જીવ છે. તેઓ સંબંધો વિકસાવી અને નિભાવી જાણે છે. તેઓ સ્પષ્ટવક્તા છે. તેઓ ધંધા સાથે સમાજ સેવાનું કામકરવાલાગ્યા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા કુળદેવી મા ઉમિયાનું સ્થાન ૧૮મી શતાબ્દી મહોત્સવ - ૧૭૭૯ પછી પ્રકાશમાં આવ્યું. પાટીદાર એકતા અભિયાન પ્રથમ મધ્ય પ્રદેશથી શરૂ થયું. મધ્ય પ્રદેશના સમારંભોમાં કવિ પટેલ હાજરી આપે. સંશોધનના જીવ હોવાથી દિલ્હી, યૂ.પી.માં વસતા કુર્મિ ક્ષત્રિય પાટીદારો પણ મા ઉમિયાના સંતાનો છે, તેવો ખ્યાલ આવતાં તેમણે દિલ્હી બેઠાં ઉત્તર ભારતના કુર્મિ પાટીદારોને ગુજરાત સાથે ભાઈચારાથી જોડવાનું ભગીરથ કામઉપાડ્યું. સમાજ યાત્રાઓ યોજી. યૂ.પી., બિહાર, દિલ્હી વાળાઓને ઊંઝા અને ઊંઝા દ્વારા ગુજરાતના કડવા પાટીદારોને ઉત્તર ભારતમાં સમાજ યાત્રાઓ યોજી એકતા અને ભાઈચારાનું મોટું યોગદાન આપ્યું. મા ઉમિયાના મંદિરો પણ ત્યાં બનવા લાગ્યાં. ઉત્તર ભારતના કુર્મિઓને ગુજરાતના પાટીદારો સાથે નાતો જોડવાનું મહત્વપૂર્ણ કામકરનાર કવિ પટેલ આખા પાટીદાર સમાજ માટે વિશિષ્ટ વ્યક્તિ ગણાયા.

કવિ પટેલ તેમના આ પુસ્તકમાં કચ્છી સમાજનો ચિતાર આપ્યો છે. સાથે સાથે પાટીદાર સમાજના મહત્વના લેખકોના લેખો દ્વારા કચ્છને લોક સમક્ષ રજૂ કરવામાં મહત્વનું કામકર્યું છે.

કચ્છનો પાટીદાર અન્ય પાટીદારોથી કેમજુદો પડે છે. પાટીદાર સમાજે જ્યારે ગુજરાત બહાર કંઈ જોયું ન હતું ત્યારે કચ્છી ભાઈઓ ભારતના ખૂણે ખૂણે પહોંચ્યા હતા. બલકે કચ્છી ભાઈઓને પોતાનું વતન છોડી ભારતનો ખૂણે ખૂણો પોતાના અસ્તિત્વ માટે દોડવું પડ્યું છે. આજે કચ્છી સમાજ સુખી, સમૃદ્ધ, સદ્ધર અને આબાદ બન્યો છે. તેઓ ગમે ત્યાં ગયા પણ પોતાના સંસ્કારોને ભૂલ્યા નથી. જીવન પ્રવાહમાં કપરા સંજોગોમાં પણ પોતાના ખમીર સાથે કદી બાંધછોડ કરી નથી. આવો ખમીરવંતો કચ્છી પાટીદાર સમાજ આપણા માટે ગૌરવરૂપ છે. કલ્પના કરો કે તેઓ મા ઉમિયાના સંતાનો છે.

મણીભાઈ આઈ. પટેલ - મમ્મી - ઊંઝા
ફોન : ૦૨૭૬૭-૨૫૨૦૫૦
સીતારામભાઈ જો. પટેલ - ઊંઝા
મો. ૯૯૦૪૬૪૮૬૬૩

આવકાર



ડૉ. મગુંભાઈ પટેલ

ઈતિહાસના માનવ જાતને મળેલી ત્રીજી આંખ છે. શંકર ભગવાનની જેમ એ ત્રીજી આંખ ઉઘાડવાથી નાશ થતો પણ યોગ્ય રીતે વપરાય તો એ લાંબુ અને અર્થ પુર્ણ આયુષ આપે છે. ઈતિહાસ માત્ર ભૂતકાળની નોંધ જ નથી કરતો. તેમાં ભુતકાળ સાર્થક કે અનર્થકાળ હતો. તે પણ ઢાંકીને મૂકેલ હોય છે. ઈતિહાસ જીવાતા જીવન સામે અતૂટ સંબધ ધરાવે છે. અને જીવન ભુતકાળમાં હતુ, વર્તમાનમાં છે. તે ભવિષ્યમાં કેવુ હશે. તેનો આધાર ભુલી અને વર્તમાન ઈતિહાસને સમજવામાં છે. માણસ ભૂલો કરે છે અને માણસ સુધારે છે. "પાટીદાર જ્ઞાતિ" ભારતમાં કૂર્મીઓમાં અગ્રગણ્ય જ્ઞાતિમાંની એક છે.તેમાં કચ્છ કડવા પાટીદાર પોતાની ભાગિતળ સંસ્કૃતિને કારણે કચ્છી પાટીદાર અનેક સદ્‌ગુણોથી અલંકૃત છે. એનું હૃદય સાગર જેવું ગંભીર અને વિશાળ છે., અંત : કરણ ઉદાર અને નિર્મળ છે., મન શુધ્ધ અને સરળ છે. એનામાં વટ અને વિવેક છે. જીવન રસિક અને સંસ્કારી છે, સ્વભાવે સ્વત્રંત અને અભિમાની છે. એનામાં વીરતા અને સ્થિરતા છે, તે નીડર અને સાહસિક છે. તેનું શરીર પહાડ જેવુ છે. એમાં સિંહનું બળ છે. અને બે બળનો ઉપયોગ હંમેશા નિર્બળની રક્ષા કરવામાં જ કરે છે. કચ્છ કડવા પાટીદારના ઈતિહાસનો આ ગ્રંથ ઉપરોકત ગુણોની શાખ પુરી કરે છે. આ ગ્રથ સામાજીક ઈતિહાસ છે. ઈતિહાસના હૃદય સ્થાનમાં સંપૂર્ણ પણે માનવી રહ્યો છે. માનવીની વિકાસ ગાથા ઈતિહાસ છે. ઈતિહાસના નવા અર્થઘટનો અને પરીણામો સાથે જ્ઞાતિઓ, કુટુંબોમાં આવેલ ચઢાવ-ઉતાર તેમાં મૂળ એવા પુર્વજો પીરાણાંપંથ સામેની ઝૂંબેશ, સુધારકો અને યુવક મંડળો, દીકરા દીકરીઓની ગજબ હિંમતનો ચિતાર આ ગ્રંથમાં આપ્યો છે. કચ્છ પાટીદાર જ્ઞાતિનારીત રીવાજો, વહેમ-અંધશ્રધ્ધા, રહેણીકહેણી, સમયે આવેલા પરીવર્તનો, જુનવાણી માનસ અને સુધારાવાદીઓને સંઘર્ષ, રૂઢીવાદી માનસ સામે આગેવાનોનો સુધારાવાદી અભિગમ, દૂરદેશીપણું ધરાવતા બ્રિટિશ અમલદારો, દેશી રાજયોના રાજવીઓ કુરિવાજો નાબુદ કરવામાં આર્ય સમાજ સ્વામીનારાયણ સંપ્રદાય તેમજ અન્ય સાધુ સંતોનો મળેલ સહયોગ નોંધપાત્ર રહ્યો છે. મહિલા અધિવેશનનું પ્રદાન ભુલાય તેમ નથી. સમાજ માટે કંઇ કરી છુટવાની ભાવનાવાળા પુરૂષાર્થી આગેવાનોની દીર્ઘદષ્ટિ, કચ્છી પાટીદારોની મળેલી પરિષદો, ભાષણો, આપત્તિઓ, જુલ્મો, જ્ઞાતિ બહિષ્કારો, દેશકાળની સાથે રહી આપણી કોમને ખમીરવંતી બનાવવાનો પ્રયાસ કર્યો છે. તે સઘળી બાબતોનો ચિતાર આ ગ્રંથમાં આલેખ્યો છે. ૧૯૫૦ થી ૨૦૧૦ સુધીનો ઈતિહાસ વિકાસગાથા જેવો બની ગયો છે. ઝીણામાં ઝીણી વિગતો સંપાદકશ્રી ખૂણે ખાંચરેથી મેળવી આપી છે.સમગ્ર ભારતમાં વસતા કચ્છી પટેલો જ નહિ બ્રિટન, આફ્રિકા અને અમેરીકામાં વસતા કચ્છીઓની માહિતી આપવાનું ચૂકયા નથી. "કૂર્મા" શબ્દના પોરાણિક ઉલ્લેખોથી માંડી પ્રાચીન કચ્છમાં પાટીદારોનો પ્રદેશ કચ્છમાં તેમનો ફેલાવ, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સંપૂર્ણ વિગતો, હોદેદારોની સ્થળ સાથેની વિગતો, નખત્રાણા અધિવેશન, શ્રી પાટીદાર વિધાર્થી ભવન સમારોહ, બીજું અને ત્રીજુ અધિવેશન અને ઠરાવો, ભાષણોની વિગતો, મહિલાસઘંનું કાર્ય, યુવક સંઘ, સમાજ સંચાલિત છત્રાલયો, પ.પૂ નારયણજી લીંબાણીની વિગતો, પીરાણા પંથની ખામીઓ ,ધર્મ જાગૃતિના જયોતિર્ધરો, સામજીક પ્રવાહો, પીરાણાપંથની દશંતરી ગાવંતરી, મુંબઈ, નખત્રાણા, કરાંચીમાં મળેલી પરિષદ, શિક્ષણનું આધુનિકરણ, રાજકીય ક્ષેત્રે પ્રદાન, આર્થિક પરિબળો, મિલેનિયમની સદી પાટીદારો માટે પવિર્તનની સદી, પ્રાસંગિક ગીતો વિગેરેની માહિતી ઉપરાંત જ્ઞાતિ મુખપત્રોની વિગતો સંપાદકો ચૂકયા નથી. આમતો ઈતિહાસ સંશોધન ધૂળધોયાનો ધંધો છે. તે આ ગ્રંથના સંપાદકોએ પોતાની જ્ઞાતિના ગૌરવ પૂર્ણ ઈતિહાસના સંશોધન માટે સ્વીકારેલા ધંધો છે. કોણ જાણે કેટલી સદીઓથી ભારતની અન્ય જ્ઞાતિઓ સાથે ગુજરાતનો પટીદાર નામે ઓળખાતો ધરતીનો જાયો આજે પોતાના માદરે વતનથી તેમાંય ખાસ કરીને કચ્છી પટેલ દૂર દૂર દેશ-વિદેશમાં પેટિયુ રળવા વિચરતો રહ્યો છે. પોતાની સંસ્કૃતિ-સંસ્કાર ટકાવી રહ્યો છે. આજે કચ્છી પટેલોએ ભૂત-ભવિષને જોડતો "વર્તમાન" ને ધ્રુવધારક બનાવ્યો છે. પુત્રો યાદ કરે તે માટે મકાન બનાવજો, પોત્રો યાદ કરે તે માટે બંગલો બનાવજો પણ પેઢીઓ તમને યાદ કરે તે માટે સારું પુસ્તક લખજો.

આ સંપાદક મિત્રોએ કચ્છના કડવા પાટીદારોનો ઈતિહાસ પેઢીઓ યાદ કરે તેવં પુસ્તક સમાજને ચરણે ધર્યુ છે. આ ભગીરથ કાર્ય માટે તે સૌને તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને આકાશ ભરી અભિનંદન. કચ્છના કડવા પાટીદારોના ઈતિહાસે પાટીદારના ઈતિહાસમાં એક છોગું ઉમેર્યું. માં ઉમિયા માના આશીર્વાદ સમગ્ર જ્ઞાતિને મળતા રહો તે જ પ્રાર્થના છે.

ડૉ. મગુંભાઈ પટેલ ૧ લી મે, ૨૦૧૦

પૂર્વ રીડર, ઈતિહાસ વિભાગ-ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ.

ઈતિહાસના ઓવારેથી પાટીદારો
પાટીદારોના પ્રદેશમાં કવિ પટેલનો પ્રવાસ

મોહન્જોડરો, હડપ્પા અને સપ્ત સિંધુના યુગથી શરૂઆત (ઈ.સ. ૩૫૦૦ના પૂર્વે) ૫૦૦૦- હજાર વરસનો કુર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઈતિહાસ મારા પ્રવાસ દરમ્યાન નજદીકથી જોવા અને જાણવા મળેલ વિગતોના આધારે અને પાટીદારોના ઈતિહાસના પાનેથી સંશોધન કરી ગુજરાત અને કચ્છના તથા સૌરાષ્ટ્રના પાટીદારો તથા ભારતભરમાં વસવાટ કરતા કુર્મિ ક્ષત્રિઓની જાણકારી અને ગુજરાતી પટેલોની જાણકારી આપેલ છે.

આર્યોનું ભારતમાં આગમન

(ઈ.સ. પૂર્વે ૩૫૦૦) પાચ હજાર વરસનો ઈતિહાસ

આર્ય પ્રજા અને પાટીદારો પંજાબમાં આવ્યા

પંજાબથી ગુજરાતમાં આવેલા પાટીદારોના ઈતિહાસ (આર્યોમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય, કુર્મિક્ષત્રિય, કુર્મિ, કણબી અને કણબી અને પટેલ, પાટીદાર, અમીન અને દેસાઈ.

ગુજરાતના પાટીદારો આર્ય પ્રજાના વશંજ છે. આથી ગુજરાતના પાટીદારોની ઉત્પતિનો ઈતિહાસ સમજવા માટે આર્ય પ્રજા ભારતમાં ક્યારે આવી, ક્યાં વસી અને આ પ્રજામાંથી પાટીદારો ક્યારે આવી તેમના વંશમાં ઉતરી આવ્યા તે સમજવાની જરૂરત છે.

આ કુર્મિ (કણબીઓ) પંજાબમાં આવ્યા તેથી પહેલા આર્યોનો પ્રથમવાસ અફઘાનિસ્તાનમાં હતો. ત્યાંથી આર્ય પ્રજાએ ખૈબરઘાટના માર્ગે પંજાબમાં આવી વસવાટ કર્યો. આ વસવાટ સપ્તસિંધુના ફળદ્રુપ પ્રદેશમાં જ્યાં સિંધુ, જેલમ, ચિનાબ, રાવી બયાસ, સતલુજ અને પ્રાચી, સરસ્વતી નદીઓ આવેલી છે ત્યાં હતો.

આ પ્રદેશમાંથી ક્રમેક્રમે ગંગા, યમુના, સરયુના રસાળ પ્રદેશમાં અને છેવટે ઉત્તર ભારત, બિહાર, યુ.પી., ઓરિસ્સા, બંગાલ અને દક્ષિણ ભારતમાં આ પાટીદારો પહોંચી ગયા. આ પ્રજાના કુર્મિઓ અને પાટીદારોની બીજી ટોળી દિલ્હી, મથુરા, રાજસ્થાન અને માળવા પ્રદેશ થઈ ઉત્તર-ગુજરાતમાં પહોંચી. આર્ય પ્રજાએ પંજાબમાં પ્રવેશ કર્યો તે સમય હાલના ગુજરાતના પાટીદારો આર્ય હતાં. પંજાબના લેયા પ્રદેશમાંથી આવેલા પાટીદારો લેવાકણબી કહેવાયા. અને કરડ પ્રદેશમાંથી આવેલા કુર્મિઓ (કણબીઓ) કડવા પાટીદારો કહેવાયા.

આર્યો ક્યાંથી અને ક્યારે આવ્યા?

આર્ય પ્રજા ક્યાંથી, ક્યારે અને ક્યા માર્ગેથી ભારતમાં આવી તે માટે જુદા જુદા અનુમાન છે. કેટલાક ઈતિહાસ કારોનું માનવું છે કે આર્યપ્રજા મધ્ય એશિયામાં આમુ નદી પાસે પામીરના ઉચ્ચ પ્રદેશમાં વસતી હતી. આ પ્રદેશમાંથી એક ટોળી યુરોપ તરફ ગઈ બીજી ટોળી ઈરાનમાં ગઈ અને ત્રીજી ટોળી અફઘાનિસ્તાનના માર્ગે પંજાબમાં આવી. આ ત્રણે ટોળીઓના ભ્રમણને ઐતિહાસિક સાબિતિ મળતી નથી. પણ આ ત્રણે પ્રદેશમાં આર્ય પ્રજા એક સાથે વસતી હતી એટલે આ અનુમાન ઐતિહાસિક અનુમાન છે.

આર્યોનો પંજાબમાં વસવાટ

ઈતિહાસકારો રૂગવેદના અભ્યાસીઓએ શોધી કાઢ્યું છે કે પંજાબમાં આવેલા આર્યપ્રજાનો પ્રથમ વાસ અફઘાનિસ્તાનમાં હતો. ત્યાંથી આ પ્રજાએ ખૈબરઘાટના માર્ગે પંજાબમાં આવી વસવાટ કર્યો. આર્ય પ્રજાનો પંજાબનો વસવાટ સપ્તસિંધુ ફળદ્રુપ પ્રદેશમાં જ્યાં સિંધુ, જેલમ, રાવી, બિયાસ, સતલુજ અને પ્રાચી, સરસ્વતી નદીઓ આવેલી છે ત્યાં હતો. આ પ્રદેશમાંથી ક્રમેક્રમે પૂર્વ તરફ ગંગા, યમુનાના રસાળ પ્રદેશમાં અને છેવટે બંગાળ અને બિહાર સુધી આર્ય પ્રજા પહોંચી. આર્ય પ્રજાએ પંજાબમાં પ્રવેશ કર્યો તે સમય હાલના ગુજરાતના પાટીદારો આર્ય હતા અને પંજાબમાં આવી ગયા હતાં.

કુર્મિ, કુણબી અને કણબી

લેયા તથા કરડ પ્રદેશના પાટીદારો

હાલના ગુજરાતના પાટીદારો આ સમયે પંજાબના લેયા અને કરડ પ્રદેશમાં રહેતા હતા અને કુર્મિક્ષત્રિઓ તરીકે ઓળખાતા હતા. ગુજરાતી ભાષામાં કુર્મિનું અપભ્રંશ કુણબી અને કણબી થયું. આમ કુર્મિઓ કુણબીઓ અને કણબીઓ કહેવાયાં.

લેવા અને કડવા કણબીઓ

પંજાબના લેવા પ્રદેશમાંથી આવેલા કુર્મિઓ લેવા કણબીઓ કહેવાયા અને કરડ પ્રદેશમાંથી આવેલા કણબીઓ કુર્મિઓ કડવા કણબીઓ કહેવાયા. આ રીતે ગુજરાતના હાલના પાટીદારો લેવા પાટીદારો અથવા કણબી અને કડવા કણબીઓ કહેવાયા.

કુર્મિ ક્ષત્રિઓનું પંજાબમાંથી ભ્રમણ

ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૦૦૦ સુધી આર્ય પ્રજાના ઘણા ટોળા આવી જવાથી વસતી ખૂબ વધી ગઈ. આ કુર્મિઓ અફઘાનિસ્તાન અને ખૈબરઘાટને માર્ગે થઈને પંજાબમાં આવ્યાં. આ સમયે પંજાબમાં આર્ય પ્રજાના ચારેવર્ણની (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર) વસતી ખૂબ વધી ગઈ.

આ સમયે પંજાબમાં કુર્મિ ક્ષત્રિઓની વસ્તી એટલી બધી વધી ગઈ જેથી કુર્મિઓને ખેડવા માટે અને પશુઓને ચરાવવા માટે જમીનની ખૂબ ખેંચ પડવા લાગી. અને વિદેશી આક્રમણો થવાથી કુર્મિઓને પંજાબ છોડવું પડ્યું. આમ કુર્મિઓને પંજાબમાં જમીનની ખૂબ ખેંચ પડવાથી કુર્મિ ક્ષત્રિઓ પંજાબ છોડીને ગંગા યમુનાના ફળદ્રુપ પ્રદેશમાં આવ્યા અને ત્યાંથી મધ્યપ્રદેશ, બંગાળ અને બિહાર સુધી ફેલાયા. આપણે ઉપર વાંચી ગયા મુજબ કુર્મિઓ દિલ્હી, મથુરા થઈ ઉત્તર ભારત, રાજસ્થાન, મારવાડ અને ભિન્નમાલ તથા ઉજ્જૈન, માળવા થઈ ગુજરાત સુધી પહોંચી ગયા. આમ ઉત્તર ભારતના કુર્મિઓ હિન્દી ભાષા બોલે છે. પુરા ભારતભરમાં વસવાટ કર્તા પાટીદારો અને વિવિધ ભાષા બોલતા વિવિધ નામધારી કુર્મિઓ (કણબીઓ)ની અત્યારે વીસ કરોડની વસ્તી થઈ ગઈ છે.

હાલમાં કુર્મિઓનો ભારતમાં વસવાટ

હાલમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં મુખ્ય વસ્તી કુર્મિક્ષત્રિઓની છે.

આ પ્રદેશમાં પંજાબના લેયા પ્રદેશમાંથી આવેલા કુર્મિઓને હિંદી ભાષામાં લોરકુણબી કહે છે. ખરડ અથવા કરડ પ્રદેશમાંથી આવેલા કુર્મિઓને હિંદી ભાષામાં ખારીકુર્મિ કહે છે.

રાજસ્થાનમાં હાલમાં લોરી કુર્મિઓને લોર પટેલ અને ખારી કુર્મિઓને ખારી પટેલ કહે છે.

આમ ઉત્તર ભારતમાં વસતા લોર અને ખારી કુર્મિઓને ગુજરાતના લેવા અને કડવા પાટીદારોના ભાઈઓ છે. તફાવત એટલો જ છે કે ઉત્તર ભારતના કુર્મિઓ (કણબીઓ) હિંદી ભાષા બોલે છે, જ્યારે ગુજરાતના કુર્મિઓ (કણબીઓ) ગુજરાતી ભાષા બોલે છે.

આર્યોની વર્ણ વ્યવસ્થા અને કુર્મિક્ષત્રિઓ
ઈ.સ. પૂર્વે ૨૫૦૦ આર્યોની વર્ણ વ્યવસ્થા

આર્ય પ્રજા પંજાબમાં રહેતી હતી ત્યારે જ (ઈ.સ. પૂર્વે ૨૫૦૦) આર્ય પ્રજામાં વર્ણવ્યવસ્થા દાખલ થઈ. આ સમયે આર્ય પ્રજાના ચાર વર્ણ પડ્યા (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શુદ્ર

વર્ણ વ્યવસ્થા સમયના પાટીદારો

હાલના ગુજરાતના પાટીદારો વર્ણવ્યવસ્થાની શરૂઆતના સમયમાં પંજાબમાં રહેતા હતા અને ક્ષત્રિય હતાં.

ક્ષત્રિયોના ત્રણ પેટા વિભાગો (ઈ.સ. પૂર્વે ૨૦૦)

વર્ણવ્યવસ્થાની શરૂઆત થયા બાદ ક્ષત્રિઓના ત્રણ પેટા વિભાગો પડ્યા

(૧) રાજન-રાજા (૨) ક્ષત્રિય (૩) કુર્મિક્ષત્રિય.

(૧) રાજન નાની-નાની ટોળીઓના આગેવાન હતા. અને પોતાને રાજા કહેવડાવતા અને આવી ટોળીઓ તથા તેમના ગામડાઓનું રક્ષણ કરતા. (૨) ક્ષત્રિય યુદ્ધના સમય તેમજ બારેમાસ લડવાનું કામ કરતા અને રાજાઓને મદદ કરતાં. (૩) કુર્મિ ક્ષત્રિય : બહારના અથવા દુશ્મનોના આક્રમણ વખતે યુદ્ધમાં મદદ કરતા. પણ શાંતિના સમયમાં સપ્તસિંધુની સાત નદીઓના વચ્ચે આવેલા ફળદ્રુપ પ્રદેશોમાં ખેતી કરતા.

ઈ.સ. પૂર્વે ૨૦૦ના પાટીદારો

ક્ષત્રિઓના ત્રણ પેટા વિભાગો પડ્યા ત્યારે હાલના ગુજરાતના પાટીદારો પંજાબમાં રહેતા હતા. કુર્મિ ક્ષત્રિયો હતા. યુદ્ધના સમય લડાઈ કરતા અને શાંતિના સમય પશુપાલન તથા ખેતીનું કામ કરતા.

પ્રાચીન ભારતમાં ઈતિહાસના સાધનો

પહેલા લેખનશૈલી ન હતી ત્યારે ઈતિહાસ વેદોમાં સંઘરાતો હતો. ઋષિ મુનિઓ, વિદ્વાનો અને ઈતિહાસકારો આ વેદ તેમના પુત્રો અને વિદ્યાર્થીઓને મુખ પાઠના રૂપમાં આપતા, આ રીતે વેદોમાં ઈતિહાસ અને જ્ઞાન સંઘરાતા હતા.

ઋગવેદે સાચવેલો આર્યોનો ઈતિહાસ

લેખનશૈલી શરૂ થતાં પહેલ વહેલો વેદ ઋગ્વેદ લખાયો અને આ કારણથી ભારતની આર્ય પ્રજાઓને પ્રાચીન ઈતિહાસ જાણવાનું મુખ્ય સાધન ઋગ્વેદ છે.

ઉત્તર ભારતમાં લોર કુર્મિ, ખારી કુર્મિની સંખ્યા ૧૦ કરોડ જેટલી છે. અને અન્ય ભારતના રાજ્યોમાં અને ભારતભરમાં કુર્મિક્ષત્રિયોની ટોટલ આબાદી ૨૦ કરોડની છે. અને આ બધા કુર્મિઓ આપસમાં ભાઈઓ છે.

કુર્મિઓનું પંજાબ છોડવાનાં કારણો (લડાઈઓ)

ઈ.સ. પૂર્વે ૬૦૦ના અરસામાં ઈરાનના એખેમેનિયન વંશનો સ્થાપક મહાન ડાયરસ એક મહા સામ્રાજ્ય બનાવી રહ્યો હતો. તેણે તેના સામ્રાજ્યની હદ ભારતની પશ્ચિમ સીમાઓ સુધી વધારી હતી.

ડાયરસની પંજાબ પર ચડાઈ

ડાયરસે (ઈરાનની ભાષામાં દરવેશગુસ્તાસ્પે) ઈ.સ. પૂર્વે ૫૧૮માં પંજાબ પર ચડાઈ કરી ત્યાંથી ઘણું ધન લૂંટી ગયો. ઘણાં લશ્કરી સિપાઈઓને ગુલામ બનાવી ઈરાન લઈ ગયો.

મહાન સિંકદરની ચડાઈ

ઈ.સ.પૂર્વે ૩૨૬માં ગ્રીસના મહાન સિકંદરે પંજાબ પર ચડાઈ કરી. પંજાબના પોરસને હરાવ્યો પણ પોરસને તેનું રાજ્ય પાછું સોંપી તેની સાથે સમાધાન કર્યું.

બલ્કના લોગોની પંજાબ પર ચડાઈ

ઈ.સ. પૂર્વે ૩૦૦ના સમય પછી બલ્કના લોકોએ પંજાબ પર ચડાઈ કરી અને તેનો કેટલોક ભાગ કબજે કર્યો.

તાતાર, હુણ અને શક લોકોની પંજાબ પર ચડાઈ

છેવટે તાતાર, હુણ અને શક લોકોનાં ટોળાં પંજાબ પર ચડી આવ્યા અને ત્યાંની પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગઈ. આમ, પંજાબ પર થતાં અનેક આક્રમણોને લીધે ત્યારની ત્યાંની પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગઈ. આમ પંજાબ પર થતાં અનેક આક્રમણોને લીધે ત્યારની કુર્મિ પ્રજાને પંજાબ છોડવું પડ્યું.

કુર્મિમાંથી કણબી થયા (કણ+બી)

ઉત્તર ગુજરાત અને અડાલજ પ્રદેશમાં કુર્મિ શબ્દમાંથી અપભ્રંશ શબ્દ કણબી અને કણબી થયો. આમ લેવા પ્રદેશના કુર્મિઓ લેવા કણબી અને કરડ પ્રદેશના કુર્મિઓ કડવા કણબીઓ કહેવાયા અને સાથે બીજા નામો પણ થયાં. જેમકે કુર્મિમાંથી કુનબી, કણબી, લેવા, કડવા, પટેલ પાટીદાર આજે મુખી શબ્દ પાટીદારોમાં મુખિયા તરીકે વપરાય છે. અને પટેલ શબ્દ અટકને બદલે જ્ઞાતિ તરીકે વપરાય છે. અને ગાયકવાડ સરકારની પરંપરા પગલે સરકાર તરફથી પોલીસ પટેલની દરેક ગામોમાં ગામની દેખરેખ માટે નિયુક્તિ થાય છે. ગામોમાં જે પણ ઘટના દીવાની, ફોજદારી થાય તો આ પોલીસ પટેલ સરકારને ખબર આપે છે.

કૂર્મીમાંથી કુણબી, કણબી, લેઉવા, કડવા, પટેલ, પાટીદાર, અમીન અને દેસાઈકૂર્મીમાંથી કુણબી અને કણબી

ઉત્તર ગુજરાત અને અડ્ડાલય પ્રદેશમાં કૂર્મી શબ્દમાંથી અપભ્રંશ શબ્દ કુણબી અને કણબી થયો. આમલેયા પ્રદેશના કૂર્મીઓ લેઉવા કણબી અને કરડ પ્રદેશના કૂર્મીઓ કડવા કણબી કહેવાયા.

પટેલ શબ્દનું મૂળ પટલિક

શ્રી હર્ષવર્ધન મહારાજાના ઈ.સ. ૬૩૧ના એક લેખમાં તથા બીજા કેટલાક લેખોમાં અક્ષપટલિક નામના એક અધિકારીનું નામમળે છે. કેટલાક લેખોમાં મહાક્ષપટલિક અને ગ્રામાક્ષ પટલિક શબ્દો મળી આવે છે. પ્રબંધચિંતામણિમાં જ્યાં રાજકીય લખાણો થતાં હોય તે સ્થાનને અક્ષપટલ કહ્યું છે. સોલંકી તામ્રપત્રોમાં લેખક અક્ષપટલિક હોય છે. (જુઓ 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ'- ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ પાનું ૨૩-૨૪).

મુખી અને સરમુખત્યાર

ગુજરાતના મુસલમાન સુલતાનોના સમયમાં (ઈ.સ. ૧૪૧૨ થી ઈ.સ. ૧૫૭૩) ગામડાંઓમાં સરકારના મુખ્ય માણસ તરીકે મુખી નીમવામાં આવતા. મુખી એટલે મુખત્યાર, નેતા અથવા આગેવાન. મુખી શબ્દ અરબી ભાષાના મુક્તા શબ્દમાંથી આવ્યો છે.

પટેલ શબ્દની શરૂઆત

આવા મુખીને માનવંતા શબ્દોમાં પંટલિક, અક્ષપટલિક અને અક્ષપટલ શબ્દના અપભ્રંશ તરીકે પટેલ કહેવા લાગ્યા. ક્રમે ક્રમે મુખીના (પટેલનાં) સગાંવહાલાં અને સંબંધીઓ પણ પટેલ કહેવાવા લાગ્યા. ગુજરાતમોંલ શબ્દની શરૂઆત લગભગ ઈ.સ. ૧૪૦૦ પછી થયેલી જણાય છે. ઈ.સ. ૧૪૦૦ સુધી ગુજરાતના બધા જ પટેલો કણબી કહેવાતા હતા.

પટેલ શબ્દ અટક છે - જ્ઞાતિ નથી :

પટેલ શબ્દ કણબી ઉપરાંત વાણિયા, બ્રાહ્મણ, મુસલમાન, હરિજન, દરજી, મોચી અને લગભગ બધી જ્ઞાતિઓના મુખી તેમજ જ્ઞાતિના આગેવાનો માટે વપરાવા લાગ્યો. પણ હાલમાં બીજી જ્ઞાતિઓમાં પટેલ શબ્દનો વપરાશ ઓછો થયો છે. હાલમાં ફક્ત કણબીઓને જ પટેલ કહે છે. આમ પટેલ શબ્દ એ કણબીઓની અટક છે, જ્ઞાતિ નથી.

કણબી અને પાટીદાર એ જ્ઞાતિ છે

મહારાષ્ટ્રમાં પટલિક ઉપરથી પાટિલ શબ્દ છે.

ગુજરાતમાં પાટીદાર શબ્દની શરૂઆત પાટીદાર સ્થળનું મૂળ

ગુજરાતમાં પટેલ શબ્દની શરૂઆત થયે લગભગ ૩૦૦ વર્ષ થઈ ગયાં હતાં. એ અરસામાં પીંપળાવમાં વીર વસનદાસ નામે એક પટેલ હતા. તેઓ તે સમયના મોગલ બાદશાહ ઔરંગઝેબ સાથે સારો સંબંધ ધરાવતા હતા. તેમણે ધોળકા, માતર અને પેટલાદ તાલુકાનું મહેસૂલ ઉઘરાવવાનો ઈજારો મેળવ્યો હતો. તેમણે સંવત ૧૭૫૯ માં પીંપળાવમાં સમસ્ત કણબી કોમનો એક મેળાવડો યોજ્યો. આ મેળાવડામાં ઔરંગઝેબના શાહઝાદા બહાદુરશાહને આમંત્રણ આપ્યું. આ મેળાવડામાં વીર વસનદાસે બાદશાહના દફતરમાં કણબીને બદલે પાટીદાર શબ્દ દાખલ કરાવ્યો.

(પાટીદાર-પતિદાર-પટ્ટદાર-જમીનદાર;પાટી-જમીનદાર-હોવું;પાટીદાર એટલે જેની પાસે જમીન હોય તે)

પાટીદાર શબ્દનો અર્થ

પાટીદારનો અર્થ જમીન ધારણ કરનાર એવો થાય છે. પાટી-જમીન, દાર-ધારણ કરનાર; પાટી એ સંસ્કૃતમાંથી બનેલો પ્રાકૃત અને અપભ્રંશ શબ્દ છે;દાર એ ઈરાની ભાષાના દાસ્તન, દાર એટલે ધારણ કરવું એ ક્રિયાપદનું આજ્ઞાર્થ રૂપ છે.

વીર વસનદાસે કણબીને બદલે પાટીદાર શબ્દ જેવો મોટો ફેરફાર ઈ.સ. ૧૭૦૩માં કરાવ્યો હતો. છતાં ઈ.સ.

૧૯૦૦ સુધી ગુજરાતમાં પાટીદારો માટે કણબી શબ્દ બહુ પ્રચલિત હતો.

પાટીદારોએ મહેસૂલ ઉઘરાવવાના ઈજારા લીધા અને અમીન તથા દેસાઈ બન્યા.

વીર વસનદાસના સમયમાં કેટલાક નાગર બ્રાહ્મણો ગામડાંઓમાંથી મહેસૂલ ઉઘરાવવાના ઈજારાઓ રાખતા. આ નાગર બ્રાહ્મણો પાટીદારો ઉપર ખૂબ જુલ્મ કરતા. તેમની પાસે વેઠ કરાવતા અને મહેસૂલના નામે વખતોવખત તેમની મિલકતો પણ પડાવી લેતા.

વીર વસનદાસે દિલ્હીના મોગલ બાદશાહ અને ગુજરાતના મોગલ સૂબાઓ પાસે લાગવગ વાપરીને મહેસૂલ ઉઘરાવવાના ઈજારાઓ પાટીદારોને અપાવ્યા. આ ઈજારાઓ રાખનાર પાટીદારો અમીન કહેવાયા. આમપાટીદારોમાં પટેલ ઉપરાંત અમીન અને દેસાઈ અટકો ચાલુ થઈ. વીર વસનદાસ ગુજરાતના પહેલા અમીન હતા.

વીર વસનદાસ ગુજરાતના ગામડે ગામડે ફર્યા. ગુજરાતના ગામડાઓના પટેલોને અમીનાત અપાવી. તેમણે ગરીબ પાટીદાર ખેડૂતોને ગામડે ગામડે કૂવાઓ કરાવી આપ્યા.

આ રીતે તેમણે ગુજરાતના પાટીદારો ગામડાંઓમાં સ્થિર, સુખી અને સમૃદ્ધ બને તેવા પ્રયત્નો કર્યા.

પાટીદારોની અટકો :

હાલમાં ગુજરાતના લેઉવા અને કડવા પાટીદારોમાં પટેલ, અમીન અને દેસાઈ આ ત્રણ મુખ્ય અટકો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારોમાં તેમનાં જૂનાં સ્થળ અને ધંધા ઉપરથી અનેક અટકો ચાલે છે. સુરત, વલસાડ અને બારડોલીમાં પણ પાટીદારોનાં ધંધા ઉપરથી અનેક અટકો ચાલુ થઈ છે.

પાટીદારોની એક જ અટક પટેલ :

છેલ્લાં દસ વર્ષથી સૌરાષ્ટ્ર, કચ્છ અને સુરત વલસાડના પાટીદારો તેમની જુદી જુદી અટકોનો ત્યાગ કરી પટેલ અટક લખાવે છે અને જ્ઞાતિમાં લેઉવા કણબી અને કડવા શબ્દોને બદલે લેઉવા અને કડવા પાટીદાર લખાવે છે.

આમ આખા ગુજરાતમાં હાલમાં પાટીદારોની એક જ અટક પટેલ છે.

''પાટીદાર''

ગુજરાતમાં પાટીદાર શબ્દની શરૂઆત

ગુજરાતમાં પાટીદાર શબ્દની શરૂઆત થયે લગભગ ૩૦૦ વરસ થયાં છે. એ અરસામાં પીપળાવ (જી.ખેડા)માં વીર વસનદાસ નામે એક પટેલ હતા તેઓ તે સમયના મુગલ બાદશાહ ઔરંગઝેબ સાથે સારો સંબંધ ધરાવતા હતા. તેમને ધોળકા, માતર અને પેટલાદ તાલુકામાં મહેસુલ ઊઘરાવવાનો ઈજારો મેળવ્યો હતો. તેમણે વિક્રમ સંવત ૧૭૫૯ (ઈ.સ. ૧૭૦૩માં પીપાળવમાં સમસ્ત કણબી કોમનો મેળાવડો યોજ્યો હતો. આ મેળાવડામાં વીર વસનદાસે ઔરંગઝેબના શાહજાદા બહાદુર શાહને આમંત્રણ આપ્યું આ મેળાવડામાં વીર વસનદાસે બાદશાહના દફતરમાં કણબીના બદલે પાટીદાર શબ્દ દાખલ કરાવ્યો. પાટીદાર એટલે જેમની પાસે જમીન હોય તે અથવા જમીનદાર અથવા પટ્ટો જેની પાસે જમીનનો જમીન રાખતા તે પાટીદાર (પટીદાર) આ પટીદારનો અપભ્રંશ શબ્દ પાટીદાર થયો.

વીર વસનદાસે કણબી બદલે પાટીદાર શબ્દ જેવો મોટો ફેરફાર ઈ.સ. ૧૭૦૩માં કરાવ્યો હતો. છતા ઈ.સ. ૧૯૦૦ સુધી ગુજરાતમાં પાટીદારો માટે કણબી શબ્દ પ્રચલિત હતો. પાટીદારોએ મહેસુલ ઊઘરાવવાના ઈજારા લીધા અને અમીન તથા દેસાઈ બન્યા. વીર વસનદાસના સમયમાં કેટલાક નાગર બ્રાહ્મણો મહેસુલ ઉઘરાવવાના ઈજારા રાખતા અને પાટીદારોની પાસેથી વેઠ કરાવતા અને મહેસુલના નામે વખતોવખત તેમની મિલક્તો પણ પડાવી લેતા.

વીર વસનદાસે દીલ્હીના બાદશાહ અને ગુજરાતના મોગલ સુબાઓ પાસે લાગવગ વાપરીને મહેસુલ ઉઘરાવવાના ઈજારાઓ અપાવ્યા. આ ઈજારાઓ રાખનાર પાટીદારો અમીન કહેવાયા. પેશ્વાના વખતમાં મહેસુલ એકઠુ કરનાર ઈજારદારો દેસાઈ કહેવાયા. આમ પાટીદારોમાં પટેલ ઉપરાંત અમીન અને દેસાઈ અટકો ચાલુ થઈ. વીર વસનદાસ ગુજરાતના પહેલા અમીન હતા. આમ કણબી અને પાટીદાર જ્ઞાતિ છે. પણ આજે 'પટેલ' શબ્દ જ્ઞાતિ બની ગઈ છે.

પાટીદારોની અટકો

હાલમાં ગુજરાતના લેવા અને કડવા પાટીદારોમાં પટેલ, અમીન, દેસાઈ, પાટીદાર મુખ્ય અટકો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારો તેમના જુના સ્થળો અને ધંધા ઉપરથી અનેક અટકો ચાલે છે. તે સિવાય ખેતીવાડી, ગામો વિગેરેના નામોથી પણ અટકો અને ઉપ-અટકો ચાલે છે. સુરત, વલસાડ અને બારડોલીમાં પણ પાટીદારોના ધંધા ઉપરથી અટકો ચાલુ થઈ છે. આ બધામાં પાટીદારોની એકજ અટક ચાલુ છે. "પટેલ" અટક.

છેલ્લા વીસ પચ્ચીસ વર્ષથી સૌરાષ્ટ્ર, કચ્છ અને સુરત, વલસાડના પાટીદારો તેમની જુદી જુદી અટકોનો ત્યાગ કરી પટેલ અટક લખાવે છે અને જ્ઞાતિમાં લેવા કણબી અને કડવા કણબી શબ્દોના બદલે લેવા અને કડવા પાટીદારો લખાવે છે. આમ આખા ગુજરાતમાં પાટીદારોની એક જ અટક 'પટેલ' છે.

પાટીદારોની પેટા જ્ઞાતિઓ

(ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૦૦ સુધી સમાજ વ્યવસ્થા)

હાલમાં પાટીદારોમાં બે પેટા જ્ઞાતિ છે.

(૧) લેવા પાટીદાર (૨) કડવા પાટીદાર.

ઈ.સ. ૬૦૦ સુધી લેવા અને કડવા પાટીદારોમાં આંતરિક લગ્નો થતાં હતાં. પણ ઈ.સ. ૬૦૦ પછી ગુજરાતમાં ચાવડા અને સોલંકી રાજાઓના સમયમાં લેવા અને કડવા પાટીદારોના સામાજીક રીત રિવાજોમાં એકા એક અજાયબ જેવા મોટા ફેરફારો થયા. આવા ઝડપી સામાજીક ફેરફારોને લીધે લેવા અને કડવા પાટીદારોના આતંરિક લગ્નો બંધ થયા. આમ લેવા-કડવા પાટીદારોના આંતરિક લગ્નો બંધ થતાં ધીમે ધીમે લેવા-કડવા એમ બે સ્પષ્ટ પેટા જ્ઞાતિઓ પડી ગઈ.

૫૦૦ વરસ પહેલાંનો લેવા-કડવા પાટીદાર સમાજ

આજથી ૫૦૦ વરસ પહેલા બધા જ પાટીદારો એક જ સરખા ખેડૂતો હતા. તેમની પાસે વેપાર, ઉદ્યોગ, નોકરી કે શહરી જીવન જેવું કંઈ જ હતું નહીં. બધા પાટીદારો ગામડામાં રહેતા અને ખેતી કરતા કુળ દૃષ્ટિએ કોઈ ઊંચા કે નીચા ન હતા. કન્યાની લેવડ-દેવડની બાબતમાં કોઈ વાડા બંધી, ગોળ, પ્રથા ન હતી. બધા જ કડવા અને લેવા પાટીદારો પોતપોતાની અનુકૂળતા મુજબ આખા ગુજરાતમાં કન્યાઓની આપલે કરતા હતાં.

ગુજરાતના પાટીદારોમાં ગોળની શરૂઆત જે ગામો ઊંચા અથવા કુળવાન મનાતાં હતાં. તેમણે ઈ.સ. ૧૮૦૦ પછીપોતાની કન્યાઓ પોતાના ગામો બહાર ન આપવાનો વહેવાર ઊભો કર્યો. વધારામાં તેઓ બહારના નાના ગામોમાંથી મોટી પરઠણ લઈને કન્યાઓ લેતા. આમ કન્યાઓની લેવડ-દેવડ માટે મોટી અસમાનતા ઊભી થઈ.

આ ગોળની પ્રથા સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારોમાં નથી. આજે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગોળની પ્રથા છે.

ગુજરાતમાં કડવા પાટીદારોની ૭૫ ગોળની એક સમાજ બનાવી છે. ઈ.સ. ૧૪૫૦ થી ૧૫૦૦ સુધીમાં કડવા અને લેવા પાટીદારોમાં અજાયબ જેવા ફેરફારો થયાં. તેમનાથી પહેલા લેવા કડવા પાટીદારો એક જ હતા. સામાજીક અને ધાર્મિક તથા અન્ય રીતિ-રિવાજોમાં સામાજીક ફેરફારોના લીધે કડવા અને લેવા પાટીદારોનાં આંતરિક લગ્ન બંધ થતાં ધીમે ધીમે કડવા અને લેવા એમ બે સ્પષ્ટ પેટા જ્ઞાતિઓ અલગ પડી ગઈ.

ઈ.સ. ૧૬૬૬માં ઔરગંઝેબના રાજ્ય દરમ્યાન ગુજરાતના ગામડાઓમાં સ્થિર થયેલા લેવા અને કડવા પાટીદારો.

ઈ.સ. ૧૬૬૬માં ઔરગંઝેબે ગુજરાતના જેજે ખેડૂતોએ જે જે જમીનો ખેડતા હતા. તે બધી જમીનોના તેમને કાયમના માલીક બનાવ્યા. આથી પાટીદારોને પોતાની માલિકીની જમીન વધારે ફળદ્રુપ બનાવી તેમાંથી વધારે ઉત્પાદન લેવાનું વિચાર્યું. ઉપરાંત પાટીદારોએ ગામની જમીન, મહેસુલના ઈજારા, મહેસુલની કુલ ભરવાનું માંથે લીધું. આથી પાટીદારો જે જે ગામોમાં ખેતી કરતા હતા તે તે ગામો છોડીને બીજા ગામો તરફ ભ્રમણ કરવાનું બંધ કર્યું. આમ પાટીદારો ઈ.સ. ૧૬૬૬ પછી ગુજરાતના ગામડાઓમાં સ્થિર થયા.

(ગુજરાતના પાટીદારોનો ઈતિહાસ) પા. ૩ થી ૧૪
(લેખક : સંદર્ભ : ગોકુલદાસ સોમાભાઈ પટેલ)

"કૂર્મીઓ ક્ષત્રિય છે." "કૂર્મી" શબ્દના પૌરાણિક ઉલ્લેખો

મહાભારતના આદિપર્વમાં એવો ઉલ્લેખ છે કે જગતપિતા બ્રહ્મા દ્વારા જયારે કર્તવ્યશક્તિ ઉત્પન્ન થઈ તેનું નામવૈવસ્વત મનુ હતું. તેણે અથવા બ્રહ્માજીએ વિરાટ પુરુષથી પ્રાણીની સૃષ્ટિનું સર્જન કર્યું. ત્યાર બાદ બ્રહ્માજીએ દસ પુત્રોનું સર્જન કર્યું. બ્રહ્માના આ દસ પુત્રોમાં છ ઋષિઓ પૈકીના એક મરીચિ ઋષિ હતા. તેમનો પુત્ર કશ્યપ હતો અને કશ્યપથી બધી પ્રજા ઉત્પન્ન થઈ હોવાનું મનાય છે. કૂર્મ અને કશ્યપ એક જ શક્તિ અને વ્યક્તિનાં નામછે.

પ્રોફેસર એમ. વિલિયમકૃત સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાં કૂર્મીઓનો અર્થ "અર્થશક્તિમાન પુરુષ" એવો કરાયો છે. વેદોના વિખ્યાત ભાષ્યકાર સાયણે વેદોમાં આપેલ "તૂવિકૂર્મિ" ની વ્યાખ્યા કરતાં લખ્યું છે કૂર્મી એટલે "એક એવો પરમવીર પુરુષ જે યુદ્ધમાં દુર્લભથી દુર્લભ વીરોચિત નિપુણતા દર્શાવી શકે." ઈન્દ્રને વેદો અનુસાર પરમવીર, આદર્શ ક્ષત્રિયના સંપૂર્ણ ગુણસંપન્ન કહેવાયો છે. "કૂર્મી" એ ઈન્દ્રના પર્યાયવાચી શબ્દ મળવાના ઉલ્લેખો પણ મળે છે.

"કુમ્બ" નો અર્થ થાય છે એક ગૃહસ્થ, પશ્ચિમભારતની એક મહાન કૃષકજ્ઞાતિ. જોકે આદિ શબ્દનું સંસ્કૃત રૂપ હોઈ શકે. આ નામઉત્તર ભારતમાં કૂર્મી (કૂરમી) રૂપે પણ પ્રચલિત છે. જયાં આ જ્ઞાતિના લોકો ગંગા નદીના કિનારા વિસ્તારમાં, તેના તટપ્રદેશમાં તથા દક્ષિણનાં ક્ષેત્રોમાં બહોળી સંખ્યામાં વસેલા છે. આ જ જ્ઞાતિના લોકોને ગુજરાતમાં કણબી-કનબી-કુણબી તથા મહારાષ્ટ્રમાં અને મધ્યપ્રદેશમાં કુનબી તથા દક્ષિણ ભારતના કુનબીની તુલના મદ્રાસ, તેલુગુ પ્રદેશના નાયડુ, કામ્પૂસ, રેડ્ડી અને અન્યત્ર વિવિધ નામે આ જ્ઞાતિ ઓળખાય છે. પાદરી ડૉ. જહોન વિલિયમના મત અનુસાર કુરમી, કુનબી અને કુમ્બી એક જ જ્ઞાતિનાં રૂપાંતરિત નામછે. જોકે સંસ્કૃત ધાતુ "કૂમ" યા કુલમીથી બને છે. જેનો અર્થ થાય છે કૃષિકાર્ય કરનારા. નૃવંશશાસ્ત્રી સર ડબલ્યુ. વિલિયમકૂકના મતે કૂરમી એટલે એક મહત્વપૂર્ણ કૃષક જાતિ જે બધે જ વસેલી છે જયારે અન્ય કેટલાકનત્ મતે આ શબ્દ "કૂર્મ" થી ઉત્પન્ન થયેલો છે.

પ્રો.જે.ઑફ.હેવિટે પોતાના પુસ્તક "ધી રૂલિંગ રેસીસ ઑફ પ્રિહિસ્ટોરિક ટાઈમ્સ" નામના અંગ્રેજી પુસ્તકમાં કુરમી, કુમ્બસ, કુદમ્બસ, કુદબ્વીસ ભારતની સિંચિત ખેતી કરનારી મહાન જ્ઞાતિઓ હતી. જે કુર (કચ્છપ) એટલે કે કૂર્મના સંતાનો છે.

પ્રાગ ઐતિહાસિકકાળમાં પ્રો. હેવિટના મતે જયારે આર્યોમાં વર્ણવ્યવસ્થા સ્થાપિત થઈ ન હતી તે પહેલાં પણ કૂર્મી નામની એક શાખા હિન્દુઓમાં તેનો એક પ્રકાર ખૂબ જાણીતો હતો. અને તેઓ શિવપૂજક (શૈવ) હતા. કૂર્માવતાર ભગવાન વિષ્ણુનો કૂર્મ એટલે કચ્છપ રૂપમાં થયો. પ્રાચીન કાળમાં આ લોકો ભગવાન કૂર્માવતારના ઉપાસકો હતા અને ઉપાસક હોવાના કારણે પાછળથી કૂર્મી તથા કૂરમી જ્ઞાતિ બોધક નામથી ઓળખાવા લાગ્યા. ગુજરાતના કૂર્મીઓ ભારતભરમાં ખેતીકામમાટે જાણીતા હતા. મધ્યપ્રદેશના કૂર્મીઓ જે છે તે ગુજરાતમાંથી સ્થળાંતર થયેલા છે. ખાન દેશના કૂર્મીઓ પાટીદાર પરિષદોમાં હાજરી આપતા હતા. પ્રો. હેવિટ અને વિદ્વાન રિસેલના સંશોધનથી એક વાત સ્પષ્ટ થાય છે કે મહાભારત કાળમાં કૂર્મવંશીય લોકો અવશ્ય વિદ્વાન હતા જયારે તેમની ગણના શાસક જ્ઞાતિઓમાં થતી હતી. પ્રાગ-ઐતિહાસિક યુગમાં પણ કૂર્મી જનસાધારણ જ્ઞાતિનો ઉલ્લેખ વરસાદી ખેતીહાર તરીકે જોવા મળ્યો છે.

કૂર્મી ક્ષત્રિય જન હિંદીભાષાના પ્રદેશોમાં કૂર્મી ગુજરાતમાં પાટીદાર કે પટેલ, મહારાષ્ટ્રમાં કુનબી કે મરાઠા કે પાટિલ, આંધ્રપ્રદેશમાં રેડ્ડી અને કાંપૂ, કર્ણાટકમાં કમ્પા, વક્કલિંગર, કૂલંબી અને ઊડિયામાં કૂર્મા નામથી ઓળખાય છે. સારાયે દેશમાં કૂર્મીઓની વસ્તી ૨૦ કરોડથી ઓછી નથી અને આ જ્ઞાતિના લોકો દેશમાં વિભિન્ન ભાગોમાં વસે છે. અને લગભગ દોઢ હજાર ઉપનામો ધરાવે છે. મહાનગરી દિલ્હીમાં જ કૂર્મીઓની વસ્તી ૮૦ હજાર જેટલી છે. કૂર્મી

શબ્દ વેદના અનેક મંત્રોમાં છે. એટલે કૂર્મી શબ્દોની પ્રાચીનતા અને તેની મહાનતા આપોઆપ સિદ્ધ થઈ જાય છે. કેટલાક વિદ્વાનો કૂર્મી વંશની ઉત્પતિ કૂર્મ ઋષિની સાથે જોડે છે તેમની માન્યતા મુજબ તેમનો વંશ વધતાં વધતાં વિશાળ કૂર્મી જ્ઞાતિના રૂપમાં આજે વિદ્યમાન બન્યા તે સાચું છે કે વૈદિક કાળમાં કૂર્મી ઋષિ થઈ ગયા તેમના પિતા ગ્રત્યમદ ઋષિ હતા અને તે બંને ઋગ્વેદના મંત્રદ્રષ્ટા હતા. એટલું જ નહીં પણ તેઓ સૂક્તોના રચયિતા પણ હતા. કૂર્મી ઋષિ જોકે રાજા વિતહવ્યાના પુત્ર હતા. તેમના સંબંધમાં સ્કંધપુરાણમાં ઉલ્લેખ આવે છે.

પુરાણમાં વિષ્ણુ ભગવાનના પૃષ્ઠ ભાગને કૂર્મ કહ્યો છે જો શરીરનો આધારસ્તંભ ન હોય તો શરીર સીધું ઊભું રહી શકે નહીં. શરીરને સીધું રાખવાનું કાર્ય મેરુદંડનું છે તેનાથી આવી જાણકારી મળે છે કે સમાજને સારી રીતે ચલાવવા માટે મેરુદંડને પૃષ્ઠ ભાગની જવાબદારી જે વર્ગને આપી હતી તે કૂર્મના જે પાછળથી જાણવા મળ્યું. તેમનું દાયિત્વ હતું ખાદ્ય અનાજ ઉત્પન્ન કરવું અને સમાજના પેટને પોષવું ને દુશ્મનોના આક્રમણની સ્થિતિ વખતે યોદ્ધાનું રૂપ ધારણ કરવું અને શત્રુનો નાશ કરવો. આમકૂર્મી લોકો દાતરડું અને તલવાર કુશળતાથી ચલાવી શકતા.

કૂર્મ પુરાણમાં શિવ અવતારનો ઉલ્લેખ સવિસ્તારથી કરવામાં આવ્યો છે. તેથી સાબિત થાય છે કે, કૂર્મીઓ શૈવપૂજકો હતા. મા ઉમા અને શિવના ભક્તો હતા. વ્યાકરણ અનુસાર 'કૂ' શબ્દનો અર્થ "ભૂ" અથવા "ધરતી" થાય છે. અને "રમી" નો અર્થ રચનાર, અર્થાત્ 'ભૂપતિ' એટલે 'કૃષક' આમકૂર્મથી બનેલો મૂળ શબ્દ કૂર્મીથી કૂર્મી, કુરમી, કુરમા, કુલમી, કુલવી, કુલવાદી, કુનબી, કુમ્બી અને કણબી વગેરે સ્થાનાનુસાર તેમાં અનેક નામાંતરો થઈ ગયા. રાજાશાહી અને અંગ્રેજ અમલ વખતે પાટીદારોને અનેક હોદ્દાઓથી નવાજવામાં આવ્યા હતા. રાજા, સરદાર, દેસાઈ, અમી, ચૌધરી, પારેખ, રાયમલ, રાય, બહાદુર, રાવસાહેબ, દીવના ને હાથીમલ જેવા હોદ્દાઓ મળ્યા હતા. બીજ વાવવા માટે તૈયાર કરવાની ક્રિયાને અર કહે છે ને અર કરનારી વ્યક્તિઓને આર્ય કહ્યા છે. આર્ય શબ્દ **'અર'** ધાતુથી બન્યો છે. જેનો શાબ્દિક અર્થ ભૂમિને જોતરનાર આર્ય ગણાય છે. અર શબ્દનો અપભ્રંશ 'હર' થઈ ગયો અને તેનું બદલાયેલું સ્વરૂપ 'હળ' છે. ઋગ્વેદમાં પરિવારને કુટુમ્બ અથવા કુળ કહ્યું છે. કુટુમ્બીમાંથી 'ટુ' નીકળી ગયો અને કુમ્બી, કૂર્મી, કણબી શબ્દો પ્રચલિત થયા. કુણ્બી કુલમ્બી થયો અને પછી કુલમ્બીમાંથી કુલવદી, કુલમી, કુલમ્વી, કુરમી, કુમ્બી, કૂર્મા, કાપુ, કમ્મા, કૂર્મીક્ષત્રિય, કૂર્મ વંશીય ક્ષત્રિય વગેરે શબ્દો ભારતના વિવિધ ભાગોમાં પ્રચલિત બન્યા. પંચનંદનાં આ કૃષિકુટુમ્બો ભારતના વિભિન્ન ભાગોમાં ફેલાતાં હતાં અને કુમ્બી, કુન્બી અને કૂર્મી વગેરે ભિન્ન નામોથી ઓળખાતા હતા. ગુજરાતમાં વસતા પાટીદારોની અટકો જોતાં તેમની બાવન શાખાઓના કૂર્મીઓનું મૂળ સ્થાન પંજાબ તથા ઉત્તર હિંદુસ્તાનના કેટલાક ભાગોમાં હતું. કૂર્મ-કશ્યપ માનવ જાતિના આદિ પુરુષ હતા. કૂર્મનો શાબ્દિક અર્થ "કર્મશીલ" અને કશ્યપનો શાબ્દિક અર્થ "દ્રષ્ટા" છે.

વાયુપુરાણ અનુસાર વૈવસ્વત મન્વન્તરના આદ્ય ત્રેતાયુગના પ્રારંભમાં મારીચિ કશ્યપ થયા હતા. સંપૂર્ણ માનવ જ્ઞાતિના આદિ પુરુષ કૂર્મ કશ્યપ અત્યંત પુરાતન કાળમાં વિદ્યમાન હતા. કશ્યપ અને દક્ષપ્રજાપતિની પુત્રી આદિતિના બાર પુત્રો થયા. સૂર્યનું વિષ્ણુનું નામપુરાણોમાં વિખ્યાત છે. સૂર્યના પુત્ર વૈવસ્વત મનુ હતા. આ મનુથી માનવ સૂર્યવંશ થયો. કશ્યપ સાગર (કેસ્પિયન રત), કુમુ નદી, કુર્મપર્વત અને કુર્માચલ પ્રદેશ વગેરે મહર્ષિ કશ્યપની કીર્તિના યશસ્વી કીર્તિસ્તંભો છે. તે વૈદિક મત્રદ્રષ્ટા હતા. વર્તમાનમાં કશ્યપના ૭૨ મંત્રો ઋગ્વેદમાંથી મળે છે. કૂર્મપુરાણ અનુસાર કૂર્મઋષિએ ખેતી અને ઔષધિની બાબતમાં વૈજ્ઞાનિક પ્રયોગ કરીને તેની પ્રગતિ માટે અનેક પ્રયાસો કર્યા હતા. મધ્ય એશિયાના કાસ્પિયન સમુદ્રના કિનારાનો વિસ્તાર કશ્યપની કર્મભૂમિઅને કાકેશશ પર્વત તેની સાધનાનું સ્થળ રહ્યા હતા.

કૂર્મીઓ ક્ષત્રિય હોવાના પ્રમાણ ઈ.સ.૧૯૦૬- કૂર્મી ક્ષત્રિય છે તેનો ફેંસલો

૨૫ મે ૧૯૦૬માં ઉત્તર પ્રદેશમાં મિર્ઝાપુર જિલ્લાના અંતરગત ચુનારની પાસેના ભરહેટા ગામમાં કૂર્મી જ્ઞાતિનું એક વિશાળ સંમેલન ભરાયું હતું. પ્રશ્ન એ હતો કે, કૂર્મી જ્ઞાતિને વિધિવત્ રીતે યજ્ઞોપવીતનો સંસ્કાર કેમ ન આપી શકાય ? આ સંમેલનમાં બંને પક્ષોના કાશી, કોલકાતા, મથુરા, વૃંદાવન વગેરે સ્થાનોથી અનેક પંડિતો ભેગા થયા હતા. વિવાદનો પ્રશ્ન એ હતો કે, કૂર્મી લોકો ક્ષત્રિય વર્ણનો એક ભાગ છે કે નહીં ? બે દિવસ સુધી શાસ્ત્રાર્થ થયો. અંતમાં અધ્યક્ષ અને વિદ્વાન સંસ્કૃત તથા હિન્દીના પ્રખર પંડિત; અનેક ધાર્મિક તથા ઐતિહાસિક ગ્રંથોના રચયિતા; વિદ્યાવ્યાસંગી ઓનરરી મેજિસ્ટ્રેટ શ્રીમાન પંડિત રાધાચરણ ગોસ્વામી મહારાજે (વૃંદાવન) નીચેનો નિર્ણય આપ્યો અને સર્વમાન્ય સિદ્ધાન્ત નિરૂપિત કર્યો.

કશ્યપના વંશજો પૈકી કૂર્મી ઋષિના પુત્રો અસલ પૃથ્વીપતિ હતા અને પંજાબમાં એક ભાગમાં રાજ ભોગવતા હતા. આધુનિક સમયમાં તેઓ દરબારશ્રી, હાથઈમલ્લ, દેસાઈશ્રી, રાજા, જાગીરદાર, દેશપતિ, વતનદાર, તાલુકાદાર, જમીનદાર, અમીન અને મુખી વગેરે વિશેષણો ધારણ કરતા હતા. આ ઉપરથી તેમની પૂર્વગત મહત્તા પ્રતીત થઈ આવે છે. તેઓ ક્ષત્રિય હોવાથી ઉપવીત ધારણ કરી નિત્ય કર્મો કરવા લાગ્યા છે. જે માટે શ્રીમદ્ શંકરાચાર્યજી, શ્રીમદ્ નૃસિંહાચાર્યજી આદિ આચાર્યો અને મહાપંડિતો સંમત છે. તા. ૨૫-૨૬ મે ૧૯૦૬ ના દિવસે જે મોટી સભા મળી હતી, તેમાં ત્રણ હજાર માણસોએ હાજરી આપી હતી. ચર્ચાનો વિષય હતો, 'કણબીઓ ક્ષત્રિય હોવાથી યજ્ઞોપવીતના અધિકારી છે.' આ વિષય પર બંને પક્ષો વચ્ચે વાદવિવાદ થયો હતો. સભાના સેક્રેટરી દીપનારાયણસિંહજીએ કહ્યું કણબી જ્ઞાતિ ક્ષત્રિય વર્ગમાં છે અને તેમને ઉપવીત ધારણ કરવાનો અધિકાર છે. તેમણે શાસ્ત્રોનાં પ્રમાણ વડે સુંદર ભાષણ આપ્યું. સમર્થનમાં કાશીનિવાસી વિદ્વાન પંડિત દામોદર શાસ્ત્રીજીએ તેમને અનુમોદન આપ્યું. પંડિત મદનમોહન પાઠકે પ્રશ્ન કર્યો કે, કણબીઓ રાજાઓ હોય તો, ક્ષત્રિય જ્ઞાતિમાં થયેલા રાજાઓનાં નામો ઈતિહાસમાં કેમ દેખાતાં નથી ? તેના પ્રત્યુત્તરમાં સદરહુ સેક્રેટરીએ અંગ્રેજ વિદ્વાનોના અભિપ્રાયો આપી સભાને સંતોષ આપ્યો. પંડિત પાઠકે કેટલાક સવાલો ઊભા કર્યા

૧. જો કણબીઓ ક્ષત્રિય હોય તો તેમની રીતભાત બીજા કણબીઓ જેવી કેમ નથી ?
૨. તેઓ સઘળા જનોઈ કેમ પહેરતા નથી ?
૩. તેઓ જાતે ખેતીનું હલકું કામ કરે છે. હાલના બીજા ક્ષત્રિયો સાથે રોટીબેટી વહેવાર કેમ નથી ?

આ પ્રશ્નોના ખુલાસાઓ પ્રખર પંડિત રાજારામ શાસ્ત્રીએ કર્યા :

૧. ઉપનયન સંસ્કારની બાબતમાં ભલભલા ક્ષત્રિયોએ તલવારો મ્યાન કરી કૃષિ કર્મ કરવા માંડ્યું હતું. ભલભલા બ્રાહ્મણોએ જનોઈ પાઘડીમાં છુપાવી હતી. હાલમાં ક્ષત્રિય ગણાતી વર્ણ જનોઈ ધારણ કર્યા વિના ચલાવે જાય છે. તેવી જ રીતે આ જ્ઞાતિ પણ આજ દિન સુધી અંધારામાં રહી તેમ છતાં શાસ્ત્રોક્ત કર્મ કરતી વખતે અલ્પ સમય માટે જનોઈ ધારણ કરે છે. માટે ઉપરનો આક્ષેપ સાચો ઠરતો નથી.

૨. આજકાલ બ્રાહ્મણ-ક્ષત્રિય-વાણિયા જ્ઞાતિઓ પણ અમુક વંશ સાથે એટલે કે પોતાની જ્ઞાતિના જુદા જુદા વર્ગ આસપાસમાં રોટીબેટી વ્યવહાર રાખતા નથી. તે જ રીતે કણબી પણ પોતાના વર્ગ સિવાય બીજા સાથે રોટીબેટી વહેવાર રાખતા નથી. એટલે આ શંકા વજૂદ વિનાની છે.

૩. કણબીઓ જાતે ખેતી કરે છે માટે તેઓ ક્ષત્રિય નથી, એમ કહેવું એક ભૂલભરેલું છે. તેઓ ખેતી કરે છે અને કરાવે પણ છે. ખેતી કરવી એ નિંદિત કર્મ નથી. પારાસ્મૃતિમાં કહ્યું છે એટલે કે ક્ષત્રિયો, ખેતી, વેપાર અને શિલ્પાદિ કર્મ કરી શકે છે. આગળ આપણે જોઈ ગયા છીએ કે, ઋષિમુનિઓ પણ ખેતી કરતા હતા.

પંડિત પદ્મનાભ શાસ્ત્રીએ ખૂબ દલીલો કરી કે, કણબીઓ ક્ષત્રિય નથી. પણ તેમની દલીલો શાસ્ત્રોના આધારથી બીજા પંડિતોએ ખુલ્લી પાડી દીધી. તેમણે કણબીઓ ક્ષત્રિય છે તે સ્વીકાર્યું, પણ જનોઈ ધારણ કરી

શકે તેનો વિરોધ કર્યો. કાશીનિવાસી પંડિત રામમિશ્ર શાસ્ત્રીએ 'વ્રાત્ય સંસ્કાર મીમાંસા' નામનું પુસ્તક રજૂ કરી શંકાઓનું નિવારણ કર્યું.

ઈ.સ. ૧૯૦૫માં શ્રી મચ્છંકરાચાર્ય ગોવર્ધન મહીપીઠેશ્વરે વાંસવાડામાં પચાસ-સાઈઠ પંડિતોની હાજરીમાં કણબીઓને જનોઈ દીધી હતી અને બ્રાહ્મણોના હાથે સંસ્કાર કરાવ્યો હતો.

સભાપતિ રામચરણ ગોસ્વામીએ નિર્ણય જાહેર કર્યો

માલમાલિની (દેવી) ના ભક્ત કૂર્મ નામના ઋષિના કુળમાં પહેલાં પ્રાણનાથ રાજા પ્રગટ થયા. આ સ્કંદપુરાણના સહ્યાદ્રિ ખંડના અધ્યાય ૩૩ અને ૬૪ મા કૂર્મવંશની ગણના ક્ષત્રિયોમાં કરી છે. કૂર્મનો પુત્ર કૌર્મી નામના પદથી દેશની ભાષાઓમાં કૂર્મી-કૂનબી વગેરે જેવા ઘણા અપભ્રંશ થયા છે. આમ કૂર્મીઓ તે જ વંશના છે. કૂર્મી સિવાય બીજા કોઈ ક્ષત્રિયો કૂર્મી વંશના નામે પ્રસિદ્ધ નથી. આ વંશમાં મહારાજ શિવાજી જેવા ઘણા વીરો પેદા થયા છે. વિશેષમાં માનનીય શ્રી જગન્નાથજી ૧૧૦૮ શ્રી ગોવર્ધન મઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્યજીને ઉનાવ જિલ્લાના કૂર્મી લોકોને યજ્ઞોપવીતના સંસ્કાર કરાવ્યા હતા. સંકેશ્વર મઠના શ્રી ૧૧૦૮ સ્વામી જગદ્‌ગુરુ શંકરાચાર્યે કોલ્હાપુરના મહારાજને યજ્ઞોપવીત આજ્ઞા આપી હતી. આ મહારાજ કૂર્મી વંશીય છે. અને આ સભાએ પણ કૂર્મીઓને ક્ષત્રિય સિવાયના બીજા વંશના સિદ્ધ નથી કર્યા તેથી તેઓ ક્ષત્રિય છે તે સિદ્ધ થાય છે. તેઓને ઉપનયન સંસ્કારનો કશો બાધ નથી.

કૌમિસભા સહી

ભરેહટા	રાધાચરણ ગોસ્વામી
જ્યેષ્ઠ શુક્લ -૩	પ્રમુખ
સંવત ૧૯૬૩ વિ.	વૃંદાવનવાસી

નાસિક પંચવટી મઠના ડૉ. કૂર્તકોટી શ્રી શંકરાચાર્યનો મત મધ્યપ્રાંતના વરારના લુણારી કુણબી અથવા ક્ષત્રિય મરાઠા સમાજના રામરાવ, ગમપતરાવ, દેશમુખ, વાટોડેકરના નામના પોતાના પત્રમાં ડૉ. કૂર્તકોટીએ લખ્યું હતું :

'...તમે દાખલ કરેલાં પ્રમાણપત્રોમાં સંવત ૧૯૬૨ (ઈ.સ. ૧૯૦૫) મિતિ કાર્તિક શુક્લ ૯ નો શ્રીમંત ઉદેપુરના રાણાનો પત્ર સતારાના છત્રપતિ શ્રી પ્રતાપસિંહ મહારાજના નામનો છે અને જેમાં લખ્યું છે કે, રાજપૂતાનાના ક્ષત્રિય લોકોમાં કોઈ કોઈ શ્રીમંત લોક સમય પર યજ્ઞોપવીત સંસ્કાર કરે છે. કોઈ કોઈ વિવાહના સમયે અને કોઈ કોઈ ગરીબ વગેરે કરતા પણ નથી. પરંતુ તેનાથી જ્ઞાતિ સંબંધમાં રીતભાત અનુસાર જ્ઞાતિના ભેદ માનવા ઉચિત નથી. તેનો સારાંશ એ છે કે, તમારો સમાજ અસલી ક્ષત્રિય આર્યવંશનો છે. તેવો આ મઠનો સ્પષ્ટ અભિપ્રાય છે.'

કૂર્મી જ્ઞાતિનાં ઉપનામો - પદો - અટકો :

આપણા દેશમાં નામ સાથે ઉપનામ અથવા અટક લખવાનો રિવાજ ઘણો પ્રાચીન નથી. પ્રાગ ઐતિહાસિક કાળ, વૈદિક કાળ, ઉત્તર વૈદિક કે મધ્ય કાળ પર દ્રષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવે છે કે, નામો સાથે સાધારણ નાગરિકોના ઉપનામનું પ્રયોગ કરવાનું વહેવારમાં ન હતું મુસ્લિમ કાળમાં આ પ્રયોગ સમાજની પ્રમુખ વ્યક્તિઓ સુધી સીમિત હતો. અંગ્રેજોના સમયમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પોતાના પક્ષમાં લેવા માટે અને પોતાનાં કાર્યોને બિરદાવવા માટે તેઓ ઉપનામ આપતા. ઈન્ડિયા કંપનીએ બંગાળમાં સૌ પ્રથમ બંગાળીઓમાં ઉપનામનું પ્રચલન શરૂ કર્યું.

ગુજરાતના કણબી બેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ અંગ્રેજોને શિક્ષણમાં બાળલગ્નો બંધ કરવા અને બાળકી અત્યાચાર બંધ કરવામાં સહયોગ આપ્યો. તેમનાં આ કાર્યોની કદર કરી તેમને રાવ બહાદુરનો ખિતાબ આપ્યો. ત્યાર બાદ રાણી વિક્ટોરિયાએ દિલ્હી દરબારમાં સી.એસ.આઈ. એટલે કંપેનિયન સ્ટાર ઑફ ઈન્ડિયાનો ખિતાબ આપ્યો. પાટીદાર કોમમાં હાથીમલનો ખિતાબ મેળવનાર પણ બેચરદાસના પૂર્વજો હતા. વેણીબાજી બહુ બાહોશ પાટીદાર હતા. રાવ બહાદુર, રાજરત્ન, રાવ સાહેબ, સરદાર, દીવાન, સરસાહેબ, વીરરત્ન, પદ્મશ્રી જેવાં પદ મેળવનાર પાટીદાર કોમમાં ઘણાં રત્નો થઈ ગયાં. જેવા કે બિહારીદાસ દેસાઈ, વાઘજીભાઈ પટેલ, દરબાર ગોપાળદાસ આ ઉપરાંત અનેક મુન્સફો પણ થઈ ગયા. લાંબા સમયે ભારત સરકારની અજ્ઞાનતાનાં પડર ખૂલ્યાં અને સ્વ. સરદાર પટેલને 'ભારતરત્ન' નો ખિતાબ આપ્યો.

પટેલ, ચૌધરી જેવાં ટાઈટલ અન્ય કોમના આગેવાનો પણ ધરાવે છે. આ અટક માટે વપરાયેલો શબ્દ નથી. પણ હોદ્દા માટેનો શબ્દ છે. ક્યારેક ધંધા ઉપરથી, પ્રદેશ ઉપરથી કે ગામના નામ પરથી અટકો પડતી હોય છે. બેચરદાસ લશ્કરીના પૂર્વજો, મોગલો-મરાઠાઓ અને અંગ્રેજોના લશ્કરને ઘાસ-દાણો પૂરો પાડતા હોવાથી તેમની અટક લશ્કરી પડી. મશરૂનો ધંધો કરનાર મશરૂવાળા, રૂ વાળા, ચામડાવાળા, જરીવાલા, રસકપૂર એ અટકો ધંધા પરથી પડી. તે જ રીતે ઈશ્વર પેટલીકર, માળવિયા, અમીન, દેશમુખ જેવી અટકો રાજકીય સન્માન અને વ્યવસ્થાના કારણે પડી.

ભારતમાં સૌપ્રથમ 'હિંદ કણબી સભા' ની સ્થાપના ઈ.સ. ૧૮૭૦માં થઈ અને ઈ.સ. ૧૮૯૦ થી 'અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય સભા' ને નામે જાણીતી બની. આ સભા આજદિન સુધી ચાલે છે. પણ તેનું કાર્યક્ષેત્ર ઉત્તર ભારત અને બિહાર, થોડાક અંશે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર હોવાથી ગુજરાત પરિચિત રહ્યું નથી. બીજી બાજુ ગુજરાત આર્થિક સમૃદ્ધિ ધરાવતું હોવાથી તે વખતના રાષ્ટ્રીય સ્તરના નેતાઓએ સમાજસુધારણામાં જે રસ લીધો હતો તેવો રસ આજના જ્ઞાતિબંધુઓને પડતો નથી.

ગુજરાતના કણબી-પાટીદાર-પટેલ અને તેનાં પદો :

ગુજરાતના કણબીઓની બાબતમાં મહાત્મા ગાંધીના અંગત રહસ્ય મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ પોતાના પુસ્તકમાં લખે છે :

'બારડોલી તાલુકાના કણબીઓમાં લેઉવા, કડવા, મતિયા, ભક્ત પાટીદાર (ઉદા. પાટીદાર), ચરોતરિયા એવા વિભાગ છે પણ દરેક કોમનું બંધારણ આજના સુધારાના જમાનામાં પણ એવું ટકી રહ્યું છે કે, તેની મારફતે કાંઈ સારું કામ કરાવવાની કોઈનામાં શક્તિ હોય તો કરાવી શકે. બહિષ્કારનું શસ્ત્ર તે લોકોને અજાણ્યું નથી. સમાજની સામા થઈ દુરાચાર કરનારને અને તેના વંશને વર્ષોનાં વર્ષો સુધી બહુષ્કૃત કર્યાના દાખલા આ કોમોમાં મળે છે. શ્રી વલ્લભભાઈને આ બંધારણ પોતાના પ્રયોગને માટે સારા સાધન તરીકે કામ આવ્યા. એ સ્ત્રીઓની વિશિષ્ટતા તેમને ગુજરાતની સ્ત્રીઓમાં વિશિષ્ટ સ્થાન આપે તેવી છે. સવારથી સાંજ સુધી ઘરમાં અને ખેતરમાં પુરુષોની સાથે કામ કરનારી એ બહેનોમાં એક પ્રકારની નમ્રતા અને વીરતા છે, જે બીજી કોમોમાં ઓછી જોવામાં આવે છે. આખી કોમને વિશે એમ કહી શકાય કે, તે ધર્મભીરુ કોમ છે. કદાચ વહેમી પણ હસે. પણ એ વહેમમિશ્રિત ધર્મભીરુતામાં પણ પ્રતિજ્ઞાને પવિત્ર સમજીને તેને ગમે તે ભોગે પાળવાની શક્તિ ભળેલી છે. આવા લોકોમાં સત્યાગ્રહનું બીજ ઊગી નીકળે અને ફળે તેમાં આશ્ચર્ય નથી.'

અમદાવાદ જિલ્લાના કણબીઓના સામાજિક અને આર્થિક બાબતોના પ્રકાશ પાડતા ધી ઈમ્પીરિયલ ગેઝેટિયર ઑફ ઈન્ડિયા નોંધે છે : 'કણબી લોકો જેમની વસ્તી ૪,૦૧,૦૦૦ છે તે એક મહત્વપૂર્ણ વર્ગ છે. કેટલાક લશ્કરી ઉચ્ચ પદો સુધી પહોંચી ગયા છે. અને ખેતીમાંથી ધન ઉપાર્જન કરનાર સંપન્ન ખેડૂતોમાં તેઓનું પ્રમાણ અધિકાંશ જેવું છે. કણબી અને પાટીદારમાં જ્ઞાતીય આધાર પર કોઈ અંતર નથી. તેમ છતાં પાટીદાર લોકો સામાન્ય કણબીઓ સાથે વિવાહસંબંધ બાંધવા ઉત્સુક નથી હોતા. તેમની ત્રણ મુખ્ય ઉપજાતિઓ છે. લેઉવા, કડવા, આંજણા. પાટીદાર સમાજમાં સુધારા માટેનું આંદોલન રાવબહાદુર શેઠ શ્રી બેચરદાસ અંબાઈદાસ લશ્કરી સી.એસ.આઈ. ના નેતૃત્વમાં શરૂ થયું હતું. તેમની સુધારાત્મક પ્રવૃત્તિને કારણે વિદ્યાર્થીઓ માટેનાં છાત્રાલયો, ખેડૂત સંગઠનો, પાટીદાર પરિષદો અને જ્ઞાતિ મુખપત્રોનાં પ્રકાશન જેવી પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી.'

ગુજરાતના કુલ હિન્દુઓની વસ્તીના ૧૪.૨૯ ટકામાં ૧૪,૧૦,૪૨૨ જનસંખ્યા કણબીઓની છે. તેમાં ચાર પેટાજ્ઞાતિઓ છે. આંજણા, કડવા, લેઉવા અને મતિયા. તેઓ પોતાને ક્ષત્રિય વર્ગમાં માને છે. એક માન્યતા અનુસાર તેઓ રામના વંશજ છે અને સૂર્યવંશી છે. બીજી બાજુ તેઓ લવ-કુશના વારસો મનાય છે. તેમને અયોધ્યામાંથી કાઢી મૂકવામાં આવ્યા ત્યાંથી તેઓ મથુરા આવ્યા અને ત્યાંથી ગુજરાતમાં આવી વસ્યા.

વડોદરા સ્ટેટના ગેઝેટિયર અનુસાર, 'પાટીદારો જે હકીકતમાં કણબી હતા તેમના સહકારથી વડોદરાની ગાદી પિલાજીરાવ ગાયકવાડે પ્રાપ્ત કરી હતા. આ લોકોએ તન-મન-ધનથી પિલાજીરાવ ગાયકવાડને મદદ કરી. જેના પરિણામે તેઓ મોગલ ગવર્નર હુસેન-દિન-બાબીને આ ઈલાકામાંથી ખસેડવામાં સફળ થયા. પાદરામાં દલા

પાટીદારે આમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. એમ પ્રસિદ્ધ કહેવત છે કે, ઉપર અલ્લાહ અને નીચે દલ્લા, પ્રસિદ્ધગધ કથાઓમાં મરાઠા અને પાટીદારોએ કેવી રીતે મુસ્લિમ શાસનને ખતમ કર્યું તેનું વર્ણન આવે છે. તેનાં લોકગીતો પણ જાણીતાં છે.'

મુસલમાન શાસકોના જમાનામાં ગુજરાતના કણબીઓને પટ્ટા પર જમીન ખેતી કરવા માટે ફાળવવામાં આવતી. મહમ્મદ બેગડા વખતે 'વાંટા' પદ્ધતિ દાખલ થઈ. આ જમીનના નવા માલિક બનતા તેઓ પટ્ટેદારમાંથી પાટીદાર બન્યા. ગામનો માલિક પણ પટેલ કે અમીન નિયુક્ત થતો. પટેલ અટક તેને એટલી ગમી ગઈ કે, પાટીદાર ભણ્યાગણ્યા પછી પટેલ અટકનો ઉપયોગ કરવા લાગ્યો. તેમની અનેક અટકો છે. સૌરાષ્ટ્રમાં કચ્છમાં વિવિધ અટકો જોવા મળે છે. કાલરિયા, વેકરિયા, વીરાણી, જસાણી, બુટાની, જરીવાલા, પાટણવાડિયા, શિતલિયા. આમ ઘણી અટકો ધંધા ઉપરથી પણ ચાલે છે. લશ્કરી, એન્જિનીયર, અમીન, દેસાઈ, પારેખ, ચૌધરી, મશરૂવાલા જેવી અટકો પણ જાણીતી છે. પાટડી નરેશ જોરાવરસિંહજી, વિરમગામના દેસાઈ, વસોના બાજી પટેલ, ભૂખણ વસનજી પટેલ, વેણી પટેલ અને દરબાર ગોપાળદાસ, વલ્લભભાઈ પટેલ અને વિઠ્ઠલભાઈ પટેલ, ભાઈકાકા, દીવાન ગોવિંદભાઈ હાથીભાઈ, વિહારીદાસ દેસાઈ, મોતીભાઈ અમીન, નરસિંહાભાઈ પટેલ, એચ. એમ. પટેલ, કુંવરજી મહેતા, શામળદાસ દેસાઈ, પુરુષોત્તમ પરીખ, મગનભાઈ ચતુરદાસ, જેઠાલાલ સ્વામિનારાયણ અને છગનભા તેમજ મફત ગગલ, જયકૃષ્ણ હરિવલ્લભ, નિરમાના કરશનદાસ પટેલ, આઈ.જી.પટેલ, કેડિલાના રમણભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પણ કૂર્મી પાટીદારો તરીકે ખ્યાતનામ છે.

ઉપરની હકીકતોથી એ વાત સાબિત થાય છે કે, 'પાટીદાર' આર્ય હોઈ રજપૂત હોવાનો વધુ સંભવ છે. આપણે ગુજરાતના કર્મીઓની વધારે મહત્તા સમજવા માટે નીચેના આધારો પણ પૂરક બનશે.

"હિન્દુઓમાં" કૃષિકારોનો મુખ્યવર્ગ કણબી રજપૂત અને કોળી છે તેમાં બીજાઓ કરતાં કણબીઓ ખાસ અગત્યનો વર્ગ છે. કેટલાક સરકારી નોકરીમાં ઊંચી જગ્યાએ ચઢેલા છે. કેટલાકે વેપારમાં પૈસા મેળવેલા છે. પણ મોટો ભાગ ગુજરાતના ખેડૂત જમીનદાર તરીકે ખેતીવાડી કરે છે. જોકે પાટીદાર અને કણબી માંહે માંહે પરણતા નથી. તો પણ તે બંનેમાં કંઈ ખાસ તફાવત જેવું નથી. પરંતુ રજપૂતો કરતાં ચઢિયાતા છે.

"ખેતી કરતી જાતોમાં કૂર્મી કણબી મુખ્ય છે. ખેતીવાડીનો ધંધો કરતી સઘળી જ્ઞાતિઓમાં તેઓ આગળ પડતા છે. કણબીઓના પંજા તેમના રોજગારને લાયક કુદરતી રીતે મજબૂત હોય છે. તેમની ચામડીનો રંગ ઘઉંવર્ણો છે. કાળો તો નહીં, કાળાશ પડતો નહીં. અહીંના તેમજ ઉત્તર હિન્દુસ્તાનના ઘણાખરા ઊંચા, બહાદુર, ઈજ્જતદાર અને સ્વતંત્ર વર્તનવાળા શૂદ્રોમાં એટલે હલકી જ્ઞાતિઓમાં દેખાતા કોઈ અવગુણો તેમનામાં નથી. પણ ખામી એ છે કે તેઓ વિચારશક્તિમાં મંદ છે. પણ તેમના રોજગારને લઈને તેમાં નવાઈ જેવું નથી. કારણકે દરેક દેશોમાં ખેતીને લીધે ખેડૂતોની સમજશક્તિ તેવી જ થાય છે. ઉચ્ચ જ્ઞાતિઓની ધ્યાન ખેંચવા જેવી રીતભાત તેનામાં હોય છે. ઉચ્ચ જ્ઞાતિની મુલાકાત દરમ્યાન હલકી જ્ઞાતિના લોકોમાં દેખાતી ભયભીતતા તથા હલકી તાબેદારી તેઓમાં બિલકુલ નથી. અસલ કણબીઓ બીજી રીતે સામાન્ય જુસ્સામાં રજપૂતોને દરેક રીતે મળતા આવે છે. તે રજપૂત જેવી ધૈર્યતા અને હિંમતવાળા હોય છે. તેમની મુખમુદ્રા રજપૂતો જેવી છે. તેમનામાં સ્વમાનની લાગણી વારંવાર દેખાય છે. તે ગરીબ હોય તો પણ તેના પ્રારબ્ધના આધારે તેની મહત્તાનો ભોગ આપે છે. મનની કંગાળ સ્થિતિમાં તમે તેને કદી જોશો નહિ. ઈંગ્લેન્ડના ખેડૂતોના મુકાબલે તેઓ સાંસારિક રીતે સારા અને ઊંચા છે અને વારંવાર બીજાઓ તરફથી તેઓ રુઆબપૂર્વક વધારે માન મેળવે છે. રજપૂતોની મગરૂબી અને બ્રાહ્મણોના મિથ્યાભિમાનમાં નહિં જણાતાં આવું માન તેમને ઉચ્ચ પદવીને લીધે મળે છે."

'કેટલાક કણબીઓ કારીગર છે. કેટલાક સરકારી નોકરીમાં મોટા હોદ્દેદારો છે. કેટલાકે વેપારવણજમાં સારી દોલત જમાવી છે. પણ બીજા ધંધામા ખેડૂતો છે. તોપણ તેઓ ઘણા સદ્‌ગુણી, શરમાળ, શાંત, ઉદ્યોગી, લગ્નના અને મરણના ખર્ચના સિવાય સાદા અને કરકસરિયા, ગુના અને અપલક્ષણોથી દૂર રહેનારા,

કેળવાયેલા ઉત્તમ ખેડૂતો છે. પહેલાં જ્યારે ગામડાંઓમાં કાઠી વગેરેનાં ધાડાં પડતાં ત્યારે તેમનું સમાધાન કરી સંતોષવા તે પછી બહાદુર કણબીઓ અને રજપૂતો મળી જીવ ઉપર આવી લડીને તેમને હઠાવતા.'

ગુજરાતમાં ઘણાખરા કણબી છે. છતાં તેમની ઉત્પતિ ક્ષત્રિયથી થયેલી છે. તેઓ ઘણાખરા ક્ષત્રિયો જેવાં વિશેષણોથી ઓળખાય છે. તેમાં અન્ય જે ગરીબ ખેડૂતો છે તેમને પણ ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિ આશ્ચર્યકારક રીતે માફક આવે છે.

ગુજરાતમાં આવી વસેલા ગુર્જરોનો મુખ્ય ભાગ કડવા અને લેઉવા છે. તેઓ ગુજરાતી કણબી જ્ઞાતિના બે અગત્યના આગેવાન વિભાગ છે.

લેઉવા પટેલોના બારોટની વહીઓ પણ કડવા પટેલોના બારોટની વહીઓને અનુસરે છે. કડવા અને લેઉવા પટેલની વહીમાં નીચેની વિગતો સમાન છે :

૧. માતાજી ઉમિયાજીએ કૂર્મીઓને ઉત્પન્ન કર્યા : અતઃ આ પ્રજા શિવ-પાર્વતીનાં સંતાન છે.

૨. બંધુકા લગ્નની પ્રથા ઊંઝામાંથી શરૂ થઈ.

૩. કૃષિવિજ્ઞાન : ભગવાન શિવ દ્વારા કૂર્મીઓ પામ્યા.

૪. પ્રથમ લેઉવા અને કડવાના વિભાગો ન હતા. પણ 'બંધુકાલગ્ન' ની પ્રથા શરૂ થતાં તે પ્રથા સ્વીકારનારા કડવા કહેવાયા અને એ પ્રથા ન સ્વીકારી શકનારો કૂર્મી સમૂહ લેઉવા કહેવાયો.

૫. ઉમિયા માતાજી સમગ્ર કડવા અને લેઉવા પાટીદારોનાં આદ્ય કુળદેવી છે. જે વાત લેઉવાઓમાં ભુલાઈ ગઈ છે.

૬. આ પ્રજા મૂળ ગુજરાતની જ છે. પંજાબમાંથી નથી આવી. પણ દેવવંશી આ પ્રજા હિમાચલ પ્રદેશમાંથી માતાજી ઉમિયા દ્વારા સીધી જ ગુજરાતમાં આવી છે. ઉમિયાજી દ્વારા પૂતળાં બનાવવાની વાતનો આ મર્મ છે.

લેઉવા પાટીદારના વહીવંચાની વહીમાં એક વિશેષતા એ છે કે લેઉવા પાટીદારો ગુજરાતમાંથી અયોધ્યા ગયા હતા. અને ત્યાં ભગવાન રામના રાજ્યમાં કૃષિનો આરંભ કર્યો હતો. ત્યાં શેરડીનું સર્વપ્રથમ વાવેતર કરનારા લેવા પટેલો હતા. એમને લીધે ગોળ સાકર બનાવવાનો ઉદ્યોગ ગુજરાતમાંથી અયોધ્યાના પ્રદેશમાં પ્રસર્યો. ત્યાંની પ્રજા કૃષિમાં પણ કુશળ બની.

અને ત્યાં અયોધ્યામાં લેવા પાટીદારોનાં ઘણાં કુટુંબો કાળક્રમે પુનઃ પોતાના મૂળ વતન ગુજરાતમાં આવ્યા અને અધિકાંશપણે ચરોતરમાં અને સૌરાષ્ટ્રમાં વસી ગયાં. આ કારણે વહીવંચાના ચોપડામાં લેઉવા પાટીદારોનાં કુળોની વંશાવળીની શરૂઆતમાં 'આદ માથાસરે અયોધ્યાથી પ્રભાસ પાટણ આવાં,' એવા ઉલ્લેખ પણ પ્રાપ્ત થયા છે.

ભાઈકાકા, દીવાન ગોવિંદભાઈ હાથીભાઈ, વિહારીદાસ દેસાઈ, મોતીભાઈ અમીન, નરસિંહભાઈ પટેલ, એચ.એમ.પટેલ, કુંવરજી મહેતા, શામળદાસ દેસાઈ, પુરુષોત્તમ પરીખ, મગનભાઈ ચતુરદાસ, જેઠાલાલ સ્વામીનારાયણ અને છગનભાઈ તેમજ મફત ગગલ, જયકૃષ્ણ હરિવલ્લભ, નિરમાના કરશનદાસ પટેલ, આઈ.જી. પટેલ, કેડીલાના રમણભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પણ કૂર્મી પાટીદારો તરીકે ખ્યાતનામ છે.

ઉપરની હકીકતોથી એ વાત સાબિત થાય છે કે, 'પાટીદાર' આર્ય હોઈ રજપૂત હોવાનો વધુ સંભવ છે.

આપણે ગુજરાતના કૂર્મીઓની વધારે મહત્તા સમજવા માટે નીચેના આધારો પણ પૂરક બનશે.

"હિન્દુઓમાં" કૃષિકારોનો મુખ્ય વર્ગ કણબી, રજપૂત અને કોળી છે. તેમાં બીજાઓ કરતાં કણબીઓ ખાસ અગત્યનો વર્ગ છે. કેટલાક સરકારી નોકરીમાં ઊંચી જગ્યાએ ચઢેલા છે. કેટલાકે વેપારમાં પૈસા મેળવેલા છે. પણ મોટો ભાગ ગુજરાતના ખેડૂત જમીનદાર તરીકે ખેતીવાડી કરે છે. જો કે પાટીદાર અને કણબી માંહે માંહે પરણતા નથી તો પણ તે બંનેમાં કંઈ ખાસ તફાવત જેવું નથી. પરંતુ રજપૂતો કરતાં ચઢિયાતાં છે.

"ખેતી કરતી જાતોમાં કૂર્મી કણબી મુખ્ય છે. ખેતીવાડીનો ધંધો કરતી સઘળી જ્ઞાતિઓમાં તેઓ આગળ પડતા છે. કણબીઓના પંજા તેમના રોજગારને લાયક કુદરતી રીતે મજબૂત હોય છે. તેમની ચામડીનો રંગ ઘઉંવર્ણો છે. કાળો તો નહીં, કાળાશ પડતો નહીં. અહીંના તેમજ ઉત્તર હિંદુસ્તાનના ઘણાખરા ઊંચા, બહાદુર, ઈજ્જતદાર અને સ્વતંત્ર વર્તનવાળા શૂદ્રોમાં એટલે હલકી

જ્ઞાતિઓમાં દેખાતા કોઈ અવગુણો તેમનામાં નથી. પણ ખામી એ છે કે તેઓ વિચાર શક્તિમાં મંદ છે. પણ તેમના રોજગારને લઈને તેમાં નવાઈ જેવું નથી. કારણ કે દરેક દેશોમાં ખેતીને લીધે ખેડૂતોની સમજશક્તિ તેવી જ થાય છે. ઉચ્ચ જ્ઞાતિઓની ધ્યાન ખેંચવા જેવી રીતભાત તેનામાં હોય છે. ઉચ્ચ જ્ઞાતિની મુલાકાત દરમ્યાન હલકી જ્ઞાતિના લોકોમાં દેખાતી ભયભીતતા તથા હલકી તાબેદારી તેઓમાં બિલકુલ નથી. અસલ કણબીઓ બીજી રીતે સામાન્ય જુસ્સામાં રજપૂતોને દરેક રીતે મળતા આવે છે. તે રજપૂત જેવી ધૈર્યતા અને હિંમતવાળા હોય છે. તેમની મુખમુદ્રા રજપૂતો જેવી છે. તેમનામાં સ્વમાનની લાગણી વારંવાર દેખાય છે. તે ગરીબ હોય તો પણ તેના પ્રારબ્ધના આધારે તેની મહત્તાનો ભોગ આપે છે. મનની કંગાળ સ્થિતિમાં તમે તેને કદી જોશો નહી. ઈંગ્લેન્ડના ખેડૂતોના મુકાબલે તેઓ સાંસારિક રીતે સારા અને ઊંચા છે અને વારંવાર બીજાઓ તરફથી તેઓ રુઆબપૂર્વક વધારે માન મેળવે છે. રજપૂતોની મગરૂબી અને બ્રાહ્મણોના મિથ્યાભિમાનમાં નહીં જણાતાં આવું માન તેમને ઉચ્ચ પદવીને લીધે મળે છે."

'કેટલાક કણબીઓ કારીગર છે. કેટલાક સરકારી નોકરોમાં મોટા હોદ્દેદારો છે. કેટલાકે વેપારવાણજમાં સારી દોલત જમાવી છે. પણ બીજા ઘણા ખેડૂતો છે. તોપણ તેઓ ઘણા સદ્‌ગુણી, શરમાળ, શાંત, ઉદ્યોગી, લગ્નના અને મરણના ખર્ચના સિવાય સાદા અને કરકસરિયા, ગુનાહ અને અપલક્ષણોથી દૂર રહેનારા, કેળવાયેલા ઉત્તમ ખેડૂતો છે. પહેલાં જ્યારે ગામડાંઓમાં કાઠી વગેરેનાં ધાડાં પડતાં ત્યારે તેમનું સમાધાન કરી સંતોષવા તે પછી બહાદુર કણબીઓ અને રજપૂતો મળી જીવ ઉપર આવી લડીને તેમને હઠાવતા.'

ગુજરાતમાં ઘણાખરા કણબી છે. છતાં તેમની ઉત્પત્તિ ક્ષત્રિયથી થયેલી છે. તેઓ અન્ય જે ગરીબ ખેડૂતો છે તેમને પણ ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિ આશ્ચર્યકારક રીતે માફક આવે છે.

ગુજરાતમાં આવી વસેલા ગુર્જરોનો મુખ્ય ભાગ કડવા અને લેઉવા છે. તેઓ ગુજરાતી કણબી જ્ઞાતિના બે અગત્યના આગેવાન વિભાગ છે.

લેવા પટેલોના બારોટની વહીઓ પણ કડવા પટેલોના બારોટની વહીઓને અનુસરે છે. કડવા અને લેવા પટેલની વહીમાં નીચેની વિગતો સમાન છે :

૧. માતાજી ઉમિયાજીએ કૂર્મીઓને ઉત્પન્ન કર્યા : અતઃ આ પ્રજા શિવ-પાર્વતીનાં સંતાન છે.
૨. બંધુકા લગ્નની પ્રથા ઊંઝામાંથી શરૂ થઈ.
૩. કૃષિવિજ્ઞાન : ભગવાન શિવ દ્વારા કૂર્મીઓ પામ્યા.
૪. પ્રથમ લેઉવા અને કડવાના વિભાગો ન હતા. પણ 'બંધુકાલગ્ન' ની પ્રથા શરૂ થતાં તે પ્રથા સ્વીકારનારા કડવા કહેવાયા અને એ પ્રથા ન સ્વીકારી શકનારો કૂર્મી સમૂહ લેઉવા કહેવાયો.
૫. ઉમિયા માતાજી સમગ્ર કડવા અને લેઉવા પાટીદારોનાં આદ્ય કુળદેવી છે. જે વાત લેઉવાઓમાં ભુલાઈ ગઈ છે.
૬. આ પ્રજા મૂળ ગુજરાતની જ છે. પંજાબમાંથી નથી આવી. પણ દેવવંશી આ પ્રજા હિમાચલ પ્રદેશમાંથી માતાજી ઉમિયા દ્વારા સીધી જ ગુજરાતમાં આવી છે. ઉમિયાજી દ્વારા પૂતળાં બનાવવાની વાતનો આ મર્મ છે.

લેઉવા પાટીદારના વહીવંચાની વહીમાં એક વિશેષતા એ છે કે લેઉવા પાટીદારો ગુજરાતમાંથી અયોધ્યા ગયા હતા. અને ત્યાં ભગવાન રામના રાજ્યમાં કૃષિનો આરંભ કર્યો હતો. ત્યાં શેરડીનું સર્વપ્રથમ વાવેતર કરનારા લેવા પટેલો હતા. એમને લીધે ગોળ સાકર બનાવવાનો ઉદ્યોગ ગુજરાતમાંથી અયોધ્યાના પ્રદેશમાં પ્રસર્યો. ત્યાંની પ્રજા કૃષિમાં પણ કુશળ બની.

અને ત્યાં અયોધ્યામાંથી લેવા પાટીદારોનાં ઘણાં કુટુંબો કાળક્રમે પુનઃ પોતાના મૂળ વતન ગુજરાતમાં આવ્યા અને અધિકાંશપણે ચરોતરમાં અને સૌરાષ્ટ્રમાં વસી ગયાં. આ કારણે વહીવંચાના ચોપડામાં લેઉવા પાટીદારોનાં કુળોની વંશાવળીની શરૂઆતમાં 'આદ માથાસરે અજોધાતાથી પ્રભાસ પાટણ આવાં,' એવા ઉલ્લેખ પણ પ્રાપ્ત થયા છે.

(સંદર્ભ પુસ્તક : પાટીદારોની ગોરવગાથા,
લેખક : ડૉ. મંગુભાઈ પટેલ)

પાટીદાર પ્રજાનાં મૂળ અને કુળ

- જોરાવરસિંહ જાદવ

ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ તથા ભારતનાં વિભિન્ન રાજ્યો અને વિશ્વના વિવિધ દેશોમાં પથરાયેલા પાટીદારો, પટેલો કે કણબીઓનું મૂળ વતન ગુજરાત નથી. ઇતિહાસવિદો કહે છે કે વાયવ્ય દિશામાંથી ગુર્જરો સાથે કૂર્મિઓ પણ હિન્દુસ્તાનમાં આવ્યા, સંસ્કૃત શબ્દકોશમાં કુઅસ્ય અસ્તિ ઇતિ કુર્મિ. એનું અપભ્રંશ કુનબી અથવા કણબી થયું. સં. કુટુમ્બિન- કુટુમ્બી પરથી કણબી શબ્દ આવ્યો, કણમાંથી મણ પેદા કરનાર એ કણબી.

હજારો વર્ષ પૂર્વે આર્યો એશિયાખંડમાં પામીર નામના ઉચ્ચ પ્રદેશમાં વસતા હતા. સમય જતાંસ્થાનાન્તર કરીને એમની બે ટોળીઓ જુદી જુદી દિશામાં વહેંચાઈ ગઈ. એક ઇરાન તરફ અને ત્યાંથી યુરોપના દેશોમાં અને બીજી મધ્યપૂર્વના દેશોમાં જઈ વસી. કાળક્રમે પામીર પ્રદેશોમાં વસનારી ટોળી ખૈબરઘાટ દ્વારા હિંદુકુશની પર્વતમાળા ઓળંગી સિંધુ નદીના પટમાં આવી. ત્યાંથી ગંગા-જમુનાના ફળદ્રુપ મેદાનો અને પંજાબમાં આવીને વસવાટ કર્યો. અહીં આવીને કણબીઓએ ખેતીવાડી વિકસાવી. કણબીમાં પાછળથી ત્રણ તડાં થયાં. લેઉઆ, કડવા અને આંજણા. લેઉઆમાં હાલારી, ગોહિલવાડી, ગુજરાતી, તારકઢા એવી પેટા જ્ઞાતિઓ છે. હરગોવિંદદાસ કાંટાવાળા લખે છે કે લેઉઆ પાટીદાર વહીવંચા બારોટોની 'વહી' બોલે છે કે લેઉઆ લોહગઢથીસંવત ૭૦૨ની સાલમાં ગુજરાતમાં આવીને વસ્યા. લવના વંશજ લેઉઆ અને કુશના વંશજ કડવા એવી એક પૌરાણિક માન્યતા પણ પ્રચલિત છે.

- ઇતિહાસના પાનાં બોલે છે કે કૂર્મિઓ - કણબીઓએ પોતાના મૂળ વતન લેઉઆ અને કરડ પ્રાંતનું નામ જાળવી રાખવા, લેયા પ્રાંતવાળાઓએ પોતાને લેઉઆ કહેવરાવ્યા, અને કરડ પ્રાંતવાળાઓએ પોતાને કડવા તરીકે ઓળખાવ્યા. તેઓગુજરાતમાં આવ્યાં ત્યાંસુધી લગ્ન વગેરે ક્રિયાઓમાં બંને વચ્ચે કોઈ ભેદ ન હતો. ત્યાર પછી લગ્નાદિ વ્યવહારમાં લેઉઆઓ સાવ જુદા પડી ગયા એમ 'લેઉઆ કણબીઓ'માં શ્રી ગોરધનદાસ સોરઠિયા લખે છે.

લેઉઆ અને કડવા પાટીદારોનું ગોત્ર કશ્યપ ગણાય છે. મહર્ષિ કશ્યપ મહાન વિચારક, વિદ્વાન, વૈજ્ઞાનિક, કવિ, કલાકાર અને કુશળ કિસાન હતા. એમણે ઋગ્વેદના પ્રથમ મંડળ સૂક્ત ૯૯ની રચના કરી હતી, પાટીદારો આ કૃષક, કશ્યપ ઋષિના કૂર્મિવંશી ક્ષત્રિય કહેવાય છે. આ કણબી પાટીદારો ભારતમાં પથરાયેલા જોવા મળે છે. કૂર્મિ, કુનબી, કુંબીએક જ જ્ઞાતિના રૂપાંતરિત નામો છે. ઉત્તર ભારત અને મધ્યપ્રદેશમાં કુનબી, મહારાષ્ટ્રમાં પાટીલા, તામિળનાડુમાં કામ્પુસે, નાયડુ કે રેડ્ડી બધા એક જ સમાજમાં હોવાનું જહોન વિલિયમ માને છે. સ્ટોરી ઓફ બારડોલીમાં શ્રી મહાદેવભાઈ દેસાઈએ કણબીના કડવા, લેઉઆ, મતિયાભક્ત, ઉદાપાટીદાર અને ચરોતરિયા એમ પાંચ તડાંનો ઉલ્લેખ કર્યો છે.

ઇતિહાસના ઓવારે ઊભા રહીને ભૂતકાળ ભણી નજર નોંખીશું તો જણાય છે કે, કુર્મિઓ ઇ.સ. પૂર્વે ૩૦૦ના અરસામાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા હતા. તેઓ પંજાબ, સિંધ, કચ્છ, રાજસ્થાન અને રાધનપુર એમ જુદાજુદા માર્ગે સૌરાષ્ટ્રમાં આવીને સ્થિર થયા એમ વિદ્વાનો માને છે. ત્યાર પછી ૧૨મી સદીમાં સિદ્ધરાજ જયસિંહના શાસન દરમ્યાન ગંગા-જમનામાં દોઆબમાંથી ૧૮૦૦ જેટલા પાટીદાર પરિવારો ગુજરાતમાં આવીને સ્થાયી થયા. પ્રથમ એમની વસાહત પાટણ બની. ઇ.સ. ૧૧૧૦ના અરસામાં રામજી પટેલ નામની પ્રભાવશાળી વ્યક્તિએ પાટણથી અડાલજ આવીને છસો લેઉઆ પટેલોને અહીં વસાવ્યા. તેઓ સિદ્ધરાજના મંત્રીમંડળમાં મહત્ત્વનું સ્થાન શોભાવતા હતા. તેમણે અડાલજમાં લેઉઆ પટેલોના કુળદેવી અન્નપૂર્ણાના મંદિરની પ્રતિષ્ઠા કરી. કડવા પાટીદારોએ ઊંઝામાં પોતાના કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર બનાવ્યું.

ખેડા જિલ્લાના પીપળાવ ગામના વીર વસનદાસે મોગલ બાદશાહ અને ગુજરાતના સૂબાઓની વગથી મહેસૂલ ઉઘરાવવાના ઈજારા પાટીદારોને આપ્યા હતા. આ ઈજારા મેળવનાર ચરોતરના પાટીદારો પાછળથી અમીન અને દેસાઈના નામે ઓળખાયા. સને ૧૭૦૩માં પીપળાવમાં યોજાયેલા ખાસ સમારંભમં મૌગલ બાદશાહ ઔરંગઝેબનો શાહજાદો બહાદુરશાહ ખાસ હાજર રહ્યો હતો ત્યારે સરકારી દફતરે કણબીના બદલે 'પાટીદાર' શબ્દનો કાયમી હુકમ કરાવ્યો હતો. એ જમાનામાં ખેતી કરનાર ખેડૂત કહેવાતા. જમીનના ટુકડા (ખેતર) ના માલિકને 'પત્તીદાર' કહેવાતો. કાઠિયાવાડના કણબી 'કણબી-પટેલ' તરીકે ઓળખાય છે. પટેલ એ કોઈ જ્ઞાતિ કે સમાજ નથી. એ તો કણબી જ્ઞાતિના અમુક લોકોને મળેલો ઇલ્કાબ છે. મહંમદ બેગડાએ ગુજરાતમાં ખેતીના વિકાસ માટે એકેક ગામનો કબજો, પસંદ કરીને એને આબાદ કરવાની શરતે કણબીઓને આપેલો. આ હોદ્દો ધરાવનાર સૌથી વધુ કણબીઓ હતા. કાયદો અને વ્યવસ્થા સંબંધી રાજ્યને તેઓ અહેવાલ આપતા. આ હોદ્દો પછી પટેલમાં ફેરવાઈ ગયો. આ રીતે જોઈએ તો પાટીદાર શબ્દ ધંધા પરથી આવ્યો છે. જ્યારે પટેલ શબ્દ ખિતાબ કે પદવી પરથી આવ્યો છે. સમય જતાં પાટીદાર શબ્દ લખવામાં અટપટો લાગતાં ને પટેલ શબ્દમાં પટલાઇ કૂટવાની માનસિક ખુમારી અને શૂરાતનનો ભાવ છુપાયેલો હોવાથી લેઉઆ-કડવા સમગ્ર પાટીદાર કોમે પટેલ શબ્દ અપનાવી લીધો છે. હવે બીજો સંદર્ભ જોઈએ.

પટેલ શબ્દનું મૂળ તપાસીએ તો સંસ્કૃત 'પટ્ટલિક' શબ્દ છે. ગામના ખેતરોની જમીન અને ઘરથાળની જમીનોના જે વેચાણ કે ગીરો દસ્તાવેજ લખાણો થતાં તેની એક નકલ સાચવવાનું કામ રાજાઓએ પ્રામાણિક હોવાથી કણબીઓને સોંપેલું. આથી પટ્ટલિક સબ્દ પરથી પટેલ શબ્દ અસ્તિત્વમાં આવ્યો. એનું કારણ એવું જણાય છે કે દસ્તાવેજો કે લેખો, પટ્ટાઓ (પટ્ટ-વસ્ત્ર) ઉપર લખાયેલા આગેવાન પટ્ટલિકો પાસે રહેતા હતા. આમ, સેંકડો વર્ષથી 'પટેલ' શબ્દ ગામના આગેવાન તરીકે વપરાતો આવ્યો છે. 'પાટી' એટલે જમીનનો ટુકડો, એનો માલિક 'પટ્ટીદાર' કહેવાતો. એનું અપભ્રંશ થઈને પાટીદાર શબ્દ આવ્યો. આમ પટેલ એ કોઈ જ્ઞાતિ કે અટક સંદર્ભે નથી પણ માનવચાક ઉપનામ છે. આ હોદ્દા પછી પટેલમાં ફેરવાઈ ગયો, અને કણબીની આખી નાત પટેલોના નામે જાણીતી થઈ. આ પટેલો ખૂબ મહેનતુ પ્રજા. કણમાંથી મણ અનાજ પેદા કરે. એથી એના હાથ સોનાના કહેવાતા. આથીદિલ્હીના બાદશાહે એક વાર કહેલું કે 'અમારા રાજ્યમાં તો જુવાર-બાજરી પાકે છે પણ ગુજરાતના સુલતાનોને ઘરે તો મોતી પાકે છે.'

સંવત ૧૨૨૪માં વાંછા પટેલે વસો વસાવ્યું. અકબરના વખતમાં અજુ પટેલ થયા. તેનીસાથે અકબર બાદશાહને ભારે ભાઈબંદી. અકબર ગાદીએ આવ્યા બાદ અજુ પટેલને દિલ્હી બોલાવી સં. ૧૬૪૧માં ગુજરાત તરફનું કામ સોંપી ૯ શણગારેલા હાથી, ૧૩ ગામ અને ૨૩ હજારની નિમણૂક બાંધી આપી. વિરમગામમાં ૧૭મા સૈકામાં ઉદયકર્ણજી થયા. એમણે વિરમગામ ફરતો મજબૂત કિલ્લો અને રાજગઢી બંધાવ્યા, એમ પ્રભુની ફૂલવાડીમાં શંભુભાઈ બોરડ નોંધે છે.

આ પરિસ્થિતિ પલટાઈ, અંધાધૂંધોનો યુગ આરંભાયો. અલ્લાઉદ્દીને કરણઘેલાને હરાવ્યો. મુસલમાની સૈન્યે ગુજરાતને લૂંટવા બાળવા માંડ્યું. ખેતીનો શાંત ધંધો કરનાર કણબી-પટેલોથી વસેલા આબાદ ગામડાં ભાંગવા માંડ્યા. પ્રજા સલામતી માટે જ્યાં ત્યાં નાસવા માંડી. એ વખતે કાઠિયાવાડના રાજવીઓ ગુજરાતના પાટીદારોની ખેતી-ખંત જાણતા હતા. આથી એમણે પોતાનાં ગામો આબાદ કરવા માટે પટેલોને 'પળત' આપી રાજમાં વસાવવા માંડ્યા. એમાં જામનગરના રાજવી જામરાવળ અગ્રણી રહ્યા. સંવત ૧૫૮૨માં ભાદા ઠુંમર અને પૂજા ભંડારીને ખેડૂતોના મોટા સમૂહ સાથે પોતાના રાજ્ય-હાલારમાં ઉતાર્યા. પીપરભાડુકિયામાં એકસાથે પટેલોના ૭૫૦ ઉચાળા ઊતર્યા હતા. એમાંથી કંઈક હાલારમાં રહ્યા. ધોરાજી તરફનાં ગામોમાં ગયા. ત્યાં નવા ગામોના તોરણ બાંધી કાઠિયાવાડને મુલક આબાદ કરવા માંડ્યા. સંવત ૧૮૬૯માં હાલારમાં મોટો દુષ્કાળ પડ્યો. એ 'કોતડીના

કાળ' તરીકે જાણીતો છે. કાઠી પ્રજાનો મુલક રાજપૂતોએ જીતી લેતાં કાઠીઓ બહાવટે ચડ્યા ને ખેડૂતોને રંજાડવા લાગ્યા. અમરેલી વગેરે વિસ્તારો એક કાળે કણબી ખેડૂતોની વસતી વગરના થઈ ગયા. ત્યા પછી ગાયકવાડીહકૂમત આવતાં થોડી શાંતિ સ્થપાઈ એમ ગોરધનદાસ સોરઠિયા નોંધે છે. એ પછી સાવરના વાલા પટેલે સમાજના સહકારથી અંટાળિયા મહાદેવનું મંદિર બંધાવ્યું. જે આજે પાટીદારોનું તીર્થસ્થાન ગણાય છે.

એ પછી રજવાડાના સહકારથી સમયાન્તરે અન્ય પ્રદેશોમાંથી પાટીદારો સૌરાષ્ટારમાં આવીને વસ્યા. આ કુટુંબોએ વહાલ વતનની યાદ જાળવી રાખવા પોતાના ગામો ઉપરથી અટકો રાખી. ઉ.ત., વસો ઉપરથી વસોયા, ગુર્જરા ઉપરથી ગજેરા, સોજીત્રા ઉપરથી સોજીત્રા, સાવલી ઉપરથી સાવલિયા, લીંબાશી ઉપરથી લીંબાશીયા, વઘાશી ઉપરથી વઘાસિયા, વણસોલ ઉપરથી વણસોલિયા, માંગરોલી ઉપરથી માંગરોળિયા, તારાપર પરથી તારપરા, તરણોલ ઉપરથી તરણોલી, ધમેલી ઉપરથી ધામેલિયા, કોઠી ઉપરથી કોઠિયા, બોરસદ ઉપરથી બોરસદિયા, ફિણાવ ઉપરથી ફિણાલિયા, સિદ્ધપુર ઉપરથી શીંગાળા, હીરાપરથી હિરપરા, પાદરા પરથી પાદરિયા તરીકે ઓળખાયા. પછીથી કાળક્રમે એમની અટકો બદલાવા માંડી. કાઠિયાવાડનાં ગામો ઉપરથી અને એમના વડવાઓનાં નામો ઉરથી અટકો આવી. ઉ.ત., ગોંડલ પરથી ગોંડલિયા, રાણપર પરથી રાણપરિયા, સગધાર પરથી સરધારા, છોડવડી પરથી છોડવડિયા, રૈયા પટેલના વંશજો રૈયાણી, કાના પટેલના વંશજો કાનાણી, જાગા પટેલના વંશજો જાગાણી અને ભાદા પટેલની પેઢીઓ ભાદાણી તરીકે ઓળખાણી. જેમાં પ્રથમ હાલારમાં ઊતર્યા તેઓ હાલારી લેઉઆ પટેલો કહેવાણા. જે કુટુંબો સીધા ગોહિલવાડમાં આવ્યા તે ગોહિલવાડી (ઘોલવાડી) લેઉઆ ગણાયા. પટેલોમાં સૌથી મોટી સંખ્યા હાલારી લેઉઆની હોવાનું મનાય છે.

વનરાજ ચાવડાના વખતમાં ઊંઝાની આસપાસના કડવા કણબીઓના સ્થળાંતરને કારણે ફદ્રુપ જમીન વેરાન થવા માંડી. આથી ઉમિયા માતાના મંદિરના પૂજારીને પાટણ બોલાવી સન્માન કરી રાજયાશ્રય આપ્યો. માતાજીનો ઉત્સવ ઊજવાયો અને કડવા પાટીદારો ધીમે ધીમે ઉત્તર ગુજરાતમાં આવી સ્થાયી થયા. તેઓ આજેય પોતાના કુળદેવી ઉમિયા માતાને પૂજે છે.

લેઉઆ-કડવા ઉપરાંત ઉ. ગુજરાતમાં ત્રીજા તડાના આંજણા પટેલો પણ છે. કેટલાક એને સહસ્રાર્જુનના વંશજ કહે છે તો કોઈ એમને અંજનીપુત્ર ગણે છે. પરશુરામના પ્રહારથી બચવા અજાણ્યા થઈને જે રહ્યા તે આંજણા-ચૌધરી પાટીદારો રાજવંશી પ્રજા છે. ચૌધરી એ કોમ નથી પણ તેમનો ઇલ્કાબછે. બૉમ્બે ગેઝેટિયર લખે છે કે આંજણા કણબીઓ કરતાં રાજપૂતોને વધુ મળતા આવે છે. તેના જેવી જ પાઘડી પહેરે છે અને અટક પાછળ સિંહ લગાડે છે. જ્યારે ૧૫મી સદીમાં શાહઆલમના સમયમાં જે લેઉઆ કણબી વટલાયા અને મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો તે મુમના તરીકે ઓળખાયા. એમ 'કાઠિયાવાડના મુમના' પુસ્તકમાં નોંધાયું છે. જે પણ તેઓ કાનાણી, ભીમાણી, કોટડિયા, સોરઠિયા તરીકે નુખથી ઓળખાય છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વસે છે.

- જોરાવરસિંહ જાદવ
૨, પ્રોફેસર કૉલોની, નવરંગપુરા, અમદાવાદ-૯.
ફોન : ૨૭૯૧૧૯૯૦

કુર્મિ ક્ષત્રિય ગુજરાતી પાટીદારો

કુર્મિઓનો અસલ વસવાટ પંજાબમાં હતો. પંજાબ પર થતાં અનેક આક્રમણોને લીધે જીવન નિર્વાહની શોધમાં કુર્મિઓ ઉત્તર ભારતની તરફ મથુરા સુધી ફેલાયા હતા. ત્યાંથી કુર્મિઓનો એક ભાગ કોટા-મંદસૌરના રસ્તે થઈને હાલના સિદ્ધપુર અને વડનગરની નજીકના પ્રદેશમાં વસ્યા કુર્મિઓનો બીજો વિભાગ રાજસ્થાનના અજમેર, મારવાડ અને ભિન્ન માલના રસ્તે થઈને પાટણવાડો, અડાલજ પ્રદેશ, અને છેવટે ગુજરાત, સૌરાષ્ટ્ર અને ગામડા ગામડે વસ્યા.

ગુજરાતના આ કુર્મિઓ હાલમાં લેવા અને કડવા પાટીદારો તરીકે ઓળખાય છે. કુર્મિઓનો એક વિભાગ માળવામાં વસ્યો આ કુર્મિઓ હાલમાં માળવી કુર્મિ, નિમાડી કુર્મિ અને ગુજરાતી કુર્મિ તરીકે ઓળખાય છે પરંતુ આજે માળવામાં વસતા આ ગુજરાતી "પાટીદાર" તરીકે ઔળખાય છે. આ પાટીદારોના મધ્યપ્રદેશમાં નર્મદાની ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમે લગભગ ૫૦૦ જેટલા ગામો છે. માળવામાં પણ નર્મદાની પૂર્વ દિશામાં કુર્મિઓના ઘણાં ગામો છે. ગુજરાતથી ગયેલા પાટીદારો ૩૫૦ વર્ષથી મધ્યપ્રદેશ(માળવા)ના ૧૮ જીલ્લાના ૧૫૦૦ જેટલાં ગામોમાં વસે છે જેની આબાદી આશરે ૨૦લાખ જેવી છે.

મથુરામાં વસેલા કુર્મિઓનો મોટો ભાગ ગંગા, યમુના ફળદ્રુપ ખીણોમાં અને મેદાની ભાગમાંથી આગળ વધતો આખા ઉત્તર ભારતમાં ફેલાયો છે. ઉત્તર ભારત અયોધ્યા, બંગાળમાં અને યુ.પી., બિહારમાં હાલમાં કુર્મિક્ષત્રિય તરીકે ઓળખાય છે. આ કુર્મિઓ લેવા અને કડવા છે. પરંતુ ઉપનામથી જાણીતા છે. આ કુર્મિઓના પંદરસો ઉપનામ છે. યુ.પી.માં પંદર જીલ્લામાં ગુજરાતી પાટીદારોની લગભગ બાર લાખની આબાદી છે અને ત્રણસો વરસ પહેલા ઉત્તર ગુજરાત, માળવા, ઉજ્જૈન અને ગંગા, યમુનાનો કિનારો લેતા આખા યુ.પી. ફેલાયા છે અને આ ગુજરાતી પાટીદારો અત્યારે ચૌધરી, વર્મા, દેશી પટેલ અને ગુજરાતી પટેલ તરીકે ઓળખાય છે.

કેટલાક કુર્મિઓ દક્ષિણ ભારતમાં મહારાષ્ટ્ર તેલંગા, તૈલગણ, તામીલનાડુ, ઓરિસ્સા અને મૈસુર સુધી પહોંચી ગયા છે. મહારાષ્ટ્રના કુર્મિઓ મરાઠા-કનબીઓ કહેવાય છે. આંધ્ર પ્રદેશના કુર્મિ કાપુ અને રેડ્ડી તરીકે ઓળખાય છે. તેલંગણાના કુર્મિઓ તેલંગા, અને નાયડુ કહેવાય છે. તામીલનાડુના કુર્મિઓ કાપુઇ કહેવાય છે. અને મૈસુરના અને કર્ણાટકના કુર્મિઓ વોકીલીંગરના નામથી ઓળખાય છે. બંગાલ, ઝારખંડના કુર્મિઓ મહંતો તથા આસમના કુર્મિઓ મહંતો, ચૌધરી, કુર્મિના નામથી જાણીતા છે. આમ આ કુર્મિઓ ભારતના બધા જ પ્રદેશમાં ફેલાયેલા છે અને હાલમાં જુદી જુદી સંજ્ઞાથી ઓળખાય છે. (આમ આ કુર્મિઓ લેવા-કડવા છે)

ગુજરાતી પાટીદારો

ઈ.સ. ૧૭૫૦ સુધીમાં ગુજરાતના પાટીદારો ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ગામડે-ગામડે પહોંચી ગયા છે. અને ત્યાં નાની મોટી વસાહતો સ્થાપી સ્થિર થયા. ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓમાં હાલમાં ભાગ્યે જ ૧૦ ટકા ગામો એવા હશે કે જ્યાં કણબી પાટીદારોની વસાહતો ન હોય આ પાટીદારોએ ગુજરાતની ધરતીને ફળદ્રુપ બનાવી છે.

છેવટે કણબીઓ ગામડાના આગેવાનો અને મુખીઓ બનતા તેથી 'પટેલ' બન્યા. છેવટે આ કણબી પટેલોએ ઈ.સ. ૧૭૦૩માં ખેડા જીલ્લાના પીપળાવ ગામે સમસ્ત ગુજરાતના કણબી પટેલોનું અધિવેશન ભરીને જ્ઞાતિ તરીકે 'પાટીદાર' શબ્દ સ્વીકાર્યો.

કેટલાક કણબી પટેલો સરકારને મહેસૂલ ઉઘરાવી આપવાનું કામ કરતા હતા. તેમને તે વખતના રાજા, મહારાજાઓએ અમીન અને દેસાઈના ઈલ્કાબો આપ્યાં. આમ અમીન દેસાઈના ઈલ્કાબોએ ધંધાદારી ઈલ્કાબ હતા. હાલમાં અમીન અને દેસાઈઓ પાસે સરકારના મહેસુલ ઉઘરાવવાના કામકાજ નથી.

લેવા, કણબી, કડવા કણબી, પટેલ, અમીન, દેસાઈ વિ. પાટીદારોની જુદી જુદી અટકો છે અને આવી જુદી જુદી અટકો વાળા બધા જ કણબીઓ પાટીદારો છે.

ગુજરાતમાં ઘણાં ખરા ખેડુતો કણબી છે. તેઓની ત્રણ મોટી જ્ઞાતિઓ છે. લેવા-કડવા અને આંજણાં તેઓ પોતાની ઉત્પત્તિ ક્ષત્રિય જાતિમાંથી થયેલી ગણે છે. અને તેમાના ઘણાં ખરા તો રાજપુત જાતિના જેવા ઉપનામથી ઓળખાય છે.

ગુજરાતી પાટીદારો ભારતભરમાં વસવાટ કરે છે. આ પાટીદારો એક પાછળ એક જવાથી વિવિધ વિસ્તારમાં જ્યાં પાણીની અને જમીનની સગવડ થઈ ત્યાં પોતાનો વસવાટ કર્યો. આમ આ પાટીદારો ગુજરાત સિવાય મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુ.પી., નેપાલ અને મહારાષ્ટ્ર સુધી વસ્યા છે. આ ગુજરાતી પાટીદારો પોતાના ભળતા પરિવારો એક પાછળ એક જવાથી પોતાની સગવડના પ્રમાણે વસ્યા. પરંતુ ગુજરાત સાથે આસ્તા-આસ્તા પોતાનો સંબંધ ઘણી દુરી હોવાથી કપાઈ ગયો. અને જ્યાં વસ્યા, ત્યાં સંબંધો કાયમ રાખ્યા. ગુજરાતના પાટીદારો, મધ્ય પ્રદેશના પાટીદારો, રાજસ્થાનના પાટીદારો આ બધા ગુજરાતી પાટીદારો લેવા-કડવા એક જ છે. અને આપસમાં લગ્નો પણ કરે છે. વિસ્તાર બદલવાથી રીતરિવાજમાં બદલાવ આવ્યો છે. છતાં પણ તેઓ એક જ છે. ઉમિયા માતાજી ઊંઝા આવે છે. અને મીટીંગોમાં પણ આવે છે. પહેલા આ કડવા અને લેવા પણ બારે વરસે વિવાહ કરતા હતા.

માળવામાં ગુજરાતી પાટીદારો (M.P.)

માળવામાં આવી વસનારા કણબીઓ (કુર્મિઓ) સંજ્ઞા જાળવી રાખી પરંતુ તે સાથે વારંવાર સ્થળાંતર ન કરવું પડે તે માટે પોતાની અટકો ચાલુ રાખી. વિભાગીય સંજ્ઞા પરથી અસલ કુર્મિ શબ્દમાં કડવાને લેવા વિશેષણો ઉમેરાયા તેથી તેઓ ગુજરાતમાં આવી વસ્યા અને કાળે કરી તેમાના કેટલાક પાછા માળવામાં પણ ગયા છે. તો પણ પોતાની અસલ સંજ્ઞામાં બીલકુલ ફેરફાર થયો નથી. તેઓ આજસુધી તેજ પાટીદાર સંજ્ઞાથી ઓળખાય છે.

ગુજરાતમાં વસતા કુર્મિભાઈઓ (કણબી) લેવા અને કડવા એવી પેટા વિભાગીય અટકો ધારણ કરી રહ્યા છે. તેઓના સઘળા આચારવિચાર મળતા આવે છે. પણ રોટી વહેવાર હોવા છતાં તેઓમાં બેટી વહેવાર નથી. કારણ કે અમુક વરસોપૂર્વ કડવા સંજ્ઞા ધારક બંધુઓમાં (કુર્મિઓ)માં અજાયબ જેવો અને કારણવશાંત લગ્ન પદ્ધતિમાં નવો ફેરફાર થયો અને તે લેવા બંધુઓના પૂર્વજોને પ્રતિકૂળ પડવાથી, એ બે સંજ્ઞાધારક-બંધુઓમાં બેટી વહેવાર બંધ થયો. એટલે જુદાઈ પડી ગઈ. બંને વિભાગના વિદ્વાનો અને વિચક્ષણ આગેવાનો પોતપોતાના વિભાગમાં વિદ્યાની અભિવૃદ્ધિ કરવા સચોટ યત્નો આદરી રહ્યા છે.

આપણે હાલતો કડવા કુર્મિ નામધારી બંધુઓ વિશે વિવેચન કરવું અને વિશેષ પ્રમાણમાં વિવરણ કરવાનું હોવાથી તેમની જુદા જુદા પ્રદેશોમાં ફેલાયેલી વસ્તી વિશે વિવેચન કરવું વાસ્તવિક ગણાશે, તેમની ગુજરાત સિવાય માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં વસ્તી વિશેષ છે. સાથે સાથે લેવા બંધુઓ પણ વસે છે. તે દરેક વિભાગમાં વસી આબાદ થયેલા છે.

''માળવી ગુજરાતી પાટીદારો''

કડવા કુર્મિઓની વસ્તી, વિસ્તાર અને આચાર-વિચારનું હવે વિવરણ કરીએ. આ પ્રદેશમાં વસતા કડવા પાટીદારોમાં કણબીઓ, માળવીય, નિમાડી અને ગુજરાતી એવા નામોનાં ભેદ છે. પરંતુ ખાન-પાન આદીસઘળા વહેવાર સરળ ચાલે છે.

આ સંજ્ઞાધારી કણબીઓ પ્રાચીન સમયે વીરવિક્રમના વખતમાં આવી વસ્યા હોય તેમ કહેવાય છે. ઈતિહાસના અભ્યાસક બંધુઓને ખ્યાલમાં હશે કે માળવામાં વિરવિક્રમના રાજ્ય અમલપૂર્વે હિંદના પશ્ચિમ ભાગોમાં પંજાબ, અંવતિ અને ગુજરાતમાં પરદેશી હુણકેશક જાતિના લોકોનો અમલ હતો. તેમણે સઘળા ભાગોમાંથી હરાવી હિંદુસ્તાનની સરહદ બહાર કાઢી મુક્યા ત્યારે પંજાબમાંથી પાછા ફરતા તે વિજય રાજવી પોતાનો માળવાનો ઉજ્જડ પ્રદેશ ફળદ્રુપ કરવાની લાલસાથી કેટલાક કુર્મિ કુટુંબોને સાથે લાવ્યો હતો. તેમને સંપૂર્ણ સન્માનથી ત્યાં રાખી દરેક કુટુંબને એક એક ગામ વસાવવા આજ્ઞા કરી. તે સાંભળી પોતાની યોગ્યતાના પ્રમાણમાં નાના મોટા ગામો વસાવી રહ્યા. એટલે રાજાએ ત્રણસો ગામોના આગેવાન કુર્મિઓને 'પટેલ'ના ખિતાબ આપી તાંબા પત્ર પર લેખ કરી બહુ લાંબા-લાંબા ખેતરો ઈનામમાં આપ્યાં, તેઓમાં 'ભાભારામ પટેલ' મોટો આગેવાન હતો. જમાનો વિતતાં વિતતાં તેમની વસ્તી

આજે લાખોમાં છે. અને સમગ્ર માળવામાં પ્રસરી ગઈ. હાલ માળવામાં દસ હજાર, ઘરો થયાં છે. માળવામાં તેઓ આબાદ અને સુખી છે.

''નીમાડી ગુજરાતી કણબીઓ''

આ નામધારી કણબીઓ અસલના સમયમાં ગુજરાતમાંથી આવી નિમાડમાં વસ્યા હોવાનું કહેવાય છે. ગુજરાતના રાજા ભીમદેવના રાજ અમલ જ્યારે ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે ઘણા કણબીઓ ભાગીને આ પ્રદેશમાં આવીને વસ્યા.

તેઓએ પોતાની કૃષિ વિદ્યાર્થી આસ્થાનમાંના ઉજ્જડ પરદેશોને ખેડી-ખેડી ફળદ્રુપ બનાવ્યો અને સાથે સાથે પોતાની પણ આબાદી કરી. તેઓ ગુજરાતમાંથી આવેલા હોવાથી લાંબી મુદ્દતે લગ્ન કરવાનો રિવાજ સાથે લાવ્યા હતા. જે તેમણે આસ્થાનમાં પણ જાળવ્યો હતો. તેઓના રિતિરિવાજો અસલ માળવામાં વસતા કણબીઓથી કેટલીક વાતે જુદા જુદા પડે છે. તે સ્વભાવિક છે. હજી તેઓમાં ગુજરાતી કણબીઓના લક્ષણો જણાઈ આવે છે.

નિમાડમાં ગુજરાતી કણબીઓ 'પચોતરાનો દુકાળ'

સંવત ૧૭૭૫માં ગુજરાતમાં ''પંચોતરો'' નામથી પંકાતો ભયંકર દુષ્કાળ પડ્યો તે સમય એક રૂા.ની ચાર શેર બાજરી વેચાતી હતી. મનુષ્યો કંદમૂળ અને ઝાડના પાન ઉકાળીને ભુખ શાંત કરતાં હતાં લોકોએ બે-બે રૂા.ની કિંમતે પોતાના પ્રિય સંતાનોને વેચી દીધા હતા. દુષ્કાળની આવી ભયંકર દશાને લીધે ગુજરાતમાંથી ઘણા કણબીઓ માળવા તરફ ચાલ્યા ગયા હતા. તેઓમાં રૂસાત, મોલાવદ, ભુત, સાકરીયા, ઝાલુડીયા, નાંગળુઝા, દાવડા વિગેરે શાખોના ઘણા માણસો હતા. તેઓ સહ-કુટુંબ મહેશ્વરમાં આવ્યા ત્યાં અહલ્યાબાઈ હોલકર મહારાણીએ ઘાટ તથા દેવળ અને કિલ્લો બંધાવવાનું કામ શરૂ કરેલ હતું. આવા દુઃખી અને નિરાધાર માણસોને જોઈ તેમને તે દયાળુ બાઈએ કામ પર રાખ્યા અને તે સૌના ખાન-પાનાદિ ઉતરા સુધીનો બંદોબસ્ત કરી દીધો એ પ્રમાણે તેમને બાંધકામ પર આઠ મહિના કાઢ્યા.

ઈશ્વર ઈચ્છાથી દુષ્કાળ મટ્યો. વરસાદ પણ સારો થયો. એટલે આ સ્થળે તેમણે ધંધો રોજગાર સારો જોયો. ઉપરાંત કારતક, માગસર મહિનામાં તો સઘળા ખેતરો ધાન્યથી ભરપુર જોયા એટલે તો તેમની ભાવી આશા પ્રબલ થઈ. તેથી તેઓમાંના કેટલાક તો ઘામણુંદ, બાલ સમુદ્ર, કસરાવાદ ગામોમાં આવી રહ્યા. અને તેમણે ભાગથી ખેતી કરવા માંડી. પોતાની બુદ્ધિ ચાપલ્યથી સઘળા કૃષિકારોમાં સારી નામના થઈ. ભાગ્યદેવી પણ તેમના પુરૂષાર્થ પર જાણે પ્રસન્ન હોય તેમ તેમની સ્થિતી જલદીથી પલટાઈ. પૈસા જમા કરતા ગયા તેમ તેમ તેમણે ઉજ્જડ જંગલો પડતર હતા. તે સઘળા રાખી ત્યાં પોતાના બુદ્ધિબળે કૃષિ વિદ્યા અપનાવવા માંડી. તેમની શુદ્ધ નિષ્ટાથી પ્રકૃતિ દેવીએ પણ આર્શીવાદ આપ્યા. તેમણે ગુજરાતનો મોહ મુકી દીધો. કોઈ વીસ-પચીસ જણતો પોતાની અસલ ભૂમિ ગુજરાતના પોતાન ગામોના કુટુંબના અને પ્રિયજનોના ખબર અંતર લેવા આવ્યા. તેઓએ તેમની સમક્ષ નિમાડની ભૂમિના વખાણ કર્યા અને એવાં તો કર્યાં કે કેટલાક કણબીઓના મન માળવા પ્રત્યે આકર્ષાયા. અને તેઓ પેલાની સાથે નિમાડમાં આવ્યા ત્યાંની ઉત્તમ પ્રકારની ફળદ્રુપ જમીન અને ખેતીવાડી જોઈ તેમણે ત્યાં જ વસવાટ કરવા નિરધાર્યું. અને તેમણે ઉજ્જડ પ્રદેશ રાખી અને જમીનો તોડી તોડી ખેતરો કર્યા. એવી રીતે આ પ્રદેશમાં આવેલા પાટીદારોમાંથી બહુજ થોડા પાછા ગયા હશે ? પ્રથમના દુષ્કાળમાં આવેલાઓ દસ-પંદર વરસમાં સારી રીતે ઉન્નતિ કરી રહ્યા તેથી ફરી પણ પોતાની સંપત્તિ પ્રમાણે મોટા મોટા ખેતરો ખરીદ કરીને પોતાના અધિકારમાં કરી લીધાં.

ઈ.સ. ૧૭૮૪માં સહેજ આવ-જાવનો સંબંધ રહ્યો હતો તે પણ કાળેકરી બિલકુલ બંધ થઈ ગયો તે સમય પોતાના તેર ગામમાં મળી ત્યારે પાંચસો પરિવારો (ઘર) હતા. તે વધતાં-વધતાં હાલમાં બે હજાર ઘર સુધી પહોંચી ગયા છે. (માત્ર ગુજરાતી કુટુંબો, નિમાડી અને માળવામાં રહેતાં પરિવારોના ઘરો તો જુદા) હાલ તેમના જુદા જુદા ચાર પર ગણાં છે. અને આજે મધ્ય

પ્રદેશમાં વસવાટ કરતાં ગુજરાતી પાટીદારોની આબાદી દસ લાખની છે.

નિમાડમાં ઉમિયા માતાજીનું મંદિર

નિમાડમાં પાટીદારો આવી વસ્યા ત્યારે ઉમિયા માતાજીનું મંદિર જોઈએ જ. તેથી તેમણે ધામાણુંદમાં માતાજીનું મંદિર બનાવ્યું. ત્યાં ઘણા પાટીદારો વસે છે. ત્યાં માતાજીનું મંદિર થવાથી બીજા પણ ત્યાં જઈ વસ્યા. આઠ વરસ પહેલા ચારે પરગણાંના પાટીદારોએ રૂા. ભેળા કરી મોટું મંદિર બનાવ્યું છે.

આ મંદિરમાં દર વરસે પાટોત્સવ ઉજવાય છે અને શ્રદ્ધાળુ ભાઈઓ બહેનો શ્રદ્ધાથી પોતાની માનતા ઉતારે છે. દર વરસે મેળો ભરાય છે. આજુબાજુના લોકો ઘણા ગામના આ મેળામાં આવે છે. અને કુળદેવી ઉમિયા માંને શ્રદ્ધાના ફુલો ચડાવે છે.

ઊંઝાથી ભ્રમણના કારણો

વ્રજપાલજીએ ઊંઝા વસાવ્યું ત્યાં '૫૨' અટકોના પાટીદારો વસ્યા, ધીમે ધીમે ઊંઝા, વડનગર અને સિદ્ધપુરમાં એટલા બધા કણબીઓ ભેળા થયા કે તેમને ખેડવા માટે જમીનની ખેંચ પડી. અને આ કુર્મિઓને ત્યાંથી આગળ વધવાની ફરજ પડી.

(સંદર્ભ : કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ પા. ૧૫-૨૨)

લેખક : શ્રી કે. પુરૂષોત્તમ લલ્લુભાઈ પરીખ

યુ.પી.માં ગુજરાતી પાટીદારો

યુ.પી.માં પણ ગુજરાતી કડવા પાટીદારોની વસ્તી ઘણી છે. મારા યુ.પી. પ્રવાસ દરમ્યાન એકભાઈ સાથે મુલાકાત થઈ ત્યારે મેં તેમને પૂછ્યું ક્યાં આપ પટેલ હૈ ! તો મૈને રાત્રી રોકાણ માટે કોઈ પટેલની ધર્મશાળા માટે પૂછ્યું તો ફરી તેમને પૂછ્યું કે કયા આપ ભી પટેલ હૈ ! તો મેં એમને પૂછ્યું કે આપકો કૈસે પતા હૈ કી મેં પટેલ હું, તો એમને જવાબ આપ્યા કે, આપને પટેલ ધર્મશાળા કે લિયે પૂછા, તો મેં કહ્યું મેં પટેલ હું ઔર ગુજરાતી પટેલ હું. તો વળતા એમને જવાબ આપ્યો કે મેં ભી ગુજરાતી હું. ઔર યુ.પી.મે બહુત જીલ્લે મેં ગુજરાતી પટેલો બસે હુવે હૈ ઔર ખેતી કરતે હૈ. યુ.પી.મેં હમ લોગ ગુજરાતી પટેલ તીન સો વરસસે પહેલે કે બસે હુવે હૈ. હમારે દાદાજી કહતે થે કે હમલોગ ગુજરાત સે ગુજરાતી પટેલો કે સાથ માલવા મેં આયે. માલવા મેં જમીન ઔર પાની, કમી હોને સે, હમ માલવા, ઉજ્જૈન હોતે હુવે, ગંગા, યમુના ઔર સરયૂકા કિનારા હોતે હુવે જહાં અચ્છી જમીન ઔર પાણી મીલા વહાં હમ બસ ગયે. આ ભાઈની વાત જાણી યુ.પી.માં વસવાટ કરતા ગુજરાતી પટેલોની વિશેષ, જાણકારી મળી. અત્યારે યુ.પી.માં ૧૫ જીલ્લામાં બાર લાખ ગુજરાતી પાટીદારો વસે છે. ગામોમાં ખેતીવાડી કરે છે. જ્યારે શહેરોમાં નોકરી કરે છે. નાના મોટા ઉદ્યોગ પણ કરે છે. ગુજરાતથી લગભગ ત્રણ હજાર કિલોમીટર દૂર હોવાથી ગુજરાત સાથે સંબંધ રાખી શક્યા નથી અને આપસમાં સ્થાનિક વસવાટ કરતા કુર્મિ અને ગુજરાતી સાથે વહેવાર ચાલુ છે. ભાષા હિંદી બોલે છે. જે પંદર જીલ્લામાં ગુજરાતી પટેલોનો વસવાટ છે તે આ પ્રમાણે છે. અયોધ્યા, બસતી, ગૌંડા, અંબેડકરનગર, જોનપુર, બારાબંકી, ફૈઝાબાદ, ગોરખપુર, બેરાઈચ, આઝમગઢ, બરેલી, બનારસ, સુલતાનપુર, નેપાલનો મેદાની ભાગ અલ્લાહબાદ અને અન્ય જીલ્લાઓમાં વસવાટ છે.

યુ.પી.માં ઉમિયા માતાજીનું મંદિર

અયોધ્યા જીલ્લાથી ૪૦ થી ૪૫ કિલોમીટર દૂર ફત્તેહપુર બડાગાઁવ, જલાલપુર, જીલ્લા અંબેડકર નગરમાં કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રેરણાથી પટેલ કુલદેવી ઉમિયા માતાજીનું મંદિર બાંધવામાં આવ્યું છે. જેનો પાટોત્સવ (હ્વો) દિનાંક ૧૩-૧૧-૨૦૦૮ના રોજે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી ઉમિયા માતાજી મંદિરની સ્થાપનાના મહોત્સવમાં ફાળો આપનાર અને મંદિર ટ્રસ્ટના પ્રમુખ

રામ બરન વર્મા (પટેલ) તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યો ડૉ. દિનેશ વર્મા, શ્રી કિશનકાર પટેલ, શ્રીરામ શ્રૃંગાર વર્મા અને શ્રી રમાપત ચૌધરી આ મંદિરની વ્યવસ્થા સંભાળી રહ્યાં છે. આ ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના, આપણા ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ શ્રી શેઠ કેશવલાલ પટેલ અને કાર્યકારી અધ્યક્ષ ઓ.આર. પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ વખતે હાજર રહેલ મહાનુંભાવોમાં શ્રી મણિભાઈ મમી પટેલ વિક્રમભાઈ પટેલ, સિતારામભાઈ પટેલ, અંબાલાલ પટેલ, મફતલાલ પટેલ, પ્રિ. સોમાભાઈ પટેલ, કવિ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, જયરામભાઈ પટેલ અને મંદિરના જણાવેલ ટ્રસ્ટીઓ તથા પ્રવાસમાં આવનાર ભાઈઓ બહેનો હાજર હતા.

રાજસ્થાનમાં ગુજરાતી પાટીદારો (ઉદયપુર, ચીત્તોડ, ડુંગરપુર, સાગવાડા, બાંસવાડા)

રાજસ્થાન પાટીદાર સમાજ ગુજરાતના ઉત્તરે આવેલ સાબર કાંઠા જીલ્લો અને પંચમહાલ જીલ્લાની સરહદે ડુંગરપુર જીલ્લાના ૯૧, ગામોમાં લગભગ ૬૦૦૦ પરિવારો વસે છે.

રાજસ્થાનનો દક્ષિણ ભાગનો આ પાટીદાર સમાજનો ડુંગરપુર જીલ્લો કપરા સંઘર્ષ ખેલી આગળ આવવા મથી રહેલ છે. આ પ્રદેશ જ્યાં કે બે-ત્રણ વિઘા જમીન પણ સમથળ નથી. સપાટ નથી, પાણીની અછત છે અને કુદરત પર આધારિત ખેતી તેમજ મજુરી સિવાય કોઈ બીજો આધાર નથી. તેવા પ્રદેશમાં ખૂબ જ ખડતલ જમીન છે. આવા પ્રદેશમાં આ પાટીદારોએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ધાર્મિક ઉદારતા અને વિકાસલક્ષી અભિગમ સાંભળી માર્ગદર્શન અને સહાયની ગણતરીએ તેમના આગેવાનો ઊંઝા આવ્યા.

આ રાજસ્થાન પાટીદાર સમાજ ૬૪૦ વરસ પહેલા ગુજરાતના ચાંપાનેર (પાવાગઢ) વિસ્તારથી રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારમાં વિચરણ કરતી જાતી છે. અને જ્યાં ડુંગરપુર વિસ્તારમાં વિચરણ કરી વસ્યો છે. જ્યાં જ્યાં સારી ફળદ્રુપ જમીન, સારા પાણી, નદીનાળા સરોવરની સગવડ હોય ત્યાં જ વસે છે. છતાં રાજસ્થાનનો આ પાટીદાર સમાજ આવી ખડકાળ અને પાણીની સગવડની જમીન ન હોવા છતાં ત્યાં કેમ વસ્યો હશે તે કોયડો છે. કદાચ ડુંગરપુર સ્ટેટના રાજ્ય રાજ્યાશ્રય આપ્યો હશે ! આ સમાજમાં આઝાદી સુધી તો કેળવણીનું બિલકુલ ન ગણ્ય પ્રમાણ હતું. રૂઢિયો, અંધવિશ્વાસ પ્રેત ભોજન, લગ્નોના ખોટા ખર્ચા, વ્યસનો વગેરેથી ખદબદતો હતો.

ઈ.સ. ૧૯૫૩ની સાલમાં આવા પછાત સમાજના એકભાઈ શ્રી કેશવજી જસેલા માત્ર ૧૭ વરસની નાની ઉંમરે તલાટી (પટવારી)ની સરકારી નોકરીમાં રહ્યા કુદરતે તેમને પોતાના જ સમાજ માટે કંઈક કરી છુટવાની પ્રેરણા કરી તેમને શ્રી મોગજી ભાભાના નામના આવા જ આગેવાનનો સાથ મળ્યો. શ્રી કેશવજીભાઈ જસેલાએ મોગજી ભાભાના સાથથી સામાન્ય સ્તર, સમાજની બદીઓ, જેવી કે અભણ સમાજ, કુરૂઢિયો, અંધવિશ્વાસ, ખોટા ખર્ચાઓ માટે જંગ માંડ્યો. તેમણે ઈ.સ. ૧૯૫૩માં જ સાગવાડામાં ભાડાના મકાનમાં છાત્રાલયની શરૂઆત કરી. આમ રાજસ્થાન સમાજ માત્ર કુદરત પર આધારિત સામાન્ય સ્તર પર જીવતો હતો તે માત્ર છેલ્લા પંદર વરસદમાં આજે મધ્ય પ્રદેશના સમકક્ષ થવા જઈ રહ્યો છે.

આ વિકાસગાથા માત્રા 'મા' ઉમિયાની પ્રેરણાનું જ પરિણામ છે. જેના નિમિત્ત બન્યા છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના મુખ્ય વિચાર મંથન, પ્રણેતા અને સમગ્ર પાટીદાર સમાજને વિકાસના પંથે, દોરનાર, ઉદારદીલ દીર્ઘદ્રષ્ટા, અને ભવિષ્યને વાંચી શકનાર પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણીભાઈ મમી અને વિક્રમભાઈ પટેલ છે.

સંદર્ભ : શ્રી ઉમિયા માતાજી દર્શન ઈતિહાસ
લેખક : સિતારામભાઈ પટેલ ઊંઝા)

પાટીદારો અને મા ઉમિયાની ઉત્પત્તિની કથા
જોઈએ ઐતિહાસિક સંદર્ભમાં

માનવ સંસ્કૃતિની શરુઆત મધ્ય એશિયાથી થઈ તેમ દુનિયાના સર્વે ઇતિહાસકારો આ વાતે સહમત છે.

મધ્ય એશિયાથી આર્યો ઇરાન, અફઘાનિસ્તાન થઈ હિંદુકુશના ખૈબરઘાટ જેવા રસ્તે થઈ હિંદુસ્તાનના પંજાબ પ્રદેશમાં આવ્યા ત્યાંથી જીવન સંઘર્ષ લઈને આગળ વધ્યા સારી જમીન અને પાણીની વ્યવસ્થા મળી ત્યાં વિચરણ કરતા આગળ વધતા ગયા. પશુપાલન અને ખેતીને તેનો વ્યવસાય હતો આ ટોળીઓ જ્યાં જ્યાં સારી જમીન અને સુવિધા મળી ત્યાં આગળ વધતી ગઈ. કોઈ ગંગા- યમુના મેદાનો અને કિનારે કિનારે પંજાબથી યુ.પી., બિહાર નેપાળ સુધી ગયા. કોઈ મધ્યપ્રદેશમાં ગયા. ગુજરાતના પાટીદારો પંજાબથી રાજસ્થાનની મરુભૂમિ છોડી જૂની સરસ્વતીના કિનારે કિનારે ગુજરાત આવ્યા. અહીંથી મધ્યપ્રદેશ, યુ.પી. તરફ પણ ગયા અને મહારાષ્ટ્ર ને કર્ણાટક અને તામિલનાડુ સુધી ગયા છે. આમ છેક વેદકાળથી આ પ્રજા વિચરણ કરતી રહી છે. પંજાબથી ગુજરાત આવ્યા બાદ આર્યો પાટીદાર બન્યા. જમીનની મોટી 'પાટી' ધારણ કરનાર પાટીદાર કહેવાય પછીથી 'પટેલ' થયા. પાટીદારોને ખેતીની કુશળતાને લીધે જ્યાં ગયા ત્યાં આગેવાન પ્રજા તરીકે જીવ્યા. ગામમાં જે આગેવાન તેમને ગાયકવાડી સરકારે પટેલનો હોદ્દો આપ્યો જ્યાં જ્યાં પાટીદાર પ્રભુત્વવાળા ગામો હતા તેના આગેવાન 'પટેલ' કહેવાયા તે રીતે પછી સર્વ પટેલ કહેવાયા. સંઘર્ષમય જીવન તે વખતે તલવાર ધારણ કરનાર ક્ષત્રિય હતા. ઉત્તર ભારતમાં કુર્મિ ક્ષત્રિય તરીકે ઓળખાતી આ પ્રજા ગુજરાતમાં આવી અને કુલબી, કુનબી અને કણબી તરીકે ઓળખાઈ આ પ્રજા પંજાબથી ગુજરાત આવી અને ઠરીઠામ થઈ પરંતુ ઉત્તર ભારતના જે-જે ગામ પ્રદેશમાંથી આવ્યા તે નામ ધારણ કર્યા જેમ અવધથી અવધીયા, કનૌજથી આવ્યા તે કનૌજીયા મહોલાત, માંડલેહથી રૂસાત, રોહિતગઢથી આવ્યા તે નામ ધારણ કર્યા અને તે પ્રદેશને પોતાની અટકમાં ધારણ કર્યા.

- યુ.પી. અને બિહારની સરહદે માધાવતીના રાજા વૃજપાલજી મહંત દેશના રાજા ચંદ્રસેન સાથેની લડાઈમાં હાર્યા અને ત્યાંથી પોતાના રસાલા સાથે ગુજરાત બાજુ નીકળ્યા. સાથે સાથે શ્રીસ્થળ, સિદ્ધપુર આવ્યા, શ્રાદ્ધવિધિ પૂર્ણ કરી ઊંઝા આવ્યા અહીં ગુજરાતમાં વસેલા પોતાના સ્વજાતીય બંધુઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. અહીં ગુજરાતમાં જ રોકાઈ જવા આગ્રહ કર્યો. રાજા વૃજપાલને રાત્રે 'મા' ઉમિયાએ દર્શન આપી અહીં રોકાઈ જવા જણાવ્યું. પરિણામે વૃજપાલજી પોતાના રસાલા સાથે સ્વજાતિય બંધુઓના આગ્રહથી અહીં રોકાઈ ગયા આ ખડતલ અને મહેનતુ પ્રજા સંઘર્ષમય જીવન જીવનારી હતી. સાથે સાથે શક્તિ પૂજા લઈને આવી હતી. વેદો શાખ પૂરે છે કે 'મા' ઉમિયા ધન-ધાન્યની દેવી છે. આથી આ કૃષિકાર પ્રજામાં 'ઉમિયા'ની છેક વેદકાળથી પૂજા કરતી આવી છે. પાંચ હજાર વરસોથી એકધારી શક્તિપૂજા કરનારી આ પ્રજાનો ઇતિહાસ વિરલ અને બેજોડ દાખલો છે આજે પણ ઉંઝાના આસપાસના ગામોમાં પલ્લી ભરાય છે. જે ઇન્દ્રપૂજા છે. રાજા વૃજપાલજીએ વિક્રમ સંવત ૨૧૨માં ઇ.સ.ની બીજી સદીમાં ૧૫૬ની સાલમાં મા ઉમિયાનું ઉંઝામાં પ્રથમ મંદિર બનાવ્યું અને પ્રથમવાર ઉમિયાની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને મોટો યજ્ઞ પણ કર્યો તે વખતે ઊંઝા ઉમિયાપુર તરીકે ઓળખાતું હતું. આમે મા ઉમિયાનું પ્રાગટ્ય સ્થાન ઊંઝા છે.

ગુજરાતના પાટીદારોનો ઇતિહાસ
લેખક : શ્રી ગોકુળદાસ સોમાભાઈ પટેલ

"કડવા પાટીદારોનો ગૌરવવંતો ઇતિહાસ" બારે વરસે લગ્ન (વિવાહ) પ્રથા શરૂ

પ્રાચીન ભારતમાં સમાજ વ્યવસ્થા ચાર વર્ણોમાં વહેંચાયેલી હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.

હજારો વરસ સુધી રાજ્ય વ્યવસ્થા ક્ષત્રિયોના હાથમાં રહી હતી. પૌરાણિક કાળમાં ક્ષત્રિયોના બે ભાગ જોવા મળે છે. (૧) સૂર્યવંશી, (૨) ચંદ્રવંશી ઇ.સ. પૂર્વે ૧૮૦૦ની આસપાસ એસિરિયાની રાણી સેમીરામીએ પંજાબ પર આક્રમણ કરેલું પરંતુ પંજાબ વંશના ચંદ્રવંશી રાજાએ હાથીઓની સેના લઈ યુદ્ધ કરતા દુશ્મનનું લશ્કર ભયભીત બની નાસી છૂટ્યું ત્યારબાદ મીસર દેશના રાજા સેસોટીએ પણ પંજાબ પર આક્રમણ કરેલ પરંતુ ચંદ્રવંશી રાજાએ તેને હરાવીને ભગાવી મૂકેલ.

ઇ.સ. પૂર્વે ૫૧૮માં ઇરાનના રાજા દરવેશે પંજાબ પર ચઢાઈ કરી લૂંટફાટ કરેલી. ઇ.સ. ૩૨૭માં ગ્રીસ મહાન રાજા સીકંદરે ભારત પર આક્રમણ કરેલું જેનો તત્કાલીન હિંદુ રાજા પોરસે બહાદુરીપૂર્વક સામનો કરેલો. સિકંદરને તેના સૈનિકોના અસંતોષને કારણે ઉત્તર ભારતમાંથી પાછા ગ્રીસ તરફ પ્રયાણ કરવું પડેલું. પરંતુ આ બાબીલોન આગળ સિકંદર અપુત્ર મરણ પામેલો પરિણામે સિકંદરે જીતેલા પ્રદેશો તેના સુબાઓ અંદરોઅંદર વહેંચી લીધેલા. આમહિંદની પૂર્વે સરહદનો ભાગ સેલ્યુક્સના હાથમાં આવેલો જેને પંજાબ પર ચઢાઈ કરી હતી. પરંતુ મગધ દેશના રાજા ચંદ્રગુપ્તે સેલ્યુક્સને હરાવેલો પરિણામે સેલ્યુક્સે સંધિ કરી પોતાની પુત્રી હેલનું લગ્ન ચંદ્રગુપ્ત સાથે કરેલું. ચંદ્રગુપ્ત પછી ભારતમાં કોઈ બળવાન રાજા નહીં હોવાના કારણે ઇ.સ. પૂર્વે ૩૦૬થી ૩૭૮ સુધીના કાળ દરમિયાન સપ્ત સિંધુના પ્રદેશ (પંજાબ) ઉપર જુદા જુદા પરદેશીઓમાંથી શક, હુણ, બલ્ખા, તાર્તાર વિગેરેના વારંવાર આક્રમણો થયા હતા. આથી છિન્નભિન્ન થયેલ રાજ્ય વ્યવસ્થાને કારણે પંજાબના ક્ષત્રિયો ઇ.સ. પૂર્વે પહેલી સદીથી બીજી સદી સુધીમાં પંજાબમાંથી સ્થળાંતર કરી ગંગા, યમુનાના સપાટ, પ્રદેશોમાં માળવા, ગુજરાત (આનર્ત પ્રદેશ તરફ વસવાટ કરેલો) બોમ્બે ગેઝેટિયર પ્રમાણે ઇ.સ. પૂર્વે ૭૮ની આસપાસમાં એટલે કે ક્ષત્રિય રાજા કનિષ્કના ગુર્જરો અને કુર્મિઓએ મૂળ પ્રદેશ છોડી મથુરા તરફ પ્રયાણ કર્યું હતું કાળાંતરે ત્યાંથી આગળ વધી માળવા અને આનર્ત પ્રદેશના (આજના ઉત્તર પ્રદેશના વિસ્તારો) ફેલાયા હતા કુર્મિકોમલડાયક હોવાથી પ્રસંગોપાત યુદ્ધ કરતી હતી અને શાંતિકાળ દરમિયાન ખેતી કાળમાં ખેતી કરતી હતી.

- ઐતિહાસિક લેખો, સિક્કાઓ, શિલ્પો વગેરે પરથી જાણવા મળેલ છે કે, પહેલી સદીની આસપાસમાં મૌર્યવંશના અને ક્ષત્રિય વંશના રાજ્ય શાસન દરમ્યાન પંજાબમાંથી સ્થળાંતર કરી આવેલા કુર્મિઓ, મથુરા, કોટા અને મંદસૌરના રસ્તેથી મધ્યપ્રદેશ, ખાનદેશ, આનર્ત પ્રદેશો જેવા શાંત અને ફળદ્રુપ ભૂમિમાં રહેવા લાગ્યા હતા. ઐતિહાસિક ભૂમિકા જોતા જણાઈ આવે છે કે પહેલી સદીથી છઠ્ઠી સદી સુધી ના સમયગાળામાં આનર્ત, ઇડર, માળવા જેવા વિસ્તારો રાજકીય રીતે શાંત અને નિરૂપદ્રવી હોવાથી સ્થળાંતર કરીને આવેલા કુર્મિઓ આ ફળદ્રુપ વિસ્તારોમાં ખેતી કરી સમૃદ્ધ થયા હતા.

- સ્થળાંતર કરીને જુદી ભૂમિઓમાં સ્થિર થયેલા કુર્મિઓ પોતાના મૂળ વતન પંજાબના વિવિધ વિસ્તારો પરત્વે ખૂબ જ મમત્વ ધરાવતા હતા. પરિણામે પોતાનું મૂળ વતન ભુલાઈ ન જાય તેમજ પોતે કયા વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આવેલા છે તે માટે પોતાની ટોળી માટે વિશિષ્ટ વિશેષણોનો ઉપયોગ કરવા લાગ્યા હતા જેમાં પંજાબના કરડ વિભાગમાંથી આવેલા કુર્મિઓએ 'કરડવા કુર્મિ' વળી લેવા વિસ્તારમાંથી આવેલા 'લેવા કુર્મિ' આ વિશેષણોનું અપભ્રંશ થઈ કડવા કણબી અને લેવા કણબી પ્રચલિત બન્યા.

- પાટીદાર કોમમાં જોવા મળતી વિવિધ શાખાઓ પરથી માલુમપડે છે કે, આ શાખાઓ મુળ નગરના અનુસંધાનમાં પડી જો કે અત્યારે કેટલાક અપભ્રંશોને કારણે શાખમાં ફેરફાર થયેલો જોવા મળે છે. છતાંય શાખો અને મૂળ વતન વિશે રહેલું સામ્ય જોતાં જણાઈ આવે છે કે આ શાખો મૂળ વતન પરથી જ હોય તેમ લાગે છે.
(જે આપણને આ લેખના અંતે જોવા મળે છે.)

-ઐતિહાસિક બાબતો ઉપરથી એવું જાણવા મળે છે કે ઈ.સ. પૂર્વેના પહેલાનાથી ત્રીજા સૈકાના અંત સુધીમાં પંજાબ પ્રદેશ છોડી મગધ પ્રાંતની રાજધાની કુશાવતી (પટણા)માં આવી વસેલા કુર્મિઓ સમ્રાટ અશોકના સમયમાં માળવાની સુબાગીરીમાં સાથે રહી લશ્કરી સરદારી ભોગવી હતી. પહેલા સૈકાના અંત સુધીમાં કુર્મિસરદારીએ કેટલાક પ્રદેશ

હસ્તગત કરીને તે પ્રદેશમાં માધાવતી નગરીને પોતાની રાજધાની બનાવી સ્વતંત્ર કુર્મિરાજ્ય સ્થાપ્યું હતું. આ (સૌરાષ્ટ્ર) ગિરિનગરના (ગિરનાર) ક્ષિત્રિય રાજા જયદામાના સમયમાં મહંત દેશના રાજા ચંદ્રસેને માધાવતી પર ચઢાઈ કરી માધાવતીના કુર્મિરાજા વૃજપાલજીને હરાવી માધાવતીનુંરાજ્ય જીતી લીધું આથી વૃજપાલજીને માલ-મિલ્કત અને નાનો રસાલો લઈ માતૃ શ્રદ્ધાર્થે શ્રી સ્થળ (સિદ્ધપુર) આવેલા આ સમયે કુર્મિરાજા વૃજપાલજીને પંજાબમાંથી સ્થળાંતર આનર્ત પ્રદેશમાં વસેલા કુર્મિજ્ઞાતિ બંધુઓ મળ્યા હતા અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કરેલો વળી આ પ્રદેશમાં કોઈનું રાજ્યાશન નહીં હોવાથી વિક્રમસંવત ૨૧૨માં શ્રીસ્થળથી પાંચેક ગાંઉ દૂર ઉમાપુર પટ્ટનમ(ઉંઝા) ગામવસાવ્યું. રાજા પોતે શિવભગત હોવાથી શ્રી ભગવાન શંકરની પટ્ટરાણી ઉમિયા દેવીની સ્થાપના કરી મંદિર બનાવેલું. જે વખતે કુર્મિઓએ ઉમિયાજીને કુળદેવી તરીકે સ્થાપી પૂજા અર્ચના કરવા લાગ્યા. શાંત વિસ્તારના કારણે અહીં કુર્મિઓ ખેતી કરી સમૃદ્ધ બન્યા ને સાતમા સૈકા સુધી ઊંઝાની આજુબાજુ કુર્મિરાજાઓ શાસન કરતા હતા.

- ઇ.સ. ૭૮૬માં ચાવડા વંશના રાજા મુળ પુરુષ વનરાજ ચાવડા પોતાની રાજધાની માટે સરસ્વતી નદીના કિનારે અણહીલપુર પાટણ વસાવ્યું. વનરાજ ચાવડાના કુશળ મંત્રીઓ રાજ્યનો વિસ્તાર આનર્ત પ્રદેશમાં વધાર્યો જેમાંથી પાટણથી ઊંઝા, આસપાસના પ્રદેશ પણ આવરી લીધેલ. વળી આ મંત્રીના કાર્યમાં જેને રાજ્ય ચલાવવા મહેસુલ વસુલી વધુ થાય તે કારણે વધારેલ. આથી કુર્મિરાજા વૃજપાલજી (બીજા)નો પ્રદેશ પણ સમાવેશ થયો ને આ વાંધાના કારણે તે વખતે વૃજપાલજી બીજાએ તેમની નીચે રહી રાજ્ય કરવાનું માંડવાળ રાખ્યું ને કેટલાક કુટુંબોને લઈને ઇડરની આજુબાજુના વિસ્તારોમાં સ્થળાંતર કર્યું ને વૃજપાલજી બીજાના વંશજો સાથે કંઈક વાંધો પડવાથી શિવપાલસિંહ પટેલે કેટલાક સાથીદારોને લઈને ગુજરાતના મધ્યમાં આવેલ ભીલનગર આશાવલી (અસારવા)માં જઈને વસેલા જ્યાંથી તેમના વંશજો ધીરે ધીરે નરોડા, દહેગામ, રખિયાલ અને ભરૂચના આસપાસ ફેલાયા હતા.

- આ તરફ વનરાજ ચાવડાના રાજ્યમાં કુર્મિવસ્તી સ્થળાંતર કરવા લાગી, મંત્રીશ્રી આ યોજનામાં મહેસુલી આવક ઘટવા લાગી ને જમીનો ફળદ્રુપ હોવા છતાં વેરાન બનવા લાગી. ચતુર મંત્રી ચાંપરાજે તે સમયના ઉમિયા
- આ તરફ વનરાજ ચાવડાના રાજ્યમાં કુર્મિવસ્તી સ્થળાંતર કરવા લાગી, મંત્રીશ્રી આ યોજનામાં મહેસુલી
આવક ઘટવા લાગી ને જમીનો ફળદ્રુપ હોવા છતાં વેરાન બનવા લાગી. ચતુર મંત્રી ચાંપરાજે તે સમયના ઉમિયા
માતાજીના પૂજારીને પાટણ બોલાવી તેમને બહુમાન કરી પોષાક, દ્રવ્ય વિગેરે આપી રાજ્યાશ્રય આપેલ ને તેની સાથે રહી સ્થળાંતર અટકાવવા યોજના કરી જેના અનુસંધાનમાં ચૈત્રી પુનમના રોજે માતાજીના ઉત્સવ પ્રસંગે માતાજીની સમક્ષ પૂજારી ધુણવા લાગ્યો પોતાનામાં માતાજીનો વાસ છે તેવું આગેવાનોને જણાવ્યું ને કહેવા લાગ્યો હે અકારી કણબીઓ (કુર્મિઓ) હું તમારા પર કોપિત છું. તમો અત્યાર સુધી મારા આશ્રયના કારણે સમૃદ્ધિવાન થયા છો અને વળી મહારોગોથી મેં તમારું રક્ષણ કર્યું છે. હવે તમો અત્યાર સુધી સુખ-શાંતિથી રહ્યા છો હવે તમો મને છોડીને ચાલ્યા જાવ છો. મને લગ્ન કાર્ય તથા ધાર્મિક કાર્યમાં મળતું નૈવેદ્ય પણ બંધ થયું તો મારી આજ્ઞા છે કે તમો કોઈ પણ કારણોસર ચાલ્યા જશો નહીં અહીં રહો ને સુખી થાવ. તેમજ દરેક સિંહ વરસમાં (દરેક બારે વરસે સિંહ વરસ આવે છે.) તમારા નાના મોટા બાળકોના લગ્ન મારા સાન્નિધ્યમાં કરવા. હું ચારે દિશાએ અંબિકા, કાળી, બહુચરા અને તુળજા સ્વરૂપે તમારું રક્ષણ કરીશ આમકહી દેવી સ્વરૂપે પૂજારી શાંત થયા. જે સમયે મંત્રી ચાંપરાજ પણ હાજર હતા તેમણે આગેવાનોને રાજ્ય તરફથી બધી જ મદદ આપવાનું વચન આપ્યું. ત્યારથી કડવા કણબીઓમાં બારે વરસે લગ્ન પ્રથા શરુ થઈ છે.

આ રીતે ચાવડા શાસન દરમિયાન સ્થિર થયેલા કણબીઓ સુખી અને સમૃદ્ધ હતા તેવું રાજાઓનો ઇતિહાસ જોતાં તારવી શકાય છે. સોલંકી રાજ્યના યુગમાં શાસનકાળ દરમિયાન સોલંકી રાજાઓએ સૌરાષ્ટ્રના પાલનપુર, આબુ, મારવાડ સુધી પોતાનું રાજ્ય વધાર્યું હતું જે કુર્મિ- કણબી જ્ઞાતિ છિન્ન-ભિન્ન ન હતી પરંતુ સુખી ને સમૃદ્ધ હતી. તે છેક ગુજરાતના ગાયકવાડનું રાજ્ય સ્થપાયું ત્યાં સુધી જણાય છે. ત્યારબાદના સમયમાં કણબી જ્ઞાતિ છિન્ન-ભિન્ન થઈ હશે તેવું જણાય છે તે બ્રિટિશ શાસન થયા દરમ્યાન રાજા-રજવાડાઓની વિદાય પછી વધુ શિક્ષણ આપણામાં આવવાથી આપણી જ્ઞાતિ કડવા પાટીદાર કોમમાં શિક્ષણ આવવાથી કંઈક વળી સ્વતંત્ર ભારત થયા દરમિયાન રાજા-રજવાડાઓના વિદાય પછી આપણા વડીલોમાં શિક્ષણ આવવાથી પ્રગતિના પંથે શરુઆતથી આજ દિવસ સુધી સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે ઘણી આગળ આવી છે ને આપણા સમાજના સભ્યો બધી જ બાબતમાં વર્ચસ્વ અને વગ ધરાવતા થયા છે. જે ઇ.સ. ૧૮૦૦થી અત્યાર સુધીનો સમય બતાવે છે.

"કડવા પાટીદારોનો ઈતિહાસ"

ઐતિહાસિક દ્રષ્ટિએ કડવા પાટીદારોની ઉત્પત્તિ પંજાબમાં હતી. વસવાટ પણ ત્યાં જ વિભિન્ન વિસ્તારોમાં હતો. પરંતુ રાજકીય ઉથલપાથલના કારણોને લઈને ત્યાંથી નીકળી ઉત્તર ભારતમાં મથુરા સુધી જ્ઞાતિજનો પ્રસર્યા હતા. એક સમુહ ત્યાંથી માલવ પ્રદેશમાં વસ્યો. કેટલાક મથુરા સુધી અને કોટા-મંદસૌર રસ્તે થઈ વડનગર-ઊંઝા થઈ ઊંઝા નજીકના પ્રદેશમાં વસ્યા. મથુરામાં વસેલા પૈકી કેટલાંક ગંગા યમુનાના પટમાં ફેલાતા ગયા. ફળદ્રુપ વિસ્તારોમાં ખેતી કરતા કરતા ઉત્તર ભારતના વિસ્તારોમાં ફેલાતા ગયા.

પંજાબથી સ્થળાંતર કરીને જુદી જુદી ભૂમિઓમાં સ્થિર થયેલ કુર્મિઓ પોતાના મૂળ વતન પંજાબના વિવિધ વિસ્તારો પરત્વે ખૂબ જ મમત્વ ધરાવતા હતા. પરિણામે પોતાનું મૂળ વતન ભુલાઈ ન જાય તેમજ પોતે ક્યા વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને આવેલા છે તે માટે પોતાના સમૂહ માટે વિશેષ વિશેષણોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. આ રીતે પંજાબના કરડ વિભાગના આવેલા કુર્મિઓ કડવાકુર્મિ અને લેવા વિસ્તારમાંથી આવેલા કુર્મિઓ લેવા કુર્મિ જેવા વિશેષણો ધારણ કર્યા હતા. કાલાંતરે આ વિશેષણોનું અપભ્રંશ થઈ કડવા કણબી અને લેવા કણબી તરીકે અત્યારે પ્રચલિત બન્યા છે.

વિવિધ સ્થળોમાં જઈ વસવાટથી બધા સમૂહનો એકબીજા સાથેનો સંબંધ ઓછો થતો જાય તે સ્વાભાવિક છે. ઉપરાંત રજપુત શાસનના અંત પછીના લગભગ છસો વરસ સુધીના અવ્યવસ્થિત સમયમાં જુદા જુદા વિસ્તારોમાં વસતા કુર્મિઓનો અરસ-પરસનો સંબંધ નષ્ટ થઈ ગયો હતો આવા સંજોગોમાં ભારતમાં જુદા જુદા વિભાગોમાં વસવાટ કરતા કુર્મિઓના આચાર-વિચાર અને રીતિ રિવાજોમાં પણ ખાસો તફાવત થઈ ગયો અને તેવા જ બીજા કારણોને લઈને કુર્મિએ સામાન્ય સંજ્ઞાને બદલે, દેશકાળને લીધે જુદો જુદો પેટા સંજ્ઞાઓ પ્રાપ્ત થતી ગઈ. જેમકે ઉત્તર ભારતમાં વસવાટ કરતા કુર્મિઓ 'કુર્મિક્ષત્રિય' એ સંજ્ઞાથી પ્રચલિત થયા. મહારાષ્ટ્રમાં વસેલા જ્ઞાતિજનોને 'મરાઠા કુર્મિ' વિગેરે વિશેષણો મળ્યા. માળવાથી આવી ઉત્તર ગુજરાતમાં વસનાર કુર્મિઓમાં વારંવાર સ્થળાંતર થવા છતાં પોતાની અસલ સંજ્ઞા જાળવી રાખી અને પોતે અસલ કયા સ્થાનેથી આવેલા છે તે પરથી અસલ કુર્મિઓમાં કડવા લેવા વિશેષણો ઉમેરાયા.

ઊંઝા, વડનગર વિસ્તારમાં વસવાટ કરતા કુર્મિઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. ગુજરાત પ્રદેશમાં મુસ્લિમ રાજ્ય સત્તાના અમલ દરમ્યાન સમસ્ત કર્મિ જ્ઞાતિઓ છિન્ન ભિન્ન હાલતમાં હશે. એવું અનુમાન કરી શકાય છે. જેથી ઊંઝા, વડનગર વિસ્તારથી ફળદ્રુપ જમીનોની શોધમાં કચ્છ તરફ પ્રયાણ કરેલ અને શિકરા, દુધઈ વિસ્તાર થઈ કચ્છના વિસ્તારોમાં જ્યાં જમીનો મળી ત્યાં વસ્યા હોય. એવું અનુમાન થઈ શકે છે. જેનો કોઈ વ્યવસ્થિત ઈતિહાસ મળતો નથી. પણ અનુમાન થઈ શકે છે કે કચ્છમાં લગભગ ત્રણસોથી સાડા ત્રણસો વરસ થયાં હશે. પાટીદારોની વસાહતોને.

બાવન ઋષિઓ

ભગવાન શીવજી માતા ઉમિયાના ભક્તો, ઋષિઓના વંશજો કાળક્રમે કુર્મિઋષિ થયા. અને તેમના વંશજો કુર્મિ તરીકે ઓળખાવવા લાગ્યા. તેમના બાવન ઋષિઓ વશંજ કાલાંતરે સ્થળાંતર કરતા કરતા ગુજરાત પ્રદેશમાં વિ.સંવત ૨૧૨માં સિદ્ધપુરથી પાંચ ગાઉ દૂર ઉમાપુર ઊંઝા ગામ વસાવ્યું. ત્યાં વસવાટ કરી ખેતી કરવા વિ.સ. ૨૧૨માં ત્યાં એક માતાજીનું મંદિર બનાવ્યું. અને ઉમિયા માતાને પોતાની કુળદેવી તરીકે સ્થાપી પૂજા અરચના કરવા લાગ્યા. આમ બાવન ઋષિઓના વંશજોની બાવન શાખા પ્રચલિત બની જે મનુષ્ય બની, જે મનુષ્ય જીવન જીવવા માટે કર્મ કરે છે. અને ખેતરમાં પસીનો પાડી 'બી' વાવી કણ ઉત્પન્ન કરે છે. તેથી તેઓ કણબી તરીકે ઓળખાવવા લાગ્યા. આમ આપણે સૌ બાવન ઋષિઓના વંશજ છીએ અને આ બાવન ઋષિઓના નામે આપણા ગૌત્ર તરીકે આપણી જ્ઞાતિ ઓળખાય છે.

કુર્મિક્ષત્રિય પાટીદારો (યુ.પી.)

ભારતભરમાં કુર્મિક્ષત્રિઓ ફેલાયેલા છે. તે જુદા જુદા પ્રદેશમાં જુદા જુદા નામોથી ઓળખાય છે. હવે કુર્મિ ક્ષત્રિય પ્રજાને જાણ થઈ છે કે તેઓ એક મહાજાતી છે. અને જુદા જુદા રાજ્યોમાંના દરેક પોતાના સ્વજાતી બંધુ છે. દરેક એકતા માટે અપેક્ષા રાખી રહ્યા છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને યુ.પી.ના ભાઈઓ એક બીજાની સમાજ યાત્રાઓથી સંપર્કમાં આવ્યા છે. તેઓ બધા સંગઠિત બને તે માટે તૈયાર છે. તેઓ 'મા' ઉમિયાની ધજા નીચે એક બને અને ભાઈચારો ઈચ્છે છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ખાતે, બિહાર, નેપાલ, મહારાષ્ટ્રના ભાઈઓ સંપર્ક કરી રહ્યા છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, યુ.પી. ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ એકતા માટે જે પ્રયત્નો કર્યા અને સમાજયાત્રાઓ યોજી તે જ પ્રમાણે બિહાર, નેપાલ, ઓરિસ્સા, મહારાષ્ટ્રમાં પણ યોજવા માટે આમંત્રિત કરી રહ્યાં છે.

ભારતભરમાં દરેક રાજ્યોમાં જુદા જુદા નામે વસતી કુર્મિ ક્ષત્રિય જાતી ૨૧ મી સદીમાં 'મા' ઉમિયાને કુળદેવી સ્વીકારી તેની ધજા નીચે એક બનશે. કુર્મિક્ષત્રિય જાતી અંદાજે ૨૦ કરોડ છે. તેમની એકતા અને ભાઈચારોએ આગામી સમયની વાસ્તવિકતા છે. અને આ મહાજાતી એક બનશે એવી માની ઇચ્છા જણાય છે. આ ભવિષ્યવાણી ટૂંક સમયમાં હકિકત બનશે અને ભારતના વિકાસમાં એક મહત્ત્વનું અંગ હશે. 'મા' ઉમિયાના આશીર્વાદ આપણી સાથે છે.

(સીતારામ પટેલ, ઊંઝા)

ગુજરાતી પાટીદારો એક જ અટક "પટેલ"

છેલ્લા પચાસ વરસથી પાટીદારોની સાથે પટેલ અટક પોતાના નામની પાછળ લગાડે છે. કચ્છમાં પાટીદારોએ જુદી જુદી અટકોનો ત્યાગ કરી આજે બધા પટેલ શબ્દ નામની સાથે લગાડે છે. અને જ્ઞાતિમાં લેવા કણબી અને કડવા કણબી શબ્દોને બદલે લેવા પાટીદાર અને કડવા પાટીદાર લખાવે છે. આમ સૌરાષ્ટ્ર, ગુજરાત, અને કચ્છના લેવા અને કડવા પાટીદારોની માફક પંજાબના કુર્મિ ક્ષત્રિઓ છે. અને ઈ.સ. પૂર્વે ૩૦૦ વરસના અરસામાં ચંદ્ર ગુપ્ત મૌર્યના સમયમાં ગુજરાતમાં અને કચ્છના પાટીદારોની સાથે સાથે સૌરાષ્ટ્ર માં આવી વસ્યા છે. (પરંતુ તે સમય માં કુર્મિઓ કચ્છમાં નહોતા વસ્યા.)

કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજીનો ઈતિહાસ

કણબીઓ ગુજરાતથી કચ્છમાં આવ્યા. તેનાથી પહેલાં પંજાબથી ગુજરાત આવ્યા. ત્યારે તેમના સૌથી મોટા દેવ તરીકે ભગવાન શંકરને માનતા હતા. 'મા' ઉમિયાની સ્થાપના ઈ.સ. ૧૫૬માં થઈ છે. સંવત ૨૧૨ બિહારના માધાવતીના કુર્મિ રાજા વૃજપાલજીએ પોતાનું રાજ્ય ગુમાવ્યું. ત્યારબાદ તેમની માતાનું શ્રાદ્ધ કરવા માટે તેઓ સિદ્ધપુર આવ્યા આ વખતે આજુબાજુ વસતા કુર્મિઓ (કણબીઓ) એકઠા થઈને વૃજપાલને મળવા આવ્યા. તેમને વૃજપાલજીને આ પ્રદેશમાં રોકાઈ જવા માટે વિનંતી કરી. તેમને ઉમિયાજીના અસલી બેઠકના સ્થળે દર્શન કરવા માટે લઈ ગયા. વૃજપાલજી શંકરના ભક્ત હતા. તેમને ઉમિયાજીના અસલ બેઠકના સ્થળે મંદિર બનાવ્યું અને ત્યાં માતાજીના નામ ઉપરથી ઉમાનગર (ઊંઝા) ગામ વસાવ્યું.

ઊંઝાનું હાલમાં ઉમિયા માતાજી મંદિર ઈ.સ. ૧૮૬૫માં નવા સ્વરૂપે બંધાયેલું છે. ઈ.સ. ૧૮૮૨થી અમદાવાદના શેઠ શ્રી બેચરદાસ લશ્કરીની દોરવણી અને નાણાંકિય સહાયથી આ મંદિરના બાંધકામનો વિકાસ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના કડવા પાટીદારો એક જ છે.

સૌરાષ્ટ્ર અને કચ્છની સંસ્કૃત્તિ ઘણી જુની છે. આ પ્રદેશ ઘણા પ્રાચીન સમયથી સંસ્કુતિ વાળો હતો. આર્ય પ્રજામાં, વર્ણાશ્રમ ધર્મ શરૂ થયો. ત્યારથી આ પ્રદેશમાં બ્રાહ્મણ, ક્ષત્રિય કુર્મિક્ષત્રિય અને શુદ્ર પ્રજા રહતી હતી.

- ઐતિહાસિક રીતે જોતાં સૌરાષ્ટ્ર - કચ્છમાં કુર્મિ ક્ષત્રિયો ઈ.સ. ૩૦૦ના અરસમાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં આવેલા છે. આ સમય કુર્મિઓ પંજાબમાંથી નીકળી ને સિંધ, કચ્છ, રાજસ્થાન, રાધનપુર એમ જુદા જુદા માર્ગે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રવેશેલા છે.

- ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોક મહાન મગધ(હાલ બિહાર) દેશના રાજાઓ હતા. ભારતમાં થઈ ગયેલ બધા રાજાઓ માં આ બંને રાજાઓ સૌથી મહાન હતા. આ બંને રાજાઓના સમયમાં પંજાબથી કુર્મિ ક્ષત્રિઓ ઉત્તર ભારત, બિહાર રાજસ્થાન, મધ્ય પ્રદેશ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવ્યા અને વસ્યા. અને આ પ્રદેશોની ઉજ્જડ જમીનને ખેડવા લાયક અને ફળદ્રુપ બનાવી. બિહારના આ બંને મહાન રાજાઓ ચંદ્રગુપ્ત અને મહાન અશોક રાજ્યનો વિસ્તાર છેક બિહારથી ગુજરાત સુધી હતો. આ બંને રાજાઓનું રાજ્ય ગુજરાતમાં વડનગર થી જુનાગઢ સુધી હતું. આ બંને મહાન રાજકર્તાઓની સત્તા છેક ગુજરાત સુધી હતી. તેની સાબિતી ગિરીનગર માં કોતરાવેલી શિલાલેખના વર્ણન ઉપરથી મળી આવે છે.

- ઈ.સ. ૧૩૦૦ થી ઈ.સ. ૧૮૦૦ સુધીના સમયમાં ગુજરાતના મુસલમાન સુબાઓ અને બાદશાહ-નું રાજ્ય હતું. ત્યારે આ ધર્મજનુની સુબાઓના ત્રાસથી કંટાળી ને ગુજરાતના ઘણા પાટીદારોએ સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં વસવાટ કર્યો છે. અડાલજથી ખેડા જિલ્લામાં ગયેલા વસો, સોજીત્રા અને નડિયાદ ના ઘણા પરિવારો સૌરાષ્ટ્ર, કચ્છમાં વસ્યા છે. આ સમયે ઊંઝા, સિધ્ધપુર અને વડનગર પ્રદેશમાં થી ઘણા પાટીદારો કચ્છ અને સૌરાષ્ટ્રમાં વસ્યા છે.

- હાલમાં સૌરાષ્ટ્રના બધા જીલ્લામાં પાટીદા વસે છે. તેમને સૌરાષ્ટ્રના ગામડામાં પોતાની વસાહ સ્થાપી સૌરાષ્ટ્રને ફળદ્રુપ પ્રદેશ બનાવ્યો છે. આ સૌરાષ્ટ્રના પાટીદારો ગુજરાત અને કચ્છના લેવા અ કડવા પાટીદારોની માફક પંજાબના કુર્મિક્ષત્રિઓ છે અને ઈ.સ. પૂર્વે ૩૦૦ ના અરસામાં ચંદ્રગુપ્ત મોર્યન સમયમાં ગુજરાત અને કચ્છના પાટીદારોની સાથે સા સૌરાષ્ટ્રમાં આવી વસ્યા છે.

- પાટીદારો જયા જમીન અને પાણી મળે ત્ય પોતાના વસવાટ કરતા. તેવી જ રીત સૌરાષ્ટ્ર અ કચ્છ કડવા પાટીદારો સ્થળાંતર કરતા રહ્યા. ઉત્ત ગુજરાત, ઊંઝા, મહેસાણા, નડીયાદ વિગેરે સ્થળે રહ્યા છે બાદમાં આ પાટીદારો ઈ.સ.૧૩૦૦ થી ૧૪૫૦ સુધી અમદાવાદના આજુબાજુના પરગણાંમાં વસવાટ કર્યો

-ઈ.સ. ૧૩૦૦ થી ૧૮૦૦ સુધી ગુજરાત મ મુસલમાન બાદશાહો તથા સુબાઓનું રાજ્ય હોવાથ તેમના ત્રાસથી કંટાળી કડવા પાટીદારો વિખેરાયા. કડવ પાટીદારોનો એક ભાગ સૌરાષ્ટ્રમાં ગયો અને બીજો ભાગ બાવન ગૌત્રી પાટીદારો નો ગીરમથા, પીરાણ થઈ કચ્છમાં ગયો. આ બાવનગૌત્રી પાટીદારો વિખેરાય અને પોતાની અનુકુળતાએ એક પાછળ એ જવાથી પરિવારો વિખાઈ ગયા. એક ભાઈ સૌરાષ્ટ્રમ ગયો. તો બીજો ભાઈ કચ્છમાં ગયો. અને આ બં ઠેકાણે જેમને જયાં જમીન અને પાણી ની સગવડ મળ ત્યાં ગામ વસાવી રહેવા લાગ્યા. આ કડવા પાટીદાર ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૦૦ સુધી સૌરાષ્ટ્ર સુધી અ કચ્છમાં સ્થાઈ થયા. અલગ અલગ પાટીદારો સૌરાષ્ અને કચ્છ માં વસવાટ કરવાથી પરિવારો આપસમાં મ શક્તા ન હતા. તેથી કરી આ પરિવારોના સબંધ જ્ય વસવાટ હતો. ત્યાં જ કરવા લાગી ગયા.

સૌરાષ્ટ્ર અને કચ્છની કડવા પાટાદારોન અટકોમાં સમાનતા મુળનામ અને ઉપના

આ જણાવેલ અટકો કચ્છ કડવા પાટીદારો અ સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની ભળતી અટકો છે અ આજે પણ આ જણાવેલ અટકો બોલાય છે. અ ઓળખાય પણ છે. આ અટકો કચ્છ, સૌરાષ્ટ્રના લે પાટીદારોમાં પણ વપરાય છે.

- જણાવેલા અટકોવાળા પરિવારો વિ. સવંત ૧૫૨૪માં જ્યારે કચ્છના લેવા અને કડવા ધર્મના આધારે કચ્છ વાગડમાં શિકરા ગામે ગયા અને અડધા મુળ ધર્મના આધારે સૌરાષ્ટ્રમાં ગયા. તેને લીધે પાટીદારો અલગ થઈ ગયા. આમ આ પાટીદારો બાવનગૌત્રી પાટીદારો છે. અને ભાષા રહેણી કરણી રીત રિવાજ અને બધા કડવા પાટીદારો ઉમિયામાં ના સંતાનો છે.

લેવા તથા કડવા અટકોના મુળનામ અને ઉપનામ

કાલરીયા, ભાદાણી, નાકરાણી, કડવા, પારેખ, પાંચાણી, ચીકાણી, ભીમાણી, ગુજરાતી, તેજાણી, કાનાણી, ચોપડા, વાલાણી, નાયાણી સુરાણી સવાણી, દિવાણી, બાથાણી, વાગડીયા, લીબાણી, ખીમાણી, ખેતાણી, ધનાણી, પુંજાણી, ભગત, ભાભાણી, મેઘાણી, મેપાણી, રૂડાણી, વેલાણી, પેથાણી, ચૌધરી, સેંઘાણી, લાખાણી, સાકરીયા, શેઠીયા, અમૃતીયા, હલપાણી, ઉકાણી, રામાણી, લાલાણી, ભાવાણી, વાસાણી, નાકરાણી, પારસીયા, કેસરાણી, છાભૈયા, ગોગારી, પજવાણી, ભોજાણી, ચાકાંણી, મુખી, સતનાણી, રવાણી, જાદવાણી, ગોરાણી, નાથાણી, ચૌહાણ, રંગાણી, ધોળુ, સાંખલા, આણદાણી, દડગા, દાનાણી ભોજાણી, ડોસાણી, પદમાણી, માનાણી, માવાણી, ઠાકરાણી, વાડીયા, મૈયાત, નરસેંઘાણી.

ઉપર જણાવેલ મુળ નુખોની સાથે ઉપ નુખો ઘણી છે. અને આજે પણ આપણાં ગામડામાં વસવાટ કરતા લેવા કડવા પાટીદારો જણાવેલ નુખોથી ઓળખાય છે.

- જ્યારે આપણી ગીરમથા, પીરાણાંથી ધર્મના નામે કચ્છમાં મુકવામાં આવ્યા. તેવારે ઉપર જણાવેલ નુખો ના પરિવારોએ સૌરાષ્ટ્રમાં જઈ વસવાટ કર્યો. અને તેમણે પોતાની નુખો જે હતી તેજ નુખોથી પોતાને ઓળખાવ્યા. અને આજે પણ જણાવેલ નુખોથી ઓળખાય છે. આ નુખો લેવા અને કડવા પાટીદારોની છે. કડવા અને લેવા પાટીદારો(લેવા ચોવીસી) વાગડમાં વસતા લેવા પટેલો તથા સૌરાષ્ટ્રમાં લેવા- કડવા પાટીદારોની આપસની ઓળખાણ માટે વપરાય છે. જણાવેલ નુખો કચ્છના કડવા પાટીદારોમાં બધે વપરાય છે. અને ઓળખાય છે. આ નુખો ઘણી બધીનુખો મુળનુખોમાંથી અપભ્રંશ થઈ ગયેલ છે. જ્યારે આ નુખોનો ઉપયોગ કરવા વાળાને ઉપરનુખના આધારે મુળનુખની ખબર નથી અને ગૌત્રની પણ ખબર નથી. જ્યારે આ નુખો લેવા-ચોવીસી, વાગડના લેવા અને સૌરાષ્ટ્રના કડવા લેવામાં ગણી બધી છે.

(સંદર્ભ : સૌરાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન કચ્છના ગામોની જાણકારીથી ભુજ-ચોવીસી ના ઈતિહાસથી વાગડના લેવા પાટીદાર સમાજથી અને સૌરાષ્ટ્રના માણાવદરમાં વસવાટ કરતા પત્રકારો તથા બારોટના ચોપાડાના આધારેથી નુખોની જાણકારી લેવામાં આવી છે.

ભારત માં અન્ય રાજ્યોમાં કુર્મિ ક્ષત્રિયો (કણબીઓ)

ભારતમાં બધાજ પ્રાંતોમાં કુર્મિવંશ ક્ષત્રિયો નું સ્થાન એક સરખું રહ્યું નથી. આ જ્ઞાતિના સ્થાનનો આધાર તે સયમના પ્રદેશના શાસકો અને સમાજ રચના ઉપર રહ્યો છે. પરંતુ મહારાષ્ટ્ર ને ગુજરાત માં આ જાતિ ઉજળીયાત ગણાય છે. પણ મહારાષ્ટ્ર માં મરાઠા શિવાય કુનબી પછાત જાતીમાં ગણાય છે. ટ્રાઈમ્બસ એન્ડ કાસ્ટસ ઓફ ધ સેન્ટ્રલ પ્રોવિઝન્સ ઓફ ઈન્ડિયામાં જણાવ્યા મુજબ મરાઠા જાતિ કુનબી, ગડરીયા અને ગ્વાલા સમાજ દ્વારા ઉભી થઈ છે.

મહારાષ્ટ્ર માં મરાઠા અને કુનબી પાટીદારો

છત્રપતિ શિવાજી (મહારાષ્ટ્ર) માં મહારાજ પોતે કુર્મિ હતા. તેવું ઇતિહાસ કાર હંટરે નોધ્યું છે. શિવાજી ઉપરાંત સતારાને ગવાલીયરના મહારાજી સિંધીયા પણ કુર્મિ હતા. કુનબી અને મરાઠા શબ્દો આજે પણ પુના જીલ્લામાં ભેદભાવ વગર વપરાય છે.

- વિદર્ભ પ્રદેશમાં કૃષ્ક, કુલબી, કુલમ્બી તરીકે ઓળખાતો લોકો મોટી સંખ્યામાં રહે છે. મહારાષ્ટ્રમાં વિદર્ભ ઉપરાંત ખાન દેશ, મરાઠાવાડા એ કોકણ આ પ્રજાને કુણબી નામથી ઓળખવામાં આવે છે. મરાઠા, દેશમુખ, પાટીલ, પવાર પણ કુનબી છે. પ્રિન્સીપલ નેશન ઓફ ઈન્ડીયા ગ્રથમાં જણાવ્યા મુજબ મરાઠા ખેતી સાથે સબંધ રાખનાર કુનબી અંહીની પ્રધાન જ્ઞાતિ છે જે ઉત્તર ભારતના કુર્મિઓથી જુદી નથી.

- મહારાષ્ટ્રમાં પટેલ શબ્દનો અપભ્રંશ થયો છે. ''પાટીલ'' પરિણામે કુર્મિ જાતીના ઘણા લોકો કડવા લેવા પાટીલ તરીકે ઓળખાય છે. મરાઠા કુનબીની અટક દેશમુખ, ભોંસલે, પાટીલ, શિંદે, ચૌહાણ, રાણે, સાઠે, રાવત, કાકડે, કદમ, નિકમ, ગાયકવાડ, જગતાપ, જાદવ, થારોત, દલની, પરદેશી, પાનસર, પીંગળે, મોરે, લાવશે, સાવત, તેંદુલકર, પંવાર અને અન્ય શાખાઓ પણ ચાલે છે. મહારાષ્ટ્રમાં ખાનદેશ વરાર, મરાઠાવાડા, નાશીક, યેવલા વિગેરે વિસ્તારમાં ગુજરાતી પટેલોનો વસવાટ છે.

''કર્ણાટકના કુર્મિઓ''

કર્ણાટકમાં નાયડુ અટક ધરાવતા ''વોકીલીંગર'' લોકો પોતાને કુર્મિની એક જ્ઞાતિ માને છે. ઈ.સ. ૧૯૦૯માં ચુનાક (યુપી) અખિલ ભારતીય કુર્મિક્ષત્રિય અધિવશેનમાં ઉપસ્થીત રહેલ કર્ણાટકના બરીસ્ટર બી નાગપ્પા એ પોતના સંબોધનમાં જણાવ્યું હતું કે વોકીલીંગર કુર્મિ છું અને ક્ષત્રિય જાતિનું એક અંગ છું. ત્યારે મારી જાતીની કોઈની પાસેથી પ્રમાણ પત્ર લેવાની જરૂરત નથી.

ઉત્તર પ્રદેશના કુર્મિઓ

ઉત્તર પ્રેદશ કુર્મિઓનો ગઢ ગણાય છે. ઉત્તર પ્રદેશના મોટા ભાગના જીલ્લામાં કુર્મિઓ જુદી જુદી અટક દ્વારા ઓળખાય છે. આ પ્રદેશનના કુર્મિઓની પંદરસો અટકો છે.અને જણાવેલ ઉપ-અટકથી ઓળખાય છે. મુખ્ય અટકો આ પ્રમાણે છે. ગંગવાર, જયસવાર, પટનવાર, ઉત્તમ, ચંદોલ, કનોજીયા, ઉમરસવ, નિરં જન, મલ, રાઠોળ, રાવત, ચંદુવંશી અથૈયાર, ચનૌ, સેંઘવાર, વૈશવાર, ગુજરાતી, ખેરવિંદ, પતરીયા, સિંગરોર, મંહતો, ગયેલ, મઉઆર, સવકીયા, સચાન, ચૌધરી, વર્મા, વિગેરે. ઉત્તર પ્રદેશમાં ગુજરાતી પટેલો ગુજરાતી વર્મા, ચૌધરી અને દેશી પટેલ તરીકે ઓળખાય છે. લેવા - કડવાનો ભેદનથી પરિણામે અંહીના કુર્મિઓ યોગ્યતા, સામાજીક સ્થિતિ જોઈને લગ્ન સંબધો જોડે છે

પશ્ચિમ બંગાલના કુર્મિઓ

''પશ્ચિમ બંગાલના કુર્મિઓ બંગાલમાં મેદનીપુર જીલ્લામાં કુર્મિઓનો મુખ્ય ધંધો ખેતી છે. અને તેઓ અધર્જન જાતીના છે. બાંકુડા જીલ્લાના કુર્મી જંગલ પેદાશ એકઠી કરી તેને વેચવાનો ધંધામાં રોકાયેલા છે. પશ્ચિમ બંગાળના સિહભુમ, ઝાર, ગામ મિદનાપુર, બાંકુડા, દિનાજપુર, મયુરભંજ, બોનાય, બ્રાહ્મણો અને કયોઝર જીલ્લામાં આ કુર્મિઓ પોતાની નામની પાછળ મંહતો શબ્દનો ઉપયોગ કરે છે. આ પ્રદેશમાં વસવાટ કરતાં કુર્મિઓની ભાષા કર્માલી છે. તેની સાથે બંગાલી ભોજપુરી મૈથિલી તેમજ હીંદી ભાષા છે.

''મધ્ય પ્રદેશના કુર્મિઓ''

મધ્ય પ્રદેશમાં વસવાટ કરતા કુર્મિઓ ગુજરાત મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ થી આવી સ્થિર થયા છે. મધ્ય પ્રદેશમાં બે પ્રકારના પાટીદારોનો વસવાટ છે. એક ગુજરાતથી ગયેલ પાટીદારો છે તની અલગ સમાજ છે. અને દસ લાખની આબાદી છે. જ્યાં બીજી સમાજ કુર્મિ ક્ષત્રિઓની છે જે ખાસ કરી ઉત્તર ભારતમાં થી આવેલા છે. મધ્ય પ્રદેશમાંના ગુજરાતથી આવેલ કણબી પટેલો 'પાટીદાર'ના નામથી ઓળખાય

છે. જ્યારે કુર્મિક્ષત્રિઓ, કોહરા, દેશીઅથ, તિલ્લોહી, રાઠોડ, પરિહાર, ગવેલ, ખેર, મનવર, પ્રદેશી, કુર્મિ કનૌજીઆ, ચંદ્રનાહું તરીકે ઓળખાય છે.

-બુંદેલ ખંડ વિસ્તારમાં આવતા જબલપુર સતના, સાગર, રીવા, કુસમરીયા, હૌશંગાબાદ, દમોહ, વિસ્તારમાં વસવાટ કરતાં કુર્મિઓ પટેલ, ચૌધરી ચોરે ગોર તરીકે ઓળખાય છે. ઈન્દોર, શીવપુરી ભીંડ, ગવાલીયર, દેવાસ ઉજ્જૈન, રતલામ, મંદસોર, વિસ્તારના કુર્મિઓની અટક દેશમુખ ચૌધરી, સિંહ, વર્મા, સનધાવા, મુહાતી, નાહર મુખ્ય છે.

આસામના કુર્મિઓ

સતરમી સદીમાં અંગ્રેજો દ્વારા સ્થાપિત ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ચાના બગાચા માટે બિહાર અવધ અને આગ્રાથી 'ચા' ના બગીચા માટે કુર્મિઓને અહિં લાવી વસાવ્યા. આસામના કુર્મિઓમાં ઉપ જાતિ જોવા મળતી નથી. પરિણામે અહિં વસવાટ કરતા મોટાભાગના કુર્મિઓ મંહતો અથવા ચૌધરી તરીકે ઓળખાય છે અહીંના કુર્મિઓ ઈંટોના ભઠ્ઠાના અને ચાના ધંધ જોવા મળે છે.

આંધ્ર પ્રદેશના કુર્મિઓ

આંધ્ર પ્રદેશમાં વસવાટ કર્તા કુણબીઓ અથવા કુનબી તરીકે ઓળખાય છે. તેઓ ખેડુતો છે અને મોટી જમીનોના માલીક છે. આંધ્ર પ્રદેશના મુળ નિવાસી રેડ્ડી લોકો છે. જેનો ઉલ્લેખ વિશાળ કુર્મિસમાજના એક ઘટક તરીકે જોવા મળે છે. અહીંના મોટા ભાગના કુર્મિઓ મહંતો અથવા ચૌધરી તરીકે ઓળખાય છે. અહીં મોટાભાગના મુળ નિવાસી કાપુ અને રેડ્ડી છે. પરંતુ ઉત્તર ભારતથી આવેલા કુર્મિઓ વર્મા, સિંહ અને ચૌધરી અટકનો ઉપયોગ કરે છે.

ઓરિસ્સાના કુર્મિઓ

ઓરિસ્સાના ૧૧ જીલ્લામાં કુર્મિલોકોનો વસવાટ છે. જે પૈકી ૪ જીલ્લાના કુર્મિમાહત અકટ, ૨ જીલ્લામાં પટેલનો ઉપયોગ કરે છે. અન્ય જીલ્લાના કુર્મિઓ નાયક, રાહુત, પ્રધાન, બોહરા, ચૌધરી, રાણા, રાય અટક ધરાવે છે. આ પ્રદેશના કુર્મિઓ પણ મુખ્યત્વે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. આજે ભારત માં આ રાજ્ય ગંગામજીલ્લામાં ખડાયત ક્ષત્રિય કુષ્ક સમાજ કાર્યરત છે. જેની સાથે કુર્મિકણબી, કુનબી, પટેલ, પાટીદાર, મરાઠા, પાટીલ, રેડ્ડી, કાપુસ, નાયડુ જાતિની પ્રજા આપણાં વંશની છે. તેની જાણ સમગ્ર પટેલ જ્ઞાતિજનો ને કદાચ ખબર ન પણ હોય. આ જાણકારી ઈતિહાસ દ્વારા મળી શકે.

બિહારના કુર્મિઓ

બિહારના કુર્મિઓમાં અવધીયા, કૌચેરા, ચંદેલ, જયસવાર, સમસવાર, ચપરિખ, રમૈયા મુખ્ય છે. ઉત્તર પ્રદેશના જેમબિહારના કુર્મિઓએ પટેલ લખાવવાનું ચાલુ કર્યું છે. બિહારમાં યાદવ, બ્રાહ્મણ જાતિ પછી કુર્મિઓ ત્રીજા ક્રમે આવે છે. બ્રિટીશ લેખક કાન્સિસ બુચવને ઈ.સ. ૧૮૦૯માં લખેલા પોતાના પુસ્તક એન એકાઉન્ટ ઓફ પુર્નિયામાં લખ્યું છે કે, કુર્મિજાતિ પશ્ચિમભારતના શુદ્ધ હિન્દુ છે. મોટા ભાગના ભોજપુર જિલ્લામાંથી આવ્યા છે તથા અન્ય અયોધ્યા અને પશ્ચિમ સોચાર સ્થળોથી આવ્યા છે.

"ગુજરાતના પાટીદારોની ઉત્તર ભારત સમાજની યાત્રા"

શ્રી કવિ પટેલ દિલ્હીવાળા છેલ્લાં પંદર વર્ષથી 'ઉમિયાદર્શન' પરિવાર સાથે જોડાયેલા રહ્યા છે. 'ઉમિયાદર્શન' માસિકને ઉત્તર ભારતમાં ખાસ કરીને દિલ્હી અને આસપાસના પાટીદારોમાં ખૂબ જ લોકપ્રિય બનાવવામાં શ્રી કવિ પટેલનો સિંહફાળો રહ્યો છે.

શ્રી કવિ પટેલના પ્રયાસથી તાજેતરમાં તા. ૮-૧૦-૨૦૦૦ થી તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી ગુજરાતના પાટીદારોનો ઉત્તર ભારતનો પ્રવાસ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ફળદાયી પરિણામો જરૂર આવશે.

ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશના કૂર્મિ પાટીદારો માટેના સંશોધન ગ્રંથો 'પાટીદારો સંશોધન અને પ્રકાશન કેન્દ્ર' અમદાવાદ તરફથી જાણીતા ઈદિહાસવિદ્ ડો. મંગુભાઈ પટેલ ઘણી જ જહેમત લઈ 'પાટીદારોની ગૌરવગાથા' અને 'કૂર્મિ-ક્ષત્રિય પાટીદારોં કા ઈતિહાસ' (હિન્દી)માં ગ્રંથોમાં ભારતભરના કૂર્મિઓ એક જ જ્ઞાતિના છે, માત્ર અટકો જ જુદી છે તેના પ્રમાણિત પુરાવાઓ આપેલા છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ભારતભરના કૂર્મિ સંગઠનો સાથેનો નાતો જોડાયેલો રહે તે માટેના તેમના પ્રયત્નો ચાલુ રહ્યા છે.

શ્રી કવિ પટેલ અને અન્ય અગ્રણીઓના પ્રયાસોથી આવા પ્રયાસો યોજાય તો નજીકથી એકબીજાને સમજી શકાય અને સૌની પ્રગતિ માટેનો સહિયારો પ્રયાસ થઈ શકે.

શ્રી કવિ પટેલનો અહેવાલ આપ સૌને માટે અત્રે પ્રસ્તુત છે. અસ્તુ.

લગભગ ચાર વરસોના કવિ પટેલના સતત પ્રયાસથી ઉત્તર ભારતમાં વસતા ગુજરાતી પાટીદારો અને કૂર્મિ ક્ષત્રીય પાટીદારો અને કૂર્મિ ક્ષત્રિય પાટીદારો વચ્ચે એક બીજાને ત્યાં પ્રવાસ યોજી શકાયો.

ઉત્તર ભારતના પાટીદારોનું એક પ્રતિનિધમંડળ સન ૧૯૯૮ના ગુજરાતના પ્રવાસે આવેલું હતું. આ ઐતિહાસિક પ્રવાસ હતો. આ પ્રવાસ પહેલા ક્યારેય ઉત્તર ભારતના પાટીદારોનો ગુજરાતનો પ્રવાસ થયો ન હતો. પંજાબથી પાટીદારોનું પલાયન થયા બાદ હજારો વરસ પછી આપસી મિલન થયું છે. પાટીદારોનો એક વર્ગ ઉત્તર ભારતની તરફ ગયો. જ્યારે બીજો વર્ગ માલવા થઈ ગુજરાતમાં ગયો હતો. તે પછી આ બંને વર્ગના પાટીદારોનું અત્યાર સુધી મિલન થયું નહોતું.

કવિ પટેલના પ્રયાસ અને કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાના ઊંઝાના સાથ અને સહકારથી શેઠ કેશવલાલ પટેલ, મમીસાહેબ અને સંસ્થાના આમંત્રણને માન આપી, ઉમિયા માતાજીની સંસ્થાન દ્વારા એક ક્રીમ વર્ગનું પ્રતિનિધિ મંડળ દિનાંક ૬-૧૦-૨૦૦૦ના દિવસે ઊંઝાથી ઉત્તર ભારતના પ્રવાસે રવાના થયું. દિલ્હીથી કવિ પટેલ અને કૂર્મિ ક્ષત્રિય પાટીદાર સમાજનું એક પ્રતિનિધિમંડળ આ પ્રવાસમાં જોડાયું.

અમારો પ્રવાસ દિનાંક ૮-૧૦-૨૦૦૦થી દિનાંક ૧૫-૧૦-૨૦૦૦ સુધીનો યોજાયો હતો. જેનો વિગતવાર અહેવાલ આ સમાચાર સાથે આપ્યો છે.

આગરાથી અમારો પ્રવાસ શરૂ થયો અને કાર્યક્રમ મુજબ અમારા પ્રવાસ સાથે ત્યાંની સંસ્થાના પદાધિકારીગણ સતત સાથે રહી અમારું માર્ગદર્શન કરતા હતા. કાર્યક્રમ પ્રમાણે સવારના ચારે વાગે ઉઠી નિત્યક્રમ પછી અમારો ૬ થી ૭ કલાક પ્રવાસ ચાલુ થઈ જતો. શહેર અને ગામોમાંથી જ્યારે અમો પસાર થતા ત્યારે સડકની બંને બાજુ હજારોની સંખ્યામાં પાટીદાર ભાઈઓ તથા સ્થાનિક ભાઈ-બહેનોનાં ટોળાં થઈ જતાં અને અમારાં પ્રવાસને નિહાળતાં અને સુખદ-આશ્ચર્ય વ્યક્ત કરતાં. કાર્યક્રમમાં જણાવ્યા પ્રમાણે દરેક જગ્યાએ તોરણો તથા સ્વાગત ગેટ બનાવી અમારું ખૂબ જ ધામધૂમથી સ્વાગત કરતાં. અમારો પ્રવાસ બહુ જ ઝડપી હતો. કાર્યક્રમમાં જણાવ્યા છતાંય અમારા પ્રવાસના માર્ગ પર દરેક ઠેકાણે સ્વાગત ગેટ તથા નાની મોટી સભા દરેક પાટીદારોનાં ગામોમાં તથા શહેરોમાં યોજાતી અને તેઓ બહુ જ લાગણીમાં આવી ભાવ-વિભોર થઈ અમારું સ્વાગત કરતાં અને ગુજરાતના પાટીદારોને પોતાના મોટા ભાઈ ગણી તેઓ પોતાની વ્યથા રજૂ કરતાં. દરેકે ઠેકાણે અમારું સ્વાગત ફૂલહારની સાથે બંદૂકોના અવાજથી થતું.

અહીંયા યુ.પી.ના પાટીદારો બધી જ રીતે સુખી છે. પણ ભયમય વાતાવરણમાં જીવી રહ્યા છે. બંદૂકો રાખે છે. આપસમાં કોઈ સમાજ-સંગઠન એકતા તથા સંપ જેવું ન હોવાના કારણે એક બીજાના વેરી બની ગયા છે. સામાજિક વાતાવરણ નથી. શિક્ષણમાં કદાચ આપણાં કરતાં આગળ છે. પણ છાત્રાલયો ક્યાંય નથી. તેઓ આરક્ષણમાં આવે છે. સરકારી લાભો મળે છે. રાજકારણમાં પણ સારું વર્ચસ્વ ધરાવે છે.

પણ ભય અને તનાવભર્યા વાતાવરણમાં જીવી રહ્યા છે. જેથી કરીને તેઓનો શારીરીક વિકાસ નથી, માણસોના ચહેરા ઉપર નૂર નથી અને હંમેશા ત્રાસભર્યા વાતાવરણમાં જીવી રહ્યા છે. અમારા પ્રવાસના કારણે તેઓ ખુશી અને આનંદમાં આવીને પોતાનું દુઃખ ભૂલી અમારા સ્વાગત અને માન-સન્માનમાં હરવખત અમારી સાથે રહેતા અને અમારો ખ્યાલ રાખતા. ખાસ જાણવા જેવું છે કે તેઓ પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી, ઊંઝાને પોતાની કુળદેવી માને છે. આખા ઉત્તર ભારતમાં કુળદેવીનાં મંદિરો ઘર ઘરમાં શરૂ થઈ ગયા છે. પૂજા-પાઠ થવા લાગ્યા છે. અને ઊંઝા માતાજીને ત્યાં તેઓ દર્શનાર્થે આવવા લાગ્યા છે. માતાજીમાં અગાધ શ્રદ્ધા રાખે છે અને તેમની છત્રછાયામાં પાટીદારો એક થઈ સુખદ જીવન જીવવા માગે છે.

દરેક ઠેકાણે સરદાર વલ્લભભાઈ પટેલના નામની સેંકડો શિક્ષણ સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને પટેલ સેવા સંસ્થાઓ જોઈ અમોને આનંદ થયો. સરદાર વલ્લભભાઈ પટેલને તેઓ પોતાના નેતા માને છે. અને તેઓના બતાવેલા માર્ગ પર ચાલી પટેલમય બનવા માગે છે.

અમારા આઠ દિવસના પ્રવાસમાં ૨૧ જિલ્લા સાથે ૪૨ ગામોનો પ્રવાસ કર્યો. આ બધા પાટીદારોનાં ગામો હતા.

પ્રવાસ દરમ્યાન ત્યાંના મિનિસ્ટરો, સાંસદો, વિધાનસભ્યો, જિલ્લા પ્રમુખો, તાલુકા પ્રમુખો અને ગામના સરપંચ સુધીની મુલાકાતો થઈ. યુ.પી. માં વસતા અને બિહારમાં વસતા કૂર્મિ પાટીદારોની વસતી અંદાજે દસ કરોડની છે. દેશમાં વસતા અને વિવિધ બોલી બોલતા પાટીદારોની વસતી ૨૦ કરોડ છે.

યુ. પી. માં ગુજરાતી પાટીદારો

કવિ પટેલના પ્રવાસ દરમ્યાન યુ.પી.માં વસતા ગુજરાતી પાટીદારોની મુલાકાત થઈ. પ્રવાસ દરમ્યાન અચાનક એક ગુજરાતી પટેલની મુલાકાત થવાથી કવિ પટેલે તેમની પાસેથી ગુજરાતી પટેલો, એમનો વિસ્તાર અને ક્યારે આવ્યા અને ગુજરાતમાં કયા ઠેકાણેથી આવ્યા. વગેરે માહિતી મેળવી, તેમની શોધ-સંશોધન કરેલ છે.

એમના કહેવા પ્રમાણે યુ.પી.માં ગુજરાતથી આવેલ પટીદારોના આગમનને આજથી બસો થી ત્રણસો વરસ થયાં છે. ગુજરાતના ચરોતર-ખેડા વિભાગ-કાઠિયાવાડ અને ઉત્તર ગુજરાતથી ગયેલ પાટીદારો પ્રથમ માળવા-ઉજ્જૈન ગયા ત્યાં ગમે તે કારણોથી, જમીન ન મળવાથી અથવા દુષ્કાળ યા સ્થાનિક કનગડતથી તેઓ પોતાના રસાલા સાથે, હજારો પરિવાર સાથે ગંગા, યમુના સરયુ વગેરેના દોઆબ ક્ષેત્રના ફળદ્રુપ વિસ્તારમાં ગયા. ત્યાં પુષ્કળ પાણી અને ખેતી લાયક ફળદ્રુપ જમીન જોઈ ત્યાં પોતાનો વસવાટ કર્યો. ખેતી લાયક આ જમીન તેઓને માફક આવી જતાં કાયમ માટે વસવા લાગ્યા. આવી જ રીતે ગુજરાતમાંથી પણ તેઓ જણાવેલ કારણોથી પ્રસ્થાન કરેલ છે. તે વખતે આવા ગમનના સાધનો ન હોવાના કારણે ગુજરાત સાથે સંબંધ રાખી ન શક્યા. પરંતુ અત્યારે તેઓ ગુજરાતી પટેલ તરીકે ઓળખાય છે. અને રોટી-બેટી વહેવાર ગુજરાતીઓ સાથે જ કરે છે. વ્યસનો, દહેજ, બારમા (પ્રેત-ભોજન), બાળ લગ્નો જેવા રિવાજો હજી પણ છે. બધી રીતે સાધનસંપન્ન હોવા છતાં આર્થિક રીતે પછાત છે. શહેરમાં ભણેલા પરિવારની હાલત સારી છે. બધા ઉચ્ચ હોદા ઉપર છે. પણ ગામડામાં ખેતી સારી હોવા છતાં અસામાજિક તત્વોના દબાણના કારણે તેઓ આર્થિક રીતે આગળ નથી આવી શકતા. મા-ઉમિયાને પોતાની કુળદેવી ગણી ઘર-ઘરમાં મંદિરો બનાવી આરાધના કરે છે. ગુજરાતી પટેલો હોવાના કારણે અમારી સાથે તેઓની આત્મીયતા એટલી બધી વધી ગઈ કે ત્યાંથી જવાનીરજા લેતી વખતે ભાવવિભોર થઈ આંખોમાં ગંગા-જમના-સરયૂના નીર વહેવા લાગ્યા.

આ પ્રવાસ દરમ્યાન આંબેડકર નગર જિલ્લા તથા અયોધ્યા, ફૈઝાબાદ, આજમગઢના ગુજરાતી પટેલોના વિસ્તારમાં રાહુઆરા ગામમાં જે ગુજરાતી બેલ્ટનું સેન્ટરનું ગામ છે ત્યાં તમામ ગુજરાતી પટેલો તરફથી એક મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ પાંચ થી છ હજાર પટેલો એકઠા થયા હતા. લગભગ છ વાગે અમો આ ગામમાં પહોંચ્યા હતા. વાજતે-ગાજતે ફૂલહારથી અમારું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાં સ્થાનિક ભાઈના કહેવા પ્રમાણે મોટા મિનિસ્ટરો આવે તોયે આટલી બધી માનવમેદની ભેળી થતી નથી.

અવધ રાજ્યના ઉપર જણાવેલ જિલ્લાના આ બેલ્ટના ૧૫૦ ગામો ગુજરાતી પટેલોનાં છે. તે સાથે બસ્તી- ગોરખપુર અને નીચે જણાવેલ યુ.પી.ના જિલ્લામાં પટેલોની આબાદી પાંચ લાખ ગુજરાતી પટેલોની છે. ટોટલ ગુજરાતી પટેલના ૨૩૬ ગામો અને ૫ શહેર છે. લગભગ રાતના અઢી વાગ્યા સુધી કાર્યક્રમ ચાલ્યો. ત્યાંના પટેલ અગ્રેસરોએ અમારું બધાને શાલ ઓઢાડી સન્માન કર્યું. અને એક જ પરિવારની જેમ અમારી હર સુવિધાનો ખ્યાલ રાખીને સેવા કરી અને કાર્યક્રમમાં તેઓએ ત્યાંની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. ગુજરાતી પટેલો વિશે પણ આપવીતી સંભળાવી-વિચારોની આપ-લે થઈ અને ખૂબ જ આનંદમય વાતાવરણમાં આ સભા પૂરી કરવામાં આવી.

ગુજરાતથી બે હજાર કિલોમીટર દૂર ગુજરાતના પાટીદારો જેઓ આજથી અઢીસો ત્રણસો વરસ પહેલાં ઉત્તર ભારતમાં ગયા છે છતાં તેઓ આજ પણ પોતાને ગૌરવથી ગુજરાતી પટેલો કહેવડાવે છે.

ઉત્તર ભારતમાં જ્યાં ગુજરાતી પાટીદારો વસે છે તે જિલ્લાના નામો આ પ્રમાણે છે. :

યુ.પી.માં, અયોધ્યામાં, બનારસમાં, અલ્હાબાદ, જોનપુર, ગોરખપુર, બસ્તી, ફૈઝાબાદ, આગરા, ઈટાવા, બહરાઈમ, ગૌડાં, સુલતાન, દહેરાદૂન અને મુખ્ય જિલ્લો આંબેડકર છે. બરેલી, આઝમગઢ, નેપાલ.

ટોટલ ગુજરાતી પાટીદારના ૨૩૬ ગામો છે.

નેપાળના મેદાની ભાગમાં ગુજરાતી પટેલો વસે છે.

અંતમાં અમારા પ્રવાસનો વિસામો બરેલી ખાતે હતો. ત્યાં અમારા પ્રવાસના લેખા-જોખાનો હિસાબ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. સ્થાનિક પાટીદાર સમાજ તરફથી પણ પોતાનો ઈતિહાસ જણાવ્યો. અને અંતમાં આ સમાપન પ્રવાસમાં ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી શેઠ કેશવલાલ તથા અજંતા કલોકના માલિક ઓ. આર. પટેલ અને મણિભાઈ મમીના હસ્તે કવિ પટેલનું સન્માન કરવામાં આવ્યું. દિલ્હીથી આ પ્રવાસમાં સાથે રહેનાર કૂર્મિ પાટીદારના પ્રમુખ શ્રી સી.બી.સિંહ તથા મંત્રીશ્રી પી.સી.આર. પટેલ, સંગઠનમંત્રી શ્રી પી.સી. કટીયાર તથા સી. લાલ, પટેલ, ડૉ.અરૂણ, સમાન ચૌધરી પ્રતાપ વર્મા, શ્રીમતી પ્રેમલતા પટેલનું સન્માન કરવામાં આવ્યું.

ખાસ નોંધ રાખવાની વાત એ છે કે ગુજરાતી પટેલોના ગામમાં ઉમિયા માતાજીના મંદિરની શેઠ કેશવલાલ અને ઓ.આર.પટેલના હસ્તે આધારશિલા સ્થપાઈ અને ગુજરાતી પટેલોના રાહુઆરા ગામમાં જ્યાં ગુજરાતી પટેલોનો બાહુલ ઈલાકો છે અને જ્યાં અમારી મિટિંગ ચાલી હતી તે ગામમાં પણ ઉમિયા માતાજીના એક હોલની આધારશિલા પ્રસ્થાપિત કરાઈ હતી. શેઠ કેશવલાલ અને ઓ.આર.પટેલના હસ્તે દિનાંક ૧૪-૧૦-૨૦૦૦ની રાત્રે અમારો પ્રવાસ પૂરો થયો હતો. અને તા. ૧૫-૧૦-૨૦૦૦ના સવારમાં અમારી પ્રવાસ યાત્રા પૂરી કરી માતાજીના જયઘોષ સાથે અને સરદાર પટેલના જયઘોષ સાથે અમારી વણઝાર વતન ભણી પાછી ફરી હતી.

ગુજરાતના પ્રતિનિધિ મંડળમાં બધાં જ ક્રીમ વર્ગના ભાઈબહેનો હતાં. અને સૌનું મોટું યોગદાન હતું. આ તમામ પ્રવાસ આયોજનની રૂપરેખા માર્ગદર્શન, નિર્દેશક મણિભાઈ (મમી)નું હતું. યાત્રા સુખ-શાંતિથી પૂર્ણ થઈ હતી.

આ પ્રવાસની પ્રવાસ પુસ્તિકા (ઈતિહાસ) સાથે આવેલ ઈતિહાસ લેખક ડૉ. મફતલાલ પટેલ, ડૉ. અમૃત પટેલ, મહેશ ચાંગેલા, શ્રી સોમાભાઈ પટેલ તથા બાબુભાઈ વાસણવાળા મળીને લખશે. જેમાં પ્રવાસમાં યોગદાન આપનાર ભાઈઓનો સમાવેશ કરવામાં આવશે. જય માતાજી.

ગુજરાત સાથે યુ.પી.નો નાતો જોડનાર સેતુ શ્રી કવિ પટેલ !

આમ તો કચ્છી પાટીદારો ભારતના ખૂણે ખણે ફેલાયેલા છે. ખાસ કરીને મધ્ય અને દક્ષિણ ભારતમાં વિશેષ છે. ઉત્તર ભારતમાં પ્રમાણમાં ઓછા છે. પંજાબ-હરિયાણાં ખૂબ ઓછા છે. દિલ્હીમાં વસવાટ છે. ભાઈ કરસન વિશ્રામ પટેલ એ નામથી તેમને ખાસ કોઈ ઓળખે નહિ, પણ કવિ પટેલશ્રી સૌ કોઈ ઓળખે. એવા આ કચ્છી ભાઈ તેમના પિતાશ્રીના વખતથી દિલ્હીમાં વસે છે.. તેઓ લાકડાના ફર્નીચરનો ધંધો કરે છે. પહેલા તેમના પિતાશ્રી દીલ્હીમાં હતા. કવિ પટેલું ચંદીગઢ ખાતે ભણતર તો પંજાબ મેટ્રીક સુધીનું જ છે. બાદમાં તેઓ દિલ્હી આવ્યા. અહીં તેઓ તેમના પિતાશ્રીનો બાપીકો ફર્નીચરનો ધંધો કરવા લાગ્યા.

આમ તો તેમનો જીવ કવિનો છે. એટલે તેઓ સંવેદનશીલ અને ભાવનાવાળા છે. દિલમાં જે ઉગે તેને કાગળ પર ઉતારે. ઘણા લેખ અને કવિતાઓ લખી છે. તેમના લખાણમાં સમાજની ગતિ વિધિઓનો ચિતાર જોવા મળે છે. કચ્છ પોતાનું વતન-તો માટેનો અનહદ પ્રેમ, છતાં કચ્છીઓને પોતાના અને પરિવારના નિભાવ માટે વતન છોડવુ પડે છે. મોટા ભાગના કચ્છી પાટીદારો કચ્છ બહાર વસે છે. આઝાદી પહેલાં તેઓનો કરાંચીમાં ખૂબ વસવાટ હતો. ભાગલા વખતે ઘણાઓએ ત્યાં જીવ પણ ખોયો છે. આ તો એક કચ્છી ભાઈની ચીલાચાલુ વાત કરી. પણ આપણા ભાઈ કવિ પટેલની ખાસ વિશેષતા છે.

દિલ્હીમાં તેમનો નાનો સમાજ હોવાથી કવિ પટેલ સંશોધનમાં પડ્યા. તેઓ આમ તો સાહિત્યના જીવ હોવાથી તેમણે જોયું કે ઉત્તર ભારતમાં વસતા કુર્મિક્ષત્રિયો પણ આપણા ભાઈઓ જ છે. આપણે જેમ પંજાબથી ગુજરાત અને ગુજરાતથી કચ્છ ગયા. તેમ ઉત્તર ભારતમાં ફેલાયેલા કુર્મિક્ષત્રિયો પણ પંજાબ છોડી ઉત્તર ભારતમાં ફેલાયા હતા. તેઓ પણ આપણા મૂળ પરિવારનો જ એક ભાગ છે. આથી તેમના દિલમાં કુર્મિઓ માટે ભાઈચારાની લાગણી પેદા થઈ. તેમનું મનોમંથન ચાલવા લાગ્યું. આ ભાઈઓ સાથે કેમ કરી પરિચય કેળવાય અને ભાતૃભાવ પેદા થાય તે માટે વિચારવા લાગ્યા. તેઓ દિલ્હીમાં ભાઈઓને મલ્યા. તેમની સાથે ભાઈચારાની વાત કરી. તે દરમિયાન તેમનો પરિચય શ્રી દિલાવરસિંહ જયસ્વાર (હવે પટેલ) સાથે થયો. તેઓ તે વખતે કુર્મિત્રિય સમાજ દિલ્હીના અધ્યક્ષ હતા. જેમણે "कूर्मि चातना के सौ वर्ष" નામનું પુસ્તક લખ્યું હતું. જેમાં કુર્મિક્ષત્રિય પાટીદારોના છેલ્લા સો-સવાસો વર્ષોથી દેશભરમાં ક્યાં ક્યાં સંમેલનો મલ્યાં અને ગુજરાતના આગેવાનો કયાં પ્રમુખસ્થાને રહ્યા તેની વિગતો અને અહેવાલો રજૂ કર્યા છે. તેમણે પણ ઘણું ઐતિહાસિક સંશોધનાત્મક સાહિત્ય લખ્યું છે. તે બંને વચ્ચે ગાઢ સંબંધ થયો. તેમણે દિલ્હીના કેટલાક મિત્રોનું એક સંગઠન કર્યું. આ દિલાવરસિંહ પટેલ દ્વારા શ્રી કવિ પટેલ દિલ્હીમાં વસતા ઉત્તર પ્રદેશના કુર્મિ પાટીદારોને ગુજરાતના પાટીદારો સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. તેમણે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખશ્રી કેશુભાઈ શેઠના આમંત્રણથી તા. ૨૪-૪-૧૯૯૫ના રોજ કવિ પટેલ, ડૉ. દિલાવરસિંહ અને શ્રી સતિશચંદ્ર ગંગાવર ઊંઝા મુલાકાતે આવ્યા. આ ઉત્તર ભારતના કુર્મિ પાટીદારોની શ્રી ઉમિયા માતાજી-ઊંઝાની પહેલી મુલાકાત હતી. જેમાં શ્રી કવિ પટેલ સેતુ બન્યા હતા. તેમણે ગુજરાત જોયું. તે પછી આ લોકોએ ગુજરાતનો સંપર્ક ચાલુ રાખ્યો. તે બાદ તા. ૨૮-૨-૧૯૯૬ના રોજ ડો. દિલાવરસિંહ પટેલ અને શ્રી કવિ પટેલ મધ્ય પ્રદેશમાં રાઉ-રંગવાસા ખાતે એક સમારંભમાં ગયા. જો કે મધ્યપ્રદેશનો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સાથે સંપર્ક ચાલુ થઈ ગયો હતો. હવે સંપર્ક વધી રહ્યો હતો. તા. ૮/૯-૩-૧૯૯૭ના રોજ અમદાવાદ-સોલા ખાતે અખિલ ભારતીય પાટીદાર સમાજ ત્રીજા અધિવેશનમાં પણ ડો. દિલાવરસિંહ પટેલ અને શ્રી કવિ પટેલ ખાસ આમંત્રિત તરીકે હાજર રહ્યા.

તે બાદ શ્રી કવિ પટેલના સતત પ્રયત્નોથી કુર્મિક્ષત્રિય સમાજ દિલ્હીએ ગુજરાતના મુખ્ય આગેવાનોને દિલ્હી

બોલાવ્યા. તે વખતે મુશળધાર વરસાદ હોવાથી રેલ વ્યવહાર બંધ થઈ ગયો હતો. ગુજરાતના આગેવાનોએ દિલ્હીના ભાઈઓની લાગણી જોતાં તેઓ વિમાન મારફતે દિલ્હી પહોંચ્યા. આ નાનકડા પ્રતિનિધિ મંડળમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલની આગેવાનીમાં શ્રી મણીભાઈ મમ્મી, ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ પટેલ અને શ્રી રણછોડભાઈ પી. પટેલ હતા. તે દિવસ હતો. તા. ૫-૭-૧૯૯૫. આ પ્રતિનિધિ મંડળ દિલ્હી ખાતે નવિન લાગણીસભર નાતો બંધાયો. તેમણે આ દિલ્હીના સમાજના ૫૦/૬૦ આગેવાનોને ઊંઝા આવવા આમત્રિત કર્યા. પરિણામે તા. ૧૧-૯-૧૧૯૮ થી તા. ૧૭-૯-૧૯૯૮ દરમિયાન દિલ્હીથી ૪૬ પ્રતિનિધિઓ જેમાં પુરૂષો-સ્ત્રીઓ અને બાળકોનો સમાવેશ થતો હતો. ગુજરાત ભ્રમણ યાત્રા કે સમાજયાત્રા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સ્ટેશન પર અને માતાજીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ અને ગુજરાતભરમાં ફેરવી ગુજરાતની વિકાસયાત્રાના દર્શન કરાવ્યા. આ દિલ્હી પ્રતિનિધિ મંડળમાં મુખ્યત્વે નીચેના પ્રતિનિધિઓ હતા.

૧.	ડૉ. દિલાવરસિંહ પટેલ કુર્મિક્ષત્રિય સમાજ - દિલ્હી	અધ્યક્ષ
૨.	શ્રી પી.સી.આર. પટેલ કુર્મિક્ષત્રિય સમાજ - દિલ્હી	મહામંત્રી
૩.	શ્રી રાજેન્દ્રસિંહ કુર્મિક્ષત્રિય સમાજ - દિલ્હી	કાર્યકારી અધ્યક્ષ
૪.	શ્રી સી.બી. સિંહ અખિલ ભારતીય કુર્મિક્ષત્રિય મહાસભા	ઉપાધ્યક્ષ
૫.	શ્રી રાજકુમારસિંહ કુર્મિક્ષત્રિય વિકાસ સંસ્થાન-દિલ્હી	અધ્યક્ષ

આ પ્રતિનિધિ મંડળ ગુજરાતના વિકાસને જોઈ ખૂબ જ પ્રભાવિત થયું. ગુજરાતનું આતિથ્ય માણી દિલ્હી ગયા બાદ આ કુર્મિ ભાઈઓને ઈચ્છા થઈ કે હવે ગુજરાતનું એક પ્રતિનિધિ મંડળ યુ.પી.ના પ્રવાસે આવે. તેમણે શ્રીકવિ પટેલ મારફતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ખાતે ગુજરાતના આગેવાનોનો સંપર્ક કર્યો. પરિણામે શ્રી કેશુભાઈ શેઠે હકારાત્મક પ્રતિભાવ આપ્યો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ગુજરાતના જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતા પાટીદાર આગેવાનોને તૈયાર કરી એક લક્ઝરી બસ દ્વારા કુલ ૫૫ આગેવાનોની એક સમાજયાત્રા યુ.પી.ની મુલાકાતે યોજવામાં આવી. તા. ૭-૧૦-૨૦૦૦ થી તા. ૧૫-૧૦-૨૦૦૦ દરમિયાન કુલ નવ દિવસ યુ.પી.ના જુદા જુદા વિભાગોમાં મુલાકાત કરવામાં આવી.

યુ.પી.માં યાત્રા દિલ્હીથી શરૂ થઈ આગ્રા, ઈટાવા, બુધોલી, પુખરાયા, કાનપુર, ફતેપુર, અલ્હાબાદ, વારાણસી, આંબેડકરનગર આઝમગઢ, ગોરખપુર, સંત કબીર નગર, બસ્તી, ફૈઝાબાદ (અયોધ્યા), બારાબાંકી, લખનૌ, સીતાપુર, લખીમપુર, ગોલા અને છેલ્લે બરેલીથી ગુજરાત પરત થયા.

યુ.પી. ખાતે હર જગ્યાએ આગેવાનોએ ગુજરાતના સામાજિક વ્યવસ્થાનો, વિકાસનો અને ભવ્યતાનો ખ્યાલ આપવામાં આવ્યો. ગુજરાતના ધંધા-રોજગાર, ડેરી વિકાસ, શિક્ષણનો વ્યાપ, સામાજિક રીત રિવાજો - ખાસ કરીને દહેજ વગરના લગ્નો, કન્યા કેળવણી, દારૂબંધી, વ્યસનમુક્તિનો ખ્યાલ આપ્યો. ખાસ તો કોર્ટ-કચેરી સિવાય ઝઘડાઓનો નિકાલ અંદર અંદર જ્ઞાતિના આગેવાનો દ્વારા થતા ઉકેલ, ખેતીવાડીની આધુનિક રીતો વિશે એમ દરેક બાબતોનો ખ્યાલ આપવામાં આવ્યો. આથી ત્યાંનો સમાજ ખૂબજ પ્રભાવિત થયો. તેઓ પોતાની જુદી જુદી અટકોને બદલે પટેલ કે પાટીદાર અપનાવવા લાગ્યા. આઝમગઢ જીલ્લાના રાહુવર-બદૌલીમાં શ્રી રામસકલસિંહ પટેલના પ્રયત્નોથી સૌ પ્રથમ યુ.પી. ખાતે દહેજ વગર ૮૫ જોડા સમૂહલગ્ન એક જ જગ્યાએ થયાં. જેમાં યુ.પી. સરકારના

આઠ પ્રધાનો અને ઘણા બધા યુ.પી.ના આગેવાનો આ લગ્નો જોવા હાજર રહ્યા. ઊંઝાથી પણ એક પ્રતિનિધિ મંડળ ત્યાં ગયું હતું. આ સમાજયાત્રાનો પ્રભાવ ખૂબ વધ્યો. ફતેપુર-બડાગાંવ ખાતે કુલદેવી શ્રી મા ઉમિયાનું મંદિર પણ બન્યું. આમ તો ગુજરાતનો યુ.પી.નો નાતો જોડાયો. જેના સેતુરૂપ શ્રી કવિ પટેલ બન્યા. તેમને ખૂબ ખૂબ અભિનંદન છે. તેમણે પાટીદાર શક્તિને ઉજાગર કરી છે.

હવે તો વર્ષમાં ત્રણ-ચાર પ્રતિનિધિ મંડળ યુ.પી. શ્રી ઊંઝાથી મુલાકાતે આવે છે અને ગુજરાત દર્શન કરી નવી ચેતના અને પ્રેરણા મેળવે છે.

શ્રી કવિ પટેલ ઊંઝા સંસ્થાનની કારોબારીના સભ્ય પણ છે. તેઓ આજે પણ ભારતભરના પાટીદારોની એકતા માટે કાર્યરત છે. તેઓ ભારતભરતમાં પાટીદાર સંમેલનોમાં કે સમારંભોમાં ખાસ હાજરી આપે છે. તેઓ સર્વને ઊંઝામાં બિરાજમાન જગતજનની આદ્યશક્તિ મા ઉમિયા વિશે અને ગુજરાતના પાટીદારોની વિકાસગાથા વિશે પરિચિત કરે છે. તેમને ઠેકઠેકાણેથી ઘણાં સન્માન અને એવોર્ડ પણ મળેલા છે.

આવા આપણા કવિ પટેલને સમાજની અવિરત સેવા કરવાની મા ઉમિયા શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના ! તેમના આ સમાજ સેવાના કાર્યમાં હરદમ જોતરાયેલા રહે અને મા ઉમિયા તેમને શક્તિ આપે તેવી શુભેચ્છા !

-શ્રી મણીભાઈ આઈ. પટેલ - મમ્મી
-શ્રી સીતારામભાઈ જો. પટેલ
ઊંઝા - ગુજરાત

નેપાળમાં ભારતના ગુજરાતી પાટીદારો

ગુજરાતી પાટીદારો દેશમાં ગુજરાત સિવાય ગુજરાતમાંથી અન્ય સ્થળે સ્થળાંતર કરેલ છે જેમાં મુખ્ય મધ્યપ્રદેશ, માળવા, નિમાડ અને રાજસ્થાનના મેવાડ વિસ્તાર, ઉદયપુર, ચીતોડ, ભીલવાડા તથા ડુંગરપુર, સાગવાડા, યુ.પી. વિગેરે જિલ્લાઓમાં તથા આજુબાજુના ગામડાઓમાં પણ ગુજરાતી પાટીદારો ખેતીવાડી કરે છે. મધ્યપ્રદેશ, માળવા અને રાજસ્થાન નીમાડ વિગેરે પાટીદારોની ભાષા હિન્દી છે અને આ પાટીદારો ઉમિયા માતાજી ઊંઝા સાથે સંકળાયેલા છે અને મિટીંગોમાં આવે જાય છે. તદ્ઉપરાંત દિલ્હી, યુ.પી. માં પણ ગુજરાતી પટેલોની આબાદી છે. યુ.પી.ની ૧૫ જિલ્લામાં લગભગ ૧૨ લાખ ગુજરાતી પાટીદારોનો વસવાટ છે.

- નેપાલની મેદાની વિસ્તારમાં આજે પણ હળ હાંકે છે. યુપી.નો અમુક ભાગ અંગ્રેજોએ નેપાળમાં ભેળવી દીધો જેમાં કુર્મિઓની સાથે આ વિસ્તારમાં વસતી બીજી જ્ઞાતિઓ પણ નેપાળમાં વસી ગઈ.

- આજે પણ નેપાળમાં વસવાટ કરતા ગુજરાતી પટેલોની સંસ્કૃતિ ગુજરાતના પાટીદારો સાથે મળતી આવે છે. તેઓનો વહેવાર યુ.પી.માં વસવાટ કરતા ગુજરાતી પાટીદારો સાથે છે. પ્રસંગે આવે જાય છે. ભાષા હિન્દી છે, શિક્ષણના અભાવથી આ ગુજરાતી પટેલો ખાસ ખેતીનું કામકરે છે. રાજકીય ઉથલપાથલના લીધે કુર્મિઅને ગુજરાતી પટેલો ભારતમાં નોકરી કરવા આવે છે. જીવનધોરણ સાદુ હોવાના કારણે અને ખેતીવાડીમાં પછાત હોવાથી તેઓનું જીવનસ્તર બહુ પાછળ છે અને વેપારીથી ખેતીનું વળતર અડધું મળે છે જેથી કરી આ નેપાલના ગુજરાતી પાટીદારો ઉપર નથી ઉઠી શકતા.

ગુજરાતમાં કણબી-પાટીદારોના વસવાટ અને વિકાસ

- પ્રો. આર. કે. અમીન

નોંધ : પ્રોફેસર આર. કે અમીનના ટૂંકા નામે ગુજરાતમાં ઓળખાતા રામુભાઈ કે. અમીન એક વખતના આપણા પૂર્વ સાંસદ છે. ઈતિહાસ અને અર્થશાસ્ત્ર તથા રાજકારણના તેઓ સારા અભ્યાસી છે. જો હું ન ભૂલતો હોઉં તો તેઓ સ્વતંત્ર પક્ષના સાંસદ હતા. 'જનસત્તા' માં તેઓશ્રી કટાર લેખક પણ હતા.

આ લેખમાં તેમણે સમગ્ર દેશમાં જુદા જુદા નામે વસતા પાટીદારો અંતર્ગત ગુજરાતમાં તેમનું વસવાનું કેવી રીતે બન્યું અને ગુજરાતમાં તેમણે કેવો વિકાસ કર્યો તેની વિગતે વાત કરી છે. વાચકોને તે જરૂર ગમશે.

(૧) અત્યાર સુધી એવી માન્યતા હતી કે ગુજરાતના પાટીદારોને બીજા પ્રદેશોમાં વસતી અન્ય ખેતી કરનાર જાતિઓ સાથે કશો સંબંધ નથી. તેમાંયે ખાસ કરીને લોહીનો સંબંધ તો નથી જ. પરંતુ તે વાત હવે સાચી લાગતી નથી. હવે તો ચોક્કસપણે કહી શકાય તેમ છે કે ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, પં.બંગાળ અને આસામના કૂર્મિઓ અથવા મલ્લ કે કણબીઓ, મહારાષ્ટ્રના મરાઠાઓ અને ખુલવાડીઓ, મદ્રાસના કબુ અથવા વેંગલો, આંધ્રના રેડ્ડીઓ, દક્ષિણના કુલાંબીઓ, બેલગામના કુણબીઓ અને કર્ણાટકના વૈકાલીંગાઓ અને ગુજરાતના કણબી અને પાટીદારો એક જ જાતિમાંથી ઉતારી આવેલાં છે.

(૨) ગુજરાતના કણબીઓ અથવા પાટીદારો તો મૂળભૂત રીતે આર્યપ્રજા છે. ઈ.સ. પૂર્વે ૨૦૦૦ની આસપાસ આર્યોનો આર્યાવર્તમાં સપ્તસિંધુને કાંઠે એટલે કે હાલના પંજાબમાં વસવાટ શરૂ થયો હોય તેમ જણાય છે. તેઓનું આગમન ખાસ કરીને ખેતી માટે હતું. આર્યોના મૂળવતન - પૂર્વ એશિયામાં - ખેતી કરનારને લૂંટનો ભય રહેતો. ખેડૂત તરીકે એ શાંતિ ચાહતો. કાળા સમુદ્રની આસપાસના પ્રદેશોમાં વસતા ખેડૂતો માટે લૂંટનો ખાસ ભય રહેતો એટલે તેઓ શાંતિ મેળવવા અને નિરાંતે ખેતી કરવા - ત્યાંથી ત્રાસીને આર્યાવર્તમાં આવતા હતા. આર્યોના મૂળ વતનમાં કૃષિ ક્રાન્તિ થઈ હતી. ઘઉં અને જવનું વાવેતર ખાસ થતું અને પહાડોમાં જે ઝરણાં વહેતાં હતાં. તેમાંથી સિંચાઈ કરવામાં આવતી. માટે પંજાબ ખૂબ અનુકૂળ પ્રદેશ હતો. અને તેઓ આ પ્રદેશમાં વસવાટ કરવા માંડ્યા. આમેય વસતી વધતી હોવાથી વધુ જમીનની જરૂર હતી. એટલે વધુ જમીન મેળવવા અને લૂંટથી બચવા તેઓ ભારતમાં આવીને વસ્યા. તે વખતે ગંગા-જમુનાનો પ્રદેશ પણ ઉપસી આવતો હતો એટલે ભારતમાં વસવાટ કરવાનું એમના માટે સુગમ હતું.

(૩) આર્યોમાં કાળે કરીને વર્ણવ્યવસ્થા ઊભી થઈ. તેવી પ્રથા ફક્ત ભારતમાં જ હોય તેમ જણાય છે. જો કે માનવી જ્યારે ગુફાયુગમાં હતો ત્યારે આવા વર્ગો પડેલા નહીં. ગુફામાં હતો ત્યારે તેનો નેતા શામન હતો. તે ધર્મનો પણ વડો હતો અને રાજ્યનો પણ વડો હતો. જ્યારે માનવી ગામ વસાવીને મેદાનમાં ઉછર્યો ત્યારે કોઈ ધર્મનો વડો બન્યો, તો કોઈ રાજ્યનો વડો બન્યો. કદાચ - પૂર્વ એશિયામાં આ બન્ને પદો એકજ વ્યક્તિમાં રહ્યા હશે. પરંતુ ભારતમાં તેમાં બે વર્ગો પડ્યા - ધર્મની સંભાળ રાખનાર- બ્રાહ્મણ કહેવાયો અને રાજ્યની ખબર રાખનાર ક્ષત્રિય ગણાયો. કાળે કરીને ક્ષત્રિયના ત્રણ વિભાગો થયા. એક ભાગ રાજ્યકર્તા વર્ગ તરીકે રહ્યો. તેમાં રાજા તેમજ એમની નજીકનાં કુટુંબીજનોનો સમાવેશ થતો હતો. રાજાઓ ન્યાય કરવાનું કાર્ય કરતા. તેઓ કાયદો અને વ્યવસ્થા જાળવતા અને બહારના હુમલાથી પ્રજાનું રક્ષણ કરતા. રાજાના સાગરીતો અને દૂરના સગાંઓનો એક બીજો વર્ગ હતો. તે કાયમી લશ્કરમાં રહેતા - લશ્કરની તાલીમ સતત લેવા અને તે અંગે હથિયારો વગેરે તૈયાર કરતા. આ વર્ગ રાજાને મદદ કરતો, પરદેશ જોડે લડાઈ કરતી વખતે આ વર્ગ ખાસ ઉપયોગી થતો હતો. અને કાયમી લશ્કરમાં જોડાતો, શાંતિના વખતમાં રાજાને વહીવટમાં મદદ કરતો આ વર્ગ હતો.

(૪) તદુપરાંત આ ક્ષત્રિઓમાંથી ત્રીજો વર્ગ પણ ઉપસી

રહ્યો હતો. કારણ કે આર્યોનો મૂળ વ્યવસાય તો ખેતીનો હતો. તેનો વિકાસ કરવા તેઓ હંમેશા આતુર રહેતા. આ ક્ષત્રિયોમાંથી જેઓ લડાઈના સમયમાં યુદ્ધમાં જોડાઈને - શાંતિના સમયમાં ખેતીનું કે પશુપાલનનું કામ કરતા એવા લોકોનો કૂર્મિ ક્ષત્રિય નામનો વર્ગ ઊભો થઈ રહ્યો હતો. ખેતીમાં કામ કરનાર આર્યોને એમના પ્રદેશનું યોગ્ય રીતે રક્ષણ થાય તેમાં ખાસ રસ હતો. પ્રદેશનું રક્ષણ થાય તો જ ખેતીનો વિકાસ થઈ શકે. એટલે કે લૂંટ સામે ખેતીનું રક્ષણ થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાય તો જ ખેતીનો વિકાસ થઈ શકે. ખાસ કરીને કિસાનને ભૂમિછિદ્ર ન્યાયને લીધે ખરાબા જેવી જમીનને સાફ કરીને ખેતીને લાયક બનાવવાની એને ધગશ રહેતી. એને સામાજિક નિયમોવાળું મિલ્કતનો અધિકાર આપતું કાયદો અને વ્યવસ્થા જાળવતું રાજ્ય જોઈતું હતું. જેથી ખેતી માટે તૈયાર કરેલી જમીનની માલિકી મળી જાય. સિંચાઈ માટે એણે બાંધેલી નીકોનો હક્ક મળી જાય કે જેથી એ નિરાંતે સિંચાઈ કરીને પાક લઈ શકે. ટૂંકમાં ખેડૂતને એની મહેનતનું ફળ ભોગવવાની તક મળે તેમ તે ઈચ્છતો હતો એટલે કિસાન તરીકે એનું ખાસ હિત હતું કે એના પ્રદેશનો રાજા ક્ષમતાપૂર્વક રાજ્ય કરે અને લૂંટ સામે રક્ષણ કરે અને ભૂમિછિદ્ર ન્યાય બરાબર કરે. ખાસ કરીને આ વર્ગ જ્યારે એમના પ્રદેશ પર હલ્લો થતો ત્યારે લશ્કરમાં જોડાતા હતા. અને એમના પ્રદેશનું રક્ષણ કરતા હતા. તેઓ અન્ય પ્રદેશોમાં લડાઈ કરવા જતા નહીં.

(૫) ભારતમાં અને તેમાંય ખાસ કરીને પંજાબમાં એક મોટો ક્ષત્રિયોનો વર્ગ - ખેતી અને પશુપાલનનું કાર્ય શાંતિના વખતમાં કરતો અને લડાઈના વખતમાં યુદ્ધમાં કામ કરતો. આ વર્ગને કૂર્મિ-ક્ષત્રિય તરીકે ઓળખવામાં આવતો. અને ધીમે ધીમે ખેતીનો જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તેઓ પંજાબમાંથી - અન્ય પ્રદેશોમાં જેવા કે ઉત્તર પ્રદેશ - બિહાર, બંગાળ, રાજસ્થાન અને ગુજરાત બાજુ ખસવા માંડ્યા. અને એ રીતે ખસતા ખસતા વસવાટ કરતા તેઓ આખા ભારતમાં ફેલાઈ ગયા હતા અને ખેતીનો વિકાસ કર્યો હતો.

(૬) આ કૂર્મિ ક્ષત્રિયોનાં કેટલાંક લક્ષણો નોંધવા જેવાં છે. તેમની પાસે ખેતી અને પશુપાલનના બન્ને વ્યવસાયો હતા. તેઓનું લોહીની સગાઈએ બંધાયેલું જૂથ હતું. પ્રથમ કાંસાના અને ત્યારબાદ લોખંડના ઓજારો તેઓ વાપરવા માંડ્યા હતા. તેઓનો પંજાબમાં વસવાટ રામાયણ કાળ દરમિયાન થયો હતો. અને ખેતીમાં આર્યો સહેલાઈથી સમાઈ જતા કારણ કે લોખંડના ઓજારો એમની પાસે હતાં. મહાભારતના કાળ વખતે તેઓનો સંપૂર્ણ વિકાસ - ગંગા, જમુનાના મેદાનોમાં થયો હોય તેમ જણાય છે. તેઓ નેસડા બાંધીને રહેતા. નેસડાને ગામમાં ફેરવી નાખતા, તેઓ ખસતા રહેવાનું પસંદ કરતા. ખેતીનો વિકાસ એક જગ્યાએ કરીને તેઓ અન્ય જગ્યાએ ખેતીનો વિકાસ કરવા સહેલાઈથી ખસી શકતા હતા. તેઓ જે જગ્યાએ જતા તે જગ્યાના સ્થાનિક લોકો જોડે ભળી જતા લગ્નનો સંબંધ બાંધતા એટલે અન્ય લોકોને પણ તેઓ ભાવતા થઈ જતા હતા. તેઓ કુટુમ્બ પ્રેમ હતા. સામાન્ય રીતે તેઓ શાંતિપ્રિય હોવાથી પ્રણાલિકા, રીતરસમો, રિવાજો, કાયદો કે નિયમો વગેરેના પાલનમાં માનતા અને તેઓનું નૈતિક ધોરણ ઊંચુ હોવાથી પ્રામાણિક જીવન ગુજારી શકતા. અન્યાયી કામોથી તે દૂર રહેતા.

(૭) આ રીતની વ્યવસ્થા ફક્ત આર્યાવર્તમાં જ હતી તેમ નહોતું. રોમન સામ્રાજ્યમાં પણ આવી વ્યવસ્થા હતી. જ્યારે રોમ પર હલ્લો થતો ત્યારે ત્યાંના ખેડૂતો લશ્કરમાં જોડાઈને રોમનું રક્ષણ કરતા હતા. જેવું યુદ્ધ પૂરું થાય એટલે તેઓ ખેતીકામમાં લાગી જતાં. ચીનમાં પણ આવીજ પ્રથા દાખલ થયેલી હતી. સમય જતાં આવાં કૂર્મિ-ક્ષત્રિય જૂથોને યુરોપની સામંતશાહીમાં અને ચીનની સરમુખત્યાર વખતે ગણોતિયા બનાવી દીધા. ગુલામ બનાવી દીધા. તેમને જમીનના માલિક રાખ્યા નહીં. જ્યારે ભારતમાં તો ભૂમિછિદ્ર ન્યાય હતો એટલે રાજાને તેના કામ પેટે ઉપજનો ૧/૬ કે ૧/૪ ભાગ આપીને તેઓ જમીન માલિક તરીકે ચાલુ રહ્યા. ગુલામ બન્યા નહીં. તેઓ સ્વતંત્ર કિસાનો તરીકે રહ્યા. રાજાને ખેતપેદાશમાં ભાગ આપીને રક્ષણ મેળવી લીધું. પરંતુ જમીનની માલીકિ પોતાની પાસે રાખી.

(૮) અયોધ્યાના રાજા રામને બે પુત્ર હતા.લવ અને કુશ તેઓએ જ્યારે પંજાબ જીત્યું અને ત્યાં શાંતિ સ્થાપી

ત્યારે પંજાબના બે પ્રદેશો જોડે એમનાં નામ જોડી દેવામાં આવ્યા હતાં. લવના નામ પરથી ''લેયા'' અને કુશના નામ પરથી ''કરડ'' અથવા ''કુશક'' એવાં નામ પાડ્યાં. આ પ્રદેશોમાં કૂર્મિ-ક્ષત્રિયોનો વસવાટ હતો. અને કૂર્મિઓ પંજાબ છોડીને ભારતના અન્ય પ્રદેશોમાં વસવાટ માટે જવા માંડ્યા ત્યારે ''લેયા'' પ્રદેશમાંથી જે કૂર્મિક્ષત્રિયો ગયા એ લેઉવા કહેવાયા અને ''કરડ'' અથવા ''કુશક'' પ્રદેશના કૂર્મિઓ ''કડવા'' તરીકે ઓળખાયા તેઓ લવ અને કુશના વંશજો નહોતા. લવ અને કુશના વંશજો પાસેથી પંજાબની ગાદી, અર્જુનના પૌત્ર પરીક્ષિતે લઈ લીધી હતી. આ પ્રદેશની જાહોજલાલી જોઈને ઈ.સ. પૂર્વે - ૧૮૦૦માં એશીયાની રાણી સેમિરામીસે પંજાબ પર હલ્લો કર્યો હતો. પરંતુ લોકોએ તે હલ્લો પાછો કાઢ્યો હતો. પરંતુ પંજાબ પર એક ભય રહેલો હતો કે પરદેશીઓનો ગમે ત્યારે હુમલો થાય અને પ્રદેશમાં અશાંતિ ફેલાય. ઈરાનના સ્થાનિક રાજા દરવેશ ગુસ્તાઓનો હુમલો આંખ ખોલે તેવો હતો. ત્યારબાદ ઈ.સ. પૂર્વે ૩૨૬માં મહાન સિકંદરની ચઢાઈ પંજાબ પર થઈ હતી અને તે વખતે સુબા તરીકે સેલ્યુક્સ નેક્ટરને મૂકતો ગયો હતો. સમ્રાટ ચન્દ્રગુપ્તે એને હરાવ્યો. સેલ્યુક્સે પોતાની પુત્રી ચંન્દ્રગુપ્તને પરણાવી. તે વખતે ઉત્તરપ્રદેશ અને બિહારમાં પ્રમાણમાં શાંતિ વધુ હોવાથી પંજાબમાંથી કૂર્મિઓ-ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળ બાજુ ખસવા માંડ્યા હતાં.

(૯) ત્યારબાદ તો પંજાબ પર હલ્લા અવાર નવાર થવા માંડ્યા. પહેલાં 'બલ્ક' લોકો આવ્યા. ત્યાર બાદ તાતાર, હૂણ, શક અને ક્ષત્રયો પણ આવ્યા. છેવટે શિથિયન લોકો વસવાટ માટે પંજાબમાં ઘૂસી આવ્યા. તે વખતે તે લોકોને કૂર્મિ-ક્ષત્રિયો જોડે અથડામણ થતી. સામાન્ય રીતે શિથિયનો કૂર્મિઓ કરતાં વધુ બળવાન હતા. એટલે કૂર્મિઓએ પંજાબ છોડીને અન્ય જગ્યાએ જવાનું પસંદ કર્યું કે જેથી શાંતિ મેળવી શકે. સદ્દભાગ્યે તે સમયે બિહાર, માળવા, ગુજરાત વગેરે પ્રદેશોમાં શાંતિ સ્થપાઈ હતી. આ પ્રદેશોમાં જમીન પણ મળે તેમ હતી. ઈ.સ. પૂર્વ ૩૦૦ થી ઈ.સ. પૂર્વ ૧૫૦ સુધીમાં તો કૂર્મિઓએ બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ, ગુજરાત વગેરે પ્રદેશોમાં વસવાટ કરી નાખ્યો હતો. સમ્રાટ ચન્દ્રગુપ્તના વખતમાં બિહારમાં તેઓ સારી સંખ્યામાં વસ્યા હતા. અને સમ્રાટ અશોકના વખતમાં તેઓની સારી એવી સંખ્યા ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હતી.

(૧૦) ચન્દ્રગુપ્ત મૌર્યના વખતમાં ખેતીને ખાસ ઉત્તેજના આપવામાં આવતાં ગિરનારની સોનરેખા નદી પર ગિરીનગર (જૂનાગઢ)માં બંધ બાંધીને સુદર્શન તળાવ બાંધવાં આવ્યું હતું. અને સમ્રાટ અશોકના પુત્ર સુવા તુષારફુએ તળાવમાંથી નહેરો કાઢીને ખેતીને સિંચાઈ પૂરી પાડી હતી. ઈ.સ. પૂર્વ ૭૫માં શકવંશનો રાજા કનિષ્ક એક બળવાન રાજા હતો એણે ગુજરાતમાં શાંતિ સ્થાપી હતી. તેના મરણ પછી રાજા, વિક્રમાદિત્યે શાંતિને મજબૂત કરી હતી. તે જોઈને કૂર્મિઓ ગુજરાતમાં વસવાટ કરવાનું પસંદ કરતા. એટલે તો અશોકના શિલાલેખની બીજી બાજુઓ ઈ.સ. ૧૫૦ની આસપાસ શકરાજા રૂદ્રમાનનો શિલાલેખ છે. તેમાં લખ્યું છે કે શાંતના સમયમાં ખેતી અને યુદ્ધના સમયમાં શસ્ત્રો ધારણ કરવાની વૃત્તિ ધરાવતો ક્ષત્રિય વર્ગ અહીં વસતો હતો. તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે.

(૧૧) ટૂંકમાં ક્ષત્રિય-કૂર્મિઓ આખા ભારતમાં પ્રસરી ગયા હતા. ગુજરાતમાં તેઓ કડવા કે લેઉવા કણબીઓ તરીકે - રાજસ્થાનમાં તેઓ લોર અને કૂર્મિઓ તરીકે, માળવામાં માળવી, કૂર્મિ નિમાડી કૂર્મિ કે ગુજરાતી કૂર્મિ તરીકે ઓળખાયા છે. દક્ષિણમાં રેડ્ડી, મરાઠા વાંકાલીંગા, તેલંગ, નાયડુ, કાપૂરા વગેરે નામે ઓળખાય છે. જે જમીન ખેડે અને ધારણ કરે તે કણબી કહેવાયો. ગુજરાતમાં જે પટ્ટો ધરાવતો, સ્વતંત્ર માલિકીની જમીન ધરાવતો તે ઔરંગઝેબના વખતમાં પટ્ટીદાર અથવા પાટીદાર તરીકે ઓળખાયો. ગામની પટેલાઈ મુખ્યત્વે પાટીદારો પાસે હોવાથી, તેઓ મુખી, દેસાઈ, અમીન કે પટેલ તરીકે પણ ઓળખાયા. પરંતુ આ દેસાઈ, અમીન વગેરે નામો તો તેમને મળેલા મહેસુલી હક્કો પરથી પડ્યા હતાં.

(૧૨) ગુજરાતના કડવા કે લેઉવા પાટીદારો લવ-કુશના વંશજો નથી. ગોવર્ધનરામના લેઉવા પરાણ મુજબ ઋષિના શાપની દંતકથા મુજબના વંશજો નથી. તેઓ પંજાબમાંથી 'લેયા' કે 'કરડ' પ્રદેશમાંથી આવેલા ક્ષત્રિય-કૂર્મિઓ છે.

(૧૩) કડવા કણબીઓના પર (બાવન) કુટુંબો સૌ પ્રથમ ઈ.સ. ૧૫૬માં ઉંઝામાં વસ્યા હતા અને તે વસવાટની નેતાગીરી બિહારના માધાવતીના કૂર્મીરાજા વ્રજપાલજીએ લીધી હતી . વ્રજપાલજીના બાપદાદાઓ મૂળ પંજાબના હતા. પરંતુ ચંન્દ્રગુપ્તના વખતમાં તેઓ બિહારમાં વસ્યા હતા. એમના વડવાઓ માંથી એક શ્રી દલભદ્રજીએ માળવામાં માધાવતીની જાગીર મેળવી હતી અને રાજ કરવા માંડયા હતા. તે જાગીર પર ઈ.સ. ૧૫૬ સુધીમાં ૨૩ રાજાઓ થયા. તેમાંના છેલ્લા રાજા વ્રજપાલજીએ રાજગાદી ગુમાવી. એમના માતા - પિતાનું શ્રાદ્ધ કરવા તેઓ સિદ્ધપુર આવ્યા હતા અને તે વખતે અહીં વસવાટ કરવાનો વિચાર થયો. ઊંઝાના ફરતા વિસ્તારના લોકોએ આગ્રહ કર્યો એટલે પર કુટુંબો સાથે તેઓ ઉમિયા માતાનું મંદિર બાંધી એમને કુળદેવી બનાવ્યાં અને ઊંઝા આસપાસ વસવાટ કર્યો. આ બાવન કુટુંબો પંજાબ, બિહાર, માળવા, કાશ્મીર વગેરે સ્થળોએથી આવેલા હતાં.

(૧૪) આ બાવન કુટુમ્બમાંથી સંવત ૬૧૨ માં સૌથી પહેલાં એક ભાગ અંદરોઅંદરના મતભેદને લીધે અમદાવાદ નજીક આશાપુરીમાં આવીને વસ્યો. તે વખતે તેની નેતાગીરી ગોધા કુડાના શિવસીંહે લીધી હતી. તેઓ એમના કુટુંબીજનો, તલાટી પ્રેમચંદ અને નાગર ગોર શ્રી પ્રેમાનંદ સાથે આશાવલ્લી આવ્યા હતા. ત્યારબાદ ઈ.સ. ૬૯૦માં એટલે સંવત ૭૪૬માં જય શિખરે પંચાસર વસાવ્યું. શરૂઆતમાં વનરાજને કારણે કૂર્મીઓને કાંઈ મુશ્કેલી ન પડી પણ પાટનગર નજીક આવતાં એમને એમની સ્વતંત્રતા જોખમાતી દેખાઈ એટલે ઊંઝા છોડીને અન્ય જગ્યાએ વસવાટ કરવા તેઓ ઉતાવળા થયા. પરંતુ વનરાજના મંત્રી ચાંપરાજે કૂર્મીઓની આ ઈચ્છા જાણી લીધી. એટલે દર ૧૦ કે ૧૨ વર્ષે એકજવાર લગ્ન કરવાનો રિવાજ માતાજીના પૂજારી મારફતે એમણે જાહેર કરાવ્યો કે જેથી માતાજીની સમક્ષ લગ્ન કરવાનું હોવાથી તેઓ ઊંઝા છોડીને ખૂબ દૂર જાય નહીં.

(૧૫) પરંતુ ઝાઝો વખત આ વૃત્તિ દાબી શકાઈ નહીં. સંવત ૮૦૨માં વ્રજપાલજીના વંશજ ઈડર તરફ વસવાટ કરવા ગયા અને કાતર ગામવસાવ્યું. એમની સાથે જામળિયા કુટુમ્બના પટેલ અંબાજી પોપટજી પણ ગયા અને જામળા ગામવસાવ્યું. સિદ્ધરાજના વખતમાં માળવામાંથી કૂર્મીઓનાં ૪૩ કુટુમ્બો લાવવામાં આવ્યા અને એમને પાટણ આસપાસ વસાવવામાં આવ્યાં. ઊંઝા આસપાસના કુટુમ્બો ચરોત્તર, દશકોશી ચાંપાનેર વગેરે જગ્યાએ વસવાટ માટે ખસવા માંડ્યા.

(૧૬) સોલંકી યુગમાં રાજ્ય પર કૂર્મીઓની સારી વગ હતી. છતાંયે તેઓ જમીન મળતાં કચ્છ અને સૌરાષ્ટ્ર બાજુ જતા હતા. કાનમઅને ચરોત્તરમાં વસવાટ કરવાનું પસંદ કરતા હતા. તેવખતે જમીનની અછત હોવાથી રાજા ઝાઝું દબાણ કરી શકતો નહીં. ગામનો આગેવાન મહેસુલ ઉઘરાવી લેતો અને રાજાને મોકલી આપતો. જો રાજા તરફથી જરા સરખી ડખલ થાય તો તે ગામછોડીને અન્ય જગ્યાએ જતો રહેતો. તે વખતે ચાંપાનેરની જાહોજલાલી થઈ રહી હતી એટલે તરત જ તે ચાંપાનેર બાજુ જતો.

(૧૭) ઉત્તરમાંથી કૂર્મીઓને ખાસ કરીને વનરાજ વધુ પ્રમાણમાં લાવ્યો હતો. ગુજરાતમાં જમીન ખેડ્યા વિનાની હતી. એટલે વનરાજના વખતમાં અને ત્યારબાદ મીનળદેવીના વખતમાં ઘણાં કુટુમ્બો માળવા-રાજસ્થાન પંજાબ વગેરે પ્રદેશોમાંથી ગુજરાતમાં આવ્યા અને ઠેર ઠેર વસવાટ કરવા માંડ્યા. જમીનની માલિકી મળતી હતી અને પ્રદેશમાં શાંતિ હતી. એટલે ગુજરાતમાં વસવાનું આકર્ષણ પણ હતું.

(૧૮) કૂર્મીઓને મુખ્ય આકર્ષણ ભૂમિછિદ્ર ન્યાયનો અમલ હતું. તેઓને મહેસુલ આપ્યા પછી રાજ્યની કોઈ ડખલ રહેતી નહીં. તેમાંયે મીનળદેવી કૂર્મીની પુત્રી હતી અને રાજમાતા હતી. ગુજરાતના ખેડૂતો મીનળદેવીને બેન જેવી ગણતા અને તેણીએ તળાવો, વાવ, કૂવા વગેરે બાંધીને પાણીની વ્યવસ્થા કરી અને તેણી મિલકતના અધિકારોમાં માનતી હતી. તેથી ઘણા લોકોએ ગુજરાતમાં વસવાટ કર્યો. કૂર્મીઓ કુટુમ્બના ધોરણે ગામવસાવતા હતા. એટલે ચરાની, વનરાજીની તળાવ વગેરે માટે પૂરતી જમીન ફાજલ રાખતા. તેની વ્યવસ્થા ગામતરફથી થતી હતી. તે વખતે જમીનની માપણી વગેરે બાબતો વ્યવસ્થિત નહોતી. મૈત્રેકોના વખતમાં એટલે ઈ.સ. ૪૭૫ થઈ ૭૮૮ સુધીમાં બે પ્રકારનું મહેસુલ ઉઘરાવવામાં આવતું અને તે ઉપંગ અને ઉપરીને નામે ઓળખાતું. છૂટક છૂટક મહેસુલ એકઠું કરીને રાજાને આપનાર

જમીનદારનું મહેસુલ ઉપંગ તરીકે ઓળખાતું અને છૂટક છૂટક મહેસુલ ફરજિયાત ચાવડાના વખતમાં ચાંપરાજે મહેસુલ વ્યવસ્થિત કરવા પ્રયત્નો કર્યા પરંતુ તે પણ સીધું દબાણ લાવી શક્યો નહીં. મહેસુલથી બચવા કૂર્મીઓ પાટણથી દૂર વસવાટ કરવાનું પસંદ કરતા. સોલંકી યુગમાં કિસાનોને મુશ્કેલી પડી નહોતી. સોલંકી રાજાઓ ખેતીને ઉત્તેજન આપવા માંગતા હતા. મહેસુલ માટે દબાણ કરતા નહીં. તેઓએ સારા પ્રમાણમાં ગુજરાતમાં શાંતિ સ્થાપી હતી અને તળાવ, કૂવા, વાવો વગેરે બાંધીને પાણીની સવલત ઉભી કરી હતી. સમજાવટથી બને તેટલું મહેસુલ ઉઘરાવતા, મીનળદેવી મિલકતના અધિકારમાં માનતી હોવાથી કિસાનો ગણોતિયા નહોતા. તેઓ જમીન માલિક હતા.

(૧૯) કિસાનોની પડતી અથવા ખરાબ દશા જ્યારે અલ્લાઉદ્દીન ખીલજી ગુજરાતમાં આવ્યો ત્યારથી થઇ, એટલે ઇ.સ. ૧૩૦૦ આસપાસથી થઇ. તે પહેલા મુસ્લીમોનાં ધાડાં લૂંટ માટે આવતાં હતાં. એનાથી ખેડુતોને ખાસ નુકસાન થતું નહીં. અલ્લાઉદ્દીન ખીલજીને તો કારણે ઘેલાનો પાટણનો દિવાન માધવ કાયમી રાજ્ય કરવા માંગતો હતો. એણે જમીન રાજ્યની માલિકીની ગણી બધા કિસાનોને ગણોતિયા બનાવી દીધા. અને તે ૧/૬ કે ૧/૪ ભાગ માંગતો નહીં એ તો ૧/૨ ભાગ માંગતો અને તે ભાગ રાજ્યની વખારમાં નાંખી જવાની જવાબદારી ખેડુતની રહેતી. ખેડુતે તે ભાગ ખળામાંથી સીધો નાંખી જવો પડતો હતો. અલ્લાઉદ્દીન ખેડુતોને ગુલામ તરીકે ગણતો અને તે અનાજ રહેવું જોઇએ. ઇ.સ. ૧૩૦૦થી ગુજરાતનાં ખેડુતો પર દશા બેઠી તેમ કહી શકાય.

(૨૦) તે સમયે ખંભાતની જાહોજલાલી તુટી રહી હતી. ઇ.સ. ૧૩૦૦ થી ઇ.સ. ૧૫૭૩ સુધી ગુજરાતમાં સુબાઓનું રાજ્ય થયું અને આડેધડ મહેસુલ ઉઘરાવવામાં આવતું. અમદાવાદની નજીક રહેવાનું કૂર્મીઓ માટે મુશકેલ હતુ. અડાલજની જાહોજલાલી તુટી. ઇમામશાહની અસર તળે અમદાવાદ આસપાસ લેઉઆ અને કડવા કણબીઓ પીરાણાપંથમાં દાખલ થઇ કચ્છમાં જઇ વસવાટ કરવાં માંડયા. કેટલાક લોકો સૌરાષ્ટ્ર તરફ ચાલ્યા ગયા. અને સુરતની જાહોજલાલી વધતાં દક્ષિણમાં પણ ચાલ્યા ગયા. પરંતુ જ્યારે૧૫૭૩માં અકબરનું શાસન ગુજરાતમાં થયું ત્યારે અંધાધુધી દૂર થઇ અને અકબરે ટોડરમલને શેરશાહની મહેસુલ પદ્ધતિ દાખલ કરવા કહ્યું. તે પહેલા તો કિસાનો અમદાવાદની દૂર ભાગતા હતા. કારણ કે અવાર નવાર સૈનિકો આવીને લૂંટ કરીને જતા રહેતા હતા.

(૨૧) ગુજરાતના મહેસુલ પદ્ધતિ તો અકબરના સમયમાં આવી. ટોડરમલે દાખલ કરી. શેરશાહની પદ્ધતિથી અન્ય જગ્યાએ ખેતીની આબાદી થઇ હતી. એટલે ગુજરાતમાં પણ થશે તેમ માનવામાં આવતું. ટોડલમેન ગામને એકમ બનાવ્યું. આશરે ઉપજના ૧/૩ જેટલું મહેસુલ લેવાનું ઠરાવ્યું. બીજા કોઇ કર લેવાના નહીં. ૧/૩ હિસ્સો નક્કી કરતા ૧૦ વર્ષની સરેરાશ લીધી. ફકત એક પાકાને આધારે ગણતરી કરી. નવી ખેડાણ તરીકે જમીન છોડવામાં આવતી. સરકારનો ૧/૩ હિસ્સો નાણામાં લેવાનું નક્કી કર્યું અને ૧૦૦ જેટલા ગામના જુથને એક મહાલ તરીકે જાહેર કર્યો. મહાલ માંથી એક કરોડ દામ એટલે રૂા. ૨૫,૦૦૦ મહેસુલ તરીકે મળે તે રીતે મહાલનો વિસ્તાર નક્કી કર્યો.

(૨૨) આ રીતે વ્યવસ્થાને કરીને ટોડરમલે કરોડીઓની નિમણુંકો કરી પરંતુ કરોડી ખેડૂતો પર જુલ્મ ગુજારતા હોવાથી ટોડરમલે તે પદ્ધતિ છોડી દીધી. ત્યારબાદ દરેક ગામમાં એક પટેલની નિમણુકં કરવામાં આવતી. પટેલ મહેસુલ ઉઘરાવે તેમ નક્કી કર્યું હતું. પરંતુ શાહજહાંના વખતમાં ફરીથી કરોડીની પ્રથા દાખલ કરી. એને ઔરંગઝેબના વખત સુધીમાં અમીન, દેસાઇ, મજમુદાર વગેરેની નિમણૂંકો થવા માંડી. પરંતુ કરોડી કે અમીરને પગાર મળતો અને તે રૂા. ૨૫૦૦ (વરસે) મળે તો એ જેટલા ગામ માંથી મહેસુલ ઉઘરાવે છે, તે ગામોમાં ૧૫ થી ૨૦ વીઘા જમીન વસાયતા તરીકે મૂકતી. જેમાંથી એને અડધી ઉપજ મળતી અને મહેસુલ ઉઘરાવીને સરકારને મોકલવાનું રહેતું અને કેટલીક દિવાની અને ફોજદારી સત્તાઓ કરોડી કે અમીનોને આપવામાં આવતી એટલે તેઓ જેલમાં પણ પૂરી શકતા.

(૨૩) ઓરંગઝેબના વખતમાં ફેરફાર કરીને મહેસુલ પાક. માં લેવાનું નક્કી કર્યું. કારણ કે નાણા જુદા જુદા હતા પરંતુ ઓરગંઝેબનો ફેરફાર ઝાઝો વખત ચાલ્યો નહીં. અંતે ફરીથી નાણામાં લેવાનું શરૂ કર્યું. અકબરના વખતમાં કિસાનોને રાહત મળી હતી. જે શાહજહાંના વખતમાં ચાલી ગઇ અને ઔરંગઝેબ પછી તો મરાઠાઓ ગુજરાતમાં દાખલ થયા અને કેટલીક વાર અમદાવાદનો સૂબો અને પેશ્વા સરકાર બન્ને જણાં મહેસુલ ઉઘરાવવા અને કિસાનોને હેરાન ગતિ પહોંચાડતા, લગભગ ૧૦૦ વર્ષ સુધી કેટલાક વિસ્તારમાં આ પદ્ધતિ રહી હતી. તે અંગ્રેજો આવતા સમાપ્ત થઇ હતી.

(૨૪) અંગ્રજોએ ઇ.સ. ૧૮૫૭ના બળવા પછી દાખલ કરી. ગુજરાતમાં દેશી રાજયો છેક ૧૯૪૭ સુધી રહ્યાં હતા એટલે જુદી જુદી પદ્ધતિ હતી. તે એક સરખી કરવામાં આવી છે.

૧૦, સારથિ સોસાયટી-૨, થલતેજ, અમદાવાદ.
ફોન : ૨૬૮૪૦૪૯૯.

ગુર્જરો અને ગુજરાતી

- ચંદ્રકાન્ત પટેલ (માણાવદર)

રાજસ્થાનમાં પોતાને અનુસૂચિત જનજાતિમાં સમાવી લેવા રાજસ્થાન સરકાર સામે આંદોલન ચલાવી રહેલ ગુર્જર નામની જાતિ આપણી સામે આવી છે. હવે પ્રશ્ન એ છે કે આ ગુર્જરો એ કોણ છે ? ક્યાંથી આવ્યા છે ? અને કઈ જાતિમાંથી ઊતરી આવ્યા છે ? ઘણા બધા પ્રશ્નો લોકોમાં આ આંદોલનકારી જાતિએ ખડકી દીધા છે.

ગુર્જર, ગુજર, ગુજ્જર, શબ્દનો મૂળ સંબંધ કુર્દ, ગુર્દ કે ગુર્જ જાતિવાચક ગમે તે એક શબ્દ સાથે હોવાનું સમજાય છે. ચીની મુસાફર હ્યુ એન ચાંગે પણ પોતાના પ્રવાસી પુસ્તક 'સીયુકી'માં ઘણી જગ્યાએ 'ગુજ્જર' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. આ મુસાફર હિન્દના પ્રવાસે નીકળ્યા પછી ઈ.સ. ૬૪૦ના ઑગસ્ટથી ઈ.સ. ૬૪૧ના ફેબ્રુઆરી થી ગુજરાતના પ્રવાસે હતો, એટલે સ્પષ્ટ થાય છે કે ગુર્જરો હ્યુ એન ચાંગ ગુજરાતમાં આવ્યો તે પહેલાં ક્યારનાય આ પ્રદેશમાં આવી વસ્યા હશે.

ગુપ્ત રાજાઓ પછી ગુર્જરોનું ઈ.સ. આઠમાં સૈકામાં સામ્રાજ્ય હતું. આ વાતને તામિલ ગ્રંથ 'કુવલયમાલા' અનુમોદન આપે છે. ૯મા સૈકામાં લખાયેલ આ ગ્રંથમાં ગુર્જરો, ખાલવો અને લાટ પ્રદેશની ભાષાઓનો પરિચય આપવામાં આવ્યો છે.

સ્વ. નરસિંહરાવ દિવેટીયા લખે છે કે ગુર્ગ, ખજૂ, જૂજૂ એવા કોઈ અનાર્ય પરંપરાના ગોરા વર્ણનો હૂણોના જાતિવિશેષો છે, અને તેઓ ઈ.સ. પાંચમાં સૈકા સુધીમાં આ પ્રદેશમાં ! ઊતરી આવેલા. તેમાંના ગુર્ગ નામ સાથે પ્રસ્તુત 'ગુર્જર' અથવા 'ગુજ્જર'નો સંબંધ ઘટી શકે. ભારતીય પંડિતોના મતે ગુર્ગો એ આર્યજાતિના હતા.

ગુર્જર નામ ૬ઠ્ઠી સદીમાં જાણીતું હતું. એથી સમજાય છે કે હૂણ વગેરે જાતિઓની સાથે ગુર્જર જાતિ હિન્દની બહારથી આવી હશે. તો કેટલાક ઇતિહાસવિદો ગુર્જરોને હિન્દી પ્રાચીન જાતિ ગણે છે.

ઇતિહાસવિદ દુર્ગાશંકર શાસ્ત્રી લખે છે કે ગુર્જરો બહારથી આવેલ જાતિ છે, જે પાછળથી હિન્દુઓમાં સમાઈ ગઈ છે. ચીની પ્રવાસી હ્યુ એન ચાંગ ગુર્જર જાતિને ક્ષત્રિય જાતિ સમજે છે. તો ઈતિહાસવિ સ્વ. બાબુભાઈ પેથાણીના મતે ગુર્જરો એ કુર્મી ક્ષત્રીય છે. કુર્મી એટલે કણબી. ગુર્જર જાતિ મૂળે કુર્મી ક્ષત્રિય છે. ગુજ્જર જાતિ માટે ગુર્જર કે ગુજ્જર વગેરે શબ્દો વપરાય છે. ખાસ પ્રકારના ક્ષત્રિયો તથા કુર્મી ક્ષત્રિયો (કણબી) આહીર વગેરે પોતાને ગુર્જર જાતિના માને છે.

'સહ્યાદ્રિખંડ' ના લેખકે ગુર્જર બ્રાહ્મણ, દ્રાવિડ, તૈલંગ, કર્નાટ એમ પાંચ પ્રકારના બ્રાહ્મણોને 'પંચદ્રવિડ' કહ્યા છે. એટલે આ ગ્રંથના પૂર્વોક્ત આધાર મુજબ ગુર્જર જાતિમાં બ્રાહ્મણોનો પણ સમાવેશ થયો છે.

ગુજરાતમાં પણ કણબી લોકો, સુથાર લોકો, વગેરે અનેક લોકો પોતાને ગુર્જર ગણાવે છે. રસિકલાલ છો. પરીખ લખે છે કે ગુજરાતમાં ગુર્જર, કણબી, ગુર્જર, વાણિયા, ગુર્જર સોની, ગુર્જર કુંભાર, ગુર્જર સલાટ વગેરે વસે છે. તો રાજપૂતાનામાં બડગુર્જર નામે એક રાજપૂત જાતિ પણ આવેલી છે, આ રાજપૂત જાતિ 'ગુર્જરો' સાથે જમતા નથી. રાજપૂત ક્ષત્રિયો પણ 'ગુર્જરો' સાથે જમતા નથી. વડગુર્જરો પોતાને રામચંદ્ર ભગવાનનો પુત્ર ''લવ'' ના સીધા જ વંશજ કહેવડાવે છે.

'ગુજ્જર વંશ' નામની એક નાનકડી જર્જરિત થઈ ગયેલી પુસ્તિકામાં તેના લેખક વાસુદેવ અંજન લખે છે કે પંજાબમાં રાવપિંડી વિભાગમાંના એક આખા પ્રાંતનું (જિલ્લો) નામ 'ગુજરાત' છે. આ પ્રાંત ચિનાબ અને જેલમ નદીની વચ્ચે આવેલો છે. અને છેવાડાનો સપાટ પ્રદેશ છે, જેમાં રહેતી ગોરી ગુર્જર પ્રજા પંજાબ પર થઈ રહેલાં પરદેશી આક્રમણોથી બચવા ભાગવા લાગી હતી અને ભિન્નમાળામાં રાજધાની સ્થાપી હતી.

સ્વ. દિવેટીયા કહે છે કે પંજાબનો ગુજરાત જિલ્લો અને આપણું ગુજરાત એમ બન્ને ગુજરાતોનાં નામ કોઈ એક જ શબ્દ પરથી આવેલાં હોવાં જોઈએ.

પંજાબના ગુજરાતમાં વસતિનો ગુર્જર ભાગ આ પ્રદેશમાં આવ્યો અને પોતાના જૂના વતનની યાદ

તાજી રાખવા આ પ્રદેશને 'ગુજરાત' એવું નામાભિધાન કર્યું છે એમ કેટલાંક વિદ્વાનોનું માનવું છે ! મારા મતે આપણા આ પ્રાંતને ગુર્જરો પોતાના પ્રદેશનું નામ આપે એ ખૂબ જ વિચિત્ર ઘટના ગણયા છે. પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા કહે છે કે આ પ્રદેશનું ગુજરાત નામ ક્યારે મળ્યું તેનો કોઈ નિશ્ચિત સમય નોંધાયો નથી. પ્રારંભિક ગુજરાતી સાહિત્યમાં 'ગુર્જરત્રામંડલ' 'ગુર્જરત્રાભૂમિ' 'ગુજરતા' 'ગુજાતૃ' 'ગુર્જરત્રા', 'ગુજરાટ','ગુર્જરધરણી' 'ગુર્જરધરા' અને 'સુર્જરદેશ' 'ગુજ્જરભૂમિ' વગેરે નામો મળે છે.

સ્વ. નરસિંહરાવ કહે છે કે ગુજરાત એ ગુર્જરોએ લાવી આપેલું નામ છે અને ઊલટી પ્રક્રિયાએ ગુજ્જરત્તા એમ પ્રાકૃતરૂપ, એમાંથી ગુજરત્રા એવું સંસ્કૃત રૂપ થઈ ગયું છે.

આ લેખ લખતાં પહેલાં મેં મારા ઈતિહાસવિદો, મિત્રો શ્રી દોલતભાઈ ભટ્ટ, નારાયણભાઈ ભાલોડિયા, વિષ્ણુભાઈ પંડ્યા, સર્જક રાઘવજી માધડ, પ્રિ. ડૉ. સોમાભાઈ પટેલ (ધરતી) વગેરેના ફોન ઉપર રેફરન્સ લીધા છે. કોઈનો એકમત દેખાયો નથી. એટલે ગુર્જરોના ખરા સ્વરૂપનો ઈતિહાસ શોધવામાં કે ગુર્જર શબ્દના ખરા અર્થને પકડવા જતાં ખાસ્સો લાંબો ગાળો વીતવા છતાં હજુ તેના મૂળ તત્ત્વને પકડી શકાયું નથી. રેક કોશકારોએ પણ અલગ-અલગ અર્થો પોતાની સમજણ પ્રમાણે આપ્યા છે. હેમચંદ્રાચાર્ય ધાતુ દ્વારા ગુર + જ + અર એમ કરીને ગુર્જર શબ્દનો પ્રકૃતિ પ્રત્યય વિભાગ કલ્પે છે.

જૈનગ્રંથોમાં ગુર્જરોને વૈશ્ય વર્ણના બતાવ્યા છે. જાવડશાહ અને ભાવડશાહ ગુર્જર હતા. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' લખે છે કે ગુર્જરો પોતાને 'ગુર્જર નૃપતિ વંશ' કહેવરાવે છે. પણ તેઓ પંજાબમાંથી આવેલા ગુર્જરો નહોતા. ગુજરાતના જ રાજાઓ હતા. આ ગુર્જરો પ્રારંભમાં સામંતો હતા. ડૉ. સાંકળિયા માને છે કે તેઓ પ્રથમ કલ્ચુરીના, પછી ગુર્જર પ્રતિહારના અને તે પછી બદામી ચાલુક્યોંના સામંતો હશે અને અંતમાં ધ્રુવસેનના ઈ.સ. ૬૪૦ના વિજય પછી વલ્લભીના સામંતો હશે. ગુર્જરોએ સાતથી નવમી સદી સુધી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રાજ્ય કર્યું હતું. મારવાડમાં તો એનું પ્રથમથી જ રાજ્ય હતું.

શંભુપ્રસાદ દેસાઈએ ધ્રુવસેને ઈ.સ. ૬૨૯માં બુદ્ધરાજને હરાવ્યા પછી તરત જ ગુર્જરોનો પરાજય કર્યો હોવાનો મત દર્શાવ્યો છે.

'હિ.ઈ. ઑફ ગુજરાત'માં આચાર્ય લખે છે કે વલ્લભી રાજાની બહેન દુદા ગુર્જર રાજાની રાણી હતી. આચાર્યના આ વિધાનને ડૉ. હસમુખ સાંકળિયા સ્વીકારતા નથી, તો સ્વ. બાબુભાઈ પેથાણી પણ આ વિધાન નકારે છે અને લખે છે કે વલ્લભીઓ સૂર્યવંશી ક્ષત્રિયો હતા, જ્યારે ગુર્જર એ ક્ષત્રિય નથી. વૈશ્ય વર્ગમાં આવતા કણબીઓ જ છે.

ગુર્જરો કુર્મિ ક્ષત્રિય છે.

'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' નોંધે છે કે ગુજરાતની બધી જાતિઓમાં કણબીઓનો સંબંધ ભૂમિ સાથે વધારે રહ્યો છે. ગુજરાતને પોતાનું નામ આપનાર ગુર્જરોનો મોટો ભાગ એમનામાં હોઈ એમ માનવામાં વાંધો નથી. જોકે એ નામ શાથી છુપાઈ ગયું કે બદલાઈ ગયું એ કહેવું મુશ્કેલ છે.

ડૉ. મંગુભાઈ પટેલ 'પાટીદારોની ગૌરવગાથા' નામના પુસ્તકમાં બૉમ્બે ગૅઝેટિયર પુસ્તકનો આધાર લઈ લખે છે કે ''છઠ્ઠા સૈકાના બીજા ભાગમાં પંજાબમાં થઈને દક્ષિણ તરફ માળવા અને મુંબઈ-ગુજરાતમાં જે જાતિ વસી તે મિહિર કે ગુર્જરોની ગૌરાંગ હૂણ નામે ઓળખાતી મહાન વિજેતા શાખા હતી કે જેના વંશજો તે કણબીઓ છે.''

મુંબઈ ગૅઝેટિયર ભા-૧, પૃ. ૪૯૧ આ વાતને સમર્થન આપતાં લખે છે કે પંજાબમાં આવેલાં ગુર્જર ગામડામાં અને ખેડામાં ચાલતી ભાગદાર અને નરવા પદ્ધતિ વચ્ચેનું સામ્ય, ગુજરાતના કણબીઓ ગુર્જર છે એ વાતનું પુષ્ટિ આપે છે.

બૉમ્બે ગૅઝેટિયરના કર્તા મી. કેમ્પેબેલ લખે છે ગુજરાતના પાટીદારો (કણબીઓ) એ ગુર્જર જાતિના કુર્મિ (કુનબી) ક્ષત્રિયો છે. તો બાબુભાઈ પેથાણી પાસે

સચવાયેલ અને રદ્દી થઈ ગયેલ પ્રાચ્ય ગ્રંથ 'હિન્દુસ્તાનકી કુર્મી ક્ષત્રિય જાતિયા' નામના પુસ્તકમાં પણ ગુર્જરપ્રજાને કુનબી ક્ષત્રિય પ્રજા તરીકે ઓળખાવાઈ છે. આ ગ્રંથમાં રાજસ્થાની કુનબીઓની ચાલીસ ઉપરાંત શાખાઓ મળે છે.

ડૉ. મંગુભાઈ પટેલે પોતાનાં પુસ્તકોમાં પણ ગુજરાતમાં આવીને વસેલા ગુર્જરોનો મુખ્ય ભાગ કડવા કણબી અને લેઉવા કણબીઓનો બતાવ્યો છે. તો સ્વ. બાબુભાઈએ પોતાના સંશોધનમાં ગુર્જરોને સ્પષ્ટપણે કણબી બતાવી લખ્યું છે કે રાજસ્થાનમાં વસતા ગુર્જરો એ કુર્મિ ક્ષત્રિય જ છે, જેમાં ચૌધરી અને સીરવી એમ બે વિભાગો છે. તેઓની કુળદેવી આઈમાતા છે. આઈમાતાનો રથ બળદગાડીમાં ફેરવવામાં આવે છે. એ લોકો નામની પાછળ 'સિંહ' શબ્દ લગાડે છે.

ગુર્જર આંજણા

ગોકળદાસ પટેલે 'પાટીદારોનો ઈતિહાસ' માં લખ્યું છે કે ઈ.સ. ૯૫૩માં ગુર્જરોની રાજધાની ભિન્નતામાં હતી. ત્યારે પરદેશીઓનાં આક્રમણ થતાં કેટલાક ગુર્જરો ચંદ્રાવતી નગરીમાં તો કેટલાક ગુર્જરો કચ્છ અને ગુજરાતમાં જઈને વસ્યા હતા, જેમાં આંજણ ગુર્જર પાટીદારો પણ હતા. આંજણા ગુર્જર પાટીદારોમાં ''જાટ'' અવંટક આવે છે. જાટ અને આંજણા બન્ને એક જ કુળના કણબીઓ છે.

મુંબઈ ગેઝેટિયર લખે છે કે ખાનદેશમાં રેવ અને ડોર એમ બે પ્રકારના ગુર્જરો વસે છે, જેમાં ''રેવ'' ગુર્જરો ભિન્નમાળથી માળવા થઈ ખાનદેશમાં ગયેલા છે. તેમનાં ૩૬૦ કુળ છે અને તેઓ ગુર્જર કુર્મિ ક્ષત્રિય છે. તેમની શાખાઓમાં અંજના, આંજણા, આભેય, પાટલિયા વગેરે છે. આથી એ ફલિત થાય છે કે આંજણા પાટીદારો પણ મૂળમાં ગુર્જર કુર્મિ ક્ષત્રિયો છે.

રાજસ્થાનમાં લોર અને ખારી એમ બે પ્રકારના કણબીઓ વસે છે, જેમાં લોર એટલે લેઉવા અને ખારી એટલે કડવા પટેલ તેઓ લોર પટેલ અને ખારી પટેલથી જાણીતા છે.

ગુર્જરો ખઝર નથી

ગુર્જરો એ ખઝર કે શ્વેત હૂણ નથી તેમજ કોઈ પરદેશી જાતિ પણ નથી. તેઓ હિન્દુસ્તાનની મૂળ જૂની આર્ય જાતિ છે, એમ પેથાણીએ કરેલ વિધાનને 'મધ્યયુગની ભારત' નામના મરાઠી પુસ્તકનું સમર્થન મળે છે. ડૉ. મંગુભાઈ પટેલે પણ કણબીઓને આર્યજાતિના બતાવ્યા છે એટલે એ ફલિત થાય છે કે કણબી એ ગુર્જરોનો જ એક ભાગ હોવાનો વધારે સભવ છે.

પ્રજાઓનું મિશ્રણ

ગુજરાતમાં બહારથી આવી અનેક જાતિઓ વસી છે. ઘણી જાતિઓએ મિશ્રણના કારણે પોતાની અસલ ઓળખ પણ ગુમાવી છે. એમના વિચિત્ર મિશ્રણથી મૂળ જાતિઓને ઓળખવી કઠિન થઈ પડે છે. પ્રજાનો મોટો ભાગ અન્ય જાતિ જ્ઞાતિથી બનેલો છે. જેમાં હૂણ, શ્વતેહૂણ, નાગો, શકો, ગુર્જરો, આર્યો કે અસુરો અને યાદવો એમ મુખ્ય જાતિઓની નોંધો ઈતિહાસે લીધી છે. નારૂ-કારૂ કહેવાતી જાતિઓ પણ મિશ્રણથી બાકાત નથી.

વર્ણવ્યવસ્થા નડે છે

રાજસ્થાનના ગુર્જરોની માંગ પાછળ વર્ણવ્યવસ્થા કારણભૂત છે. કારણ કે મીના લોકોને આરક્ષિત કરાયા, તો ગુર્જરોએ પણ પોતાને આરક્ષણના અધિકારી

ગણાવ્યા. બન્ને જાતિઓ આ પ્રશ્ને સામસામી થઈ ગઈ અને થયો ભડકો. મીના એટલે કે માહિર-મીહિના કે મીરા જાતિ કે જે આદિવાસી પછાત જાતિ ગણાય છે.

આરક્ષણના પ્રશ્નના મૂળમાં વર્ણવ્યવસ્થા જવાબદાર છે. રાજસ્થાનમાં મીના અને ગુર્જરો બળવાન અને મોટી સંખ્યા ધરાવતી પ્રમુખ જાતિઓ છે. એક વર્ણને ખોળ અને બીજા વર્ણને ગોળની નીતિએ આજે રાજસ્થાનને અજંપામાં ફેરવી દીધું છે. આપણે પુરાણો જોઈએ, તો ત્યાં પણ ભેદની રેખાઓ દેખાય છે. અર્જુન, કર્ણ અને એકલવ્ય એમ એ ત્રણેય મહાન ધનુર્ધર વીર અને શક્તિમાન હતા, પરંતુ જાતિભેદે એ ત્રણેય વીરોનો કદાપિ સરવાળો જ થવા જ દીધો નહોતો.

ભારતનાં તમામ રાજ્યોની સરકારોએ આરક્ષણ પ્રશ્ને હવે વિચારવાનો સમય આવી ઊભો છે. તમામ જ્ઞાતિ-જાતિ એક જ પલડે તોળાશે તો જ દેશમાં શાંતિ સ્થપાશે. આરક્ષણનું ભૂત-જીન શીશામાંથી બહાર કાઢનારા જો નહિ ચેતે તો પરિસ્થિતિ હજુ પણ વણસશે.

આરક્ષણ પ્રશ્ને નાની-કચડાયેલ જાતિને આગળ લાવવાને બહાને જે જગ્યાઓ અનામત રખાય છે તે જગ્યાઓ પુરાય પછી પણ એ પ્રજાનું આર્થિક-સામાજિક સ્તર કેટલે અંશે સુધરે છે, તેનો સરકારે અભ્યાસ કર્યા પછી આગળ વધવું પડશે.

આરક્ષણ પામેલ જાતિ બિનઆરક્ષણ જાતિ ઉપર રાજ કરે છે, એવી લઘુતાગ્રંથિ આમ પ્રજામાં બંધાઈ ગઈ છે. આવાં કારણથી બન્ને જાતિઓ એકબીજા તરફ વૈમનસ્ય, ધૃણા અને તુચ્છ નજરે જોતી થઈ આવી છે. આ પૂર્ણ સત્ય છે.

જે સરકાર તમામ પ્રજાનાં સુખ-દુઃખ **સમજી શકે** તે સરકાર જ ન્યાયના માર્ગે ચાલી શકે છે. **સત્તા એ** સર્વોપરી નથી. પ્રજાજનો જ સર્વોપરી છે. **હકો અને** શરતો એમ બન્ને બરોબર વહેંચાવા અને **પાળવા** જોઈએ, કારણ કે મનુષ્યજીવન વર્ષોથી ગણાય **છે**, જ્યારે પ્રજાજીવન સૈકાઓથી ગણયા છે. **ભવિષ્યમાં** પ્રજા પૂર્ણતાએ પહોંચે એવા હેતુથી દેશકાર્યો **રચાવાં** જોઈએ. જો ગુર્જરોને આરક્ષિત કરાય તો કુર્મિ **ક્ષત્રિય**, ગુર્જર વાણિયા, ગુર્જર ક્ષત્રિય, ગુજ્જર બ્રાહ્મણો **પણ** આરક્ષણના પ્રથમ અધિકારી ગણાય કે ન ગણાય **?** સરકાર ક્યાંથી લાવશે એટલા ક્વૉટા.....? **માટે** કેન્દ્રની અને રાજ્યોની સરકારોએ હવે **સમજવાની** જરૂર છે...

આસોપાલવ શેરી નં. ૨, સ્ટેશન પ્લૉટ,
મુ. માણાવદર-૩૬૨૬૩૦, (જિ. જૂનાગઢ)
મો. ૯૪૨૮૭૦૫૦૯૮

બાવન ગોત્રી પાટીદારોનો મારવાડમાં વસવાટ

પંજાબથી કૂર્મિ ક્ષત્રિયોએ પંજાબ છોડ્યું અને દિલ્હી, મથુરા આવી વસ્યા, આ કૂર્મિઓ બે ભાગમાં વહેંચાઈ ગયા. એક ભાગ ઉત્તર ભારત તેમજ બંગાળ, આસામ અને દક્ષિણમાં ગયા. જ્યારે બીજો ભાગ દિલ્હી, રાજસ્થાન, માળવા, ભિન્નમાલ થઈ ઉત્તર ગુજરાતમાં ગયો.

રાજસ્થાન, માળવા થઈ બાવન ગોત્રી પાટીદારે જે ગુજરાતમાં ગયા, તે પહેલાં આ પાટીદારો મારવાડમાં ઘણાં વરસો સુધી રહ્યા છે.

મારા મારવાડ પ્રદેશના પ્રવાસ દરમ્યાન ત્યાંના પાટીદારોના ખાન-પાન, રીતિ - રિવાજો, પહેરવેશ, આભૂષણો, ગુજરાતી, મારવાડી ભાષા વગેરે સૌરાષ્ટ્ર તથા કચ્છની સંસ્કૃતિને મળતી આવે છે. તે પ્રમાણે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતની ગુજરાતી ભાષામાં ફરક છે. તે ફરક સૌરાષ્ટ્ર અને કચ્છની ભાષામાં નથી. એક જ ભાષા છે.

રહન-સહન, વહેવાર, રીતિ-રિવાજ બધું ભળતું આવે છે, પણ મારવાડ સૂકો પ્રદેશ, વરસાદ ન થવાથી અને રેતાળ ભૂમિ, દુષ્કાળ અને જમીનમાં પાણી ન હોવાથી તે પણ આ બાવન ગોત્રી પાટીદારો સેંકડો વરસ મારવાડમાં રહ્યા છે.

ત્યાં રજવાડા અને સ્થાનિક લોકોની કનડગત હોવાથી અંતે આ બાવન ગોત્રી પાટીદારોએ મારવાડ પ્રદેશમાંથી ઉચાળાભર્યા અને ભિન્નમાલના રસ્તે ઉત્તર ગુજરાત, ઊંઝા, મહેસાણા, નડિયાદ તથા ઊંઝાની આસપાસના ગામોમાં વસવાટ કર્યો અને ત્યાં ખેતી કરવા લાગ્યા, પણ કાળક્રમે આ બાવન ગોત્રી પાટીદારો સામાજિક, ધાર્મિક પરિવર્તન થવાથી કચ્છ પ્રદેશમાં ઈ.સ. ૧૫૦૦થી કરી ઈ.સ. ૧૮૦૦ દરમ્યાન કચ્છ પ્રદેશમાં પ્રવેશ કર્યો.

ગુજરાતના સાબરકાંઠાના જિલ્લામાં વસવાટ કરતા કચ્છના કડવા પાટીદારોનો ઈતિહાસ

- મધુભાઈ પ્રાગજીભાઈ ભટ્ટ

ઉત્તર ગુજરાત પૂર્વ કચ્છની સરહદ આડેસરથી કચ્છીઓએ સ્થળાંતર કર્યું બનાસકાંઠામાં, તો કેટલાક સીધા પહોંચ્યા મહેસાણા અને અમદાવાદ. અમદાવાદની સરહદ દહેગામથી ઓળંગી વસ્યા સાબરકાંઠામાં અને ગુજરાતનું પાટનગર ગાંધીનગર થતાં કચ્છીઓ રાજ્યના એ સચિવાલય પર લહેરાતા ત્રિરંગા ધ્વજની છત્રછાયામાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં પથરાઈ ગયા.

ઉત્તર ગુજરાત એટલે કચ્છીઓ માટે ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠા. આ પાંચ જિલ્લાઓમાં કચ્છીઓ સ્થાઈ થયા છે અને મોટાભાગના કચ્છી પાટીદારો તો હવે પેઢીઓતી ઉત્તર ગુજરાતમાં વસવાટ કરે છે. ઉત્તર ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પ્રગતિમાં કચ્છી પાટીદારોનું અનેરું યોગદાન છે. ખૂબીની વાત એ છે કે, ઉત્તર ગુજરાતમાં પ્રત્યેક જિલ્લામાં કચ્છીઓની વસવાટની તરાહ પણ ભિન્નભિન્ન છે. જીવનશૈલી પણ વિશિષ્ટ છે. તેમનું પ્રદાન પણ જિલ્લે જિલ્લે અલગ ભાત પાડતું છે. આવા ઉત્તર ગુજરાતમાં સ્થાયી થયેલા કચ્છી પાટીદારોની આછેરી ઝલક અહીં પેશ કરી છે.

આશરે સવાસોથી દોઢ લાખ કચ્છી પાટીદારોનું સાબરકાંઠાના લોકજીવનમાં મહત્ત્વનું પ્રદાન છે. ૧૯૨૦માં પાટીદારોને ગાયકવાડ સરકારે ખેડવા જમીન આપી હતી.

અમારું કચ્છ અમારો સાબરકાંઠો

સેંકડો વર્ષના પોતાના માદરે વતન કચ્છમાં અવારનવાર પડતા દુષ્કાળના કારણે અને સ્થાનિક જાગીરદારોની બિનજરૂરી કનડગતના કારણે કચ્છના કડવા પાટીદારોએ ગુજરાત તરફ રોજી રોટી માટે પ્રયાણ આદર્યું. શરૂઆતમાં કપડવંજ બાજુનો કચ્છી કંપો વસાવી વિક્રમ સંવત ૧૯૭૯માં શરૂઆત કરી અને ત્યારે ગાયકવાડનું શાસન હોવાથી ગાયકવાડ સરકારે ખેડવાણ જમીનો પટ્ટા પર આપવાની ઉદારતા દર્શાવી. એકથી બે વર્ષના ગાળામાં કચ્છમાંથી ઘણાં કુટુંબો આવી દુધાતડ કંપા, ગઢ કંપા, તખતગઢ કંપા, બોરડીટીંબા કંપા, માધવ કંપા વસાવ્યા.

સ્થાનિક જમીનદારો પાસેથી અને નાના રજવાડાઓ પાસેથી જમીન વેચાતી રાખીને અથવા મફતમાં પણ મેળવી. જમીનો પણ કેવી અડાબીડ જંગલો. તેને મહામહેનતે રાત-દિવસની કાળી મજૂરી કરી જંગલસાફ કર્યા અને તે જંગલોને ખેતરોમાં ફેરવી ખેતી કરવા લાગ્યા અને વરસાદ સારો થતો હોવાના કારણે કપાસ વિગેરેની ખેતીની શરૂઆ કરી. મહેનત કરવી તે આ પાટીદારોમાં વણાયેલી ચીજ હતી.

ગુજરાતને પણ કચ્છની જેમ પોતાનું માદરે વતન ગણી. સ્થાનિક પ્રજાનો પણ સહકાર મળવા માંડ્યો અને દૂધમાં સાકારની જેમ ભળવા માંડ્યા. ધીમે ધીમે પૂરા સાબરકાંઠામાં કડવા પાટીદારો પથરાઈ ગયા અને ખેતી ક્ષેત્રે કાળી મજૂરી કરીને એટલું બધું પ્રભુત્વ મેળવ્યું કે સ્થાનિક પ્રજા તે જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ અને તેઓને રાજકારણીઓને, સુધરેલા ખેડૂતોને જ્યારે જ્યારે જાહેરમાં વક્તવ્ય આપાવાનું આવતું ત્યારે કહેતા કે અમો સાબરકાંઠાના મૂળ રહીશોને જો ખેતી કરવા શીખવાડ્યું હોય તો તે કચ્છી પાટીદારોએ શીખવાડ્યું છે.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી આજે પણ પોતાના જાહેર પ્રવચનમાં કચ્છી પટેલો અને કંપાવાળા પાસેથી ખેતી શીખવી જોઈએ તેમ ઉલ્લેખ કરે છે. કપાસ, બટાકા, મગફળી, પપૈયાં વિગેરેની ખેતીની ખેતીથી અઢળક પાક આ કચ્છી પાટીદારો લઈ રહ્યા છે. જે કચ્છી પાટીદારો માટે ગૌરવનો વિષય છે.

ઘણાં કચ્છી પાટીદારો ઈઝરાયેલ જઈ આધુનિક ખેતીની જાણકરી પ્રાપ્ત કરી લાવ્ય છે અને તે પ્રમાણે ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીનકર પદ્ધતિ, લિફ્ટ ઈરીગેશન અપનાવી ઓછા વરસાદે અને પાણીના ઓછા વપરાશે વધુ પાક મેળવી રહ્યા છે. આજે સાબરકાંઠાના ૧૩ તાલુકાઓમાં

કચ્છી પાટીદારો ખેતીક્ષેત્રે પથરાઈ ગયા છે. બનાસકાંઠા અને ખેડા જિલ્લામાં પણ ઘણી જગ્યાએ કંપા વસાવી આધુનિક પદ્ધતિની ખેતી કરી રહ્યા છે.

આજે સાબરકાંઠા જિલ્લામાં કચ્છી કિસાનોના ચારસો કંપા છે. એક કંપામાં અંદાજે કચ્છી પાટીદારોની વસતી ચારસો માણસોની છે. સાબરકાંઠા જિલ્લામાં કચ્છીઓની વસતી ૧૯૯૧ના અંદાજ મુજબ એક લાખ, પચાસ હજારની છે. સમગ્ર જિલ્લાની વસતી ૧૯૯૧ પ્રમાણે ૧૭ લાખ ૬૧ હજારની છે. જેમાં કચ્છીઓની વસતી ૮ થી ૧૦ ટકા જેટલી છે.

સામાજિક ક્ષેત્રે

કૃષિ ક્ષેત્રે સ્થિરતા પ્રાપ્ત કરવાની સાથે સાથે સમાજને ઉપયોગી હોય તેવા તાલુકાના દરેક સ્થળોએ સમાજવાડીઓ ઊભી કરવામાં આવી છે. જે આજે શહેરની મધ્યમાં આવી ગયેલ છે. વેપાર અર્થે આવતા ખેડૂતોને પોતાના ગાડાં અને આજે ટ્રેક્ટર છોડવા માટે, રાત્રી રોકાણ કરવા માટે ઉપયોગી થાય છે. સમૂહલગ્નો મુખ્યત્વે ધનસુરા સમાજ, મોડાસા સમાજ, તખતગઢ સમાજ દ્વારા છેલ્લા આઠ વરસથી નિયમિત રીતે યોજવામાં આવી રહ્યા છે.

અવારનવાર સ્થાનિક કચ્છી પાટીદાર સમાજ દ્વારા સાધુ-સંતોના પ્રવચનો, બૌદ્ધિક પ્રવચન પણ યોજવામાં આવી રહ્યા છે. લાંબા અને ટૂંકા પ્રવાસ પર્યટનો પણ યોજાય છે અને અન્ય રાજ્યોના પ્રવાસથી માહિતી પ્રાપ્ત કરી રહ્યા છે. સાબરકાંઠામાં રહેતા પાટીદારો હવે ધીમે ધીમે અમેરિકા, લંડન, આફ્રિકા જેવા સ્થળોએ પણ પ્રયાણ આદર્યું છે. અત્રેના કેટલાક કુટુંબો આફ્રિકામાં ખેતી કરવા માટે પણ પહોંચ્યા છે.

ભવિષ્યમાં આ ક્ષેત્ર વિકાસ માટે નવી ક્ષિતિજ પૂરી પાડશે તેવું લાગી રહ્યું છે. લગ્નોમાં ખર્ચનો પ્રમાણ પણ જરૂર પૂરતું જ કરવામાં આવી રહ્યું છે. રીતરિવાજો પ્રમાણસરના જ સમાવાય છે.

સામાજિક વિકાસ માટે ધનસુરા, મોડાસા, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, તલોદ, બાયડ, કપડવંજ, પ્રાંતિજ, હિંમતનગર, માલપુર, મેઘરજ, ભીલોડા, વિજયનગર જેવા સ્થળોએ વર્ષોથી સામાજિક સંગઠન કાર્યરત છે.

સહકારી ક્ષેત્રે

ખેતી ક્ષેત્રે કપાસનું ઉત્પાદન સારા એવા પ્રમાણમાં થતું હોવાને કારણે ૬૦ કિ.મી. દૂર ગાડા લઈને રૂ જીનમાં નાખવા જવું પડતું હતું. ત્રણ દિવસે ગાડા પાછા આવતા. આ મુશ્કેલીમાંથી ઉગારવા માટે ધનસુરાની આસપાસના કંપાવાળાઓ જેવા કે, બોરડીટીંબા, એકલપુરા, શાંતિપુરા, હીરાપર અને અન્ય ગામોએ ભેગા મળી ધનસુરામાં કપાસનું જીન ઊભું કરવાનો વિચાર કર્યો અને જાતમહેનતે કારસેવા દ્વારા વિશાળ જગ્યામાં ધનસુરાના મધ્યમાં આઝાદી પહેલાં સને ૧૯૪૬માં કપાસ જીન ઊભું કર્યું. તે આ કંપાવાળા ભાઈઓનું ઉદ્યોગક્ષેત્રે મોટું, પ્રથમ સાહસિક અને સફળ પ્રસ્થાન રહ્યું છે.

ત્યાર બાદ વિભાગવાર સહકારી જીનો ઊભા થયા. તેમાં પણ કચ્છી પાટીદારોનો સહકાર સારો રહ્યો છેઅને તેમાં સ્વ. નાનજીભાઈ કાનજીભાઈ પટેલ, મણિલાલ મેઘજીભાઈ પટેલ, મોહનભી દેવશીભાઈ પટેલ, ગોપાલભાઈ પ્રેમજીભાઈ પટેલ, રતિલાલ જીવરાજ અને અન્યનો ચેરમેનપદે રહી આ ક્ષેત્રને વિકસાવવામાં મોટો હિસ્સો રહ્યો છે. સાબરકાંઠા કોટન ફેડરેશનમાં મણિલાલ મેઘજીભાઈ અને મોહનભાઈ દેવશીભાઈ ચેરમેનપદે રહી ચૂક્યા છે. દરેક કંપામાં આજે સહકારી મંડળી અને દૂધ મંડળી અને અન્ય મંડળીઓ કાર્યરત છે.

શૈક્ષણિક ક્ષેત્રે

કચ્છી પાટીદારોએ ગુજરાતમાં પદાર્પણ કર્યું ત્યારે મહદઅંશે બધા જ અભણ હતા પણ સમય પ્રમાણે શિક્ષણની આ વણઝાર દરેક કંપામાં ગામઠી શાળાઓ શરૂ કરી, સ્વખર્ચે શિક્ષકો રોક્યા અને ગામના બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત કરી.

શિક્ષણની આ શરૂઆતની વણઝાર ન અટકતાં મોડાસા, ખેડબ્રહ્મા, ધનસુરા, તલોદ, તખતગઢ, મોતેસરી, રણજીતપુરા, રામાપીર, બોરડીટીંબા,

હિંમતનગર, વડાલી, દામાવાસ, અમલાઈ, વાડાગામ, ડેમાઈ, દહેગામ જેવા સ્થળોએ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, આલીશાન મકાનો સાથે છેલ્લા ૩૫ વર્ષથી ચાલતી રહેલી છે. જે શિક્ષણપ્રેમ દર્શાવે છે.

શાળા, કૉલેજોમાં શિક્ષણો (સારસ્વત મિત્રો)નું પ્રમાણ ૩૦૦ જેટલું થવા જાય છે. જેમાં સાયન્સ કૉલેજના આચાર્ય તરીકે પ્રિ. રતિભાઈ એલ. પટેલ ૨૫ વરસની સેવાઓ આપી નિવૃત્ત થયેલ છે. હાલમાં હિંમતનગર કેળવણી મંડળની ૧૩ જેટલી કૉલેજો અને શાળાઓનું સંચાલન સુચારુ રીતે ચલાવવા માટે તેઓશ્રીની નિમણૂક મેનેજિંગ ડિરેક્ટર તરીકે થઈ છે જે આનંદની વાત છે.

જ્યોતિ હાઈસ્કૂલના આચાર્ય શ્રી જેઠાભાઈ પટેલ અને વી.કે. પટેલ, તખતગઢમાં પોતાની લાંબી સેવાઓ આપી નિવૃત્ત થયેલ છે. હાલમાં ઘણી સ્કૂલોમાં પાટીદાર સમાજના ભાઈઓ આચાર્ય તરીકે સેવાઓ આપી રહ્યા છે. સાર્વજનિક ફાર્મસી કૉલેજ, મહેસાણાના પ્રિન્સીપાલ તરીકે શ્રી છગનભાઈ એન. પટેલ સેવા આપી રહ્યા છે.

સમાજના સામાજિક પ્રશ્નો ચર્ચતું "જાગૃતિ" નામનું એક માસિક મેગેઝીન શરૂ કરવામાં આવ્યું હતું. જેનાં તંત્રી તરીકે પ્રથમ સામજીભાઈ નારણ, સ્વ. દેવશીભાઈ રામજી, સ્વ. નાનજીભાઈ કાનજીભાઈ અને પછી કાંતિલાલ ખીમજીભાઈએ સેવાઓ આપી હતી. આમ શિક્ષણ ક્ષેત્રે કંપાવાળા ભાઈ-બહેનોમાં સારું એવું પ્રમાણ વધ્યું છે.

બહેનો મોટેભાગે ગ્રેજ્યુએટ અને કેટલીક તો પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ પૂર્ણ કરે છે. એન્જિનીયર્સ, ડૉક્ટર, કૉલેજ-સ્કૂલ પ્રિન્સીપાલ, પોફેસર, શિક્ષકો, ફાર્માસિસ્ટ સારી સંખ્યામાં થયા છે.

ડૉક્ટર્સમાં સર્જન, એમ.ડી., બી.ડી.એસ., એનેસ્થેસિસ્ટ, પેડિયાટ્રીશિયન્સ પણ છે. ઉપરાંત ભોજાયના હીરજીભાઈ કેશવજી શાહ (જખુભાઈ)નો કચ્છીઓને સંગઠિત કરવામાં મોટો ફાળો છે. જેમાં ધનજીભાઈ ગોરનું પ્રોત્સાહન પણ કંપાઓને સાંપડ્યું છે.

રાજકીય ક્ષેત્રે

રાજકીય ક્ષેત્રે પદાર્પણ કરવું તે આપણા સમાજ માટે મુશ્કેલ કાર્ય હતું. પણ તેને પણ કંપાવાળા ભાઈઓએ ખેડ્યું છે અને સ્વ. હિતેન્દ્રભાઈ દેસાઈની સરકાર વખતથી જ ધારાસભ્યો પ્રાપ્ત થયાછે. સ્વ. શ્રી નારાયણભાઈ શિવજીભાઈ પટેલ (ધનસુરા), શ્રી અરજણભાઈ ભીમજીભાઈ પટેલ (મોડાસા), લીંભોઈ કંપા, શ્રી નાથાભાઈ દેવજીભાઈ પટેલ (તખતગઢ), હાલે કચ્છ માંડવીથી ધારાસભ્ય ચૂંટાયેલ શ્રી છબીલભાઈ નારણભાઈ પટેલ પણ રાયણના માળકંપા (ધનસુરા)ના જ રહીશ છે. આ સર્વે કચ્છી સમાજે ગૌરવ લેવા જેવી બાબતો છે.

સંસદસભ્યની સીટ પર લીંભોઈ કંપાના યુવાન શ્રી કનુભાઈ રવજીભાઈ પટેલ બે વખત ચૂંટણી લડ્યા પણ નજીવા મતની સરસાઈથી જીતી શક્યા નહીં. આજે સરકારમાં તેઓ જુદી જુદી સમિતિઓ પર સ્થાન ભોગવી રહ્યા છે અને મોડાસા નગરપાલિકામાં મેયરનું સ્થાન પણ સંભાળી ચૂક્યા છે.

ઉદ્યોગ ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રની સાથે સાથે આજે કચ્છી પાટીદારો જિલ્લામાં પ્લાયવૂડ ફેકટરી, લેમિનેશન ફેકટરી, કેમિકલ ઉદ્યોગ, ટાઈલ્સ ઉદ્યોગ, પાવડા-ત્રિકમ બનાવવાના ઉદ્યોગ, ટ્રક, ટ્રેકટર ટ્રોલી ઉદ્યોગ, સૉ મિલ, કોલ્ડ સ્ટોરેજ જેવા મોટા ઉદ્યોગો સ્થાપી સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે. વેપારક્ષેત્રે પણ દરેક તાલુકા પ્લેસ પર સારી એવ વિવિધ પ્રકારની દુકાનો ધરાવે છે.

રાજકીય ક્ષેત્રે સાબરકાંઠા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે શ્રી ગોપાલભાઈ પ્રેમજીભાઈ સવાસલ કંપાવાળા સેવા આપી ચૂક્યા છે.

કંપાના કેટલાક યુવાન ભાઈઓ ભણી નાસિક, સુરત, પનવેલ, મુંબઈ, નવસારી, અમદાવાદ વડોદરા જેવા શહેરોમાં જઈ બિલ્ડીંગના વ્યવસાયમાં જોડાયા છે અને સફળતા મેળવી રહ્યા છે.

આમ કચ્છથી સાબરકાંઠા આવેલા કચ્છી પાટીદારો પોતાના માદરે વતનને ભૂલ્યા નથી. અષાઢી બીજ, યક્ષનો મેળો જેવા ઉત્સવો આજે અહીં રહીને પણ ઉજવી રહ્યાં છે.

ગુજરાતમાં પાટીદારોના પગરણ

- અરજણભાઈ બી. ઠાકરાણી

ઈતિહાસ હંમેશાં પુનરાવર્તન પામતો રહે છે. ૪૦૦ વર્ષઅગાઉ પાટીદારો ગુજરાત છોડી કચ્છમાં આવ્યા અને જુદા જુદા ગામોમાં સ્થાયી થયા્ને ખેતી કરવા લાગ્યા. કચ્છમાં વારંવાર પડતા દુષ્કાળો અને ખેતીના ધંધામાં ગુજરાત ચલાવવામાં પડતી મુશ્કેલીને કારણે એક સદી પહેલાં પાટીદારોના કેટલાક કુટુંબો ફરી પાછા ખેતી કરવા ગુજરાતમાં ગયા અને ત્યાં કંપા વસાવીને રહ્યા.

કચ્છમાંથી ગુજરાતમાં પાટીદારોના કઈ રીતે પગરણ થયા તેની વાત અહીં કરવાની છે. આજથી ૯૦ વર્ષ પહેલાંની વાત છે. કપડવંજના એક જમીનદાર શેઠ અંબાલાલ જયચંદના પિતાશ્રી એવું ઈચ્છતા હતા કે કોઈ ખંડૂત કુટુંબો તેમની પડી રહેલી જમીનને ખેડે અને તેમાંથી ઉપજ મેળવે. આ સમાચાર માનકુવા રહેતા પાટીદાર પરિવારોને મળ્યા. તેમાંના ઉત્સાહી યુવાનોએ કપડવંજ જઈને ભલા શેઠનો સંપર્ક કર્યો. એ યુવાનોએ કચ્છમાં આવીને વડીલોને વાત કરી અને ખેતી કરવા ગુજરાત જવાની પરવાનગી માંગી.

ઘરના વડીલોને સંમતિ લઈને એ ચાર યુવાનો શ્રી કરસનભાઈ અખૈ ધોળુ, શ્રી પ્રેમજીભાઈ રામજી ધોળુ, શ્રી વીરજીભાઈ મનજી ધોળુ, અને શ્રી કાનજીભાઈ રત્ના ધોળુ વિ.સં.૧૯૦૭ અક્ષય તતીયાના દિવસે ગજુરાત જવા પ્રયાણ કર્યું. આ ચારે યુવાનો માનકુવા ગામના વથામણાં પહોંચ્યા ત્યારે સામે એક રબારી મળ્યો. તેના ખભે લાકડી હતી એક છેડે દૂધ ભરેલી બોંગણી લટકાવેલી હતી અને બીજે છેડે પગરખાં લટકાવેલાં હતાં. જોનાર વથાણમાં બેઠેલા અનુભવી વડીલોએ અંદર અંદર ચર્ચા કરતાં કહેલું કે, આ છોકરાએ કમાવા ગુજરાત જાય છે તેમની સામે દૂધ આવ્યું છે એટલે ત્યાં રોટલો છે પણ સાથે લાકડી પણ છે એટલે મહેનત કો કરવી પડશે અને તેમને લાકીડના બળે રોટલા મળશે, અર્થાત ત્યાં સંઘર્ષ પણ કરવો પડશે.

કચ્છમાંથી ગયેલા એ ચાર ભાઈઓએ કપડવંજના આસપાસના વિસ્તારમાં આવેલી શેઠજીની જમીન ભાડે (થાળે) રાખીને ખેતી કરવાનું એ વર્ષે જ શરૂ કરી દીધું. આ સાહસમાં તેમને ધારી સફળતા મળી. એ વિસ્તારમાં જમીન પુષ્કળ હતી એટલે આ ચાર ભાઈઓએ જમીનદારની સંમતિ મેળવી ખેડોઈ તેમજ અન્ય વિસ્તારના થોડાં કુટુંબો કચ્છમાંથી ખેતી કરવા બોલાવી લીધા અને તેમણે સૌ પ્રથમ કંપો વસાવ્યો તેનું નામ પાડ્યું કચ્છીપુરા કંપા. આ કછી કડવા પાટીદારોનો ગુજરાતમાં સૌ પ્રથમ કંપો હતો, ત્યાર પછી દૂધાતડ અને લાલુકંપો વસાવ્યો અને ક્રમેક્રમે સાબરકાંઠા તેમજ બનાસકાંઠા, ખેડા વગેરે જિલ્લામાં જ્યાં જમીન મળતી ગઈ ત્યાં ત્યાં કચ્છમાંથી પાટીદારો આવીને વસ્તા ગયા અને નવા નવા કંપાના તોરણ બંધાતા ગયા.

આ રીતે ૯૦ વર્ષ અગાઉ કચ્છ કડવા પાટીદારોના ગુજરાતમાં ખેતી માટે પ્રથમ પગરણ થયાં. અજાણ્યા મુલકમાં જઈને જમીન મેળવીને ખેતી કરવીએ કંઈ સહેલી વાત નથી. માનકુવાના વથાણમાં બેઠેલા વડીલોએ કરેલી આગાહી ઘણે અંશે સાચી ઠરી છે 'રોટલા ઘણા છે પણ લાકડીને બળે મળશે.' ત્યાં એ અનુભવ ઘણાને થયો છે. તેમને સ્થાનિક પ્રજાનો રંજાડ સહન કરવા પડ્યો છે. પાટીદારો હિંમત અને સાહસથી મુશ્કેલીઓનો સામનો કરીને જ ત્યાં રહી શક્યા છે અને ધીરજ અને ખંતથી તનતોડ મહેનત કરીને આગળ વધ્યા છે.

આજે ગુજરાતમાં અંદાજે ૪૫૦ જેટલા કંપા છે અને અંદાજે દોઢ લાખ પાટીદારોની વસ્તી પણ છે. ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ સારું છે. નવી પેઢીએ શિક્ષિત થયા પછી ખેતી ઉપરાંત વ્યવસાયના નવા ક્ષેત્રો પણ ખેડવા માંડ્યા છે. એટલું જ નહિ પણ ગુજરાતમાં રાજકીય ક્ષેત્રમાં અને સહકારી ક્ષેત્રોમાં પણ પાટીદારોએ સારી નામના નામના મેળવી છે. એ આપણું ગૌરવ છે.

ભારતભરના કણબી-પટેલો

ઇતિહાસવિદ્દોની નોંધ મુજબ છત્રપતિ શિવાજી કણબી વંશમાંથી ઊતરી આવ્યા હતા. એ જ રીતે મહાવીર ભગવાન, બુદ્ધ ભગવાન, સયાજીરાવ ગાયકવાડ મહારાજ, સંત તુકારામ જેવી મહાન વ્યક્તિઓ કૂર્મિક્ષત્રિયો (ખેડૂત) સમાજમાં જન્મ્યા હતા. હાલના આપણા રાષ્ટ્રપતિ શ્રીમતી પાટીલ અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર કણબી પટેલ છે. ભારતભરનાં વિવિધ રાજ્યો-પ્રદેશોમાં કણબી પટેલો કઈ રીતે ઓળખાય છે, તેની વિગતો જોઈએ.

રાજ્ય-પ્રદેશ	ઓળખ
ગુજરાત	કડવા, લેવા, આંજણા, પટેલ, પાટીદાર, દેસાઈ, અમીન
મહારાષ્ટ્ર	પાટીલ, મરાઠા, કુનબી
રાજસ્થાન	ચૌધરી, સીરવી, લોર, ખારી
નાગવિદર્ભ	કુણવી, કુણબી
ખાનદેશ	લેવાકુણબી, મરાઠા, દેશમુખ
કોંકણ	કુલવદી, કુલંબી (પ. મહારાષ્ટ્ર, દ. મહારાષ્ટ્ર)
આંધ્રપ્રદેશ	રેડ્ડી, કાપુ, કુમી, કુલવી
ઉત્તરપ્રદેશી	કુર્મી, કુશવાહા (કુર્મિ ક્ષત્રિય)
બિહાર	કુર્મી, કુશવાહા (કુર્મિ ક્ષત્રિય)
મધ્ય પ્રદેશ	સીંધિયા, કુરમી, પાટીદાર (ગુજરાતી)
પ. બંગાળ	મહંતો
કર્ણાટક	વોકીલીંગર, કાપુ, કમ્મા, કુલંબી
ઝારખંડ	કુડમી, કુડબી
બેલગામ	કુલમી, કુલંબી, કણબી, કાળે
ઉડિયા	કુર્મા,
નીંબાડ	નીમાંડી, કણબી
માળવા	માળવિયા, કુર્મી
આસામ	કુરમી, ચૌધરી, મહંતો
મદ્રાસ	કાપુઓ, કુલમી, કુલબી ,નાયડુ
પંજાબ	કુર્મિ
કોચીન	કુડંબી
હરિયાણા	મરાઠા, કુર્મિ (કરનાલ વિસ્તાર)

સૌજન્ય : સમાજ સંદેશ, લોકસેવા ફાઉન્ડેશન, અમદાવાદ

આંજણા પટેલ : એક અધ્યયન

આંજણા પટેલ કણબી વિશે કોઈ ઈતિહાસકારોએ બહુ પ્રકાશ પાડ્યો નથી. આ આંજણા કણબી એ સૌરાષ્ટ્ર-કાઠિયાવાડના કડવા અને લેઉવા કણબીઓથી થોડા અલગ પડે છે.

''સૌરાષ્ટ્રના લેઉવા પાટીદારોનો ઈતિહાસ'' લખે છે કે આંજણો શબ્દ અંજન ઉપરથી ઉતરી આવ્યો છે. આંજણા ચૌધરી પાટીદારો રાજવંશી પ્રજા છે. આંજણ પાટીદારોને કોઈ સહસ્રાર્જુનના વંશજ કહે છે, તો કોઈ અંજની પુત્ર ગણે છે. પરશુરામના પ્રહારથી બચવા આબુ પર્વતની અધિષ્ઠાત્રી દેવી અર્બુદાનનું શરણું લઈ છુપાઈ ગયા. 'અજાણ્યા' થઈને રહ્યા, એટલે આંજણા પાટીદાર કહેવાયા. એક બીજી વ્યાખ્યાનુસાર પોતાના વ્યક્તિત્વથી કોઈને આંજી નાખે તે આંજણા.

આંજણા શબ્દ ઉપર ''ગુજરાતના કુર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઈતિહાસ'' વધારે પ્રકાશ પાડતા લખે છે કે આંજણા શબ્દનું મૂળ ઋગ્વેદમાં વપરાયેલા પંચાજનાઃ શબ્દમાં છે. આ પંચાજનાઃ શબ્દથી સૂચિત યયાતિના પાંચ પુત્રો પૈકી યદુના વંશજો, યાદવો કહેવાયા. અને આ યાદવ વંશમાં સહસ્રાર્જુન થયા. યાદવોની જુદી જુદી શાખાઓ પડતાં પહેલાં વૈદિકકાળમાં યાદવોના સમૂહને પાંચ જનાઃ કહેવામાં આવતા. યદુના પાંચ પુત્રો (પંચાજનાઃ) હિમાલયના જે શિખર ઉપર રહેતા હતા તે શિખરનું નામ મહાભારતકારે ''અંજન'' એવું આપેલું છે. અંજન શિખર ઉપરથી તેઓ અંજના અને પાછળથી ''આંજણા'' કહેવાયા એમ શ્રી રામજીભાઈ મોતીભાઈ દેસાઈનું મંતવ્ય છે. આ મંતવ્ય પ્રમાણે પણ આંજણા પાટીદારો યાદવ વંશન ક્ષત્રિયો છે.

આંજણા પાટીદારોની ઉત્પત્તિનું સંશોધન કરનાર વિદ્વાન લેખક શ્રી હિરાલાલ મગનલાલ પંડ્યા પણ આંજણાઓની ઉત્પત્તિ યાદવ ક્ષત્રિયોમાંથી થયેલી જણાવે છે.

''ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સિ ભાગ-૧૨ (ખાનદેશ)માં પણ આંજણા વિશેની એક નોંધ મળે છે. ગેઝેટિયર લખે છે કે ખાનદેશ જિલ્લામાં રેવ અને ડોર એમ બે પ્રકારના ગુર્જરો છે. તેમાં રેવ ગુર્જરો ભિન્નમાલથી માળવા થઈ ખાનદેશમાં ગયેલા. તેમનાં ૩૬૦ કુળ છે, અને તેઓ ગુર્જરો છે. ભિન્નમાલથી સ્થળાંતર કરી ફરતા ફરતા તેઓ ત્યાં સ્થાયી થયેલા છે. ગેઝેટિયર તેમની અનેક શાખાઓના નામ આપે છે. તેમાં અંજના, આંજણા, આભેય, પાટલિયા વગેરે મુખ્ય શાખાઓ છે. આ શાખાઓ પૈકી અંજના કે આંજણા નામવાળી શાખા સ્પષ્ટપણે સૂચવેલી શાખા છે. આથી એક ઐતિહાસિક પુરાવો મળે છે કે આંજણા પાટીદારો મૂળમાં ગુર્જર ક્ષત્રિયો હતા. એટલે આંજણા પાટીદારો આર્ય પ્રજાના સીધા વંશજ છે એમ કહી શકાય.''

ઈ.સ.૯૫૩માં ભિન્નમાલ ઉપર પરદેશીઓનું આક્રમણ થયું. ત્યારે કેટલાક ગુર્જરો ભિન્નમાલ છોડીને અન્યત્ર ગયા. આ વખતે આંજણા પાટીદારો લગભગ ૨૦૦૦ ગામડાંઓમાં ભિન્નમાલથી નીકળીને ચંદ્રાવતીમાં આવીને વસ્યા.

ચંદ્રાવતી એ ઐતિહાસિક નગર હોવાના ઉલ્લેખો મળે છે. આ નગરીનાં વર્ણનો સંસ્કૃત સાહિત્યમાં પુષ્કળ પ્રમાણમાં કરવામાં આવ્યા છે. સંસ્કૃત ગ્રંથ ''કાવ્યશિક્ષા''માં કવિ વિનયચંદ્રે ચંદ્રાવતીની હકૂમતમાં ૧૮૦૦ ગામ હોવાનું લખ્યું છે. આ ગ્રંથ વિક્રમના ૧૩માં સૈકાં આસપાસ લખાયો છે.

''ઈતિહાસ અને સાહિત્ય''માં ભોગીલાલ જ સાંડેસરા લખે છે કે ચંદ્રાવતી આબુના પરમાર રાજાઓની રાજધાની હતું. આબુની ઘાટીમાં સ્થપાયેલ આ નગરીના પ્રાકૃત અને અપભ્રંશમાં 'ચડ્ડાવલી'' ''ચડાવલી'' ''ચંદ્રાવલી''વગેરે નામો પણ મળે છે.

ચંદ્રાવતીમાંથી નીકળી આંજણા પાટીદારો કચ્છના ધાનદાર પ્રદેશમાં અને ત્યાંથી છેવટે ગુજરાતમાં આવીને વસ્યા. એમ ભાટ-ચારણના ચોપડાઓ તથા ઈતિહાસના પાનાંઓમાં નોંધાયું છે. આ ઉપરથી ફલિત થાય છે કે આંજણા પાટીદારો આર્ય પ્રજાના સીધા વંશજ છે.

''ગુજરાત સર્વસંગ્રહ'' ના લેખક લખે છે કે લેઉવા તથા કડવા કણબી એ બે ઘણીખરી વાતે મળતા છે, ને બન્ને આંજણા તથા મતીયાથી જુદા છે. આંજણા તે કેટલીક વાતે રજપૂત જેવા છે. બ્રિટીશ રાજ્યની શરૂઆતમાં તેઓએ હથિયારો લઈ રજપૂતોની પેઠે સાહસ કરી પોતાના ઢોર તથા ખેતરોનો બચાવ કર્યો હતો.

આંજણા પાટીદાર સાહસિક તો છે વળી એ ઈમાનદાર પણ ઘણા છે. મુરાદખાન ચાવડા પોતાની એક લોકકથામાં આંજણા પટેલ અભેરાજની ઈમાનદારીની વાતમાં લખે છે કે પાલનપુરના દીવાનના ભાઈ ઇસ્માનજીનું જાગીરી ગામ ચાંગા, ચાંગા ગામના ઉસ્માનજીના કારભારી, હવાલદાર અભેરાજ પટેલને ખળે કળતર કરવા આવી પહોંચ્યા. અભેરાજ પટેલનો બાજરો કળ્યો ૧૨૦૦ મણ. કારભારીએ કળતરિયે ચોપડે રાજભાગનો ત્રણસો મણ બાજરાને બદલે ભૂલથી ત્રીસ મણ લખી લીધો અને જ્યારે હવાલદાર બાજરો વસૂલ કરવા ગયો ત્યારે અભેરાજ કહે ત્રણસો મણ અને હવાલદાર કહે ત્રીસ મણ. ખૂબ જ રકઝક અંતે ઝઘડો ઉસ્માનજી અને છેક પાલનપુર સુધી પહોંચે છે. પટેલની ઇમાનદારી જોઈ આખું રજવાડું દંગ થઈ જાય છે. ''અભેરાજ પટેલ કહે ત્રણસો મણ બાજરો લ્યો, ને રાજ હવાલદાર કહે કે ચોપડેત્રીસ મણ બાજરો લખ્યો હોવાથી ત્રીસ મણ રાજ ભાગ જ લઉં.'' અંતે પટેલની જીદ સામે ઉસ્માનજી નમતું મૂકે છે. ને તેની ઇમાનદારી સાચી ગણી ત્રણસો મણ બાજરો સ્વીકારે છે.

આંજણા પાટીદારોની શાખામાં જાટ શબ્દ પણ આવે છે. જાટ જ્ઞાતિના ઈતિહાસના અધ્યયનમાં હિન્દી ભાષામાં અનજરે, અનજણે અને આંજણે એમ ભાષા ભેદથી અપભ્રંશ થયેલા શબ્દો મળે છે.

''સોરઠના પાટીદારોની એક ખેતી'' નામના પુસ્તકમાં પણ આંજણા કણબી મૂળમાં ગુર્જર ક્ષત્રિયો છે અને આર્ય પ્રજાના સીધા વંશજ છે. જાટ લોકો તેની શાખાઓ લગભગ સામ્ય ધરાવે છ ખેતીકામમાં તેઓ બહુ કુશળ નથી. પરંતુ ખેતી તેમનો વ્યવસાય છે. જાટ લોકો પણ ખેતીને વ્યવસાય તરીકે અપનાવી બેઠાં છે. સહસ્ત્રાર્જુનના આઠ પુત્રોને મારવા પરશુરામ તેની પાછળ પડ્યા હતા. આમાંના બે મારવાડમાં જઈ ભરાયા. ને ત્યાં રાજ્ય સ્થપાયું. તેમના વંશજો જાટ કહેવાયા. આ આઠ પુત્રોમાંથી બાકીને જે છ પુત્રો હતા તે આબુ ઉપર રહ્યા. ત્યારથી તેઓ ''આંજણા'' કહેવાયા.

ગુ X કૂ X ક્ષત્રિ X પા X ઈ.પૂ. ૧૭૩ ઉપર પણ આ આંજણા પાટીદાર તરીકે ઓળખાયેલા સહસ્ત્રાર્જુનના છ પુત્રોના નામ લખ્યા છે જે આ પ્રમાણે છે : (૧) કલ્યાણમલજી (૨) જેતશી (૩) કર્ણશી (૪) ભીમસિંહ (૫) ઉદયસિંહ (૬) ભાણસિંહ. ભાટ-ચારણોના ચોપડા ઉપરથી આ નામો લેખક ગોકળદાસ સોમાભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ ગોકળદાસ પટેલે મેળવ્યા છે. જેને સાચા માનીએ તો તે પ્રમાણે આંજણા પાટીદારો સહસ્ત્રાર્જુનના વંશજ છે. સહસ્ત્રાર્જુન યાદવ વંશનો ક્ષત્રિય હતો.

ઐતિહાસિક રીતે જોતા પાટણની ગાદી ઉપર થયેલા સોલંકી રાજા ભીમદેવની પુત્રી અંજનાબાઈએ આબુ પર્વત ઉપર અંજનગઢ બનાવ્યો અને ત્યાં રહેનારાઓ અંજના, આંજના અને પછી આંજણા તરીકે ઓળખાયા છે. સોલંકીઓ ચંદ્રવંશી ક્ષત્રિયો હતો એટલે આ મંતવ્ય પ્રમાણે પણ આંજણા પાટીદારોને ક્ષત્રિયમાં અવશ્ય મૂકી શકાય. (એ.પૃ. ૧૭૩)

જાટ અને આંજણા પાટીદારો બન્ને એક જ કુળના છે તે ઐતિહાસિક સાબિતીની પુષ્ટિ માટે જાટ અને આંજણા એમ બન્નેની શાખાઓ ''બોમ્બે ગેઝેટિયર''માં આપવામાં આવી છે. જે આ પ્રમાણે છે. જેમાં પ્રથમ ઉત્તર ગુજરાતના

આંજણા પાટીદારોની શાખા આ પ્રમાણે છે. (૧) આંજણા (૨) કાગા (૩) ગૌર (૪) યાદવ-જાદવ (૫) નવ-નૌવર (૬) તરક (૭) માલવી (૮) પિલિયાતર (૯) કાળા (૧૦) કાતરિયા (૧૧) કરવડ (૧૨) ખરસણ (૧૩) ખાંટ (૧૪) ગોયા (૧૫) જુડોળ (૧૬) ભદ્રા (૧૭) ભૂરિયા (૧૮) મોર (૧૯) રાઠોડ (૨૦) શક (૨૧) હાન્ડિયા (૨૨) રાવત વગેરે શાખાઓ આંજણા પાટીદારોની છે.

જાટ લોકોની શાખાઓ તેમને મળતી આવે છે જે આ પ્રમાણે છે : (૧) અન્જને-આંજણે (૨) કાગ - કાકુત્સ્થ - કાગરાણા (૩) ગૌર (૪) યાદવ-જાદવ (૫) નવ-નૌવર (૬) તરક-તક્ષક (૭) માલવી (૮) પિલાવનીયા (૯) કાજલા (૧૦) કટારિયા (૧૧) કુલવડ-કલવડ (૧૨) ખેરીટા (૧૩) ખાંટ (૧૪) ગુલૈયા (૧૫) જુરૈલ (૧૬) ભદૌતિયા (૧૭) ભૂળિયા (૧૮) મોર (૧૯) રાઠોર (૨૦) શક (૨૧) હાડા (૨૨) માવત.

આમ જોતાં બન્નેની શાખો સામ્યતા ધરાવતી શાખો છે. જેના પરથી ''જાટ'' અને ''આંજણા'' બન્ને એક જ કોમ જણાઈ આવે છે. આ જાટ શાખા અંગે ''કાઠિયાવાડ ભાગ-૧''માં જણાવાયું છે કે જાટ એ પંજાબના મજૂરી કરનાર જાટ અથવા ''જાટ'' જાતની એક શાખા છે. તેઓ મુસલમાની ધર્મમાં વટલી ગયા ને કાઠિયાવાડમાં આવ્યા, પછી ઘણો કાળ લૂટારા દાખલ ભટકતા રહ્યા. ઘણાંક જટે કચ્છના 'રણની પૂર્વે વસી બજાણાની પાસેના ૨૪ ગામો મેળવ્યા. એ ઉપરથી એ પ્રદેશને નાનો જટવાડ કહે છે. હિમ્મતવાન અને રંગે દેખાવડાં છે. ઘણો શ્રમ વેઠી શકે તેવા છે. ''સૌરાષ્ટ્રના લેઉવા પાટીદારોનો ઈતિહા'' માં સંપાદક શ્રી ગોરધનદાસ સોરઠિયા લખે છે કે ''આંજણા પાટીદાર'' ને કોઈ ખરી-ખોટી ઉપમા આપવી હોય તો આખલકાની જેમ લડવાની આપી શકાય. ચૌધરી પાટીદારો રાજવંશી અદેખાઈ ધરાવતી શૂરવીર લડાયક કોમ છે. એને છંછેડવામાં મજા નથી.

સોરઠિયાં વધુમાં લખે છે કે ચૌધરી કોઈ અટક નથી, એ ઇલકાબ છે. ગુજરાતના આંજણા પાટીદારો ભારે નસીબદાર છે. આંજણી (સ્ત્રી)ને પેટે જન્મ લેતાની સાથે જ એ ''ચૌધરી'' બની જાય છે. એ મૂળ આર્ય પૂર્વજના જિન્સ ધરાવે છે.

પન્નાલાલ પટેલ, રઘુવીર ચૌધરી, દેવેન્દ્ર પટેલ વગેરે સાક્ષરો તેમજ હરિ દેસાઈ જેવા પત્રકારોએ આંજણા પાટીદાર માટે ઘરેણાં સમાન છે. તો સંત રાજારામ મહારાજ સમગ્ર આંજણા ચૌધરી પાટીદારોના આરાધ્ય પુરૂષ ગણાય છે. બીજા સંત ભગત તે ''રામો ભગત'' પાક્યા. આંજણા પાટીદાર કોમમાં પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર હતા પન્નાલાલ પટેલ જેમની બહુ જ જાણીતી બે નવલકથાઓ (૧) મળેલાં જીવ (૨) માનવીની ભવાઈ. આ પન્નાનાલ પટેલ અભણ હતા ત્યારે નાની વયે ઈડરના મહારાજા બાવજીને ભજન સંભળાવેલું. જેથી ખુશ થઈ મહારાજાએ તેને ઈડરની હાઈસ્કૂલમાં દાખલ કરાવી દીધા. આમ આંજણા પાટીદાર એ સમગ્ર પાટીદાર સમાજ માટે પણ તેના સાક્ષરોની સિદ્ધિને કારણે ગૌરવપ્રદ બાબત છે.

''આંજણાં પાટીદારો ''

આંજણાં પાટીદારોની ઉત્પતિનું સંશોધન કરનાર વિધ્ધવાન હીરાલાલ મગનલાલ પંડયા પણ આંજણા ઓની ઉત્પતિ યાદવ ક્ષત્રિયોમાંથી થયેલી જણાવે છે. આમ સમગ્ર રીતે જોતાં આંજણા પાટીદારો ઉત્પતિ ક્ષત્રિઓમાંથી થયેલી જણાય છે.

ઈ.સ. ૯૫૩માં ભિન્નમાલ ઉપર પર દેશીઓનું આક્રમણ થયું ત્યારે કેલટાક ગુર્જરો ભિન્નમાલ છોડીને અન્યત્ર ગયા. આમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર, વૈશ્વ બધી જાતિઓ હતી. આ વખતે આંજણાં પાટીદારો લગભગ ૨૦૦૦ ગાડામાં ભિન્નમાલથી નીકળીને ચંદ્રાવતીમાં આવીને વસ્યા. ત્યાથી કચ્છના ધાનદાર પ્રદેશમાં અને ત્યાંથી છેવટે ગુજરાત માં આવીને વસ્યા. એમ ભાટ ચારણો ચોપડાઓમાં તથા કેટલેક અંશે ઈતિહાસના પાનાઓમાં પણ નોંધ છે. આ ઐતિહાસિક નોંધો પરથી કહી શકાય કે આંજણા પાટીદારો ગુર્જર ક્ષત્રિયો (આર્યપ્રજા) ના વંશજ છે.

આર્યપ્રજા આંજણાં પાટીદારો શાખામાં જાટ શબ્દ આવે છે. ત્યારે જાટ જાતિના ઈતિહાસ મા હીંદી ભાષામાં અનજરે, અનજણા, આંજણે એમ ભાષા ભેદથી અપભ્રંશ થયેલા શબ્દો જોવા મળે છે. આ ઉપરથી સમજાય છે કે જાટ અને આંજણાં પાટીદારો ના બંને કુળો એક જ છે". એ જાટ આ બંને થી ઉત્પતિ એક જ પુરૂષમાંથી વર્ણવેલી છે. તે યથાર્થ છે. જાટ અને આંજણા પાટીદારો બંને એક જ કુળના છે. તે ઐતિહાસિક સાબિતિની પુષ્ટિ માટે આ શાખાઓની કેટલીક સામ્યતા એક બીજાને મળતી આવે છે.

આંજણાં પાટીદાર જેમ કુર્મિઓ પંજબથી નીકળી રાજસ્થાન નારસ્તે આવી મારવાડ રાજસ્થાનમાં પોતાનો વસવાટ કર્યો. આમ આ મારવાડ રાજસ્થાન માં પોતાનો વસવાટ કર્યો. આમ આ મારવાડ પ્રદેશ પણ કચ્છ સૌરાષ્ટ્ર જેવી રેતાળ પહાડીઓ અને વરસાદ પણ ન પડે એવો સુકો પ્રદેશ છે. બાવનગૌત્રી પાટીદારો ત્યાં સેક્ડો વરસ મારાવાડમાં વસવાટ કરેલો છે. જેમાં લેવા અને કડવા બંને હતા. પણ રેતાળ જમીન અને પાણી વગરની અને દુષ્કાળ જેથી પરિસ્થિતી હોવાથી બાવન ગૌત્રી પાટીદારો મારવાડ થી ભિન્નમાલના રસ્તે ગુજરાતમાં પ્રવેશ કર્યો. જ્યારે આજણાં પાટીદારો મારવાડ સ્થાઈ થયા. વરસે તો વાવે, નહીંતર મજુરી કરી પેટ ભરતા પણ બાવન ગૌત્રી પાટીદારો ગુજરાતમાં ઊંઝાની આજુબાજુમાં વસવાટ કર્યો. અને ખેતી કરવા લાગ્યા. જયારે આંજણાં પાટીદારો મારવાડ એ આબુ ડુંગરની આજુબાજુ નો વિસ્તાર બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છના વિસ્તાર માં સ્થાઈ થઈ અને ત્યાં ખેતી કરવા લાગ્યા. તેઓ ગુરૂ રાજા રામને ભગવાન માને છે. મારા પ્રવાસ દરમ્યાન અમો તેમના આમંત્રણને માન આપી તેમનો ગુરૂધ્વારો શિકાર પુરમાં તેમના આશ્રમમાં ગયા ત્યાં તેમનો વાર્ષિક ઉત્સવ હતો અને સભાપણ રાખી હતી. અને અમોને પાટીદાર વિશે પોતાના વિચારો રજુ કરવા સમય આપ્યો હતો.

રાજસ્થાનમાં મારવાડ, ગુજરાતના આંજણાં પાટીદારો એકજ છે. બેટી વહેવાર અને રોટી વહેવાર આપસમાં કરે છે. અત્યારે આંજણાં પાટીદારોની વસ્તી દસ લાખ જેવી છે તેમની કુળદેવી અંજની દેવીનું મંદિર માંઉટ આબુ પર છે.અને ત્યાં દર વરસે મેળો ભરાય છે. પાટોત્સવ ઉજવે છે. આંજણાં પટેલો પોતાને ''ચૌધરી'' ના નામથી ઓળખાવે છે. મારવાડ સુકો અને રેતાળ પ્રદેશ હોવાથી આ આંજણાં પાટીદારો ભારત ભરમાં રોજી અને રોટી માટે દરેક શહેર અને ગામોમાં પથરાયેલા છે.

ઉત્તરપ્રદેશ અને નેપાળમાં વસવાટ કરતા ગુજરાતી પાટીદારો

પંદરમી સદી અને સોળમી સદીમાં ગુજરાતમાં વસતા પાટીદારોયે ગુજરાતમાંથી વરસાદ ન થવાથી, વારંવાર દુષ્કાળ પડવાથી અને સ્થાનિક પ્રજાના ત્રાસથી અને રાજાઓ અને મુસ્લિમ સુબાઓની કનગડતથી ગુજરાતમાંથી સ્થળાંતર કરવા લાગ્યા. પાટીદારોનો એક વિભાગ કચ્છમાં ગયો અને બીજો વિભાગ સૌરાષ્ટ્રમાં ગયો અને બાકીના પાટીદારો માળવા, નિમાડ, એમ.પી. અને રાજસ્થાનમાં ગયા.

જ્યાં જેને ખેતીવાડીની સગવડ મળી તે ઠેકાણે ગોઠવાઈ ગયા. પરંતુ ગુજરાતથી પાટીદારોની અવરજવર વધારે હોવાથી અને માળવા, એમ.પી. માં પાટીદારોનો ભરાવો ઘણો થવાથી અને ખેતી માટે જમીન અને પાણી તથા અન્ય સગવડો ન મળવાથી આ લોકોએ ઈન્દોર, ઉજ્જૈન થી યુ.પી.માં દાખલ થયાં. જ્યાં ગંગા-યમુના, સરયૂ વિગેરેનો કિનારો લેતાં બરેલી અને અન્ય જગ્યાએ પાણી અને જમીન સારી મળવાથી જે તે જગ્યાએ ગોઠવાઈ ગયા.

ગુજરાતથી પાટીદારો યુ.પી.માં આવતા રહ્યા અને ગામો વસાવતા ગયા. અત્યારે યુ.પી.ના પંદર જિલ્લામાં ગુજરાતી પટેલો વસે છે. જેમની સંખ્યા લગભગ બાર લાખ છે અને ઉત્તર ભારતમાં તેમને લગભગ ત્રણસો પચ્ચાસ વરસ થયા છે.

એમ.પી. અને રાજસ્થાનમાં જે ગુજરાતી પાટીદારો વસે છે, તેની પરિસ્થિતિ સારી છે અને આ પાટીદારો ગુજરાત એમ.પી. અને રાજસ્થાનના પટેલો આપસમાં વ્યવહાર રાખે છે. સગપણ પણ કરે છે. અને ઊંઝા ઉમિયા માતાજી સાથે સંકળાયેલા છે અને સર્વ રીતે સાધન સંપન્ન છે. રીત-રિવાજો પણ ગુજરાતના જેવા છે, શુદ્ધ શાકાહારી છે. આ પાટીદારો લેવા અને કડવા છે. આપસમાં વિવાહ-સગપણ વગેરે કરે છે. માળવામાં ઉમિયા માતાજીના મંદિરો પણ છે. જેમાં ઈન્દોર, રાહુરંગવાસા, કરોદિયા અને અન્ય જગ્યાએ મંદિરો બંધાય છે.

એમ.પી. માંથી જે પાટીદારો યુ.પી.માં ગયા અને ખેતી અને પાણી મળવાથી ગોઠવાઈ ગયા, જે પંદર જિલ્લામાં પાટીદારો સ્થાયી થયા, તે જિલ્લાઓ આ પ્રમાણે છે. અલ્હાબાદ, બનારસ, બરેલી, અંબેડકર, ફૈઝાબાદ, બારાબંકી, બેરાઈચ, સુલતાનપુર, ગોરખપુર, અયોધ્યા, નેપાલની તરાઈ, બસતી, ગૌંડા, જોનપુર, આઝમગઢ.

ગુજરાતમાંથી યુ.પી.માં આવવાવાળા પાટીદારો જ્યાં પાણી-જમીન મળવાથી જણાવેલા જિલ્લાઓમાં ગોઠવાઈ ગયા.

તે વખતે રાજા અને અંગ્રેજોનું રાજ્ય હતું. તુલસીપુરમાં રાજાઓનું રાજ્ય હતું. આ તુલસીપુર સ્ટેટ અને નેપાળની સરહદ એક જ હતી. બંને પાડોશી હતા.

અમુક કારણોથી અંગ્રેજ અને તુલસીપુર રાજાનો કોઈ બાબત પર વાંધો થવાથી અંગ્રેજોએ અમુક જિલ્લાઓ નેપાળમાં ભેળવી દીધા, જેમાં ગુજરાતી પાટીદારોનો વસવાટ હતો. જેથી કરી આ ગુજરાતી પાટીદારો પણ નેપાળમાં ચાલ્યા ગયા. અત્યારે સરહદ પર આવવા-જવાની છૂટ હોવાથી આ પાટીદારો પોતાના સગાં-વહાલાંઓને ત્યાં આવે છે, સગપણ અને બીજા પ્રસંગે આવે-જાય છે. ઘણાં પાટીદારો યુ.પી.માં વિવાહ વગેરે કરે છે. નોકરી કરવા પણ આવે છે. પરિસ્થિતિ બહુ સારી ન કહેવાય.

અંબેડકર જિલ્લામાં નેપાળથી ગુજરાતી ભાઈ હરદેવ બક્ષ ચૌધરી પોતાના દિકરાની જાન લઈ ફતેહપુર બડાગાંવ આવ્યા હતા. આ પ્રસંગે કવિ પટેલ, રમાપંત ચૌધરી, રામવર્મા અને રામબરન ચૌધરી અને બીજા ઘણાં ગુજરાતી બંધુઓને આમંત્રણ આપ્યું હતું.

હરદેવબક્ષ ચૌધરી નેપાળમાં એમ.એલ.એ. છે અને પોતાની સારી છાપ ધરાવે છે. અત્યારે નેપાળમાં ત્રણ લાખ ગુજરાતી પટેલોની વસતી છે અને આજે પણ તેઓ પોતાને ગુજરાતી પટેલ, ચૌધરી પટેલ, વર્મા પટેલ અને દેશી પટેલ તરીકે ઓળખાવે છે.

પાટીદારો નેપાળમાં પણ ખાસ કરી ખેતીનો ધંધો કરે છે અને શિક્ષક ભાઈઓ ખાસ કરીને ભારતમાં સર્વિસ કરે છે. વિવાહ વખતે ચૌધરી પટેલે જણાવ્યું હતું કે ઘણાં વરસોમાં તમારાથી (કવિ પટેલ) પ્રથમ મુલાકાત થઈ છે અને અમો ઊંઝા ઉમિયા માતાજીના દર્શન કરવા જરૂર આવશું. અમોને ગુજરાતી ભાઈઓએ યાદ કરી, ગુજરાત આવવા આમંત્રણ આપ્યું તે બદલ ધન્યવાદ.

ઉત્તર ભારતમાં ગુજરાતના પાટીદારો

અત્રે દિલ્હીમાં વસતા ઉત્તર ભારતના પાટીદારો સાથે અમોએ ઉત્તર ભારતનો અને યુ.પી. અને બિહારનો પાટીદારોના વતનનો એક પ્રવાસ ગોઠવ્યો હતો જેમાં મારી (કવિ પટેલ) સાથે ઉત્તર ભારતના સમાજના હોદ્દેદારો પણ હતા. આ પ્રવાસ કરવાનું કારણ એ હતું કે ઉત્તર ભારતમાં રહેતા પાટીદારોને નજીકથી જોવા અને જાણવા વિશે અને ત્યાંના પાટીદારોની પ્રવૃત્તિ, સામાજિક પરિસ્થિતિ અને તેઓની વ્યવહારિક જાણકારી, રીતરિવાજો અને અન્ય પ્રવૃત્તિઓની જાણકારી વિશે માહિતી મેળવવી.

અમારા પ્રવાસમાં દિલ્હીથી જોડાયેલા એક ચૌધરી પટેલ પણ હતા. જેઓ પોતાને ગુજરાતી પટેલ (દેશી પટેલ) તરીકે મને ઓળખાણ આપી ત્યારે મેં એમને પૂછ્યું કે ગુજરાતી પટેલ એમ.પી., રાજસ્થાનમાં છે. પણ ઉત્તર ભારતમાં ક્યાંય ગુજરાતી પટેલ હોય તેવું જાણવામાં નથી આવ્યું ત્યારે એમને પોતાની પાછળની પેઢી ઇતિહાસ સંભળાવ્યો કે, અમે ક્યારે અને કેમ ઉત્તર ભારતમાં આવ્યા છીએ.

આજથી લગભગ અઢીસો વરસ પહેલા અમારા વડવાઓ ગુજરાતના ચરોતર ખેડા વિસ્તારથી આવેલા છીએ. લગાતાર ત્રણથી ચાર વરસ સુધી વરસાદ ન થવાથી અને સત્તાવાળાઓની કનડગતના કારણે તેઓએ પોતાના સર-સામાન અને બળદગાડા સાથે મધ્યપ્રદેશમાં માળવા તરફ પ્રયાણ કર્યું. જ્યાં પહેલા ગુજરાતથી ગયેલ પાટીદારો પણ વસવાટ કરતા હતા. મુખ્ય ધંધો ખેતીવાડીનો હોવાથી સુખી હતા. આ પાટીદારોનો કાફલો હજારો પરિવારોની સાથે માળવા પહોંચ્યો. ત્યાં તેઓએ ખેતીવાડી માટે જમીન અને પાણીવાળા પ્રદેશમાં વસવાટ કર્યો પરંતુ ત્યાં સારી જમીન, પાણીવાળો વિસ્તાર બધા માટે ઉપલબ્ધ ન હોવાથી બાકીના પરિવારોએ ઉત્તર ભારત તરફ પ્રયાણ કર્યું અને ધીરે ધીરે તેઓ ગંગા- જમનાના દોઆબ પ્રદેશમાં કિનારો લેતા લેતા અવધ રાજ્યના અયોધ્યાના ફળદ્રુપ વિસ્તારમાં સરયુ નદીના દોઆબ ક્ષેત્રમાં પહોંચ્યા ત્યાં ફળદ્રુપ જમીન જોઈ અને ત્યાં રહેવાનું નક્કી કર્યું.

ધીરે ધીરે તેઓ ત્યાં પોતાની હસ્તી પ્રમાણે જમીન મેળવી ગોઠવાતા ગયા અને પોતાની આજુબાજુ ગામો વસાવવા લાગ્યા. આજે આ ક્ષેત્રમાં લગભગ પાંત્રીસથી ચાલીસ ગામોમાં ગુજરાતી પટેલો વસે છે. ચૌધરી પટેલના કહેવા પ્રમાણે તેઓ આજે પણ ત્યાં ગુજરાતી પટેલ અથવા દેશી પટેલ તરીકે ઓળખાવે છે. ગુજરાત પોતાના વતનથી ઘણા દૂર હોવાથી તેઓ સગાનો સંબંધ ગુજરાતના પાટીદારો સાથે રાખી શક્યા નથી. કારણ કે તે વખતે આવવા- જવા માટે આજની જેમ કોઈ સાધન ન હોવાથી તેઓ જે ગુજરાતથી પાટીદારો ત્યાં ગયા હતા તેઓએ આપસમાં જ સંબંધો જોડ્યા છે. આ પાટીદારો કડવા અને લેવા બંને છે. પણ ત્યાં કડવા લેવાનો ભેદ નથી. આપસમાં વિવાહ સંબંધો કરે છે. હિંદી ભાષા અપનાવી છે. અવધી ભાષામાં ક્યાંક ગુજરાતી ભાષાના શબ્દોનો પ્રયોગ થાય છે. રીતરિવાજ ગુજરાતની જેમ છે પણ થોડા ઘણાં ત્યાંના ગુણો જણાય છે.

ખેતીવાડીમાં બહુ પ્રગતિ કરે છે જેઓ શહેરમાં વસવાટ કરે છે તેઓ સારી હાલતમાં છે. વેપાર પણ કરે છે અને સર્વિસમાં ઉંચા હોદ્દા ધરાવે છે. રાજનૈતિકમાં પણ સારી પકડ રાખે છે. તેઓ લવ-કુશના સંતાનો પોતાને કહેવડાવે છે. ગ્રામીણ વિસ્તારમાં હજી બાળલગ્ન, બારમુ, દહેજ જેવી પ્રથાઓ ચલાવી રહ્યા છે. શિક્ષણનું પ્રમાણ સારું છે.

મેં (કવિ પટેલ) જ્યારે એક ગામના ચૌધરી પટેલ સાથે એક ગુજરાતી વડીલ સાથે વાત કરી અને પાછળના ગુજરાતી ઇતિહાસની વાત કરી તો તેઓએ ગામઠી ભાષામાં કહ્યું કે અમો માળવા ઉજ્જૈન થઈ અહિયા અમારા વડીલો આવ્યા હતા. અમોએ અમારા વડીલો પાસેથી સાંભળેલું કે આપણે મૂળ ગુજરાતના ચરોતર વિસ્તારમાંથી આવ્યા છીએ, વડીલની ઉંમર તો લગભગ ૮૦ વર્ષની હશે. તેઓએ કહ્યું કે હવે અમો

અહીંયાના વતની બની ગયા છીએ. ગુજરાત જોવાનું મન ઘણું છે પણ હવે અમો મુસાફરી નથી કરી શકતા. ગુજરાતના પટેલો સાથે સંબંધ બાંધવાનો વિચાર થાય છે પણ તમો અમોને અપનાવશો ખરા ? આ શબ્દ સાંભળી હું ભાવુક બની ગયો અને આનો થોડીવાર જવાબ ન આપી શક્યો. પરંતુ મેં એમને કહ્યું કે અમો તમોને જરૂર અપનાવીશું. પણ વહેવારિક અને સામાજિક રીતે તમોને ગુજરાતી પટેલ બનવું પડે. આ સાંભળી વડીલની આંખમાં આંસુ આવી ગયા.

આમ, પાટીદારોને જાણવા જેવું ઘણું હતું પણ સમય પ્રમાણે નક્કી થયા મુજબ અમો પ્રવાસે ઉપડી ગયા. ધીરે ધીરે પાટીદારોનો વિસ્તાર વધતો ગયો તેમ તેઓ બીજા ગામો વસાવીને ખેતીવાડી કરે છે. આર્થિક રીતે તેઓ એટલા બધા ઉન્નત નથી થયા. આમ પાણી અને જમીન સારી હોવાથી જીવન નિર્વાહ સારો છે.

ગુજરાતી પરિવારના પાટીદારો આજે પણ પોતાને ગુજરાતી પટેલ ગૌરવથી કહે છે. જ્યાં જ્યાં ગયા ત્યાં ગુજરાતી પટેલો પોતાને ગુજરાતી જ કહેવડાવે છે. આમ U. P. Biharમાં ત્યાંના પાટીદારો કુર્મી ક્ષત્રિય કહેવડાવે છે. પરંતુ ગુજરાતના પટેલો આ નામ નથી લગાડતા. ગામડાનું દૃશ્ય આપણા ગુજરાતના ગામડા જેવું લાગે. ખેતી સારી છે, પાતાળમાં પાણી ઘણું છે જમીન ફળદ્રુપ છે પહેરવેશ પણ ગુજરાતી જેવો છે. ઉત્તર ભારતમાં જ્યાં જ્યાં ગુજરાતી પાટીદારો વસે છે તેમના જિલ્લાના નામો નીચે આપેલા છે.

ઉત્તર ભારતમાં જ્યાં જ્યાં ગુજરાતી અથવા કુર્મિ પાટીદારો વસે છે તેઓ પોતાને લવ-કુશના સંતાનો બતાવે છે. અહિંયા લવના લેવા અને કુશના કડવા પાટીદારોમાં ભેદ નથી કોઈ ગોળ પ્રથા ગુજરાતની જેમ નથી. તેઓ સૌ પોતપોતાની રીતે સંબંધો રાખે છે.

ગુજરાતી પાટીદારો ધાર્મિક રીતે સ્થાનિક આધાર પર દેવી-દેવતાને માને છે અને હોળી, દીવાળી, જન્માષ્ટમી વિગેરે ધાર્મિક ત્યૌહારો મનાવે છે. સૌ સનાતની છે પણ રીતરિવાજમાં પહેલા જણાવ્યા મુજબ દહેજપ્રથા, બાળલગ્ન, બારમુ વિ. કરે છે. બારમામાં તો તેઓ ગામડાઓ જમાડે છે. જો કે ભણતર સાથે આ રિવાજો હવે ઓછા થતા જાય છે.

સામાજિક રીતે તેઓને પોતાના સમાજનું સંગઠન છે પરંતુ જાહેરમાં ત્યાં કુર્મી પાટીદારો સાથે સમાજ સહયોગઆપે છે. દીકરાઓ પોતાની સ્થિતિ પ્રમાણે ભણે છે. પણ દીકરીઓને ઘણું ભણવાનો રીવાજ નથી. ખેતીવાડીમાં સૌ ભળી કરી કામ કરે છે. રાત્રે ભજન, હનુમાન ચાલીસા, રામાયણ વિગેરે ઘરના વડીલો સાથે બેસીઈશ્વરને યાદ કરે છે.

ગુજરાતથી બે હજાર કિ.મી. દૂર ગુજરાતના પાટીદારો જેઓ આજથી અઢીસો ત્રણસો વરસ પહેલા ઉત્તર ભારતમાં ગયા છે છતાં તેઓ આજે પણ પોતાને ગૌરવથી ગુજરાતી પટેલ કહેવડાવે છે. ધન્ય છે.

ઉત્તર ભારતમાં જ્યાં ગુજરાતી પાટીદારો વસે છે તેના જિલ્લાવાર આ પ્રમાણે છે.

યુ.પી., અયોધ્યા, બનારસ, અલ્હાબાદ, જૌનપુર, બરેલી, બારાબંકી, ગોરખપુર, બસ્તી, ફૈઝાબાદ, આગરા, ઇટાવા, બહરાઈચ, ગૌડા, સુલતાનપુર, દહેરાદુન, આઝમગઢ.

બિહારમાં પાટીદારો પોતાના નામની પાછળ પટેલ લખાવે છે. ભાગલપુર, ખંગડીયા, બેગુસરાય, વૈશાલી, ગોપાલગંજ, શિવાન, સીતામઢી, મુજફ્ફરપુર, દરભંગા, સમસ્તીપુર, કટીહાર, પૂર્વી ચંપારણ, પૂર્ણિયા, સહરસા, મધેપુરા, દુમકા, સાહેબગંજ, દેવઘર આ સિવાય ગણા પટેલ ચૌધરી પણ વસે છે.

અત્રે યાદ રાખવું જરૂરી છે કે ઉત્તર ભારતમાં સેંકડો સંસ્થાઓ સરદાર વલ્લભભાઈ પટેલના નામની ચાલે છે. સ્કૂલ, કોલેજ, હોસ્ટેલ તથા અન્ય સામાજિક સંસ્થાઓ સમાજ મંડળ વિગેરે સરદાર પટેલના નામની ચલાવે છે. સરદાર પટેલને તેઓ બહુ માનથી માનેછે અને ગૌરવથી કહે છે કે સરદાર પટેલ અમારા નેતા છે. અમો એમના વંશ છીએ. સરદાર પટેલની જન્મ જયંતિ તથા પુણ્યતિથિ બહુ જોરશોરથી મનાવે છે. રાષ્ટ્રીય નેતાની સાથે સરદાર પટેલને પોતાના નેતા માને છે.

જ્ઞાતિ અને બદલેલ ધર્મ માર્ગ

- જીજ્ઞેશ પટેલ

જ્ઞાતિ એટલે કોઈ એક કોમની જાતિ- ઓળખ. જ્ઞાતિ- ભાવનાએ છેલ્લા એક- બે દસકામાં ઘણું જોર પકડ્યું છે. દરેક કોમ સંગઠન બનાવી પોતાની જ્ઞાતિ- ના સર્વાંગી વિકાસ માટે અથાક પ્રયત્નો કરી રહેલી દેખાય છે. આજની દરેક કોમના ઇતિહાસમાં ડૂબકી મારતા જણાશે કે તેઓમાંથી કેટલીક કોમે પોતાનો મૂળ ધર્મ કે મૂળ જ્ઞાતિ જાળવી રાખી નથી. આની પાછળના કારણોમાં વટાળ પ્રવૃત્તિ રહી છે. પ્રાચીન અને મધ્યકાળમાં વિધર્મીઓના આક્રમણો અને મુસલમાન શાસકોની ધર્મ પરિવર્તન કરાવી હિન્દુઓને વટલાવી પોતાની જ્ઞાતિમાં ભેળવી મુસ્લિમ જ્ઞાતિની વસ્તી સંખ્યા વધારવાની ઘેલછાને પરિણામે હિન્દુઓની મોટી વસ્તી ધર્મ પરિવર્તનને કારણે વિધર્મી બની ગઈ છે. આવી વટલેલ જ્ઞાતિઓની થોડી જાણકારી મળે એ માટે ઐતિહાસિક આધારો સાથે હિન્દુ ધર્મમાંથી અન્ય ધર્મમાં ગયેલ તળ ગુજરાતની કેટલીક ધર્મ- માર્ગ બદલેલ જ્ઞાતિઓની અહીં ઓળખ આપવામાં આવેલ છે.

'ગુજરાત સર્વસંગ્રહ' લખે છે કે, ગુજરાતના મુસલમાન તે ઘણા ખરા હિન્દુ ઓલાદના છે, ને સૌ મળીને ૭૮ વર્ગમાં મુકાય છે. ધર્મના સંબંધમાં ૯ (નવ) વર્ગ, વેપાર ધંધાના સંબંધમાં ૫ વર્ગ, જમીનના સંબંધમાં ૧૮ વર્ગ, હુન્નર- કારીગરીના સંબંધમાં ૨૨ વર્ગ, નોકરીના સંબંધમાં ૧૦ વર્ગ અને મજૂરીના સંબંધમાં ૧૪ વર્ગ છે. એ ૭૮માં ૬૫ સુની, ૯ સીહા ને હુશેની બ્રાહ્મણ, કમાલિયા, મતિયા, કણબી અને શેખડા આ ચાર તે સુની કે સીહા બેમાંથી એક પણ નથી. (પૃ.- ૧૪૫)

હિન્દુમાંથી મુસલમાન :

હિન્દુમાંથી મુસલમાન બનેલ કેટલીક જ્ઞાતિઓ ઉપર પ્રકાશ પાડતા 'કાઠિયાવાડી સર્વસંગ્રહ' લખે છે કે, કણબી, લોહાણા, રાજપૂત સહિત ઘણી હિન્દુ જ્ઞાતિઓએ ધર્મ પરિવર્તન કરેલ છે.

કણબીમાંથી મુસ્લિમ ધર્મ અંગીકાર કરનાર હિન્દુ જ્ઞાતિઓમાં પ્રથમ સ્વૈચ્છિક રીતે રામુહિક ધર્મ પરિવર્તન કણબીઓએ કર્યું હોવાનું, 'ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ' લખે છે. ઇ.સ. ૧૪૪૯માં ઇમામશાહ સૈયદના પરચાથી સુરત- વલસાડ જિલ્લાના લેઉઆ અને કડવા કણબીઓએ ઇમામશાહને ગુરુ સ્થાપી સામુહિક રીતે પીરાણા પંથમાં પ્રવેશ કર્યો હતો. જેઓ આ પંથમાં દાખલ થયા છે તેઓ હિન્દુ મટી મુસલમાન કહેવાયા.

'ગુજરાત સર્વ સંગ્રહ' આ ધર્મ અપનાવનારાઓને મુમના, મતિયા, શેખડા, પાંચિયા, સાતિયા, ચોથિયા ને આઠિયા નામ આપે છે ને લખે છે કે, આમાંના મુમના એ સીહા ધર્મના છે. તેઓનો મોટો પીર પીરાણાનો ઇમામ શાહ છે. મશાઈખ શાહી, નૂરશાહી, મહમૂદશાહી વગેરે ધર્મગુરુઓને નામે પણ ઓળખાય છે. મુમના કે મોમના ઇમામશાહી છે ને હિન્દુને મળતા રીત-રિવાજો પાળે છે. તેમાંના કેટલાક તો હિન્દુ દેવી- દેવતાઓને પણ માને છે તે કડવા અને લેઉઆ કણબીઓમાંથી વટલાઈ આવ્યા છે.

'મતિયા' એ લેઉઆ કણબી વંશના છે. તેઓ પણ ઇમામશાહી છે. નવસારીના સિંધ શાહ અને બરહાનપુરના પીરજાદાને માને છે. શિવોહ શિવોહ એ મંત્રની માળા ફેરવે છે. બારે માસની બીજ તથા ગુરૂવારે

ઉપવાસ કરે છે. રોજા મહિનો કરે છે પણ તાબુત કરતા નથી. તેઓ સુનત કરાવતા નથી અને મુસલમાન સાથે ખાતા-પીતા નથી, તેઓ ટીલા કરે છે તેઓ મૃતકને દાટે છે, ઘણા સ્વામિનારાયણ પંથમાં ભળ્યા છે.

'શેખડા' એ કણબીમાંથી વટલાયા છે. તેઓના રીતરિવાજ પણ મતિયા જેવા એકસરખા જ છે. પાંચિયા- સાતિયા- ચોથિયા અને આઠિયા વગેરે પણ કણબી વંશમાંથી ઉતરી આવેલી મુસલમાની જ્ઞાતિ છે. સુરાભાઈની ગાદીને માનનારા 'પાંચિયા'. ગાદીનો વહીવટ પાંચ જણ કરતા હોવાથી પાંચિયા કહેવાય છે. 'સાતિયા' એ બાબા મહંમદને માને છે. સાત જણા વહીવટ કરતા હોઈ તેઓ સાતિયા કહેવાય છે. ચાર જણા ગાદીનો વહીવટ કરતા હોય તો 'ચોથિયા' કહેવાય છે અને ઇ.સ. ૧૮૩૨માં બાકરઅલીની કબર બંધાઈ છે તે માનનારામુસ્લિમો 'આઠિયા' કહેવાય છે. તેઓ અમદાવાદ, મહીકાંઠા, વડોદરા, સુરતના છે. કાઠિયાવાડના કેટલાક કાઠીઓ, સોની, કણબી અને સુથાર એ મતના છે.

હુશેની બ્રાહ્મણ એ મુસલમાન નથી પણ મુસલમાન ધર્મની કેટલીક રૂઢિઓ પાળે છે. તે અથર્વવેદને માને છે. પયંગબરના દીકરા હુસેનના નામથી ઓળખાય છે. તેઓ અજમેરના ખાંજ મોઇનુદ્દીન ચિશ્તી પીરને માને છે. સુન્નત કરાવતા નથી, તેઓ મડદાને બેઠેલા દાટે છે, રમજાનમાં રોજા રાખે છે.

કરાળિયા એ કુંભારમાંથી વટલાઈ મુસલમાન બન્યા છે. તેઓ સુન્નત કરાવે છે પણ કુરાન જાણતા નથી તે બંદગી કરે છે પણ બેદરકાર છે. તે કઠિયારા સાથે શાદી વહેવાર રાખે છે.

ખોજા એ લોહાણામાંથી વટલાયા છે ઇસમાએલી પંથના છે. પણ વહોરા તે મુસતાલી તડના ને ખોજા તે નઝારી તડના છે કે ઇ.સ. ૧૯૯૪માં મુસતાલીથી જુદું પડ્યું. તેઓ આગાખાનને માને છે અને મુમના સાથે શાદી વ્યવહાર રાખે છે. ઘણા અલીશાહને માને છે ને દીનના વડાને ઓલાદ દર ઓલાદ માન આપે છે. તેઓ દીનના ચુસ્ત છે અને કાળજીથી બંદગી કરે છે.

'મેમણ' એ પણ લોહાણામાંથી વટલાઈ મુસલમાન થયા છે. કાઠિયાવાડના હાલાઈ તે લોહાણા તથા કાછીઆમાંથી થયા છે. તેઓ નાફી તડાના સુન્ની પંથના છે. કચ્છી મેમણ ઇ.સ. ૧૪૨૨માં સિંધમાં મુસલમાન થયા. તેઓને બોધ આપવામાં સુફીદિન નામનો આરબ હતો તેણે સુંદરજી અને હંસરાજ બે લોહાણાને પ્રથમ વટલાવ્યા. ત્યારબાદ કેટલાક વટલાયેલા મુસલમાન ધર્મમાં પ્રવેશ્યા તેઓ પણ ખોજાની રીતભાતના જ છે.

'બહેલીમ' એ અસલ રાજપૂતનો જ તથ્થો છે અને 'ખોખર' તેમજ 'મોલેસલામ' પણ રાજપૂતમાંથી વટલાઈ આવેલ છે. સુલતાનના મહેલને સલામી કરનારા 'મોલે સલામ' કહેવાયા આ રાજપૂતને સલામીને કારણે નાતબહાર મૂક્યો જેથી એક વર્ગ જુદો પડ્યો. માલેસલામ ઠાકોરો મુસલમાન કાઝી, સૈયદ અને મૌલવીને માને છે હિન્દુ જેવા રીતરિવાજો વધારે પાળે છે.

'માળી' એ કણબીમાંથી વટલાયા છે. તેઓ મરેલા માટે ફૂલની ચાદર તૈયાર કરે છે એ લોક ઘોરખોદિયા સાથે શાદી- વહેવાર રાખે છે. આ ઘોરખોદિયા પણ કણબીમાંથી વટલાઈ મુસલમાન થયેલી એક જાત છે.

'સુમેરા' એ અસલ રાજપૂત જાતિના હતા તેઓ સિંધના હતા. મુસલમાન શાસન સમયમાં તેઓ સ્વેચ્છાએ મુસલમાન ધર્મમાં ભળી ગયા હતા. આ સિવાય હિન્દુમાંથી વટલી મુસલમાન ધર્મ ધારણ કરનારાઓમાં જાટ, જત, સંઘાર, તાઈ, વહોરા, સિપાહી, પિંજારા, મતવા, મદારી, મુસાસોહાગ, રફાઈ, રસુલશાહી, દાઉદી, સુલેમાની, દૂધવાળા, કાકાપુરી, ગેરમહેંદી, કસબાતી, મકવાણા (એ કોળી જાતિમાંથી

વટલાયેલા છે. પૃ.૧૫૪) મલેક, કડીઆ, કાગઝી, ખરાદી, ઘાંચી, ચુંદડીગરા, ચૂડીવાળા, ચુનારા, છીપા, નાલબંધ, પાંજણીગર, બંધારા (પૃ. ૧૫૬થી ૧૫૮)

મણીઆર, મોચી મુલતાની, રંગરેજ, (હિન્દુ ખત્રીમાંથી), સલાટ, બહુરૂપા, ભાંડ, ગંધરપ, મીરમીસાસી, વણઝારા, છારા, ધૂળધોયા (ખત્રીમાંથી વટલાયા છે.) નટ, પખાલી, સીસાગરક, થોરી (બધા રિવાજો હિન્દુના રાખે છે.)

હિન્દુઓને વટલાવી મુસ્લિમ ધર્મમાં દાખલ કરાવવામાં મુસ્લિમ શાસકોના હજુરિયાઓનો ફાળો વધારે હતો. તેઓ હિન્દુના મોઢામાં થૂંકી પરાણે મુસલમાન બનાવતા, હિન્દુના કૂવામાં થૂંકતા, હાડકા નાખતા વગેરે કૃત્યો કરી બળજબરીથી હિન્દુઓને એ કાળમાં વટલાવી પરાણે મુસલમાન બનાવવામાં આવતા. ઈ.સ. ૧૯૨૭- ૧૩૧૭ સુધીના ગાળામાં અલિફખાને હાકમીને જોરે અણહિલવાડથી ભરૂચ સુધી મુસલમાન ધર્મ દાખલ કર્યો હતો. અમદાવાદના ત્રણ બાદશાહ સુલતાન મહંમદ, મહમૂદ બેગડો અને મહમદ બીજો તેઓએ ઈસ્લામ ધર્મનો ફેલાવો કરવા ઘણી મહેનત કરી હતી. ઘણા હિન્દુઓને રાજીખુશીથી સમજાવી મુસ્લિમ ધર્મ સ્વીકારવા સમજાવ્યા હતા. દિલ્હીના બાદશાહ જહાંગીર અને ઔરંગઝેબ એ બંનેએ હિન્દુઓને જબરદસ્તીથી મારી મારીને મુસલમાન બનાવ્યા હતા. હિન્દુઓ વટલીને મુસલમાન થયા તેમાં સમજાવવાથી બહુ ઓછાએ એ ધર્મ સ્વીકારોય હતો. વધારે સંખ્યા તો જોર, જુલમ અને ત્રાસવાદના કારણે મુસલમાન બનાવાયેલા હિન્દુઓની હતી.

ગુજરાત- કાઠિયાવાડને સૌરાષ્ટ્રમાં વસતા આજના મુસલમાનોમાંથી મોટા ભાગના મુસલમાનો હિન્દુઓમાંથી વટલાઈને ધર્મ- માર્ગ બદલનારાઓ જ છે. સાતમી સદીના વચલા ભાગથી અઢારમી સદી સુધી મુસલમાનોએ પરદેશથી ગુજરાતમાં આવ્યા હતા. પ્રથમ આવનારાઓમાં આરબો હતા. ત્યારબાદ ઈરાની લોકો આવ્યા.

મુસલમાન ધર્મમાં સીહા કે શિયા અને સુન્ની માર્ગના બે પંથ છે. આ પંથમાર્ગમાં સીહા કે શિયા પંથનો ફેલાવો ખંભાતના નવાબ તથા તેના દરબારના ઈરાની અમીરોના ઉત્તેજન ઉપરાંત ત્રણ ઉપદેશકોએ કર્યો હતો. સુન્ની માર્ગના મુસલમાનો દિવસમાં પાંચ વખત બંદગી કરે છે. જયારે સીયા કે શિહા ફજરની, બપોરની અને સૂરજ આથમતી વખતે મગરેલ અને ઈશા એ બે સાથે કરે છે.

દીનનો રસ્તો દેખાડનાર તે મુલ્લા, ખતીબ (વાએજ કરનાર), શીયાને સીહામાં મરસીઆબાન, મૌલવી તે કાઝી છે. મુલ્લાનો દરજ્જો છેલ્લો છે કુરાન વાંચી બંદગી કરીને મુલ્લા કહેવાય છે. અગાઉ મુલ્લા શાદી કરતા નહિ ને જો શાદી કરતા તો તે મુલ્લાનો દરજ્જો છોડી દેતા.

આમ હાલનો મુસલમાની ધર્મ જે વિકાસ પામ્યો છે તેના મૂળિયા હિન્દુઓમાંથી મુસલમાન બનેલી હિન્દુ જ્ઞાતિના બીજ, ખાતર અને માટી છે એની કોણ ના પાડી શકશે ?

ફીજી ટાપુમાં ગુજરાતી પાટીદારો

વિક્રમ સંવત ૨૦૦૦ ના અરસામાં દુનિયામાં લગભગ બધી જગ્યાએ અંગ્રેજોનું રાજય હતું. આખી દુનિયામાં તેમની સલ્તનનો ઝંડો ફરકતો હતો અને ખાસ કરી ટાપુઓ પર તેમનો કબજો હતો.

આવો જ એક ટાપુ ફીજી નામનો, જ્યાં અંગ્રેજનો કબજો હતો. આ ટાપુ ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મધ્યમાં આવેલો છે.

આવા ટાપુઓનો વિકાસ અને ઝાડ, જંગલોને સાફ કરવા-અને ત્યાં રેલવે, ખેતરોમાં (શેરડી) ગન્નાની ખેતી કરવા અને માણસોના વસવાટ માટે જમીન સાફ કરવા માટે મજૂરોની જરૂર પડતી.

આ સમયમાં આખી દુનિયામાં જીતેલા ટાપુઓ અને દેશો પર અંગ્રેજોના દલાલ મારફત મજૂરોને પાંચ વરસ માટે નક્કી કરેલ શરત પ્રમાણે દરીયાઈ માર્ગે સ્ટીમરો મારફત મોકલવામાં આવતા. આ જહાજ બેથી ત્રણ મહિને ગંતવ્ય સ્થાને પહોંચતું.

ત્યાં ખેતી કરવા માટે દલાલ મારફત ગુજરાતથી લગભગ ઈ.સ. ૧૮૫૦ થી ઈ.સ. ૧૮૬૦ દરમિયાન લગભગ દોઢસો વરસ પહેલાં ગુજરાતના પાટીદારોને પાણીના જહાજમાં વારાફરતી હજારોની સંખ્યામાં મોકલવામાં આવતા. તેમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ખેડૂતો વધારે પ્રમાણમાં હતા. દક્ષિણમાં કેરલ અને કર્ણાટક વિસ્તારથી પણ મજૂરોને ફીજી ટાપુમાં મોકલવામાં આવતા હતા. તદ્ઉપરાંત ઉત્તર ભારત, બિહાર, હરિયાણા વગેરે સ્થાનોથી પણ મજૂરો મોકલવામાં આવતા.

આ ટાપુમાં મજૂરોને પાંચ વરસ પછી ભારતમાં પાછા આવવા છૂટ હતી. આ શરત પ્રમાણે ઘણા મજૂરો ફીજી ટાપુમાં રહી જતા અને થોડા મજૂરો પાછા પોતાના દેશમાં (ભારત) આવતા. આ ક્રમ ઘણાં વરસો ચાલ્યો. આ મજૂરો ત્યાં રહેવા માટે કેમ્પ બનાવીને વસવાટ કરતા. આ એમની પરિસ્થિતિ હતી. આમ ક્રમવાર જવા-આવવાથી વસ્તીમાં વધરો થતો ગયો અને મૂજરોને રાત-દિવસ કામ કરવું પડતું. દિવસમાં બે વખત જમવા મળતું. કામ કરાવવા માટે અંગ્રેજ ચોકીદારી કરતા. તે વખતે ડૉક્ટરો ન હોવાથી બીમારીથી કોઈ મરી જાય, તો તેમને દરિયામાં ફેંકી દેતા. આવી વિષમ પરિસ્થિતિમાં ભારતથી લઈ ગયેલ મજૂરો સંસ્કૃતિને સહારે જીવતા અને રાત્રે ભજન, હનુમાનચાલીસા, મહાભારત અને રામાયણ કંઠસ્થ થયેલ ભગવાનનું ભજન કરતા. આ એમની દિનચર્યા હતી.

આ ફીજી ટાપુ ભારતથી દસ બાર હજાર કિલોમીટર દૂર છે અને તે વખતે ત્યાં આવવા-જવા માટે પાણીના જહાજ સિવાય બીજાં સાધન ન હતાં. મજૂરો અંગ્રેજના કનડગતથી ભાગી પણ નહોતા શકતા. ચારે તરફ દરિયાનું પાણી હતું. ઉપર જણાવેલ વિષમ પરિસ્થિતિ હોવા છતાં મજૂરોની સંખ્યા વધતી ગઈ, જેમાં ખાસ કરી ગુજરાતી પાટીદારોની સંખ્યા વધારે પ્રમાણમાં હતી અને તેઓ ત્યાં ખેતીનું ખાસ કામ કરતા અને બાકીના મજૂરો જંગલો સાફ કરવા અને ટાપુના વિકાસ અને વિસ્તાર માટે મહેનત કરતા. આ ક્રમ વરસો સુધી ચાલ્યો.

આ ટાપુમાં સભ્યતા ન હતી. જંગલી પ્રાણી અને આદિવાસીઓ હતા. શરૂઆતમાં મજૂરોને આ જંગલી પ્રાણીઓ અને આદિવાસીઓનો ઘણો ત્રાસ હતો. રાત્રે મજૂરોને આ પ્રાણીઓ ઉપાડી જતાં અને મારી નાખતા. પાછળથી પ્રાણીઓ અને આદિવાસીઓનો બચાવ માટે અંગ્રેજો તરફથી રાત્રી ચોકી માટે (મજૂરોની) માણસોની ચોકી માટે બંદૂકધારી શિકારીઓ નિયુક્ત કરવામાં આવતા. ગુજરાતી પાટીદારો ખાસ ખેતીનો ધંધો કરતા. તેઓને લીઝ પર જમીન આપવામાં આવતી. જેવી જેની શક્તિ પ્રમાણે ૨૫ એકરથી સો એકર સુધી જમીન મળતી. એ નિયમ આજે પણ ચાલુ છે.

જેમજેમ વખત વીતતો ગયો. તેમતેમ આ મજૂરોમાં પરિવર્તન આવતું ગયું. બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયામાં દેશો આઝાદ થતા ગયા, તેમ ફીજી પણ અંગ્રેજોથી આઝાદ થયું અને આદિવાસી અને ભારતથી ગયેલા મજૂરો આઝાદ થયા. ગુજરાતી પાટીદારો પણ આઝાદ થયા. આઝાદી

પછી ગુજરાતી પાટીદારો સ્વતંત્ર રીતે પોતાનો વહેવાર અને ખેતી આધુનિક રીતે કરવા લાગ્યા. બાળકોને સ્કૂલમાં ભણવા મોકલવા લાગ્યા. શિક્ષણ ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે, રાજનૈતિક ક્ષેત્રે, પ્રવૃત્તિ અને પ્રગતિમાં આગળ આવ્યા. ચાલુ પેઢી અને ભાવી પેઢી ભણી કરી સરકારમાં પોતાનો મહત્ત્વનો ભાગ ભજવવા લાગી. ગુજરાતીના નાતે ખાસ કરી વેપારના ક્ષેત્રે આગળ આવ્યા. આજે ફીજી વેપારી અને ઉદ્યોગપતિ ગુજરાતી પટેલ અને અન્ય ગુજરાતી ભાઈઓ વેપાર કરે છે.

ફીજીનાં ગામડાં અને શહેરોમાં રહેતાં હિંદુસ્તાનીઓને જોઈ તમનો મીની ઇન્ડિયા યાદ આવે. બજારોમાં ફરતા અને વેપાર કરતાં ભાઈઓ જાણે ભારતનું અંગ લાગે. ભારતીયો ધાર્મિક રીતે, સામાજિક રીતે અને રાજનૈતિક રીતે બધા એક જ છે. સનાતની ધર્મ પાળે છે અને હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષા બોલે છે.

ફીજીનો ગવર્નર અંગ્રેજ છે.રાજનૈતિક ક્ષેત્રમાં ત્યાંની સ્થાનિક પ્રજા અને ભારતીયો સાથે સમાનતા નથી. તેઓ ભારતીયોને આગળ આવવા દેવા નથી માગતા. આપણને ખબર છે કે ચાર વરસ પહેલાં થયેલ ચુનાવમાં ભારતીય મહેન્દર ચૌધરી પ્રધાનમંત્રી ચૂંટાયા હતા. પણ ત્યાં ઉગ્રવાદી પાર્ટીના માણસોએ પાર્લિયમેન્ટહાઉસમાં મહેન્દરસિંહ ચૌધરીને તેમના સાથીદારોને બંદી બનાવ્યા હતા. મધ્યસ્થીએ તેના કાનૂનનમાં નાનામોટો ફેરફાર કરી મુક્ત કર્યા હતા. આ ભેદભાવને લઈને ઘણા ભારતીયો બાજુના દેશ ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, આફ્રિકા અને ઈંગ્લૅન્ડ ચાલ્યા ગયા હતા. બ્રિટિશ નાગરિકના નાતે તેઓને શરણાગતિ મળી હતી.

વ્યાપાર આદિ ઘણાં બધાં ક્ષેત્રમાં ગુજરાતી પટેલોનો ઘણો દબદબો છે. હજારો કિલોમીટર ભારતથી દૂર રહેવા છતાં ત્યાં (Mini India) લઘુ ભારત બનાવ્યું છે.

દુઃખની વાત છે કે ત્યાંની સરકાર સાથે ભારતીઓનો સંબંધ સારો હોવા છતાં અથડામણો થાય છે હિન્દુસ્તાનની સરકાર ત્યાં વસતા ભારતીયોની કોઈ મદદ કરવા તૈયાર નથી. ત્યાં લગભગ બે લાખ ગુજરાતી પાટીદારોનો વસવાટ છે. ખેતી તથા વેપારમાં અગ્રેસર છે.

ફીજીની કુલ વસ્તી લગભગ ૬ લાખ છે, જેમાં ગુજરાતી અને અન્ય હિન્દુસ્તાનની લગભગ ચાર લાખ છે. તોપણ ભારતીયોને બીજા દર્જાના બનાવી રાખ્યા છે.

જણાવેલ ફીજીનો ઈતિહાસ મારી સાથે ટ્રેનમાં મુસાફરી કરતાં અસલ હૈદરાબાદના વતની શ્રી રાજેશ રેડ્ડી જેઓ દિલ્હીથી હૈદરાબાદ જતા હતા, તેઓ ઑસ્ટ્રેલિયાથી ભારત રજા પર આવ્યા હતા અને મારી સાથે ટ્રેનમાં એક જ કેબિનમાં મુસાફરી કરતા હતા. એમને નાગપુર જવું હતું. વાતચીત કરવાથી ફીજીનો ઇતિહાસ જાણવામાં મને મદદ કરી હતી. જોકે મને ફિજીના ઈતિહાસની જાણકારી હતી જ પણ ભાઈશ્રી રાજેશ રેડ્ડીની જાણકારીથી વધારે વિગતો જાણવા મલી.

રાજેશ રેડ્ડી ઑસ્ટ્રેલિયામાં સર્વિસ કરે છે અને ત્યાં એક કંપનીના હેડ મૅનેજર છે. જે કંપનીમાં કાર્યરત છે તે કંપનીના ત્રણ યુનિટ ઑસ્ટ્લેલિયામાં છે. એક યુનિટ ન્યૂઝીલૅન્ડમાં છે અને એક યુનિટ ભારતમાં છે. આ બધા દેશમાં કંપની તરફથી યુનિટોની દેખરેખ રાખે છે. આ રાજેશ રેડ્ડી પણ પાટીદાર છે.

આમ, આજે આખી દુનિયામાં ગુજરાતના પાટીદારોનો ધ્વજ ફરકે છે.

બ્રિટનમાં કચ્છના કડવા પાટીદારો

- ડૉ. બી.આર. પટેલ, લંડન

આપણી જ્ઞાતિ એટલે કે કચ્છ કડવા પાટીદારના લોકો મુખ્યત્વે કચ્છમાં ખેતીમાં સંકળાયેલા હતા. આર્થિક સ્થિતિ બહુ જ નબળી હોઈ, ખૂબ જ મુશ્કેલી અને કઠણાઈ ભોગવતા હતા.

આ સમય હતો રાજાશાહીનો. ત્યારે પૂર્વ આફ્રિકામાં રોજગારની તકો ઊભી થતાં, આપણી જ્ઞાતિના લોકોએ તે તરફ મીટ માંડી અને મુશ્કેલીઓનો સામનો કરી, તકલીફ વેઠી ત્યાં પહોંચ્યા, આ સમય હતો ૧૯૨૯-૧૯૩૦.

સાંભળવા પ્રમાણે બહુ જ અલ્પ સંખ્યામાં એટલે કે માત્ર આઠથી દશ જણ ત્યાં ગયા હતા. તેમાં પણ કુટુંબ તો માત્ર એક જ અને તે માનકૂવાના વતની શ્રી ભીમજીભાઈ રામજી વેલાણીનું હતું. આપણી જ્ઞાતિમાં સૌ પ્રથમ શ્રી જખુભાઈ ભીમજી વેલાણીનો જન્મ મોમ્બાસામાં ૧૯૩૩માં થયો હતો.

આપણા ભાઈઓ ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ વખતે વહાણથી મુસાફરી કરી, કેનિયાના બંદર મોમ્બાસા પહોંચતા, આ સમયે મુસાફરીનો સમય અચોક્કસ હતો. વહાણમાં જવાનું હોઈ, આ સમય પવનની ગતિ પર નિર્ભર હતો, કોઈકને એક માસ, તો કોઈકને દોઢ માસ લાગતો હતો.

મુસાફરીમાં સમુદ્રના પાણીથી નાહવાનું અને કપડાં ધોવાના, પીવા માટે એક દિવસમાં એક લોટો પાણી મળતું. આવી તકલીફો વેઠી, આપણા વડીલો પૂર્વ આફ્રિકા પહોંચ્યા અને ત્યાં નોકરી કરી, સ્થાયી થયા.

કચ્છમાંથી પોતાના પરિવારો બોલાવી, વસવાટ કરવા લાગ્યા. પૂર્વ આફ્રિકમાં આપણી જ્ઞાતિના લોકો મુખ્યત્વે નોકરી કરતા હતા, થોડા જ લોકોનો પોતાનો વ્યવસાય હતો.

પૂર્વ આફ્રિકામાં આપણી જ્ઞાતિના લોકો ખાસ કરીને કચ્છમાંથી ભુજ તાલુકાના માનકૂવા, દેશલપર, કરબોઈ અને આણંદસર, માંડવી તાલુકાના લુડવા, ગઢશીશા, મમાયમોરા અને નાની વિરાણી તેમજ નખત્રાણા તાલુકાના સુખપર (રોહા) ગામોના લોકો હતા.

એક સમયે ત્યાં નાઈરોબી મધ્યે આપણી જ્ઞાતિની સંખ્યા વધુમાં વધુ લગભગ ૩૫૦ જેટલી પહોંચી હતી.

ઇ. સ. ૧૯૫૦ની આસપાસ બ્રિટિશ સરકારે ત્યાં વસતા લોકોને બ્રિટિશ નાગરિકત્વ આપવાની જાહેરાત કરતાં આપણા લોકો રજિસ્ટર થઈ નાગરિકત્વ પ્રાપ્ત કરતાં, આજે અહીં આપણી જ્ઞાતિના લોકો બ્રિટનમાં પહોંચ્યા છે.

ઇ.સ. ૧૯૬૦-૧૯૬૧ વખતે બેકારી વધતાં અને આફ્રિકન પ્રજાની સ્વાતંત્ર્યની માંગ વધતાં આપણા ઘણાં બધા લોકો પોતાના પરિવારો સાથે ભારત પાછા ફરી ગયા હતા.

આ સમયે જ્યારે બીજા લોકો ભારત તરફ પ્રયાણ કરતા હતા ત્યારે માનકૂવાના વતની શ્રી હરિલાલ નથુ વેલાણી અહીં લંડન આવવાનું વિચારી માર્ચ ૧૯૬૧માં આપણી જ્ઞાતિના તેઓ પહેલા વ્યક્તિ લંડન આવ્યા હતા. ત્યારબાદ એક પછી એક અન્ય ભાઈઓ અને તેમના પરિવારો આવ્યા. પણ વધુ પડતા લોકો અહીં ૧૯૭૦ અને ત્યાર પછી આવ્યા.

શરૂઆતમાં આપણી જ્ઞાતિના લોકોની સંખ્યા ઓછી હતી પણ આજે તે સંખ્યા ૮૫૦ની થઈ છે. અત્યારે અહીં કચ્છના ઘણાં ગામોના તેમજ સાબરકાંઠાના પણ અમુક પરિવારો છે.

જેમ જેમ લોકો અહીં વધુ આવતા ગયા, ત્યારે બધા લોકોનું સંગઠન જળવાઈ રહે એ માટે અહીં સૌ પ્રથમ ૧૯૭૮માં યુવક મંડળ રચવામાં આવ્યું અને તેના પહેલા પ્રમુખ હતા લુડવા ગામના શ્રી પ્રકાશભાઈ અરજણ હળપાણી.

યુવક મંડળ જ્ઞાતિ માટે સામાજિક કાર્યક્રમો જેવા કે, નવરાત્રિની ઉજવણી હોલ ભાડે રાખી ઉજવતા,

સ્પોર્ટસ દિવસ, દિવાળી સમયે મનોરંજન કાર્યક્રમ અને સ્નેહમિલન ગોઠવતા. આમ યુવક મંડળ આવી પ્રવૃત્તિઓ કરી, જ્ઞાતિને સંગઠિત રાખી સમાજની ગરજ સારી હતી. આથી યુવક મંડળ ખૂબ પ્રશંસનીય અને યશસ્વી કાર્ય કર્યું છે.

૧૯૮૮માં યુવક મંડળના તે વખતના પ્રમુખ શ્રી દિનેશભાઈ લધાભાઈ લીંબાણી, ગામ લુડવાના હતા ત્યારે એમને વિચાર આવ્યો કે, લંડનમાં આપણોસમાજ હોવો જરૂરી છે. એ વિચારને અમલમાં મૂકવા માટે જ્ઞાતિના અમુક યુવકોની એક નાની મીટિંગ બોલાવી, વિચાર જણાવી, સૌનો અભિપ્રાય જાણ્યો.

સૌ એ વિચાર સ્વીકારી લઈ, જ્ઞાતિની જાહેર મીટિંગ બોલાવી, સૌનો અભિપ્રાય જાણ્યો અને બધાએ એ વિચાર સ્વીકારી સને ૧૯૮૮ના અંતમાં અહીં બ્રિટનમાં સૌ પ્રથમ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (યુ.કે.)ની સ્થાપના કરવામાં આવી, જેના પહેલા પ્રમુખ ગામ માનકૂવાના શ્રી માવજીભાઈ હરજી પોકાર હતા. જે પદ તેમણે સંભાળ્યું ડિસેમ્બર ૧૯૯૧ સુધી.

સમાજની સમિતિની રચના માટે અહીં વસતા દરેક ગામના મેમ્બર્સની સંખ્યા પ્રમાણે પ્રતિનિધિત્વ આપી, કુલ ૨૧ સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

આજે પણ કરોબારી સમિતિમાં ગામના સભ્યો પ્રમાણે પ્રતિનિધિત્વ આપવામાં આવે છે અને દરેક ગામ પોતાના સભ્યો ચૂંટીને મોકલે છે. આમ કમિટી દર ત્રણ વર્ષે બદલાય છે અને પ્રમુખની ચૂંટણી સર્વાનુમતે કરવામાં આવે છે.

સદ્ભાગ્યે અત્યાર સુધી પ્રમુખની ચૂંટણી કરવામાં આવી નથી. કારણ કે દરેક વખતે સભ્યોએ જ યોગ્ય સભ્યને ફરજ પાડી, આ હોદ્દો સોંપ્યો છે.

સમાજના અત્યાર સુધીના અન્ય પ્રમુખો શ્રી શાંતિલાલ પૂંજા સાંખલા - દેશલપર (૧૯૯૨-૧૯૯૪), શ્રી બેચરલાલ રવજી પોકાર -દેશલપર (૧૯૯૫-૧૯૯૭), શ્રી કરશનભાઈ લક્ષ્મણ રામાણી - નાની વિરાણી (૧૯૯૮-૨૦૦૦), પાર્વતીબેન દિવાણી- ગઢશીશા (૨૦૦૧-૨૦૦૬), છ વર્ષ માટે અને હાલમાં શ્રી માવજીભાઈ હરજી પોકાર માનકૂવા (૨૦૦૭-૨૦૦૯).

સમાજ અત્યારે અહીં દર વર્ષે નવરાત્રિ તેમજ શરદપૂનમ એમ કુલ ૧૦ દિવસ, નવા વર્ષે જ્ઞાતિનું સ્નેહમિલન અને પ્રીતિભોજન, હૉલ ભાડે રાખી મનાવે છે. સ્પોર્ટસ દિવસ સ્ટેડિયમ ભાડે રાખી મનાવે છે. ક્રિકેટ ટૂર્નામેન્ટ અને ફૂટબૉલની રમતનો આનંદ પણ પીચ ભાડે રાખી માણે છે. અન્ય કાર્યક્રમોમાં ભજનનો કાર્યક્રમ અને જન્માષ્ટમી પણ ઉજવે છે.

આમ સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે. દિવાળીના સ્નેહમિલન વખતે બાળકોને એજ્યુકેશન એવોર્ડસ આપવામાં આવે છે. આ સમયે સમાજના બાળકો મનોરંજનનો કાર્યક્રમ પણ રજૂ કરે છે.

આપણા સમાજના યુવકોમાં અત્યારે અહીં પથી ૬ ડૉક્ટર છે, આંખન ડૉક્ટર, ડેન્ટિસ્ટ, ફાર્માસિસ્ટ, એકાઉન્ટન્ટ તેમજ મિકેનિકલ ઇન્જિનીયર, વકીલ, ફાઇનાન્સિયલ સેક્ટરમાં અને આજના કૉમ્પ્યુટર યુગમાં સૉફ્ટવેર ઇન્જિનીયર અને સૉફ્ટવેર પ્રોગ્રામ સેટર તરીકે કામ કરી, પોતાનો સ્વતંત્ર વ્યવસાય ચલાવે છે. ઘણાં લોકોબિલ્ડિંગ કન્સ્ટ્રકશન, દુકાનો, પ્રોપર્ટી લે-વેચ, કિચન શૉ રૂમ, કાર ગેરેજ તેમજ ફારમસીની દુકાન એમ ઘણાં બધાં જુદા જુદા ધંધાકીય ક્ષેત્રોમાં ગોઠવાયેલા છે.

આપણા વતન (કચ્છ)થી દૂર રહેવા છતાં આજે બધાના દિલના એક ખૂણે પોતાનું ગામ અને કચ્છ વસેલું છે. કચ્છમાં જ્યારે પણ જરૂર પડી છે ત્યારે પોતાના ગામમાં જરૂરી હોય તો પોતાની યથાશક્તિ ફાળો આપેલ છે અને કુદરતી કોપ ૨૦૦૧ના ધરતીકંપ વખતે પણ અહીં આપણા ભાઈઓએ વ્યક્તિગત તેમજ સમાજના ધોરણે ફાળો મોકલ્યો હતો.

અંતમાં ભલે અમે દૂર છીએ પણ આજે પણ જ્યારે ભારત આવવું હોય ત્યારે પરસ્પર વાતોમાં અમે એમ જ કહીએ છીએ કે, દેશમાં જવું છે. એટલે કે કચ્છમાં જવું છે. સૌની આંતરિક ઇચ્છા અને ભાવનામાં પોતાનું ગામ અને વતન કચ્છ વસેલું છે.

અમેરીકામાં પાંચ લાખ જેટલા પાટીદારો વસે છે.

અમેરીકા વિશ્વની મહાસતા છે. વર્ષોથી ગુજરાતીઓને જ નહી, પરંતુ વિશ્વના તમામ દેશોના લોકોને અમેરીકા જવાનો મોહ છે. અમેરીકા એ કમાવા માટેની વિશાળ તકોનો દેશ છે. ગુજરાતના સાહસિક પટેલ વર્ષોથી અમેરિકા જઇ સ્થિર થયા છે. અમેરીકા જઇને વસેલા પાટીદારો અંગે ડૉ. મફતભાઇ પટેલે સંશોધન કર્યું છે. તેમણે પ્રસ્તુત કરેલી રસપ્રદ માહીતી આ પ્રમાણે છે.

પાટીદારોનો પ્રથમ તબક્કો આફ્રિકા બર્મામાં શરૂ થયો હતો. ત્યારબાદ ઇંગ્લેન્ડ તરફ આગમન થયું ને પછી અમેરીકામાં પાટીદારો બે તબક્કામાં આવ્યા. ૧૮૨૦ થી માંડીને ૧૯૬૫ સુધીનો એક તબક્કો ગણાય અને ૧૯૬૫ પછી બીજો. ઓગણીસમી સદીના અંતમાં અને વીસમી સદીની શરૂઆતમાં દાયકાઓમાં આવેલા પાટીદારોમાં મોટા ભાગે વિધાર્થીઓ હતા. થોડાક પટેલ બ્રિટિશ હકૂમત માંથી છૂટવા માટે ભાગીને અહીં આવેલા. ૧૮૨૦ થી ૧૯૪૬ સુધીના ગાળામાં અમેરીકામાં પ્રવેશી ન શકાય તેવા અમેરીકન સરકારના કાયદા હતા. ભણવા માટે પણ અમેરીકામાં આવવા દેવામાં આવતુ ન હતું. વિશિષ્ટ ડિગ્રીઓ મેળવવા માટે ઇંગ્લેન્ડ તરફનું આકર્ષણ ઊભું કરવામાં આવ્યું હતું. ૧૯૨૦ થી ૧૯૪૬ દરમિયાન અમેરીકામાં ગયેલા લગભગ દસ હજાર ભારતીયો માંથી માત્ર ૧૫૦૦ જેટલા ટકી શકેલા. બાકીના બધા જ ભારત પાછા આવેલા, પણ આઝાદી પછી ૧૯૪૭ માં અમેરીકામાં ભારતીયોને આવવા માટેની છૂટછાટ અપાઇ, જેના લીધે ૧૯૬૫ સુધી ૬૦૦૦ જેટલા ભારતીયોનો વધારો થયો, આમાં પાટીદારોની સંખ્યા માંડ ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલી હતી.

૧૯૬૫ પછીના દાયકામાં પાટીદાર અભ્યાસ અર્થે સ્ટુડન્ટ વિઝા લઇને આવવા લાગ્યા. એ વખતે રોકટોક વિના દરેકને આવવા માટેની છૂટ હતી. ૧૯૬૫ પછીના એક દાયકામાં પચાસ હજાર જેટલા કુશળ પ્રોફેશનલ લોકો ભારત માંથી આવીને અહીં સ્થાયી થયા. આમા ડૉકટરો, નર્સો, એન્જિનિયરો, કમ્પ્યુટર નિષ્ણાંતો, પ્રોફેસરો વગેરે હતા, આમા પટેલોની સંખ્યા મોટી હતી, પટેલો એકબીજાને ખેંચવા લાગ્યા. ૧૯૬૬ થી ૧૯૭૭ સુધીના ગાળામાં અહીં પાટીદારોની વસ્તી કૂદકે ને ભૂસકે વધી. દર વર્ષે એ એ વસ્તીમાં ૨૪ થી ૨૫ ટકાનો વધારો થતો હતો. ૧૯૭૭ના અંતે અહીં લગભગ ૭૫ હજાર પાટીદારો હતા. ૧૯૮૨ માં બે લાખ સુધી પાટીદારોની વસ્તી થઇ ગઇ.

અમેરીકાની બાવીસ કરોડની વસ્તીમાં અત્યારે ૧૫ લાખ ભારતીયો છે, જેમાં ૪૦ ટકા જેટલા ગુજરાતીઓ છે ને જે ગુજરાતીઓ છે. તેમાં ૮૦ ટકા પાટીદારો છે. ટૂંકમાં અત્યારે પાંચ લાખ જેટલી વસ્તી અમેરીકામાં પાટીદારોની છે.

આઝાદીના જંગ વખતે ૧૯૪૨ થી ૧૯૪૭ ની આસપાસ સુરત-નવસારીના લોકો અમેરીકાના કેલિફોર્નિયા રાજયમાં પહોંચ્યા. ત્યારબાદ ખેડા જિલ્લાના પટેલોનો પ્રવેશ થયોને મોટેલોના ધંધામાં રોકાયા. ફકત કેલિફોર્નિયા સ્ટેટમાં ગુજરાતીઓની માલિકીની આજે ૫૦૦ ઉપરાત મોટેલો છે.

આજે અમેરીકામાં ઘણા બધા રાજયોમાં ગુજરાતીઓની સંખ્યા સારી એવી છે. ન્યુજર્સી, શિકાગો, હ્યુસ્ટન, કેલિફોર્નિયા, ન્યુયોર્ક, ડેટ્રોઇઝ વગેરે સ્થળે ગુજરાતીઓ વધારે છે. અમેરીકામાં દુનિયાના જુદાં જુદાં શહેરો માંથી જે લોકો કાયમી વસવાટ કરવા પ્રવેશ મેળવે છે. તેમાં ભારતનો નંબર સાતમો છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૮,૧૫,૪૪૭ ભારતીય અમેરીકામાં વસે છે. ઉત્તર ગુજરાતના ૪૨ ગામ કડવા પાટીદાર સમાજના

સૌથી વધારે એટલે કે ૩૫૦૦ જેટલા કુટુંબો અમેરીકામાં વસે છે. વાલમ, બાલીસણા, મણૂંદ, રણુજ અને ભાડું આ પાંચ ગામ લેઉવા પાટીદારોના ૩૫૦ કુટુંબો અમેરીકામમાં વસે છે. ૨૭ ગામ લેઉવા પાટીદારોમાં પણ ૩૦૦૦ થી વધુ કુટુંબો છે.

અમેરીકાના સર્વ ભાગોમાં ૫૦૦ થી વધારે મંડળો ભારતીયો ચલાવે છે ને વિવિધ સાંસ્કૃતિક, સામાજીક અને ધાર્મિક પ્રવૃતિ કરે છે. દર વર્ષે ૫૦ હજાર જેટલા ગુજરાતીઓ અમેરીકામાં પ્રવાસ ફરવા જતાં હોય છે.

અમેરીકામાં વસતા ગુજરાતીઓ માંથી ઘણા સુખી છે. જેમા ૧૬ ટકા જેટલા તો વરસે દહાડે ૫૦ હજાર ડોલરથી વધારે કમાય છે. બીજા ૩૦ ટકા વરસે ૩૫ હજાર ડૉલરથી વધુ કમાય છે. ગુજરાતીઓ સાહસિક છે. મોટાભાગે ધંધામાં પડે છે. મોટેલો ખરીદે છે, વેચે છે, અનેક સ્ટોર્સ ચલાવે છે. પોતનો ધંધો ફાલતો-ફૂલતો જાય છે. તેમ તેમ પોતાના સગા સંબધઓને દેશમાંથી બોલાવે છે, ને પોતાના ધંધામાં લગાડે છે, આજે બે હજારથી વધારે મોટેલોના માલિકો માત્ર પટેલો છે. ગુજરાતી કુટુંબો મોટે ભાગે શાકાહારી છે. દારૂનું વ્યસન પણ ઓછુ છે તેમ જ બીજા ખોટા ખર્ચાઓ પણ ઓછા કરે છે. બહુ જ કરકસરથી સાદું જીવન જીવતા હોય છે અને પોતાનુ ઘર વસાવે છે. એકબીજાને મદદ કરવાની ભાવના વધારે જોવા મળી છે.

ન્યુજર્સીમાં હિન્દુ મંદિર, જૈન સ્ટડી સર્કલ અને ગુજરાતી સાહિત્ય સભાની ઓફિસ છે.

ક્ન્વીસમાં જેકશન હાઇટ્સ તરીકે ઓળખાતો વિસ્તાર ગુજરાતી માટેનું મોટુ બજાર છે. ઇન્ડિયન સારી પેલેસ, ઇન્ડિયન ગ્રોસરી વગેરે દુકાનો જોવા મળશે. ૨૯મી સ્ટ્રીટ અને લેક્ષીંગ્ટન એવન્યુ આસપાસ ઇન્ડિયનોની વસ્તી સારી હોવાથી નાના ભારત તરીકે ઓળખાવામાં આવે છે. ન્યુર્યોકમાં અનેક મંદિરો છે. શિકાગો ગુજરાતીઓ માટે ખૂબ આકર્ષણ કેન્દ્ર છે. અહીં ગુજરાતી સમાજ સાથે અનેક મંડળો છે. અહીંયા ગુજરાતીઓની અનેક દુકાનોથી ગુજરાત જેવું જ લાગે છે. દેવાન રોડનું નામ તો ગાંધીરોડ પાડવામાં આવ્યું છે. દેવાન રોડ પરના પટેલ સ્ટોર્સ તો ખૂબ જાણીતા બન્યા છે.

મોટા ભાગની ભારતીય પ્રજા માત્ર ભૌગોલિક દ્દષ્ટિ જ અમેરીકામાં છે. બાકી તેમની મનોદશા-ભાવ-પ્રતિભાવ, રીત-રિવાજો અને વ્યવહાર તો હજી ભારતીય જ છે. સોમ થી શુક્ર ઓફિસે જવાનું હોય છે. ત્યારે જ જાણે કે અમેરીકા સાથેનો સંબધ. સાંજે ઘરે આવે ત્યારે અને શનિ-રવિ તો જાણે કે એ દેશમાં હોય તેમ વર્તે છે. અન્ય ભારતીયોને છાશવારે મળવાની અસાધારાણ ભૂખ, દેશોમાં આંટો મારવાની દર બે-ત્રણ વર્ષે ઊપડતી ચટપટી, ભારતીય ફિલ્મો અને ફિલ્મી ગીતોનો ચોંટી રહેલો ચસકો, સામાજીક મંડળો અને મંદિરો ઊભા કરવાની નિત્યની લમણાઝિક, અમેરીકનો સાથેનો એમનો નહિવત્ સામાજિક સંબંધ આ બધુ અહીં વસતા ભારતીયો ભલે અમેરીકામાં રહે, ભલે અમેરીકાની સિટિઝનશીપ લે, પણ તે બધા અંશે અંશ ભારતીય જ છે. વર્ષો સુધીના અમેરીકાના વસવાટ પછી દેશમાં પાછા ગયેલા કવિશ્રી શ્રીધરાણીએ-વિદેશવાસીની આ વ્યથાને આબાદ રીતે કવિતામાં વ્યકત કરી છે : ઊખલેડા નવ આંબા ઊગે, ઘરે ઊગેલા આભ પૂગે. દેશ માંથી ઉછેરીને અમેરીકા આવેલા પ્રથમ પેઢીના ઇમિગ્રંટ ભારતીયો ઊખલેડા આંબાની જેમ આ પરાયા સમાજ અને સંસ્કૃતિમાં ઊગી શકતા નથી.

આ છે એમની સામાજિક અને સાંસ્કૃતિક દ્વિધા.

-ડો. મફતભાઇ પટેલ

'મોરીશસ'માં કુર્મિક્ષત્રિય પાટીદારો અને ગુજરાતી પાટીદારો

મોરીસશ ટાપુ દક્ષિણ આફ્રિકા તથા સોમાલિયાના સમાંતર વિસ્તારમાં (દરયાઈ) આફ્રીકા ખંડમાં આવેલ છે.

જ્યારે દુનિયામાં અંગ્રેજોનો કબજો હતો તે વખતે આ મારીશસ ટાપુ પર પણ અંગ્રેજનો કબજો હતો.

દુનિયામાં નાના મોટા ટાપુઓ પર અંગ્રેજોનો કબજો હતો. તેનાથી અંગ્રેજોને વેપાર કરવા અને અન્ય દેશો પર કબજો કરવામાં સુગમતા રહે તે હેતુથી આ મોરીશસ ટાપુ પર અંગ્રેજોનો કબજો હતો.

ભારતથી આ ટાપુ લગભગ દરીયાઈ રસ્તે પાંચ હજાર કીલોમીટર દુર છે. અંગ્રેજો જ્યાં-જ્યાં આવા ટાપુઓનો કબજો કરતા. ત્યાં તેઓને આવા ટાપુઓનો વિકાસ કરવા માટે મજુરોની જરૂરત પડતી. આ મજુરો ખાસ કરી ભારતમાંથી અને આફ્રિકાના ગુલામોને લઈ જતા.

આ મજુરોને ભારતમાંથી દલાલો દ્વારા પાંચ વરસના શરતે લઈ જતા. આ એગ્રીમેંટના શરતે મજુરો પાંચ વરસ પછી પાછા આવી શકતા હતા. અથવા જે મજુરોને પોતાના વતનમાં પાછા ન આવવું હોય તેઓને ત્યાં રહી જવાની છુટ હતી. આ મજુરો ખાસ કરી યુ.પી. અને બિહારથી દલાલો દ્વારા લઈ આવવામાં આવતા અને જે તે દરિયાઈ પોર્ટ પર એકઠા કરવામાં આવતા એ સ્ટીમ્બર દ્વારા જે તે ટાપુઓ પર લઈ જવામાં આવતા. સ્ટીમ્બર સાથે અંગ્રોજોની ટીમપણ સાથે જતી.

મોરીશસ પહોંચતા બે મહીના જેવો સમય લાગતો. દરીયાઈ હવામાન ઘણા મજુરોને અનુકુળ ન લાગતાં બિમાર પડી જતા. દવા-દારૂની સગવડ ન હોવાથી ઘણા મજુરો મરી જત અને આ મજુરોને સમુદ્રમાં ફેકી દેતા. બાકીના મજુરોને મોરીશસમાં કેમ્પોમાં રાખતા. આવી રીતે હજારો મજુરોને જણાવેલ શરત પ્રમાણે દુનિયામાં અંગ્રેજોના કબજા હેઠળના ટાપુઓ મોકવલવામાં આવતા.

મોરીશસમાં આ મજુરો ખેતી માટે જમીન તૈયાર કરવી રેલવેપાથરવાના કામો કરવાઅને જંગલોનેસાફ કરવાના જમીન સમથળ બનાવવી વિગેરે નાના મોટા કામો કરવા પડતા હતા.

મોરીશસમાં ખાસ કરી શેરડી વાવવામાં આવતી અને બીજા ખેતી કામકરવા અને વિકાસ માટે પણ કામો કરવામાં આવતા અને જંગલોને કાપી કરી મેદાનો તૈયાર કરવામાં આવતા.

મોરીશસમાં ખાસ કરી શેરડીનો પાક વધારે પ્રમાણમાં થતો. અને યુ.પી. બિહારના મજુરો શેરડીના ખેતરોમાં કામકરતા અને આફ્રીકન ગુલામોને સખ્ત કામકરવા અપાતું.

મોરીશસમાં શેરડી વધારે પ્રમાણમાં થવાથી શેરડીમાંથી ખાંડ બનાવવામાં આવતી અને તે ખાંડને અન્ય દેશોમાં મોકલવવામાં આવતી. ભારતમાં પણ મોરીશસથી ખાંડ આવતી. મોરીશસથી આવેલખાંડને ભારતમાં "મોરીશ" કહેતા.

આ પ્રમાણે મજુરોને રાત-દિવસ કામકરવું પડતું. જંગલોમાં કેમ્પોમાં મજુરો રહેતા. ક્યારેક જંગલી જાનવરો મજુરોને ઉપાડી જતા. અંગ્રેજોની તરફથી રાતની ચોકી કરવા ચોકીદારો રાખવામાં આવતા.

આ મજુરોને ૧૫૦ વરસથી પહેલા સ્ટીમ્બરો દ્વારા લઈ જવામાં આવ્યા હતા. ભારતથી લઈ ગયેલ મજુરો ખાસ કરી યુ.પી. અને બિહારથી લઈ જવામાં આવ્યા હતા. આ મજુરો કુર્મિક્ષત્રિય અને યાદવો હતા.

ઘણા મજુરો મોરીશસમાં રહી ગયા અને ભારત દુર હોવાથી પોતાનો દેશ દુર હોવાથી બિહાર, યુ.પી. સાથે પરિવાર અને ગામનો નાતો ટુટી ગયો.

અંગ્રેજો દુનિયામાં ૧૫૦ વરસથી પહેલા ઘણા ટાપુઓમાં મજુરોને કામમાટે લઈ ગયા. જેમાં મુખ્ય ટાપુઓ આ પ્રમાણે છે. "ફીજી ટાપુ", "મોરીશસ", "દક્ષિણ આફ્રીકા" અને દક્ષિણ અમેરિકામાં "સુરીનામ", "ગયાના", "ફ્રેંચ ગયાના", "ત્રિનિનાદ-ટોબેગો", "જૈમેકા", "ફોકલેંડ" આ ટાપુઓ પર કુર્મિક્ષત્રિય પાટીદાર અને યાદવોની આબાદી છે. આ પ્રદેશને "વેસ્ટ ઈન્ડિઝ" કહેવાય છે. અને ત્યાંના ખેલાડીઓ ક્રિકેટ રમવા ભારતમાં આવે છે. જેમાં અડધા ખેલાડીઓ હિંદુસ્તાની છે. તે સિવાય બ્રમા, મલેશિયા, લંકા, ઈન્ડોનેશિયામાં પણ મજુરો ગયા છે. અને આફ્રીકાના પૂર્વી દેશોમાં પણ ઘણા મજુરોને લઈ જવામાં આવ્યા છે.

આ બધા દેશો આઝાદ થયા બાદ ત્યાંની સરકારમાં ઘણા બધા ભારતીય સામેલ છે. તેમાં ખાસ કરી, મોરીશસ, ફીજી, વેસ્ટઈન્ડીઝ. આ દેશોમાં તો પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ, ભારતીય છે.

અને બીજા ઉચ્ચ હોદ્દાઓ ધરાવે છે. ઘણા બધા યુ.પી. બિહારના કુર્મિક્ષત્રિયો, યાદવો અને અન્ય પોતાના પરિવારને મળવા અને પોતાના ગામો જોવા આવે છે. પણ પાછળનો ઈતિહાસ અભણ હોવાને નાતે યાદ ન હોવાથી ઘણાંને પોતાના વડીલોના વતનની ખબર નથી પડતી.

મોરીશસ આઝાદ થયા બાદ ત્યાંના પ્રથમગર્વનર સર રામગુલામ(કુર્મિક્ષત્રીય) બન્યા હતા. અત્યારે તેમના પુત્ર શ્રી અનીલ રામગુલામપ્રધાનમંત્રી છે. અને રાષ્ટ્રપતિ અન્નિરુધ્ધ જગન્નાથ છે. અને કેબીનેટમાં લગભગ યુ.પી. બિહારના નેતાઓ છે. મોરીશસમાં ૭૫ થી ૮૦% ભારતીય છે. એન તે સિવાય ચીની, અંગ્રેજ, ફ્રેંચ વિગેરે વસવાટ છે. અને સરકારમાં પણ ભાગીદાર છે. મોરીશસની આબાદી ૧૨ લાખની છે. ૮૦% ભારતીય છે. બાકી બીજી કાસ્ટ છે. ભાષા હિંદી, ભોજપુરી, અંગ્રેજી વિગેરે બોલે છે. હીંદુ સનાતની ધર્મ પાળે છે. દરેક દેવી-દેવતાને માને છે. તે સિવાય ક્રિશ્ચન ધર્મ પણ પાળે છે અને આર્યસમાજી પણ છે. મોરીશસનો રાષ્ટ્રીય ઉત્સવ શિવરાત્રી છે. આર્ય સમાજના મંદિર પણ છે. આર્ય સમાજનું મંદિરનું અનાવરણ વિધિ મહાત્મા ગાંધીએ કરી હતી. મોરીશસમાં પવિત્ર ગંગા સાગર પણ છે. ત્યાં વાર્ષિક ઉત્સવ મનાવે છે. ગંગા સાગરમાં હરિદ્વારથી ગંગાજળ લઈ અને ત્યાં સાગરમાં ગંગાજળનો પ્રવાહ કરી અને આ સાગરનુંનામ"ગંગાસાગર" રાખવામાં આવેલ છે અને આ સાગરને પવિત્ર ગંગા સાગર માનવામાં આવેલ છે. મોરીશસની બજારોમાં ફરવા નીકળો તો તમોને એમલાગે હું કોઈ હિંદુસ્તાનના શહેરમાં અથવા બજારમાં કરૂ છું. ભાષા ભોજપુરી, હિંદી, પહેરવે, ખાનપાન, વહેવાર, મંદિરો વગેરે બધી રીતે તમોને એમજ લાગશે હું ભારતમાં કરૂ છું. છું. પ્રધાન મંત્રી અનીલ રામગુલામના પિતા સર રામગુલામનો સ્વર્ગવાસ થયો ત્યારે તેમની અર્થી વિસર્જન હરિદ્વાર મધે હરકી પૌડી ગંગા કિનારે તેમના પુત્ર અનીલ રામગુલામના હાથે કરવામાં આવી હતી.

એક વરસ પહેલા અનીલકુમાર મોરીશસથી અંગત પ્રવાસ માટે બિહારમાં આવ્યા હતા અને બિહારના મુખ્યમંત્રી શ્રી નિતિશકુમારના મહેમાન બન્યા હતા. અનીલ રામગુલામપોતેં કુર્મિક્ષત્રિય પાટીદાર છે અને નિતિશકુમાર પણકુર્મિક્ષત્રિય છે. તો તેમના સન્માનમાં એક મોટી કુર્મિક્ષત્રિયની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને નિતિશકુમારને મોરીશસના પ્રવાસે આવવાનું આમંત્રણ આપ્યું હતું. પણ બિહારની તે વખતે રાજકીય પરિસ્થિતિ અનુકુળ ન હોવાથી નિતિશકુમાર મોરીશસ જઈ શક્યા ન હતા.

મોરીશસ આઝાદ થયા બાદ આફ્રીકામાં વસવાટ કરતા. ગુજરાતી પાટીદારો મોરીશસ જવાનું શરૂ કર્યું હતું અને આજે ત્યાં કચ્છના અને ગુજરાતના પાટીદારોએ ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. તેઓ ત્યાં બિલ્ડર્સ અને બાંધકામનો ધંધો કરે છે. અને અન્ય ધંધાઓ કરે છે. આ પાટીદારોએ ત્યાં મોટું સ્વામીનારાયણનું મંદિર પણ બનાવ્યં છે. તેની પ્રાણ પ્રતિષ્ઠા સપ્ત સરોવર ખાતે ભારતમાતા મંદિરના મહંત હતા.

મોરીશસના બાજુમાં શૈશલ નામનો નાનો ટાપુ આવેલ છે. ત્યાં પણ ગુજરાતી પાટીદારોનો વસવાટ છે અને ત્યાં પણ ગુજરાતી પાટીદારો બીલડર્સ અને બાંધકામનું કાર્ય કરે છે.

મોરીશસ સાથે ભારતનો સંબંધ અંગ્રોજોના વખતનો છે અને આસપાસમાં વેપાર-વાણીજ, પ્રયટન, ધાર્મિક રીતે પણ બંને દેશોમાં અવર-જવર ચાલુ છે. અને ત્યાં કથાઓના આયોજન થયા કરે છે. મોરારી બાપુની રામાયણ, રમેશભાઈ ઓઝાની ભાવતત ગીતા તથા શરદભાઈ વ્યાસની પણ ભાગવત ગીતા તથા સ્વામી નારાયણના સંતો અવાર-નવાર આવે છે. અને ધાર્મિક પ્રચાર કરે છે અને આ સંતો દ્વારા શિબિરોનું પણ આયોજન થાય છે અને માતાજીના જાગરણો પણ થાય છે.

આ ધાર્મિક કાર્યક્રમોનું મોરીશસથી ચેનલ દ્વારા સીધુ પ્રસારણ થાય છે અને ભારતમાં દેખાય છે.

તે સિવાય હાલમાં મોરેશિયસમાં ભારત સેવાશ્રમસંઘ દ્વારા હિંદુ ધર્મનો પ્રચાર થાય છે. જેમાં મોરેશિયસના રાષ્ટ્રીય ઉત્સવ શિવરાત્રીના પ્રસંગે ભારત સેવા આશ્રમસંઘ અમદાવાદના અધ્યક્ષ સ્વામી ગણેશાનંદજી મહારાજના નેજા હેઠળ સંસ્થાના ત્રિનિનાદ અને ટોબેગો આશ્રમના અધ્યક્ષ સ્વામી દિવ્યાનંદજી મહારાજ તથા ફીજી આશ્રમના અધ્યક્ષ સ્વામી સંયુક્તાનંદજી મહારાજ ગત ૨૫ ફેબ્રુના રોજ ૧૦ દિવસના પ્રવાસે હિંદુ ધર્મના પ્રચાર માટે મોરેશિયસના કેટરલોર્ન શહેર ગયા હતા. મોરીશસના ગંગા તળાવ ખાતે શિવરાત્રીના મેળામાં મોરેશિયસના વડા પ્રધાન, રાષ્ટ્રપતિ તથા મંત્રીગણ હાજર રહ્યું હતું. સંસ્થાના સ્વામીઓએ સંસ્થાના ઉદેશો તથા પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતા હિંદી તથા અંગ્રેજીમાં ઉદ્દ્બોધન કર્યું હતું.

આ મોરીશસની જાણકારી પ્રવાસી ભારતીય કુર્મિક્ષત્રિય પાટીદાર 'હરેશ વર્મા' દ્વારા દિલ્હીમાં પ્રવાસી ભારતીયની મીટીંગ વખતે જાણવા મળેલ વિગતોના આધારે.

મહાસાગરનું મોતી મોરિશિયસ (૧)

- ગોવિંદ ખોખાણી

મુંબઈથી ૪૭૦૦ કિલોમીટર દૂર હિન્દી મહાસાગરમાં નાના-મોટા સૌથી વધુ ટાપુઓના દેશ મોરિશિયસનો પ્રવાસ કરવો એ તો જીવનનો એક આહ્લાદક અનુભવ છે. મોરિશિયસ તો હિન્દી મહાસાગરનું મેઘધનુષની મોતી છે.

મોરિશિયસની રાજધાની પોર્ટ લુઈસ છે. સાઠ-સિત્તેર હજાર માણસની વસતિનું આ શહેર મુખ્યત્વે દેશનું ઉદ્યોગ અને વહીવટી કેન્દ્ર છે. ફ્રેંચ ગવર્નર માહેએ ૧૭૩૬માં વસાવેલા આ શહેર અર્ધવર્તુળાકાર બંદરને કાંઠે વસેલું છે. પશ્ચાદ્‌ભૂમાં લીલીછમ ટેકરીઓથી એ વિશેષ સુંદર લાગે છે. ફ્રેંચ સ્થાપત્યનાં ગવર્નમેન્ટ હાઉસ અને મ્યુનિસિપલ થિયેટર, દેવળો, મસ્જિદો, પેરેક્સ, નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ, ચાઈનીઝ કેસિનો, સુપ્રીમ કોર્ટ, એસેમ્બલી વગેરે મકાનો પર અછડતી નજર નાખીને સંતોષ માનવો રહ્યો. અહીં બહુ ઊંચાં મકાનો નથી એટલે skyline હજુ કુદરતી છે. એક જ મકાન આઠ માળનું છે. આપણાં કોઈપણ શહેરોના જેવી બજારો અને દુકાનો અને શોરૂમોના નાના-મોટા સંકુલો છે. સ્વચ્છતા અને ટ્રાફિક ડિસિપ્લીન ઊડીને આંખે વળગે એવી છે.

અહીં દુનિયાભરની મોટરકારો રસ્તા પર ઘૂમે છે. અહીં પણ આપણી મારુતિ ૮૦૦માં મોટું પ્રીમિયમ છે. એ સૌથી વધુ લોકપ્રિય છે. કલાનિકેતનનો બહુ મોટો શોરૂમ છે. પણ તેઓ સાડીઓ ઉપરાંત પણ ઘણું બધું બીજું વેચે છે. અહીંના એક હાવાભાઈ જ્વેલર્સના ગુજરાતી માલિકને ત્યાં એમનાં પત્ની, પુત્ર અને પુત્રી સાથે રાજકોટના કારીગરો ત્યાં કામ કરતાં હતાં. મોરિશિયસમાં સો-દોઢસો ગુજરાતી પરિવારો છે. વારતહેવારે તે મળે છે. સમાજના મકાન માટે જમીન ખરીદી છે. પણ મકાન બાંધવાનો હજુ જોગ થયો નથી. પોતાની જ કોમમાં અથવા અન્ય હિંદુઓ સાથે લગ્નસંબંધો બાંધે છે.

ફિનિક્સ શહેરની બહાર કોન્ટિનન્ટ નામનું અહીંનું અત્યાધુનિક શોપિંગ કોમ્પલેક્સ છે. અંદર પહોળા રસ્તાઓ, ચિલ્ડ્રન પાર્ક, કાર પાર્કિંગની મોટી સુવિધા સાથેનું આ બજાર અમેરિકાના કોઈ નાના શહેરના મોટા બજાર જેવું શાંત અને શિસ્તસભર લાગે. ફર્નિચર, ક્રોકરી અને સ્ત્રીઓના ડિઝાઈનર ડ્રેસિસ વાજબી ભાવે મળે છે. ટ્રાવેલ એજન્સીઓ અને બેન્કો બધી જગ્યાએ હોય છે. આ રોઝ હિલ વિસ્તારની મુલાકાત લેવા જેવી છે.

અહીંના ઘણાખરા ડ્રાઈવરો ક્રિયોલ, ફ્રેંચ અને અંગ્રેજી જાણતા હોય છે. અહીંનું ટ્રાઉ ઓ સર્ફ એ સ્થળ તો લાખો વર્ષ પહેલાં ઠંડા પડી ગયેલા. જ્વાળામુખીનું એ મોઢું છે. ૮૫ મીટર ઊંડી અને ૨૦૦ મીટર પહોળી એ એક ખીણ જ છે. એની બાજુમાં ધીરે ઢાળે ઉપર જતી ટેકરી અને રસ્તાની સામી બાજુ બસ લીલાછમ ખેતરો, રેતી, દરિયો અને એની પણ પાછળ દીવાલ બનીને ઊભેલા પહાડો. નજર નાખો ત્યાં બસ કુદરત કુદરત જ છે.

આગળ ચાલતાં જમણી બાજુ વૃક્ષો, વનરાજિઓ અને ફૂલોથી લચી પડેલા ગાઢ જંગલ અને ડાબી બાજુ મેર ઓ વાકોસ કરીને બહુ મોટું સુંદર તળાવ આવે છે જે મોરિશિયસની મોટા ભાગની વસતિની પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરે છે. થોડો પ્રવાસ કરતા દેશવિદેશના સહેલાણીઓનું વિહારસ્થાન અને હિંદુઓની શ્રદ્ધાના પ્રતીકસમું ગંગાતળાવ આવે છે. એક બાજુ વિશાળ શિવમંદિર, ડાબા કાંડાની ટેકરી પર હનુમાન મંદિર અને જમણે રામસીતા મંદિર દેખાય છે. મહાશિવરાત્રીને દિવસે લોકો સોસો કિ.મી. ચાલતાંચાલતાં શિવજીને પોતાના શ્રદ્ધાસુમન અર્પવા આવે છે. હિન્દુઓ આરતી કરતા હોય ત્યારે યુરોપિયનો દૂર ઊભા ઊભા જોતા હોય, એ દશ્યો સામાન્ય છે. પાછાં ફરતાં એલેકઝાન્ડ્રાનાં ધોધ અને જંગલ અને ઝરણાં ઉપર જતી પગદંડી આવે તેને પાર કરીને સમુદ્રને લાગેલી ખીણના રૂપમાં બ્લેક રિવર ગોર્જ પાસે ઊભા રહીને સામે જ વિસ્તરતી કુદરતને નિહાળવાની મજા અનેરી છે.

વિવિધ અંતરે વિવિધ રંગો ધારણ કરતો લેમોર્ન સી પસાર કરીને શેમરેલની સપ્તરંગી ધરતી માણવા જેવી છે. કોઈક કાળે ફાટેલા જ્વાળામુખીના પેટાળમાંથી વહીને થીજેલો લાવા કાળક્રમે ઘસાઈઘસાને રેત જેવી જમીનમાં

રૂપાંતરીત થયો છે. વિશ્વમાં આ એક જ એવું સ્થાન છે, જ્યાં મેઘધનુષ્યના બધા રંગોની માટી થીજેલાં મોજાંના આકારમાં કુદરતી ડિઝાઈનમાં આલેખાયેલા રણરેતના ધક્કાઓના રૂપમાં અદ્ભુત દશ્ય ખડું કરે છે. પીળો, પર્પલ, ભૂરો અને લાલ રંગ વધુ દેખાય છે.

આઈલ ઓ સર્ફ જેને એક્સોટિક બીચ કહે છે. ત્યાંની મજા નિરાળી છે. દરિયાકિનારા પરના જંગલમાં ટિકિટબૂથની સામે ગાડી પાર્ક કરીને બોટ દ્વારા આ બીચ પર પહોંચાય છે. એક બાજુ પહાડ, એની પાછળ જળધોધ, સામે સફેદ સોનેરી રેતી અને પાછળ જંગલથી સુશોભિત દરિયાકિનારો આવેલો છે. ત્યાં સ્પીડબોટો, પેડલબોટો અને નાનીમોટી વિહારનૌકાઓનો મહેરામણમાં જમેલો હોય છે. કિનારે ઊતરીને જંગલ ટ્રેક પસાર કરીને કિનારાના વળાંકની બીજી તરફ દરિયો છીછરો અને તદ્દન ચોખ્ખું પાણી હોવાથી સમુદ્રસ્નની ઉત્તમ સગવડ છે. દેશવિદેશના સહેલાણીઓ સાથે નહાવાનો આનંદ કંઈ ઓર જ હોય છે.

નૌકાવિહાર, ખાણીપીણી, સમુદ્રસ્નાન અને સૂર્યસ્નાન એમ દરેક પ્રવાસી પોતપોતાની રીતે આનંદ માણી રહ્યા હતા. આમાં પોણા ભાગના પ્રવાસીઓ યુરોપિયનો હોય છે એટલે સમુદ્રસ્નાનની મોજ માણતી મહિલાઓ with top કે topless હોય એ અહીં સામાન્ય હોય છે. પેડલ બોટની સફર માણવા જેવી છે.

નજીકમાં જ એક અતિ ભવ્ય હોટેલ આવેલી છે. સરકાર પર્યાવરણ માટે સજાગ છે એટલે કોઈ હોટેલને પામ ટ્રીની ઊંચાઈ એટલે કે ત્રીસેક ફીટની ઊંચાઈથી વધુ ઊંચી હોટેલ દરિયાકિનારે બાંધવાની મનાઈ છે. આ હોટેલને વિશાળ લેન્ડસ્કેપ્ડ સ્વીમિંગ પુલ અને પાછલી બાજુ પોતાનો પ્રાઈવેટ બીચ છે જે ઘણી હોટેલને હોય છે. અહીંના એક એક વિલાનું રોજનું ભાડું ૨૩ હજાર મોરિશિયસ રૂપિયા એટલે કે આપણા ૪૬ હજાર રૂપિયા હોય છે. ગ્રાન્ડ બે પણ એટલો જ સુંદર અને વિશાળ બીચ છે અને સામે જ રસ્તા પર લાંબુલાંબુ બજાર છે. સ્ત્રીઓનાં વસ્ત્રો અને હસ્તકલાના ઉત્પાદકો વાજબી ભાવે મળે છે. રંગબેરંગી દરિયાનો રેતાચ્છાદિત કિનારો સૂર્ય અને સમુદ્રસ્નાન, નૌકાવિહાર અને જલક્રીડાથી ધમધમતો રહે છે.

દરિયામાં ગ્લાસ બોટમ બોટમાં હોટેલ સામેના સ્ફટિક શાં નિર્મળ છીછરાં પાણીમાં કોરલ્સ (તળમાં પથરાયેલ પરવાળા) જોવા જેવા હોય છે. પ્રવાસીઓનું આ એક અનેરું આકર્ષણ છે. હજારો - લાખો વર્ષથી દરિયાઈ જીવો અને વનસ્પતિ મરી જાય એનાં નાનાંમોટાં હાડપિંજરોમાંથી જુદી જુદી ડિઝાઈનોમાં બનતાં ફોર્મેશન્સ એટલે કોરલ્સ. એમાંના કેટલાકને સમુદ્રફિણ પણ કહીએ છીએ. કુદરતસર્જિત આ અદ્ભુત સર્જનોને આપણે ડ્રોઈંગરૂમમાં શૉપીસ તરીકે પણ મૂકીએ છીએ.

Under sea walk માં ગ્રાન્ડ બેથી આગળના દરિયામાં જવા જેવું છે. ઑક્સિજન માસ્ક પહેરીને દરિયામાં ઊતરવાનું હોય છે. અડધો કલાકનો આ વિવિધ પ્રકારની માછલીઓ અને ચાર મીટર ઊંડા સમુદ્રતળમાં કુદરતી રીતે બિછાયેલ અનેક ચિત્રવિચિત્ર આકારની સાથે ગોઠડી કરવાનો આનંદ તો જીવનનો એક રોમાંચક અનુભવ હોય છે. ડૂબકીમારો આજુબાજુ ઘૂમતી સેંકડો માછલીઓની વચ્ચે હાથમાં જુદાજુદા કોરલ્સ પકડાવીને ફોટા પાડવાની વ્યવસ્થા કરી આપે છે. આ એક જુદી જ દુનિયામાં જઈ આવ્યાનો અનુભવ હોય છે.

આપણા ટુર ઑપરેટરો તો પ્રવાસીઓને મોરિશિયસ છ દિવસ રાખે પણ દોઢ દિવસ જ ત્યાં ફેરવે. બાકીના free days ! એટલે કે ફરવું હોય તો તમારે ખર્ચે બાકીના દિવસોમાં. અન્ય દેશના લોકો સરેરાશ બે અઠવાડિયાં રહીને સતત ફરતા રહે છે ત્યારે જ બધું જોઈ શકાય. અહીંનો વિશ્વવિખ્યાત કેસલા બર્ડ પાર્ક, ગ્રાન્ડ બેઝિન, પ્લેઈન લેધર, જ્વેલરી અને ઈન્ફોર્મેટિક્સના વિકાસની રૂપરેખા દોરાઈ રહી છે. ગરીબી રેખા નીચે કોઈ જીવતું નથી. કોઈ ભિખારી નથી કે ભાગ્યે જ કોઈ બેકાર છે. સ્ત્રીપુરુષોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઊંચું છે. પ્રાથમિક શિક્ષણ લગભગ ૧૦૦ ટકા બાળકો લે છે. ત્રીજા ભાગની નોકરીમાં મહિલાઓ છે. પ્રાથમિક શાળાથી કોલેજ સુધીનું શિક્ષણ તદ્દન મફત છે. કોલેજોમાં માત્ર આર્ટ્સ અને કોમર્સ છે. સાયન્સ, મેડિસિન તેમ જ એન્જિનિયરિંગ માટે વિદેશ જવું પડે છે. હોશિયાર વિદ્યાર્થીઓને સરકાર વિદેશ અભ્યાસ માટે સ્કોલરશિપ આપે છે.

શેરડીમાં કમાણી વધુ છે અને ચા તેમજ કોફીની ખેતી થાય છે. પણ શાકભાજી અને ફળો ઓછાં વવાય છે.

એટલે આયાત થાય છે. પણ સુંદર ફૂલો ખેતરોમાં અને જંગલોમાં તેમજ રસ્તાની વાડીમાં ઠેર ઠેર દેખાય છે. ફૂલોની નિકાસ પણ થાય છે. માનવવસતિના વિકાસની સાથે પર્યાવરણના પ્રશ્નો ઉભા થાય જ. દંતકકથારૂપ ડોડો અને સોલિટેર જેવા સમડી અને હંસને મળતાં સુંદર પક્ષીઓને સોળમી અને સત્તરમી સદીમાં ખલાસીઓ ખાઈ ગયા અને એમનું અસ્તિત્વ જ મટી ગયું એનો આ દેશની પ્રજાને અફસોસ છે. પણ હવે સરકારે એન્વાયરોનમેન્ટ પ્રોટેક્શન ડિવિઝનની રચના કરી છે. પર્યાવરણ તેમજ વનસ્પતિ અને પ્રાણીજન્ય સંતુલનને નુકસાન કરનારને જેલની સજા કરાય છે.

ચાલીસીના દાયકામાં બ્રિટનની મજૂર પક્ષની સરકારે સંસ્થાનોને સ્વાતંત્ર્ય આપવાની વિચારણા શરૂ કરી . મોરિશિયસમાં પણ ભારત જેવા દેશોમાંથી પ્રેરણા લઈને ચળવળ ચાલતી હતી. ગામડાંનો એક કેવલ નામનો છોકરો જેને કાકાએ ફી આપીને લંડનમાં ભણાવીને ડૉક્ટર બનાવ્યો એ મજૂર પક્ષોનો નેતા બનીને અગ્રગણ્ય સ્વાતંત્ર્ય સૈનિક બન્યો. અન્ય નેતાઓમાં સુખદેવ, બિશનલાલ, અબ્દુલ રઝાક મહમદ, જુલિયસ કોનિંગ, વીરાસ્વામી રિંગાડુ વ. મુખ્ય છે. બ્રિટને ૧૨મી માર્ચ, ૧૯૬૮માં મોરિશિયસને સંપૂર્ણ સ્વતંત્રતા આપી અને ભારતીય વંશના કેવલ જે પાછળથી શિવસાગર રામગુલામ તરીકે ઓળખાયા. તેઓ પ્રથમ વડા પ્રધાન બન્યાં. ત્યાં પણ આપણી જેમ બહુપક્ષી રાજકારણ છે પણ નવાઈની વાત એ છે કે મોટે ભાગે કોઈ પણ પાર્ટીને બહુમતી ન મળતાં મિશ્ર સરકારો જ રચાય છે અને સંપ અને સહકારથી જ ચાલે છે. ૧૨મી માર્ચ, ૧૯૯૨ના સ્વાતંત્ર્યદિને મોરિશિયસ સંપૂર્ણ પ્રજાસત્તાક બન્યું. એનું બંધારણ એ ભારતના બંધારણની કોપી જેવું જ છે.

શિવસાગર રામગુલામ ત્યાંના રાષ્ટ્રપિતા ગણાય છે, જેઓ ૧૯૮૫ની ચૂંટણી હારી ગયા હતા. વડા પ્રધાન શ્રીરામગુલામ ડિસેમ્બર ૧૯૮૬માં અવસાન પામ્યા.

મોરિશિયસ પર કુદરતની કૃપા છે. આખું વર્ષ છૂટક છૂટક વરસાદ પડ્યા જ કરે છે. કુલે ૮૦ ઈંચ છે. જાન્યુઆરીથી એપ્રિલ એમનો ઉનાળો અને જુલાઈથી સપ્ટેમ્બર શિયાળો. બાકીના સમયમાં સમઘાત આબોહવા હોય છે.

અહીં એક જ બાબતમાં કુદરત ખપા છે અને તે છે Cyclone - તોફાની વંટોળિયો. સવાસોથી પોણા ત્રણસો કિ.મી.ની ઝડપે ધસમસતો આ ચક્રવાત વાદળ, વીજળી, વરસાદ અને આંધીની સાથે ખાબકીને દર ત્રણ ચાર વરસે જાનમાલનું ભયંકર નુકસાન કરે છે. એક-બે દિવસમાં ૧૫-૨૦ ઈંચ વરસાદ અને પ્રચંડ પૂર આવે છે. વેધશાળા આગવી ચેતવણી આપે છે.

મોરિશિયસ જતાં પહેલાં વિઝા અને જરૂરી હૂંડિયામણ ટ્રાવેલ એજન્ટ મારફત મેળવી લેવું જોઈએ. મોરિશિયસ ઘણું મોંઘુ છે. એટલે પ્રવાસના આયોજનમાં લાંબો સમય મળે તો સસ્તો બનાવી શકાય. મુંબઈમાં મોરિશિયસ ટુરિસ્ટ ઈન્ફર્મેશન બ્યુરો છે. જ્યાંથી માહિતી મેળવી તેમની સાથે ફેક્સ કે ફોનથી સીધો સંપર્ક કરો તો મોટાં ડિસ્કાઉન્ટ્સ મળી શકે. શક્ય હોય તો હોટલો સાથે સીધો જ વ્યવહાર કરવો. એજન્ટોને વચ્ચે રાખવા નહીં.

મુંબઈથી ૪,૭૦૦ કિ.મી. દૂર આવેલા મોરિશિયસનો સમય આપણાથી દોઢ કલાક પાછળ છે. એરપોર્ટ તદ્દન સામાન્ય અને નાનું છે. એ.સી. પણ નથી.

એરપોર્ટથી વિવિધ હોટેલો સુધીનો રસ્તો લીલોછમ, શેરડીનાં ખેતરો, પશ્ચાદ્ભૂમાં નાનીમોટી ટેકરીઓ, દૂરસુદર સફેદ મખમલી રેતીની પડે છે. દષ્ટિમાન થતો ક્ષિતિજ સુધી વિસ્તરતો વિવિધ રંગોમાં ઝબકોળાતો હિંદી મહાસાગર, ફિનિક્સ અને પોર્ટ લુઈસ જેવાં નગરો, ઝાડી, જંગલ અને ફૂલોથી મઘમઘતો એક આહલાદક અનુભવ હોય છે.

મહાસાગરનું મોતી મોરિશિયસ (૨)

- ગોવિંદ ખોખાણી

કોઈ તમને કહે કે અફાટ ખારા સમુદ્રની વચ્ચે ખાંડનો એક મીઠો કણ બેઠેલો છે એ તમે જોયો છે ? તો તમે તેને એક ઉખાણું ગણી હસી કાઢશો પરંતુ એક મહાસાગરનું મોતી વાસ્તવમાં છે અને તેનું નામ છે મોરેશિયસ.

હિન્દ મહાસાગરમાં માડાગાસ્કર ટાપુથી ૮૫૦ કિલોમીટર દૂર ભારતથી ૪૭૦૦ કિ.મી. દૂર ૧૮૬૫ ચો. કિલોમીટર વિસ્તારમાં પથરાયેલા મોરેશિયસ ટાપુ ઉપર એક લઘુ ભારત વસેલું છે. આ દેશના લોકોએ એ બાબતમાં આજે પણ ગૌરવ અનુભવે છે કે દુનિયાને અહિંસા અને સત્યાગ્રહનો માર્ગ ચીંધનાર મહાત્મા ગાંધીએ ૧૯૦૧ની સાલમાં તેમના દેશની ભૂમિને પાવન કરી હતી.

મોરેશિયસની માલિકીના આસપાસના ત્રણસો એક કિલોમીટરના વિસ્તારમાં લગભગ ૧૦૦ જેટલા નાના મોટા ટાપુ છે જેમાના અડધા તો કાળક્રમે દરિયામાં ડૂબી ગયા છે. આ દેશ બૃહદ મુંબઈથી લગભગ દોઢા વિસ્તારનો આ દેશ અને વસતી માત્ર ૧૨ લાખની છે. જે આપણા વડોદરા કે સુરત કરતાં પણ ઓછી. ચીન, યુરોપ, આફ્રિકા અને એશિયાના દેશોમાંથી આવેલી પ્રજા ક્રિઓલ ભાષા બોલે છે જે ફ્રેચને મળતી આવે છે. તેઓ હિન્દુ, ક્રિશ્ચિયન, મુસ્લિમ અને બૌધ ધર્મ પાળે છે. ક્રિઓલ આ દેશની મુખ્ય ભાષા હોવા છતાં પણ ફ્રેંચ, ઈંગ્લીશ, હિન્દી, ભોજપુરી ભાષા બોલતાં લોકો અહીં મોટી સંખ્યામાં જોવા મળે.

૧૯૯૪માં હિન્દુ હાઉસના ચેરમન શ્રી વિરેન્દ્ર રામધને પાટનગર પોર્ટ લુઈસમાં હિન્દુ હાઉસનું નિર્માણ કર્યું. આ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે ભારત માતા મંદિર, હરિદ્વારના સંસ્થાપક અને નિવૃત્ત શંકરાચાર્ય સ્વામીશ્રી સત્યમિત્રાનંદજી સાથે ત્યાં પહોંચવા નાઈરોબી (કેન્યા)ના મારા મિત્ર મુલજીભાઈ પિંડોલીયાએ ફોન દ્વારા જાણ કરી એ સાથે કેન્યા, બ્રિટન પછી આ દેશાન ભારતીયોને રૂબરૂ મળવા, તેમજ જીવનવ્યવહારને જાણવાનો અવસર મળશે એ વિચારે આનંદિત હતો પરંતુ ભારતીય પાસપોર્ટ ધરાવનાર પ્રવાસી પ્રત્યે એ દેશનો વ્યવહાર કેવોક હશે એ વિચારો એ વિચારો મનમાં અનેક પ્રશ્નો છોડી ગયા !

૨૮ ઓક્ટોબ-૯૪ના વહેલી સવારે સવારે સેર ઈન્ડિયામાં મુંબઈ છોડ્યું. સતત છ કલાકની મુસાફરી પછી સૂર્યનાં કિરણો ફાટ મહાસાગર ઉપર પથરાવાની તૈયારીમાં હતાં ત્યાં જ મોરિશિયસના રાષ્ટ્રપિતા સર શિવસાગર રામગુલામના નામથી જે ઈન્ટરનેશનલ એરપોર્ટને નામ આપવામાં આવ્યું છે ત્યાં અમારા હવાઈ જહાજે ઉતરાણ-કર્યું. ભારતીય પ્રવાસીઓ સાથે દુનિયાના અન્ય દેશોમાંથી આવેલા પ્રવાસીઓથી એરપોર્ટ ઊભરાઈ ગયું.

ઈમીગ્રેશન, રીટર્ન ટિકિટ બતાવી અને આવવાનું કારણ દર્શાવતા જ મીઠો આવકાર મળ્યો. ક્યાં રોકાવાના છો તેની નોંધ કર્યા બાદ ઈમીગ્રેશન અધિકારીએ આનંદની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું તમે અમારા મહેમાન છો, પ્રવાસ દરમ્યાન કોઈ તકલીફ પડે તો તુરંત નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરજો તેઓ આપને મદદરૂપ થશે. આ આવકાર પછી વિદેશ પ્રવાસનો ડર દૂર થયો અને અજાણ્યા મુલકમાં પણ સધીઆરો આપનાર છે તેનો મનોમન આનંદ રહ્યો.

સામાન્ય કદનો વિશ્વનો નકશો જોતાં મોરેશિયસ ટાપુ એક ટપકાં જેટલો જ દેખાય છે. વિષુવવૃત્તની દક્ષિણે ૨૦ અક્ષાંશ રેખા પર આવેલા આ ટાપુનો આકાર કંઈક ત્રિકોણ અને લંબગોળ છે. ૧૬મા સૈકાના આરંભમાં હિન્દુસ્તાનની શોધ કરવા ગોરી પ્રજા યુરોપથી જહાજ દ્વારા નીકળી હતી ત્યારે ઈ.સ. ૧૫૦૭માં પોર્ટુગીઝ ફિરંગીઓનું પ્રથમ ધ્યાન આ ટાપુ પર ગયું. એ સમયે આ ટાપુ 'સીનો'ના નામથી ઓળખાતો. 'સીનો'શબ્દનો અર્થ હંસ જેવો થાય છે. આ ટાપુ પર એ સમયે મોટા કદના પક્ષીનો વસવાટ હતો જેને આ દેસની પ્રજા 'ડોડો' નામથી આજે જાણે છે. આ પક્ષી પોતાના વજનને કારણે ઊંચે ઊડી શકતું ન હતું. પરિણામે તેનો શિકાર થતો ગયો. ઈ.સ. ૧૬૧૦ થી ૧૬૨૦ સુધીમાં માત્ર ૧૫ ડોડો પક્ષી દુનિયામાં જોવા મળેલા ત્યારબાદ આ પક્ષીએ કોઈએ જોએલું નથી. ઈ.સ. ૧૮૬૫માં ક્લાર્ક નામના એક માણસને આ પક્ષીનું હાડપીંજર ટાપુ ઉપરથી મળી આવેલું. ઈ.સ. ૧૮૯૯માં સોજીયે નામની વ્યક્તિને

પણ ડોડો પક્ષીનું અસ્થિ પીંજર મળી આવેલા જેના આધારે તૈયાર કરેલું એક કૃત્રિમ ડોડો પક્ષી હાલ મોરેશિયસના પાટનગર પોર્ટલુઈસના સંગ્રહાલયમાં રાખવામાં આવ્યું છે. મોરેશિયસે ડોડો પક્ષીનો પોતાના રાષ્ટ્રીયચિહ્નમાં પણ સમાવેશ કરેલો છે. ૧૬ ઓગસ્ટ ૧૯૬૭ના રોજ એર ઈન્ડિયા દ્વારા મુંબઈ-મોરેશિયસ વચ્ચે પ્રથમ ફ્લાઈટની શરૂઆતના પ્રસંગે મોરેશિયસે બહાર પાડેલી ટપાલ ટિકિટના પ્રથમ દિવસના કવર એરઈન્ડિયાના મહારાજના ચિહ્ન સાથે ડોડો પક્ષીને મૂકવામાં આવ્યું હતું.

ફિરંગીઓના પ્રથમ વસવાટ પછી તેમને ન ફાવ્યું અને તેઓ આ ટાપુ છોડીને ગયા અને એમનું સ્થાન હોલેન્ડના ડચ લોકોએ લીધું. ડચ લોકો ઈ.સ. ૧૭૧૦માં મોરેશિયસ છોડી જતાં ફરીવાર ફ્રેન્ચોએ આ ટાપુ પર કબજો કર્યો અને ટાપુને 'આઈલ દ ફ્રાન્સ' જેવું નામ આપ્યું. પરંતુ ૧૮૧૦માં પરિસ્થિતિ બદલાઈ અંગ્રોજેએ મોરેશિયસ ટાપુને ફ્રેન્ચોના હાથમાંથી ખૂંચવી લેવા આ ટાપુથી ૪૦૦ માઈલ દૂર આવેલા રોડ્રિઝ ટાપુ પર પોતાનું લશ્કર એકઠું કર્યું. ૩ ડિસેમ્બર-૧૮૧૦ના ફ્રેન્ચ ગવર્નરે અંગ્રેજો સમક્ષ હથિયાર નાખી દીધાં.

મોરેશિયસ ટાપુ અંગ્રેજોના હાથમાં આવ્યા પછી ભારતમાંથી મજૂરોને અહીં લાવવાની શરૂઆત થઈ. ૧૮૩૪માં બંગાળમાંથી ૭૫ મજૂરોનો પ્રથમ કાફલો મોરેશિયસમાં દાખલ થયો ત્યાર બાદ ગીરમીટ પ્રથા હેઠળ સેંકડો મજૂરોને બંગાળ, બિહાર, યુ.પી. તેમજ દક્ષિણ ભારતમાંથી અહીં લાવવામાં આવ્યા. ૧૮૩૪ થી ૧૯૧૨ દરમ્યાન હજારોની સંખ્યામાં ભારતીય મજૂરો મોરેશિયસમાં દાખલ થયા.

ભારતથી મજૂર તરીકે આવેલા આ શ્રમિકો પોતાની સાથે રામાયણ, હનુમાન ચાલીસા અને દુર્ગાસ્રોત સાથે લઈને આવ્યા અને સાંજના સમયે સંગઠિત થઈ સમૂહમાં પોતાની ઝુંપડીઓના બહાર ઝાડ નીચે બેસી દેવસ્થાપન કરી પ્રભુ ભજન કરતા. આજે પણ પોતાની સંસ્કૃતિ, આગવી ઓળખાણને જાળવી રાખ્યાં છે જે કાલિમાટો તરીકે ઓળખાય છે અને પ્રવાસીઓથી ઉભરાતા આ ટાપુ ઉપર ઠેર ઠેર તમને કાલિમાટો મંદિર જોવા મળે. અનેક રસ્તાઓ પણ આ નામથી ઓળખાય છે.

શેરડી આ ટાપુનો મુખ્ય પાક છે. શેરડીના રસને મોરસ પણ કહેવામાં આવે છે. તેથી આ ટાપુ મોરેશિયસ તરીકે ઓળખાય છે. આ દેશમાં હેક્ટર દીઠ ૮૦ થી ૯૦ ટન શેરડી થાય છે. મોરેશિયસ વાર્ષિક ૭ લાખ ટન ખાંડનું ઉત્પાદન કરે છે. આ દેશમાંથી ખાંડ, ચા, નિકાસ થાય છે. ભારતીયો મજૂરો તરીકે આ શેરડીનાં ખેતરોમાં જ કામ કરતા હતા જેની માલિકી ફ્રેન્ચોની હતી. મોરેશિયસના ખાંડના ૧૯ મોટા પ્લાન્ટ પૈકી ૧૬ પ્લાન્ટ આજે પણ ફ્રેન્ચ માલિકીના છે.

ખાંડ ઉત્પાદન પછી બીજા નંબરે આ દેશની મુખ્ય આવક પર્યટન ઉદ્યોગ છે. દર વર્ષે ૫ લાખથી વધુ પ્રવાસીઓ આ ટાપુની મુલાકાત લે છે. અહીં નૌકાવિહાર, ખાણીપીણી, સમુદ્રસ્નાન અને સૂર્યસ્નાનો આનંદ પ્રવાસીઓ પોતાની પસંદગી મુજબ માણે છે. દરિયામાં ગ્લાસ બોટમાં જઈ સ્ફટિક શા નિર્મળ જળમાં પથરાયેલા કોરલ્સ જોવા જેવા છે જે આ દેસમાં પ્રવાસીઓનું એક અનેરું આકર્ષણ છે. અહીં ઓક્સિજન માસ્ક પહેરીને દરિયામાં ઊંડાણમાં લઈ જવામાં આવે છે જ્યાં વિવિધ પ્રકારની માછલી તેમજ સમુદ્ર તળમાં પથરાયેલા ચિત્રવિચિત્ર જળતર જોવા મળે. ડુબકી મારો આ મુલાકાત દરમ્યાન તમારી આજુબાજુ ઘૂમતી માછલીઓ વચ્ચે તમારા ફોટા ખેંચી આપવાની વ્યવસ્થા પણ કરે છે.

ચાલીસના દાયકામાં બ્રિટનની મજૂર પક્ષની સરકારે બ્રિટીશ સંસ્થાનોને સ્વતંત્રતા આપવાની વિચારણા શરૂ કરી. મોરેશઈયસમાં પણ ભારત દેશ પરથી પ્રેરણા લઈને સ્વતંત્રતાની કેવલ નામનો છોકરો કાકાના ખર્ચે લંડનમાં ડોક્ટરની ડિગ્રી મેળવી પરત આવ્યો અને મજૂર પક્ષનો નેતા બની સ્વાતંત્ર્ય લડતમાં અગ્રણી નેતા બન્યો. બ્રિટને ૧૨ માર્ચ ૧૯૬૮ના મોરેશિયસને સંપૂર્ણ સ્વતંત્રતા આપી અને મૂળ ભારતીય વંશના સર શિવસાગર રામગુલામ આ દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા. ૧૨ માર્ચ-૧૯૯૨ના સ્વાતંત્ર્ય દિને મોરેશિયસ સંપૂર્ણ પ્રજાસત્તાક બન્યું. આ દેશનું બંધારણ ભારતના બંધારણ જેવું જ છે.

ભારતીય વંશજનો દેશ મોરેશિયસ નજરે જોયા પછી મીની ભારત જ લાગે ! ૧૯૦૧માં મહાત્મા ગાંધીજી દરિયાઈ માર્ગે નાતાલથી મુંબઈ જવા નીકળ્યા હતા ત્યારે

૩૧ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર સુધી મોરેશિયસમાં એક મુસલમાન વેપારીના મહેમાન બન્યા હતા અને ભારતીયો દ્વારા આયોજિત અહીંના અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સને ૧૯૦૭ના બેરીસ્ટર મણીલાલ આ દેશમાં આવ્યા અને તેમણે "હિન્દુસ્તાની" સપ્તાહિક અંગ્રેજી તેમજ હિન્દી ભાષામાં શરૂ કર્યું.

મોરેશિયસમાં ૧૯૧૦માં આર્યસમાજ, ૧૯૨૫માં હિન્દુ મહાસભા તેમજ ૧૯૨૬માં હિન્દી પ્રચારણી સભાની સ્થાપના થઈ. ૧૯૩૯થી અહીંના રેડિયો પર હિન્દી પ્રસારણની શરૂઆત થઈ. ૧૯૫૪થી અહીંની પ્રાથમિક શાળાઓમાં હિન્દી શિક્ષકોની નિમણૂક થઈ અને ૧૯૭૪થી માધ્યમિક કક્ષાએ હિન્દી શીખવવાનું શરૂ કરવામાં આવ્યું.

અહીં મહાત્મા ગાંધીજી સંસ્થાન ઉભું કરવામાં આવ્યું છે. આ ભવનની શિલારોપણવિધિ ૧૯૭૪માં ભારતના તત્સમયના વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીને હસ્તે કરવામાં આવી અને તેમના જ હસ્તે તા. ૯ ઓક્ટોબર ૧૯૭૬ના રોજ આ ભવનની ઉદ્દ્ઘાટનવિધિ કરવામાં આવી. ભારતીય ભાષાઓ, કાળા, નૃત્ય અને સંગીતનો પ્રસાર આ સંસ્થાનો ઉદ્દેશ છે. આ સંસ્થાનમાં ભારતીય વંશજો આ દેશમાં આગમન સમયના પુરાતત્ત્વ અવશેષો પણ રાખવામાં આવ્યા છે.

મોરેશિયસની રાજધાની પોર્ટલુઈઝ છે. ૭૦ હજારની વસતી ધરાવતું આ શહેર મુખ્યત્વે દેશનું ઉદ્યોગ અને વહીવટી કેન્દ્ર છે. ફ્રેન્ચ ગવર્નર માહેએ ૧૭૩૬માં વસાવેલું આ શહેર અર્ધવર્તુળકાર બંદરને કાંઠે વસેલું છે. પશ્ચાદ્ભૂમાં લીલીછમ ટેકરીઓથી આ શહેર સુંદર લાગે છે. અહીંથી આગળ ચાલતાં વૃક્ષો, વનરાઈઓ અને ફૂલોથી લચી પડેલા ગાઢ જંગલો વચ્ચે પસારથઈ મેર ઓવાકોસ તલાવ પહોંચાય છે. આ જળાશયમાંથી મોરેશિયસની મોટાભાગની વસતીને પાણી પૂરું પાડવામાં આવે છે. આ તળાવથી આગળ વધતાં જ ગંગા તળાવ આવે છે. આ સ્થળ દેશ-વિદેશના સહેલાણીઓનું વિહાર સ્થાન અને હિન્દુઓનું તીર્થસ્થળ છે. ૨૦ જૂન-૧૯૬૬માં ગંગા તળાવ ઉપર શિવમંદિરની સ્થાપના થઈ અને ૨૧ જૂન-૧૯૭૨માં આચાર્ય વિદ્યાનિધિ પંડિતે વિધિપૂર્વક આ તળાવમાં ગંગાજળની પધરામણી કરી. મહાશિવરાત્રીમાં અહીં મોટો મેળો ભરાય છે. એટલું જ નહીં પરંતુ મહાશિવરાત્રીના અહીં કાવડયાત્રા પણ નીકળે છે જ્યારે લોકો દૂરદૂરથી પગે ચાલી કાવડમાં પાણી લાવે છે.

સમગ્ર ટાપુની વસતી ૧૨ લાખની છે, જેમાં ૫૧ ટકા લોકો મૂળ ભારતીય વંશજ હિન્દુ છે. બાકીનામાં ૧૬ ટકા મુસ્લિમો, ૩૦ ટકા ફ્રેન્ચ મૂળના આફ્રિકન, ક્રિઓલ છે જેઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે. ૩૦ હજાર ચીનાઓ તેમજ ૨૦ હજાર ગોરાઓ વસવાટ કરે છે. કચ્છીઓ પણ વસવાટ કરે છે. આ દેશમાં ૩૫ જેટલી ભારતીય ધાર્મિક, સામાજિક સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓને પોતાની પ્રવૃત્તિઓના સંચાલન માટે ભેદભાવ વિના આર્થિક સહાય પણ અપાય છે.

મોરેશિયસની વહીવટી ભાષા અંગ્રેજી છે પરંતુ ફ્રેન્ચ, ક્રેઓલ, ભોજપુરી, હિન્દીનું ચલણ રહ્યું છે. મોટાભાગના લોકો હિન્દી ભાષા જાણે છે. શિક્ષણનં પ્રમાણ ૯૪ ટકા છે. અહીં હિન્દી અખબાર પ્રગટ થાય છે. અહીનું ચલણ રૂપિયો છે. ભારત ઉપરાંત વિદેશોમાં નેપાળ પછી આ દેશ જેના ચલણમાં આજે પણ હિન્દી ભાષામાં લખાણ જોવા મળે છે.

અહીં હિન્દુ લગ્નવિધિ ભારતીય શાસ્ત્રોક્તવિધિ મુજબ થાય છે અને મોડી રાત્રિ સુધી લગ્નવિધિ ઉજવાય છે. અહીં હિન્દી, મુસ્લિમ અને ખ્રિસ્તી જેવી ભિન્ન ભિન્ન જાતિ હોવા છતાં ધાર્મિક ભેદભાવ જેવું નથી. બધાજ લોકો તહેવારો આનંદથી ઉજવે છે. દિવાળીનો તહેવાર અહીં ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. આ મહોત્સવ મારા આ પ્રવાસ દરમ્યાન નજરે જોવાનો મોકો મળ્યો. દિવાળીની સાંજે દરેક ઘર દીવડાઓથી સુશોભિત હોય, પરંતુ એ દીવડા વીજળી ડેકોરેશનના ન હોય ! માટીનાં કોડીયામાં ઘી મૂકીને તૈયાર કરેલા દીવડાની લાઈન દરેક ઘરના ફળિયા, અટારી અને દીવાલ ઉપર જોવા મળે. પ્રત્યેક ઘેર ૨ થી ૫ હજાર દીવડાની લાઈન જોયા પછી આપણે વતનની દિવાળીને પણ ભૂલી જઈએ !

અહીંના લોકોમાં સ્વામી કૃષ્ણાનંદજીનો પ્રભાવ ખાસ જોવા મળે છે. સ્વામી કૃષ્ણાનંદજીનો જન્મ ૧૯૦૦માં જોધપુરમાં થયેલો. તેમણે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એમ.એ.એલ.એલ.બી. કરેલું.

૧૯૪૭ પછી સ્વામી તપસ્યા અર્થે હિમાલય ગયા અને

ત્યારબાદ સ્વામીજી આફ્રિકા ગયા. ૭ ઓગસ્ટ ૧૯૬૭ના સ્વામી કૃષ્ણાનંદજી ડૉ. શિવસાગર રામગુલામના નિમંત્રણથી મોરેશિયસ આવ્યા અને ત્યારથી સ્વામીજીએ આ દેશને પોતાની કર્મભૂમિ બનાવી. સ્વામીજીએ જાન્યુઆરી ૧૯૬૮માં દિલ્હીમાં મળેલ રામાયણ વિશ્વ પરિષદમાં હાજરી આપી અને ત્યારબાદ તેમણે મોરેશિયસમાં રામાયણનો સવિશેષ પ્રસાર કર્યો. સ્વામી કૃષ્ણાનંદ સરસ્વતીનાં સેવાકાર્યોની જ્યોત આ દિશામાં આજે પણ જોવા મળે છે. આ સંતના શિષ્યો પૈકી ઘણા પ્રધાનમંડળ અને દેશના ઉચ્ચ હોદ્દા ઉપર છે. મોરેશિયસ સરકારી સ્વામી કૃષ્ણાનંદજીના દેહાવસાન પછી ૧૯૯૨માં તેમના સ્મરણાર્થે ખાસ ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

ડૉ. શિવસાગર રામગુલામ મોરેશિયસના રાષ્ટ્રપિતા ગણાય છે. ભારતની જેમ અહીં પણ બહુપક્ષીય રાજકારણ છે પરંતુ કોઈ પાર્ટીને બહુમતી ન મળતાં મિશ્ર સરકાર જ રચાય છે. ૧૯૮૩ની ચૂંટણી શિવસાગર રામગુલામ હારી ગયા અને મૂળ ભારતીય એવા અનિરુદ્ધ જગન્નાથને સત્તા સંભાળી છતાં વડાપ્રધાન જગન્નાથને શિવસાગરને ગવર્નર જનરલના સર્વોચ્ચ હોદ્દે બેસાડ્યા. ડિસેમ્બર ૧૯૮૫માં શ્રી શિવસાગર રામગુલામનું અવસાન થયું.

મારા આ પ્રવાસ દરમ્યાન સ્વામીશ્રી સત્યમિત્રાનંદજી સાથે મોરેશિયસના વડાપ્રધાન અનિરુદ્ધ જગન્નાથન, ઉપરાષ્ટ્રપતિ રવિન્દર ગુરબરન તેમજ પ્રધાનમંડળના અન્ય સભ્યો સાથે રૂબરૂ મુલાકાત થઈ. આ મુલાકાત દરમ્યાન સરકારી વડાઓની સાદાઈ અને જાહેર કાર્યક્રમોમાં પણ વિશિષ્ટતા નાતે ખોટી સિક્યુરીટી, પોલીસોની દોડધામ જોવા ન મળી. ત્યારે અચાનક વિદેશની ધરતી પર ભારતીય નેતાઓના જાહેર કાર્યક્રમની યાદ સતેજ થઈ. ભારતીય જેમ મોરેશિયસનું રાજકારણ પણ ખૂબજ પ્રવાહી છે. ૧૯૯૬માં થયેલી સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન અનિરુદ્ધ જગન્નાથનને કડવી હાર મળી અને સત્તાના સૂત્રો વિરોધ પક્ષના નેતા અને પ્રથમ વડાપ્રધાન શિવસાગર રામગુલામના ૪૫ વર્ષીય પુત્ર નવીન શિવસાગરે સંભાળ્યા છે.

અહીંના હિન્દુઓમાં ધાર્મિક રીતે હનુમાનજીનું વિશેષ મહત્ત્વ છે. પ્રત્યેક હિન્દુના ફળિયામાં હનુમાનજી મંદિર અવશ્ય જોવા મળે અને આ મંદિરની ધજા મકાનથી ઊંચી હોય એટલે ઘરથી બહાર દૂરથી પણ દેખાય. અહીંના લોકો પોતાના ઘરમાં હનુમાનજીની પૂજા દરરોજ સાંજના કરે છે. તેમણે ભારતથી પ્રથમ વખત આવેલ ત્યારે રક્ષાના પ્રતીક હનુમાનજીને પણ સાથે લાવેલા તેથીજ આ દેવનું અહીં વિશે, મહત્ત્વ છે. અહીંના લોકો પૈકી મોટી સંખ્યાના નામ રામ શબ્દથી શરૂ થાય છે, આ પ્રકારનાં અસંખ્ય નામો સ્થાનિક ટેલિફોન ડિરેક્ટરીમાં જોતાં લાગ્યું કે ભારતની સંસ્કૃતિ, ભવ્યતા અને ધાર્મિક તહેવારોની પવિત્રતા ભારતથી દૂર આ દેશે આજે પણ જાળવી રાખેલ છે !

૧૫ દિવસના મોરેશિયસ પ્રવાસ પછી વતન પાછા ફરવા સર શિવસાગર રામગુલામ એરપોર્ટ ઉપર પ્લેનની રાહમાં હતો ત્યાં સ્થાનિક અધિકારીએ પાંચ મિનિટનો સમય માગ્યો અને પ્રશ્નો સાથે મારા જવાબો પોતાના ફોર્મમાં ટપકાવતો જાય. કારણ જાણવા માગતાં આ અધિકારીએ જણાવ્યું કે પ્રવાસીઓના અનુભવ મેળવી અમે પ્રવાસના ક્ષેત્રે જરૂરી સુવિધા ઊભી કરીએ છીએ ત્યારે મેં એટલું જ કહ્યું મેં બીજું ભારત જોયું જ્યાં ભારતીય ભાષા, વેદ શાસ્ત્ર, ધર્મ અને ભારતીય તહેવારોનો ખરો આનંદ જોવા મળે !

મહાજાતિ - ગુજરાતી પાટીદાર

- ચંદ્રકાન્ત બક્ષી

એકવાર એક ઉત્સાહી પાટીદારને તુક્કો સૂઝ્યો કે, દુનિયાભરના પાટીદારોની વસતી ગણતરી કરવી, એણે ધર્મજથી શરૂ કર્યું. ઉત્તરસંડા, પેટલાદ, નડિયાદ, આણંદ, ઉમરેઠ... ઉપર મહેસાણા પછી કાઠિયાવાડ થઈને અરબી સમુદ્ર ઓળંગી કમ્પાલા, મોમ્બાસા, ઝાંઝીબાર, એડીસ અબાબા, પછી મોઝામ્બિક, ઝિમ્બાબ્વે, રહોડેશિયા, દક્ષિણ આફ્રિકા...આગળ ફરીએટલાં ટક મહાસાગર પાર કરી ન્યૂયોર્ક, ફિલાડેલ્ફિયા, શિકાગો, બૉસ્ટન થઈને આખું અમેરિકા... અને બીજે છેડે લૉસ એન્જેલિસ, સાન ફ્રાન્સિસ્કો... ઉપર કેનેડામાં મોન્ટ્રિયલ, ક્વીબેક અને ત્યાંથી ઉત્તર ધ્રુવ ! ઉત્તર ધ્રુવ જઈને એ થાકી ગયો. એન થયું કે જીવનભરનું કામ પૂરું થયું - ઘણા પાટીદારો ગણાઈ ગયા !! ઉત્તર ધ્રુવથી પાછો ફરી રહ્યો હતો ત્યારે એને એક બીજો પાટીદાર મળ્યો. એ પણ પાટીદારોની ગણતરી કરવા દક્ષિણ ધ્રુવમાં આવેલા ન્યૂઝીલેન્ડથી નીકળ્યો હતો ! દક્ષિણ ધ્રુવવાળાએ ઉત્તર ધ્રુવવાળાનું લિસ્ટ જોતાં કહ્યું કે આમાં બાકીની અડધી દુનિયાના પાટીદારો તો આવ્યા જ નથી !અમારા ન્યૂઝીલેન્ડમાં જે પાટીદાર વસાહતો છે એનું શું ?

છેવટે બંને એકબીજાનું લિસ્ટજોઈને બેહોશ થઈ ગયા હતા.

પાટીદારોની વસતી ગણતરી શક્ય નથી. કદાચ યુનોજ કામ કરી શકે. આઘણું કઠિન કામ છે. પાટીદાર આખી દુનિયામાં પથરાઈ ગયા છે, એ તો માત્ર પહેલી જ તકલીફ છે, બીજી તકલીફ એ છે કે તમે જો વલ્લભવિદ્યાનગરમાં જશભાઈ પટેલને શોધવા નીકળો તો દર ચોથો માણસ જશભાઈ પટેલ નામનો મળશે ! દાસભાઈ અને પુરુષોત્તમભાઈએ એક જ માણસનું નામ હશે ! પશાભાઈ અને દાસભાઈ તો હશે જ - પણ જીભા અને ગટોરભાઈ નામના મનુષ્યો પણ મળી આવશે. ચાઈનીઝ રોઝના છોડમાં કૂંપળો જે ઝડપથી ફેલાઈ જાય છે, એનાથી ડબલ ઝડપથી પાટીદાર ફેલાતા ગયા છે. મિસ્ટર પટેલ એ ગુજરાત - બહારના હિન્દુસ્તાન માટે 'મિસ્ટર ગુજરાતી' છે. એની સોદાગીરીમાં હિંમત, હિકમત અને હુન્નર છે.

પાટીદાર ઈન્ટરનેશનલ કે પટેલ ઈનકોર્પોરેટેડ નામની કોઈ સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોય એવું સાંભળ્યું નથી. પટેલને મદદ કરવા માટે કોઇ સામાજિક કે ધાર્મિક પ્રતિષ્ઠાની જરૂર નથી. દરેક પટેલ પોતે જ એક સંસ્થા છે. તાન્ઝાનિયા હોય કે નેપાળ હોય, હ્યુસ્ટન હોય કે હેનોવર પટેલ પોતાનું ગાડું હંકાવી લે છે. આ પ્રજા માટે 'સાહસિક' વિશેષણ વાપરવાની જરૂર નથી. પોતાના પર હસતા રહેવાની એક ગજબનાક ખેલદિલી પટેલો પાસે છે. એમની તંદુરસ્તી કરતાં 'મનની દુરસ્તી' વધારે છે.

ગુજરાતમાં ભાગ્યે જ કોઈ ગામ હશે, જેને પોતાના પટેલ કે પાટીદાર કે કણબી નહીં હોય. પારસીઓમાં પણ પટેલ અટક હોય છે. મુસ્લિમોમાં પણ પટેલ છે. સૌરાષ્ટ્રમાં પટેલ છે અને સુરતકાંઠામાં પણ છે. જૂનું મુંબઈ રાજ્ય ગેઝેટિયર તો પટેલિયા નામની એક પેટાજાતિનો ઉલ્લેખ પણ કરે છે, જે પંચમહાલ અને દેવગઢબારિયા તરફ વસતી હતી ! ગુજરાતમાં કણબી શબ્દ વપરાય છે. મુખ્ય ગુજરાતમાં શબ્દ વધારે પ્રચલિત છે. ચારુતર અથવા ચરોતર વિસ્તાર પાટીદારોનો અડ્ડો છે. એ અત્યંત ધનિક વિસ્તાર છે અને એટલા ધનિક વિસ્તારોમાં ભારતમાં પણ બે-ત્રણ અપવાદો, બાદ કરતાં બહુ ઓછા છે. ટ્રેક્ટરો, મોટરો, હરિયાળી ફસલો, તમાકુની ખળીઓ, આફ્રિકાના શહેરોમાં નામો પરથી બંધાયેલા પેટ્રોલ સ્ટેશનો અને લગ્નો માટે કરેલી રોશનીથી ચરોતર ધમધમે છે. આ ધરતી પાટીદાર દેશનું હૃદય છે.

પાટીદારના હૃદયની સાઈઝ કહેવાય છે કે, સામાન્ય ગુજરાતીના હૃદયની સાઇઝ કરતાં જરા મોટી હોય છે. એનાથી સુપરિણામ અને કુપરિણામ બંને આવ્યાં છે ! રાત્રે ભાખરી, ગોળ અને બટાટા ખાનારો પાટીદાર દીકરીનાં લગ્ન પર જયાફતો ગોઠવીને હજારોને ખવડાવે-પિવડાવે અને ક્યારે લાખો રૂપિયા વહાવે. આ સાદગી અને લખલૂટ ધૂમધડાકાની સ્પષ્ટ વિરોધિતા સમાજશાસ્ત્રી માટે અભ્યાસનો વિષય બની જાય છે, પણ ઠોકર મારી રૂપિયા કમાઈ લેનાર માણસને આ સ્વાભાવિક લાગે છે. એનું લૉજિક સીધું છે : 'એની માને પયણે !'

પાટીદારની જીભ અન્ય ગુજરાતીઓને જરા ધારદાર લાગે છે. પણ એમાં ધરતી ફાડીને ધન પેદા કરનાર ની ખુમારી છે. એ ક્ષત્રિય છે. ગુજરાતની હિંદુ વસતીનો

ત્રીજો ભાગ લેઉઆ અને કડવા પાટીદારોનો છે, એવું એક સૂત્રનું માનવું છે. આ ખેડૂત જાતિને માટે વપરાતા શબ્દોનો ઇતિહાસ રસિક છે. મૂળ સંસ્કૃત શબ્દ છે કુટુંબિન ! એમાંથી કુટુંબી થયો. નરસિંહરાવ દિવેટિયા માનતા હતા કે એમાંથી ત્રણ શબ્દો આવ્યા કુર્મી, કુળુબી અને કુણબી-કુણબી પાછળથી કણબી બન્યો.

જે માણસ ખેતી કરે અથવા કરાવે એ કુટુંબિન ! મહારાષ્ટ્રમાં કુળુબી અને કુણબી બંને શબ્દો વપરાય છે. બંગાળ, બિહાર, માળવા, ગુજરાત, મહારાષ્ટ્ર અને તામિલનાડુ સુધી પ્રાચીન લેખો - તામ્રપત્રોમાં કુટુંબિન શબ્દ મળે છે. બિહારમાં આજે પણ કુર્મી છે. બંગાળમાં કર્મકાર પ્રચલિત છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં પાટિલ શબ્દ મશહૂર છે. દક્ષિણમાં કુનબી પણ મળી આવે છે. પ્રૉફેસર મૉનઅર વિલિઅમ્સના મત અનુસાર કુર્મી એટલે વીર્યવાન અને શક્તિશાળી માણસ. અંગ્રેજ ઇતિહાસકારોના મત પ્રમાણે નાગપુરના શાસકો અને શિવાજી વગેરે કુર્મી વંશમાંથી આવ્યા હતા. આ કુર્મીનો અપભ્રંશ એ જ કણબી શબ્દ છે.

ગુજરાતમાં પાટીદારોની ચાર મુખ્ય પેટા જાતિઓ છે. આંજણા, લેઉઆ, કડવા અને મતીયા. ગુજરાતના કણબી પંજાબ અને માળવાના ગુર્જરોને મળતા આવે છે અને એમનામાં પણ લેઉઆ અને કડવા એવા બે વિભાગો છે. પંજાબના ગુર્જરોની લેઉઆ જાતિ પૂર્વ ખાનદેશની લેઉઆ જાતિને મળતી આવે છે. કડવા અને લેઉઆ વિશે મતાંતર છે. 'લેવાપુરાણ'માં લખ્યું છે કે, બલિ અને ભદ્રને લેહક અને કૈટક નામક પુત્રો થયા. જેમના સંતાન લેઉઆ અને કડવા કહેવાયાં. કેટલાક કડવાનો અર્થ કડવું બોલનાર એવો કરે છે, જે ખોટો છે. વાસ્તવમાં કુર્મી જાતિ પંજાબમાં લેવા અને કરડ વિસ્તારોમાં ફેલાયેલી હતી. સમય જતાં આ જાતિઓ દક્ષિણ તરફ ફેલાતી ગઈ અન પોતાનાં મૂળ ભુલાઈ ના જાય એ માટે એમણે કરડવા અને કડવા તથા લેઉઆ વિશેષણો ધારણ કર્યાં. એવું મનાય છે કે કનિષ્કના સમયમાં પંજાબનાગુજરાત પ્રદેશના કેટલાક ગુર્જરોએ વતન છોડ્યું અને કુર્મીઓ એમની સાથે નીકળ્યા. મથુરા થઈ એ આનર્ત પ્રદેશમાં આવ્યા. આ આનર્ત પ્રદેશ એટલે વડનગર હોઈ શકે અથવા ઊંઝા, સિદ્ધપુર, વડનગરનો વિસ્તાર હોઈ શકે. જે આજે પણ ઉત્તર ગુજરાતમાં છે.

અહીં બે નગરોનો ઉલ્લેખ મળે છે. ઉમાપુર અથવા ઉક્કાનગર કે ઊંઝા એ કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતાનું સ્થાન છે. આ પ્રદેશમાં જ શ્રી-સ્થળ હતું, જે આજે સિદ્ધપુરને નામે ઓળખાય છે. આ પ્રદેશો આજે પણ કડવા પાટીદારોનાં કેન્દ્રો છે. બીજું નગર આનંદપુર છે, જે કદાચ ખટક પ્રદેશમાં હતું. કેટલાક વિદ્વાનો આને વડનગર માને છે. બીજાકેટલાક વિદ્વાનો આને કાઠિયાવાડના વળા પાસે આવેલું આનંદપુર માને છે. પણ હકીકતમાં એ ખટક અથવા ખેડા પ્રદેશનું આનંદપુર અથવા આજનું આણંદ છે ! આજે પણ લેઉઆ પાટીદારોની મુખ્ય વસ્તી આણંદ અને એની આસપાસના ચરોતરમાં છે.

પટેલ જાતિવાચક શબ્દ નથી, પણ દેસાઈની જેમ હોદ્દો બતાવે છે. પટેલ એટલે મુખી અથવા ગામ કે કસબાની માનનીય વ્યક્તિ જે મધ્યયુગના ઇંગ્લેન્ડના 'જસ્ટીસ ઑફ ધ પીસ'ની જેમ થોડી સત્તા ધરાવતો પ્રજા અને રાજા વચ્ચેનો એ સેતુ છે. મુગલકાળ દરમિયાન કોતવાલની જે સ્થિતિ હતી, એવી જકંઇક પટેલની જવાબદારી રહેતી. પટેલ શબ્દ પાછળથી આવેલો છે ,પણ મળૂ શબ્દ પાટીદાર હતો, જે હવે ફરીથી લોકપ્રિય થતો જાય છે અને પૂર્વપ્રતિષ્ઠા પ્રાપ્ત કરતો જાય છે. આજે પાટીદાર શબ્દ મધ્ય ગુજરાતના નડિયાદ, બોરસદ, પેટલાદ અને આણંદ વિસ્તાર અથવા ખેડા જિલ્લાના ચરોતરના પટેલો માટે વિશેષ રૂપે વપરાય છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં અડધા બંને જાતિઓના છે. દક્ષિણ તરફ પણ કડવાઓની વસ્તી છે ખરી. ઉત્તરમાં મહેસાણા જિલ્લા કડવા પાટીદારોનું મથક છે.

ચરોતર કે ચારુતર શબ્દ ચારો પરથી આવે છે, જ્યાં બહુ લીલોતરી હતી. પટેલ વિશે ચોક્કસ માહિતી નથી, પણ પટ અથવા પટ્ટા પરથી આવે છે, એ ચોક્કસ છે.

જેમને જમીનનો પટ્ટો લખી આપવામાં આવતો હતો. એ પાટીદાર અંગ્રેજીમાં જે શેરહોલ્ડર કહેવાય છે. દેસાઇ અને પાટીદારનો એક તાત્વિક ફરક એ છે કે, પાટીદાર ખુદ પણ ખેતી કરતો, જ્યારે દેસાઈ મિડલમેન હતા, એ સ્વયં ખેતી કરતા ન હતા. દેસાઈ જાગીરદાર કે વતનદાર હતા. પાટીદાર ખેડૂત હતા. અહીં એક શબ્દ પર ધ્યાન આપવા જેવું છે - અમીન ! અમીન પાટીદાર નથી. એ દેસાઈ જેવા ઇજારદાર હતા. અમીન હંમેશા શાસકતરફી હતા. મિડલમેન હતા. અમીનનો મૂળ અરબી અર્થ થાપણ રાખવાવાળો વિશ્વાસુ માણસ. અમીન એટલે જેનો યકિન કરી શકાય. વિશ્વાસ કરી શકાય. અલબત્ત આ શાસંકોના વિશ્વાસની વાત છે. વસ્તીની દૃષ્ટિએ અમીન પ્રમાણમાં ઓછા છે.

સૌજન્ય : મહાજાતિ ગુજરાતીમાંથી.

ધરતી ચીરી ધૂળમાંથી ધન કાઢનાર પાટીદારો કોણ છે ?

ઇતિહાસના જર્જરીત પાના ઉથલાવતા, અનુભવીઓના નીચોડ કાઢતાં વહીવંચાઓના થોથા ફંફોસતાં, સાહિત્યકારોના મતમતાંતરો વલોવતાં સમજાય છે કે પટેલ કોઈ જાતિ સુચક શબ્દ નથી. પાટીદાર એક ખેડુત જાતિને માટે વપરાતો શબ્દ છે. તેનો મૂળ સંસ્કૃત શબ્દ 'કુટુમ્બિન' છે ! જે પોતે ખેતી કરે અગર અન્ય પાસે કરાવો તેનો અર્થ 'કુટુમ્બિન' સમય જતાં આ શબ્દમાંથી ત્રણ શબ્દો થયા. કુર્મિ, કુળુબી, ત્રિજો કુણબી, મહારાષ્ટ્ર, માળવા, ગુજરાત, બિહાર અને તમિલનાડુના પ્રાચીન લેખો અને તામ્રપત્રોમાં 'કુટુમ્બિન' શબ્દ આજે પણ વંચાય છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પાટીલ, બંગાળમાં કર્કકાર, બિહારમાં કુર્મિ આજે પણ પ્રચલિત છે. કુર્મિ એટલે શક્તિશાળી. સાંભળ્યું છે કે નાગપુરના શાસકો અને શિવાજી કુર્મિવંશના હતા અને કુર્મિનો અપભ્રંશ એટલે કણબી, કડવા અને લેઉઆ વિષે આજે પણ જુદા જુદા મત છે કોઈ કહે છે લવ અને કુશમાંથી લેઉઆ અને કણબી કહેવયા લેવા પુરાણમાં ઉલ્લેખ છે કે બલિ અને ભદ્રને લેહક અને કૈટક નામના બે પુત્રો હતા. તેમની પ્રજા એટલે લેઉઆ અને કડવા પણ માનવાને વધુ કારણો છે કે કુર્મિ જાતિ પંજાબના લેઉઆ અને કરડ વિસ્તારમાં ફેલાએલી હતી. સમય જતાં આ પ્રજા દક્ષિણ તરફ ફેલાતી ગઈ અને પોતાના મૂળ વિસરી ન જવાય માટે કરડવા અને લેઉઆએ પોતે પોતાના વિસ્તાર મુજબ નામ ધારણ કર્યા.

કનિષ્કના સમયમાં ગુજરાતની પ્રજાએ વતન છોડ્યું. તેમની સાથે કુર્મિઓ પણ નીકળ્યા અને આનર્ત પ્રદેશમાં આવ્યા. આર્નત એટલે ઉંઝા, વડનગર હોઈ શકે જે આજે પણ હયાત છે. અહીંયા બે નગરોનો ઉલ્લેખ મળે છે. ઉમાપુર અને ઉક્કાનગર આ ઉંઝા હોઈ શકે,જે કડવા પાટીદારના કુળદેવી ઉમિયા માતાનું સ્થળ છે. શ્રી સ્થળ એટલે સિદ્ધપુરને નામે ઓળખાય છે. બીજુ નગર આનંદપુર છે જે ખટકપ્રદેશમાં હતું. વાસ્તવમાં ખટક એટલે ખેડા અને આનંદપુર એટલે આજનું આણંદ હોવાનું માની શકાય ?

મૂળ શબ્દ પાટીદાર છે. પટેલ શબ્દ પાછળથી આવ્યો હોય તેમ લાગે છે. અમુક વર્ષ પહેલા પા. મગનભાઈ લખતા હતા. અને પા. એટલેજ પાટીદાર આજેય લેઉઆ પાટીદારનું મૂળ મથક આણંદ છે. પટેલ એનો હોદ્દો બતાવે છે. પટેલ એટલે ગામનો મુખ્ય વ્યક્તિ અથવા મુખી કહેવાય પણ એટલું ચોક્કસ કહી શકાય કે મૂળ શબ્દ પાટીદાર છે. મોગલ કાળ દરમિયાન જેને જમીનનો પટ અથવા પટ્ટો લખી આપવામાં આવતો તે પાટીદાર ચરોત્તર શબ્દ ચારો હરીયાળી ઉપરથી આવ્યો હોય તેમ લાગે. ચારો એટલે લીલોતરી, પાટીદાર જાતે ખેતી કરતો જ્યારે દેસાઈ, અમીન મધ્યસ્થી તરીકે કામ કરતા. તે પોતે ખેતી કરતાં ન હતા. અમીન અને દેસાઈઓ હંમેશા સરકાર તરફી રહેતા. અમીનનો અરબી અર્થ વિશ્વાસુ જેની ઉપર વિશ્વાક મુકી શકાય.

લેઉઆ અને કડવા મુખ્ય પાટીદાર સિવાય બીજા આંજણા, મતિયા, ચાંલ્લીયા પાટીદાર પણ છે.

ઉત્તર ગુજરાતની આંજણા પાટીદાર એ પેટા જાતી છે. તેમની અટક ચૌધરી હોય છે કેટલાંકને પોતાના ગામના નામ ઉપરથી પણ ઓળખવામાં આવે છે. એમના નામની પાછળ સિંહ રાખવામાં આવે છે. મતિયા લેઉઆ પાટીદારની પેટા જાતી છે અને સુરતના બારડોલી બાજુ તેમની વસ્તી છે. અમદાવાદ, વિરમગામ અને પાટડી તરફ ચાંલ્લીઆ પાટીદાર છે. કડવા પાટીદારના કુળદેવી જેમ ઉંઝામાં છે. એમ લેઉઆ પાટીદારના કુળદેવી અમદાવાદ પાસેના અડાલજમાં છે. આશરે ૧૨મી સદીમાં સિદ્ધરાજ જયસિંહના કાળમાં પંજાબના દોઆબામાંથી જે પરિવારો આવીને ગુજરાતમાં સ્થાયી થયા તે આજના પાટીદાર કહેવાયા.

ઈતિહાસ અને સમય સાક્ષી પુરે છે કે આ પ્રજા સાહસિક, ખમીરવંતી વ્યવહાર કુશળ, દરિયાવ ખેલદીલ પ્રજા છે. પાટીદારને આજે ગુજરાત નહિ સમસ્ત વિશ્વ પણ નાનું પડે છે અંગત રીતે પાટીદાર પોતે જ એક સ્વતંત્ર સંસ્થા છે. જ્યારે સોજીત્રા પાસેના ગાડા ગામમાં ૧૫૦૦ની વસ્તી હતી ત્યારે એક બે લખપતી હતા. આજે અનેક લખપતીઓ અને પાંચ સાત કરોડપતિઓ હોવાનું કહેવાય છે આજે ઈંગ્લેન્ડ, અમેરીકા અને કેનેડામાં નાના નાના ચરોતર વસી ગયા છે દક્ષિણ આફ્રિકામાં પણ

પાટીદારની સંખ્યા સારી એવી છે.

પાટીદારોએ વિવિધ ક્ષેત્રોમાં મહાન વિભૂતિઓ રાષ્ટ્રને સમર્પણ કરી છે. પ્રથમ સરદાર-કરમસદના લેઉઆ પાટીદાર હતા. ભારતના બિસ્માર્ક તેમજ તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ લેજીસ્લેટીવ એસેમ્બલીના પ્રથમ સ્પીકર હતા. વલ્લભવિદ્યાનગરના જન્મદાતા ભાઈકાકા, મફતલાલ ગગલભાઈ ગ્રુપ ભારત પ્રથમ કક્ષાનનાં ઉદ્યોગપતિઓમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે. અમદાવાદના જયકૃષ્ણ હરિવલ્લભદાસ, રાજકારણના અઠંડ ખેલાડી અને ધારાશાસ્ત્રી રજની પટેલ, ભૂતપૂર્વ ગૃહમંત્રી હરભાઈ પટેલ અને રીઝર્વ બેંન્કના માજી ગવર્નર આઈ.જી. પટેલ,ક્રિકેટના જશુ પટેલ, ચિત્રકલાના જેરામ પટેલ રંગલા રંગલીના જયંતી પટેલ,ભારતીય ક્રિકેટના બ્રીજેશ પટેલ, ન્યુઝીલેન્ડની હોકી ટીમના વિશ્વવિખ્યાત હોકી ખેલાડી રમેશ પટેલ, કેળવણીકાર મોતીભાઈ અમીન, ઈશ્વર પેટલીકર પીતાંબર પટેલ, પન્નાલાલ પટેલ આ બધાં નજરાણાં પાટીદારોએ રાષ્ટ્રને સમર્પણ કર્યા છે. બેસુમાર પટેલો પ્રખ્યાત ડોક્ટરો છે. વ્યવાસયોમાં પટેલોના નામ ગણવા બેસીએ તો કેટલાય નામ રહી જવાનો સંભવ છે. પાટીદારની સોદાગરીમાં હિમ્મત, હિમત અને હુન્નર છે. આ સંજોગોમાં આમ, પાટીદાર એ તો મહાગુજરાતી મહાપ્રજા છે.

વિશ્વમાં વેરવિખેર પથરાયેલ પાટીદારનું જો સંગઠન થાય, તેની બુદ્ધિ, શક્તિ અને ધનનો સદ્ઉપયોગ થાય તો રાષ્ટ્રની કાયાપલટ કરતાં વાર લાગે નહિં અને આ હેતુને લક્ષમાં રાખી ઇતિહાસમાં સૌ પ્રથમ સ્થપાયેલ સમગ્ર પાટીદારની એક્યતાના આ સંગઠનમાં સૌ પાટીદાર સહીયારો સહકાર આપે તેવી અપેક્ષા.

આજે જ્યારે પાટીદારની અસ્મિતા ઝાંખી પડતી જણાતી હોય ત્યારેદરેક પાટીદાર આત્મખોજ કરી જે પાટીદાર સમાજમાં જન્મ લીધો છે તે સમાજના વિકાસ માટે હાથ ધરાયેલ આ ભગીરથ મહાકાર્યમાં યથા યોગ્ય મદદ કરી સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવા કટીબદ્ધ અને એટલી અપેક્ષા રાખવી અસ્થાને તો નહિ જ ગણાય. અમુક સમય પછી પાટીદાર શબ્દ ભૂંસાઈ જાય તેવી પરિસ્થિતિ જણાતી હોય ત્યારે પણ જો આપણે આ સંગઠન દ્વારા આગળ નહિ આવીએ તો ભાવી પેઢી શું આનો જવાબ નહિ માંગે ? આ પ્રશ્ન ગંભીર વિચારણા માંગી લે છે. જાગ્યા ત્યારથી સવાર માની વિકસતા રાષ્ટ્રની કૂચ સાથે કદમ મીલાવવા સૌ પાટીદાર ભાઈ-બહેનોને અભ્યર્થના.

- આ.રા.પા. બંધ, આણંદ.

કણબીનું ગીત



ખેતરનો મોલ બધો પાનેતર મેડીયુંમાં, કણબી તો કોરોને કોરો,
વધે કૈંક ખળામાં તો તરભાણે જાય, રહે ડિલમાં ને ગુંજામાં ફોરો.
કણબી તો કોરો ને કોરો.

કણબણ કણબીને રોજ સમજાવે, કણબી, તું ભીંત્યુંમાં પીપળા ઉગાઇડમાં,
કણબી ડચકારો એક મારીને કહે, એચ, પાણીમાં પૂરા તું કાંઇઢમાં,
ધરાર ઉલાળ વિના ગાડું હલાવનાર; કણબીનો ખરચે ના થોરો.
કણબી તો કોરો ને કોરો.

શેર એક સોનું ને ચાર શેર ચાંદીથી દોમ દોમ હિંચકતું ડીલ,
શેરડીથી મીઠું ને ફાટફાટ કાલાના ખૂલ્લા ઉઘાડ સમું દિલ,
ખાતરને પાણી ને ઝાડવા ને ઝીંડવા, ઘડી એક લેતો ના પોરો
(તોય) કણબી તો કોરો ને કોરો.

નેપાળમાં વસવાટ કરતા ગુજરાતી પાટીદારોના પ્રદેશમાં કવિ પટેલનો પ્રવાસ

તા. ૧૮-૧૧-૨૦૧૨ થી શરૂ ૭ દિવસ

કવિ પટેલ મો : ૯૯૦૧૫૪૦૨૫

કવિ પટેલ, હિતેન પટેલ તથા હિન્દી ભાષી ગુજરાતી પાટીદાર રમાપતિ ચોધરી અને રાજકુમાર એમ અમો ચાર જણ દિલ્હી તથા ગાજીયાબાદથી આ પ્રવાસમાં જોડાયા હતા આ અમારો પ્રવાસ તા. ૧૮-૧૧-૨૦૧૨ થી શરૂ કરવામાં આવ્યો હતો. એમ અમો ૧૨ જણ અને રાજકોટ થી મગનભાઇ તંતી બે જણ પણ પ્રવાસમાં જોડાયા હતા. નેપાલમાં ૨૫૦ વરસો થી વસવાટ (ઇ.સ. ૧૭૦૦) કરતા ગુજરાતી ભાઇઓના આમંત્રણ ને માન આપી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારી સાથે જે આંજણા પટેલો જોડાયા હતા. તેઓ ઉજૈન માલવા થી આવ્યા હતા. આ આંજણાં ભાઇ-બહેનો ઉજૈન વિસ્તારમાં વસવાટ કરે છે. મુખ્ય ધંધો ખેતી અને વેપાર છે.

૩૮૦ ગામોમાં વસવાટ કરે છે, અને તેની આબાદી ૮ લાખ છે. આંજણા પટેલનો મારવાડ રાજસ્થાનમાં મોટો વિસ્તાર અને આબાદી લાખોમાં છે. ઉજૈનમાં વસવાટ કરતા આંજણા પટેલો મુળ ગુજરાતી ઓને ૩૦૦ વરસ થયાં તેઓ સિધ્ધપુર,પાટણ વિસ્તારથી આવ્યો છે. ઉજૈન માળવામાં વસવાટ કરે છે. તેઓ ખેતી સાથે વેપાર પણ કરે છે રોજી રોટી માટે તેઓ ભારતમાં વિખરાયેલા છે. અને ખાસ કરી દક્ષિણ ભારતમાં ઘણી સંખ્યા છે. તેમના ગુરૂ રાજારામ મહારાજ છે. મારવાડમાં શિકારપુરા ગામે મોટો આશ્રમ છે. (અલ્પ જાણકારી આપી છે) અને મંદિર પણ છે. અમો તા. ૧૮-૧૧-૨૦૧૨ ના સવારના લખનઉ પહોચ્યા હતા ત્યાંના ગુજરાતી ભાઇઓ અમોને લેવા આવ્યા હતા. સ્થાનિક ધર્મશાળામાં અમારૂ રહેઠાણ રાખવામાં આવ્યું હતુ. સ્થાન આદિથી પરવારી ચા-નાસ્તો કરવામાં આવ્યો હતો. અલ્પ સમયમાં આરામ કર્યા બાદ બપોરનું ભોજન લીધા બાદ આરામ અને ૩ વાગે મીટીંગ ચાલુ કરવામાં આવી હતી. આ સભાનું પ્રમુખ સ્થાન ધરમેન્દ્ર પટેલ (અધ્યક્ષ પટેલ ફાઉન્ડેશન) ને આપવામાં આવ્યું હતું. અને ડૉ. રાજેશ વર્મા દ્વારા મીટીંગનું સંચાલન કરવામાં આવ્યુ હતું. આ મીટીંગ કમ મીલન હતુ. આપસમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેઓ પોતાની આર્થિક હાલત વિશે અને પ્રગતિ અને પરિસ્થિતી વિશે રજુઆત કરી હતી અને માર્ગદર્શન વિશે જાણકારી માંગી હતી ગુજરાતી પટેલો આજે દુનિયાભરમાં છવાઇ ગયા છે. તે વિશે પણ વિચારો રાખ્યા હતા. અમો પણ ગુજરાતી પટેલો છીએ અને ગુજરાતી પટેલોની જેમ ઉપર ઉઠવા માંગીએ છીએ અને ઘણી બધી ચર્ચા વિચારણા થયા બાદ અંતે અમોએ ગુજરાતના પટેલો વિશે જાણકારી અને માર્ગદર્શન આપ્યું હતું અને ગુજરાત આવવા આમંત્રણ આપ્યું હતું. અને આ ગુજરાતી પટેલોનું પ્રથમ મિલનનું હતું. પ્રમુખ દ્વારા સમાપન કરવામાં આવ્યું હતું. અને આભાર માનવામાં આવ્યો હતો. આ સભામાં લગભગ બસો ગુજરાતી ભાઇઓ હાજરી આપી હતી. રાત્રી ભોજન કર્યા બાદ રાત્રી આરામ પણ કર્યો હતો.

બીજે દિવસે તા. ૧૯.૧૧.૨૦૧૨ ના રોજે અમો કાર્યક્રમ મુજબ સવારના બસ દ્વારા ગુજરાતી પટેલોનો બાહુલ વિસ્તાર બેરાઇચ જવા રવાના થયા. અમારા

નાસ્તાનો પ્રોગ્રામ એક ગુજરાતી પટેલને ત્યાં રાખવામાં આવ્યો હતો. આ ગામમાં ગુજરાતી પટેલોના ૨૦ ઘરો છે. અને ખેતી કરે છે, ત્યાં એક કલાક નું મિલન રાખવામાં આવ્યું હતુ. અને વિચારોની આપેલ કરવામાં આવી હતી. ત્યારબાદ અમો બીજે ગામ પહોચ્યાં હતા. ત્યાં પવન ચોધરી ને ઘરે બપોરનો સમય લીધો હતો, અને ત્યાં પણ ગુજરાતી પટેલો સાથે અલ્પ સમય મિલનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અંતે અમો બેચરાઇ ૪-૦૦ કલાકે પહોચ્યા હતા ત્યાં અમારૂ સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ચા-નાસ્તા બાદ ત્યાં જણાવ્યા સમય અને કાર્યક્રમ મુજબ ભેળા થયેલ ગુજરાતી ભાઇઓ સાથે પ્રગતિ અને પ્રવૃતિ વિશે અમોને જાણકારી આપી હતી. આ મિલન કાર્યક્રમમાં બેરાઇચ ના ભાઇઓ ભાવુક થઇ ગયા હતા. અને તેઓને મેસુસ થયું કે અંતે ગુજરાતી ભાઇ અમારી ખબર લેવા અમારી પાસે આવ્યા. ૨૫૦ વરસનો ઇતિહાસ તાજો થયો અને લાગણીશીલ થઇ અમોને નેપાલ જવા સાથે આવ્યા. બેરાઇચમાં તથા બેરાઇચ જીલ્લામાં ૬ લાખ ગુજરાતી ભાઇ-બહેનો પટેલોનો વસવાટ છે, મિલન કાર્યક્રમ પત્યાબાદ અમો છ કલાકે નેપાલની બોર્ડર પર પહોંચ્યા. અમોને માર્ગદર્શન દેવા સ્થાનિક ભાઇ સાથે હતા. કાગજી કાર્યવાહી તથા ચેકીગં પુરી થયા બાદ અમો નેપાલમાં પ્રવેશયા હતા. ત્યાં ઘણી સંખ્યામાં ગુજરાતી ભાઇ-બહેનો અમારી બસને રોકી હતી અમારૂ સ્વાગત કરવા માટે ફુલોના હાર લઇ અમારી બસમાં અંદર આવી ગયા. અમો સૌ બસમાં થી ઉતરી આવ્યા અને જોરદાર બેંડવાજા સાથે સ્વાગત કરવામાં આવ્યું અને બાજુની હોટલમાં અમોને લઇ ગયા, ત્યાં ચા-નાસ્તા ની વ્યવસ્થા રાખવામાં આવી હતી અને ત્યાંજ અમારી સાથે મીટીંગ રાખવામાં આવી હતી. બે કલાક મીટીંગમાં ઘણા બધા ભાઇ-બહેનોની હાજરી હતી. અમોને મંચ પર બેસવાની વ્યવસ્થા હતી. સ્વાગત પ્રવચન કર્યા બાદ અમોને સાંભળવા માટે આગ્રહ કાર્યો હતો અને ગુજરાતી પટેલોની પ્રવૃતિ અને પ્રગતિ જાણવા માટે આશા રાખી હતી. અમોએ ગુજરાતના પટેલોની પ્રગતિ અને પ્રવૃતિ જણાવી હતી અને તેઓ ઉપર ન ઉઠવાની કારણો બતાવ્યા હતા, અને અમોએ પટેલોની કુળદેવી વિશે પણ માં ઉમિયાજીના આશીર્વાદના ઘણા બધા છે. મંદિર બનાવવા વિશે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને મંદિર બાબત જાણકારી લેવા ઊંઝા આવવાનું જણાવેલ.

અંતમાં તેઓએ જણાવ્યું કે અમારી હાલત સારી નથી આર્થિક પરેશાની ઘણી છે. ખેતી તથા નોકરી સિવાય બીજો કોઇ ધંધો નથી. દહેજ પ્રથા લાખોમાં છે. ખેતીની ઉપજમાં થી અડધો ભાગ વાણીયા, બ્રાહ્મણ, ઠાકોર લઇ જાય છે. અમારી પાસે કાંઇ બચત નથી. આવી પરિસ્થિતિમાં જીવી રહ્યા છીએ. તમો અમોને માર્ગદર્શન આપો જેથી અમારૂ જીવન સુધરે અને અમો પરિવારનુ પાલન-પોષણ કરી શકીએ. અમો આ ગુજરાતી પટેલની વાતો સાંભળી ભાવ વિભોર અને લાગણીશીલ થઇ ગયા. ખરેખરા આ લોકોની પરિસ્થિતિ જોઇ વિચાર આવ્યો કે આ પટેલોને ગુજરાતના પટેલો સાથે જોડવા જોઇએ જેથી તેઓ ઉપર ઉઠી શકે અને માં ઉમીયાના આર્શીવાદ મળે એજ અમોને માને પ્રાર્થના કરી, મીટીંગ સતત બે કલાક ચાલી હતી.

આ સભામાં લગભગ એક હજાર ભાઇ-બહેનો ની હાજરી હતી. રાત્રી ભોજન દ્વારા ૧૧ કલાકે જવા પ્રસ્તાન કર્યુ હતું. અને રાત્રી આરામ પણ આ હોટલમાં રાખવામાં આવ્યું હતું. આ વિસ્તાર બાંકે નેપાલગંજમાં આવેલ છે. ત્યાં વાગેશરી મંદિર છે. અને અમો દર્શન કરવા ગયા હતા.

તા. ૨૦.૧૧.૨૦૧૨ ના રોજે આયોજકો દ્વારા ગોઠવેલ કાર્યક્રમ મુજબ અમો બસ દ્વારા ૧૧ કલાકે જવા પ્રસ્થાન કર્યુ હતું. અને ૭.૦૦ કલાકે કપીલવસ્તુ પહોચ્યા હતા.

ત્યાં હોટલમાં જમવાનું અને રાત્રી રોકાણ પણ ત્યાં જ રાખવામાં આવ્યુ હતું.

તા. ૨૧.૧૧.૨૦૧૨ ના ચા-નાસ્તો કર્યા બાદ અમો બૌધ ભગવાન મંદિરે દર્શન કરવા ગયા હતા. આ મંદિર વિશાળ જગ્યામાં છે, ત્યાં બોધ ભગવાન નું જન્મ ભુમિ અને કર્મ ભુમિ છે. ત્યાં તેમને બે હજાર વરસ જુના મંદિરના અવશેષો પણ રાખવામાં આવ્યા છે. આ અવશેષો લુમ્બીની કપીલવસ્તુ માં આવેલા છે. આજુબાજુ બીજા મંદિરો તથા બાગ બગીચા ઓમાં આવેલ જુની મુર્તિઓના દર્શન કરી અમો પાછા કપીલ વસ્તુમાં આવેલ હોટલમાં આવ્યા હતા. બપોરનું ભોજન વ્યવસ્થા ત્યાંના ગુજરાતી ભાઇઓએ કરેલી. કોઇ MLA કે મીનીસ્ટર જેથી સરકારી લાભો અત્યારેમળતા નથી. UNION IS STRENGTH એકતામાં તાકાત છે. બળ છે, એક થાવ, સફળતા જરૂર મળશે. વિશેષમાં તમારી કુપ્રથા, અંધશ્રધ્ધા, દહેજપ્રથા તથા બનીયા, બ્રાહ્મણ અને ઠાકુર ને છોડો. પટેલ કુળદેવી ઉમીયામાં મા વિશ્વાસ અને શ્રધ્ધા રાખો અને માતાજીના મંદિર બનાવો, મા તમોને તારશે મારશે નહી અને વિવાહ સામુહિક વિવાહનું આયોજન કરો દહેજ પ્રથા ખતમ કરો અને વધારે જાણકારી માટે ઊંઝા ઉમિયામાં ગુજરાત આવો અમો તમને આમંત્રણ આપીએ છીયે. તમોને વેપાર, ખેતી, શિક્ષણ અને કુળદેવી ઉમિયામાં વિશે બધી જાણકારી મળશે.

ત્યારબાદ રમાપતિ ચૌધરીએ પણ પોતાના વિચારો જણાવ્યા હતા. જ્યારથી હું ગુજરાત અને ઉમિયામાં ઊંઝા સાથે જોડાયેલો છું અને અવાર નવાર ગુજરાતનો પ્રવાસ કરૂં છું. પહેલા મારી પરિસ્થિતિ તમારા જેવી હતી પણ આજે હું ફેકટરી નો માલિક છુ તો ગુજરાતનો પ્રવાસ કરવો જોઇએ તો તમોને ખબર પડશે કે ગુજરાત કે ગુજરાતીકે પટેલ આટલા આગળ કેમ વધ્યા છે. અને દુનિયામાં અને ભારતમાં કોઇ રાજય કે કોઇ એવો દેશ નથી કે ગુજરાતી પટેલ નો વસવાટ ન હોય. મારીફેકટરી ગાઝીયાબાદમાં છે હું સતત કવિ પટેલ અને ઊંઝા સાથે સંર્પકમાં રહુ છું અને કવિ પટેલે યુ.પી. અને નેપાલમાં વસવાટ કર્તા ગુજરાતી પટેલો અને કુર્મિક્ષત્રીય પટેલો ને ગુજરાત બતાવ્યું છે. અને તેઓ સતત ગુજરાત, યુ.પી. એમ.પી. રાજસ્થાનમાં પટેલોમાં પ્રવાસ કરે છે.

ત્યારબાદ મગનભાઇ તંતી તથા રતનસિંહભાઇએ પોતાના વિચારો જણાવ્યા હતા, તેઓએ ગુજરાત આવવાનું આમંત્રણ આપેલ અને વ્યાપાર ઉદ્યોગ ઇન્ડસ્ટ્રીઝમાં સહયોગ અને માર્ગદર્શન આપવા વિશે જણાવ્યું હતું. અને તમોને તમારી જે દશા છે તેને સુધારવા સલાહ પરામર્શ આપશું. અમારી અમોને ફરાવવાની વ્યવસ્થા તથા ખાસ કરી ગામો બતાવ્યા અને અન્ય સગવડો આપી તે બદલ આભાર માન્યો હતો. ગુજરાતનો પ્રવાસ કરવાનું ફરીથી જણાવ્યું હતું. સતત ત્રણ કલાક ચાલેલ મીટીગમાં ત્યાં બધે ગુજરાત છવાઇ ગયુ હતુ અને ખુશી ખુશી સૌ વિખરાયા હતા. મીટીંગ પુરી કરવામાં આવી હતી. રાત્રી ભોજન બાદ હોટલમાં જ રાત્રી આરામ કર્યો હતો. તા. ૨૩.૧૧.૨૦૧૨ ના રોજે સવારના ચા-નાસ્તો કરી અમો બોધ ભગવાનના ખંડર થયેલ મહલ જોવા ગયા હતા. અને એક ગુજરાતી પટેલને ત્યાં ચા-નાસ્તો તેમના આગ્રહને માન આપી કરવા ગયા પછી બોર્ડર પાર કરી ભારતમાં પ્રવેશ કર્યો અને બપોરનું ભોજન યુ.પી માં સરદાર પટેલ કોલેજ માં હોસ્ટેલમાં રાખવામાં આવ્યો હતો. ભોજન કર્યા પછી ત્યાં એક કલાક મીટીંગ અને મિલન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આજુ બાજુના ગામડા માંથી ઘણા બધા ગુજરાતી પટેલોએ હાજરી આપી હતી મીટીંગ પછી રાત્રી આરામ એક ગુજરાતી ભાઇના ગામના ઘેર રાખવામાં આવ્યો હતો રાત્રી ભોજન પણ ત્યાં રાખવામાં આવ્યું હતું.

તા. ૨૩.૧૧.૨૦૧૨ ના રોજે સવારમાં ચા-નાસ્તો કર્યા બાદ અમો બપોર ના ફૈઝાબાદ પહોંચ્યા હતા. બપોરની ભોજન વ્યવસ્થા ત્યાં રાખવામાં આવી હતી. આ ગુજરાતી બાહુલ એરીયામાં ૨૩૬ ગામોમાં ગુજરાતી પટેલો નો વસવાટ છે. અને પાંચ લાખની આબાદી છે. ખેતી અને નોકરી કરે છે. ફૈઝાબાદ ના પટેલો સાધન સંપન્ન છે. અને આ વિસ્તારમાં ગુજરાતી પટેલોને દબદબો છે. ૩ કલાકે મીટીંગ રાખવામાં આવી હતી. વિચારોની આપ-લે કર્યા બાદ અમો અંબેડકર જીલ્લમાં જલાલપુર, ફતેહપુર, બડાગાંવ જવા નીકળયા જયાં ઉમિયા માતાજીનું મંદિર છે. અને સાંજે અમો ત્યાં પહોંચ્યા ત્યાં બધા ઓળખીતા ભાઇઓ મળ્યા અને સૌની આંખોમાં ખૂશીના આંસુ આવી ગયા જાણે ઊંઝા આવ્યા હોઇએ તેવું વાતાવરણ ઉભું થયું હતું અને ફુલહારોથી અમારૂ સ્વાગત કરવામાં આવ્યું હતું.

અને અમોને તેઓ ગામમાં એક ગુજરાતી ભાઇ ને ત્યાં ભોજન અને આરામ કરવાની વ્યવસ્થા રાખેલ હતી. ત્યાં લઇ ગયા. મંદિરના ટ્રસ્ટીઓ પણ અમારી સાથે હતા. એક કલાક પછી બેઠક મીટીંગ રાખવામાં આવી હતી. આ ગામમાં પણ ગુજરાતી પટેલો છે. ગામ માંથી બધા ભાઇ-બહેનોએ હાજરી આપી હતી. અમોએ ગુજરાતના પટેલોની પ્રવૃતિ અને પરિસ્થિતિની જાણકારી આપી હતી. ત્યારબાદ ચર્ચા અને ત્યાં ના ભાઇઓની પરિસ્થિતિનો ખ્યાલ એ લોકોએ જણાવ્યું હતું કે અમો ખેતી કરીએ છીએ અથવા નોકરી કરીએ છીએ આર્થિક પરિસ્થિતિ સારી નથી. કુપ્રથા અને કુરીવાજો અમોને ઉપર ઉઠવા નથી દેતો. ખાસ કરીને દહેજ પ્રથા જમીન થોડી હોવાથી ફસલ ઓછી થાય છે. અને અન્ય પ્રકારના ખર્ચાઓ હોવાથી બાળકોને વધારે ભણાવી શકતા નથી આર્થિક હાલત સારી ન હોવાથી બાળકોને ભણાવી શકતા નથી આર્થિક હાલત સારી ન હોવાથી વેપાર કરી શકતા નથી. કુળદેવી માં ઉમિયામાં શ્રધ્ધા હોવાથી ગુજરાન સારૂ ચાલે છે. સામાજીક, રાજનૈતિક, શિક્ષણ વિગેરેમાં પછાત હોવાથી ઉપર ઉઠી શકતા નથી. આ ચર્ચા વિચારણા મીલન બાર વાગ્યા સુધી ચાલ્યુ. પછી રાત્રી આરામ કરવા પોત પોતાની જગ્યાએ ગોઠવાઇ ગયા.

તા. ૨૪.૧૧.૨૦૧૨ ના રોજ સવારનાં ચા-નાસ્તો પતાવી માં ઉમિયાના દર્શન કરી અમો અમારા પ્રવાસ પુરો કરી લખનઉ જવા નીકળયા હતા. બપોરનું ભોજન એક ભાઇ ના ત્યાં રાખવામાં આવ્યું હતું અને મીટીંગનું પણ આયોજન હતું. આ મીટીંગ સરદાર ભવન ખાતે રાખવામાં આવી હતી. ત્યાંથી અમો અયોધ્યા ગયા, ભગવાન રામના દર્શન કરી અમો ૮-૦૦ કલાકે લખનઉ પહોંચ્યા. ત્યાં સૌ પોત પોતાને રીતે પાછા ફર્યા હતા. નેપાલમાં તરાઇનો વિસ્તાર છે, તે પહેલા આ વિસ્તાર યુ.પી. નો ભાગ હતો. તુલસી પુરના રાજા સાથે અંગ્રજોના અન બનાવ થવાથી આ વિસ્તાર અંગ્રજોએ નેપાલમાં ભેળવી દિધો, જેથી કરી આ તરાઇના વિસ્તારમાં વસવાટ કરતા ભારતીયો નેપાલમાં આવી ગયા. આ મેદાની વિસ્તારની આબાદી દોઢ કરોડની છે. જેમાં કુર્મિક્ષત્રિઓ, ગુજરાતી પટેલો તથા બનીયા, બ્રાહ્મણ, ઠાકોર તથા અન્ય પ્રજા નેપાલી બની ગઇ. તેમની ભાષા સંસ્કૃત, વહેવાર તથા ખાન પાન અને લગ્નો આપસ માં કરે છે. ગુજરાતી પટેલોની આબાદી આ પ્રમાણે છે. જણાવેલ સંખ્યા મીટીંગ વખતે પદાધિકારીઓ થી મેળવેલ જાણકારી મુજબ છે.

૧૫	લાખ	નેપાલમાં,
૬	લાખ	બેરાઇચ જીલ્લામાં
૧૦	લાખ	અંબેડકર જીલ્લામાં
૯	લાખ	બરેલી વિસ્તારમાં
૫	લાખ	ફૈજાબાદ જીલ્લો
૭	લાખ	બસ્તી જીલ્લામાં
૫૨	લાખ	ગુજરાતી પટેલો છે

ઉત્તર પ્રદેશ સમાજયાત્રા

શ્રી ઉમિયા માતાજીની વિખરાયેલી મોતીની માળા પૈકી ઉત્તરપ્રદેશના કૂર્મિક્ષત્રિયો પણ માળાનો એક મણકો છે.

૧૮મી શતાબ્દી મહોત્સવની ઊંઝાની ઉજવણીના ભવ્યતાનાં કેવાં દૂરગામી પરિણામો પડ્યાં છે તે બાબતે વિસ્તારથી મધ્યપ્રદેશનો ગુજરાતનો ભૂલાયેલો નાતો ફરી જાગૃત થયો તે આપણે જોયું.

ઉત્તર પ્રદેશના કૂર્મિક્ષત્રિયો એ વાત જાણે છે કે પંજાબથી અલગ પડી આ જાતિ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ તેમજ નેપાળ ખાતે વિસ્તરેલી છે અને દરેક જગ્યાએ જુદાં જુદાં નામે ઓળખાય છે. છેલ્લાં સો વર્ષ દરમિયાન આ જાતિનાં લગભગ ૪૦ અધિવેશનો ખાસ કરીને યુ.પી.માં યોજાયાં હતાં. જેમાં સાત-આઠ અધિવેશનોમાં તો ગુજરાતના વિદ્વાન આગેવાનોએ પ્રમુખપદ શોભાવ્યાં હતાં. ડૉ. દિલાવરસિંહ જયસ્વારે તેમના પુસ્તક (**कूर्मि चेतना के सो वर्ष**) માં (૧૮૯૪થી ૧૯૯૪) આ બાબતનો વિસ્તારથી ખ્યાલ આપ્યો છે. ડૉ. મંગુભાઈ પટેલે પણ 'પાટીદારોની ગૌરવગાથા" નામના તેમના પુસ્તકમાં આ વિશે વિશ્લેષણ કર્યું છે.

આમ છતાં મહાન જાતિની એકતા અને ભાઈચારા માટે કોઈએ પ્રયત્ન કર્યો ન હતો. થોડાઘણા વિદ્વાનો અને અભ્યાસુઓ સિવાય આ જાતિ એક છે, તેઓ દરેકે દરેક એક જાતિ બંધુઓ છે અને તેમની જીવન પ્રણાલીમાં કે સામાજિક રીતભાતમાં સૈકાઓ વીતી જવા છતાં દરેક જગ્યાએ મૂળભૂત રીતે આશ્ચર્યજનક એકતા દર્શાવે છે, તેમ છતાં તેમનો સંપર્ક કરી એકતા અને ભાઈચારાની દિશામાં કોઈ પ્રયત્ન ન કયો હતો.

આ કામ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ માની પ્રેરણાથી કર્યું. પરિણામે ઉત્તર પ્રદેશ ખાતે પણ આવન-જાવન, સમાજયાત્રાઓ શરૂ થઈ.

ઉત્તર પ્રદેશની સમાજયાત્રાનું મૂળ મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓમાં પડેલું છે.

મધ્ય પ્રદેશ ખાતે શ્રી ઉમિયાધામ-રાઉ-રંગવાસા (ઇન્દોર) તૈયાર થતા શ્રી ઉમિયા માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા તા. ૭-૫-૧૯૯૦ના રોજ થઈ. તે જ વખતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠના હસ્તે ૨૫૦ ઓરડાનું વિશાળ છાત્રાલય તેમજ વિદ્યાલયની શિલારોપણવિધિ પણ કરવામાં આવી.

શ્રી અંબિકા પાટીદાર સમાજ ધાર્મિક અને પારમાર્થિક ટ્રસ્ટે રૂપિયા ૫૦ લાખના ખર્ચે 'મા ઉમિયા પાટીદાર કન્યા છાત્રાલય ભવન'નું ટૂંકાગાળામાં નિર્માણ કર્યું. આ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૨૮-૨-૧૯૯૬ના રોજ ગુજરાત, સૌરાષ્ટ્ર, અમદાવાદ, મધ્ય પ્રદેશમાંથી તેમજ નિમાડના આગેવાનો હાજર હતા. આ પ્રસંગે દિલ્હીથી શ્રી કવિ પટેલ અને ડૉ. દિલાવરસિંહ જયસ્વાર - અધ્યક્ષ કુર્મિક્ષત્રિય પાટીદાર સમાજ-દિલ્હીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેથી આ બંને આગેવાનો પણ દિલ્હીથી પધાર્યા હતાં.

શ્રી કવિ પટેલ (કરસન વિશ્રામ પટેલ) કચ્છના ગુજરાતી પટેલ છે અને દિલ્હીમાં ફર્નિચરનો ધંધો કરે છે અને 'દિલ્હીવાલા' તરીકે ઓળખાય છે. આ કચ્છી ભાયડો વિશેષ વ્યક્તિત્ત્વ ધરાવે છે. આ માણસ દિલ્હી પાટીદાર સમાજમાં સક્રિય છે. સર્વ સાથે સારા સંબંધો ધરાવે તો છે જ, પણ દિલ્હી કુર્મિક્ષત્રિય સમાજને ગુજરાત સાથે જોડવામાં સેતુરૂપ છે. તેમણે જ દિલ્હી કૂર્મિક્ષત્રિય સમાજને ગુજરાત સાથે જોડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. દિલ્હીવાળાઓને ગુજરાત આવવા અને ગુજરાતના પાટીદારોની પ્રગતિ જોવા અને સ્વજાતિ બંધુનો નાતો પુનઃ શરૂ કરવા કવિ પટેલે જહેમત ઉઠાવી છે. યુ.પી.-ગુજરાતની એકતામાં આ કચ્છી ભાયડાનો ઐતિહાસિક ફાળો છે.

દિલ્હીના આગેવાનો રાઉ-રંગવાસા-મધ્ય પ્રદેશના કાર્યક્રમમાં આવ્યા તે પહેલાં કવિ પટેલે દિલ્હીના આગેવાનોને ગુજરાતની મુલાકાત માટે તૈયાર કર્યા હતા. તેમણે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠને પણ દિલ્હીના ડૉ. દિલાવરસિંહ જયસ્વાર જેવા વિદ્વાન અને ઈતિહાસવિદ્‌ને ઊંઝા આવવા સમજાવ્યા. પરિણામે શ્રી કેશુભાઈ શેઠે ડૉ. દિલાવરસિંહ જયસ્વારને ઊંઝા - ગુજરાત પધારવા આમંત્રણ પાઠવ્યું.

શ્રીકેશુભાઈ શેઠના મનમાં મધ્ય પ્રદેશના સંબંધો તાજા થયા અને તે સમાજને મોટો ફાયદો થયો તેવો ઉત્તર પ્રદેશમાં અને દિલ્હીમાં માહોલ ઊભો કરવાનો ખ્યાલ હતો જ.

શ્રી કેશુભાઈ શેઠના આમંત્રણને માન આપી તા. ૨૪ એપ્રિલ-૧૯૯૫ના રોજ દિલ્હીથી શ્રી કવિ પટેલ, ડૉ. દિલાવરસિંહજી જયસ્વાર અને શ્રી સતિશચંદ્ર ગંગવાર - અધ્યક્ષ કૂર્મિક્ષત્રિય સમાજ - પૂર્વ દિલ્હીને લઈ ઊંઝા પધાર્યા. ઉત્તર પ્રદેશ કૂર્મિક્ષત્રિય સમાજના ભૂલાયેલા સંબંધને તાજો કરવાનો આ પાયો નખાયો. દિલ્હીવાલાઓ ગુજરાતમાં પાંચ દિવસ રોકાયા. તેમને જુદાજુદા શૈક્ષણિક સંકુલો, ઉદ્યોગગૃહો અને મંદિરો ખાતે ફેરવવામાં આવ્યા. તેઓ સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, ખેડા, આણંદ,ગોધરા અને અમદાવાદ ફર્યા. ગુજરાતના પાટીદાર સમાજનો ગુજરાતના સમાજ જીવન, તેમજ રાજકીય પ્રવાહમાં પ્રભાવ જોઈ આ લોકો ખૂબ પ્રભાવિત થયા.

રાઉ-રંગવાસાના કાર્યક્રમમાં ડૉ. દિલાવરસિંહજી જયસ્વાર સાથે કવિ પટેલ પણ હતા. દિલ્હી કુર્મિ સમાજના અધ્યક્ષ દિલાવરસિંહજીએ પોતાના પ્રવચનમાં જુદાં-જુદાં રાજ્યોમાં વસતા અને જુદાં જુદાં નામથી ઓળખાતા કૂર્મિક્ષત્રિયો એક છે અને સર્વેએ એક નાતો ઊભો કરવો જોઈએ. ભારતની વસતિના ૧/૩ ભાગની આપણી જાતિ છે. તે જાતિએ આગામી ૨૧મી સદીમાં એક બની ભારતનું ભાગ્ય ઘડવામાં પોતાનો ફાળો આપવો જોઈએ એમ જણાવ્યું. સાથે સાથે ગુજરાતના ભાઈઓને વિનંતી પણ કરી કે મધ્ય પ્રદેશ - રાજસ્થાનની એકતા અને જાગૃતિ માટે જેમ સમાજયાત્રાઓ દ્વારા પ્રયત્નો થયા છે, તેમજ દિલ્હી, યુ.પી., બિહારના સમાજને પણ બેઠો કરવા સમાજયાત્રાઓ યોજવા આમંત્રિત કર્યા. સાથે સાથે અખિલ ભારતીય પાટીદાર સમાજનું સંગઠન ઊભું કરવા પણ આહ્‌વાહન કર્યું.

દિલ્હીવાલાઓની આ મુલાકાતથી દિલ્હી - યુ.પી.ની નજર હવે ગુજરાત તરફ રહી. મધ્ય પ્રદેશનો ગુજરાતનો નાતો થતાં તેમણે જે પ્રગતિ કરી તેનો પણ ખ્યાલ તેમના મગજમાં હતો. આથી તા. ૮, ૯ માર્ચ, ૧૯૯૭માં શ્રી ઉમિયા કેમ્પસ, સોલા (અમદાવાદ) ખાતે મળેલ અખિલ ભારતીય પાટીદાર સમાજના ત્રીજા અધિવેશનમાં પણ ગુજરાતના નિમંત્રણને માન આપી, મધ્યપ્રદેશ, રાજસ્થાનના પ્રતિનિધિઓ સાથે દિલ્હીથી શ્રી કવિ પટેલ અને ડૉ. દિલાવરસિંહજી જયસ્વાર હાજર રહ્યા આમ દિલ્હીના સંપર્કો ગુજરાત સાથે ચાલુ થયા.

ગુજરાતનું નાનકડું પ્રતિનિધિમંડળ દિલ્હી ખાતે

માર્ચ-૧૯૯૭ના ગુજરાત ખાતેના અધિવેશનમાં હાજર રહી દિલ્હી ગયા બાદ શ્રી કવિ પટેલે ગુજરાતના પ્રતિનિધિમંડળને દિલ્હી બોલાવવાના પ્રયત્નો શરૂ કર્યા. પરિણામે દિલ્હીના આગેવાનોએ ગુજરાતથી દિલ્હી પધારવા ગુજરાતના પ્રતિનિધિમંડળને તા. ૫-૭-૧૯૯૭ના રોજ ખાસ આમંત્રણ આપ્યું. તેના અનુસંધાનમાં ગુજરાતથી કેટલાક આગેવાનો દિલ્હી જવા તૈયાર થયા. તે દિવસોમાં ગુજરાતમાં ભારે રેલસંકટ હતું. રેલવેવ્યવહાર બંધ હતો. સામાન્ય રીતે આવા કુદરતી હોનારતના સંજોગોમાં ગમે તે પ્રવાસ મુલતવી જ રહે,પરંતુ શ્રી ઉમિયા માતાજીની પ્રેરણા અને ધગશથી સંસ્થાનના સંચાલકોમાં દિલ્હીના ભાઈઓનાં દિલ નાખુશ ન થાય અને સમાજ જાગૃતિનો પ્રવાહ મોળો ન પડે-તેથી માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં એક પ્રતિનિધિમંડળ વિમાન મારફતે દિલ્હી જવા તૈયાર થયું. આ પ્રતિનિધિમંડળમાં પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રીગોવિંદભાઈ એમ. પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી રણછોડભાઈ પટેલ હતા. શ્રી ઓધવજીભાઈ આર.પટેલ આવનાર હતા, પણ જઈ શક્યા નહીં. આ પ્રતિનિધિમંડળ દિલ્હી વિમાનીમથકે પહોંચ્યું.

અહીં દિલ્હી કૂર્મિ સમાજના આગેવાનો ડૉ. દિલાવરસિંહ જયસ્વાર (અધ્યક્ષ), શ્રી પી.સી.આર. પટેલ (મહામંત્રી) શ્રી રાજેન્દ્રસિંહજી, કાર્યકારી અધ્યક્ષ શ્રી રામકેવલ વર્માજી (ઉપાધ્યક્ષ), ડૉ. અરુણ સચાન (પ્રચારમંત્રી), મેજરશ્રી આલોકસિંહજી, શ્રી યોગેન્દ્રસિંહ તથા શ્રીક વિ પટેલ વગેરેએ ગુજરાતથી પધારેલા પ્રતિનિધિમંડળનું ફૂલહારથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તેમને સ્વામીનારાયણ મંદિર ખાતે ઉતારો આપ્યો. અહીં કૂર્મિક્ષત્રિય સમાજ દિલ્હી પટેલ સેવા સંસ્થાન - ગાઝિયાબાદ વગેરેના અગ્રણીઓની રાતના ૧.૩૦ વાગ્યા સુધી બેઠક થઈ. જેમાં સમાજની એકતા, ભાઈચારો અને સંગઠન અંગે તેમજ સમાજઉત્કર્ષ અને વિકાસના પાસાઓની વિગતે ચર્ચા થઈ. બીજા દિવસે

સવારે પણ ગાઝિયાબાદમાં પછી નોર્થ એવન્યુ-દિલ્હીમાં ત્યાંના સર્વ કૂર્મિ સમાજના આગેવાનો સાથે બેઠક થઈ. બંને પક્ષે એકબીજાનો પરિચત થયો. વાતાવરણ ખુશીનું હતું. સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી. આ પ્રસંગે શ્રી મણિભાઈ મમ્મીએ પોતાની જોશીલી જબાનમાં આપણે સમાજ માટે શું કરી શકીએ અને જ્યારે સમાજને હવે નવા સમય સાથે જોડવો છે - ત્યારે આપણે શું ફરજ બજાવવાની છે, તે અંગે શિક્ષણ, કુરિવાજો, કુરૂઢિયો, વ્યસનમુક્તિ, દહેજ નાબૂદી, સમૂહલગ્નો, સહકારી પ્રવૃત્તિઓ વગેરેને આવરી લેતી આ નાનકડી સંપર્કયાત્રાનો હેતુ સમજાવ્યો. અવારનવાર મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓ અને સંપર્કોથી ત્યાં નવી દિશાઓ ખૂલી- વિકાસ તરફી આગેકૂચ ચાલી, તેમજ દિલ્હી, યુ.પી.ની પણ સમાજયાત્રાનો અને સંપર્કસૂત્રો ચાલુ રાખવા નક્કી થયું. અને ગુજરાતના આગેવાનો તે દિવસે સાંજે વિમાન મારફતે પરત ગુજરાત આવ્યા. તેમણે દિલ્હી, યુ.પી.થી એક સમાજયાત્રા ગુજરાત આવે અને સંપર્ક ચાલુ રહે, તેમ આમંત્રણ પણ આપ્યું.

ઉત્તર પ્રદેશથી ગુજરાતની સમાજયાત્રા

ગુજરાતના આગેવાનો રેલસંકટ હોવા છતાં દિલ્હીના સંપર્ક માટે ગયા. આવા અસામાન્ય સંજોગોમાં પણ જો યાત્રા થાય - તો તેમાં મા ઉમિયાની પ્રેરણા જ કામ કરી રહી હોય, તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. દિલ્હીવાળાઓને પણ ગુજરાતનું વિશેષ આકર્ષણ જણાઈ આવે છે. આથી ગુજરાતનું નાનું પ્રતિનિધિમંડળ દિલ્હી જઈ આવ્યું અને દિલ્હીને વળતી ગુજરાતની સમાજયાત્રા માટે આમંત્રણ આપ્યું. ત્યારે એ વાતને કવિ પટેલે દિલ્હી ખાતે આગળ ધપાવી. દિલ્હીના આગેવાનોએ ગુજરાતની સમાજયાત્રાની તૈયારી કરી. જેમાં ડૉ. દિલાવરસિંહ પટેલ, શ્રી સી.બી. સીંગ, શ્રી પી.સી. આર. પટેલ, શ્રી રાજેન્દ્રસિંહ, ડૉ. અરુણ સચાન વગેરેની આગેવાનીમાં તા. ૧૨ સપ્ટેમ્બરથી તા. ૧૭ સપ્ટેમ્બર-૧૯૯૮ દરમિયાન ૪૬ પ્રતિનિધિઓ જેમાં ૨૬ પુરૂષો અને ૨૦ સ્ત્રીઓ તથા બાળકો દિલ્હીમેલ દ્વારા ઊંઝા - ગુજરાતના પ્રવાસે આવ્યાં. અહીં તેમનું ઊંઝા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મા ઉમિયાની કારોબારીના સભ્યો પણ હાજર હતા. આ પ્રતિનિધિમંડળમાં રાજસ્થાનના પણ બે સભ્યો શ્રી જોધારામ પટેલ અને શ્રી ધનરાજ પટેલ સ્ટેશનથી જ દાખલ થયા.

ઊંઝા આવ્યા બાદ આ દિલ્હી તેમજ યુ.પી.ના એક જ જ્ઞાતિભાઈઓને ગુજરાતનાં વિવિધ સ્થળોએ ફેરવવામાં આવ્યા. શૈક્ષણિક સંકુલો - છાત્રાલયો, અંબાજી, બેચરાજી, સોલા, અમદાવાદ, સાબરમતી આશ્રમ, ચંદ્રાલા, ધરતી વિકાસમંડળ દ્વારકા જેવાં ધાર્મિકસ્થળો, દૂધસાગર ડેરી, મોઢેરા, કડી, ગાંધીનગર, ખેડા-અમલૂડેરી, વડોદરા કરમસદ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર વગેરે જગ્યાઓએ ઉદ્યોગગૃહો તેમજ ઐતિહાસિક સ્થળોની પણ મુલાકાત કરાવી.

આ પ્રતિનિધિઓ ગુજરાત ખાતે પાટીદાર સમાજનો શૈક્ષણિક વિકાસ, આર્થિક પ્રગતિ, અને રાજકીય પ્રભાવ જોઈ અચંબો પામી ગયા. સાથેસાથે સામાજિક પ્રગતિ, જીવનધોરણની પદ્ધતિ, ખેતી વિકાસ-વૈજ્ઞાનિક પદ્ધતિ, સુધારેલાં બિયારણ, ખાતર વગેરે જોઈ ખૂબ જ પ્રભાવિત થયા. તેમની સાથે રહીને ગુજરાતની યાત્રા કરાવી. તેમને ખૂબ આનંદ થયો. આત્મીયતા વધી.

આ દિલ્હી, યુ.પી. અને રાજસ્થાનની સમાજયાત્રાની સ્મૃતિએ દિલ્હીવાસીઓમાં એક વાત પેદા કરીકે આખો પાટીદાર સમાજ એકતાના પંથે આગળ વધે. આ ખ્યાલથી દિલ્હીવાળાઓએ શ્રી કવિ પટેલના પ્રયત્નોથી હવે ગુજરાતનું પ્રતિનિધિમંડળ યુ.પી., દિલ્હીના પ્રવાસે આવે તેવો તીવ્ર પ્રતિભાવ ઊભો થયો. શ્રી કવિ પટેલના પ્રયત્નો ફળ્યા. તેમણે સર્વ લ્હિી યુ.પી.ના આગેવાન મિત્રો સાથે રહીને યુ.પી.નો પ્રવાસ તૈયાર કર્યો. તેમણે ગુજરાતના આગેવાનોને ઊંઝા ખાતે સતત સંપર્કમાં રહી યુ.પી. ની સમાજયાત્રા માટે તૈયાર કર્યા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના દીર્ઘદૃષ્ટા અને ભાવિના સંકેતોને ઝીલનારા આગેવાનોએ માત્ર ઊંઝાના જ નહિ, પણ ગુજરાતભરના જુદાંજુદાં ક્ષેત્રોના પ્રતિભાવંત આગેવાનોનો સંપર્ક કરી, ગુજરાતના ક્રીમ (નવનીત) સમાન વ્યક્તિત્વોને યુ.પી.ની યાત્રા માટે તૈયાર કર્યા. છેલ્લે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ અને ઉપપ્રમુખશ્રી ઓધવજીભાઈ આર. પટેલની આગેવાનીમાં તા. ૭-૧૦-૨૦૦૦થી તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી યુ.પી.-દિલ્હીની સમાજયાત્રાએ જવાની તૈયારી કરી.

ઉત્તર પ્રદેશની સમાજયાત્રા

દિલ્હી, યુ.પી.ના કાર્યકરોએ ઊંઝા ખાતે સતત સંપર્કમાં રહી યુ.પી.ની સમાજયાત્રાનો કાર્યક્રમ તૈયાર કર્યો. પરિણામે ગુજરાત કચ્છ-સૌરાષ્ટ્રના સર્વ સમાજયાત્રામાં સામેલ થનાર ભાઈઓને તા. ૫-૧૦-૨૦૦૦ની સાંજ સુધીમાં ઊંઝા પહોંચી જવા જાણ કરી. શ્રી વિક્રમભાઈ પટેલે સર્વ કાર્યક્રમ અને લકઝરી બસની પૂર્ણ તૈયારી કરી રાખી હતી.

આમ તા. ૬-૧૦-૨૦૦૦ના રોજ કુલ ૫૫ ગુજરાતના યાત્રીઓ લકઝરી બસ તેમજ ખાનગી વાહનો દ્વારા તા. ૬-૧૦-૨૦૦૦ના રોજ સવારે ૭.૩૦ કલાકે દિલ્હી જવા રવાના થયા. ગુજરાતના સર્વ યાત્રીઓનો ઉત્સાહ પણ ઓર જ હતો. દરેકના દિલમાં નવો પ્રદેશ, નવું વાતાવરણ અને નવું જો જાણવાની ઇંતેજારી તો હતી જ પણ તે ઉપરાંત આમંત્રિત યુ.પી.ના ભાઈઓના પ્રથમ મિલનનો રોમાંચ જુદો જ હતો. સદીઓથી જુદા પડેલા ભાઈઓને મળવાનો અનેરો રોમાંચ અનુભવાતો હતો.

તા. ૬ના બપોરે શિહોરી (રાજસ્થાન) ખાતે બપોરનું ભોજન લીધું અને ત્યાંથી વિદાય થઈ રાત્રે ૯.૩૦ વાગ્યે જયપુર પહોંચ્યા. રાત્રિવિરામ અહીં ગુજરાતી સમાજમાં હતો. ત્યાં ઉતારાની વ્યવસ્થા થયા બાદ જમ્યા. રાત્રી ત્યાં જ પસાર કરી.

તા. ૭મીના સવારે જયપુરદર્શનનો કાર્યક્રમ પતાવ્યો. આ ઐતિહાસિક નગરી જોઈ સૌ આનંદિત થયા. બપોરે જમણ ગુજરાતીસમાજમાં જ પત્યું. તે બાદ ત્યાંથી દિલ્હી તરફ પ્રયાણ કર્યું. લાંબી મુસાફરી હોવા છતાં અને સર્વ આગેવાનો ઉંમરલાયક લગભગ ૫૫-૬૦ની કે તે ઉપરની ઉંમરના હોવા છતાં કોઈને થાક જેવું લાગતું ન હતું, કારણ કે આ યાત્રાનો હેતુ જ ઉમદા હતો. જાણે વિસરાયેલા પરિવારબંધુઓને મળવાની આતુરતા હતી. છેવટે સાંજે ૬.૩૦ વાગ્યે અમારી યાત્રામંડળી દિલ્હી પહોંચી. અહીં અમને સામે લેવા માટે હાઈવે પર દિલ્હીના ભાઈઓ આવ્યા હતા અને તેઓ અમને સાંસદ ડૉ. અશોક પટેલના સાંસદ કવાર્ટર-નોર્થ એવન્યુ ખાતે લઈ આવ્યા. અહીં બગીચામાં દિલ્હીના ભાઈઓ વિશાળ સમુદાયમાં અમારા સ્વાગત માટે તૈયાર હતા.

દિલ્હીમાં સ્વાગત તા. ૭-૧૦-૨૦૦૦

અહીં અખિલ ભારતીય કૂર્મિ પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - દિલ્હીના પ્રમુખશ્રી સી.બી. સિંઘ, મહામંત્રી શ્રી પી.સી.આર. પટેલ, ડૉ. દિલાવરસિંહ જયસ્વાર, ડૉ. અરુણ સચાન, શ્રી પી.સી. કટિયાર, શ્રીમતી પ્રેમલતા રાહી, શ્રી કવિ પટેલ તેમજ અન્ય આગેવાનોએ અમારું પુષ્પમાળાઓથી ભવ્ય સ્વાગત કર્યું. તે દિવસે વિજયાદશમી હતી. બંગલાની બાજુમાં રાવણદહનનો કાર્યક્રમ ચાલુ હતો. વિજયાદશમીએ અમારી વધામણી ફટાકડાના ધડાકા-ભડાકા સાથે થતી હોય તેમ લાગ્યું. ગુજરાત - દિલ્હીનું ભવ્ય મિલન હતું. સર્વના દિલમાં એક અનોખો ઉત્સાહ હતો.

સર્વ જગ્યાઓ પર ગોઠવાયા શ્રી મણિભાઈ મમ્મીએ ગુજરાતના પ્રતિનિધિમંડળનો પરિચય આપ્યો અને યાત્રાના ઉદ્દેશને ટૂંકમાં વર્ણવ્યો. અત્રે એ પણ નોંધવું રહ્યું કે ગુજરાતના સમાજયાત્રીઓ સાથે મધ્ય પ્રદેશથી પણ શ્રી માંગીલાલ પાટીદાર અને શ્રી હરિશંકર પાટીદાર સામેલ થયા. દિલ્હી સંસ્થાના મહામંત્રી શ્રી પી.સી. આર. પટેલે ત્યાં ઉપસ્થિત દિલ્હીના સર્વ આગેવાનોનો પરિચય કરાવ્યો.

શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવતાં જણાવ્યું કે, પાટીદાર સમાજ આખા ભારતવર્ષમાં ફેલાયેલો છે. તેમનું મૂળ અને કુળ એક જ છે. તેઓ ધરતીપુત્રો છે અને કૃષિ તેમનો વ્યવસાય છે. તેમનું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલ છે, તે મહેનતકશ અને ઈમાનદાર છે. પાટીદારો ભારતભરમાં જુદી-જુદી જગ્યાઓએ ફેલાયેલા છે, પણ તેમની રહેણીકરણી, પહેરવેશ, રીતરિવાજો એકસમા નછે. આથી હવે સર્વએ સંગઠિત થવાની જરૂરિયાત છે અને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉન્નતિ માટે એકઝૂટ થઈ પ્રયત્નો કરવા જોઈએ. આમ તેમણે આખી યાત્રા સમાજની એકતા અને જાગૃતિ માટે યોજાઈ છે અને સંગઠનની આવશ્યકતા છે, તેમ જણાવ્યું.

સામે દિલ્હી સંસ્થાના મંત્રી શ્રી પી.સી.આર. પટેલે જણાવ્યું કે ઉત્તર પ્રદેશ અને સમગ્ર ભારતમાં વસતા કૂર્મિ ક્ષત્રિય પાટીદારો - પટેલ, પાટીદાર, સચાન, કટિયાર,

કનોજિયા, ગંગવાર, વર્મા, સિંગ, જયસ્વાર, કુનબી, અમીન, ગાયકવાડ, પાટીલ વગેરે અટકોથી ઓળખાય છે. તેઓએ હવે એક થઈ એક જ અટક 'પટેલ' રાખી આપણી એક ઓળખાણ ઊભી કરવી જોઈએ. સાથે સાથે તેમણે ઉત્તર પ્રદેશની સમાજયાત્રાનો કાર્યક્રમ રજૂ કર્યો. તે બાદ ડૉ. દિલાવરસિંહ જયસ્વારે એકતા અને સંગઠન મજબૂત કરવા અપીલ કરી અને તેમની ગુજરાતયાત્રાનાં સંસ્મરણો યાદ કર્યાં. પછી દિલ્હી સંસ્થાના પ્રમુખ શ્રી સી. બી. સિંઘે ત્યાં અખિલ ભારતીય કૂર્મિ પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - દિલ્હી નામની સંસ્થા રજિસ્ટર કરાવ્યાની જાણ કરી અને શ્રી ઉમિયા માતાજીનું મંદિર બાંધવાની વાત કરી. પછીથી મહિલા સાંસદ શ્રીમતી કુમકુમ રાયે પણ સંબોધન કર્યું. આ પ્રસંગે કૂર્મિક્ષત્રિય શિવાજી સંઘ-ફરીદાબાદના સંરક્ષક શ્રી એસ.સી. કનોજિયા તરફથી ગુજરાત - મધ્ય પ્રદેશના સમાજયાત્રીઓને શ્રી ઉમિયા માતાજીના ચિત્રથી સુશોભિત સુંદર મોમેન્ટો ભેટ આપ્યો. બાદમાં નાસ્તો પતાવી રાત્રીરોકાણ અને ભોજન માટે સર્વને સૈનિક ફાર્મ બંગલા નં. ૨૦૧માં લઈ જવાયા. આ સૈનિક ફાર્મના માલિક શ્રી સતિશ ગંગવારે ફેમિલી સાથે હાજર રહી સમાજયાત્રીઓની સારી મહેમાનગતિ કરી.

સમાજયાત્રાનો કાર્યક્રમ :

ગુજરાત - મધ્ય પ્રદેશના સમાજયાત્રીઓના પ્રવાસનું આયોજન હવે દિલ્હી-યુ.પી.ના આગેવાનોના હાથમાં હતું. તેમણે આખો કાર્યક્રમ દરેકનો સંપર્ક સાધી તૈયાર કર્યો હતો. જ્યાં જઈએ ત્યાં ભવ્ય સ્વાગત થતું હતું. કાર્યક્રમ નીચે મુજબ હતો.

દિલ્હી, આગ્રા, ઇટાવા (રાત્રિરોકાણ), બુધોલી, પુખરાયા, કાનપુર, (રાત્રી) ફતેહપુર, અલહાબાદ, વારાણસી (રાત્રી), આંબેડકરનગર, આઝમગઢ (રાત્રી), ગોરખપુર, સંત કબીરનગર, બસ્તી, ફૈઝાબાદ, અયોધ્યા (રાત્રી), બારાબંકી, લખનઉ, સીતાપુર (રાત્રી), લખીમપુર ગોલા, બરેલી (રાત્રી)થી ગુજરાત તરફ જેનો નકશો નીચે મુજબ છે.

કાર્યક્રમની રૂપરેખા

આ સમાજયાત્રા દિલ્હી સંસ્થાના પ્રમુખ શ્રી સી. બી. સિંઘ તથા મહામંત્રી શ્રી પી.સી.આર. પટેલની આગેવાનીમાં ચાલી રહી હતી. આ મહાનુભાવો ઉપરાંત શ્રી સી.એલ. સિંહ, ડૉ. સચાન, શ્રી પ્રતાપ વર્મા, શ્રીમતી પ્રેમલતા રાહી વગેરે પણ યાત્રામાં અમારી સાથે જોડાયા હતાં.

આગ્રા - તા. ૮-૧૦-૨૦૦૦

દિલ્હીના સૈનિક ફાર્મ ખાતે સવારે ચા-નાસ્તો લીધા બાદ ૭.૦૦ કલાકે આગ્રા તરફ પ્રયાણ કર્યું. આગ્રામાં પ્રવેશતાં આગ્રાના કૂર્મિ યુવાનો મોટરસાઈકલો અને સ્કૂટરો લઈ અમને લેવા હાઇવે પર સામે આવ્યા હતા. આગ્રા ખાતે મોટી સંખ્યામાં બહેનો-ભાઈઓએ અમારું ફૂલહારથી સ્વાગત કર્યું. વિશેષતા એ હતી - કે અહીંથી હર જગ્યાએ દરેક યાત્રીનું ફૂલહારથી સ્વાગત થતું - અહીં પણ થયું. અહીંના સમાજના અધ્યક્ષ શ્રી પ્રેમનારાયણ સિંઘ અને ઉપાધ્યક્ષ શ્રી નગેન્દ્રપાલસિંઘે સરદાર વલ્લભાઈ પટેલ ધર્મશાળા ખાતે શ્રી કેશુભાઈ શેઠનું અને શ્રી ઓ. આર. પટેલનું પુનઃ સ્વાગત કર્યું. અહીં સભામંચ પર સરદાર વલ્લભભાઈ પટેલ અને છત્રપતિ શિવાજીની છબિઓ વચ્ચે મા ઉમિયાની છબી હતી. અહીં અખિલ ભારતીય કૂર્મિ મહાસભાનું ૧૧મું અધિવેશન પણ ઈ.સ. ૧૯૧૬માં યોજાયેલું. જેના પ્રમુખપદે ગુજરાતના બેરિસ્ટર શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ હતા. અહીં સ્વાગત બાદ શ્રી મણિભાઈ મમ્મી, ડૉ. મફતલાલ પટેલ અને શ્રી સીતારામભાઈ પટેલે યાત્રાના હેતુ, વિકાસ અને સંગઠન બાબતે પ્રવચન કર્યાં. બપોરનું ભોજન અહીં હતું.

ઈટાવા - તા. ૮-૧૦-૨૦૦૦

આગ્રામાં ઘણો સમય થયો. ઇટાવા ખાતે ૫.૩૦ના બદલે ૬.૩૦ વાગ્યે પહોંચ્યા. અહીં કે.કે. ઇન્ટરકોલેજના સભા હોલમાં બેઠક હતી. અહીંનું સંચાલન યુવાવર્ગના હાથમાં હતું. તેમનો ઉત્સાહ ખૂબ હતો. શ્રી રાજકુમાર વર્મા, શ્રી આશિષ પટેલની આગેવાનીમાં કાર્યક્રમ થયો. શ્રી અંબાલાલ ચારી અને શ્રી જયરામભાઈ વાંસજાલિયાએ પરિચયવિધિ કરી. શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવ્યો. દહેજ, વ્યસનમુક્તિ, મૃત્યુભોજન કરવા અને સંગઠિત થવા આહ્‌વાન કર્યું. ત્યાં ડી.વાયએસ.પી.

શ્રી શ્રવણકુમાર પટેલે સમાજયાત્રા માટે ગુજરાતના પ્રતિનિધિઓને ભાવવિભોર બની લાખ-લાખ અભિનંદન આપ્યા. રાત્રે ભોજન લઈ ૧-૦૦ વાગ્યે સુતા.

બુધૌલી તા. ૯-૧૦-૨૦૦૦

સવારે ઈટાવાથી ચા-નાસ્તો પતાવી ૧૦-૦૦ વાગ્યે અમારી યાત્રા બુધૌલી પહોંચી. આ ગામની પાંચ હજારની વસતિ પૈકી ૨-૩ વસતિ કૂર્મિ પાટીદારોની છે અને વ્યવસાય ખેતીનો છે. અહીં ગ્રામ વિકાસ ઈન્ટરકોલેજ અને વિદ્યાલય ખાતે દરેકનું પુષ્પમાળાથી સ્વાગત થયું. અહીં કાનપુર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપેન્દ્રસિંહ સચાનની આગેવાનીમાં સભા થઈ. શ્રી મણિભાઈ મમ્મીએ વિદ્યાર્થી ઓને સંબોધન કર્યું. અહીં શાળાના અપંગ વિદ્યાર્થીઓને શ્રી કેશુભાઈ શેઠે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી ટ્રાઈસિકલ આપવાનું એલાન કર્યું.

પુખરાયા તા. ૯-૧૦-૨૦૦૦

બુધૌલીથી અમારી યાત્રા પુખરાયા લગભગ ૧-૦૦ વાગ્યે પહોંચી. અહીં હાઈવે પર પાંચ જીપો, ઘણાં સ્કૂટર પીળા ઝંડા લઈ યુવાનોએ કતારબંધ અમારું પાઈલોટિંગ કર્યું. જાણે કોઈ રાજકીય વી.વી.આઈ.પી. નેતા પધારતા હોય તેમ. ગામમાં અમારા સ્વાગત માટે કમાનો, ગેટ બનાવ્યા હતા. દરેક ગેટને શ્રી ઉમિયા માતાજી દ્વાર, શ્રી સરદાર પટેલ દ્વાર એવાં નામ આપેલાં હતાં. રસ્તા પર જુદાંજુદાં સૂત્રોનાં બેનરો લગાવ્યાં હતાં. વાજતે-ગાજતે અમને સભામંડપમાં લઈ જવામાં આવ્યા. સભા પટેલ ઈન્ટરકોલેજ ખાતે રાખેલ હતી. ત્યાં દરેકનું પુષ્પમાળાઓથી સ્વાગત થયું. સભા ખાતે ત્યાંના આગેવાનો શ્રી ભૂપેન્દ્રસિંહ સચાન-જિલ્લા પંચાયતના માજી પ્રમુખ, શ્રી કિરણસિંહ, શ્રી સંતોષકુમાર, શ્રી રામલખનસિંહ વગેરેએ દહેજપ્રથા, મૃત્યુભોજ જેવાં દૂષણો સાથેની વાસ્તવિક સામાજિક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ આપ્યો. શ્રી સીતારામભાઈ પટેલ, ડૉ. અમૃતભાઈ પટેલ અને શ્રી મણિભાઈ મમ્મીએ સમયોનુચિત પ્રવચનો કર્યા અને યાત્રાનો હેતુ તથા કુર્મિ પાટીદારોના ઈતિહાસનો ખ્યાલ આપ્યો. સંગઠનની જોરદાર હિમાયત કરી. છેવટે ૨.૩૦ વાગ્યે ભોજન લીધું.

બરૌર તા. ૯-૧૦-૨૦૦૦

પુખરાયાથી યાત્રા બરૌર મોડેથી ૫.૦૦ વાગ્યે પહોંચી લોકો ઘણા સમયથી રાહ જોતા બેઠા હતા. અહીં પટેલ વિદ્યાલય ઈન્ટરકોલેજમાં સભા હતી. પરિચયવિધિ શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ કરી. શ્રી પી.સી.આર. પટેલે કૂર્મિ પાટીદારોને મા ઉમિયાની ધજા નીચે એક થવા સંબોધન કર્યું.

કાનપુર તા. ૯-૧૦-૨૦૦૦

કાનપુર સાંજના ૫-૦૦ વાગ્યાના બદલે છેક રાત્રે ૮-૧૫ વાગ્યે પહોંચ્યા. કાર્યક્રમ અને ઉતારો સચાન ગેસ્ટહાઉસ હોલ ખાતે હતો. અહીં પ્રવેશદ્વારે કુમકુમ તિલક અને પુષ્પમાળાથી દરેક યાત્રીનું સ્વાગત થયું. અખિલ ભારતીય કૂર્મિ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગદેવપ્રસાદ કનોજિયા અને પ્રદેશમંત્રી જયકુમારસિંહ સાથે સમાજઉત્કર્ષ અને સંગઠન બાબતે ચર્ચા થઈ. રાત્રિ ભોજન ખૂબ મોડેથી લઈ વિરામ થયો.

ફતેહુપર તા. ૧૦-૧૦-૨૦૦૦

કાનપુરમાં સવારે ૭-૩૦ વાગ્યે કાનપુરના કલેક્ટર શ્રી કુર્મિ પાટીદાર હોવાથી તેમની મુલાકાતે ગયા. તે બાદ યાત્રા ફતેહપુર તરફ આગળ વધી. ફતેહપુરના સાંસદ ડૉ. અશોક પટેલ અમારા રસાલા સામે ઘણા દૂર આવ્યા હતા. તેમના નિવાસસ્થાન અને હોસ્પિટલે મંડપ ખાતે યાત્રીઓનું ફૂલહારથી સ્વાગત થયું. અહીં નાસ્તો કર્યો. હોસ્પિટલની મુલાકાત લીધી. ડૉ. અશોક પટેલે યાત્રીઓનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું.

આગળની યાત્રા રક્ષપાલપુર તરફ ચાલી. રસ્તામાં પટેલનગર 'ચૌરાહા' શિવપુર વગેરે નાનાં ગામડાંના રસ્તા પર યાત્રાનાં સ્વાગતનાં બેનરો નજરે પડતાં હતાં. રસ્તાની બંને બાજુ લોકો 'આપ કા સ્વાગત હૈ' ના નારા બોલતા હતા. એક બે જગ્યાએ તો લોકોએ બસમાં જ યાત્રીઓનું ફૂલમાળાઓથી સ્વાગત કર્યું.

રક્ષપાલપુર તા. ૧૦-૧૦-૨૦૦૦

અમારી યાત્રા લગભગ બપોરે ૧૨-૩૦ વાગ્યે રક્ષપાલપુર આવી. ડૉ. અશોક પટેલ સાથે હતા. ગામમાં મોટો મંડપ તૈયાર કરેલો હતો. બેન્ડવાજા સાથે સ્વાગત થયું. ડૉ.અશોક પટેલે સભા સંબોધન કર્યું અને સંગઠનની

આવશ્યકતા પર ભાર મૂક્યો. શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી અંબાલાલ ચારીએ યાત્રા વિશે વિગતે ખ્યાલ આપ્યો.

ધાતા તા. ૧૦-૧૦-૨૦૦૦

રક્ષપાલપુરથી આગળ વધતાં માર્ગમાં મંજનપુર માધ્યમિક વિદ્યાલયમાં બાલિકાઓએ પુષ્પોથી યાત્રાનું સ્વાગત કર્યું. ત્યાંથી વધુ રોકાયા વગર બપોરે ૧.૩૦ વાગ્યે ધાતા પહોંચ્યા. બસમાંથી ઉતરતાં પુષ્પમાળાઓથી યાત્રાનું સ્વાગત થયું. ધાતા ઈન્ટરકોલેજમાં કાર્યક્રમ હતો. કોલેજના વિદ્યાર્થીઓએ રોડની બંને બાજુ કતારબંધ ઊભા રહી ધ્વજ પતાકાઓથી સ્વાગત કર્યું. અહીં શ્રી મણિભાઈ મમ્મી અને ડૉ. મફતભાઈ પટેલે વિદ્યાર્થીઓને શીખરૂપ ઉદ્‌બોધન કર્યું. ડૉ. અશોક પટેલ અહીંથી પરત થયા.

અલાહબાદ તા. ૧૦-૧૦-૨૦૦૦

અલાહાબાદ જતા રસ્તામાં ઉદ્‌હીનદુર્દ અને મનૌરી ગામ આવ્યાં. મનૌરી ખાતે બપોરથી સ્વજાતિ બંધુઓ યાત્રાની રાહ જોતા હતા. તે સાંજના ૫-૦૦ વાગ્યે ત્યાં પહોંચ્યા. અહીં ફૂલહાર અને નાસ્તા (જલપાન)થી સ્વાગત થયું. અહીં અખિલ ભારતીય પટેલ સંસ્થાન-અલાહાબાદના ઉપાધ્યક્ષ શ્રી વસંતલાલસિંગ યાત્રીઓને લેવા સામે આવ્યા હતા. અલાહાબાદ બપોરે ૧૨-૩૦ વાગ્યે પહોંચવાના બદલે અમો ૬-૩૦ વાગ્યે પહોંચ્યા. બપોરે યાત્રીઓ માટે ગુજરાતીસમાજમાં તૈયાર કરેલ ભોજન પણ ઠંડું થઈ ગયું હતું, જે સાંજે જમ્યા. બાદ સરદાર પટેલ સેવા સંસ્થાન ખાતે પહોંચ્યા. અહીં શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ સમાજયાત્રા વિશે, સંગઠન વિશે ખ્યાલ આપ્યો. કાર્યક્રમ ઝડપથી પતાવી આગળ વારાણસી તરફ ચાલ્યા.

વારાણસી તા. ૧૦-૧૦-૨૦૦૦

વારાણસી ખાતે સરદાર પટેલ મેમોરિયલમાં ત્યાંના સ્વજાતિ બંધુઓ સાથે સાંજે ૭-૦૦ વાગ્યે કાર્યક્રમ હતો, પણ અમે રાત્રે ૧૧-૦૦ વાગ્યે ત્યાં પહોંચ્યા. વારાણસીમાં પ્રવેશતાં બુદ્ધિ જીવીઓ, ડૉક્ટરો, એન્જિનિયરો પ્રોફેસરો વગેરેની પટેલ વિકાસમંચ-વારાણસી રસ્તા પર મંડપ બાંધી અમારા આગમનની રાહ જોતા હતા. રાત્રે ૧૧-૧૫ વાગ્યે પણ તેમની સાથે સભા થઈ. શ્રી મણિભાઈ મમ્મીએ સંગઠન વિશે અને યાત્રાના હેતુ વિશે ખ્યાલ આપ્યો. અહીંના તથા ત્યાંના બુદ્ધિજીવીઓ સાથે વૈચારિક આદાન-પ્રદાન થયું. સભા પતાવી રાત્રે ૧૨-૦૦ વાગ્યે પટેલ મેમોરિયલ ખાતે પણ સ્વાગત થયું. આટલું મોડું થયું છતાં સર્વ હાજર હતા. અહીં શ્રી જયરામભાઈ વાંસજાલીયા તથા શ્રી વિશ્રામબાઈ રૂડાણીએ યાત્રાનો ખ્યાલ આપ્યો. રાત્રે ૧.૩૦ વાગ્યે સૂતાં.

બીજા દિવસે સવારે ગંગાઘાટે સ્નાન માટે ગયા. પછી હિન્દુ આસ્થાના પ્રતીક શ્રી કાશીવિશ્વનાથ મહાદેવનાં દર્શન કર્યા. ત્યાંથી ૮.૩૦ વાગ્યે ચા-નાસ્તો કરી આંબેડકરનગર તરફ પ્રયાણ કર્યું.

ફતેહપુર-બડાગાંવ તા. ૧૧-૧૦-૨૦૦૦

વારાણસીથી બપોરે ૨-૦૦ વાગ્યે યાત્રા ફતેહપુર-બડાગાંવ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ મહાવિદ્યાલય ખાતે તૈયાર કરેલ સુંદર મંડપમાં યાત્રીઓનું સુંદર સ્વાગત થયું. અહીં શ્રી જયરામભાઈ વાંસજાળીયા, મનુભાઈ પટેલે પ્રવચનો કર્યાં. ત્યાં મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી વિશ્વનાથ વર્મા અને પ્રબંધક શ્રી રામચંદ્ર વર્માએ પ્રતિભાવ આપ્યો. શ્રી મણિભાઈ મમ્મીએ પાટીદાર સમાજની ખાસિયતો વર્ણવી સર્વને સંગઠન માટે પ્રોત્સાહિત કર્યા. અત્રે ફતેહપુરમાં શ્રી કેશવલાલ શેઠના હાથે કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરનો શિલાન્યાસ થયો. જે માતાજીનું ઉત્તર પ્રદેશ ખાતે પ્રથમ મંદિર બન્યું.

રાહુઆર-બદૌલી (આઝમગઢ) તા. ૧૧-૧૦-૨૦૦૦

ફતેહપુરથી ૪-૦૦ વાગ્યે નીકળી માદલપુર ખાતે ડૉ. જયરામ વર્માની આઈસ ફેકટરીમાં બપોરનું ભોજન સાંજના ૬-૦૦ વાગ્યે લીધું. ત્યાંથી રાત્રે ૮-૩૦ વાગ્યે રાહુઆર બદૌલી પહોંચ્યા. અહીંનો કાર્યક્રમ અભૂતપૂર્વ હતો. અમારું ભવ્ય સ્વાગત થયું. અહીં આજુબાજુના ૧૦ કિલોમીટરના વિસ્તારમાંથી લગભગ ૧૦-૧૫ હજાર લોકો એકત્રિત થયા હતા. આખું કેમ્પસ ધજા-પતાકાઓથી શણગારેલ હતું. ઢોલ-ત્રાંસાંથી સ્વાગત થયું. લોકો સ્વાગત માટે બંને બાજુ કતારબંધ ઊભા હતા. 'સરદાર પટેલ અમર રહો', 'ઉમિયા માતકી જય'ના નારાઓથી સ્થળ ગાજી ઊઠ્યું હતું.

શ્રીકૃષ્ણા પટેલ મહાવિદ્યાલય ખાતે વિશાળ મંચ તૈયાર કરવામાં આવ્યો હતો. મંચ તરફ અમને દોરી જવામાં આવ્યાં. જ્યાં ફૂલહારોથી દરેકનું સ્વાગત થયું. ત્યાંથી જલપાન (નાસ્તા) માટે ગયા. નાસ્તા બાદ ૯.૩૦ વાગ્યે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

ખાસ ધ્યાનપાત્ર વાત એ હતી કે આ વિદ્યાલયના પ્રબંધક શ્રી રામસકલસિંહ પટેલ એક સાદા, સરળ અને ગાંધીવાદી ઉમદા કાર્યકર છે. જેઓએ પોતાની સેવા દ્વારા આ પછાત વિસ્તારને ઠીકઠીક વિકસિત કર્યો છે. ખાદીની ટૂંકી ધોતી, સાદો સફેદ ઝભ્ભો એમનો પોષાક છે. શ્યામ વર્ણના છે. તેમને જોતાં કોઈએ ખ્યાલ ના આવે કે આ માણસની આટલી શક્તિ હશે અને આ વિસ્તાર તેમના બોલ પર ગમે તે કરવા તૈયાર થતો હશે. તેમના વ્યક્તિત્વ અને પ્રભાવથી આ કાર્યક્રમમાં આટલી વસતિ આવી હતી. લોકો ટ્રેક્ટરો દ્વારા દૂરદૂરથી આવ્યા હતાં.

કાર્યક્રમ સ્થળે મંચ પર મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને મા ઉમિયાનું ત્યાંના ચિત્રકારે તૈયાર કરેલ તૈલચિત્ર રાખવામાં આવ્યું હતું. આ ચિત્રોને શેઠ શ્રી કેશુભાઈ પટેલે ફૂલમાળાઓ અર્પિત કરી. મંચ પરના યાત્રીઓની ઓળખ શ્રી મણિભાઈ મમ્મીએ આપી. દરેક યાત્રીને મા ઉમિયાની છબિવાળો સુંદર મોમેન્ટો-એવોર્ડ ઓફ ઓનર ભેટ આપવામાં આવ્યો. દરેકનું ગરમ શાલથી સ્વાગત થયું. શ્રી રામસકલસિંહ પટેલે સ્વાગતપ્રવચન કર્યું. શ્રી મણિભાઈ મમ્મી એ યાત્રાનો હેતુ, ભારતમાં વસતા પાટીદારોની એકતા, સંગઠન વિશે તેમજ પાટીદારોની પ્રમાણિકતા, મહેનતની ખૂબીઓ વિશે, સમૂહલગ્નો યોજવા બાબતે લાંબું પ્રવચન આપ્યું. આ સિવાય મધ્ય પ્રદેશના શ્રી માંગીલાલ પાટીદારે ગુજરાતના પાટીદારોના સથવારે સમૂહલગ્નોનાં આયોજનો અને વિકાસ બાબતે મનનીય પ્રવચન કર્યું. દિલ્હીના શ્રી સી. બી. સિંઘ અને શ્રી પી.સી.આર. પટેલે પણ ગુજરાતની સમાજયાત્રાને બિરદાવી, પાટીદાર સંગઠનને મજબૂત બનાવવા હાકલ કરી. શ્રી કેશુભાઈ શેઠે યુ.પી. ખાતે જ્યાં જ્યાં સમુહલગ્નો થાય ત્યાં દરેકને ત્યાં દરેકને રૂા. ૫૦૦૦ આપવાનું એલાન કર્યું. શ્રી ઓ.આર. પટેલે આ સંસ્થાને ૧૧ ઘડિયાળો ભેટ આપવાની જાહેરાત કરી. અંતમાં શ્રી રામસકલસિંહ પટેલે 'મા ઉમિયાને જીવન સમર્પિત કરવાનું એલાન કર્યું અને યુ.પી. ખાતે પ્રથમ દહેજ વગર સમૂહલગ્નો કરવાની જાહેરાત કરી. છેવટે રાત્રે ૧-૩૦ વાગ્યે કાર્યક્રમ પૂરો થયો. ત્યારબાદ ભોજન થયું અને રાત્રે ૨-૩૦ વાગ્યે સૂતા.

બીજા દિવસે સવારે શ્રી કેશુભાઈ શેઠના હસ્તે વિદ્યાલય સંકુલ ખાતે શ્રી ઉમિયા હોલનું ખાતમુહૂર્ત થયું, જેમાં બધા જ યાત્રીઓ તરફથી રૂા. ૨૫,૦૦૦નું દાન આપવામાં આવ્યું.

ગોરખપુર - તા. ૧૨-૧૦-૨૦૦૦

રાહુવર-બદૌલીની સૌથી પ્રભાવક મુલાકાત બાદ સવારે ચા-નાસ્તો કરી ૮.૩૦ વાગ્યે ભાવભરી વિદાય લઈ અમે ગોરખપુર જવા ઊપડ્યા. ગોરખપુરના ડેપ્યુટી મેયર શ્રી જિતેન્દ્ર ચૌધરી પાંચ કિલોમીટર સામે લેવા આવ્યા હતા. અમારી યાત્રા જનતા ઈન્ટરકોલેજ ખાતે પહોંચી. અહીં પણ મંડપ સજાવેલો હતો. ચા-નાસ્તો કર્યો. આ સંસ્થા પૂર્વ સાંસદ શ્રી પંકજ ચૌધરીની હતી. તેમનાં માતાજી ઉજવલ ચૌધરી પ્રમુખ શ્રી મહારાજગંજ જિલ્લા પંચાયત અને તેમનાં બહેન શ્રીમતી સાધના ચૌધરી-અધ્યક્ષ શ્રી સિદ્ધાર્થનગર જિલ્લા પંચાયત અને બનેવી શ્રી પપ્પુ ચૌધરી-ધારાસભ્ય સર્વેએ અમારું પ્રવચન કર્યું. શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવ્યો. કુરૂઢિયો દૂર કરવા જણાવ્યું. શ્રી સીતારામભાઈ જો. પટેલ શ્રી ઉમિયા માતાજી - ઊંઝાની સ્થાપનાનો ઇતિહાસ કહ્યો અને ભારતભરના કૂર્મિ પાટીદારો માતાજીની ધજા નીચે એક બની સામાજિક - આર્થિક વિકાસ સાધે, તેવો અનુરોધ કર્યો. અહીંથી અમો સંત કબીરનગર રવાના થયા.

સંત કબીરનગર તા. ૧૨-૧૦-૨૦૦૦૦

અહીં પણ યાત્રીઓનું પુષ્પમાળાઓથી સ્વાગત થયું. ચા-નાસ્તો પતતાં સભા થઈ. શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ સંબોધન કર્યું. સમાજયાત્રાનો હેતુ અને સંગઠન મજબૂત બનાવવા આહ્‌વાહન કર્યું. શ્રી રામલલિતજી-કિસાન નેતાએ ભાવવિભોર થઈ ગુજરાતના આગેવાનો માટે ઉપકાર ભાવ દર્શાવ્યો. શ્રી રામાધાર ચૌધરી તરફથી દરેક યાત્રીને આકર્ષક ટુવાલની ભેટ મળી.

બસ્તી - તા. ૧૨-૧૦-૨૦૦૦

અમારી યાત્રા અહીં ૪-૧૫ વાગ્યે આવી. શ્રીરામપ્રસાદ ચૌધરી-પૂર્વ ધારાસભ્ય અને મંત્રી, શ્રી રામલલિત ચૌધરી, શ્રી શિવનારાયણ ચૌધરી, સંસ્થાના અધ્યક્ષ વગેરેએ પટેલ છાત્રાવાસ ખાતે અમારું સ્વાગત કર્યું. ત્યારબાદ ૪-૩૦ વાગ્યે ભોજન કર્યું. બાદમાં કાર્યક્રમ શરૂ થયો. અહીં શ્રી એમ.સી. ચૌધરી અને શ્રી નરસિંહ પટેલ 'અજ્ઞાની' અમારી સાથે હતાં.

શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રીઓનો પરિચય આપ્યો અને યાત્રાનો હેતુ સમજાવ્યો. અહીં જુદા જુદા નામધારી કુર્મિક્ષત્રિયો ઊંચનીચના ભેદમાં રાચે છે, તે સર્વ એક જ લોહીના છે, તેમ જણાવી સંગઠન મજબૂત કરવા તૈયાર થવા જણાવ્યું.

અયોધ્યા-ફૈઝાબાદ તા. ૧૨-૧૦-૨૦૦૦

અયોધ્યા સાંજના ૫-૩૦ વાગ્યે પહોંચવાનું હતું. પરંતુ રાત્રે ૮-૩૦ વાગ્યે પહોંચ્યા. અહીં રામજન્મભૂમિ-બાબરી મસ્જિદના વિવાદને લઈને અમારી ગાડી અટકાવી. ત્યાં પી.એસ.આઈ.ને ગુજરાતના સમાજયાત્રીઓનો ખ્યાલ આપ્યો. જેથી તેઓ અમારી ગાડીમાં જ અમને અમારા જાનકીમહલના ઉતારે મૂકી ગયા. ત્યાં રાત્રે વિશ્રામ કર્યો.

બીજા દિવસે સવારે વહેલા ઊઠી સરયુમાં સ્નાન કર્યું અને રામલ્લાના દર્શને ગયા. અહીં વિવાદને લીધે કડક સલામતીવ્યવસ્થા હતી. રામલ્લાનાં તથા હનુમાન ગઢીએ દર્શન કરી અમો સવારે ૮-૩૦ વાગ્યે ત્યાંથી વિદાય થયા. (અહીં સભા જેવું કોઈ આયોજન થયું ન હતું.)

બારાબાંકી - તા. ૧૩-૦૧-૨૦૦૦

અહીં અમે સવારે ૧૧-વાગ્યે આવ્યા. અહીં પાવરલૂમ, સોલ્વંટ ઉદ્યોગ, કેમિકલ ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટિકલ વગેરે ઉદ્યોગો પર કુર્મિ-સમાજની સારી પકડ છે. અહીં સરદાર પટેલ સંસ્થાન - પટેલનગર ખાતે કાર્યક્રમ હતો. સ્વાગત, માલ્યાર્પણ, ચા-નાસ્તો થયા બાદ કાર્યક્રમ શરૂ થયો. સંસ્થાના અધ્યક્ષ શ્રી રમાપતિ વર્માએ સૌને આવકાર્યા. શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી પી.સી. આર. પટેલ - દિલ્હીએ સભા સંબોધી મણિભાઈએ ઉત્તર પ્રદેશની જમીન સારી તેમજ મબલખ પાણી છતાં ખેડૂત પછાત કેમ ? તે પ્રશ્ન પૂછી ગુજરાતના મહેનતકશ ખેડૂતની આબાદીનો ખ્યાલ આપ્યો. શ્રી નારણભાઈ ડી. ધોળુ-કચ્છે સૂકી, રણની જમીનને મહેનતથી સાધ્ય કરી ઓછા પાણીએ પણ સારો પાક લઈ શકાય છે - તે સમજાવ્યું. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના કૃષિમંત્રી શ્રી સંગ્રામસિંહ પણ ખાસ હાજર હતા.

લખનઉ તા. ૧૩-૧૦-૨૦૦૦

બારાબાંકીથી લખનઉ જતાં બપોરે ૧-૦૦ વાગ્યે શેખર હોસ્પિટલ - ઈન્દ્રનગરના ડૉક્ટરોએ અમારું સ્વાગત કર્યું. પરિચયવિધિ બાદ ચા-નાસ્તો પતાવી સભા થઈ. બાદ અમે લખનઉ પબ્લિક સ્કૂલ ખાતે ૨-૩૦ વાગ્યે પહોંચ્યા. સ્કૂલના અધ્યક્ષ શ્રી એસ.પી. સિંઘ અને અન્ય મહાનુભાવોએ અમારું ફૂલમાળાઓથી સ્વાગત કર્યું. અહીં શ્રી પી.સી. આર. પટેલ - દિલ્હી અને શ્રી મણિભાઈ મમ્મીએ સભા સંબોધી અને એકતા બનાવવા પર ભાર મૂક્યો. કુરૂઢિયો દૂર કરવા જણાવ્યું. યુ.પી. ખાતે વસતિના ૧૮ ટકા કૂર્મિક્ષત્રિયો છે, છતાં વેરવિખેર હોઈ કોઈ પ્રભાવ નથી - તો સંગઠિત બની પ્રભાવી બનવા ચર્ચા થઈ. શ્રી માંગીલાલ પાટીદારે ગુજરાતના સાથથી મધ્ય પ્રદેશમાં આવેલી જાગૃતિનું વર્ણન કર્યું. ડૉ. લીલાબહેન પટેલે પણ સ્ત્રીવિકાસ માટે સંબોધન કર્યું. અત્રે ઉત્તર પ્રદેશ સહકાર મંત્રી શ્રી રાજકુમાર વર્માએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો. અહીં રાયબરેલીના પણ દસેક કાર્યકર્તાઓ આવ્યા હતા. કાર્યક્રમ બાદ બપોરનું ભોજન સાંજના ૪-૦૦ વાગ્યે કરી સાંજના ૫-૦૦ વાગ્યે ત્યાંથી સીતાપુર જવા રવાના થયા.

સીતાપુર - તા. ૧૩-૧૦-૨૦૦૦

અહીં રાત્રે ૮-૦૦ વાગ્યે ઘણી મોટી સંખ્યામાં સ્વજાતિ બંધુઓએ અમારું ફૂલ માળાઓથી સ્વાગતકર્યું. રેસ્ટહાઉસમાં જલપાન (નાસ્તા)ની વ્યવસ્થા હતી. તે બાદ કાર્યક્રમ શરૂ થયો. સીતાપુરના સાંસદ શ્રી રાજેશ વર્મા હાજર હતા. જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રી મહેન્દ્રસિંહ વર્મા, શ્રી પ્રેમનાથ વર્મા, શ્રીમતી માલતી વર્મા, લખીમપુર જનપદના શ્રી ઓમપ્રકાશ પટેલ વગેરે મહાનુભાવો હાજર હતા. અહીં પણ સુગરમિલો ગોળના ભઠ્ઠા, પ્લાયવૂડ

ફેક્ટરીઓ, ઈંટોના ભઠ્ઠા વગેરે ઉદ્યોગો પર આપણા બંધુઓનો કાબૂ છે - તેમ શ્રી એ.કે. કટિયારે જણાવ્યું. તેમના પૂર્વજો ઝાંસીની રાણીના લશ્કરમાં હતા. તેમણે પણ સંગઠનની અનિવાર્યતા પર ભાર મૂક્યો. શ્રી મણિભાઈ મમ્મીએ પરિચય વિધિ બાદ યાત્રાનો હેતુ વર્ણવ્યો. સાંસદ શ્રી રાજેશ વર્માએ ગુજરાતના આ સંગઠન પ્રયાસને બિરદાવવી કાર્યક્રમ ૧૧-૦૦ વાગ્યે પતાવી ભોજન લઈ રેસ્ટહાઉસમાં રાત્રિવિરામ કર્યો.

બીજા દિવસે સવારે તૈયાર થઈ ત્યાંની પ્રખ્યાત આંખની હોસ્પિટલ જોવા ગયા. અહીં ગુજરાતીઓના ફાળાથી તૈયાર થયેલ ગુજરાતી વોર્ડ પણ છે. ત્યારબાદ લખીમપુર ગોલા તરફ પ્રયાણ કર્યું.

ગોલા તા. ૧૪-૧૦-૨૦૦૦

સીતાપુરથી સવારે ૯-૦૦ વાગ્યે અમે લખીમપુર તરફ નીકળ્યા. લગભગ ૧૧-૦૦ વાગ્યે ગોલા-ગોકરનનાથ આવ્યા. અહીં શ્રી ગોકરનનાથ મહાદેવના પ્રાચીન મંદિરે દર્શને ગયા.

આ મંદિરની દંતકથા છે કે શિવભક્ત રાવણ હરરોજ લંકાથી કૈલાસ મહાદેવજીની પૂજા અને દર્શને જતો. તેણે દરરોજ આમ મુસાફરી કરવાને બદલે ત્યાંથી મહાદેવજીનું શિવલિંગ લંકા લઈ જવા નક્કી કર્યું,જેથી રોજ કૈલાસ જવું મટે. તેણે શિવજીને પ્રસન્ન કરી લિંગરૂપે લંકાજવા પ્રાર્થના કરી. શિવજી સંમત થયા પણ રાવણને તે લિંગ રસ્તામાં ક્યાંય નીચે ન મૂકવા જણા્‍વ્યું જો તે લિંગને નીચે મૂકશે તો લિંગ ત્યાં જ રહેશે. રાવણ તે મુજબ લિંગ લઈને નીકળ્યો. રસ્તામાં આ ગોકરણનાથની ગોલાની જગ્યાએ રાવણને કુદરતી હાજરે જવાની તીવ્ર ઇચ્છા થઈ. રાવણે તે લિંગ ત્યાં ગાયો ચરાવતા ગોવાળને નીચે નહિ મૂકવાની સૂચના આપી સોંપ્યું. ગોવાળથી લિંગનું વજન સહન ન થયું. તે લિંગને ત્યાં મૂકી ભાગ્યો લિંગ ત્યાં જ સ્થિર થયું. તે જ આ મંદિરમાંનું લીંગ છે.

ગોલામાં કૂર્મિ ક્ષત્રિય કલ્યાણ સમિતિ તરફથી કંકુ-ચોખા અને ફૂલહારથી અમારું સ્વાગત થયું. કૃતક સમાજ ઇન્ટરકોલેજમાં કાર્યક્રમ હતો. અહીંના સાંસદ શ્રી રામસિંહ વર્મા, શ્રી કૌશલકુમાર વર્મા - વિધાયક, શ્રી યશપાલ ચૌધરી- પૂર્વ વિધાયક, શ્રી સાજનલાલ વર્મા - અધ્યક્ષ લેન્ડ ડેવલપમેન્ટ બેન્ક, શ્રી કપિલ વર્મા - અધ્યક્ષ જિલ્લા સહકારી બેન્ક વગેરે અગ્રણીઓ હાજર હતા. શ્રી પ્રહ્લાદભાઈ જે. પટેલે પરિચય આપ્યો. શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવ્યો. શ્રી સીતારામભાઈ જો. પટેલે પણ ગુજરાત - યુ.પી.ના કૂર્મિ પાટીદારોના સમાજજીવનનું વિશ્લેષણ કર્યું. દિલ્હીવાલાઓએ પણ પ્રવચનો કર્યા. કાર્યક્રમ ૨-૩૦ વાગ્યે પૂરો થયા બાદ ભોજન લઈ બરેલી તરફ પ્રયાણ થયું.

બરેલી તા. ૧૪-૧૦-૨૦૦૦

અમારી યાત્રા રાત્રે ૮-૦૦ વાગ્યે બરેલી પહોંચી. અહીં બરેલી અર્બન કો.ઓ. બેન્કના પટાંગણમાં કુર્મિક્ષત્રિય પાટીદાર સમાજ તરફથી ફૂલમાળાઓથી અમારું સ્વાગત થયું. જલપાન (નાસ્તા)ની વ્યવસ્થા હતી. બરેલી ખાતે ચાર રસ્તા પર સરદારસાહેબની મોટી પ્રતિમા રાખેલી છે, તે બરેલીમાં કૂર્મિ પાટીદારો વધુ પ્રમાણમાં છે તે બતાવે છે. અહીંના સ્વજાતિ બંધુઓ સાથેની બેઠકમાં શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ અને યુ.પી. ફર્યા બાદ થયેલ ત્યાંના સમાજદર્શન બાબતે વિગતે પ્રવચન આપ્યું. માંગીલાલ પાટીદારે મધ્ય પ્રદેશ ખાતે ગુજરાતના સહકારથી થયેલ સામાજિક પરિવર્તનનો ખ્યાલ આપ્યો.દિલ્હીના ભાઈઓએ પણ શ્રી ઉમિયા માતાજીના માધ્યમથી સંગઠન મજબૂત કરવા જણાવ્યું. બરેલીના ધારાસભ્ય શ્રી ભગવતશરણ ગંગવારે ગુજરાતનો સંદેશ ઝીલી સમાજવિકાસ સાધવા અનુરોધ કર્યો.

બરેલી ખાતેનો અમારી સમાજયાત્રાનો આ છેલ્લો પડાવ હતો. આ યાત્રા કાર્યક્રમ યોજવાનું અને અમારી સાથે રહી તેને સફળ બનાવવાનું આયોજન કરનાર દિલ્હીના આઠેય ભાઈઓ બીજા દિવસે અમારાથી છૂટા થઈ દિલ્હી પ્રયાણ કરવાના હતા. અમારી ગુજરાત ટીમે શ્રી કેશુભાઈ શેઠના હસ્તે તેમની આ ઉત્સાહભરી જહેમત બદલ તે દરેકનું શાલ ઓઢાડી સન્માન કર્યું અને આભારની લાગણી વ્યક્ત કરી. રાત્રે ૧૧-૦૦ વાગ્યે આ કાર્યક્રમ પતાવી ભોજન લઈ નિદ્રાધિન થયા.

બીજા દિવસે તા. ૧૫-૧૦-૨૦૦૦ના રોજ સવારે વહેલા નીકળવાનું હતું. ૬.૩૦ વાગ્યે તૈયાર થયા. ત્યાં અમારા આશ્ચર્ય વચ્ચે ભારતના પેટ્રોલિયમ મંત્રી

શ્રી સંતોષચંદ્ર ગંગવાર દિલ્હીથી ખાસ ગુજરાતના સમાજયાત્રીઓને મળવા વિમાન મારફતે વહેલી સવારે ત્રણ વાગ્યે આવીને અમારી રાહ જોતાં બેઠા હતા. તેઓ રાત્રે હાજર રહેનાર હતા, પણ કારણવશાત્ આવી શક્યા નહોતા. જેથી વહેલી સવારે ખાસ વિમાન મારફતે દોડતા આવ્યા હતા. બરેલી તેમનો મતવિસ્તાર હતો, જેથી ગુજરાતના સ્વજાતિ બંધુઓને મળવાના દિલના ઉમળકાને ન રોકી શક્યા અને આખી રાતનો ઉજાગરો કરી આવ્યા હતા. ગુજરાતના યાત્રીઓ સાથે મિલન થયું. ખૂબ જ સરળ વ્યક્તિત્વ છેલ્લા ચાર ટર્મથી ચૂંટાતા આવતા અને કેન્દ્રના મંત્રી હોવા છતાં નિર્દંભ હતા. તેમની સાથે મિટિંગ થઈ. સમાજયાત્રા વિશે પૂછપરછ થઈ. છેલ્લે તેમણે યાત્રીઓ માટે રસ્તામાં નાસ્તાની વ્યવસ્થા કરાવી આપી અને અમે વિદાય લીધી.

અમે બરેલીથી સવારે ૮-૩૦ વાગ્યે ગુજરાત તરફ નીકળ્યા. નીકળતાં સરદારસાહેબને પુષ્પમાળા ચડાવી. ત્યાંથી જયપુર રોકાઈ બીજા દિવસે ગુજરાત આવ્યા. આમ અમારી યુ.પી.ની સમાજયાત્રા પરિપૂર્ણ થઈ.

સમાજયાત્રા દરમિયાન ધ્યાન ખેંચતી બાબતો

૧. યુ.પી.ના લોકોનો પ્રેમ ખૂબ મળ્યો.
૨. દરેક જગ્યાએ દરેકનું ફૂલમાળાથી સ્વાગ.
૩. નાસ્તો તો ખરો જ. જે ફૂલ ડિશ જેટલો.
૪. ગુજરાતમાં વેવાઈની મહેમાનગતિ કરીએ, તેનાથી પણ અદકેરી મહેમાનગતિ માણી.
૫. જમીન સારી, મબલખ પાણી છતાં ખેડૂત આળસુ. જેથી વિકાસમાં પાછળ. સરખામણીએ ગુજરાતનો ખેડૂત ઓછી જમીન, ઓછું પાણી છતાં ખૂબ શ્રમથી વધુ ઉત્પાદન લે
૬. દહેજ, વ્યસન, પ્રેતભોજન જેવાં વ્યસનોના પ્રભાવે આર્થિક બહોલ ગુજરાતમાં ખૂબ ઓછું જેથી આગળ.
૭. શિક્ષણમાં આગળ આઈ.એ.એસ. વધુ પણ સમાજની ઓછી જાગૃતિને લીધે શૈક્ષણિક સંકુલો કે કન્યાકેળવણીમાં પાછળ ગુજરાત શૈક્ષણિક રીતે આગળ પણ આઈ.એ.એસ. અધિકારીઓ ન ગણ્ય છે.
૮. સરકારનો પછાત જાતિનો અનામતનો લાભ મળે પણ માનસિક પછાતપણું સમાજના ઉચ્ચવર્ગ સાથે કદમ મિલાવી ન શકે. ગુજરાતમાં અનામતનો લાભ નથી, જેથી પછાતપણાની માનસિક્તા નથી.
૯. હાથમાં બંદૂક જેવા હથિયાર હોય, જલદી ગરમ થવાનો સ્વભાવ, ગુજરાતમાં તેવું નથી.
૧૦. મોટી સંખ્યામાં કૂર્મિઓની વસતિ હોવા છતાં સરકાર પર પ્રભાવ ઓછો - ગુજરાત સરકારમાં ભાગીદારી તેમજ પ્રભાવ ઘણો.
૧૧. કન્યાકેળવણી નહિવત્, કન્યા છાત્રાલયો લગભગ નહીં જ - ગુજરાતમાં કન્યાકેળવણી માટે ખાસ ધ્યાન અપાય, કન્યા છાત્રાલયો પણ ઘણાં છે.
૧૨. કેળવણી તેમજ સામાજિક પછાતપણાને સહાયરૂપ થવા સામાજિક સંસ્થાઓ પ્રયત્નશીલ નથી, જ્યારે ગુજરાતમાં સંસ્થાઓ પ્રયત્નશીલ છે.
૧૩. યુ.પી. ખાતે જીવનધોરણનું પછાતપણું દેખાઈ આવે - ગુજરાતમાં જીવનધોરણની આગેકૂચ દેખાય.
૧૪. યુ.પી. ખાતે સ્વજાતિ બંધુની એકતા ઓછી - ગુજરાત તે બાબતે આગળ છે.
૧૫. યુ.પી.માં કૂર્મિક્ષત્રિયઓને સંગઠિત કરે તેવી આગળ પડતી કોઈ સંસ્થા નથી. ગુજરાતમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા તેમજ બીજાં મંદિરો અને સામાજિક સંસ્થાઓએ સંગઠનનું કામ ઉપાડી લીધું છે.
૧૬. સમાજના આર્થિક ધોવાણને અટકાવવા સમૂહલગ્નો જેવું કોઈ આયોજન નથી. ગુજરાતમાં આ બાબતે જાગૃતિ.
૧૭. યુ.પી.માં સરદારસાહેબ, શિવાજી મહારાજ અને શાહજી મહારાજ માટે અહોભાવ, જ્યારે સરદારસાહેબ ગુજરાતના હોવા છતાં તેવું માનપાન નથી.

સમાજયાત્રાની ફલશ્રુતિ

યુ.પી.ની આ સમાજયાત્રાએ ત્યાંના સમાજને વિચાર કરતો કરીમૂક્યો છે. સમાજયાત્રાના વિચારચિંતનનાં વાવેલાં બીજને ફણગો રાહુવર-બદૌલી - આઝમગઢ ખાતે રામસકલસિંહ પટેલે ઉગાડ્યો. તેમણે સમાજયાત્રા વખતે સમૂહલગ્નો યોજવાની આપેલી ખાતરીનો અમલ ઈ.સ. ૨૦૦૧ની સાલથી શરૂ કર્યો. પ્રથમવાર તેમણે બીના દહેજ શાદી ૮૦ યુગલોની કરાવી. તે વખતે ઊંઝાથી શ્રી કેશુભાઈ શેઠ - પ્રમુખ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની આગેવાનીમાં શ્રી ઓ.આર. પટેલ - ઉપપ્રમુખ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા અને અજન્ટા ઘડિયાળના માલિક, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી વિક્રમભાઈ પટેલ, શ્રી સોમાભાઈ પટેલ, શ્રી પ્રહ્‌લાદભાઈ જે. પટેલ શ્રી શંકરભાઈ પટેલ અને શ્રી તુલસીભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેમાં યુ.પી. સરકારના આઠ મંત્રીશ્રીઓ હાજર હતા. સરકાર માટે આ નવો પ્રયોગ હતો. તે જાણવા અને જોવા પણ ઘણા પદાધિકારીઓ હાજર રહ્યા. લગભગ ૫૦,૦૦૦થી એક લાખ માણસો હાજર હતા.

શ્રી રામસકલસિંહ પટેલ છેલ્લાં ચાર વર્ષથી આવાં સમૂહલગ્નો યોજે છે. ત્રણ વર્ષ આવાં સમૂહલગ્નો યોજે છે. ત્રણ વર્ષ ઊંઝાથી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. દરેક વખતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા તરફથી દરેક કન્યાને પાનેતર, કંકુપડો અને માતાજીનો ફોટો ભેટ અપાય છે. પ્રથમ વખતે શ્રી ઓ.આર. પટેલે દરેક કન્યાને કાંડા ઘડિયાળ આપી હતી.

સમાજયાત્રાને લીધે ફતેહપુર-બડાગાંવ ખાતે મા ઉમિયાનું મંદિર બન્યું છે. દિલ્હી ખાતે પણ પણ મંદિરનું આયોજન થઈ રહ્યું છે.

રાહુવર-બદૌલી સિવાય પણ અન્ય જગ્યાઓએ હવે સમૂહલગ્નો થવા લાગ્યાં છે.

સમાજસેવકોને વ્યસનમુક્તિ, પ્રેતભોજન બંધી દહેજબંધી શૈક્ષણિક વિકાસ, આર્થિક વિકાસ, સરકારી પ્રવૃત્તિ વગેરે ગુજરાતમાં જોઈ યુ.પી.માં પણ આયોજન કરવામાં રસ જાગ્યો છે.

જુદી જુદી અટકો બંધ કરી માત્ર 'પટેલ' લખવાનું ચાલુ થયું છે.

મા ઉમિયાને કુળદેવી તરીકે સ્વીકારવા લાગ્યા છે.

ભારતભરમાં કૂર્મિ ક્ષત્રિયો ફેલાયેલા છે. તે જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા નામોથી ઓળખાય છે. હવે કૂર્મિ ક્ષત્રિય પ્રજાને જાણ થઈ છે કે તેઓ એક મહાજાતિ છે અને જુદા જુદા રાજયોમાંના દરેક પોતાના સ્વજાતિબધુ છે.

દરેક એકતા માટે અપેક્ષા રાખી રહ્યા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુ.પી.ના ભાઈઓ એકબીજાની સમાજ યાત્રાઓથી સંપર્કમાં આવ્યા છે. તેઓ બધા સંગઠિત બને તે માટે તૈયાર છે. તેઓ મા ઉમિયાની ધજા નીચે એકતા અને ભાઈચારો ઇચ્છે છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ખાતે બિહાર, નેપાલ, મહારાષ્ટ્રના ભાઈઓ સંપર્ક કરી રહ્યા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુ.પી., ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ એકતા માટે જે પ્રયત્નો કર્યા, અને સમાજયાત્રાઓ યોજી તેજ પ્રમાણે બિહાર, નેપાળ, મહારાષ્ટ્રમાંપણ યોજવા માટે આમંત્રિત કરી રહ્યા છે.

- ભારતભરતમાં દરેક રાજયોમાં જુદા જુદા નામે વસતી પટેલ જાતિ અંદાજે વીસ કરોડથી પણ વધુ છે. તેમની એકતા અને ભાઈચારો એ આગામી સમયની વાસ્તવિકતા હશે અને આ મહાજાતિ ૨૧મી સદીમાં મા ઉમિયાને કુળદેવી સ્વીકારી તેની ધજા નીચે એક બનશે. એવી માની ઇચ્છા જણાય છે. આ ભવિષ્યવાણી ટૂંક સમયમાં વાસ્તવિકતા બનશે અને ભારતના વિકાસમાં એક મહત્ત્વનું અંગ હશે.

મા ઉમિયાના આશીર્વાદ આપણી સાથે જ છે !

(સિતારામ જો પટેલ - ઊંઝા)

કડવા પાટીદારોમાં સમાજ સુધારણાનો ઈતિહાસ

- ડૉ. મંગુભાઈ પટેલ

૧૯મી સદીમાં ગુજરાતના પાટીદારોમાં ઘણી ખરાબ માન્યતાઓ અને રૂઢિઓ પ્રચલિત હતી. જંતરમંતર, ભૂતપ્રેત અને મેલીવિદ્યામાં લોકો માનતા હતા. મરણ પાછળ જાહેરમાં રોવા કકળવા અને જમણનો કુરિવાજ હતો. અસ્પૃશ્યતા હતી. સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી. છોકરીઓને દુધપીતી કરવામાં આવતી. દહેજ કે પહેરામણી, બાળ લગ્ન અને વિધવા વિવાહની મનાઈનીચાલ ઘર ઘાલી બેઠા હતા. કડવા કણબીઓ પારણામાં ઝુલતા બાળકનું વેવિશાળ લગ્ન થાય તો ગૌરવ અનુભવતા !

મોટાઈ અને કુળ અભિમાનમાંચડસા ચડસી અને હરીફાઈ વધી. વરાના ખર્ચા વધાર્યા, પ્રેત ભોજન, ઘરબાર, જમીન, જણસો ગીરો મુકીને કે વેચીને પણ કરવા લાગ્યા. વરસની કમાણી એક જ વરામાં ઉડાડી દેવાતી. ઘર કે ખેતર શાહુકારને ત્યાં અડાણું મુકાય. ગમે તે ઉંમરનું મરણ થયું હોય ઘર કે ખેતર વેચીને, દેવું કરીને પણ જ્ઞાતિને પ્રેત ભોજન આપવું પડે - તત્કાલીન કુરિવાજોની ઝાંખી સાહિત્યમાં પણ જોવા મળે છે. પાટીદાર કવિયત્રી રૂડકીબાઈએ ખેડુતના બાર માસનાં દુઃખનું વર્ણન સરસ કર્યું છે.

''ભાવઠ ભાગોને ભુધરા
કહીએ કણબીનું દુઃખ
કણબી પાસે કપડાં નથી
દાઢી કડ કડ થાય
વાવર્યું ધન દેવું કરી
થયા મનમાં મગન
આસોએ કણબી વાસો રહે
ટાઢા ટુકડા ખાય
કેવો દિન દિવાળીનો
ન જાણે મનમાંય.''

નાતરું ન થાય, ફુલ ના દરે પરણાવાય, વહેમ, અંધ શ્રધ્ધા, બાળકો પુરતાં જ નહીં. ઢોરઢાંખર માટે પણદોરાધાગા થયા, કાળી મજુરી, ખોરાકમાં ઠેકાણું નહીં, આરોગ્ય બગડ્યું, ગોળ બાંધ્યા, પંચો લોભમાં આવ્યા અને પટલાઈનો દાવપેચ શરૂ થયો. સૌ કડવા કણબીઓ જ્યાં વસતા હોય ત્યાં તિથિઓ કાઢી હોય તે પ્રમાણે લગ્નો કરતા. લગ્નની લેવડ-દેવડના નિયમો થયા. કન્યાઓને દુઃખ આપવાનું એક યા બીજાબહાને ખાનદાન ગણાતા કુળમાં શરૂ થયું. એક ગામમાં તો જાન ૨૭ દિવસ રહી હતી. પછી પાટડીએ સુધારો કર્યો કે જાન સાત જ દિવસ રાખવી. પોતાના જમાઈને પૂજ્ય માની ધન, દક્ષિણા ભેટો આપવા લાગ્યા. જે ચાંલ્લો થઇ પડ્યો, વરરાજાના સગા વહાલાને કન્યાના મા-બાપ આજે પણ ભેટ સોદો આપે છે. આ બધું હરિફાઇના રૂપે થવા લાગ્યું. કરિયાવરની કબુલાતો લગ્નપહેલા નક્કી થવા લાગી. એટલું જ નહીં 'વહુ' ઘરમાં પારકુ ધન ગણાવા લાગી. તારા બાપને ત્યાંથી પરણી આવી ત્યારે ટંકમાં (ગવારામાં) શું લાવી તેની ચકાસણી થવા લાગી, કરિયાવરને નામે 'વહુ' એ 'ધામેણું' લાવવાનું, ધામેણાંની ભેંસ સારી ન નીકળે તો પણ કન્યાને ગાળો આપતા. કરોડપતિની દીકરીને પણ ભાગ્યે જ સાસરાં સુખ મળતું. રોજ આંસુ પાડવાનાં. બાળ વિવાહ કરેલ હોય તે દીકરીને વેવાઈ ન તેડે, ન છુટકો આપે કે ન ખાધા ખોરાકી આપે, પરંતુ રવડાવી રખડાવી જીંદગીભર હેરાન કરે. પછી ધીમે ધીમે છુટા છેડાનો રિવાજ ચાલુ થયો.

આથી પુત્રીનો જન્મ 'પથરો આવ્યો' એમ કહેવાવા લાગ્યું, બિચારી સુવાવડી સ્ત્રીને પણ પુત્રીના જન્મ થયે સતાવવામાં આવતી, બાળકી રોતી-કકળતી હોય, માંદી હોય તો ઘરમાં કોઇ દરકાર કરે નહીં, આ વખતથી કણબી જ્ઞાતિના શીરે દુધ પીતી કરવાની ચાલનું કલંક લાગ્યું. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં બાળ હત્યા, બહુ પત્ની વિવાહ તેમજ મોટી પૈઠણો ચાલુ રહી હતી. શિક્ષણનો લાભ મળવાથી કેટલાક બ્રિટીશ અમલદારો વેપારીઓ અને ખ્રિસ્તી મિશનરીઓનાં સંપર્કમાં આવાથી સામાજિક જાગૃતિ આવી હતી. તેઓ સમાજ કે જ્ઞાતી માટે કંઈક કરી છુટવા માગતા હતા. જરૂર પડે તો બળવો કરીને પણ સામનો કરવાની તેમને નેમ હતી. આમાંના એક બેચરદાસ લશ્કરી પાટીદાર સમાજના સુધારક તરીકે આગળ આવ્યા. બેચરદાસ લશ્કરી કડવા કણબી જ્ઞાતિમાં જન્મયા હતા અનેરાવ બહાદુર, સી. એસ. આઈ. જેવા ખિતાબ પણ મેળવ્યા હતા. પોતે પશ્ચિમી સંસ્કૃતિના

પરિચયમાં આવતા પોતાના સમાજના ભાઈઓએ તેમાંથી પ્રેરણા મેળવવી જોઈએ એમ માનતા હતા. તેમણે જ્ઞાતિ સુધારાની બાબતમાં ઘણી સફળતા પ્રાપ્ત કરી હતી.

સુધારાનો કાર્યક્રમ અમલમાં મુકવા સુધારકોએ નિશાળો, સભાઓ અને વર્તમાનપત્રોની આવશ્યકતા જોઈ. નિશાળો સ્થાપવાનું કામ સરકારે ઉપાડી લીધું. કડવા કુળના રાજવી જોરાવરસિંજી એ બેચરદાસની વગથી અંગ્રેજી અમલદારોની મદદ મેળવી કુળની દીકરીના સંરક્ષણ સારુ કેટલાક નિયમો ઘડ્યા. કણબી હિતેચ્છુ રાજવી સયાજીરાવ ગાયકવાડે પણ બાળ લગ્ન નાબુદી અને કણબીનાં દીકરા-દીકરીઓને ફરજીયાત શિક્ષણ માટે પ્રયત્નો કર્યા. પરિણામે શહેરો અને ગામડામાં જ્ઞાતિ સુધારણા હાથ ધરાઈ.

સેંકડો વર્ષોથી જ્ઞાતિ અને સમાજમાં ઘર કરી ગેયલા અનિષ્ટો માત્ર ધાર્મિક ઉપદેશથી દુર થઈ શકે નહીં. તે બાબતે અંગ્રેજોની સમાજ સુધારણા પ્રત્યેની નીતિને વધુ વ્યવહારુ ગણી શકાય. અંગ્રેજો કુરિવાજો દૂર કરવા માટે તેની પાછળના આર્થિક- સામાજિક કારણો તપાસતા. ગુજરાતના પાટીદારોમાં 'દુધપીતી ની ચાલ' ના રિવાજની અંગ્રેજોને ગંધ આવી.

આ અંગે ઠાકરસીભાઈ મેજિસ્ટ્રેટે તપાસ કરી અમદાવાદનાકલેકટર ઇડવર્ડ ગાર્ડીન ફોસેટને રીપોર્ટ કર્યો : એક જણને એક કન્યાના લગ્ન પાછળ રૂ. ૨૫૦ થી ૬૦૦ સુધી ખરચ થાય છે. પુત્રીઓને સમયસર પરણાવી ન શકાય તો આબરૂ જાય તેથી કન્યાો ઉપર બિલકુલ દિલ રહેતું નથી. નામદાર સરકારની સહાય વિના લગ્ન ખરચ કરવી લોકો અશક્ત છે. અમદાવાદ જીલ્લામાં સેંકડે ૨૧ ટકા છોકરીઓ કમી-પુત્રીઓ ઓછી છે. પુત્રીઓની દયા રાજ્ય સરકારે બંધોબસ્ત કરવો જોઈએ. તેને આધારે અમદાવાદના કલેકટરે ૩૦-૧૦-૧૯૫૦ના ઠરાવ જાહેર કરી પોલીસ અમલદારોને સૂચના આપી. અમદાવાદના કલેકટર અને જજ બીરોડેલ બેચરદાસ લશ્કરીને કણબીઓના એક મહાન નેતા અને સમાજ સુધારક તરીકે ઓળખાવ્યા છે.

તે પછી સરકારને સમજાયું કે આ કોમના લગ્ન ખરચા ઓછા કરવા જોઈએ. આ વાતને સઘળા કણબીઓએ ટેકો આપ્યો. સરકારે તા. ૩૦-૧૦-૧૮૫૦ના જાહેરનામાથી લગ્ન ખરચના નિયમો ઠરાવી જાહેર કર્યા. વરનો ચાલ્લો વધુમાં વધુ રૂ. ૨૦૦ કન્યા નો બાપ લઇ શકે. આ ઉપરાંત મહી માટલા, નાળિયેર, પહેરામણી, ચોરી ચાંલ્લા, પગે પયણા જેવી બાબત માટે પણ સરકારે ઉંચામાં ઉંચી મર્યાદા બાંધી આપી. બીજી ઓરત ખાસ સંજોગોમાં નાતના આગેવાનોનું સર્ટિફિકેટ લઇને કરી શકાય તેવું નક્કી કર્યું. આ જાહેરનામાનો ભંગ કરનારને ૧૮૨૭ના કાયદા ૧૪ની કલમ ૧ ની પેટા કલમ ૭ મુજબ ગુનેગારગણીને સજા કરવાનું પણ જાહેર થયેલ !

સરકારની મધ્યસ્થીથી દક્ષિણ ગુજરાતના કણબીઓને ચરોતરના ઉચ્ચ કુટુંબમાં કન્યા નહીં આપવાનો આગ્રહ રાખ્યો. પરિણામે દુધ પીતીના રિવાજના હાર્દ ઉપર ઘા પડ્યો. જડપ્રથાને પરિણામે કણબીઓ તેમની બાળકીઓને સારી રીતે ઉછેરતા નહીં હોવાનું ભરૂચનાં કલેકરે ઇ.સ. ૧૮૫૬માં નોંધ્યું છે.

પરંતુ ૧૮૬૦માં આવેલા બારવર્ષીય વિવાહમાં એક જણેતેના દિકરાને જાહેરનામા વિરૂધ્ધ બીજી વાર પરણાવ્યો. પુરાવો પ્રત્યક્ષ હોવાથી મેજીસ્ટ્રેટે સજા કરી, કણબીએ વકીલનીસલાહ લઇ ડિસ્ટ્રિકટ જજને અપીલ કરી. કાયદાના બારીક પુરાવાની ખામીને લીધે તેને થયેલી સજા રદ થઈ. કણબી કન્યાઓનાં નસીબ દુબળાં સિધ્ધ થયા ! જજ સાહેબના આ એક ચુકાદાનું મહાભયંકર પરિણામ આવ્યું. અનેક મુશ્કેલીઓથી થયેલ આખો ઠરાવ કલમના એક જ ઝાટકાથી મૃતઃ પ્રાય થયો. આખી જ્ઞાતિ કન્યાઓ આપવા-લેવામાં તથા પૂરતતાની બાબતમાં તદ્દન નિરંકુશિત બની ગઈ. કન્યાના પિતા ત્રેવડ બહારની સ્થિતીમાં કુલનો દડો બાંયવરની રૂઢિનો આશ્રય લેવાયો. પણ પુત્રને કુંવારા રાખવો એટલે આબરૂના ચીંથરે ચીંથરા તેવી માન્યતા થઇ પરિસ્થિતિ ઉલટી થઈ. દિકરીને કુંવારી રાખીને પણ પોતાના પુત્રોને પરણાવવા સહુ એક પગે થયાં. સાધન સંપન કણબીઓએ પૈસાનો નગ્ન નાચ શરૂ કર્યો, ભયંકર કન્યા વિક્રય થયો એમાંથી રાહત મેળવવા ગોળ પ્રથા શરૂ થઈ. પરિણામ સ્વરૂપ પૈસાદારના જ પુત્રો ઘુઘરે રમવા લાગ્યા. ગરીબ જુવાનો બિચારા વાંઢા રહી ગયા. જ્ઞાતિની ભયંકર અવદસાના ચોંકાવનારા અહેવાલોથી પાટડી દરબાર શ્રી જોરાવરસિંહનું દીલ દ્રવી ઉઠ્યું. ફેબ્રુઆરી ૧૮૬૯માં પાટડી મુકામે જ્ઞાતિ સુધારાના ઠરાવ

કર્યો. પાટડી દરબારના આ જાહેરનામામાં કુલ ૧૭ કલમ છે. ચાંદલા, નાળિયેર, છેડો, પકડામણી, મુસાળુ, મહીમાટલા, પગેપરણા, સીમંત વગેરે પ્રસંગની રકમ નિશ્ચિત કરી છે. વગર કારણે સગાઈ નહી તોડવાની જોગવાઈ હતી. આ ઠરાવનો ભંગ કરનારને પાંચ વરસની નાત બહારની સજા તથા દંડ થતાં. દંડની રકમમાંથી ચોથો ભાગ કુળદેવી ઉમિયાજીના મંદિરમાં ધરમાદા વગેરેમાં વાપરવાની જોગવાઈ હતી. બાકીની રકમ જે તે વિસ્તારમાં નાતના સુધારા માટે વાપરવા તથા બરાબર હિસાબ રાખવાનું ઠરાવેલ. નાતના સુધારા માટે જરૂર પડ્યે સરકારમાં નોધાવી મદદ લેવાનું નક્કી કરેલ. નાતના સરવે ભાઈએ સ્ટેપના કાગળ ઉપર દસ્તાવેજ કરી આપેલ ! તેના આધારે આ ઠરાવ પાટડી દરબારે કર્યો. આ દસ્તાવેજમાં (કન્યા !) પોતાની નાતની છે એવી પાક્કી રીતે ખાતરી કરીને જ લાવવાની નાતનાં તમામ શખસને (વ્યક્તિને) બંધન કરેલું !

લગભગ ચાલીસ હજાર માણસોની મોટી સંખ્યાએ મળી સર્વાનુમતે જ્ઞાતિ સુધારાના ઠરાવો કરી દસ્તાવેજ ઉપર દરેક ગામનાં આગેવાનોએ સહી કરેલી. પણ આગેવાનો જ ઊંધી ચાલ ચાલવા લાગ્યા. પરિણામે બેચરદાસ લશ્કરી ખરા હૃદયથી પટેલોમાં જ્ઞાતિ સુધારા કરી સ્ત્રીઓ અને કન્યાઓની સ્થિતી સુધારવા માટે યોધ્ધાના રૂપમાં મેદાનમાં આવ્યા. તેમણે પાટડી દરબારને અરજ કરી. પણ પાટદી દરબારશ્રી ધર્મપ્રેમી હોવાથી જોઈએ તેટલી કડકાઈપ્રજા સાથે બતાવી શક્યા નહીં. તેથી જાતે ચળવળ ચલાવી.૨૪-૩-૧૮૬૯ના રોજ લગભગ ૬-૭ હજાર લોકોનું સંમેલન કરી દસ્તાવેજ તૈયાર કર્યો. તેમાં ૧૮૪૮નાં પાટડી મેળાવડાના ઠરાવને અનુસરવા તથા આ દસ્તાવેજમાં સહી કરનાર વચ્ચે જ કન્યા લેવા-દેવાનું નક્કી કર્યું. દસ્તાવેજને રજીસ્ટર્ડ કરાવ્યો. વિરૂધ્ધ વર્તન કરનારનો રૂ. ૭૦૧ જેટલો આકરો દંડ (ઇ.સ. ૧૮૬૯માં રૂ. ૭૦૧ !) હતો. બેચરદાસ લશ્કરી અને બાકીના કુલીન આગેવાનો વચ્ચે સમાજ સુધારા અને સુધારાના આડંબર વચ્ચે વિવાદનું સ્વરૂપ પકડયું પણ બેચરદાસ ડગ્યા નહીં. તેઓએ કલેકટરને વાકેફ કરી તેમની દિલસોજી પ્રાપ્ત કરી. તેઓ જાતે નામ. ગવર્નરને પૂના જઈને મળી પરિસ્થિતીનો ચિતાર આપ્યો. આખરે હિન્દુસ્તાનની સરકારે ધારાસભામાં કાયદો કર્યો.

તે પછી અંગ્રેજોએ દુધપીતીની પ્રથાને ફોજદારી ગુનો ગણીને જડમુળમાંથી નાબુદ કરવા ૧૮૭૦માં કાયદો પસાર કર્યો. તેમાં ગુજરાતના સુપ્રસિદ્ધિ મિલ માલિક કડવા કણબી જ્ઞાતિના આગેવાન બેચરદાસ લશ્કરી તેમજ પાટડી દરબાર શ્રી જોરાવરસિંહ તેમ ઠાકરસિંહ પૂજાસાની મદદ મળી.

તે પછી ૧૫-૦૪-૧૮૭૧ના મુંબઇ સરકારે અમદાવાદ- ખેડા જિલ્લાના લેઉઆ- કડવા કણબીની ન્યાતના લોકો માટે જન્મ-મરણ વિવાહ અને લગ્નના ચાંલ્લા- દર નિયત કરી આપ્યા એક રસપ્રદ કલમ આ રહી 'વહુ પહેલા ખોળાનું છોકરૂ થયા પછીસાસરે પાછી આવે ત્યારે તેને તેના બાપે લુંગડા, ઘરેણાં વગેરેના રૂ. ૧ થી ૧૧ સુધી આપવા વધુ ન આપવું વધના આપવા નહીં તેને જિયાણુ કહે છે.

એક એવો પણ નિયમ હતો કે કોઇ છોડી મરી જાય તો તેનું મરણ કુદરતી રીતે થયું છે કે તેના માતાપિતાની બેદરકારીથી થયું છે, તેની ખાતરી તરીકે નજીકના પોલીસ અધિકારી અને રજિસ્ટ્રાર તપાસ કરી ફી લઈ લેખીત પરવાનગી આપે ત્યાર પછી તેને અવલ મંજલ પહોંચાડવી.

તે સિવાય બેચરદાસ બાર વરસે આવતાં વિવાહના વિરોધી અને છુટા લગ્નનાં હિમાયતી હતા. સને ૧૮૮૯ના વિવાહ નજીક આવ્યા. તેમણે જિલ્લા કલેકટર જેમ્સને જ્ઞાતિની સ્થિતીનો ચિતાર આપી એ માટે કાયદેસર જોગવાઈ કરવા રજૂઆત કરી. પરીણામે ૧૮-૨-૮૯ના કલેકટરના અધ્યક્ષપણા નીચે લગભગ ૫-૬ હજાર માણસોની જંગી સભા મળી. ઉંઝાના લગ્ન કાઢનાર પટેલો, બ્રાહ્મણો, પૂજારીઓ લગ્ન જાહેર કરનાર તથા અધિકારીઓ હાજર રહ્યા. તે પછી ગામે ગામથી અભિપ્રાય માંગ્યા. કુલ ૨૫,૩૬૦ સહીઓ થઈ. ૫,૩૭૭ એ સહી કરવા ના પાડી. ૫,૫૧૭ ગેરહાજર હતા. ૨૨,૩૮૨ એ ઠરાવ મંજૂર રાખ્યા. આખરે ૭-૩-૧૮૯૦માં કડવાકણબીજ્ઞાતિના લગ્નને લગતા ખર્ચા વિષેના નિયમોનું સરકારે જાહેર રજિસ્ટર નક્કી કર્યું. તલાટીએ આ બાબતે તકેદારી રાખવાની હતી. આમ રા. બ. બેચરદાસે ખાંડાની ધાર પર ચાલીને પણ જ્ઞાતિ-સુધારાની ચળવળ સરળતાથી કરી દેખાડી. બાળકીને દુધપીતી કરવાનો રિવાજ નાબૂદ કર્યો તે તો તેમની

અપૂર્વ લડત અને અદ્‌ભૂત સિધ્ધી હતી. લગ્નના ખોટા ખરચા, જમણવારોમાં થતા ખર્ચ, બાળલગ્નો તેમજ એક જ તિથિના લગ્નો અટકાવવા. દશૈયા જમણની બંધી માટે કન્યાના રક્ષણ માટે તેમણે સરકાર પાસે તેમ જ રાજ્યાશ્રય લઈ ઘણા કાયદાઓ કરાવ્યા.

તે ઉપરાંત રા. બ. બેચરદાસે સરકાર પાસે લગ્ન અને કરિયાવરની લેવડ દેવડના ચોક્કસ નિયમો કરાવ્યા. પણ તે અસરકારક બની શક્યા નહીં. તેમ છતાં ૯-૨-૧૮૮૮ના રોજ ડાકોર મુકામે પાટીદાર જ્ઞાતિના આગેવાનો એકઠા થઈ જાન-ખર્ચનાં નિયમ ઘડ્યા.

સંવત ૧૯૫૫ની સાલનું ચોમાસું નિષ્ફળ નીવડવાથી છપનિયો દુષ્કાળ પડ્યો. તે સાલમાં વિવાહ આવવાની મુદત હોવા છતાં વિવાહ થઈ શક્યા નહીં. જે સંવત ૧૯૫૭માં થયા. દુષ્કળના અણધાર્યા હુમલાથી કણબીભાઈઓ એવા તો પાયમાલ થઈ ગયા કે વર્ષો સુધી કળ વળી નહીં, ચાંલ્લાને કર કરિયાવર વીસરીજવાયા. પુત્રી વિવાહ, ફુલના દડા સાથે પરણાવી ટાળી શક્યા પણ પુત્ર તો કુંવારો ન જ રહે. તેથી આબરુ જવાની બીકે વર્ષોના વર્ષો સુધી પુત્રના પિતાઓએ કરેલો લાડ આ વિવાહમાં ઉતરી ગયો.

બ્રિટીશ રકારે બાળકી હત્યા વિરૂધ્ધનો કાયદો કર્યો. બેચરદાસના પ્રયત્નથી ગાયકવાડ રાજ્યે પણ તે અપનાવ્યો.

૧૯૦૪માં સયાજીરાવ ગાયકવાડે પાટીદાર જ્ઞાતિનાં રીત રિવાજોનો અભ્યાસ કરી નિર્ણય લેવા એક સમિતિ નીમી. તેના પ્રતાપે ૧૯૧૦ માં પાટીદાર જ્ઞાતિની રીતરિવાજો પુસ્તક પ્રગટ થયું.

બાર વર્ષે લગ્નની પ્રચલિત પ્રણાલિકા એક હથ્થુ ઈજારા જેવી હતી. દર લગ્નસરા વખતે લગ્ન કાઢી અમદાવાદ લાવીજાહેર કરવા બે પક્ષ પડતા. ઉંઝાના લગ્ન કાઢનાર બ્રાહ્મણો અને પટેલો ડબલ ભાગ ભજવતા. જમાનો મંદ-મઝાપણે આગળ વધતો હતો. નવયુવાન વિદ્વાન વર્ગ ઉંડા ઉતરી તપાસ કરવા માંડી. પોકળ ખુલ્લા પડ્યા. અંધશ્રધ્ધા કે શ્રધ્ધા ઘટતી ચાલી. સૌને સમજાયું કે આ બધુ માતાજી પોતે નહીં પણ તેમના નામે લોકોએ તૂત ચલાવ્યું છે !

ડીવીઝનલ એકાઉન્ટટ,
માર્ગ અને મકાન વિભાગ, પોરબંદર

પાટીદાર સમાજની સુધારણા ઐતિહાસિક પ્રતિક્રિયા

કણબીઓએ એક અવાજે ઠરાવો પસાર કરીને લગ્નખર્ચ ઓછા કરવાનું નક્કી કર્યું છે. તેને પરિણામે ગરીબ કણબીઓને ભારે રાહત મળી છે.

(૨૦-૧૦-૧૮૮૦ - કમિશ્નર એ. એચ. એમ. જેમ્સ ઉત્તર વિભાગ, મુંબઈ સરકાર.)

બેચરદાસજીએ લગ્નનો ખર્ચ ઓછો કરવામાં પ્રયત્ન કરેલો. તેથી પોતાની જ્ઞાતિની બાળકીઓની હાલતમાં સુધારો કરેલો. તેના બદલામાં હિંદુસ્તાનની સરકારે તેઓને રાવ બહાદુરનો ખિતાબ આપ્યો છે. તેની સનંદ તથા સોનાનો ચાંદ અપર્ણ કર્યો છે. શાબાશ છે. બેરદાસ અંબાઈદાસ લશ્કરીને કે જેણે પોતાની છાતી તથા મરજીએ કામ પાર પાડ્યું.

(અમદાવાદના કલેક્ટર બોરોડેલ)

રા. બ. બેચરદાસની મહાનતા તેમના સમજાસુધારાનાં કાર્યો પૂરી પાડે છે. રા. બા. ભોળાનાથ સારાભાઈ, રા. બ. ગોપાળહરિદેશમુખ, રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ તેમજ કવિશ્રી દલપતરામે તેમના કાર્યોનાં ભારોભાર વખાણ કરેલા છે. હિન્દુસ્તાનના ભાગમાં આવ્યે મને આશરે ૨૦ વરસ થયા. અહીંયા ગરીબ લોકોને વાસ્તે કાયદો નથી. પણ રા. બ. બેચરદાસે તેની ખોટ પૂરી પાડીને રૂ. ૫૦,૦૦૦ ની રકમ જુદી કરી તેના વ્યાજમાંથી ગરીબ લોકોને ખોરાક વહેંચે છે.

(૧૮૭૪ - મેજર પેન્ડગસ્ટ વોલ્સ)

જ્યારે તેમને જણાવ્યું કે અજ્ઞાનવર્ગ પોતાના લાભની વાતો પણ સમજી શક્તો નથી ત્યારે તેમણે સરકારની મદદ મેળવવા ઈચ્છયું સને ૧-૮-૭૦ નો પુત્રીરક્ષક કાયદો પાસ કરાવ્યો. તેઓ એકલે હાથે પણ પોતાનાં મુશ્કેલ કાર્યમાં મંડ્યા રહ્યા -શ્રી વિઠલભાઈ પટેલ.

(નવમી અખિલ ભારતીય કર્મી પરિ,દ- ૧૯૧૪, અમદાવાદ ખાતે)

ગુજરાતના પાટીદારો

રજનીકાન્તપટેલ (યુએસએ)

આશરે બસો વરસ અગાઉ હરિયાણાના દક્ષિણ ભાગ અને રાજેસ્થાનમાં ઉત્તર ભાગમાં ઢોરઢાંખર લઇને ભટકતુ જીવન જીવતા હતા. ત્યાંના આજના વતની ચોધરી કહેવાય. ત્યાંથી જેઓ ખસતા ખસતા રાજેસ્થાનમાં આવ્યા, તે બધા ગુર્જરો - રાજપુતો કહેવાયા. અહીંથી ખસતા ખસતા જેઓ ગુજરાતમાં આવ્યા, તેઓ ગુજરાતી કહેવાયા અને પ્રથમ ઊંઝામાં સ્થિર થયા અને પાટીદારથી જાણતા થયા. અહીંથી જે કુટુંબો સ્થાંળાતર કરીને મહારાષ્ટ્રના ખાનદેશમાં સ્થિર થયાં તે આજના પાટિલો. વીતેલા જમાનામાં - ૧૯૮૨માં મારે વેપારના કારણે મધ્યપ્રદેશના બુહાનપુર વારંવાર જવાનું થતું હતું તે સમયે ત્યાંના સંસદ સભ્યોનો પરિચય થયેલો. તેમની અટક પાટીદાર હતી.તેઓ કહેતા હતા કે અમારા પુર્વજો ગુજરાતના ખેડા જિલ્લાના વતની હતા. એવુ જ ખાનદેશના આજના પાટીલોનું કહેવું છે. આજે ઘણા મારા પાટીલ મિત્રો છે અને તેઓના પૂર્વજો ખેડા જિલ્લાના હતા તેવું તેમનું કહેવું છે. ઉપરના ચારે સમાજના પહેરવેશ, સ્વભાવ, સામાજીક રીત રીવાજો મહ્દઅંશે મળતા આવે છે. જે થોડો ઘણો ફેરફાર છે. તે પ્રાદેશિકને કારણે. આજે પણ તેઓ વાતાવરણમાં બાંયો ચડાવીને વાત કરે છે.

આજે આપણે જ ગુજરાતી ભાષા બોલીએ છીએ તોયે રાજેસ્થાનના ગુર્જરોની ભાષા માંથી અપભ્રંશ થઇને આવેલી છે. બ્રિટિશ સરકાર વખતે ગુજરાતી ભાષાનું વ્યાકરણ મહ્દઅંશર મરાઠી ભાષા પર આધારીત હતું. પરંતુ બ્રિટિશ અમલદાર મિ. હોપે ગુજરાતી લેખકો - કવિઓ દ્વારા ગુજરાતી વ્યાકરણ તૈયાર કરાવ્યું આશરે ૫૦ -૬૦ વર્ષ અગાઉ "હોપની વાંચનમાળા" બજારમાં મળતી હતી. મિ. હોપની યાદગીરીમાં સુરતમાં તાપી નદી ઉપરના પૂલનું નામ "હોપ બ્રિજ" આપવામાં આવેલું.

ગુજરાતનો પાટીદાર ૮૦-૯૦ વર્ષ અગાઉ ખેતી કરતો એક ખેડુત હતો અને તાલુકા કે જિલ્લાની શાળામાં સામાન્ય જ્ઞાન સાથે શિક્ષક બન્યો, જેથી નોકરી કરતી થઇ. ત્યાર પછીની પેઢી આગળ ભણીને ડૉક્ટર, એન્જીનિયર, વકીલ, વેપાર, લેખક, ઉદ્યોગપતિ, કવિ, ટેક્નોક્રેટ, રાજનેતા કે ઉદ્યોગમાં સેક્રેટરી જેવા સ્થાને બેસી ગયા.

એમ કોમ કોઇ પણ જાતના રાજકીય કે આર્થિક લાભ કે સહાય વિના જાતમહેનતથી આગળ આવી આટલી પ્રગતિ કરી શકતી હોય, તો તેને ૨૦૦-૫૦૦ વર્ષ અગાઉ મળ્યાં હોય, તો તેને કેટલી પ્રગતિ થઇ હોત?

આજે પણ પાટીદાર ખવડાવીને રાજી થાય છે. ખાઇને રાજી થતો નથી. સીઝનમાં ખળામાં અનાજ તૈયાર થાય એટલે વસવાયાંને બોલાવીને જે - તે નિયમ મુજબ જેને -તેને વહેંચી આપવામાં આવે છે. પછીથી મોર ખાય, ઢોર ખાય, ચોર ખાય, ગોર ખાય પછી જે વધે તે ઘેર લઇ જાય. મારા ગામમાં ફકત એક જ ઘર મુસલમાનનું છે. ગામમાં મસ્જિદ છે. દર વર્ષે એક ફકીર આવે છે, એકાદ માસ રહે. સવાર - સાંજ બાગ પુકારે ગામમાં જયાં - ત્યાં બેઠો હોય તેને ઘેર જમી લે અને જાય ત્યારે ૧૪ થી ૧૫ મણ લઇને જાય, ગામવાળા તે અનાજ ને તેના ઘેર પહોંચાડે છે. ઘરમાં કોઇ વડીલનું મરણ થાય

ત્યારે નનામી સાથે બાંધવાના ભોયભાડાના આઠ આના ભલે ગમે તેની પાસેથી માંગી બાંધ્યા હોય,પણ મરનારનું બારમું તો કરે જ !

આવી લાક્ષણિકતા વાળા પાટીદાર સમાજની થોડી જાણવા જેવી વાતો વાંચકોને નવાઇ લાગશે.

(૧) "પટેલ" એક અટક દુનિયામાં "એ" કેટેગરીમાં આવે છે. ભારતમાં બીજો નંબર છે. એશિયામાં પાંચમાં નંબરે છે. વિશ્વમાં ૧૧મો નંબર છે. (૨) ભારતના કુલ વેપારમાં ૧૫% વેપાર પટેલો દ્વારા થાય છે, જ્યારે ગુજરાતમાં પટેલો દ્વારા ૭૦% વેપાર થાય છે. (૩) વિશ્વની સમૃદ્ધ પ્રજામાં પટેલો ૬ઠ્ઠા નંબરે છે. (૪) દુનિયાના ૪૩ દેશોએ પટેલ અટકને કાયદેસર ગણી છે.(૫) ભારતમાં લઘુતમ ગરીબીરેખા નીચે જીવતી પ્રજામાં પટેલો ફકત ૩% છે, જેઓ ૨૦૧૩ સુધીમાં તે ૩% પણ બહાર આવી જશે.

આજે આપણે સૌ પટેલો એ ગોળ, કુળ કે પેટા જ્ઞાતિઓમાં વિભાજિત છીએ, તે સૌએ એક થવાની જરૂર છે.

જમીન એ પાટીદાર માટે રક્ષા કવચ છે. પૈસાના લોભમાં વેચી દેશો તો આયોજનના વ્યવસ્થિત સ્વભાવને કારણે પૈસા વેડફાઇ જશે અને બે -પાંચ વર્ષે તમે હશો એટલા થઇ જશો. વિચાર કરીને આગળ વધશો.

ગુજરાતના પાટીદારની એક ખાસ વિશેષતા. સો - મિલના ધધામાં કચ્છી પટેલો જેટલા બીજા કોઇ કોમના મારી નજરે હોશિયાર નથી. હું આખા દેશમાં વેપારને કારણે ફરેલો છુ. ફકત પંજાબ સિવાય બાકીની દરેક જગ્યાએ સો - મિલના માલિક કચ્છી ભાઇઓને જોયા છે. આસામના દિબ્રુગઢમાં પણ અંબિકા સો - મિલ જોયેલી છે. ૬૦ના દશકમાં હું કલોલમાં ટેક્ષ. મિલના બોબિનના વ્યવસાય સાથે જોડાયેલો હતો, ત્યારે લાકડાની હરાજીમાં અમારો સુપરવાઇઝર, જે કચ્છી પટેલ હતો તેને સાથે લઇ જતા અને તેની પંસદગીનો માલ ખરીદવામાં અમે રસ લેતા. એ સુકું લાકડુ લેવા જેવુંછે કે કેમ ? અને તેમાંથી કેટલો ઉતાર ટકામાં ઊતરશે તે કહી દેતો. ભાગ્યેજ તેની ગણતરીમાં ફેર પડતો.

આપણા દેશમાં દર વર્ષે ૭ કરોડ કિલો ચાહનું વેચાણ થાય છે. તેના હોલસેલ વેપારમાં કોલકતા ખાતે ખેડા જિલ્લામાં પાટીદારોનું વર્ચસ્વ છે. કોલ્હાપુરના ગોળના વેપારમાં મહેસાણાના પાટીદાર ભાઇઓના પ્રભાવ વધારે છે. અમરાવતી - મહારાષ્ટ્રમાં અબીલ, ગુલાલ કંકુ વગેરેના ધંધામાં કચ્છી ભાઇઓ મોખરે છે. દેશી બીડીનો સઘળો વેપાર કરવામાં ગુજરાતી પરિવારો સિવાય બીજા કોમના ફાવી શકયા નથી. સુરતના હિરા બજારમાં કટિંગ - પોલિશિંગમાં સૌરાષ્ટ્રના પટેલનું વચર્સ્વ છે, જ્યારે તૈયાર માલમાં પાલનપુરના જેન ભાઇઓ વિશેષ છે. બેલ્જિયમના એન્ટવર્પમાં ડાયમંડ - રફનો સઘળો વેપાર મહ્દઅંશે પાલનપુરના જૈનોનો છે. ભાવનગરના એક વેપારીએ દક્ષિણ આફ્રિકામાંથી ફકત એક જ હીરો ૮૦ લાખમાં ખરીદેલો અને તૈયાર કરીને ૧.૪ કરોડમાં વચેલો એવા સમાચાર દૈનિકમાં આવેલા. વેપાર ગુજરાતીના લોહીમાં છે. નોકરી બે - ત્રણ વર્ષ કરે અને પછીથી તરત જ વેપાર કરે. ગુજરાતી સાહસિક પ્રજા છે. એક દાખલો આપું. મને મુસાફરી દરમિયાન ટ્રેનમાં એક ગુજરાતી વાઘરી મળી ગયેલો. વાતચીતમાં જાણવા મળ્યું કે મહારાષ્ટ્રના ખાલી ટીનના ડબ્બા ઉઘરાવતો હતો. મે તેને પુછ્યું કે તને ભાષાની તકલીફ નહોતી પડતી? જવાબમાં કહે હું જે તે જગ્યાએ ડબો ખખડાવતો અને ખરીદતો અને વેચતો. મેં કહ્યું તું કયાં કયાં ગયેલો તેને ખીસા માંથી જુદી જગ્યાની જકાતની પહોંચ બતાવેલી. આ છે ગુજરાતી ખમીર.

લેઉવા-કડવા
એક મગની બે ફાડ છે

ચંદ્રકાન્ત પટેલ (માણાવદર)

લેઉવા અને કડવા. આ બંને જ્ઞાતિઓ ભારતમાં ખૂબ જ મોટું વર્ચસ્વ ધરાવતી કોમો છે. જો આ બે કોમો એક થઇ જાયતો સત્તા માટે આ કોમોને પરસ્પર લડાવતા મત ભૂખ્યા રાજકારણીઓના ટાંટિયા નીચેથી ધરતી સરકી જાય છે. આ બંને કોમો હંમેશને માટે અલગ અલગ દિશામાં રહે તો જ રાજકારણીઓની મેલી મુરાદ બર આવી શકે તેમ હોવાથી જ લેઉવા અને કડવા ભેદો કાયમ કરી રાખવા તખ્તા ગોઠવાઇ રહ્યા છે.

કણબી કોણ છે?

કણબી એ જુની જ્ઞાતિ છે. સૃષ્ટિના પ્રારંભકાળમાં જ્ઞાતિ પ્રથા કે જ્ઞાતિ વર્ણવ્યવસ્થા નહોતી, પરંતુ સમય જતા મનુભગવાનના કાળમાં ચાતુર્વર્ણ વ્યવસ્થા દાખલ થઇ છે. ત્યારબાદ અલગ જ્ઞાતિપ્રથા તો છેક ઇ.સ. ૧૪૦૦ થી ૨૦૦૦ના ગાળા દરમિયાન ઉદ્ભવી. ઋગ્વેદના દસમ મંડળમાં પુરુષ સુકતમાં વિભિન્ન વર્ણો (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય અને (૪) શુદ્ર વગેરેની ઉત્પતિ વિરાટ પુરુષના જુદા જુદા અંગોમાંથી થયેલી બતાવી છે. આ ચારેય વર્ણવ્યવસ્થાની સાથે કાર્યપ્રણાલિકાની પદ્ધતિની ગણતરી વર્ગ પ્રમાણે બતાવી તેના ઉલ્લેખો સ્મૃતિ, ઋગ્વેદ, ભાગવત પુરાણ વગેરેમાં જોવામાં મળે છે.

ચાર વર્ણોમાં "વૈશ્ય" વર્ણની ગણના કણબી : મહાજનમાં કરવામાં આવી છે. ભારતવર્ષમાં અનેક હિન્દુ જ્ઞાતિઓની માફક કણબી જ્ઞાતિ પણ અનેક પેટા જ્ઞાતિઓમાં વિભાજિત થયેલ છે. એના અનેક ગોત્રો પણ છે. સમગ્ર દેશના વિશાળ ફલક પર પથરાઇને પડેલી કણબી જ્ઞાતિની આબાદીની વિશાળતા આજે આપણને જોવા મળે છે.

કોઇ પણ જ્ઞાતિના અધ્યન માટે જ્ઞાતિની પરિભાષા જાણવી ખૂબ જ આવશ્યક થઇ પડે છે. આજે ભારતમાં લગભગ ૩૦૦૦ જ્ઞાતિઓ વિદ્યમાન છે. ચાર્લ્સ કુલેના મત પ્રમાણે જયારે એક વર્ગ દઢતાપુર્વક વંશાનુક્રમણ ઉપર આધારીત હોય ત્યારે આપણે તેને જ્ઞાતિ કહીએ છીએ.

પ્રાચીન જ્ઞાતિઓમાં કણબીનું કઇ જ્ઞાતિમાં સ્થાન-મૂળ બતાવાયું છે. તે જાણવું આવશ્યક છે. આર્ય લોકોનોવ્યવસાય પશુપાલન અને ખેતી મુખ્ય હતો. આ પરથી આર્યો એ વૈશ્ય વર્ણના કણબીઓ હશે એમ કહી શકાય. બોમ્બે ગેઝેટિયરના લેખક કણબીઓને "હુણ" જાતિમાંથી ઊતરી આવેલી હોવાનુ માને છે. અંગ્રેજ ઇતિહાસવિદોના પણ કણબી જ્ઞાતિના મૂળ અંગે જુદા જુદા મંતવ્યો રહ્યા છે. ઇ.સ. પૂર્વે ૬૦૦ માં જેટી, તક્ષત, અસી, શેષનાગ, કાટી અને કીંબી (કણબી) જાતિઓ બળવાન થઇ ગઇ હતી. આ જાતિઓએ રોમ પર આક્રમણ કર્યું હોવાથી કણબી જ્ઞાતિની પ્રાચીનતા સિદ્ધ થાય છે.

પ્રાચીન કાળમાં કણબી માટે "કુલીક" "કુલી" "કુલ" "કુટુમ્બિન" "કુંબી" અને "કીંબી" વગેરે શબ્દો વપરાયા છે. જે બધા કણબીઓની ઓળખ માટેના છે. સમય પરિવર્તન આધારે એવા શબ્દોની ઓળખ, નામો બદલાતા રહ્યા છે.

કણબી શબ્દ એ સંસ્કૃત "કુટુમ્બિન" ઉપરથી ઊતરી આવ્યો છે. જુના સમયથી જે ખેડુત કુટુમ્બી કહેવાય છે.આજે પણ વાયવ્ય પ્રાંતમાં નાના જમીનદારો ગૃહસ્થો કહેવાય છે. કણબી શબ્દ કૃષમિ એટલે કે હળપતિમાંથી ઊતર્યો હોવાથી ખેતી કરનારો "કણબી " શબ્દથી સંબોધાતો .

"લેઉવા સમાજ દર્શન" નામના સામાયિકના અંકમાં કણબીઓ વિશેની વિસ્તૃત માહીતી પ્રગટ થઇ છે. તેમાં સૌરાષ્ટ્ર બહાર વસતા કણબીઓને જુદા જુદા નામે ઓળખાતા હોવાનું લખાયુ છે. જેની વિગતોનું સ્થળ સંકોચને કારણે અહીં સમાવી શકાય તેમ નથી. આ સામાયિકમાં ૨૫ પ્રકારના કણબીઓ બતાવાયા છે. વાચકોએ એ સામાયિક મેળવી લેવુ જરૂરી છે.

"લેઉવા સમાજ દર્શન "ના તંત્રી જીજ્ઞેશ પટેલ કહે છે કે "સોરાષ્ટ્રમાં ત્રણ પ્રકારના જ કણબી વસે છે. (૧) કડવા કણબી (૨) લેઉવા કણબી અને (૩) મુમના કણબી . આ મુમના કણબીઓ લેઉવા કણબીઓમાંથી વટલાઇ કણબી બન્યા છે. ને ગીરમાં તેમનો વસવાટ વધારે છે. જયારે વાંકાનેર તરફના મુમના એ કડવા કણબીઓમાંથી વટલાઇ જ્ઞાતિભ્રષ્ટ થયા છે."

લેઉવા કડવા

આપણે અહીં લેઉવા અને કડવા કણબીના મુળની વાત કરવી છે. આ બંને કણબીઓના મૂળ એક જ છે. બંને એક જ વંશની ઔલાદ છે. એક જ પિતાના સંતાનો છે. એક જ મગની બે ફાળ સમાન છે. આજે આ બંને કોમ વચ્ચે રોટી વ્યવહાર ચાલે છે. બંને ના સામાજીક રીત-રિવાજોમાં ઘણું સામ્ય છે. છતા પણ બે ફાંટાઓને કારણે બેટી વ્યવહાર નથી થતો. જો કે હવે કયાંક કયાંક આ બંને જ્ઞાતિઓ વચ્ચે દીકરા-દીકરીના સગપણોનો વહેવાર ધીમી ગતિએ શરૂ થઇ રહ્યો છે. જે આવકારદાયક બાબત છે.

કુર્મી જાતિના અધિકાંશ ગુજરાતી ઇતિહાસ લેખકોએ કુર્મીઓ પંજાબના "કરડ" અને "લેયા" પ્રદેશના હોવાથી લેવા કે લહેવા અને કડવા કે કરડવા એવા બે વિભાગો થયા એવો મત વ્યકત કર્યો છે. પણ આ મતના ટેકામાં તેઓએ ઠોસ આપ્યા નથી. તેમનુ તારણ સત્યની ખૂબ જ નજીક ઊભેલું છે. જેને કણબી જ્ઞાતિએ સ્વીકારેલ છે.

ઘણા લોકો લવના લેવા અને કુશના કડવા એવો અર્થ કરે છે. પણ વિધાન સત્યથી અલિપ્ત છે. જો ખરેખર એવું જ હોત તો લવના લહેવાને બદલે લેવાના અને કુશના "કુશા" કહેવાયા હોત. આવી ઢંગધડા અને માની ન શકાય તેવી વાતો બારોટોના મગજથી બનાવટી વાતો છે.

આદી કાળથી આ બંને જ્ઞાતિનું મૂળ કુર્મ ઋષિ છે. કુર્મઋષિ દ્વારા ઉત્પન્ન થયેલા સંતાનો છે. બંનેની દિશા અલગ અલગ પડી ત્યારથી બે ભાગ થયા.

આપણે જાણીએ છીએ કે ઇ.સ. પૂર્વે ૨૦૦૦ થી ઇ.સ. પૂર્વે ૧૦૦૦ સુધી આર્ય પ્રજાના ટોળાં અફઘાનિસ્તાન અને ખૈબરઘાટના માર્ગે થઇને પંચનદન (પંદનદ એ હાલનુ પંજાબ છે) પ્રદેશમાં આવીને વસ્યા હતા.

ઇતિહાસ કહે છે કે આર્યોનું નિવાસસ્થાન પંચનદ (પાંચ નદીઓનો પ્રદેશ) હતું આ પાંચ નદીના કિનારે વસનારા આર્યોએ પાંચ જ્ઞાતિના નામો અને રૂપો ધારણ કરી લીધા હતા. પાછળથી અનેક પેટા જ્ઞાતિઓ, પોતાની અટકો નદીઓના પ્રદેશ પરથી ધારણ કરી લીધી. આ પાંચ કૃષિકર્મીઓને ઋગ્વેદમાં "પંચકૃષિવી "તરીકે ઓળખાવ્યા છે.

-ડૉ. મંગુભાઇ પટેલ

રામના પુત્ર લવ અને કુશે પંજાબ પર ચઢાઈ કરી ત્યાંના રાજાને હરાવ્યો અને ત્યાં લવે લવપુર અને કુશે કુશાવતીનગરી વસાવી. લવે જે પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યા તે પ્રદેશ પાછળ લેયા કે લેહા પ્રદેશ તરીકે અને કુશે જે પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યા તે પ્રદેશ કુશડ અથવા કરડ પ્રદેશ તરીકે ઓળખાયા.

પંજાબ પર વારંવારના આક્રમણો, આપત્તિઓ, દુષ્કાળો અને ખેડવાલાયક જમીનોની ખેંચ વગેરે કારણોને લીધે અહીંની પ્રજા અન્યત્ર સ્થળાંતરો કરવા લાગી. જે પ્રજા પંજાબના કરડ પ્રદેશથી આવી તેમણે પોતાના પ્રદેશનું નામ જાળવી રાખવા "કરડવા" (કડવા) જ્ઞાતિ નામે ઓળખાવાનું તથા જે પ્રજા પંજાબના લેવા કે લેહા પ્રદેશમાંથી આવી તેમણે પણ પોતાના મૂળ પ્રદેશની સ્મૃતિ ટકાવી રાખવા લેહવા - લેવા (લેઉવા) જ્ઞાતિનામે ઓળખ ચાલુ કરી છે. આમ ભારતભરમાં વસતા લેઉવા અને કડવા કણબીઓ એક જ બાપના સંતાનો છે. બંનેની વચ્ચે કોઇ જ ભેદ નથી. ભેદ તો રાજકારણીઓએ ઊભા કરાવી પોતાના રોટલા શેકવાનું ચાલુ કર્યું છે. જો હજુ પણ પાટીદારો નહિ સમજે તો અગામી સમય તેમના માટે સાનુકૂળ નહિ રહે.

આગેવાનો ક્યાં?

કોઇ પણ જ્ઞાતિની ઉર્ધ્વદિશા, પ્રગતિ કે જ્ઞાતિ સમાજના વિકાસ માટે એ જ્ઞાતિ સમાજના આગેવાનોની ભુમિકા પર સમાજની દિશા અને દશા અવલંબિત હોય છે. જ્ઞાતિ સમાજોના ભાગલા પાછળ પણ આગેવાનોની નિષ્ક્રિયતા જ કારણભૂત રહેતી હોય છે. જ્ઞાતિ સમાજમાં ઊભી થતી સમસ્યાઓ અને એ સમસ્યાએ જન્માવેલી ખેંચતાણ, ઉદ્વેગ, માનસિક તાણ વગેરે કારણોના મૂળ ક્યાં ક્યાં છે. અને તેના હલ માટેના રસ્તા શામાંથી નીકળે છે ? તેની જાણ જ્ઞાતિ આગેવાને ન હોય એવું બની શકે નહિ. ઉજળે લુગડે ફરનારા એ સજ્જનો બધું જ જોતા હોય છે. છતા કંઈ કરી શકવા જેટલી ક્ષમતા ધરાવતા નથી કે કોઈ પળોજણમાં પડવા માગતા નથી? પ્રતિષ્ઠાના તખ્તા ઉપર ઊભા રહીને જ્ઞાતિહિતની ઉપરછલી વાતોના વડાં સિવાય એઓ કંઇ જ ઊકાળી શકતા નથી. જ્યાં સુધી સજ્જનોમાં ગણાતા આવા આગેવાનો જાગશે નહી, ત્યાં સુધી પાટીદાર સમાજ એકતાના દોરે બંધાશે નહિ. માત્ર સ્ટેજ ઉપરથી એકતાના નારા ગજવવાથી એક્તા સુધી પહોંચાતુ નથી. એના માટે ભેખ ધરવો પડે. તખ્તા પરથી અને મહાસંમેલનોમાં પ્રતિજ્ઞાઓ લેવડવવી પડે. પ્રત્યેક પાટીદારના સામજિક પ્રશ્નો સાથે મળીને હલ કરવા પડે.

આવા આગેવાનોને તમે પૂછજો કે સમાજ સુધારાની મોટી મોટી વાતો પછી પણ સમાજ શા માટે સાંકળો થતો જાય છે ? ન્યાત વિશાળતા તરફ જવાના બદલે, ન્યાતમાં ભાગલા પડી તેનું કદ નાનું શા માટે થઈ રહ્યું છે. ? ન્યાત(નાત-જ્ઞાતિમાં) નાની થઇ રહી છે. નાતમાં સ્ત્રીઓ મળતી નથી. સ્ત્રી દુષ્પ્રાય બનવાનું કારણ શું? સ્ત્રીભૃણ હત્યા એટલુ જ છે ? અન્ય બીજા કોઈ કારણ નથી ? મિત્રો ! એક પણ પ્રશ્નનો જવાબ સંતોષકારક નહિ મળે. કારણકે આગેવાનો એ દિશામાં અન્વેષણ કર્યું જ નથી. માત્ર મંચ ઉપરથી જ્ઞાતિહિતના ભાષણો, વિદ્યા સંકુલો માટે ફંડફાળા, અનાથાશ્રમો માટેના ફંડફાળા, અરે એથી આગળ કહું તો.... પણ ના મારી આ વાતો તેમનો અહમ વધારે ભડકાવશે.

આજે પાટીદાર સમાજમાં પોતાની જ્ઞાતિની જ કન્યા મેળવવા જતા પગે પાણી ઊતરી રહ્યું છે. સગપણ સમસ્યાએ માથું ઊંચકયું છે. કન્યાઓની અછત છે.

તેના કરતાય મહત્ત્વની વાત એ છે કે, ગરીબ, રંક અને રોજરોજનું કરી પેટિયું રળતા દરિદ્ર પરિવારો કે જેમના ઘરમાં ચાર-પાંચ પરણાવવા લાયક પુત્રીઓ હોય, છતાં એ પરિવારો પોતાની દીકરીઓને અબજોપતિ વેરે પરણાવવાની ગાંઠ વાળી બેઠેલા જોવા મળે છે. આવા ભુખડીબારસ પરિવારોની દીકરી કરોડપતિના ઘરમાં ગયા પછી પરિસ્થિતિ કેવી સર્જાય છે. તેનું ચિત્રાકંન કરવું મને હિતાવત નથી લાગતું. કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી !

કન્યા લગ્ન વય વટાવી રહી હોવા છતાં માવતરો સારા ઠેકાણાની રાહ છોડતા નથી. ઘણીવાર દીકરી કોઇને લઇને પોબારા ગણી જાય છે. ત્યારે માવતરને આંસુ સારે છે. આવા કિસ્સાઓએ હમણા ખૂબ જોર પકડયું છે. છાપામાં રોજ એકાદ આવો કિસ્સો ચમકતો રહે છે. છતા માં-બાપ લાંબી-લાલચું અપેક્ષા છોડતા જ નથી. રોજ સવાર પડે કે તરત જ એવાય વાવડ મળે છે કે ફલાણા પટેલના ઘરમાં એક અનુલોમ કન્યા વહુ થઇને આવી છે. આવો ક્રમ રોજેરોજનો થઇ પડયો છે. આ બધી સમસ્યાઓના મૂળમાં દૂરાગ્રહ અને લાલચી સ્વભાવ જવાબદાર રહ્યો છે.

સમાજમાં સનસનાટી ઉપજાવનારા આવા બનાવોને નરી આંખે જોનારા આગેવાનો છતી આંખે આંધળા જેવા બની બેઠા છે. પ્રથમ જ્ઞાતિ સુધારણા પછી અમલવારી અને છેલ્લે પરિણામ અપાવનાર જ સાચો સમાજ સેવક ગણાય છે. માત્ર ભાષણ આપનાર સેવકને આગેવાન કહેવો ઉચિત નથી. એને તો ભાષણિયો ભદ્ર કહેવાય છે. એ ભાષણ દ્વારા જ શીખ આપે શકે છે., અમલવારી કરાવી શકે નહી !

આજે મહત્ત્વનું બીજું કારણ કુમાર કેળવણીનું છે. કન્યાકેળવણીની તુલનામાં પાટીદારોના યુવાનોનું ભણતર શૂન્ય કહી શકાય તેટલું જ રહ્યું છે. તેથી ઉચ્ચ શિક્ષણ સંપન્ન કન્યા પોતાનાથી ખૂબ જ ઓછું ભણેલ યુવાનને પતિ તરીકે સ્વીકારવામાં શરમ અને નાનપ સમજે છે. એક બાજુ કન્યાની અછત, તો બીજી બાજુ કુમારોનું અર્ધ ભણતર, ત્રીજી બાજુ દીકરીને બંગલામાં દેવા માવતરોના મસ મોટાં સપનાં ! આ ત્રણેયની વચ્ચે આજે મધ્યમવર્ગી પાટીદારો લગ્નના ફળથી વંચિત થતા જાય છે.

આવી પરિસ્થિતિનો પુરો લાભ લેવા પરજ્ઞાતી પોતાની દિકરીઓને પાટીદારના ઘરમાં પરણાવી લાખો રૂપિયા કમાઇ રહ્યા છે. અરે ! ઘણા એવા પણ કિસ્સાઓ બને છે, જેમાં અનુલોમ કન્યા ઘર સાફ કરીને ભૂગર્ભમાં ઊતરી રહી છે. શું તમે એમ માનો છો કે જ્ઞાતિના બની બેઠેલા આગેવાનોને આ નાટકીય ઘટમાળની જાણ નથી ? તેમને રજેરજની માહિતી છે. અને જો તેઓ અંતરથી ઇચ્છે તો જ્ઞાતિની કન્યા જ્ઞાતિની બહાર જઇ ન શકે અને પરજ્ઞાતિની કન્યા આ જ્ઞાતિમાં વહુ તરીકે સ્થાન લઇ શકે જ નહિ. પણ તેમણે કશું જ કરવું નથી.

જો જ્ઞાતિને જ્ઞાતિવટાળપણાથી છોડાવવી હોય તો લેઉવા અને કડવા એમ બંને જ્ઞાતિના આગેવાનો પરસ્પર સમજૂતિ - સુલેહ અને ઠરાવ કરી દીકરી વહેવાર કેમ ચાલુ કરાવતા નથી ? જો આ બંને બોદ્ધિક જ્ઞાતિઓ પરસ્પર દીકરા-દીકરી ના સંબધો બાંધવાની પહેલ કરશે તો જ પાટીદાર જ્ઞાતિ બચી શકશે. બંને જ્ઞાતિઓના આગેવાનોએ અહમ છોડીને આ વાતને ગંભીરતાથી લેવી જ પડશે. ને વહેલી તકે કડવા અને લેઉવા પાટીદારોની મહાસભા બોલાવી તેમાં ઠરાવો કરી નવી પ્રથા - પ્રણાલિકાને વેગ મળે ને એક નવું એકીકરણ સ્થપાય તેના શ્રી ગણેશ કરવા પડશે, પાટીદાર સમાજ એક હતો, એક છે ને એક જ રહેશે

એવી ભાવના સાથે અહમ અને સંકુચિતતાના કોચલાંમાંથી બહાર આવ્યા વગર કોઇ દિવસ પણ પ્રશ્નો સરળતાથી ઉકેલાશે જ નહી. આજે લગભગ ૨૯ ટકા અનુલોમ કન્યાઓ પાટીદારના ઘરમાં બનાવટી કણબણના સ્વરૂપે વહુ તરીકેના હક લઇને બેસી ગઇ છે. ત્યારે આગેવાનોને મારી વિનંતી છે. કે તેઓ ફંડફાળા કરી સમુહલગ્નો પાછળ ખર્ચવાને બદલે ગરીબ અને મધ્યમવર્ગના દીકરાઓના ઘર બંધાય તે માટે મધ્યસ્થીની ભુમિકા ભજવવાના કામે લાગે. કેટલા સમુહલગ્નો કરાવ્યા તે મહત્ત્વનું નથી પરંતુ કેટલા ગરીબોના ઘરમાં અભદ્ર-અનુલોમ કન્યાઓને આવતા રોકી શકાશે તેનો વિચાર કરી વાંઢાઓની વેલ જોડવાના કામમાં પોતાની શકિત લગાડી વર્તમાન સગપણ સમસ્યાઓને નાથવાની પહેલ કરે.

કન્યા કેળવણી હવે બહુ થઇ છે. જરૂર છે કુમાર કેળવણીના વ્યાપ વધારવાની. આજે કુમારે કેળવણીના પ્રચાર-પ્રસારની ખૂબ આવશ્યકતા. છે. સ્ત્રીભૃણ હત્યાની ઝુંબેશ જેમ પરિણામ તરફ જઇ રહી છે. તેવી જ રીતે કુમાર કેળવણીની ઝુંબેશ પરિણામદાયક નીવડે તેવી ઝુંબેશની તો ખાસ જરૂર છે. જ્ઞાતિ આગેવાનોને આવું બધું કેમ સૂઝતું નહિ હોય !!

યુવક-યુવતીના પંસદગીના મેળા યોજવાથી લાભ થવાનું પ્રમાણ બહુ ઓછું દેખાય છે, ત્યારે આવા પસંદગી મેળા વખતે બે સમોવડિયા પરિવારો ના દીકરા-દીકરીના સંબધો બંધાય તે માટે જે તે વિસ્તારના આગેવાનોએ મધ્યસ્થીની સબળ ભુમિકા ભજવી વાસ્તવિક પરિસ્થિતિનો બંનેને ખ્યાલ આપી જ્ઞાતિની દિકરી જ્ઞાતિમાં જ શા માટે હોવી જોઇએ. તે અંગેની સંપૂર્ણ માહિતી ધર્મની ભાવનામાં વીંટાળીને આપવી જોઇએ. તો આવા પસંદગીના મેળા સો ટકા સફળતા અપાવે જ.

દહેજની વાત અને દહેજ પ્રશ્નને હવે **દિશા** બદલી છે.આજે દીકરો દહેજ નથી માગતો પણ **પારકી** જણીને વહુ તરીકે અપનાવવી હોય તો **દીકરીના** માવતર દહેજના રૂપે હજારો લાખો રૂપિયા **મૂરતિયા** પાસેથી લેવા લાગ્યા છે. આ નરી વાસ્તવિકતા **અને** બ્રહ્મ કરતાય સવાયુ સત્ય છે જેને હું કે તમે કદાપિ **ઉથાપી** શકીએ તેમ નથી. મેં મારી નજર સામે આવી લેતી-**દેતી** પાટીદારોમાં જ જોઇ છે. એટલે દહેજ પ્રશ્ને **સ્ત્રીઓએ** ચિંતા કરવાની જરૂર નથી અને કન્યાને **દહેજના** બદલામાં સ્વીકારવા યુવાનોએ આર્થીક **સદ્ધરતા** કેળવવી પડશે. આ લેતી-દેતી છાનાખૂણે ભલે **થતી** હોય. પરંતુ એનુ પરિણામ અને એનો ઢાળ **ગરીબ** પાટીદારને ગબડાવી રહ્યો છે.

મારા આ લેખથી પાટીદારો જો ધક્કો કે **રંજ** પહોંચ્યો હોય તો ક્ષમા યાચું છું. મેં નરી વાસ્ત**વિકતા** તરફ ધ્યાન જ દોર્યુ છે. જો આગેવાનો શાંત **ચિતે** વિચારશે તો તેમને પણ મારી વાતની કડવા**શમાં** મીઠાશનો અનુભવ થશે. હું કોઇની ટીકા કરવા મા**ગતો** નથી. પણ આ જે કંઇ બની રહ્યુ છે. તેના તરફ **અંગુલિ** નિર્દેશ કરવાનો મારો પ્રયાસ છે. બધા આગેવા**નોને** આવી હરોળમાં મૂકી શકાય નહિ. ઘણા આગે**વાનો** સમાજશ્રેષ્ઠ બની પરોપકારી કાર્ય કરે છે. પરંતુ **તેઓએ** પણ હવે બહાર આવી સમસ્યાઓના નિરાકર**ણના** યજ્ઞમાં જોતરાવું પડશે.

મરાઠા કુનબી પાટીદારો

નવેમ્બર - ૨૦૦૫માં પાનીપત, કરનાલ, કુરૂક્ષેત્ર વિગેરે વિસ્તારમાં વસવાટ કરતા મરાઠાકુનબી પાટીદારોનો એક સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં દેશભરમાંથી હજારો મરાઠા કુનબી પાટીદારોએ ભાગ લીધો હતો.

આજથી અઢીસો વરસ પહેલા (ઇ.સ. ૧૭૬૧માં) હરિયાણામાં પાનીપતની ત્રીજી લડાઈ, મરાઠા કુનબી પાટીદારો અને અફઘાનિસ્તન - મધ્ય એશિયામાંથી આવેલા લુંટારા અહમદ શાહ અબ્દાલી વચ્ચે થઇ હતી.

પ્રથમ દિવસના યુદ્ધમાં મરાઠાઓનો વિજય થયો હતો. અને મરાઠાઓએ દિલ્હીનો લાલ કિલ્લો કબજો કર્યોહતો. આ પ્રથમ દિવસના યુદ્ધમાં અહમદ શાહ અબ્દાલીની હાર થઇ હતી. મરાઠાઓ જાણતા હતા કે આપણો વિજય જરૂર થયો છે પણ અહમદશાહ અબ્દાલી વળતો ઘા જરૂર કરશે તો આ યુદ્ધની આપણે રણનીતિ બનાવવી જોઈએ.

મરાઠાઓએ આ લડાઇની રણનીતિ બનાવવા માટે આજુબાજુના વિસ્તારના રાજા-મહારાજા અને નવાબોને બોલાવ્યા. કારણ કે તેઓ પુનાથી આવેલ હતા. એટલે આ વિસ્તારથી અજાણ હતા. અજાણે હોવાથી એક હાથે લડવું અને અબ્દાલીને હરાવવો કઠીન થશે. માટે બધા રાજા-નવાબો પાસેથી સાથ સહકાર માગ્યો. પણ ભરતપુરના રાજા સુરજમલે એક શરત રાખી કે જો આપણે આ લડાઈ જીતી જઈએ તો દિલ્હીનો રાજા હું બનીશ. અગર આ મારો પ્રસ્તાવ બધાને મંજૂર હોય તો હું સાથ સહકાર આપવા તૈયાર છું. પણ મરાઠાઓનું કહેવાનું થયું કે દિલ્હીનો રાજા કોણ બનશે એ આપણે પછીવિચારી લેશું પણ આ લુંટારાને હિન્દુસ્તાનમાંથી બહાર કાઢવો છે. પણ મરાઠાઓની આ માંગણી સ્વીકાર ન હોવાથી અને આ વિસ્તારના રાજા અને નવાબોનો સાથ - સહકાર ન મળવાથી મરાઠાઓ આ લડાઈ હારી ગયા. અને દિશાહીન થવાથી વેરવિખેર થઇ ગયા.

એક બીજી વિડંબના એ હતી કે મરાઠાઓ - રાજાઓ અને સરદારો પોતાના પરિવારોને કુરૂક્ષેત્રના દર્શન કરવા સાથે લાવ્યા હતા. અને લડાઈ વખતે આ પરિવારોની સંભાળ કોણ રાખે એ પણ એક સમસ્યા હતી. લડાઈમાં બાકી બચેલા મરાઠાઓ દિશાહીન એ વેર વિખેર થવાથી થાકી ગયા. અને વતનથી ઘણા દૂર હોવાથી પાછું ફરવું અશક્ય બન્યુ.'એટલે આ મરાઠા કુનબી પાટીદારો હરિયાણામાં પાનીપત, કરનાલ, કુરૂક્ષેત્ર અને તેમના આજુબાજુના વિસ્તારમાં વસી ગયા.

આ મરાઠા પાટીદારોની એક સંસ્થા ચાલે છે તેનું નામ મરાઠા સેવા સંઘ પુના ખાતે છે. દર વરસે આ સંસ્થા વાર્ષિક સ્નેહમિલનનો કાર્યક્રમ યોજે છે.

આ સંસ્થાના પ્રમુખ સાથે અને સ્નેહમિલન વખતે અને પ્રમુખશ્રી પરસોત્તમ ખેડેકરની સાથે સ્નેહમિલન દરમ્યાન થયેલ મુલાકાત વખતે આ મરાઠા કુનબી પાટીદારોના ઇતિહાસની જાણકારી વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મુલાકાત દરમ્યાન મારી (કવિ પટેલ) અને તેમની સંસ્થાના પ્રમુખ પરસોત્તમ ખેડેકર સાથે એવી ચર્ચા થઇ કે : રાષ્ટ્રભરમાં વસતા અને વિવિધ ભાષા બોલતા તથા વિવિધ નામો ધરાવતા પાટીદારોનો એક રાષ્ટ્રીય મંચ બનાવવામાં આવે, જેથી કરી રાષ્ટ્રભરમાં વસતા પાટીદારો પોતાની પહેચાન બનાવી શકે.

છેલ્લાં દસ વરસ દરમ્યાન મા ઉમિયા માતાજીના આશીર્વાદ તથા ઊંઝામાં સંસ્થાના હોદ્દેદારોના સાથ સહકારથી અને મારા (કવિ પટેલ) રાષ્ટ્રભરમાં વસતા પાટીદારોને નજદીકથી જોવા-જાણવાના કરેલ પ્રવાસ દરમ્યાન થયેલ ફલશ્રુતિ રૂપે આજે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, યુ.પી., રાજ્યો રાષ્ટ્રીય મંચ પર બેસવા અને રાષ્ટ્રીય મંચ બનાવવા ઇચ્છુક છે. બશર્તે ગુજરાતના પાટીદારો પહેલ કરે તેવી તેઓ આશા રાખે છે.

''પાટીદાર મરાઠા સેવા સંઘ (મહારાષ્ટ્ર)'' ૧૩, રાષ્ટ્રીય અધિવેશનમાં કવિ પટેલને આમંત્રણ.

અત્રે પાટીદાર મરાઠાસેવા સંઘ દ્વારા ૧૩મું રાષ્ટ્રીય અધિવેશન શનિવાર દિનાંક ૯-૧૧-૦૮ના રોજે સંત જ્ઞાનેશ્વર ભવન અમરાવતી (મહારાષ્ટ્ર) ખાતે, મરાઠા સેવા સંઘના રાષ્ટ્રીય પ્રમુખ પુરુષોત્તમ ખેડેકરના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યું હતું.

આ મરાઠા સેવા સંઘ ક્રમશઃ રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરે છે. આ રાષ્ટ્રીય અધિવેશન ભારતભરમાં વસતા મરાઠા પાટીદાર સેવા સંઘની સર્વે સંસ્થાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રભરમાં વસતા આ સંસ્થાના કાર્યકરતા મરાઠા સેવા સંઘના ભાઈઓ તથા બહેનોએ આ અધિવેશનમાં હાજરી આપી હતી.

આ 'પાટીદાર મરાઠા સેવા સંઘ'ની વતીથી કવિ પટેલ દિલ્હીવાળાને મુખ્ય અથિતિ તરીકે આ રાષ્ટ્રીય અધિવેશનમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. બીજા મુખ્ય અતિથિ આ પ્રમાણે હતા. (૧) શિવાશ્રી ડૉ. સુનિલ દેશમુખ, - અમરાવતી, (૨) શિવજી પરસોતમ ખેડેકર, સંસ્થાપક, અધ્યક્ષ મરાઠા સેવા સંઘ, (૩) શિવશ્રી ધનંજય ધવડ, મુંબઈ, (૪) શિવશ્રી એમ. વી. પાટીલ (૫) શિવશ્રી ગરડસાહેબ, અમરાવતી, (૬) શિવશ્રી પુરૂષોત્તમ ભાયકર- જિલ્લા અધકારી અમરાવતી (૭) શિવશ્રી કમલેશ પાટીલ અધ્યક્ષ મ.સે.સ. દિલ્હી પાટીલ મુખ્ય અતિથિએ હાજરી આપી હતી. મુખ્ય અતિથિ શિવશ્રી કમલેશ પાટીલ પ્રમુખશ્રી મ.સે.સ. દિલ્હી હાજર હતા.

આ અધિવેશનમાં ભારતભરમાં વસતા ભાઈઓ તથા સંસ્થાઓને રાષ્ટ્રીય સ્તર પર એક સુત્રમાં બાંધવી અને ભારત ભરમાં દરેક રાજયમાં વસતા પાટીદારો જેમની ભાષા અને રહન સહન અને ઉપનામ રાખ્યા છે. તે સર્વે સંસ્થાને એક પ્લેટફોર્મ પર લાવવા અને ભારતમાં પોતાનું અસ્તીત્વ છે. તેની જાણકારી કુર્મિક્ષત્રિય પટેલ, ગુજરાતી પટેલ તથા મરાઠા પટેલ અલગ રાજયમાં વિવિધ નામો રાખી પાટીદારો વસે છે. તેમને સૌને એક સુત્રમાં લાવી પોતાની એકતા અને અનેકતાનું પ્રદર્શન કરાવ્યું છે. આજે ભારતના શહેરોમાં વસવાટ કરતા પાટીદારો સારી હાલતમાં છે. પરંતુ ગામડાઓમાં વસતા ભાઈઓની હાલત નાજુક છે. તો તેમને ઉપર ઉઠાવવા અને સાથે બેસાડવા પ્રયાસ કરવો જોઈએ.જેમ અત્યારે ગુજરાત અને મહારાષ્ટ્રમાં શિવશ્રી પરસોતમ ખેડેકર પ્રમુખ મરાઠાસેવા સંઘ, મરાઠા પાટીદારોના ઉત્થાન અને ઉતકર્ષ માટે મહારાષ્ટ્રમાં તથા અન્ય રાજયમાં પોતાનો અમૂલ્ય ફાળો અર્પી યોગદાન આપે છે. તેમ ગુજરાતના અને હાલ દીલ્હી વસતા કવિ પટેલ ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખશ્રી કેશવલાલ પટેલ, મંત્રીશ્રી મણીભાઈ મમી અને સીતારામભાઈ ઓઘવજી-બાપા અધ્યક્ષ સીદસર ઉમિયા માતાના સર્વેના સાથ સહકારથી પ્રવૃત્તિઓ ચલાવે છે. અને કવિ પટેલ ગુજરાતની વતીથી દરેક અધિવેશન અને મિટીંગોમાં હાજરી આપે છે. અને રાષ્ટ્રમાં વસતા પાટીદારોને જાગૃત કરી પોતાની એકતા બતાવી રાજકીય ક્ષેત્રે એક સમાનતા દેશ તથા જ્ઞાતિને ઉપર ઉઠાવવી છે. અને એકતાનું પ્રદર્શન બતાવવું છે. અને શિવાજી મહારાજ અને સરદાર પટેલના બતાવેલ માર્ગ પર ચાલી આદર્શ જ્ઞાતિ બનાવવી છે.

ઉપર જણઆવેલ વિચારો પાટીદાર મરાઠા સેવા સંઘના પ્રમુખશ્રી પરસોત્તમ ખેડેકરે જણાવ્યા હતા અને વધારામાં જણાવેલ દેશની અંદર અત્યારે પાટીદારોના વિવિધ નામો તથા વિવિધ ભાષા બોલતા પાટીદારોની અત્યારે વસતી ૨૦ કરોડ છે. અગર આ વીસ કરોડ આબાદીનું પ્લેટફોર્મ (મંચ) બની જાય તો મારું (પ્રમુખશ્રી) માનવું છે કે આ દેશનાપ્રદાનમંત્રી પટેલ પાટીદાર બની શકે છે. અધિવેશનમાં પધારેલ પ્રતિનિધિઓએ પોતપોતાના રાજ્યના પાટીદારોની પરિસ્થિતિનો આછો ખ્યાલ આપ્યો હતો. આ પ્રોગ્રામમાં કવિ પટેલ દિલ્હીવાલાએ પોતાની પ્રવૃત્તિઓ જે ભારતભરમાં પાટીદારોમાં ચલાવે છે તેનો ખ્યાલ આપ્યો હતો અને પટેલ કુલદેવી ઉમિયા માતાજીનું ઊંઝાની મંદિરની પ્રવૃત્તિઓ જણાવી હતી આ બે દિવસ ચાલેલ અધિવેશનનું સંચાલન શિવશ્રી કમલેશ પાટીલે કર્યું હતું અને અધિવેશનમાં પધારેલ સર્વે પાટીદારોનો આભાર સંસ્થાના પ્રમુખ પરસોતમ ખેડેકરે કર્યો હતો અને સમાપન ભાષણ પણ પ્રમુખશ્રીએ કર્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી પરસોતમના જણાવ્યા મુજબ દિલ્હી અને હરીયાણઆમાં દસ લાખ મરાઠા પાટીદારોનો વસવાટ છે. પાણીપતની ઉજી લડાઈ મરાઠા અને અફગાન લૂંટારા વચ્ચે કરનાલ હરિયાણામાં થઇ હતી. જેમાંમરાઠાની હાર થઈ હતી. અને હારેલા સિપાઇઓ વેરવિખેર થઇ ગયા હતા અને જણાવેલ વિસ્તારમાં વસી ગયા હતા. આજે એમને બસો વરસથી ઉપર થયાં છે.

★ અમરાવતી (કમલેશ મરાઠા)

★ ભરત પટેલ, સુરત

પાટીદાર અસ્મિતાને ઉજાગર કરનાર સ્વ. કેશુભાઇ શેઠ

શ્રી સીતારામભાઇ જો. પટેલ, ઊંઝા

શ્રી કડવા પાટીદાર સમાજનો મા ઉમીયાના માધ્યમ દ્વારા એકબીજાથી નજીક લાવી પોતાની આગવી ઓળખ ઊભી કરવામાં શ્રી કેશુભાઇ શેઠનો મુખ્ય ફાળો છે, એમ કહીએ તો કંઇ ખોટુ નથી.

શ્રી કેશુભાઇ શેઠ છેલ્લા ૩૫ વર્ષથી મા ઉમીયાના પ્રમુખ સ્થાને રહયા. તેમની કારકિર્દીની શરૂઆત ઇ.સ ૧૯૭૬ શ્રી ઉમીયા માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવ થઇ ગણાય. આપણે નિરીક્ષણ કરીએ તો જણાશે કે ઇ.સ. ૧૯૭૬ પહેલાનુ શ્રી ઉમીયા માતાજી સંસ્થાન-ઊઝાં એટલે એક સામાન્ય સંસ્થા હતી મા ઉમીયા કડવા પાટીદારની કુળદેવી છે,એથી ગણ્યા ગાઠંયા યાત્રી ઓ ખાસ ભકિતી ભાવથી પ્રેરાઇને અહી દર્શને આવતા. માણસોની ખાસ અવર-જવર પણ ન હતી. વહીવટ અમદાવાદથી થતો હોવાથી અન્ય કોઇ તેમાં માથું મારતા નહી અથવા તો વહીવટમાં ભાગ લેવાની અનિચ્છા કે ઓછા રસને લીધે અન્ય ધર્મસ્થાનો મુજબ જ આ સંસ્થા ચીલાચાલુ રીતે ચાલતી હતી .

શ્રી કેશુભાઇ શેઠ જયારથી પ્રમુખ બન્યા ત્યારથી આ સસ્થામાં ચેતના આવી. વહીવટ અમદાવાદ થી ઊંઝાના કાર્યકર્તાઓ પાસે આવ્યો આવા આ સામાન્ય સ્થાનના વિકાસની વિચારણા થવા લાગી. શ્રી ઉમીયા માતાજી દુનીયાભરના કડવા પાટીદાર સમાજના કુળદેવી છે એવો ખ્યાલ ખાસ કરીને દરેક કડવા પાટીદારોને તો હો જોઇએ. આથી આ વિચારને અમલી બનાવાનુ આયોજન થયુ. શ્રી કેશુભાઇ શેઠના પ્રમુખસ્થાને અને આગેવાનીમાં ૧૮મી શતાબ્દી મહોત્સવ ૧૯૭૬ માં ઉજવવાનું નકકી થયું. આ મહોત્સવ સફળતાથી ઉજવાયો.જેથી શ્રી ઉમીયા માતાજી સંસ્થાન-ઊંઝાના વિકાસનું અને શ્રી કેશુભાઇ શેઠના પ્રમુખસ્થાન અને તેની પ્રતિભાના ચમકારનું પણ પ્રથમ સોપાન બન્યુ. માત્ર રૂપિયા ત્રણ લાખ અને ચાર હજારની સિલકથી આવા ભગીરથ કામને હાથ પર લેવામાં આવ્યું. ઘણા વડીલોને આશંકા હતી કે ખૂણે-ખૂણેથી કડવા પાટીદારો આ મહોત્સવમાં ઉમટી પડશે,તેમના સ્વાગત -સરભરા અને દર્શન કરાવાનુ કેમ કરી શકય બનશે? પૈસાની જરૂર પડશે, આટલી ઓછી સિલકથી કેમ પહોંચી વળાશે ? પણ માની પણ માની કૃપાથી તેમજ ઊંઝાના સર્વ સમાજના લોકોના સહકારથી આ મહોત્સવ રંગેચંગે ઉજવાયો. ૧૮ થી ૨૦ લાખ લોકો આવ્યા. મહોત્સવના પાચં દિવસ દરમિયાન માની કૃપાથી કોઇ જ અઘટિત બનાવ ના બન્યો. સર્વ લોકોએ મહોત્સવ માણ્યો, એક સ્વપ્ન જેવુ બની ગયું. ઊંઝાના કાર્યકરોએ આવો મહોત્સવ ફરી કદી થશે નહી તેમ માની કામ પાર પાડયુ.

આ મહોત્સવ કડવા પાટીદાર સમાજના વિકાસનું એક ચીમાચિહ્ન રૂપ પગરણ (Turning Point) બન્યુ. મા ઉમીયાના આશીર્વાદથી સમાજે માના ચરણે બાવન લાખ રૂપિયા ધરી દીધા , જેમાંથી આઠેક લાખ નો ખર્ચ જતાં રૂપિયા ચુવાલીસ લાખની બચત થઇ. આ એક અભુતપૂર્વ અને ઐતિહાસિક ઘટના બની .

આ મહોત્સવને સમગ્ર કડવા પાટીદાર સમાજની એકતા ભકિતભાવ અને વહીવટની કેડી કંડારી. શ્રી કેશુભાઇ શેઠની આગેવાનીમાં પ્રથમ ઊંઝા મંદિર ખાતે યાત્રીઓના રોકાણની સુવિધા માટે પથિકાશ્રમ,ભોજનશાળા મંદિર પરિસરનો વિકાસ, ઓફિસ વગેરે આવ્યુ.ભકિતભાવ વધ્યો, યાત્રીઓનો ઘસારો વધ્યો.બીજી બાજુ શ્રી કેશુભાઇ શેઠ ની આગેવાની માં ગુજરાત થી મધ્ય પ્રદેશમાં આપણા જ

ગુજરાતી ભાઈઓ કપરા સર્જોગોને પાર પાડવા સારી જમીનં અને પાણીની ખોજમાં ત્યાં વસેલા. મહારાણી અહલ્યા-બાઈએ અને તે બાદ હોલ્કરે પણ આપણા પાટીદાર બંધુઓને જમીનના પટા આપી રાજ્યાશ્રય આપેલો. માની ભક્તિ અને કેવળ કપરી મજૂરી કરવાડી આ પાટીદાર પ્રજા ત્યાં નિમાડ, માળવા, ઉજ્જૈન તરફ ઠરીઠામ થઈ. શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં ત્યાની પ્રજાને ગુજરાત સાથે રાખવા મધ્યપ્રદેશની સમાજ-યાત્રાઓ કરવામાં આવી.ઠેરઠેર બાલવાડીઓ, કન્યા છાત્રાલયો અને સ્કૂલો ઊભી થવા લાગી. શ્રી કેશુભાઈ શેઠે અહીં દરેક શૈક્ષણિક સ્કૂલો દાનમાં આપી પહેલ કરી હતી અને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમાજનો છેલ્લા પચીસેક વર્ષોમાં જે વિકાસ થયો તેનો યશ શ્રી કેશુભાઇ શેઠ અને તેમના સાથીદારો શ્રી મણીભાઈ મમ્મી, શ્રી માધુભાઇ અને શ્રી વિક્રમભાઇને આપી શકાય. મધ્યપ્રદેશમાં ઉમાના મંદિરો પણ થયા, પાટીદારો અહી પછાત અવસ્થામાં હતા. તેઓ હવે અગ્ર સ્થાને આવી ગયા છે. તેઓ શ્રી કેશુભાઈ શેઠને તારણહાર ગણે છે. તેઓ ગુજરાત સાથે જોડાઇ ઓતપ્રોત થયા છે. તો આજે ગામના સરપચંથી લઈ તાલુકા જિલ્લા, રાજય અને દેશ લેવલે પ્રતિનિધિત્વ કરે છે.

શ્રી કેશુભાઇ શેઠનું સમાજ માટેનું ચિંતન હરહંમેશ ચાલુ રહેતુ હતું. તેઓ ૫૦-૧૦૦વર્ષ પહેલાનું જોતા હતા મધ્યપ્રદેશ સાથે શ્રી ઉમીયા માતાજી સસ્થાંન-ઊંઝા ના જોડાણ નો ખ્યાલ દિલ્હીમાં બેઠેલ એક કચ્છી પાટીદાર શ્રી કવિ પટેલે ઉતરપ્રદેશના પાટીદારોને આપ્યો,ઉતરપ્રદેશના કુર્મિ ક્ષત્રિયો પણ ગુજરાત અને મધ્યપ્રદેશના પાટીદારોના ભાઇઓ જ છે તેવો ખ્યાલ આપ્યો. મા ઉમીયા તેમની પણ કુળદેવી જ છે તેમ જણાયુ. પરિણામે ઉતરપ્રદેશના કુર્મિ ક્ષત્રિયો શ્રી કવિ પટેલના પ્રત્યનોથી ગુજરાતના પ્રવાસે આવ્યા. શ્રી ઉમીયા માતાજી સંસ્થાન -ઊંઝા જોડાણનું માધ્યમ બન્યુ. તેઓ ગુજરાતનો વિકાસ જોઇ ખુબ જ પ્રભાવિત થયા. તેમણે વળતો ગુજરાતનો-પાટીદારનો પ્રવાસ ગોઠવ્યો. ઊંઝાથી ગુજરાતભરમાંથી ૫૫ આગેવાનો લક્ઝરી બસ દ્વારા ૧૦દિવસની ઉતરપ્રદેશની સમાજયાત્રાએ ગયા.ઉતરપ્રદેશને વિકાસની પરીપાટીનો ખ્યાલ આવ્યો. પરિણામે આંબેડકર નગર જિલ્લા શ્રી રામશકલસિંહ પટેલે ત્યાં દહેજ વગર સમુહલગ્નો યોજયાં જેમા ઊંઝા સંસ્થાનના શ્રી કેશુભાઇ શેઠની આગેવાનીમાં આગેવાનો હાજર રહ્યાં. ગુજરાતમાં પણ સમુહલગ્નોનું આયોજન થયું હતું, જેમા કન્યાને પાનેતર અને માતાજીનો ફોટો અપાય છે. એ જ પ્રમાણે ઉતરપ્રદેશમાં યોજાતા સમુહલગ્નોમાં પણ માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી પાનેતર અને ફોટો અપાય છે. ત્યાં પ્રથમ ૮૮ જોડા નાં સમુહલગ્નો થયા હતા .તે વખતે ઊંઝા સંસ્થાનના ઉપપ્રમુખશ્રી ઓ.આર.પટેલ તરફથી દરેક દીકરીને કાંડા ઘડિયાળ ભેટ આપવામાં આવી હતી. શ્રી રામશકલસિંહ પટેલ ત્યારથી સમુહલગ્નો યોજે છે,જેનો આંકડો લગભગ ૧૫૦૦જેવો થયો છે.

વળી ફતેહપુર-બડાગાંવ, જિ.આંબેડકરનગર ખાતે મા ઉમીયાનું મંદિર પણ બન્યું છે ઉતરપ્રદેશના પાટીદારો અવારનવાર ગુજરાતના પ્રવાસે આવે છે.

પાટીદારોની એકતાનો પ્રયત્નો પ્રવાસો અને સમાજયાત્રાઓથી ચાલતાં જ રહ્યા છે. શ્રી કેશુભાઇ શેઠનું ચિંતન અને પ્રોત્સાહન કાર્યકારોમાં એક અનેરો ઉત્સાહ પ્રેરી રહ્યું હતું. માના ભક્તિભાવ માટે શ્રી ઉમીયા જયોતિ રથનુ માધ્યમ બન્યું. કદોરીયા-મધ્યપ્રદેશ ખાતે માતાજી મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા વખતે શ્રી કેશુભાઇ શેઠ, શ્રી મણીભાઇ મમ્મી અને શ્રી માધુભાઇ ત્યાં ગયેલા. મધ્યપ્રદેશના પાટીદરોની અપેક્ષા હતી કે ઊંઝા સંસ્થાન ત્યાં મંદિર બનાવવા કંઇક

આર્થિક મદદ કરે. ઊંઝાના આગેવાનોને આ પ્રથા યોગ્ય ન લાગતા ત્યાં જ માતાજીના ફોટા સાથે ગામ માં યાત્રા કાઢવા માં આવી. અને તે લોકોની આર્થિક અપેક્ષા પુરી થઇ. આ વિચારથી ગુજરાતભરમાં માતાજીનો ભક્તિભાવ વધારવા માટે શ્રી ઉમીયા જ્યોતીરથનું કરોંદિયા ખાતે જ આયોજન થયુ હતું. આ જ્યોતિરથ એ માતાજીના મંદિરની દિવ્ય પ્રતિકૃતિ છે. આ જ્યોતીરથ ગુજરાતના ૩૫૦૦ ગામો માં નિર્વિઘ્ને ફર્યો જેમાંથી સાત કરોડ એકઠા થયા. તે બાદ રથ મધ્યપ્રદેશના ૭૪૯ ગામોમાં ફર્યો. ત્યાં રૂપીયા ચાર કરોડ એકઠા થયા જેનાથી ઇન્દોર ખાતે શૈક્ષણિક સંકુલ માટે જમીન ખરીદવામાં આવી, આજે ત્યાં શૈક્ષણિક સંકુલ ઊભું થઈ રહ્યું છે.

ઊંઝા સંસ્થાનમાં શ્રી કેશુભાઇ શેઠની આગેવાનીમાં સમાજના વિકાસ માટેનુ ચિંતન હરદમ ચાલ્યા જ કરે છે.પરિણામે અહી શ્રી ઉમીયા માતાજી સંસ્થાન દ્વારા ગુજરાત માં ઠેરઠેર સમુહલગ્ન થાય છે. વિધવાત્યક્તા બહેનોને પણ પેન્શન આપાય છે ઉચ્ચ શિક્ષણ માટે જરૂરીયાતવાળા વિધાર્થીઓને વિના વ્યાજની લોન અપાય છે. ગૃહિણી તાલીમની શિબિરોને સહાય,અસાધ્ય રોગોમાં ઉચ્ચક સહાય. કુદરતી અફતો સમયે સેવા અને સહાય,કન્યા અને કુમાર છાત્રાલયોને પણ પ્રોત્સાહક ઉચ્ચક સહાય અપાય છે. આમ સમાજની વિકાસલક્ષી પ્રવૃત્તીઓ ઊંઝાથી હરદમ ચાલ્યા જ કરે છે. જેથી આ સંસ્થા માત્ર ધાર્મિક નથી પણ સમાજ માટેના કામો પણ કરે છે. આથી જ ઉમીયાને સમાજ કલ્યાણી દેવી પણ કહેવામાં આવે છે.

જ્યોતિરથના મધ્યપ્રદેશ પરિભ્રમણ અને તે દ્વારા એકત્રિત થતી સમાજ માટે ધનરાશીથી પ્રેરાઇને રાજેસ્થાનના લેઉવા પાટીદારો પણ તેમના સાગવાડા જિલ્લામાં રથ ફેરવાની યોજના લઇ રથ લેવા ઊંઝા આવેલા.સો પ્રથમ તો તેઓ લેઉવા પાટીદારો હોવાથી ઇન્કાર કરવામાં આવેલો,પણ શ્રી કેશુભાઇ શેઠની કરૂણાવાળું ભાવનાથી તેમને રથ આપવામાં આવ્યો. સાગવાડા જિલ્લાના ૯૧ ગામોમાં રથનું ભ્રમણ કરતા તેમને એક કરોડ રૂપીયા મળ્યા છે. માત્ર ખેતી આધારીત સમાજમાંથી એક કરોડ એકઠા થવા એ ખુબ કઠિન કામ હતું છતા તે થયુ. આ લોકો પણ હવે માં ઉમીયાને કુળદેવ ગણવા લાગ્યા છે અને મંદિર બનાવાની વિચારણા થઇ રહી છે. શ્રી કેશુભાઇ શેઠ ની પ્રેરણાથી ત્યાં આ રકમથી સાગવાડા ખાતે એક ભવ્ય શૈક્ષણિક સંકુલ ઊભું થયું છે. માત્ર ત્રણ વર્ષમાં આજે આ કેળવણીની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં દાખલ થવા પડાપડી થાય છે.

સાગવાડા જિલ્લામાં મા ઉમિયાના જ્યોતિરથથી જે એકતા, ભક્તિભાવ અને ભાઇચારો વધ્યો અને સાગવાડામાં ભવ્ય શૈક્ષણિક સંકુલ બન્યું, આથી પ્રેરાઇને સાગવાડાની બાજુના વાંસવાડા જિલ્લાએ પણ જ્યોતિરથ ફેરવવા નક્કી કર્યું હાલમાં જ્યોતીરથ આ વાંસવાડા જિલ્લાના ૩૧ ગામોમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

શ્રી ઉમીયા માતાજી સંસ્થાન ઊંઝામાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ ચાલુ હતી, ત્યારે શ્રી કેશુભાઈ શેઠના મગજમાં ૧૮મી શાતાબ્દી મહોત્સવને ત્રીસ-બત્રીસ વર્ષ થયાં હોવાથી તેનો રજતજયંતી મહોત્સવ ઉજવવાનો વિચાર આવ્યો. શ્રી કેશુભાઇ શેઠ આ મહોત્સવ ઉજવવા મક્કમ હતા. પરિણામે ઊંઝા ગામે આ વિચારને અમલી બનાવ્યો. ઇ.સ.૨૦૦૯ની આખરમાં આ મહોત્સવ ઉજવાયો. આ મહોત્સવમાં દુનિયાભરમાંથી ૬૦ લાખયાત્રીઓ ઉમટી પડયાં. મહોત્સવ માતાજી સંસ્થાનની પશ્ચિમદિશાએ બે કિલોમીટરની વિશાળ જગ્યામાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવ્યો. શ્રી કેશુભાઇ શેઠનું આ સ્વપ્ન પૂર્ણ થયું. રૂપિયા ૩૪ કરોડની ધનરાશી એકત્રીત થઇ. જેમાંથી અઢાર જેવું ખર્ચ થયું. આ મહોત્સવ એ ઊંઝાના કાર્યકરોની

આયોજન શક્તિનો વિજય દુનિયાભરના પાટીદાર સમાજના લોકોનો ભવ્ય મેળો બન્યો. આધુનિક સમાચાર માધ્યમોએતેનો યોગ્ય પ્રસાર કર્યો. મા ઉમિયાનો પ્રભાવ દુનિયાના ખૂણેખૂણે પહોંચ્યો. ગુજરાત, મધ્યપ્રદેશમાંથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન -ઊંઝાના કાર્યકરોએ પાટીદાર સમાજનું દુનિયાભરમાં ગૌરવ વધાર્યું હોવાથી તેમનું સન્માન કરવામાં આવ્યું.

આજે મા ઉમીયાના સ્થાનકે રોજરોજ યાત્રીઓ ઉભરાય છે. તેમને યોગ્ય સુવિધા અપાય છે.

શ્રી કેશુભાઇ શેઠ ભવિષ્યને જોઇ શકતા હતા. તેમની વિશાળ દષ્ટિથી અંબાજી, બેચરાજી અને સોલા અમદાવાદ ખાતે શ્રી ઉમીયા માતાજીસંસ્થાન-ઊંઝાના પથિકાશ્રમો ઊભા થયા છે. આ તેમની પ્રેરણા અને પ્રયત્નનું પરિણામ છે. કડવા પાટીદાર સમાજના યુવાનો માટે ઉમા યુનિવર્સિટીનો વિચાર આવ્યો હતો, પણ તે કરતાં સમાજના યુવાનો માટે મહેસાણા-ગાંધીનગર રોડ પર ખેરવા જોડે શ્રી ગણપત વિધાનગર ૬૦૦ વીઘા જમીનમાં બન્યું. હવે તે યુનિવર્સિટી છે. ઉત્તર ગુજરાતનું શિક્ષણ તીર્થ અને પૂ. છગનભાની કેળવણી માટે સાધનાનું સ્થાન કડી ખાતે પણ શ્રી કેશુભાઇ શેઠ પ્રમુખસ્થાને રહી દોરવણી આપતા હતા.

કડવા પાટીદાર સમાજના યુવાનો માટે ઉમા યુનિવર્સિટીનો વિચાર આવ્યો હતો, પણ તે કરતાં સમાજના યુવાનો માટે મહેસાણા-ગાંધીનગર રોડ પર ખેરવા જોડે શ્રી ગણપત વિધાનગર ૬૦૦ વીઘા જમીનમાં બન્યું. હવે તે યુનિવર્સિટી છે. ઉત્તર ગુજરાતનું શિક્ષણ તીર્થ અને પૂ. છગનભાની કેળવણી માટે સાધનાનું સ્થાન કડી ખાતે પણ શ્રી કેશુભાઇ શેઠ પ્રમુખસ્થાને રહી દોરવણી આપતા હતા.

કન્યા કેળવણીના ખાસ આગ્રહને લીધે શ્રી કેશુભાઇ શેઠે શ્રી કન્યા કેળવણીમાં ઊંઝા દ્વારા શરૂઆતમાં ત્રણ દીકરીઓથી કન્યા છાત્રાલયની માતાજીમાં શરૂઆત કરી, બાદમાં સ્ટેશન જોડે જમીન મેળવી કન્યા છાત્રાલય અને વિધાલયની સ્થાપના કરી આ મંડળમાં તેમણે ઘણાં વર્ષો સુધી પ્રમુખ તરીકે સેવાઓ આપી તેને આજે વટવૃક્ષ બનાવ્યું છે. તેમણે પાટણ ખાતે દાન આપી તેમના માતુશ્રી નાથીબાના નામે કન્યા છાત્રાલય ઊભું કર્યું તેમજ પિતાશ્રી વિઠ્ઠલદાસ રણછોડદાસનું નામ જોડી કુમાર છાત્રાલય પણ કર્યું. તેમણે તેમના વતન કાંસા ખાતે નાથીબા બાલ-મંદિર, નાથીબા હેલ્થ સેન્ટર અને તેમના દાદાશ્રી રણછોડદાસ જોઇતારામના નામથી હાઇસ્કૂલ ઊભી કરી. વિસનગર ખાતે નાથીબા કન્યા છાત્રાલય અને વિધાલય બનાવ્યું. ગાંધીનગર સર્વ વિધાલય કડીના સચાંલન હેઠળ નાથીબા કન્યા છાત્રાલય બન્યું. આમ તેમની કન્યા કેળવણીની ધગસથી ઠેકઠેકાણે દાન આપ્યા છે. મધ્યપ્રદેશ ખાતે બાલવાડીઓ તેમજ કન્યા છાત્રાલયો ઊભા કરવા પ્રેરણા કરી દાન આપ્યા છે.

તેઓ ભવિષ્યને જોઇ સમાજના વિકાસ માટે વિચારતા હતા. તેમણે મહેસાણા જોડે દેહિસાણ ખાતે જમીન મેળવવા પ્રયત્ન કર્યો છે. કદાચ મળી જશે. વિજાપુર વિસ્તારમાં વિજાપુર વલાસણા રોડ પર શોભાસણ ગામે શ્રી અંરવિદભાઇ અને શ્રી જયંતીભાઇ તરફથી શૈક્ષણિક સંકુલ માટે ૩૦૦ વીઘા જમીન દાનમાં મળી તે પણ તેમના દ્વારા શ્રી ઉમીયા માતાજી સંસ્થાન ઊંઝાના વિશ્વાસનું પરિણામ છે. સોરાષ્ટ્રમાં મોરબી નજીક ૨૦૦ વીઘા જમીન મેળવાના પ્રયત્ન પાછળ તેમની પ્રેરણા છે. હજી તો તેઓ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ૨૦૦-૩૦૦ વીઘા જમીન મેળવવા વિચારતા હતા,પંરતુ એ કામ અધુરૂં રહ્યુ. સુરત ખાતે કડવા લેઉવા પાટીદારોની એકતા માટે શ્રી કેશુભાઇ શેઠ અને શ્રી ઓ.આર.પટેલ આગ્રહી હતા.

સતત રાત-દિવસ સમાજના ચિંતનમાં રહેતા શ્રી કેશુભાઇ શેઠ ઉમીયા માતાજી સંસ્થાન - ઊંઝાને

સમાજના વિકાસલક્ષી એક આધુનિક તીર્થસ્થાન બનાવવા માગતા હતા તેમની પાસે બેસીએ તો કોઇ નવા વિચારની ચર્ચા હોય. માણસ સમાજના કામ માટે કોઇ દિવસ રાજકોટ હોય તો બીજા દિવસે વાંઢાય(કચ્છ)હોય, કદી સુરત હોય તો કદી હિંમતનગર, કદી મહેશ્વર(મધ્યપ્રદેશ) હોય તો વળી બીજા દિવસે ઉજજૈન કે સાગવાડા હોય, કદી આઝમગઢ(ઉત્તરપ્રદેશ)હોય. આમ આ માણસ સમાજ માટે સતત દોડતો રહેતો હતો તેઓ ૮૫-૮૮ વર્ષ ની ઉંમરે દરરોજ૩૦૦-૪૦૦ કિલોમીટરનો પ્રવાસ કરતા હતા સામાન્ય માણસ તો થાકી જાય.

તેઓ અધ્યાત્મના આરાધક હતા. તેઓ પ્રવાસ દરમિયાન હંમેશાં વેદાંતના પુસ્તકો વાચંતા જ હોય. ઘણીવાર તે બાબતે ચર્ચાઓ પણ કરે મુસાફરી દરમિયાન કોઇ ધાર્મિક સ્થાન આવે તો અચુક દર્શને જાય. સંતોના દર્શને પણ જાય.

છેલ્લા એક વર્ષ થી રજતજયંતી મહોત્સવ પછી તેમની ઈચ્છા ઉત્તર પ્રદેશ ખાતે જયોતિરથ ફેરવવાની હતી તેઓ કહેતા કે ઉત્તરપ્રદેશ, બિહારના કુર્મિ ક્ષત્રિય પાટીદારોના દિલમાં મા ઉમીયાનો ભક્તિભાવ વધ્યો છે અને ગુજરાતના સ્વજાતિ બંધુઓ સાથે તેઓ જોડાવા ઉત્સક બન્યા છે. આવા તૈયાર હોવાથી લણવાનુ જ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની વિકાસયાત્રા ઈ.સ. ૧૯૭૬થી અવિરત ચાલી રહી છે. શ્રી કેશુભાઇ શેઠે તેમના પ્રમુખસ્થાને રહી છે. શ્રી કેશુભાઇશેઠે તેમના પ્રમુખ સ્થાને રહી જે કામો કાર્યો-કરાવ્યા છે તે યાદગાર અને ઐતિહાસિક બન્યા છે. તેઓ સમાજસેવા દ્વારા માં ઉમીયાની આરાધના કરતા હતા. આવા માનવશક્તિ બહારના કામો થવા એ મા ઉમીયાની અગોચર શક્તિ અને પ્રેરણાનું જ પ્રમાણ છે.

શ્રી કેશુભાઇ શેઠ પણ હરેક કાર્ય પાછળ મા ઉમિયાનો આદેશ માનીને ચાલતા હતા એવા શ્રી કેશુભાઇ શેઠ આગળ "સ્વર્ગસ્થ" લખવા કલમ તૈયાર નથી, પણ હવે તે હકીકત બની છે. તેઓ આપણી વચ્ચે નથી. એમને લાગે છે કે અમે હવે કોની પાસે જઇ અમારા દિલના ઉભરાં ઠાલવીશુ. કામગીરી બાબત કોઇ વાતે શેઠ પાસે પહોંચી જઇ તેમને જે કહી શકતા હતા તે હવે ખાલી જગ્યા બની છે. અમે સર્વ શૂન્યમનસ્ક છીએ.

ટૂંકમાં કહીએ તો શ્રી કેશુભાઇ શેઠે પાટીદારોનું ખમીર અને અસ્મિતાને ઉજાગર કરી છે. તેઓ ૫૦-૧૦૦ વર્ષમા ભવિષ્યને જોઇ શકતા હતા. તેમની આ દીર્ઘદષ્ટિ અને સર્વતોમુખી વિકાસનું ચિંતન તેમને એક વિકાસરૂપ કે આર્ષદષ્ટિા કે ભવિષ્યના વિકાસ ફલકને જોનારા તરીકે મુલવશે. તેઓને અંગ્રેજીમાં વીઝનરી (Visionary) કહી શકાય. તેમના હર કાર્યમાં શ્રી મણીભાઇ મમ્મી અને શ્રી વિક્રમદાસ હરદમ સાથે જ રહ્યા છે.

મા ઉમિયા તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે, અમને તેમના અધૂરા કાર્યો પુરા કરવાની કે આગળ વધાવવાની પ્રેરણા અને શક્તિ અર્પે તેવી માં ઉમિયાને પ્રાર્થના ! તેમની સ્મૃતી અવિસ્મરણીય રહેશે.

શ્રી કેશુભાઇ શેઠ એક વિરલ વ્યક્તિત્વ

મણીભાઇ ઇ. પટેલ (મમ્મી), ઊંઝા

વિશ્વના કડવા પાટીદારના ઇતિહાસનો અભ્યાસ કરીયે તો શ્રી ઉમિયા માતાજી એ કડવા પાટીદારના કુળદેવી હોવાથી હજારો વર્ષથી મા ઉમિયાના કમાડ ખૂલે અને ત્યારે ૧૦,૧૧ કે ૧૨ વર્ષ સમગ્ર કડવા પાટીદાર સમાજમાં એક તિથીએ લગ્ન થતા.જેને બંધુકા વિવાહ તરીકે અગર બાર વર્ષ વિવાહ થતા એ જ હજારો વર્ષથી આ પ્રથા ચાલી આવતી હતી.તે પ્રથાના કારણે કુળદેવી મા ઉમિયાના માધ્યમથી સમાજ સંગઠિત રહ્યો. સમયે સમયે આ સમાજમાં એવા પુરૂષો જન્મ્યા કે જેમણે આ સમાજમાં કેળવણીકારો,સામાજિકસુધારકો,ઉદ્યોગપતિઓ,ઉત્તમ કૃષિકારો,કેળવણી આવ્યા પછી મોટા ઉદ્યોગપતિઓ, શિક્ષણકારો,વકીલો,ડોકટરો,એન્જિનિયરો,વિદ્વાનોએ પણ આ સમાજને યોગ્ય દોરવણી આપી છે. કુળદેવી માં ઉમિયાના માધ્યમે આ સમાજને આજ સુધી સંગઠિત રાખી શક્યા છીએ.આ મંદિરનો વહીવટ ઊંઝાના પાટીદારોએ હજારો વર્ષ સુધી ઘરદીઠ અનાજ ,પા શેરો (ઘી) આપી આ મંદિરનો નિભાવ કર્યો છે.જે વખતે પાટીદાર સમાજ પાસે રોકડ નાણું ન હતું તે સમયે માલના રૂપમાં આપી સંસ્થાને નિભાવી છે. આ સંસ્થાનો વહીવટ અમદાવાદ શહેરના સમાજ માટે ઘસાઇને ઉજળા થવાની ભાવનાવાળા સ્વ. બેચરદાસ શેઠ લશ્કરી પરિવાર, મફતલાલ ગગલદાસ પરિવાર, નંદુલાલ મંછારામ પરિવાર, લક્ષ્મીકાંત ભગુભાઇ મારફતીયા પરિવાર, પાટડી દરબાર સાહેબ પરિવાર જેવા શ્રેષ્ઠીઓએ આવી સંભાળ્યો છે.

સને ૧૯૭૬ સુધીનો વહીવટ અમદાવાદીના શ્રેષ્ઠીઓ મારફતે થતો હતો. તે સમયે સહમંત્રી તરીકે ઊંઝામાંથી સ્વ. શ્રી ઇશ્વરલાલ પ્રાણદાસ પટેલ વર્ષો સુધી રહેલા સંવત ૨૦૩૩માં આપણો ૧૮મી શતાબ્દી મહોત્સવની ઉજવણી વખતે તેમની ૫૫ વર્ષની ઉમર, યુવાનીનો તરવરાડ, ઊંઝાના વેપારીઓમાં ઇસબગુલના મોટા એક્સપોર્ટર તરીકે સન્માનીય અને આદરણીય વ્યક્તિ તરીકેનું આગવું માન-સન્માન હતું. આ મહોત્સવની તૈયારી કરવા માટે સિદ્ધપુરથી નિયમિત સમયસર ઊંઝા આવવા-જવાનું અને દરેક કમિટીઓના હોદ્દેદારો સભ્યો સાથે, સ્વયંસેવકો સાથે આત્મીય રીતે મળી દરેક કમિટી પોતપોતાની રીતે શ્રેઠ કામગીરી કરવા માટે સતત પ્રયત્નશીલ રહેતા. આખા મહોત્સવમાં શેઠશ્રી કેશુભાઇની એક આગવી ભૂમિકા રહી. સૌને સાથી લઇને ચાલવાની, નાનામાં નાના કાર્યકરની સારસંભાળ લેવાની તેમની આગવી સૂઝબૂઝ હતી. તેના કારણે આવડા મોટા મહોત્સવમાં કોઇ એવો કાર્યકર્તાઓ વચ્ચે કે આગેવાનો વચ્ચે જરા પણ મતભેદ પડયા નહોતા. મહોત્સવ ધાર્યા કરતા વધુ સફળ ગયો. મહોત્સવ દરમિયાન ગુજરાતનો વિસ્તૃત પ્રવાસ કરવાનું બન્યુ તેથી તેમનો લોકસંપર્ક વધ્યો. મહોત્સવ પછી તેમની દીર્ઘદષ્ટિના કારણે આ મંદિર કડવા પાટીદારોની અંગત માલીકીનું હોવાથી આ મંદિર દ્વારા આ સમાજના આર્થિક, સામાજીક, શૈક્ષણિક અને ધાર્મિક વિકાસ કેમ થાય તેનો અભ્યાસ કર્યો, તો આ મંદિરના ટ્રસ્ટના બંધારણમાં ઉદેશ જે હતો તે મર્યાદિત હોઇ તેમાં સુધારો કરી ચેરીટી કમિશ્નર પાસે મંજુર કરાવી સમાજના વિકાસ માટેની પ્રવૃતીઓ શરૂ કરવાનું નક્કી કર્યું. મહોત્સવ પહેલા આ સંસ્થાનો વહીવટ એક સામાન્ય ઓરડીમાં બેસીને થતો હતો. રહેવા જમવાની કોઇ ખાસ વ્યવસ્થા ન હતી તેથી સોપ્રથમ સંસ્થાનુ સારું કાર્યાલય, આવનાર યાત્રાળુનો સમયને અનુરૂપ આધુનિક વિશ્રાંતિગૃહ અને ભોજનાલય બનાવવાનું નક્કી થયું. તે પછી જેમ જેમ આવક વધતી ગઇ તેમ સમાજના વિકાસ માટેની અને માન સરોવરના સુધારાની કામગીરી શરૂ થઇ. કેશુભાઇ શેઠ માટે હું એમ કહી શકું કે તેમની ઉદાર દાનગીરી અને કોઇપણ સારી વાતમાં કદી પણ નકારાત્મક વલણ તેમણે દાખવ્યું નથી. આ તેમનો એક મહાન સદ્દગુણ હતો. સમાજના સંપર્ક માટે સોરાષ્ટ્ર, કચ્છ, મધ્યપ્રદેશની સમાજયાત્રાઓ કરવા માટે આર્થિક સહયોગ આપી આ પ્રવૃત્તીઓ શરૂ કરાઇ. મધ્યપ્રદેશના પાટીદારો સાથે

વિશાળ પ્રવાસ ખેડી તેમણે સમુહ લગ્નો, કેળવણી, રાજકીય જાગૃતી, ધાર્મિક સદ્દભાવના, કૃષિ વિકાસ અને અન્ય કુરિવાજોની નાબૂદી માટે સતત પ્રયત્નશીલ રહ્યા. તેમની આ બધી પ્રવૃત્તીઓમાં શ્રી મણીભાઇ મમ્મી, શ્રી મણીલાલ માધુભાઇ ઘંટી, શ્રી વિક્રમભાઇ જેવા અનેક કાર્યકરો અને આગેવાનોએ તેમને પૂરતો સાથ સહકાર આપ્યો છે.

કેશુભાઇ શેઠમાં એક એવું વ્યક્તિત્વ હતું કે તેઓ જે કોઇ સંસ્થા આર્થિક રીતે બહુ સદ્ધર બની જતી લાયન્સ હોસ્પિટલ, મહેસાણા સર્વ વિદ્યાલય કડી, ગણપત યુનિવર્સિટી, સુરત ઉમિયા માતા મંદિર મધ્યપ્રદેશ ઉમા કન્યા છાત્રાલય મહેશ્વર, રાઉ રંગવાસા ઉમિયા માતા મંદિર સાગવાડા ડુંગરપુરના છાત્રાલયો, મોતીભાઇ ચૌધરી ફાઉન્ડેશન મહેસાણા. પાટણ, વિસનગર, કાસાં, ધરતી વિકાસ મંડળ અમદાવાદ, ખેરવા ઉમા પરિવાર છાત્રાલય જેવી અનેક સંસ્થાઓના એ રાહબર અને દાનવીર હતા. તેમની દીર્ઘદષ્ટિના કારણે દરેક સંસ્થાઓને પહેલાં જમીન વધારે લેવાની સલાહ આપી આગ્રહ રાખતા. કેશુભાઇ શેઠની ભાવના ફક્ત કડવા પાટીદાર સમાજ પૂરતી ન હતી. મનુષ્ય માત્રનું કલ્યાણ કેમ થાય તે માટે તેઓ સતત ચિંતનશીલ હતા. સમસ્ત પાટીદાર સમાજ કડવા લેઉવાનું સગંઠન મજબૂત બને તેવું વિચારતા. આપણા સમાજના વહીવંચા, બારોટ, નાયક આપણી અઢારે વર્ણ કે જે ખેતી સાથે સંકળાયેલી છે તે બધાનો વિકાસ, કલ્યાણ થાય તેવી દષ્ટિ હતી. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપું તો એકવખતે મને કહ્યું કે મણીભાઇ આપણો વાલ્મિકી સમાજનાં સમુહલગ્ન ગુજરાતમાં થતા નથી, તો આપણે કરવા જોઈયે. કારણકે તેમને મંડપ, ગાદલાં-ગોદડાં, વાસણ તેમને અન્ય સામગ્રી મેળવવી મુશકેલી હોય છે. આ બાબતમાં આપણે તેમનો વિચાર કરી ઊંઝાના પદ્મભૂષણ શ્રી ઇશ્વરભાઇ જીવરામદાસ અને પી. જે. પટેલનો સંપર્ક સાધ્યો. સૌપ્રથમ સમુહલગ્ન વાલ્મિકી સમાજમાં કરવાનું નકકી કર્યું અને આ બાબતમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝાના ઉત્સાહી ચેરમેનશ્રી નારાયણભાઇ આ કાર્યમાં આગળ આવ્યા. ઊંઝા નગરપાલિકાના તે સમય ના પ્રમુખશ્રી ખોડાભાઇ શંકરલાલના સહયોગથી ઊંઝાના એમ. આર. એસ. હાઇસ્કુલના મેદાનમાં પૂ. સચ્ચિદાનંદ મહારાજના આર્શીવાદથી ભારે ઉત્સાહ-ઉમંગથી ગુજરાતમાં વાલ્મિકી સમાજનો પ્રથમ સમુહલગ્નોત્સવ ઉજવાયો. ઠાકોર સમાજ કે કોઇ અન્ય સમાજ સમુહલગ્નો કે સામાજિક સંમેલનોમાં હાજરી આપી પ્રોસાહિત કરવાનું ધ્યેય હતું. તેમના જીવનમાં તેમણે કોઇ પ્રકારનું સન્માન લેવાનું વિચાર્યું નહોતું. ઘણી બધી સંસ્થાઓ તેમનું સન્માન કરવા, રજતતુલા કરવા, રકતતુલા કરવા, પાટીદાર શિરોમણી જેવા અનેક સન્માનોથી નવાજવા માટે આવતા, પંરતુ તઓ મરણપર્યંત આવા સન્માનથી દૂર રહ્યા.

તેમની ધાર્મિક બાબતમાં નિયતિ ઉપર એટલે કે જે કંઇ બનવાનું છે તે બની જ રહેવાનું છે તેમાં યતકિંચિત પણ ફેરફાર થવાનો નથી તેવું દઢપણે માનતા. તત્ત્વજ્ઞાન વિશે અનેક ધાર્મિક પુસ્તકોનું વાંચન, મનન, ચિંતન, ધાર્મિક સંતો તરફ આદર ભાવ અને ગરીબો પ્રત્યેની કરૂણાથી તેમનું હૃદય ઉભરાતું. આવા પરગજુ સેવાભાવી, ધાર્મિક વૃત્તિવાળા, વિરોધીઓ તરફ પણ સન્માનથી જોવાની દષ્ટિ હતી. આવા અનેક સદ્દગુણો ધરાવનાર બહુધા પ્રતિભાશાળી, યશસ્વી કારકિર્દી ધરાવતા, અનન્ય વ્યક્તિત્વવાળા, મૂંઠી ઉચેરો માનવી એવા વિરલ હતા.

તેમના જીવનકાળ દરમિયાન શ્રી ઉમિયા માતા સંસ્થાનના બે મોટા મહોત્સવ ઉજવાયા. મા ઉમિયાના જ્યોતિરથની પરિક્રમા અને ઉચ્ચ શિક્ષણ નિધિ આ ચારે મોટા કાર્યક્રમમાં તેમનું માર્ગદર્શન અને તેને સફળતા પૂર્વક પાર પાડવા માટે અગાથ પરિશ્રમ કરી વિશ્વના પાટીદારોને સંગઠિત કરી વિશ્વના પાટીદારોને સંગઠીત કરી ૨૧મી સદીમાં આવનાર નવી પેઢી સુખી, સમુદ્ધ, સંસ્કારી, શિક્ષિત, સશકત અને નિર્વ્યસની બની વિશ્વમાં આગવી ઓળખ ઊભી કરી મહાજાતિ તરીકે આપણે વિશ્વમાં છવાઈ જઈયે એવી ઉચ્ચ ભાવના સાથે જીવનભર ઝઝૂમ્યાં.

પરમ કૃપાળુ મા ઉમિયાને પ્રાથના છે કે શેઠશ્રી કેશુભાઇનો દિવ્ય આત્મા પરમ શાંતિ પામે અને મોક્ષ પ્રાપ્ત કરે. તેમના પરિવારજનોને તેમના જવાથી થયેલ દુઃખસહન કરવાની શકિત આપે !

શેઠ કેશવલાલને ઉત્તરપ્રદેશના પાટીદારોની શોકાંજલિ

કવિ પટેલ-દિલ્હીવાલાથી જાણીતા આ લેખના લેખક મૂળ કચ્છી કડવા પાટીદારોને ઉત્તરપ્રદેશના પાટીદારો સાથે જોડી આપવામાં તેઓ મહત્ત્વની સંપર્ક કડી બન્યા છે. ઉત્તરપ્રદેશના પાટીદારોની ગુજરાત મુલાકાતો અને ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ગુજરાતના પાટીદારોની સમાજયાત્રાના આયોજનમાં તેમનું ઘણું મહત્વનું યોગદાન રહ્યું છે. આજે પણ તેઓ પાટીદાર સંગઠન માટે એટલા સક્રિય છે.

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા, અને શેઠ કેશવલાલની પ્રેરણાથી અમારી લગભગ ૬૦ જણાની એક ટીમ કવિ પટેલના પ્રયાસથી યુ. પી. ના પ્રવાસે ગઇ હતી. અમારા પ્રવાસની જાણકારી યુ. પી. માં વસવાટ કરતા ગુજરાતી પાટીદારો અને કૂર્મીક્ષત્રિય પાટીદારોને પ્રથમથી જાણકારી થઇ હતી દિલ્હી, આગરા ને ઈટાવાથી અમારો પ્રવાસ ચાલુ થયો હતો.અમારી સાથે દિલ્હીમાં વસતા કૂર્મીક્ષત્રિય સમાજના હોદ્દેદારો પણ હતા.

પ્રવાસમાં જોડયા હતા. એક સપ્તાહના પ્રવાસ દરમિયાન અમોએ ઊંઝા-સંસ્થાન હોદ્દેદારોએ ગુજરાતી પટેલો સાથે મીટીંગોનું આયોજન કર્યું હતું અને શેઠજીએ આ ગુજરાતી પટેલોની પરિસ્થિતીની જાણકારી મેળવી હતી અને ગુજરાત આવવાનું આમંત્રણ આપ્યું હતું.

ગુજરાતી પાટીદારોની પરિસ્થિતીને ધ્યાનમાં લઈ આ યુ. પી. ના પાટીદારોને ગુજરાત સાથે સંબધ રાખવા અને પ્રવાસનું જણાવ્યું હતું. શેઠ કેશવલાલે અહીંના ગુજરાતી પાટીદારોને ઉપર લાવવા માટે દહેજપ્રથા બંધ કરવા, સમુહલગ્ન કરવા પોતાના વિચારો જણાવ્યા હતા. અને તેના સંદર્ભમાં ત્યાં આજમગઢ મધ્યે સમુહ-વિવાહનું આયોજન ગોઠવામાં આવ્યું હતું અને દર વરસે શેઠજી અને સંસ્થાનના હોદ્દેદારો આ સમુહલગ્નમાં હાજરી આપતા હતા. ઉપરાંત યુ. પી. માં અંબેડકર જિલ્લામાં ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. અને સમૂહ વિવાહમાં દહેજ પ્રથા નાબૂદ કરાવી હતી. આના સંદર્ભ માં ગુજરાતી પાટીદારોનું ગુજરાતમાં પ્રવાસનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.આવા પ્રવાસ એકબીજાને ત્યાં અત્યારે ચાલુ છે. શેઠજી પાટીદારોને કેમ ઉપર લાવવા તેના સતત પ્રયાસ કરતા હતા.

શેઠજીના અચાનક નિધનથી દિલ્હી અને યુ. પી. માં તથા નેપાળમાં વસવાટ કરતા ગુજરાતી પાટીદારોને ઘણો આઘાત લાગ્યો હતો અને મને (કવિ પટેલ) ટેલીફોન કરી શેઠજીની જાણકારી મેળવતા હતા. આ પાટીદારો દ્વારા શેઠજીના આત્માની શાંતિ માટે એક શોકસભા પોતાના ક્ષેત્રમાં રાખવામાં આવી હતી. અને તેમના આત્માને શાંતિ મળે એ માટે મા ઉમિયાની પ્રાર્થના કરવામાં આવી હતી

આજે યુ. પી. ની અંદર જે જાગૃતિ આવી છે, તે શેઠજીના અને તેમની ટીમના પ્રવાસ અને પ્રયાસથી આવી છે. તેમના પ્રયાસોથી યુ. પી.માં વસતા પાટીદારોને જાણકારી મળી કે ગુજરાતના પાટીદારોની કુળદેવી ઉમિયામાં સઘળા પાટીદારોની માં છે

આ સાથે યુ. પી. ના પ્રવાસથી પ્રેરાઇ બિહારમાં પણ પાટીદારો જાગ્યા છે અને મા ઉમિયાને પોતાની કુળદેવી ગણી ગુજરાતના પ્રવાસે આવવા વિચારે છે. આ જાગૃતિ શેઠજીના ઉચ્ચ વિચારોને આભારી છે. જે પણ ઉમિયા માતાજીના શરણે આવે છે.તેમને મા પોતાના બાળક સમજી પોતાની ગોદમાં બેસાડે છે. તે ગમે તે પાટીદાર હોય.લેઉઆ-કડવા કૂર્મીક્ષત્રિય અથવા મુમના કેમ ન હોય? તેમને પણ માતાજી આશીર્વાદ આપે છે. ૨૦ વરસથી હું શેઠજીની સાથે રહ્યો છું અને શેઠજીએ મને પોતાનો ગણી હંમેશાં સાથે રાખ્યો છે અને માર્ગદર્શન આપ્યું છે. સાથે મણિભાઈ-મમ્મી, વિક્રમભાઈ, સીતારામભાઈ, ચારીભાઇ, પ્રહલાદભાઇ, લીલાચંદભાઇ વગેરેનો હું આભારી છું, જેનો સાથ અને સહકાર હંમેશાં મને મળતો રહ્યો છે.

અંતમાં હું (કવિ પટેલ) શેઠજીની આત્માને શાંતિ માટે મા પાસે પ્રાર્થના કરું છું કે શેઠજીએ બતાવેલ માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે.બસ એ જ.

કવિ પટેલ-દિલ્હીવાલા
રમાપતિ ચૌધરી-ગાઝિયાબાદ, ઉત્તરપ્રદેશ

કચ્છમાં પાટીદારોનો પ્રવેશ

પ્રાચીન સમયનું ફળદ્રુપ કચ્છ

પ્રાચીન સમયમાં અનેક નદીઓ વહેતી હતી. કચ્છની ખેતી માટે ફળદ્રુપ પ્રદેશ હતો. અને ખેતી તથા પશુપાલનનો ધંધો કરનાર કુર્મિ ક્ષત્રિઓને પોતની વસાહતો સ્થાપવા માટે કચ્છ અનુકુળ હતું.

કચ્છની પ્રાચીન ભૌગોલિક સ્થિતી

કચ્છમાં કુર્મિઓ ક્યારે કયા થઈને પ્રવેશયા તે સમજતા પહેલા કચ્છની હાલની અને પ્રાચીન સમયની ભૌગોલિક સ્થિતી સમજવી જોઈએ.

- હાલમાં કચ્છની ઉત્તરે મોટુ રણ છે અને આરણની ઉત્તરે પાકિસ્તાનનું સિંધ છે. કચ્છની પૂર્વે અને દક્ષિણ દિશામાં નાનું રણ છે. અને તે બાજુએ ગુજરાતના બનાસ કાઠાં અને પાટણ જીલ્લો છે.

- પણ ઈ.સ. પૂર્વે કચ્છના આ બંને રણના સ્થળે પ્રાચી, લુણી, સરસ્વતી અને બનાસ નદીઓ વહેતી હતી. આ નદીઓ કચ્છના તે સમયના ફળદ્રુપ પ્રદેશમાંથી વહેતી હતી. આ નદીઓ કચ્છના અખાતમાં પડતી હતી. સિંધું અને બીજી કેટલીક નદીઓ ધીમે ધીમે અધ્ધ વચ્ચે લુપ્ત થઈ ગઈ. અને કેટલીક પોતાના વહેણ બદલીને સિંધું નદીમાં ભળી ગઈ. સમય જતાં સિંધુના મુખ વધારે વધારે પશ્ચિમ તરફ ખસતાં ગયા અને છેવટે તેમના 'પૂરણ' નામનો એક ફાંટો કચ્છમાં બાકી રહ્યો આ ફાંટો પશ્ચિમ ભાગમાં થઈ અરબી સમુદ્રમાં મળતો હતો. આ નદીનું વહેણ પણ ઈ.સ. ૧૭૬૪માં ઝારાના યુધ્ધ પછી સિંધના અમીર ગુલમા શાહે મૌરા માં બંધ બંધાવી ને કચ્છમાં આવતું પાણી અટકાવી દીધું. આ બંધના લીધે લખપત ની ઉત્તરે આવેલા છછઈ પ્રદેશના ડાંગરોના(લાલ ચોખા) ખેતરોની ફળદ્રુપતા ઓછી થઈ ગઈ.

કુર્મિ ક્ષત્રિઓનો કચ્છમાં પ્રવેશ (ઈ.સ.પૂર્વે ૩૦૦)

ઈ.સ. પૂર્વે ૩૦૦ના અરસામાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં પંજાબમાંથી કુર્મિક્ષત્રિઓના ટોળા કચ્છમાં આવ્યા એવું જણાય છે કે આ ટોળા સિંધ, રાજસ્થાન અને રાધનપુરના માર્ગેથી કચ્છમાં દાખલ થયેલા જણાય છે.

આ ટોળામાં લોર અને ખારી બંને કુર્મિઓ હતા. એટલે કચ્છમાં શરૂઆત થીજ લેવા અને કડવા એમ બંને પેટા જ્ઞાતિઓના પાટીદારો વસતા હતા અને ખેતી કરતા હતા. હવે ઉત્તર ગુજરાત અને અડાલજ પ્રદેશમાંથી પાટીદારો ક્યારે અને ક્યાં સંજોગો માં કચ્છમાં ગયા તે નીચેની હકિકત થી જણાઈ આવે છે.

ગુજરાતના કણબીઓને કચ્છમાં જવાનું કારણ

ઈ.સ. ૧૪૪૯માં ઈમામશાહ નામના એક સૈયદ મુસાફર, મુસાફરી કરી ગુજરાત માં આવ્યા હતા. તેણે અમદાવાદ નજીકના ગીરમથા ગામની સીમમાં મુકામ કર્યો હતો. આ વખતે ત્રણ ચાર વરસથી ભારે દુષ્કાળ ના લીધે ત્યાં કણબીઓ ખુબ દુઃખી હતા. આ કુર્મિઓ (કણબીઓ) એ ઈમામ શાહને પવિત્ર માણસ દેખીને ક્યારે સારૂ વરસ આવશે અને સારો વરસાદ પડશે તે પુછવા ગયા. ઈમામશાહના કહેવા મુજબ તેજ વરસે સારો વરસાદ પડ્યો. અને કણબીઓ સુખી થયા. આથી કણબીઓમાં આ ઈમામશાહ એક પીર તરીકે ખ્યાતિ થઈ.

- આ સમયમાં કાશીની યાત્રા કરીને પાછા ફરતા સુરત અનેવલસાડ જિલ્લાના કેટલાક લેવા કણબીઓનો ગીરમથે મુકામ થયો. તેમણે પણ ઈમામે કંઈક ચમત્કાર બતાવ્યો. આથી આ બધા કણબીઓ તેમના શિષ્ય થવા લાગ્યા.

કચ્છમાં ગયેલા ગુજરાતના કેટલાક કુટુંબો

અગાઉ જાણવા મુજબ ઈ.સ. ૧૫૨૪ લેવા અને કડવા એ વાગડમાં શિકરા ગામ અને પછી પાટીદારો ઈ.સ. ૧૬૪૬માં પ્રથમ માનકુવા ગયા. અને વાગડ માંથી બાકીના પાટીદારો ૧૭૪૯માં શિકરાથી પાટીદારો દુધઈ થઈ પશ્ચિમ કચ્છ નખત્રાણા તાલુકામાં ગયા. અમુક પરિવારો માંડવી તાલુકામાં ગયા અને અમુક પરિવારો ખેડોઈ વિભાગમાં ગયા. અને અન્ય પાટીદાર પરિવારો ઈ.સ. ૧૮૦૦ સુધીમાં કચ્છમાં વસવાટ કરવા લાગ્યા. જ્યાં જ્યાં પાણી અને જમીનની સગવડ થઈ ત્યાં ગામો વસાવી વસવાટ કર્યો અને ખેતી કરવા લાગ્યા કચ્છ વાગડ થઈ શિકરાથી પાટીદારો પશ્ચિમ કચ્છમાં ગયા અને પ્રથમ ૨૦ ગામો વસાવ્યા.

કચ્છ વાગડ શિકરાથી પશ્ચિમ કચ્છમાં પાટીદારોનો વસવાટ

કચ્છ વાગડથી શિકરા ગામથી બાવન ગૌત્રી પાટીદારોએ ઈ.સ. ૧૫૨૪માં વાગડમાં શિકરા ગામ વસાવ્યુ. અને પાટીદારોનો શિકરા ગામે ભરાવો ઘણો થવાથી આ પાટીદારો ઈ.સ. ૧૬૪૬માં પ્રથમ માનકુવા આવ્યા અને તે પછી એક પાછળ એક આ પાટીદારો આવતા ગયા અને અનુકુળતાએ ૮૦ ગામો વસાવ્યા. તે પછી ઈ.સ. ૧૮૦૦ સુધીમાં કડવા પાટીદારો તા. નખત્રાણા, તા માંડવી અને ખેડોઈ વિભાગમાં ગામો વસાવી ખેતી કરવા લાગ્યા. ત્યારબાદ વસ્તી વધવાથી લખપત તાલુકામાં પાટીદારો દસ થી બાર ગામો વસાવ્યા અને ખેતી કરવા લાગ્યા. આજે કચ્છ કડવા પાટીદારોના ૧૪૫ ગામો છે.

પંદરમાં અને સોળમાં સૈકામાં પાટીદાર ક્યાંથી નીકળી ક્યાં ક્યાં ગયા અને જીવન નિર્વાહની શોધમાં તેમના વંશજોએ કેવા ભ્રમણ કર્યા છે તેનો ખ્યાલ આપવા માટે કચ્છના ગામડાઓમાં વસેલા પાટીદારોના ભ્રમણની વિગતો વિગતવાર આપી છે. કચ્છના જણાવેલ ૨૦ ગામોના પાટીદારો હાલમાં આખા કચ્છમાં ફેલાયેલા છે અને ત્યાં ખેતી કરે છે.

કચ્છના પાટીદારોએ તેમના ગુજરાતમાં રહેતા પોતાના કુટુંબ, જ્ઞાતિ અને ગામ સાથે કલહ ન થાય જેથી આવી ધાર્મિક અગવડના લીધે સઘળા સતપંથી કણબીઓ ક્રમે-ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળીને કચ્છ વાગડના પ્રદેશના શિકરા ગામે આવ્યા અને ત્યાં પોતાના સ્વધર્મિઓ સાથે મળીને શાંતિથી ખેતી કરવા લાગ્યા.


કચ્છનો પ્રદેશ ઘણા વરસોથી ખેતીવાડીમાં પછાત હતો. એ સંજોગોમાં કચ્છના રાજાને ગુજરાતના કાબેલ ખેડુતો અનાયાસે મળી જતાં. રાજાએ આ ખેડુતોને આખા કચ્છમાં વસાવ્યા. સમય જતાં આ પાટીદારો આજે સાધન-સંપન્ન અને એક આદર્શ સમાજ બની છે.

કચ્છના પાટીદારો ખુબ મહેનતું છે અને કરકસરતાવાળા સાદાઈથી રહે છે. હાલમાં ગુજરાતના પાટીદારોની માફક તેઓ પણ દુનિયાના ઘણા દેશોમાં આજીવીકા અને કમાણીની શોધમાં પહોંચી ગયા છે.

આમ કચ્છની આ કોમ પાટીદાર કોમ ગુજરાત અને સૌરાષ્ટ્રના લેવા કડવા પાટીદારોની માફક પંજાબના કુર્મિક્ષત્રિયો છે. તેઓ ઈ.સ. પૂર્વે ૩૦૦ના અરસામાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયથી ગુજરાત અને સૌરાષ્ટ્રના પાટીદારોની સાથે-સાથે કચ્છમાં વસ્યા છે. (પરંતુ જણાવેલ સમયમાં કચ્છમાં વસ્યા નહોતા) ત્યારબાદ ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૦૦ સુધીમાં ઉ. ગુજરાત અને અડાલજ પ્રદેશના ઘણા પાટીદારો કચ્છમાં જઈને વસ્યા છે. (લેવા અને કડવા)

લે. ગોકુળદાસ સોમાભાઈ પટેલ

સંદર્ભ : ગુજરાત સર્વસંગ્રહ પાના.૧૩૭,૧૫૪,૪૨૮



પીરપંથી થયા બાદ બ્રાહ્મણ, ભાટ ચારણ ગોર વહીવંચાની છુટ્ટી.

આ પ્રમાણે વિક્રમ સંવતના પંદરમાં તથા સોળમાં સૈકામાં આ લોકો પોતાનો અસલ ધર્મ (હીંદુ)માંથી નીકળી ફરી પીર પંથી થયા. તેથી તેમને કુટુંબ, જ્ઞાતિ અને ગામ સાથે પણ કલહ થાય તે સ્વાભાવિક હતું. તેથી ધાર્મિક અગવડના લીધે સઘળા પીરપંથી કણબીઓ ક્રમેક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળી વાગડ-કચ્છમાં શિકરા ગામે આવ્યા. અને ત્યાં પોતાના સહોદર સમાન સ્વધર્મિઓ સાથે ભળી જુદી જ્ઞાતિ કરી. કચ્છનો પ્રદેશ વરસો થયા. ખેતીવાડીમાં પછાત હતો. તેથી ગુજરાતના કાબેલ ખેડુતો કચ્છના રાવને અનાયાસે મળવાથી તેણે તેમનો સારો સત્કાર કરી જમીનો આપી. પાછળથી શિકારાથી સૌ સગવડે જુદા જુદા ગામોએ જઈ રહ્યાઅને આબાદ થયા. જો કે તેમને પીરને ગુરૂ કર્યા હતા. તો પણ તેમની સઘળા પ્રકારની રીત-ભાત હીંદુની હતી. તેઓ માત્ર વાર્ષિક ભેટ પીરને મોકલતા હતા. અન્યથા પીરનું એક પણ વર્તન તેમનામાં ન હતું. આ પ્રમાણે કેટલાક કાળ પ્રયંત ચાલ્યું. તેમની વસ્તી વધી પ્રથમના ૨૦ ગામોના પછી ૩૦ ગામો થયા. તેવામાં તેમણે ત્યાં એકાદ વિવાહ પ્રસંગે પીર પંથનો ધર્મગુરૂ પ્રાગજી કાકો જે મહાકાબેલ હતો. તે આવ્યો અને તેને તેમણે હીંદુથી અલગ કરી શુધ્ધ પીરના અનુયાયી બનાવવા ખટપટ કરી અને વહીવચા તથા ગોર સાથે તકરાર પડાવી તેનો મર્મન સમજતા બીચારા અંધશ્રધ્ધાળુ કણબીઓએ તે પ્રાગજીકાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે મળી ગોર તથા ભાટ-ચરણ-વહીવંચા, બ્રાહ્મણને સદાને માટે તજી દેવાનો ઠરાવ કર્યો છે.

(સંદર્ભ : કુર્મિ ક્ષત્રિય ઉત્પત્તિનો ઈતિહાસ
લેખક : શ્રી પરસોત્તમ લલ્લુભાઈ પરીખ)

"ઠરાવ"

વિક્રમ સંવત ૧૮૩૨ના પોષ વદ-૧૩ના ગામ શ્રી નખત્રાણા મંધે જ્ઞાતિ પંચ ભેળી થઈ. બારોટ ગવરીદાસ, શામદાસ તથા ગોરજાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીંવચો લખાવવો નહી. તેમ બારોટને કાંઈપણ આપવું નહી. તેમજ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ તેમજ કોઈપણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે કાંઈ કર્મ કરાવવું નહી અને જે કોઈ ભાટ તથા બ્રાહ્મણને માનશે તો નાતનો ગુનેગાર છે. પીરના ધર્મને માનનારા આપણા કણબીઓ કે જેમણે સંવત ૧૫૯૨ના કારતક સુદ-૨, શુક્રવારે પીર ધર્મ અંગીકાર કરેલ છે. તે ભાઈઓએ આજ દિવસ સુધી વંહીવંચો લખાવ્યો છે. અને બ્રાહ્મણો પાસે સુતકર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે. પણ હવેથી આપણા ગુરૂ પીરનો ખરો રસ્તો વંશના સૈયદો તથા હાલમાં જે પીરાણાની ગાદી ઉપર ટિલાયતકાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહી માનવા. ગામના પટેલોના પંચ ભેગા થઈ ઠરાવ કર્યો છે તે આપણી આખી નાતને કબુલ મંજુર છે.

(સંદર્ભ કણબીક્ષત્રિય ઉત્પત્તિનો ઈતિહાસ
લેખક : શ્રી પરસોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ)

ગોળની પ્રથા (ગુજરાત) સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારોના અનુકરણની જરૂરત

ગોળની પ્રથા ફક્ત ગુજરાતમાં છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં લેવા તથા કડવા પાટીદારોમાં ગોળની પ્રથા નથી. સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારો આખા ગુજરાતમાં કન્યાઓની આપ-લે કરે છે. હવે તો સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારો ભારતભરમાં વસવાટ કરે છે અને આપસમાં લગ્ન સંબંધોનો વહેવાર ચાલુ છે.

ગુજરાતના પાટીદારોએ સૌરાષ્ટ્ર અને કચ્છના પાટીદારોની માફક સમાનતાનું ધોરણ અપનાવવું જોઈએ અને આપસમાં કન્યાની આપ-લે કરવી જોઈએ.

કચ્છ કડવા પાટીદારોનું કચ્છમાં આગમન

(ઈ.સ. ૧૫૨૪ અને વસવાટ)

દરેક જ્ઞાતિ અને રજવાડા અથવા કોઈપણ પ્રકારનો ઈતિહાસ લખવા અથવા જાણવો હોય તો ઈતિહાસની પૃષ્ઠ ભુમિમાં જવું જોઈએ.

ઈ.સ. ૧૫૨૪માં લેવા અને કડવાએ ગુજરાતમાંથી આવી કચ્છ વાગડમાં શિકરા ગામ વસાવ્યું. પ્રથમ પાટીદારો ઈ.સ.૧૬૪૬માં શિકરા થઈ પશ્ચિમ કચ્છમાં દુધઈ થઈ નખત્રાણા તાલુકામાં ગયા. અમુક પરિવારો માંડવી વિભાગ અને ખેડાઈ વિભાગમાં ગયા. અને અન્ય પરિવારો ઈ.સ. ૧૮૦૦ સુધીમાં કચ્છમાં વસવાટ કરવા લાગ્યા. જ્યાં પાણી અને જમીનની સગવડ થઈ ત્યાં ગામો વસાવી વસવાટ કર્યો અને ખેતી કરવા લાગ્યા. કચ્છમાં શરૂઆતમાં કડવા પટેલો આવ્યા. ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૦૦ સુધીમાં.

બાવન ગોત્રી કણબીઓને કચ્છમાં જવાનું કારણ

ઉત્તર ગુજરાતના કડવા પાટીદારો અને અડાલજના લેવા પાટીદારો ક્યારે અને કેવા સંજોગોમાં કચ્છમાં ગયા તેની નીચેની હકીકતથી જણાઈ આવે છે.

ઈ.સ. ૧૪૪૯માં ઈમામ શાહ નામના એક સૈયદ ઈરાનથી મુસાફરી કરતા ગુજરાતમાં આવ્યા. તેમણે અમદાવાદ નજીકના ગીરમથા ગામની સીમમાં મુકામ કર્યો હતો. આ વખતે ત્રણથી ચાર વરસ વરસાદ ન થવાથી અને દુષ્કાળને લીધે ત્યાંના કણબીઓ ખુબ દુઃખી હતા. આ કણબીઓ પીરને પવિત્ર માણસ દેખીને ક્યારે સારો વરસાદ પડશે તે પુછવા ગયા. પીરના કહેવા મુજબ તેજ વરસે સારો વરસાદ પડ્યો અને કણબીઓ સુખી થયા. આથી કણબીઓમાં પીર તરીકે ખ્યાતી થઈ.

આ સમયમાં કાશીની યાત્રા કરી પાછા ફરતાં સુરત અને વલસાડ, નવસારી જીલ્લાના કેટલા લેવા કણબીઓનો ગીરમથે મુકામ થયો. તેમને પણ પીરે કંઈક ચમત્કાર બતાવ્યો. આથી આ બધાઓ કણબીઓમાં પીરની પ્રતિષ્ઠા ખુબ વધવા લાગી અને આજુ-બાજુના ગામડાઓના કણબીઓ તેમના શિષ્યો થવા લાગ્યા. (લેવા અને કડવા)

ઈમામશાહે શરૂ કરેલો પીરનો પંથ

ઈમામશાહે ગીરમથા પાસે પીરાણામાં મુકામ કર્યો. અડાલજ, ઊંઝા તથા આજુ-બાજુના ઘણા કણબીએ આ પીર પંથમાં દાખલ થયા. આ પંથના કણબીઓએ કચ્છમાં શિકરા નામનું ગામ વસાવી ત્યાં પીરનો પંથ ચાલુ કર્યો. ગુજરાતના જે કણબીઓ પીરના પંથમાં દાખલ થયા હતા તે બધા કણબીઓને કચ્છના શિકરા ગામે મોકલવામાં આવતા હતા. આ કણબીઓને શિકરાની આજુ-બાજુના ગામડાઓમાં વસ્યા અને ત્યાં ખેતી કરવા લાગ્યા.

પંદરમાં તથા સોળમાં સૈકાઓમાં પાટીદારો ક્યાંથી નીકળી ક્યાં ગયા છે અને જીવન નિર્વાહની શોધમાં તેમના વંશજોએ કેવો પ્રથમ ભ્રમણ કર્યો છે તેનો ખ્યાલ આપવા માટે કચ્છના ગામડાઓમાં વસેલા પાટીદારોના ભ્રમણની વિગતો વિગતવાર આપી છે. કચ્છના પાટીદારો હાલે આખા કચ્છમાં ફેલાયેલા છે અને ત્યાં ખેતી કરે છે.

ગુજરાતમાં આ કણબીઓને ધાર્મિક અગવડતાના લીધે સઘળા પીરપંથી કણબીઓ ક્રમેક્રમે ગુજરાતના અલગ-અલગ ભાગોમાંથી નીકળીને કચ્છના વાગડ પ્રદેશના શિકરા ગામે આવ્યા અને ત્યાં પોતાના સ્વધર્મિઓ સાથે મળીને શાંતિથી ખેતી કરવા લાગ્યા.

આ કચ્છના પાટીદારો ગુજરાત અને સૌરાષ્ટ્રના લેવા પાટીદારો અને કડવા પાટીદારો સાથે કચ્છમાં વસ્યા છે અને પંજાબના કુર્મિય ક્ષત્રિઓ છે.

તેઓ ઈ.સ. પૂર્વે ૩૦૦ના અરસામાં ચંદ્રગુપ્ત મૌર્યના વંશથી એન સમયથી ગુજરાત અને સૌરાષ્ટ્રના પાટીદારો સાથે કચ્છમાં વસ્યા છે.(પરંતુ આ જણાવેલ સમયમાં કોઈ કુર્મિ કચ્છમાં વસ્યા નહોતા.) પણ ત્યાર બાદ ઇ.સ. ૧૫૦૦થી ૧૮૦૦ ઇ.સ. સુધીમાં ઉત્તર ગુજરાત, અને અડાલજ પ્રદેશના ઘણા લેવા- કડવા પાટીદારો કચ્છમાં જઈને વસ્યા છે.

- ઇ.સ. ૧૩૦૦થી ૧૮૦૦ સુધીના સમયમાં ગુજરાતમાં બાદશાહનું રાજ્ય હતું ત્યારે આ ધર્મઝનૂની સુબાઓના ત્રાસથી કંટાળીને ગુજરાતના ઘણા પાટીદારો સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસ્યા છે. આ સમય ઊંઝા, સિદ્ધપુર, વડનગર પ્રદેશમાં થઈને પણ પાટીદારો કચ્છમાં વસ્યા છે.

"કડવા પાટીદારોનો કચ્છમાં પ્રવેશ અને વસવાટ"

ઈ.સ.૧૨૦૦થી કડવા પાટીદારો ઉત્તરે રાધનપુરના માર્ગે પશ્ચિમમાં સૌરાષ્ટ્રના માર્ગે કચ્છમાં પ્રવેશ્યા હતા પણ. ઈ.સ. ૧૪૪૯ પછી લેવા અને કડવા કણબીઓ બધાઓએ પીરનો પંથ સ્વીકારવા માંડ્યો અને આ બધા પીરપંથી પટેલો કચ્છમાં પ્રવેશ્યા.

પ્રથમ આ પાટીદારો કચ્છના વાગડ પ્રદેશમાં આવ્યા અને ત્યાં શિકરા નામનું ગામ વસાવ્યું.અને વસ્તી પ્રમાણે આજુબાજુ બીજા ગામો વસાવ્યા અને ત્યાં ખેતી કરવા લાગ્યા.

હાલ ગુજરાતમાં ૧૯ જિલ્લાઓ છે. આ બધા જિલ્લાઓ લેવા-કડવા છે તેમની ઘણી મોટી વસ્તી છે.

ચરોતર પ્રદેશનો ખેડા જિલ્લો અને મહેસાણા જિલ્લામાં તો પાટીદારોની ઘણી વસ્તી છે. ફક્ત બનાસકાંઠા અને ડાંગ વિસ્તારમાં પાટીદારોની વસ્તી ઓછી છે લેવા અને કડવા તથા જુદા જુદા નામોથી બોલાતા તથા ઓળખાતા પાટીદારોની લગભગ બે કરોડની આબાદી છે.

આ પાટીદારોની ગુજરાતમાં અનેક જાતિઓ છે. મુખ્ય જ્ઞાતિઓ કડવા, લેવા સિવાય આંજણા, કાછીયા, પટેલ, કોળી, પટેલ, દુબળા પટેલ, આદીવાસી પટેલ, મુમના, મતીયા, પાંચીયા, સાતીયા, આઠીયા, તળપદા આ બધા જ પટેલો કહેવાય છે. અને તેઓ પોતપોતાની જ્ઞાતિમાં કન્યાઓની લેવડદેવડ કરે છે. રીત રિવાજો સૌના જુદા છે. આ કહેવાતા પટેલો લેવા કડવાની શ્રેણીમાં નથી આવી શકતા. આંજણાવેલા પટેલો આદીવાસી મુખ્ય છે અને આ જ્ઞાતિનો એક મુખ્ય માણસ હોય છે જેને પટેલ તરીકે ઓળખે છે આ બધી જ્ઞાતિ પોતાને પટેલો માને છે. ગુજરાતમાં આ પટેલો સવર્ણ જાતિમાં નથી સીર્ફ કડવા અને લેવા સ્વર્ણ જાતિના પટેલ પાટીદાર છે.

- ગુજરાતના રાજવંશીઓ, રજપુતો, ક્ષત્રિયો અને ઠાકોરો અસલી ક્ષત્રિય છે આર્ય છે. આર્ય પ્રજાના વંશજ હોવાથી તેઓ કુર્મિ ક્ષત્રિયોના કુળના છે આવા ગુજરાતના ક્ષત્રિયો એક જ ક્ષત્રિય કુળના છે અને આ 'કુર્મિક્ષત્રિય કુળ ગુજરાત (ના ક્ષત્રિયો) અને ભારતને ફરી નંદનવન બનાવી ખેતી, વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રે સુખી અને સમૃદ્ધ બનાવ્યું છે.

લેવા પાટીદારોનો કચ્છમાં પ્રવેશ

અડાલજ અને ઊંઝાના પાટીદારો ઈ.સ. ૬૦૦ થી ૧૩૦૦ સુધીમાં પાટણ અને રાધનપુરના માર્ગે કચ્છમાં પ્રવેશ્યા હતા. પણ ત્યાં એમની સંખ્યા ઓછી હતી.

ઈ.સ. ૧૩૦૦થી ગુજરાતમાં મુસલમાની સલ્તનત શરૂ થઈ. આ મુસલમાનોના ધર્મજનુની અને જજિયા વેરોના જુલ્મના લીધે અડાલજ તથા ઊંઝાના ઘણા પાટીદાર ભાઈઓ કચ્છમાં ગયા. તે વખતે કચ્છમાં હીંદુ રજપુત રાજાઓનું રાજ્ય હતું.

"કુર્મિઓનો ગુજરાતમાં પ્રવેશ"

ઈ.સ. ૬૦૦થી ઈ.સ. ૨૯૦ સુધીનો સમયમાં જે કુર્મિઓએ પંજાબ છોડ્યું તેઓ રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને વડનગર સુધી આવી પહોંચ્યા. આ કુર્મિઓ ઈ.સ. ૨૦૦માં ક્રમે ક્રમે હાલના વડનગર, ઊંઝા, સિદ્ધપુર, પાટણવાડો, સૌરાષ્ટ્ર અને આખા ઉત્તર ગુજરાતમાં ફેલાયા. આ કુર્મિઓનો મોટો ભાગ કરડ પ્રદેશમાંથી આવેલા અને ત્યાંથી નીકળી ગુજરાતના જણાવ્યા પ્રમાણે તે પ્રદેશમાં વસવાટ કર્યો. આ કુર્મિઓનો મોટો ભાગ કરડ પ્રદેશમાંથી આવેલા કડવા કુર્મિઓનો હતો.

- લોર કુર્મિઓ લેવા પ્રદેશમાંથી આવેલા અને ત્યાંથી નીકળી જયપુર, અજમેર, મારવાડ, ભિન્નમાલ અને હાલના પાટણવાડાના માર્ગે અડાલજ પ્રદેશમાં અડાલજ આવ્યા.

- ઉત્તર ગુજરાત અને અડાલજ પ્રદેશમાંથી લેવા અને કડવા કણબીઓ ક્રમે ક્રમે ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં ફેલાયા.

- અડાલજમાં લેવા પટેલોની વસ્તી વધતા તેમણે દક્ષિણ સ્થળાંતર કર્યું. અડાલજથી પ્રથમ દસ્ક્રોઈ ગયા અને ત્યારબાદ અનુક્રમે ચરોતર, ભાલ, વાકળ અને કાનમ સુધી પહોંચી ગયા. ત્યાંથી કઠલાલ, કપડવંજ અને સાવલીના રસ્તે ચાંપાનેર સુધી ગયા ચાંપાનેરનું પતન થતાં ત્યાંના લેવા અને કડવા કણબીઓ, વડોદરા, ભરૂચ અને સુરત, વલસાડ, નવસારી સુધી પહોંચી ગયા છેવટે આ બધા પ્રદેશમાંથી લેવા અને કડવા કણબીઓ ગુજરાતના ગામડે ગામડે ફેલાયા

(ગુજરાતના પાટીદારોનો ઇતિહાસ
લેખક : શ્રી ગોકુલદાસ સોમાભાઈ પટેલ
પાના નં.૪૮થી ૬૩)

કચ્છમાં કણબીઓનો વિસ્તાર

કણબીઓ પોતાના અસલ સ્થાનમાંથી ગુજરાતમાં આવી વસ્યા તે વગેરે હકીકત આપણે આગળનાં પ્રકરણોમાં બરાબર જોઈ ગયા છીએ. હવે, ગુજરાતમાંથી કેટલોક ભાગ કચ્છ પ્રદેશમાં કેવી રીતે અને ક્યારે ગયો તે નીચેની હકીકત પરથી બરાબર સમજમાં આવશે.

સને ૧૪૪૯ માં એક ઈમામશાહ નામનો સૈયદ, ઈરાનથી હિંદમાં મુસાફરી કરતો કરતો ગુજરાતમાં આવી અમદાવાદ નજીકના ગીરમથા ગામની સીમમાં મુકામ કરીને રહ્યાં. ત્રણ વર્ષથી વરસાદ નહિ વરસેલ હોવાથી તેને ફકીર જાણી સહુ કણબીઓ તેને પૂછવા ગયા. તેના કહેવા પ્રમાણે વરસાદ થયો, તેથી લોકોને શ્રદ્ધા બેસી અને તેની ઈચ્છાનુસાર ઝૂંપડી બાંધી આપી ત્યાં રાખ્યો, તેનો અજ્ઞાન લોકોમાં તો સારો વક્કર (પ્રભાવ) હતો પરંતુ તેવામાં અમદાવાદનો સુલતાન મહંમદ બીજો નજીકમાં શિકારે આવેલો તે જ્યારે ત્યાં આવ્યો ત્યારે તેને પણ અજાયબ થવા જેવો પરચો તેણે બતાવ્યો. તેથી સુલતાને પોતાની શાહજાદી તેને પરણાવી. આમ થવાથી ઈમામશાહની એક મહાત્મા તરીકે સારી ખ્યાતિ થઈ. એવામાં કાશી તરફની યાત્રા કરીને પાછા વળતા, સુરત-નવસારીનાં ગામડાંના કેટલાક લેઉવા કણબીઓનો ત્યાં (ગીરમથા) મુકામ થયો. તેમને પણ પીર ઈમામશાહે ચમત્કાર બતાવ્યો. એટલે તેઓ સઘળા તેના શિષ્ય થયા. દિન-પ્રતિદિન તેની માનતા ચાલવા લાગી અને નજીકના તેમજ દૂર દૂરના ઘણા લોકો તેના શિષ્ય થવા લાગ્યા. એ જ પ્રમાણે, કચ્છમાં વાસ કરી રહેલાં કણબીઓના પૂર્વજો પણ પરચો જોઈ તેના શિષ્ય થયા. તેમને અત્રેની જ્ઞાતિ તરફથી વિટંબણા પડવા માંડી એટલે તેઓ સઘળા ત્યાં જઈ વસ્યા, તેની સવિસ્તર હકીકત નીચે પ્રમાણે છે.

ગામ માનકુવા-શાખે વેલાણી : તેમના પૂર્વજ પરબત પટેલ ચાંપાનેરમાં પટેલાઈ કરતા. ત્યાં પઢિયાર સાથે વિગ્રહ થવાથી તે ચુંવાળ (વિરમગામ પાસે) માંહેના છનીઆર ગામે આવી રહ્યા. તેઓ ગીરમથા યાત્રાએ ગયા અને કબીર દીનનો ધર્મ સ્વીકાર્યો. પીર ઈમામશાહના હુકમથી સં. ૧૫૮૦ માં વેલા પટેલ તથા નાકર પટેલે વાગડમાં આવી શીકરુ ગામ વસાવ્યું અને ત્યાં વેલાસર તળાવ બંધાવ્યું. આ બંને પટેલો પોતાનાં સંતાનોને એકબીજાને ત્યાં પરણાવીને વેવાઈ થયા. વેલા પટેલના વંશમાં હરભમજી, તેનો મેગજી, તેનો સવજી, તેનો જશાજી અને તેના પાંચ પુત્રો નામે દાતાર, જુજાર, અને ભગત વગેરે સં, ૧૬૮૦ ના અરસામાં થયા. તેમનામાંથી ગોપાલના વંશનો વાલે પટેલ સં. ૧૭૦૨ માં માનકુવા આવ્યો, જેને ત્યાંના ગરાશિયાઓ સાથે યુદ્ધ થયું. તેમાં પશ્ચિમ દિશાએ જેસિંહ, વાલો અને ભાણેજ ડોસો મરાયા. ત્યાં હાલ પણ તેમના પળિયા છે. તેમનો પરિવાર હાલ આ ગામમાં આબાદ સ્થિતિમાં પટેલાઈ કરે છે.

માનકુવા-શાખે ગોગારી : તેમના પૂર્વજો અસલ અડાલજ (અમદાવાદ પાસે) માં રહેતા. ત્યાંથી મહુધા ગયેલા અને પછી સાતે ભાઈ જુદા પડી નડિયાદ, ઉમરેઠ, બોરસદ, ડાકોર, ખોલેસર, વસો, ઈટોલા વગેરે ગામે ગયા. તેમનો વંશ ગોગામાં આવી વસ્યો અને ત્યાં અજા પટેલે પીરાણાનો પંથ સ્વીકાર્યો અને તેથી શીકરું ગામે આવ્યા. ત્યાંથી કેટલાક વખત પછી માનકવા આવ્યા. હાલ પણ તેમના વંશજો આ સ્થળે આબાદ સ્થિતિમાં રહે છે.

માનકુવા-શાખે ચવાણ : આ શાખના મૂળ પુરુષ રાયસંગ ધોળકા તાલુકામાં સાબરમતી નદીના તીરે બરોડા ગામમાં હતો માટે ત્યાં રહેતા હતા. તેમાંના

સારંગજીએ પીરાણાનો પંથ સ્વીકાર્યો એટલે શીકરું ગામે આવી વેલા પટેલ તથા નાકર પટેલના પ્રથમ આવી વસેલા વંશજો ભેગા રહ્યા અને આબાદ થયા.

માનકુવા-હલપાણી : એમના પૂર્વ જ અમદાવાદમાં રહેતા. ત્યાંથી પછી બારેજા ગયા અને પીરાણાનો ધર્મ સ્વીકાર્યો એટલે શીકરું આવી વસ્યા. ત્યાંથી માનકવા આવ્યા. ત્યાં હાલ તેઓ ઠાકરાણી, ડોસાણી, ભાદાણી અને સોમાણી એવી ચાર શાખોથી ઓળખાય છે.

ગામ ભડલી-ઠાકરાણી : એમના પૂર્વજ બારેજા (અમદાવાદ પાસે) માં રહેતા ત્યાંથી ગીરમથા ગયા અને પીરાણાનો પંથ કબૂલ કર્યો એટલે શીકરું આવ્યા. ત્યાંથી કેટલાંક વર્ષો પછી રાજો પટેલ તથા પુત્ર દેવસિંહ પટેલ બંને ખેડોઈ આવ્યા. પછી ત્યાંથી સં. ૧૬૮૨ માં ભડલી ગામે આવી રહ્યા. બીજા ગોવો પટેલ મૂળ અમદાવાદ પાસે વસાઈ ટીંબામાં રહેતા, પણ પીરાણાનો ધર્મ સ્વીકારવાથી તેઓ પણ શીકરું આવેલા. ત્યાંથી તેઓ સં. ૧૬૯૦ માં ભડલીમાં આવી રહ્યા.

ગામ વિરાણી-નાકરાણી : આ શાખાના નાકર પટેલના પૂર્વ જ સોમા પટેલ મૂળ ઊંઝામાં રહેતા હતા. ત્યાંથી તેઓ લાલી (મહેમદાવાદ તાલુકો) આવી રહ્યા. સં. ૧૬૫૦ માં પીરાણાનો ધર્મ સ્વીકાર્યો એટલે શીકરું આવ્યા. ત્યાંથી તેમના નાકર સમાણાં દાગાનો દીકરો સંગો અને પહેચાણનો પુત્ર ભીમજી વિરાણીમાં આવી રહ્યા. હાલ તેમનો પરિવાર આબાદ સ્થિતિમાં તે ગામમાં પટેલાઈ કરે છે.

ગામ વિરાણી-દિવાણી : એમના પૂર્વ જ અસલ અડાલજમાં (અમદાવાદ પાસે) રહેતા. ત્યાંથી ચાર ભાઈઓ મામાને ત્યાં ગીરમથા ગામે આવ્યા અને પીરાણાપંથી થયા એટલે શીકરા ગયા. કેટલાંક વર્ષે ત્યાંથી દૂધઈ આવ્યા અને ત્યાંથી સં. ૧૮૦૫ માં આણંદજી પટેલ વિરાણી ગામે આવી વસ્યા.

ગામ વિરાણી-ગોગારી : એમના પૂર્વ જ ભાલેજ (આણંદ પાસે) માં રહેતા અને દેસાઈ કહેવાતા. જેસિંહ દેસાઈને ત્રણ પુત્રો હતા. તે પૈકીના બે ઉમરેઠ તથા કબોઈ (પાટણવાડા) માં વસ્યા અને ત્રીજો ભાઈ પીરાણાપથી થવાથી શીકરું આવ્યો. તેના વંશમાં મૂળજી પટેલ થયો. તેના જસોજી, હરગોવિંદ અને ભીમજી એ ત્રણ ભાઈઓ સં. ૧૮૧૩ માં વિરાણી ગામે આવી વસ્યા અને તેમનો પરિવાર આબાદ થયો.

ગામ અંગીઆ-ચોપડા : મૂળ પુરુષ દેવજી પટેલ ઊંઝામાં રહેતા. ત્યાંથી મેળામાં ગીરમથા ગયા અને પીરનો ધર્મ પાળ્યો તેથી શીકરું ગયા. ત્યાંથી કેટલાંક વર્ષ પછી તેમનો પુત્ર જસોજી સં. ૧૭૬૮ માં અંગીઆ ગામે આવી વસ્યો.

ગામ કોટડા-છ છાભૈયા : આ કણબીઓ અસલ અમદાવાદના વાસી હતા. પરંતુ ગીરમથા ગયા અને પીરાણાનો પંથ સ્વીકારવાથી સં. ૧૭૬૫ માં ગામ શીકરું આવ્યા. પછી ત્યાંથી કેટલાંક વર્ષો પછી દૂધઈ ગયા. ત્યાંથી પણ સં. ૧૮૨૩ માં માધો પટેલ તથા જીવો પટેલ કોટડા આવી વસ્યા. તેઓની અસલ શાખ પારેખની હતી, પરંતુ ૬ ભાઈઓનો વંશ એક એક પુત્રથી જ છ પેઢી સુધી ચાલ્યો તેથી તેઓ છાભૈયા કહેવાય છે.

ગામ નખત્રાણા-પોકાર : એમના અસલ પુરુષો મહેસાણામાં રહેતા. ત્યાંથી નીકળી કાનમમાં આવ્યા. સં. ૧૭૧૯ માં પીરનો ધર્મ પાળ્યો, એટલે પુંજો પટેલ શીકરું આવી વસ્યા. પછી ત્યાંથી દૂધઈ આવ્યા અને ત્યાંથી પણ અબજી, જસો અને હરજી પટેલ એ ત્રણ ભાઈઓ સં. ૧૮૨૮ માં નખત્રાણા આવી રહ્યા.

ગામ નખત્રાણા-રામાણી : એમના પૂર્વજો મૂળ ભાલેજ (આણંદ પાસે) થી સં. ૧૫૯૨ ના કારતક સુદ ૨ ના રોજ પીરના ધર્મમાં આવ્યા અને ગુજરાત છોડી શીકરું ગામે વસ્યા. કેટલાક કાળે તેમના વંશજો નખત્રાણા આવ્યા. તેમાંના કેશરાના વંશનો ખેતો, તેનો નારાયણ, તેનો ગોપાલ, કે જે રામાણી તે જે રાજ લીંબાણીની પુત્રી સાથે પરણ્યો. તેમનો વંશ હજુ નખત્રાણામાં છે.

ગામ નેત્રા-સાંખલા : તેઓ અસલ ઊંઝામાં રહેતા. પછી ત્યાંથી આણંદ ગયા અને ત્યાં પટેલાઈ કરી. તેમાંથી એક પુરુષ માળવા, એક નારદીપુર (કલોલ તાલુકો) અને એક શીકરું જઈ રહ્યા. તેમના વંશજ માણેકવાડા અને ત્યાંથી બઢારમોર આવ્યા. વાસણનો વંશ ભાદરણ (તા. આણંદ) ગયો અને તેના બીજા પિત્રાઈ બાવળા (તા. ધોળકા) રહ્યા. અબજીના પુત્ર ધનજી, રતનો અને લાલજી શીકરું ગામેથી નેત્રા આવ્યા. હાલ તેમનો તથા રતનાનો વંશ વેકરા ગયો છે.

ગામ વિથોણ-સુરાણી : એમના વડવા સુણાવ (ચરોતર) માં રહેતા. પીરનો ધર્મ સ્વીકારવાથી શીકરા આવવું પડ્યું. ત્યાંથી તેઓ માનકુવા ગયા. ત્યાં ગરાસિયાઓ સાથે લડાઈ થઈ તેમાં ગોપાલ મરાયો, જેની દેરી પશ્ચિમ ભણી હાલ પણ છે, એટલે ગોપાલના પુત્ર મનજી તથા વિશરામ સં. ૧૮૦૧ માં વિથોણ આવી રહ્યા, જેમનો પરિવાર હાલ પણ ત્યાં વસે છે.

ગામ કરબોઈ-ભાવાણી : અસલમાં વસો (ચરોતર) થી બાવા પટેલ શીકરું આવ્યા. ત્યાંથી કાળે કરી તેમના વંશજો માણેકવાડા ગયા. ત્યાંથી તેમનો વંશ ધમડકા ગામે વસ્યો. ત્યાંથી હરજી પટેલનો પરિવાર કરબોઈ આવ્યો અને કૂવો બંધાવ્યો, જ્ઞાતિ જમાડી, બારોટને સં ૧૮૩૧ માં ઘોડીનું દાન આપ્યું અને પટેલાઈ કરી.

ગામ નખત્રાણા-લીંબાણી : એમના ઘરડા અસલજ (તા. અમદાવાદ) માં રહેતા. ત્યાંથી નડિયાદ ગયા. તેમના વંશજ ગોવા પટેલને જેરાજ, જીવો અને વાસણ નામે ત્રણ પુત્રો હતા. તેમાંથી એક માળવા, બીજો કંબોઈ અને ત્રીજો ગીરમથા ગયો. બીજાએ અને ત્રીજાએ પીરાણાનો ધર્મ અંગીકાર કર્યો, તેથી સં. ૧૭૬૫ માં તેઓ શીકરું આવ્યા. જીવાનો પરિવાર રામજી, ધનજી અને ગોરો ત્રણ ભાઈઓ સં. ૧૭૯૮ માં નખત્રાણા આવ્યા. ગોરાનો પુત્ર અણદો, તેનો પેથો, તેનો કેશરો પટેલ અને તેનો ભોજા પટેલ થયા. ભોજા પટેલ નખત્રાણાથી સં. ૧૯૦૩ ની સાલમાં માતૃપક્ષમાં વિરાણી આવી રહ્યા. તેમના રામજી, તેમના નારણજી તથા વાલજી અને વાલજીના જીવરાજ તથા વેલજી બે પુત્રો છે.

ગામ મથલ-પોકાર : એમના વડવાઓ નડિયાદમાં રહેતા. ત્યાંથી મગન પટેલ કાનમમાં વસ્યા. ત્યાંથી તેના પુત્ર હંસરાજ અને મોહન ગીરમથા આવ્યા. સં. ૧૭૧૦ માં પીરાણાનો ધર્મ લીધો તેથી શીકરું આવી રહ્યા. ત્યાંથી હંસરાજના પુત્ર દેવસિંહ તથા મેઘજી સં. ૧૭૪૨ જેઠ વદ ૧૨ ના દિવસે મથલ આવ્યા. ત્યાંના ગરાસિયાએ તેમને પટેલાઈ આપી. મેઘજીનો પુત્ર હરભમ, તેના શિવજી વગેરે પરિવાર આજે મથલમાં છે.

ગામ ગડાણી-લીંબાણી : મૂળ ઊંઝા ગામે રહેતા. ત્યાંથી બાવળા આવી વસ્યા. ત્યાંથી ગોવિંદ પટેલનો વંશ આણંદ આવ્યો. ત્યાંથી તેના વંશ જ અરજણ પુત્રો છગન, હરગોવિંદ અને ગોવિંદ ગામ લાલી (તા. મહેમદાવાદ) આવ્યા અને ત્યાંથી અમદાવાદ આવ્યા. પીરાણાનો પંથ કબૂલ કર્યો તેથી સં. ૧૭૮૨ માં કાનજી તથા નારણ બંને ભાઈ માણેકવાડા આવ્યા. ત્યાંથી ભડલી ગયા અને ત્યાંથી સં. ૧૮૧૩ માં કાનજીના વંશજ ખેતો અને અબજી એ બે ભાઈઓ તથા બહેન જસુ અને ભાણેજ નથુ ગડાણી આવી વસ્યા.

ગામ ખોંભડી-પોકાર : અસલ ઘરડાઓ ધોળકા રહેતા હતા. ત્યાંથી પચાણ પટેલ સં. ૧૬૮૩ માં ગીરમથા આવ્યા અને પીરનો ધર્મ પાળ્યો તેથી તેઓ શીકરું આવ્યા. ત્યાંથી વેલાણીમાં વસ્યા. પચાણ પટેલના વાલજી, રતનો અને મેઘજી ત્રણ પુત્રો હતા. તેમનો પરિવાર સં. ૧૭૦૪ માં ખોભંડીમાં આવી રહ્યો. મેઘજીનો પુત્ર માધો થયો. તેના અબજી અને પાંચો થયા. પાંચાના પુત્રો મનજી, રામો અને વિશરામ થયા.

ગામ મગવાણા-ચોપડા : અસલમાં તેમના પૂર્વ જ નાગજી પટેલ ઊંઝાથી નીકળી સાણંદ વસ્યા. ત્યાંથી અમદાવાદ આવી પીરનો ધર્મ માન્યો તેથી સં. ૧૬૭૧ માં શીકરું આવ્યા. ત્યાંથી તેમના વંશ જ જસો અને જીવરાજ અંગીઆ ગામે આવ્યા. ત્યાંથી સં. ૧૮૧૮ માં જીવરાજના પુત્ર ધનજી તથા પૌત્રો ગોરો અને કચરો ગામ મગવાણા આવ્યા અને ત્યાં પટેલાઈ કરી આગેવાન ગણાયા.

ગામ દરશડી-પોકાર(હાલ બાથાણી) : મૂળ ગામ ધોળકાથી હાલા પટેલ સારંગ ચોહાણ સાથે ગીરમથા ગામે આવ્યા. પીરનો ધર્મ સ્વીકાર્યો તેથી સં. ૧૫૯૮ માં શીકરા આવી નાકર તથા વેલા પટેલના કુટુંબમાં રહ્યા. સં. ૧૬૬૪ માં હાલાના પુત્રો રામજી તથા જેસિંહ ખેડોઈ આવ્યા. એક ભાઈનો નિર્વંશ ગયો. જેસિંહના અરજણ અને દેવસિંહ થયા. દેવસિંહનો પુત્ર મનજી સં. ૧૭૦૪ માં માનકવા ગામે વસ્યો. મનજીને રતનો અને લખુ બે પુત્ર થયા. લખુનો પુત્ર અબજી સં. ૧૭૮૪ માં દરશડી આવી વસ્યો અને પટેલાઈ કરી. તેણે ગામમાં પીરાણા ધર્મનું સ્થાનક બાંધી જ્ઞાતિ જમાડી. અબજીને ડુંગર, ગોપાલ, લક્ષ્મણ અને કરસન એમ ચાર પુત્ર થયા. કરસનને બે પુત્રો સેવજી અને ભાણજી થયા. લક્ષ્મણને પુત્ર વાલજી તથા પુત્રી હીરબાઈ, ગોપાલને બે પુત્ર દેવસિંહ તથા રતનો, જ્યારે ડુંગરને પુત્ર ભાણજી તથા બે પુત્રીઓ રતનબાઈ અને માનબાઈ થયાં. એ વગેરે **અબજી પોકારનો વંશ છે.**

આ પ્રમાણે વિક્રમના પંદરમા તથા સોળમા સૈકામાં આ લોકોએ પોતાનો અસલ હિંદુ ધર્મ બદલી મુસલમાનને ગુરુ કર્યા, તેથી તેમને કુટુંબ, જ્ઞાતિ અને ગામ સાથે પણ કલહ થાય તે સ્વાભાવિક હતું. તેથી ધાર્મિક અગવડને લીધે સઘળા પીરાણા પંથી કણબીઓ ક્રમે ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળી વાગડ (કચ્છ) માં શીકરું ગામે આવ્યા, અને ત્યાં પોતાના સહોદર સમાન સ્વધર્મીઓ સાથે મળી જુદી જ્ઞાતિ કરી. કચ્છનો પ્રદેશ વર્ષો થયાં ખેતીવાડીમાં પછાત હતો તેથી ગુજરાતના કાબેલ ખેડૂતો કચ્છના રાવને અનાયાસે મળવાથી, તેણે તેમનો સારો સત્કાર કરી જમીનો આપી. પાછળથી તેથી શીકરું થી સહુ સગવડે જુદાં જુદાં ગામોએ જઈ રહ્યા અને આબાદ થયા. જોકે, તેમણે મુસલમાનને ગુરુ કર્યા હતા તોપણ તેમની સઘળા પ્રકારની રીતભાત હિંદુની જ હતી. તેઓ માત્ર વાર્ષિક ભેટ પીરાણે મોકલતા, અન્યથા, મુસલમાનનું એક પણ વર્તન તેમનામાં નહોતું. આ પ્રમાણે કેટલાક કાળ પર્યંત ચાલ્યું. તેમની એકાદ વિવાહ પ્રસંગે પીરાણા પંથનો ધર્મગુરુ પ્રાગજીકાકો, જે મહાકાબેલ હતો તે આવ્યો અને તેઓએ તેમને હિંદુથી નિરાળા કરી શુદ્ધ પીરના અનુયાયી બનાવવા ખટપટ કરી અને વહીવંચા તથા ગોર સાથે તકરાર પડાવી, તેનો મર્મ ન સમજતાં બિચારા અંધ-શ્રદ્ધાળુ કણબીઓએ તે પ્રાગજીકાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે મળી, ગોર તથા વહીવંચોને સદાને માટે તજી દેવાનો ઠરાવ કર્યો, જે નીચે પ્રમાણે છે.

ઠરાવ

સં. ૧૮૩૨ ના પોષ વદ ૧૩ ને દિને ગામશ્રી નખત્રાણા મધ્યે જ્ઞાતિ પંચ ભેળા થઈ બારોટ ગવરીદાસ શામદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહીં, તેમ બારોટને કાંઈ પણ આપવું નહીં, તેમ જ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ તેમજ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે પણ કાંઈ કર્મ કરાવવું નહીં, અને જે કોઈ ભાટ તથા બ્રાહ્મણને માનશે તે નાતનો ગુનેગાર છે. બાબા ઈમામશાહના ધર્મને માનનારા આપણા કણબી ભાઈઓ કે જેમણે સં. ૧૫૯૨ ના કારતક સુદ ૨ શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે તે ભાઈઓએ આજ દિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણો પાસે સૂતકકર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે, પણ હવેથી આપણા ગુરુ ઈમામશાહના ધર્મનો ખરો રસ્તો બાવા ઈમામશાહના વંશના શહીદો તથા હાલમાં જે પીરાણાની ગાદી ઉપર ટિલાયત કાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા. નીચે મુજબ ગામના પટેલોના પંચે ભેગા થઈ ઠરાવ કર્યો છે તે આપણી આખી નાતને કબૂલમંજૂર છે.

૧. ગામ શ્રી નેત્રાના પટેલ લખમણ સૂત નારણ નાકરાણી, પટેલ નારણ અબજીઆણી તથા પા. સામા ભાવાણી.
૨. ગામ શ્રી વીરાણીના પા. માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાંચાણી, લધા દીવાણી તથા માના બાથાણી.
૩. ગામ શ્રી વિથોણના પા. દેવજી, ભગત કાનજી, ગણેશ સેંધાણી, વાલા નાયાણી તથા વિશરામ સુરાણી.
૪. ગામ શ્રી નખત્રાણાના પા. ભોજા માનાણી, પા. સુરા, પા. નાયા સેંધા, ગોરાવાલા, દેવરાજ તથા કમા સુરાણી.
૫. ગામ મથલના પા. હરભમ પોકાર, મેઘા નાનજીઆણી તથા રતના ચૌધરી.
૬. ગામ શ્રી ગડાણીના પા. કેસરા, નીરજી તથા પેથા પોકાર.
૭. ગામ શ્રી ખોંભડીના પાંચા તથા અબજી પોકાર.
૮. ગામ શ્રી અંગીઆના પા. અખઈ, મેઘા, માના તથા કાનજી પારસિયા.
૯. ગામ શ્રી ડોઝાપરના પા. મનજી સોમજાણી, પા. સુરા, મુખી જીવા તથા ભીમા રઈયાણી.
૧૦. ગામ શ્રી દરશડીના પા. ડુંગર, ગોપાલ, લખમણ, કરસન પોકાર, દેવજી સેંધાણી, ખેતા પુંજાણી તથા હરભમ.
૧૧. ગામ શ્રી સરવાના પા. કેસરા તથા કરસન હરજી પખાણી
૧૨. ગામ શ્રી કરબોઈના પા. દેવસી તથા મૂળા.
૧૩. ગામ શ્રી મગવાણાના પા. ગોરા ચોપડા તથા કરસન
૧૪. ગામ શ્રી ભડલીના પા. ગોવા ઠાકરાણી તથા માંડણ ભોજાણી
૧૫. ગામ શ્રી માનકુવાના પા. કરમસી, સુત ભીમજી, ધનજી, રામજી તથા કરસન.

નાત સમસ્ત મળી ખાનામાં ગામશ્રી નખત્રાણામાં, બાવાના પાટ આગળ, ધૂપ-દીવો કરી ઈમામશાહના ધર્મના માટે નક્કી કરી, ગોર દયાશંકર ભગવાનજી તથા બારોટ ગવરીદાસ શામદાસને રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું, કે "સં. ૧૫૯૨ના કારતક સુદ ૨ શુક્રવારના દહાડાથી ઈમામશાહનો ધર્મ લીધો છે તે આજ દિન સુધી ભાટ તથા ગોરની પાસે પોતાની વહીવંચાગીરી તથા ધાર્મિક ક્રિયા કરાવી, પણ હવેથી નહીં કરાવવા દાનકી સંવત ૧૮૩૨ના વર્ષે પોષ વદ ૧૩ને દિવસે રજા દીધી છે. તે માટે આજ દિન પછી બ્રાહ્મણ કે ભાટને લાવે તો ઊભા રહેવાની આંટ નહીં, આજ દિવસ પછી ગોર તથા ભાટને માનશે તે નાતને ગુનેગાર થશે, બાવા ઈમામશાહના ઘરથી નાત બહાર છે. તે ગામ શ્રી નખત્રાણાના ખાનામાં બાવાના પાટ આગળ ધૂપ કરીને આખી નાત મળીને લખત (લખાણ) કીધું છે અને કાકા પ્રાગજીના તથા બાવા ઈમામશાહના વંશના સૈયદ વલીમિયાંની રૂબરૂ પ્રતિજ્ઞા કરી છે, તે આખી નાતને વંશપરંપરા કબૂલમંજૂર છે. આ લખતનો મુસદ્દો ગામ વીરાણીના કણબી માંડણ અખીઆણી તથા વીરજી વેલાણી તથા નાત સમસ્ત મળી પહોર દિવસ ચડ્યે કર્યો છે."

આ બનાવ પછી બારોટ અને બ્રાહ્મણોની તદ્દન ગેરહાજરીમાં તેઓને પોતાની અસલ સ્થિતિનો ઈતિહાસ બિલકુલ વિસ્મૃત થઈ ગયો, તે એટલે સુધી કે, તેઓ અસલ 'ચોરી અને ચિંતા' એ ચડતા હતા તે વાત માનવી પણ તેમને મુશ્કેલ થઈ પડી. વખત જતાં તેમનું વર્તન તદ્દન જુદા જ પ્રકારનું થઈ ગયું. સઘળી શુભ અને અશુભ ક્રિયાઓ પીરાણાના પ્રતિનિધિ તરીકે ગામનો

મુખ્ય પટેલ કરાવવા લાગ્યો. હાલ ધર્મમાં તેઓ 'શિવોહં શિવોહ' એ મંત્રની માળા ફેરવે છે. ઈમામશાહની બનાવેલી શિક્ષાપત્રી વાંચે છે. બારે માસની હરેક બીજે અને દર ગુરુવારે ઉપવાસ કરે છે. રોજ મહિનો પાળે છે પણ તાબૂત કાઢતા નથી, સુન્નત કરાવતા નથી, દાઢી રખાવતા નથી, બ્રાહ્મણ પાસે કોઈ ક્રિયા કરાવતા નથી. મઠના ગુરુ જેઓ કણબીકાકા કહેવાય છે તેમને દાટે છે, જ્યારે શિષ્યોનાં મડદાંને બાળી તેનાં વધેલાં હાડકાં પીરાણે દટાવે છે. આ પ્રમાણે ઘણા કચ્છી કણબીઓનું વર્તન છે, છતાં હજુ સુધી કોઈ પ્રકારનો ખાન-પાનાદિનો ભ્રષ્ટાચાર થયો નથી, તેમ થતો પણ નથી. આ ધર્મના કેટલાક કણબી અનુયાયીઓ અમદાવાદ તળમાં તથા ગુજરાતનાં અન્ય ગામોમાં પણ છે.

પીરાણા-પંથીઓ આ પ્રમાણે એક જ લાકડીએ ગામ હાંકતા હતા.તેવામાં સ્વામીનારાયણ ધર્મના સાધુઓના ઉપદેશથી ગામ નેત્રાના કેશરા પટેલને કાંઈક ભાન થયું અને તેને પોતાના પૂર્વજોની થયેલ ગંભીર ભૂલ જણાઈ આવી. તેથી તે ડાહ્યા, દઢ મનના અને ધર્મસુધારક વીર નરે તરત જ વધારે મોડું થઈ જાય તે પહેલાં ભુલ સુધારીને પીરાણાના પંથને પગે લાગી (તજી દઈ) સ્વામીનારાયણ પંથ સ્વીકાર્યો. કચ્છી કણબીઓમાં હાહાકાર થઈ ગયો. સઘળાએ એકઠા થઈ તેનો સર્વાંશે બહિષ્કાર (નાતબહાર) કર્યો; એટલું જ નહિ પણ એ અજ્ઞાન દશાવશ કણબીઓએ પોતાનો વાડો કુદાવી બહાર જનારા કેશરા ભકત પર અનેક પ્રકારના અત્યાચાર ગુજાર્યા, જે તેણે શાંતિની સહન કર્યા અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી પોતાના અન્ય બંધુઓને પણ સદુપદેશ દેવો ચાલુ જ રાખ્યો. તેના સત્સંગથી વખત જતાં કેટલાકે જુદા પડી સ્વામીનારાયણનો સંપ્રદાય સ્વીકાર્યો. ધીમે ધીમે તેમની સંખ્યા વધવા લાગી. હાલ તેઓ બારસો જણ થઈ ગયા છે. કચ્છના કણબીઓની આવી દયાજનક દશા સુધારવા એક દયાળુ, પરોપકારી પરમહંસ સ્વામી જ્ઞાનાનંદજીએ ગઢશીશાના પ્રખ્યાત પંડિત પીતાંબરજી ('વિચારસાગર'ના ટીકાકાર)ની સલાહથી કેટલાક સમય પછી પ્રયાસ કરવા માંડ્યો, જેના પરિણામે એક પછી એક ગામો પીરાણા પંથની સાંકળમાંથી અંકોડાની માફક છૂટાં પડવા લાગ્યાં અને સહુએ વેદધર્મ અંગીકાર કરી ઉપવીત ધારણ કર્યા.

સ્વામીજીના પરદેશ ગયા પછી કણબી આગેવાનોએ વેદધર્માનુયાયી સ્વામીજીના સઘળા શિષ્યોને દંડી દંડી, જુલ્મ કરી કંઠી અને ઉપવીત ઉતરાવી નાખી, પાછું ચાલતું હતું તેમ જ પીરાણા પંથનું જોર ચલાવ્યું. ઝીંઝાઈ ગામના વૃદ્ધ પટેલ માનાભાઈએ અનેક સિતમો થવા છતાં લીધેલો ધર્મ ન બદલ્યો, પણ આખરે સં. ૧૯૫૨-૫૩માં પોતાની માતાના મરણ વખતે, કોઈએ મડદું ન ઉઠાવ્યું તેથી નાસીપાસ થઈ, કંટાળી, દંડ આપી પાછો પીરાણા પંથીઓમાં પેઠો અને ચાલતું હતું તેમ ચાલવા લાગ્યું. પરંતુ ચારસો વર્ષ વીતતાં જમાનો હવે બદલાયો હતો. ભાગ્યદેવીએ પણ કણબીઓ પ્રતિ કરુણાદૃષ્ટિ કરી હતી, તેથી માત્ર ખેતીવાડીમાં જ જીવન ગાળનારા કણબી પુત્રો હુન્નર-ઉદ્યોગ માટે દેશ છોડી પરદેશ જવા લાગ્યા. ત્યાં દેશાટનથી જ્ઞાન વધે છે, તે સિદ્ધાંત તેમને યથાર્થ ફળદાયી બન્યો. પરદેશમાં જુદી જુદા હિંદુ કોમો સાથે પરિચયમાં આવતાં તેમની આંખ ઊઘડી અને પોતે સ્વીકારેલા ધર્મ પ્રત્યે, એક સાચા હિંદુ તરીકે તિરસ્કાર આવવા લાગ્યો. સ્થિતિમાં સુધારો કરવા કેટલાકની ઊર્મિઓ ઊછળવા લાગી, પણ પોતાના પહેલાં આવો પરમાર્થ કરનારાએ વારંવાર વેઠવો પડેલો ત્રાસ મનમાં તાજો (યાદ) હોવાથી કેટલાક આરંભશૂરાઓની ઊછળતી ઊર્મિઓ ઊંડી દબાઈ ગઈ; પરંતુ કેટલાક સાચા શૂરા માટે તો "ક્ષણમપિ સજ્જનસંગતિરેકા ભવતિ ભવાર્ણવતરણે નૌકા" – એટલે કે એક ક્ષણ માટે પણ કરેલો સજ્જનનો સત્સંગ સંસારસમુદ્ર તરવાને નૌકા થઈ પડે છે. ઉદ્ધારક લાગણી વિટંબણાના ડરથી ઊંડી ન જતી રહેતાં વિશેષ તીવ્ર બની અને આખરે કોઈ પણ કુટુંબીની, જ્ઞાતિજનની કે માતા-પિતાની સલાહ લીધા વિના જ માત્ર સાત જણે પીરાણાપંથ વિરુદ્ધ ધર્મધ્વજ ખડો કરી વિગ્રહ આરંભ્યો, જે સવિસ્તર બિના નીચે પ્રમાણેના મિસ્ત્રી નારણજીભાઈના જીવનવૃત્તાંત પરથી સમજાયા સિવાય રહેશે નહીં.

(કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ)

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં પ્રથમ સનાતની થનાર સ્વામિનારાયણ પંથી ગામ નેત્રાના



કેશરા પરમેશ્વરા સાંખલા (મુખી)
નો સંક્ષિપ્ત પરિચય અને જીવન કાર્ય.

નેત્રાગામના શ્રી કેશરા તેજા હરજી સાંખલા તેઓ કેશરા પરમેશ્વરા તરીકે ખ્યાતી પામ્યા હતા.

આ કેશરા મુખીનો જન્મવિક્રમસવંત ૧૮૨૪ ઈ.સ. ૧૭૬૮માં નેત્રા ગામે થયો હતો. તે પ્રમાણે આખી જીંદગી કચ્છ કડવા પાટીદાર સમાજની સેવામાં ખર્ચી નાખી હતી. ખાસ કરીને તેમને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને પીર પંથમાંથી મૂળ સનાતન ધર્મમાં લાવવાનું કામઅજોડ રીતે કર્યું હતું. આ માટે તેમને અને તેમના સાથીદારોને ખૂબ ખૂબ સહન કરવું પડ્યું હતું. શરૂઆતમાં કચ્છ કડવા પાટીદારો ૮૦ ગામોમાં વસવાટ કર્યો હતો. તે વખતે તેમની વસ્તી એક લાખ જેવી હતી.

ગુજરાતમાંથી પીરપંથમાં જોડાનાર પાટીદાર ભાઈઓને કચ્છમાં વસવાટ માટે કચ્છના મહારાવનો રાજ્યશ્રાય મળ્યો હતો. તેમને જ્યાં ગામવસાવવાનું હોય ત્યાં જમીન-જાગીર આપવામાં આવતી હતી. કારણ કે કડવા પાટીદારો પોતે શ્રમજીવી, મહેનતકશ, પ્રમાણિક અને ખડતલ હતા. કચ્છમાં આ લોકો સતપંથીઓ તરીકે ઓળખાતા હતા.

શ્રી કેશરા મુખીને આ પંથ યોગ્ય લાગ્યો નહીં. જેથી તેમણે પોતાના સમાજને આ પંથમાંથી મુક્ત કરવાના પ્રયત્નો શરૂ કર્યા. આ માટે તેમણે સ્વામીનારાયણ પંથે મહત્ત્વની મદદ કરી. કચ્છમાં સ્વામીનારાયણપંથની શરૂઆત પણ કેશરા મુખીએ કરી. આ જ અરસામાં સવંત ૧૮૫૬માં જ શ્રી સહજાનંદસ્વામીએ ગુજરાતને પોતાનું કર્મ અને ધર્મક્ષેત્ર બનાવ્યું.

શ્રી કેશરા મુખીએ સ્વામીનારાયણ ધર્મ અંગિકાર કર્યો અને સહજાનંદસ્વામીના દર્શન પણ કર્યા. તેમના હાથે જ કંઠી બાંધી હતી. તેમણે તેમના ગામનેત્રામાં સ્વામીનારાયણનું મંદિર બંધાવ્યું હતું. તેમને આ સ્થિતિ તૈયાર કરવામાં પોતાના જ સમાજના પીરપંથીઓ સાથે ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમના સાથીઓને વધુ સહન કરવું પડ્યું હતું. ઝઘડા, સામાજીક બહિષ્કારનો ભોગ પણ બનવું પડ્યું હતું. છતાં ધર્મની નિષ્ઠા અને સત્યના આરાધકે વિરોધથી જરાય વિચલિત થયા વગર પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. કચ્છના મહારાવ સાથે મીઠા સંબંધોનું જતન કરી તેમણે તેમના કામમાં મહારાવશ્રીની સંપૂર્ણ સહાય મેળવી, જેથી તેઓ પોતાના જાતિબંધુઓને પીરપંથમાંથી શુદ્ધિકરણ કરાવી અસલ સનાતન ધર્મ સ્વામીનારાયણમાં લાવવામાં સફળ થયા હતા. તેમણે સવંત ૧૮૬૧માં સ્વામીનારાયણ ધર્મ ખૂબ ફાલ્યો અને કેશરાબાપા ચુસ્ત સનાતની બન્યા અને સ્વામીનારાયણ ધર્મ અંગિકાર કર્યો. જેથી કચ્છમાં સ્વામીનારાયણ ધર્મ ફૂલ્યો-ફાલ્યો. મંદિરો પણ બન્યા. તે સમયને આજે ૨૦૦ વરસથી ઉપર થયાં છે.


સ્વ. કેશરા પરમેશ્વરા મુખીનું જીવન એક મહાન્ વિભૂતીનું જીવન છે. અને તેમના પછીની પ્રત્યેક પેઢી માટે પ્રેરણાનું ઉત્તમદ્રષ્ટાંત પૂરૂ પાડે છે. મુખીએ તેમના જીવન દરમ્યાન સ્વજાતિના ઉદ્ધાર માટે સતત સંઘર્ષ કર્યો હતો અને ધર્મ, પ્રેમ, સ્વમાન, સત્ય, દયા, દાન, સેવા, નમ્રતા, નિર્ભયતા અને કૃત્વય, નિષ્ઠાના માર્ગ પર કેવી રીતે ચાલવું તેનું ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ઘણા લાંબા સમયથી પિરાણા, સતપંથ ધર્મે ઊંડા મુળિયા નાખ્યાં હતા. અને વટવૃક્ષ સમા સમાજ ઉપર ફેલાઈ ગયો હતો. જ્ઞાતિની પરિસ્થિતિનો લાભ લઈ પિરાણાં ધર્મવાળાએ જ્ઞાતિને અંધારાની ઊંડી ખાઈમાં ધકેલી દીધી હતી. આ અંધેરી

ખીણમાં પડેલી જ્ઞાતિને પ્રકાશનો સૂર્ય પ્રથમબતાવનાર કેશરા મુખી હતા. તેમને નેત્રા ગામે ભગવાન સ્વામીનારાયણના શિષ્ય મુક્તાનંદ સ્વામીએ સ્વામીનારાયણ ધર્મની કંઠી બાંધી હતી. અને શુદ્ધ સનાતન ધર્મનું રહસ્ય સમજાવ્યું હતું. ગુરૂ પાસેથી હિંદુ ધર્મનો મર્મ જાણી જ્ઞાતિની ઉન્નતિ માટે મુખીએ જીવનભર પ્રયત્નો કર્યા. ગઢ જેવાં પિરાણાંના ધર્મને તોડવા અને સનાતન ધર્મની સ્થાપના કરવા, સનાતન ધર્મની ધજા ફરકાવવા એક સાચા કરમવીરની માફક લડ્યા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાં શુદ્ધ સનાતન ધર્મની ઈમારતના કેશરા મુખી પાયાના પથ્થર બન્યા. વર્તમાનકાળના સમાજના તેઓ આદ્યસુધારક હતા.જુના ધર્મના પાખંડો અને દૂષણોને તેમણે ખડેચોક ખુલ્લા પાડ્યા. અને સનાતન ધર્મનો પ્રચાર કર્યો. લોકોને નીતિ-નિયમઅને ધર્મ આધારિત આચાર-વિચારના માર્ગે વાળવા તેઓ આ જીવન ઝઝૂમ્યા. લોકોમાં ધીમે ધીમે મુખીની વાતો પ્રત્યે સમજણ આવવા લાગી. સાત ગામોમાં બારસોથી પંદરસો જેટલા અનુયાયી થતાં સનાતન ધર્મની ઈમારતના પાયા મજબૂત બન્યા. કેશરા મુખીના નાખેલ પાયા ઉપર તેમના પછી બે-ત્રણ પેઢીયે સ્વ. નારણભાઈ રામજી લીંબાણી અને સ્વ. શ્રી રતનશી ખીમજી ખેતાણી બંને મોટી વીરાણી વાળાએ ઈંટોથી ઈમારત બાંધવાના મંડાણ કર્યા. કેશરા મુખીએ વ્યવસ્થિત અને મજબૂત ધરાતલ તૈયાર કર્યું હતું. તેને નારણભાઈ અને રનતશીભાઈએ ધરાતલ ઉપર વિશાળ ઈમારતનું સર્જન કરી તેને સનાતન ધર્મનો વિશુદ્ધ રંગ આપ્યો. એ ઈમારતમાં જે કંઈ ખામી, ફુટફાટ કે રંગરોગાન બાકી હતા તેને આજના સમાજ સેવકો પૂરા કરી રહ્યા છે. કેશરા મુખીના પ્રયત્નોને સાર્થક કરવા આજનો સમાજ પ્રયાસ કરી રહ્યો છે.

(સ્વામીનારાયણ) પરચિય અને કાર્ય પુસ્તક



નારાયણજી રામજીભાઇ મિસ્ત્રી-મુંબઇ જીવનવૃતાંત

આ હિંમતવાન યુવાનના પિતાજી રામજીભાઈ ભોજાભાઈ લીંબાણી, કચ્છ દેશના નખત્રાણા તાલુકાના વિરાણી ગામના રહેવાસી છે. તેઓ કેળવાયેલા, પરોપકારી અને બુદ્ધિશાળી શિલ્પશાસ્ત્રી હોવાથી,તેમણે રાજ્યના ઈજનેરી ખાતામાં મિસ્ત્રી તરીકે માન સાથે નોકરી કરી છે. તેથી તેઓ માત્ર પોતાની જ્ઞાતિમાં જ નહિ, પણ કચ્છના ઘણા ભાગમાં પ્રસિદ્ધ છે. તેમને ત્યાં સંવત ૧૯૩૯ના વૈશાખ સુદ ૧૫ ભોમ (મંગળવાર) (તા. ૨૨-૫-૧૮૮૩)ના શુભ દિવસે રા. નારાયણજીનો જન્મ થયો હતો. બાળવયની બાળલીલા પરિપૂર્ણ થતાં નવ વર્ષની વયે તેમને વિરાણીની ગ્રામશાળામાં વિદ્યાભ્યાસ માટે મૂકવામાં આવ્યા. ત્યાં પાંચ વર્ષ સુધી અભ્યાસ કરી, ૧૩ વર્ષની મુગ્ધ વયે ગુજરાતી પાંચમી ચોપડીની પરિક્ષા ઊંચા નંબરે શાબાશી સાથે પાસ કરી. ગ્રામશાળામાં એ કરતાં વિશેષ વિદ્યાભ્યાસની જોગવાઈ ન હોવાથી તથા આગળ અભ્યાસ કરવા દૂરના શહેરમાં બાળકને મોકલવાની અગવડ હોવાથી, રા. રામજીભાઈએ પુત્રનો અભ્યાસ એટલેથી જ દિલગીરી સાથે પતાવ્યો અને એટલી નાની વયથી જ તેને શિલ્પશાસ્ત્રનો સ્વાનુભવી અભ્યાસ કરાવવા એક કારીગર તરીકે પોતાની દેખરેખ

નીચે કામે લગાડ્યો. જેમ ઉત્તમ હીરો ઉત્તમ ઝવેરીના હાથે એરણ પર ચઢતાં અજાયબી પમાડે તેવું નૂર પ્રકાશી દીપી ઊઠે છે તેમ આ બાળક પોતાના પિતાના ધંધામાં પૂર્ણતા પામ્યો. એટલું જ નહિ, પણ નકશીદાર રૂપકામ પણ ઉત્તમ રીતે શીખ્યો. કેટલીક વાર તો મકાનો અને પુલોની કમાનો વગેરેના ગૂંચવાડા ભરેલા શિલ્પશાસ્ત્રના ગૂઢ ઉકેલોથી પોતાના પિતાને પણ વિસ્મય પમાડતો. એ વિદ્યા પ્રતિ તેની આવી અભિરુચિ જોઈ, તેની વિનંતી પરથી તેને એ કળામાં પારંગત કરવા મુંબઈ રવાના કર્યો.

દુનિયાના પૂર્વ-પશ્ચિમના દેશોની કારીગરીના ખજાના રૂપ મુમ્બાપુરીમાં આવતાં જ, યુવાન નારાયણજીને જાણે કોઈ નવીન સૃષ્ટિમાં પગ દેતો હોય તેમ લાગ્યું. પોતાની મતિ પણ મૂંઝાઈ જાય તેવાં શિલ્પશાસ્ત્રનાં એકબીજાથી ચઢી જાય તેવાં અપાર કામો અને કારીગરી જોઈ તે મોહ પામી ગયો. લગભગ એકબે માસ તો તેણે શિલ્પકલાના નમૂનારૂપ ગણાતા ઘણા મહાલયો બારીકીથી જોવામાં જ વિતાવ્યા. જેમ પોતાની શક્તિના અભાવે એક નિર્માલ્ય નર, મુશ્કેલીઓ જોતાં નિસાસા નાખી નાસીપાસ થાય છે, તેમ ન થતાં, સર્વશોભાના સમુદ્રરૂપ મુમ્બાપુરીમાં, પ્રકૃતિદેવીએ બહોળા હાથે પાથરેલી કારીગરી અને વૈભવનો, કુદરતના એક પૂરા પુરુષાર્થી પુત્ર તરીકે પોતાનો, પુરુષાર્થના પ્રમાણમાં તે સઘળું પ્રાપ્ત કરવાનો અબાધિત હક છે તેમ તે સમજવા લાગ્યો; અને દિન-પ્રતિદિન નવીન નવીન જોવાથી તેની નસોમાં આશાભરેલું નવીન લોહી ઉમંગભેર દોડવા લાગ્યું. આવા વિશાળ શહેરમાં કોઈની પિછાન ન હોવાથી, એક બાહોશ કૉન્ટ્રાક્ટરને ત્યાં હાથે કારીગરી કરવા પગારદાર તરીકે જોડાઈ તેણે પોતાનું પ્રારબ્ધ અજમાવવા પુરુષાર્થ શરૂ કર્યો. વખતના વહેવા સાથે તેણે પોતાના કામની પોતાના ઉપરીનું મન જીતી લીધું. હથિયાર છોડાવી દઈ તેને નકશી-ટાંકણાં સોંપાયાં તો એ રૂપકામમાં પણ તે પાસ થયો. એ પ્રમાણે એક વર્ષમાં તો મુંબઈના ઈજનેરી ખાતાની સંપૂર્ણ માહિતી મેળવી તરત જ તેણે સ્વતંત્ર રીતે મકાનો બાંધવાનું સાહસ કર્યું. વડગાદી પર શેઠ કેશવજી દામજીનો પ્રથમ માળો બાંધ્યો, પછી માંડવી બંદરના પણ બીજા કેટલાક બાંધ્યા અને તેથી મ્યુનિસિપાલિટીમાં, ઈજનરોમાં, શેઠિયા વર્ગમાં અને કોન્ટ્રાક્ટર, કારીગર વર્ગ વગેરેમાં તે એક નામાંકિત નર તરીકે પિછાણાયો. સારા સારા સદ્‌ગૃહસ્થોમાં જતો-આવતો થતાં, જાહેર પેપરો વાંચવાના શોખથી તેની વાંચન તરફ રુચિ વધતી ગઈ, જેના વડે તે ગુજરાતી પાંચ ચોપડી ભણેલો વિદ્યાર્થી સાહિત્યનો સમજદાર શોખીન બન્યો. દેશના ઈતિહાસો, નામાંકિત નરો, સુધારકો, ઉદ્ધારકો વગેરેનાં પુસ્તકો વાંચતાં, તે લાગણીવાળાને રોમાંચ થતો હતો. ધર્મગ્રંથો પ્રતિ પણ તેણે તેવું જ લક્ષ આપ્યું. એક ગુજરાતી કણબીનો મેળાપ થતાં તેને કચ્છના અને ગુજરાતના કણબીઓ વચ્ચેનો પડી ગયેલો જમીન-આસમાન જેટલો તફાવત પ્રત્યક્ષ થયો. એટલે વધારે લાગણીથી તપાસ કરતાં તેને કચ્છીઓ કરતાં ગુજરાતી જ્ઞાતિબન્ધુઓની સ્થિતિ સર્વ વાતે ઉન્નત માલૂમ પડી. વળી, તેઓ તરફથી તેમની જ્ઞાતિનું નીકળતું ‘કડવા વિજય’ પત્ર વાંચવા મળ્યું. પોતે તેનો કાયમી ગ્રાહક થયો; અને તેનું બારીકાઈથી અવલોકન કરવા માંડ્યું. હૃદયમાં કોઈ નવીન જાગૃતિ આવી હોય તેમ, તેને પોતાના દેશની-જ્ઞાતિની દશા, સૃષ્ટિની રંગભૂમિ પર પ્રત્યક્ષ રીતે દયાજનક દેખાવા લાગી. તેઓની વ્યાવહારિક અવનતિ ધાર્મિક વિચારોની સંકડાશને લીધે થઈ છે એ તે જોઈ શક્યો. તેણે નિસાસો નાખ્યો. પોતાનું કુટુંબ પીરાણા ધર્મને અનુસરનારું હોવાથી ‘ન હિન્દુ ન મુસલમાન’ જેવી સ્થિતિ વારંવાર તેની સમક્ષ ખડી હતી અને મુંબઈ શહેરનાં ગૃહસ્થ કુટુંબો સાથે પોતાનો પરિચય થતાં, તે મનથી, છૂપો છૂપો સંકોચાવા લાગ્યો. પીરાણાના ધર્મ પ્રતિ તેને તિરસ્કાર આવવા લાગ્યો અને છેવટે તે ધર્મ તજી, ઉત્તમ એવા શુદ્ધ વેદ-ધર્મને સ્વીકારવા અને સઘળા જ્ઞાતિબંધુઓને સુધારી દેવાના હવાઈ વિચારોની એકસપ્રેસ ટ્રેનો તેના વિશુદ્ધ મગજમાં દોડવા લાગી. જોકે પોતાના આ વિચારોને તે તાત્કાલિક અમલમાં મૂકી શક્યો નહિ, તોપણ તેમને કદી પણ તે પોતાના હૃદયમાંથી દૂર કરી શક્યો નહિ. ગુજરાતની જ્ઞાતિ સાથે એક જ ધર્મ અને આચાર-વિચારથી શી રીતે સંમિલિત થવાય તે વિચારે

તેના હૃદયપ્રદેશ પર મજબૂત ઘેરો ઘાલ્યો. વારંવારના વિચારોથી તેનું મન આખરે પોતાના ખાનગી પુરુષાર્થ પ્રતિ વિરાગી બનવા લાગ્યું. તેથી શાંતિ મેળવવા જૂજ સમય માટે તે ધંધો છોડી પોતાના પિતા-માતા પાસે દેશમાં ગયો. પરંતુ –

ચાતક ચકવા ચતુર નર નિત નિત ફરત ઉદાસ;
ઘુવડ ઔર ખર મૂરખ નર સુખે સૂએ નિજ વાસ.

તદનુસાર, જેના માટે શાંતિ નિર્મી જ નથી તેને તે ક્યાંથી મળે ? તે દેશમાં ફરવા ગયો. યાં એક હૃદયભેદક કરુણ બનાવ દૃષ્ટિએ પડતાં વળી બળતામાં ઘી હોમાયું. એક વૃદ્ધ કણબી પોતાના ખળામાંના અનાજનો રાજભાગ આપી, બાકીનું અનાજ પોતાના લેણદાર વાણિકને આપવા એકઠું કરતો હતો. તેની, સ્ત્રી અને પુત્ર-પુત્રવધૂની, મુગ્ધ બાલુડાંની કંગાલ દશા જોઈ તેનું હૃદય દયાથી પીગળી ગયું. ત્યાં તો લેણદારે આવી દાણે દાણો ભરી લેવા માંડ્યો. વૃદ્ધ પટેલે કહ્યું કે, 'શેઠ ! મારી સ્ત્રી, મારા પુત્રો તેમની વહુઓ અને બાળકો કહે છે કે, બધું અનાજ ભલે લઈ જાઓ, પણ આ નવું ધાન બે દિવસ ચાલે તેટલું ખાવા આપો તો સારું.' પરંતુ તેની આ દયાજનક વિનંતી પર તે પાષાણ દિલના લેણદારે દાદ ન દીધી. તે સઘળું સમેટીને લઈ ગયો. ક્ષણભર સહુ સૂનમુન થઈ ગયાં. ડોસો-ડોસી કાંઈ પણ ન બોલ્યાં, આંખમાંથી ડળક ડળક અશ્રુ ખરવા લાગ્યાં. એટલે પુત્રો, પુત્રવધૂઓ અને બાળકોએ પણ પિતાજીના પગલે ચાલી રોવા માંડ્યું. મૌન ક્રંદન શરૂ થયું. કયા પાષાણહૃદયના માનવીનું કાળજું આ કારમી કથાથી કકડા કકડા ન થઈ જાય ? આ દશા જોઈ નારાયણજી પણ પ્રારબ્ધ પ્રમાણે બે આંસુડાં પાડી મ્લાન વદને ઘેર આવ્યો અને સઘળું વૃત્તાંત પિતાજીને સંભળાવ્યું. વધારામાં બોલ્યો કે, 'પિતાજી ! દેશમાંથી કણબીઓ લાખો કોરી દર વર્ષે પીરાણા સ્થાનકે મોકલે છે, તે ન મોકલતાં આવા ગરીબોને ઓછા વ્યાજે ધીરે તો તેમણે સાચા-ખોટા દ્વામાં વંશ-પરંપરા દટાઈ મરવું ન પડે. માટે મારો વિચાર તો, આ વાત પટેલોને કહેવાનો છે. પીરાણાના સૈયદો અને કાકાઓ કાંઈ ભૂખે મરતા નથી, પણ આ બિચારા તો હવે આવી રહ્યા છે. માટે ગમે તેમ કરી તે પૈસા ત્યાં જતા અટકાવી, આવા દેવાદારોને ધીરવા અને વધેલા પૈસા બાળકોને ભણાવવામાં વાપરવા જોઈએ.' આ વાત સાંભળી પિતાજીએ પટેલોની સત્તાનો ડર બતાવી, તેમની સામે થવામાં અને પીરાણા વિરુદ્ધ બોલવામાં સમાયેલું સંકટ સમજાવ્યું. પરંતુ તેથી લેશ પણ ન ડરતાં નારાયણજી વધુ ને વધુ આવેશમાં આવી આગળ પગલાં ભરવા નક્કી કરવા લાગ્યો.

આગેવાનો એવા અંધસ્વાર્થ પરાયણ હતા કે, દેશના ગરીબ કણબીઓને ઉત્તેજન આપવું તો બાજુ પર રહ્યું, પણ જો કોઈ ગરીબ કણબી વાર્ષિક ધર્માદા રકમ ન ભરી શકે તો તેને જ્ઞાતિની બહાર કરી દેવામાં આવતો. આવો અનર્થ થતો અટકાવવા તેમે નિશ્ચય કર્યો અને ખિન્ન વદને માતાપિતાની રજા લઈ મુંબઈ આવ્યો. અહીં આવી તેણે પીરાણા પંથનો બારીક અભ્યાસ કર્યો, તો તેને તેમાં તદ્દન પોલ માલૂમ પડ્યું. બીજી તરફ સનાતન ધર્મનાં પુસ્તકો વાંચવાથી તથા પ્રતિદિનના સત્સંગથી તેની તેમાં અભિરુચિ વધવા લાગી, તેમ તેમ પોતાના પુરાણા પીરાણાપંથ પ્રતિ પુષ્કળ તિરસ્કાર આવવા લાગ્યો. પોતે ગુજરાતના કણબીઓ જેવો શી રીતે થઈ શકે ? તેને ઉપવીત કોણ આપે ? – વગેરે વિચારો તેને નિશદિન આવવા લાગ્યા. પ્રભુકૃપાએ અનુમોદન આપનારા તેને કેટવાક મિત્રો મળ્યા. પ્રાયશ્ચિત કરી શુદ્ધ થવાય છે તથા ઉત્તમ કર્મો કરવાથી ઉન્નત થવાય છે, તેમ તેને વાલ્મીકિ વગેરે મહર્ષિનાં દૃષ્ટાંતોથી પ્રતીત થવા લાગ્યું. એટલે તેને આનંદ આવવા લાગ્યો. પણ પોતાના દેશની જ્ઞાતિ પરની સખતાઈ-જુલ્મનું ચિત્ર દૃષ્ટિ સમીપે તરવરવા લાગતાં તેને મહાવિઘ્નો જણાયાં અને વિષાદ-શોક થયો. એ પ્રમાણે હર્ષ અને શોક વચ્ચેની અર્ધદગ્ધ દશામાં તે ડૂબકાં ખાતો દુભાવા લાગ્યો. પરંતુ લાંબા વખતના પશ્ચાતાપથી હવે તેનું હૃદય પાવન થઈ વિશુદ્ધ કાંચનમય બન્યું હતું. પરમાત્માએ તેના હૃદયમાં અપૂર્વ શૌર્ય ઉત્પન્ન કર્યું. હવે તે કહેવા લાગ્યો કે, 'મારી સાથે સંમત થઈ દીક્ષા લેનાર જ મારું સર્વસ્વ છે, નહિ તો હું એકલો જ છું; એકલો જ આવ્યો હતો અને એકલો જ જઈશ.' એવા અણીના પ્રસંગે તેને પ્રભુની કૃપા વડે રાજકોટ નજીક ઢોલરાના મહાનુભાવ જ્યોતિષી રામેશ્વર મોરારજીનો સમાગમ થયો. તેમણે તેને પ્રતિદિન પ્રોત્સાહન

આપવા માંડ્યું અને કોઈ મહાત્માની આજ્ઞા લીધા પછી તેને દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત કરાવીને ઉપવીત ધારણ કરાવવા ખાતરી આપી સંતોષ્યો. કેટલાક સમયે આ બંને પુરુષો કાઠીઆવાડમાં બિલખા ગામે આવી, મહાત્મા શ્રી નથુરામ શર્માને મળ્યા અને અથ થી ઈતિ સહુ વિગતે વિદિત કર્યા. તે પરથી મહાત્માશ્રીએ મનુ, યાજ્ઞવલ્ક્ય, પારાશર આદિ સ્મૃતિઓ અને ધર્મસિંધુ વગેરે ગ્રંથો જોઈ દેહશુદ્ધિના પ્રાયશ્ચિત પછી યજ્ઞોપવીત લેવામાં વાંધો આવશે નહિ એમ ખુશીથી જણાવ્યું, પરંતુ કચ્છના કણબી આગેવાનોના કેર (જુલ્મ)નો તેમને કાંઈક ખ્યાલ હોવાથી, એકલા પડેલા યુવાને એવું મોટું સાહસ ખેડવા કરતાં, પાંચ-સાત જણ સાથે દીક્ષા લે તો ઉત્તમ થાય એમ તેમણે સૂચવ્યું. રા. નારાયણજી તથા વિદ્વાન રામેશ્વરજી બંને મુંબઈ આવ્યા. ત્યાં એ યુવાને પોતાનો સત્-સંકલ્પ સહુ સ્નેહીઓને સમજાવી દીધો. પોતાની સાથે દેહશુદ્ધિ ફરી પાવન થઈ ઉપનયન સંસ્કાર કરાવવા અને કાં તો હંમેશને માટે છૂટા પડવાનું કહ્યું. સહુ મિત્રો દેશના આગેવાનોના અમલના અચ્છા જ્ઞાતા હતા છતાં પણ ધર્મને યથાર્થ સમજનારા હોવાથી, આવા પવિત્ર કાર્યમાં ઉમંગભેર સામેલ થયા. એટલે શ્રીયુત્ રામેશ્વરજી પંડિત સાથે રા. રામજીભાઈ જેઠાભાઈ (ગઢશીશા), રા. નારાયણજી રામજીભાઈ (વિરાણી), રા. રતનસિંહ કરસન (રાજપર), રા. વિશરામ દેવજી (વિરાણી), રા. કરસન ભાણજી (વિરાણી), રા. હરજી લધ્ધા (લોડવા) અને રા. નાયા સેવજી (વિરાણી) – એ સાત જણાઓએ સહકુટુંબ નાસિક જઈ, ત્યાંના વિદ્વાન બ્રાહ્મણોના હસ્તે શ્રી ત્ર્યંબકેશ્વર ક્ષેત્રમાં ગોદાવરીના પવિત્ર તટ પર પ્રાયશ્ચિત કરીને ઉપવીત ધારણ કર્યાં. આ વાતની મુંબઈમાં રહેતા અન્ય કચ્છી કણબીઓને જાણ થતાં, તેમણે તાર મારફત દેશના આગેવાનોને આ સઘળા સમાચાર ઠામ ઠામ મોકલી આપ્યા; અને તેથી દેશમાં એક જબર હિલચાલ શરૂ થઈ. સાતે જણના પિતૃપક્ષ, માતૃપક્ષ અને શ્વશુરપક્ષાદિ સગાં-સંબંધીઓને જ્ઞાતિ બહાર કરી "પાડાના વાંકે પખાલીને પણ ડામ" દીધા. આવા પરાક્રમનાં જાહેરનામાં તેમણે દેશ-પરદેશ રહેનારા સઘળા કણબીઓને પણ મોકલી આપ્યાં. તેમના આવા છેલ્લા પુરુષાર્થથી દેશમાં જ્ઞાતિ બહાર થયેલ સગાંવહાલાં તો કંપી ઊઠ્યાં. પણ આ સાત વીરપુરુષોનાં સપ્તસમુદ્ર સમાન હૃદયો પર જરા પણ અસર થઈ નહીં તેઓ લેશ પણ ડગ્યા નહિ, બલકે વધુ ઉત્સાહમાં આવી, આગેવાનોને તેમની ભૂલ, પીરાણાનું પોલ તથા સત્યપંથનો રાહ જણાવવા, અને છેવટે જો તેઓ શાસ્ત્રાર્થ કરવા તૈયાર હોય તો તેને માટે પણ જાહેર પેપરોમાં આમંત્રણ આપવા લાગ્યા. પરંતુ આ અંધાધૂંધીમાં જવાબ દેવા કોણ મેદાનમાં આવે ? આ દ્વિજ બનેલાઓ આગેવાનોથી રજ પણ ડરતા નથી એવું લાગ્યું ત્યારે આગેવાનોએ તેમણે આ લોકોનાં દેશમાં રહેતાં સગાં-સંબંધીઓને હેરાન કરવામાં કચાશ રાખી નહીં. પણ આ લોકો કશાથી ડગ્યા નહિ. સઘળાં સગાંવહાલાં અશ્રુપૂર્ણ નયને, આ ધર્મવીર – હઠીલા, ટેકીલા, સત્યાગ્રહીઓને વીનવી વીનવી, ઉપવીત ઉતારી તાબેદારી કબૂલવા અને પોતાના ભેગા જમવા કાલાવાલા કરવા લાગ્યાં. પિતામાતા, ભગિની, ભાઈ વગેરેના અશ્રુપાતથી કોનું હૃદય કંપી ના ઊઠે ? પણ અહીં તો પોતાના પુત્રની અચળ શ્રદ્ધા જોઈ રા. રામજીભાઈ ભોજાભાઈ મનમાં ઘણા પ્રસન્ન થયા. દેશ-પરદેશ રહેનારા કેટલાક સમજુ, પણ બીકણ હૃદયના ભીરુઓ અંતઃકરણથી અભિનંદનો આપવા લાગ્યા, પરંતુ ખુલ્લા પડી શક્યા નહિ.

આવો મામલો મચી રહ્યો હતો. તેવામાં રા. રામજીભાઈએ નવો માર્ગ શોધ્યો. ૫૦-૬૦ વર્ષથી જે બન્ધુઓ સ્વામીનારાયણ પંથના અનુયાયી બન્યા હતા. તેઓ ઘણું કરી પોતાનાં સંતાનોના લગ્નસંબંધ માંહોમાંહે જ કરતા, અને વળી પીરાણાપંથીઓમાંયે કરતા, ઉપરાંત ભોજનાદિ વ્યવહાર પણ ચાલુ જ રાખી રહ્યા હતા. રાય રામજીભાઈએ તેમને પીરાણાપંથીઓથી તદ્દન અલગ થઈ પોતાના પુત્ર સાથે ભળી જવા પ્રેર્યા. તેથી તેઓના આગેવાન પુરુષ જીવરાજ ખેતસિંહ, નારાયણ ધર્મસિંહ (ગડાણી) રવાપર અને નેત્રાના પટેલો સાથે તેમના ધર્મધામ અમદાવાદ આવ્યા અને મુંબઈથી સાત જણના સ્વધર્મવર્ધકમંડળને પણ તેડાવ્યું. સ્વામીનારાયણના સાધુ-મહાત્માઓને સઘળી બિના વિદિત કરી. તે પરથી તેઓએ ઘણી ખુશીથી એવો નિર્ણય કર્યો કે અમુક વખત પછી આચાર્યશ્રી મહારાજ

કચ્છમાં પધારે ત્યારે ત્યાંના સઘળા સ્વામીનારાયણી કણબીઓને યજ્ઞવિધિથી પ્રાયશ્ચિત કરાવી પાવન કરવા અને પીરાણાપંથીઓ સાથેનો સઘળો સંબંધ બંધ કરાવી દેવો. એ ઠરાવ પ્રમાણે અલ્પ સમયમાં આચાર્યશ્રી મહારાજ તથા સાધુ-મહાત્માઓ કચ્છમાં પધાર્યા અને સં. ૧૯૬૭ના ફાગણ વદ ૫ ને દિવસે ગડાણી મુકામે મોટો યજ્ઞ કરી, સઘળા સ્વામીનારાયણપંથી કણબીઓને સહકુટુંબ દેશશુદ્ધિ-પ્રાયશ્ચિત કરાવ્યું. માત્ર સાત જ જણામાંથી આ રીતે હવે સત્તરસોની મોટી સંખ્યા થઈ અને તેથી પીરાણાપંથી પટેલિયાઓનાં મોઢા સદાને માટે મ્લાન થયાં.

આ પ્રમાણે સનાતન ધર્મીઓની એકત્ર થયેલી મોટી જ્ઞાતિએ, પોતાના પૂર્વજોએ પીરાણાનો પંથ ક્યારે અને ક્યા કારણથી સ્વીકાર્યો, પોતાનાં અસલ વસવાટનાં સ્થાન, તે છોડી કચ્છમાં આવવાનાં કારણ અને સમય-વગેરે અગત્યની બાબતોનું જ્ઞાન સંપાદન કરવા વહીવંચાની શોધ કરવા માંડી. તેમના આગેવાનો અને સ્વધર્મવર્ધક મંડળના ઉત્સાહપૂર્ણ વિજયી સભાસદો ગુજરાતમાં આવ્યા. 'કડવા વિજય'ના તંત્રી રા. પુરુષોત્તમદાસને મળ્યા. તેમના ભલામણપત્રો લઈ અમદાવાદ તથા ધોળકામાં શોધ કરી. પરંતુ પત્તો લાગ્યો નહિ, તેથી કંટાળી ગયા. પણ સ્વધર્મવર્ધક મંડળના નેતા, આવી આવી ઘણી વિપત્તિઓના વેઠનારા હોવાતી થાક્યા નહિ. અમદાવાદમાં અને જે જે ગામો વહીવંચા વસે છે ત્યાં જુદી જુદી તપાસ કરવા માંડી. તેમાં પોતાના ધનનો પણ છૂટથી ઉપયોગ કરવા માંડ્યો. છેવટે રા. નારાયણભાઈ પોતે ગુજરાતમાં આવ્યા, ગુપ્ત વેશે પીરાણા સ્થાનકે ગયા અને ત્યાંની હૃદયભંગ સ્થિતિ જોઈ આવ્યા. અમદાવાદમાં વહીવંચાની બાકી શોધ કરતાં કેટલાક દિવસે તેમને શાહપુર વિભાગમાં બારોટ રામસિંહ દોલજીની મુલાકાત થઈ. પરંતુ બારોટ અને બ્રાહ્મણોના મૂળ સ્વભાવ પ્રમાણે તેમને સહેલાઈથી હકીકત મળી નહિ. પુષ્કળ યુક્તિ-પ્રયુક્તિથી અને છૂટા હાથે ધનનો ઉપયોગ કરવાથી આખરે બારોટજીનું આશાપૂર્ણ હૃદય પીગળ્યું. એક વાર ફરીથી કચ્છી કણબી કોમનો પોતાનું કલ્પવૃક્ષ બનાવવાની લાલચે યથાવત્ હકીકત આપી – લખાવી, જેની સત્યતાની પૂર્ણપ્રતીતિ નખત્રાણા મધ્યે થયેલ ઠરાવની નકલ મળી આવવાથી થઈ. તે હકીકત આપણે ગામ અને કુટુંબવાર આગળ વાંચી ગયા છીએ. આ સઘળા ઉપરથી આપણને ખાતરી થાય છે કે માનવજીવનની ઉત્કૃષ્ટતા, તેના આત્માનું ઉચ્ચગામીપણું, તેનું હૃદયબળાદિ ઉચ્ચગુણોની પરીક્ષા આવી પડતી વિપત્તિઓ જ કરાવી આપે છે. ભાગ્યદેવી પણ તેવા જ વીર નરને વિજયમાળા આરોપે છે. આખી આલમ આપત્તિમય બની જવા છતાં પણ, જેમ જેમ કાંચનને વધુ ને વધુ તપાવી ટીપવામાં આવે છે તેમ તેમ તે વધુ ને વધુ પ્રકાશિત બને છે. આ રીતે તે વીર નર સંકટ સમયે નિરાશ ન થતાં વધુ ને વધુ દેદીપ્યવાન બન્યો છે, જેનાં ઉત્તમ ફળરૂપે આજે કચ્છના કણબીઓની સ્થિતિનું શાંત પરિવર્તન આપણી સમક્ષ મોજૂદ છે. હજુ પણ તેમનો અને તેના સ્વધર્મવર્ધક મંડળના બાહોશ પ્રેસિડેન્ટ રામજીભાઈ જેઠાભાઈ વગેરે ઉપવીતધારી યુવાનોનો જ્ઞાતિ-સુધારણાર્થે પુરુષાર્થ ચાલુ જ છે. અમને આશા છે કે તેમની પ્રગતિ પ્રતિદિન ચાલુ રહી અજ્ઞાનદશાવશ કણબીઓ જલદી સત્ય સમજી સિદ્ધિપંથે પ્રયાણ કરશે.

ઉપર પ્રમાણે રા. નારાયણજીભાઈ તથા સ્વધર્મવર્ધક મંડળના ઉપવીત ધારણ કરનારા સઘળા સભાસદોના શાંત પ્રયાસોથી આજે કચ્છ દેશમાં કણબી આગેવાનોનો જુલ્મી જમાનો જતો રહ્યો છે. તેમના પંથનું પોલ ખુલ્લું પડ્યું છે. પંથની સામે થનારાને કાંઈ પણ નસિયત નહીં કરી શકાતાં, સહુ ઉપરનાં તેમનાં બંધનો અને અંધશ્રદ્ધા મંદ પડી ગયાં છે. હવે આગેવાનો અને સઘળા કણબી ભાઈઓ પોતાની ભૂલ અને સત્ય વાત સારી રીતે સમજી ગયા છે, પણ પોતાની હઠ છોડવાનું હૃદય-બળ-હિંમત ચાલતી નથી, તેથી જાણી-સમજીને પેટમાં પસ્તાવો કરી રહ્યા છે. પ્રભો ! તેમને સત્ય વાત ગ્રહણ કરવાનું યોગ્ય હૃદયબળ આપો, તેવી અમારી તેઓ સારુ દયાળુ પ્રતિ પ્રાર્થના છે.

(કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ)

પાટીદારોની સભ્યતા, ઇમાનદારી અને અન્ન-દાન દાતા

ભારતભરમાં ખેતી કરતા પંજાબથી આવેલા કુર્મિઓ- પાટીદારો જે આખા ભારતમાં ફેલાયેલા છે. જયાં જેને પાણી, જમીન અને ખેતીવાડીની જમીન મળી ત્યાં તેઓ ગોઠવાઈ ગયાછે. આજે ભારતમાં કુર્મિઓ (કણબીઓ)ની વસ્તી ૨૦ કરોડ છે. અલગ અલગ જગ્યાએ વસતા અને અલગ બોલી બોલતા, વિવિધ નામો ધરાવતા આ પાટીદારો જયાં પણ વસ્યા તેઓએ પોતાનું વતન બનાવી દીધું અને જે હાલતમાં રહેતા તે પ્રમાણે પોતાને ઢાળી દીધા. ગુજરાતના પાટીદારોની વાત કરીએ તો તે પાટીદારોએ પોતાની સંસ્કૃતિ, સભ્યતા, નીતિ નિયમો રીતી રિવાજો અને આર્થિક રીતે સાધન સંપન્ન હોવા છતાં તેઓ પોતાની સભ્યતા જાળવી રાખી છે. તેઓ દેશમાં રહેતા હોય અથવા પરદેશમાં વસતા હોય જયાં પણ વસ્યા હોય તેઓ પોતાની યોગ્યતા તથા પરંપરાના લીધે આજે દુનિયાના દરેક ક્ષેત્રમાં પોતાનો ડંકો વગાડી રહ્યા છે.ધાર્મિક ક્ષેત્રે, શિક્ષાના ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, ધંધાકીય ક્ષેત્રે અને રાજનૈતિક ક્ષેત્રે પોતાની ઈમાનદારીને લીધે સર્વત્ર પોતાનું સામ્રાજય બનાવી લીધું છે.

ઈમાનદારીના લીધે તેઓ સખી દાતા બની ગયા છે. ધર્મ અને કર્મમાં વિશ્વાસ રાખી તેઓ આજે બધા ક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવે છે. દેશમાં આજે કુર્મિક્ષત્રિય (કણબી) પાટીદારોની વીસ કરોડની આબાદી થઈ ચૂકી છે. ગુજરાતમાં પટેલો, પાટીદારોની આબાદી બે કરોડની થઈ છે. આ મરદના દીકરા પાટીદારોએ જયારથી આ ધરતી પર પગ મૂક્યો છે ત્યારથી ખેતીવાડી કરી જમીનદાર અને જાગીરદાર બન્યા છે અને વિશ્વસ્તર પર ઉદ્યોગપતિ બની ગયા છે. આ પાટીદાર પ્રજાએ હમેશા દેવાનું શીખ્યું છે, લેવાનું નથી શીખ્યું. ઈમાનદારી અને દયાવાન હોવાથી હંમેશા ભૂખ્યા અને દુ:ખિયાને પાળ્યા છે. કોઈના આગળ હાથ લાંબો નથી કર્યો. પોતાનો પરિવાર ભલે ભૂખ્યો રહે પણ માંગણ ભૂખ્યો ન જાય. પાટીદારોનો હાથ હંમેશા ઉપર રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે. રાજા-રજવાડા અને અંગ્રેજોના જમાનામાં પણ પ્રજાને પોષ્યા છે અને પાળ્યા છે. પાછળને સેંકડો વરસનો અને હજારો વરસનો પાટીદારોનો ઇતિહાસ જોશો તો આપણે અઢારે વર્ણને પાળ્યા અને પોષ્યા છે. હાથ હંમેશા ઉપર જ રાખ્યો છે કોઈના આગળ હાથ લાંબો કર્યો નથી. પછી ભલે પોતે અને પોતાની ખેતીવાડી ઘર ગીરવી રહી જાય. (હવે જો કે આ પરિસ્થિતિ નથી રહી) પણ હાથ લાંબો નથી કરવો. આ પટેલ પાટીદારોની ખુમારી અને વિવેકતા છે.

- આજે આ પાટીદારો સાધન સંપન્ન છે. વિદેશોમાં વસે છે પરંતુ પોતાના દેશ તથા વતનને ભૂલ્યા નથી ગમે તેવું દુ:ખ આવી પડે આ પાટીદારો પોતાના વતનમાં વસતા ભાઈઓની મદદ કરવા આવી જાય છે. પછી ભલે ભુકંપ હોય, દુષ્કાળ હોય, અતિવૃષ્ટિ હોય અથવા વિકાસના કામે હોય, આવે છે.

કહેવતમાં કહ્યું છે કે,

કણબી પાછળ કરોડ, કણબી કોઈના પાછળ નહીં
હળથી બાંધી હોડ પેટ ભરે,
રાજા, મહારાજા અને પ્રજાના
કણબી વાંહે કરોડ, કણબી કોઈના વાંહે નહીં
પણ મુળે મોટી ખોટ કે ઉહુંનું ઓષડ નહીં.

જણાવેલ ઇતિહાસ ગુજરાતી પટેલોનો છે. આજે સાધન-સંપન્ન છે અને હાથ ઉપર જ રાખ્યો છે અને કંઈ પણ ન હતું ત્યારે પણ હાથ ઉપર જ હતો અને ભવિષ્યમાં હાથ ઉપર રહેવાનો છે.

શ્રી ઉમિયા માતાજીનું મંદિર વાંઢાય

વાંઢાય ગામ સંતોની જન્મભૂમિ છે. અહીં સંત શ્રી બિહારી સાહેબ, શ્રી ઈશ્વર રામજી, સંતશ્રી લાલરામજી, સંત શ્રી ઓધવ રામજી અને સંત શ્રી વાલારામજી જેવાએ સંતોએ તપશ્ચર્યા કરીહતી. શ્રી ઉમિયા માતાજીનું મંદિર સંત શ્રી ઓધવરામજીની પ્રેરણાથી સંવત ૨૦૦૩ના રામનવમીના દિવસે અહીં તે જ જગ્યાએ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપવામાં આવી હતી. આ મંદિરને આજે અડધી સદી ઉપર સમય પસાર થઈ ગયો છે.

શરુઆતમાં અહીં નાનકડું મંદિર અને થોડાક ઓરડા હતા. સંતોની ભૂમિ અને કડવા પાટીદારોની કુળદેવીની સ્થાપના થતા લોકોનો વિશ્વાસ વધ્યો અને વિકાસ થવા લાગ્યો અહીં પાણી માટે દેશલપરથી પાઈપ લાઈન દ્વારા પાણી લાવવામાં આવ્યું ઈ.સ. ૧૯૭૪માં શ્રી ઓધવરામજી મા'રાજ ભવનનું નિર્માણ થયું અને તેથી પહેલા ઈ.સ. ૧૯૭૧માં વીજળીકરણ થયું અને ગૌશાળા પણ બની ઈ.સ. ૧૯૭૮માં સંત વાલરામજીની પ્રેરણાથી ઉમા દેવી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્રનો પ્રારંભ થયો તે બાદ જરૂરત મુજબ જમીન સંપાદન કરી પાંચ ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું યાત્રાળુઓ માટે ભોજનની વ્યવસ્થા અને અદ્યતન સુવિધાયુક્ત આવાસની વ્યવસ્થા કરવામાં આવી.

આ જ અરસામાં મંદિરનો જીર્ણોદ્ધાર થયો અન્નક્ષેત્ર માટે વિશાળ ભોજન ખંડ, રસોઈ ઘર બન્યા. માતાજીના મંદિરના પ્રાંગણમાં તપસ્વી, બ્રહ્મનિષ્ઠ, સંત શ્રી ઈશ્વરરામ મા'રાજ ખંડ અને તેમાં તેમણે ઉપયોગમાં લીધેલ ઢોલીયો દર્શનાર્થે રાખવામાં આવેલ છે સાથે સાતે માતાજીના મંદિરના પ્રેરણાદાતા પ.પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મા'રાજનું દર્શન મંદિરમાં તેમની પ્રતિમા મૂકવામાં આવી. આ રીતે મા ઉમિયાનું વિશાળ પરિસર લીલાછમ વૃક્ષોથી શોભી ઉઠે છે.

અહી શ્રી ઉમિયા માતાજીના મંદિરની સામે નાના મોટા સભાખંડો આવાસ ભવનો પણ છે જેમાં ૯૫ અદ્યતન સુવિધાયુક્ત રૂમો છે.

વાંઢાય મંદિર ભુજ તાલુકામાં ભુજથી ૨૫ કીલોમીટર દૂર આવેલું છે. અને અમદાવાદથી ૪૦૦ કીલોમીટર દૂર આવેલ છે અહીં ઉમિયા માતાજીના મંદિર સિવાય, રામ મંદિર, ઈશ્વર આશ્રમ અને નજીકમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર (સંસ્કારધામ) આવેલું છે.

કચ્છ કડવા પાટદિારોનું આસ્થા કેન્દ્ર મા ઉમિયા માતાજી મંદિર વાંઢાય કડવા પાટીદારોની કુળદેવી પણ છે.

જેઓનું આસ્થા કેન્દ્ર ઊંઝામાં છે. તે સિવાય વાંઢાય કચ્છમાં પણ ઉમિયા માતાજીનું આસ્થાકેન્દ્ર છે દર વરસે પાટોત્સવ ઉજવાય છે તે સિવાય કચ્છમાં અન્ય માતાજીના મંદિરો મથલ, દયાપર તથા નેત્રા ગામે છે.

કચ્છ કડવા પાટીદારો ઉમિયા માતાજીને પોતાની કુળદેવી માને છે અને દર વરસે રામ નવમીના દિવસે શોભાયાત્રા નીકળે છે. હજારો ભાઈ-બહેનો વડીલો પગપાળા ચાલીને માના દર્શન કરેછે અને પોતાની માનતા, બાધા ઉતારે છે. આ પર્વ રામ નવમીના દિવસ દર વરસે ઉજવાય છે.

તદ ઉપરાંત કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ પાળે છે. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પોતાના ઈષ્ટદેવ ગણી પુજા- અર્ચના કરે છે.

દેશ હો અથવા પરદેશ હો કચ્છ કડવા પાટીદારોના દરેક ઘરમાં ઉમિયાજી તથા લક્ષ્મીનારાયણ ભગવાનું મંદિર જરૂર હશે. આ બંને દેવી દેવતા તથા ઉમિયા માના આશીર્વાદ પાટીદારો પર અમી જેમ વરસે છે. અને આજે પાટીદારો સુખી છે અને સૌ સાધન-સંપન્ન છે. વિક્રમ સંવત ૨૦૦૨ સુધી કચ્છ કડવા પાટીદારો ધર્મ બાબતે પીરપંથી હતા. નારણ રામજી લીંબાણી તથા રતનશી ખીમજી ખેતાણી બંને મોટી વીરાણી ગામના હતા તેઓ સનાતન ધર્મ બાબતે પ્રચાર કરતા હતા સાથે સંત ઓધવજી મા'રાજના આશીર્વાદ પણ હતા.

- ધર્મના ધીંગાણામાં પીર પંથીઓ સનાતન ધર્મ પાળવા તૈયાર ન હતા અને કાકાઓ અને પીરનો જ્ઞાતિ પર દબાવ હોવાથી તેઓ પંથ છોડવા તૈયાર નહોતા. તે સમયમાં નારણ બાપાની અવસ્થા પણ ઘણી થઈ અને તેઓને પાછળથી લકવા મારી જવાથી તેઓ પથારીવશ થયા અને તેમની જે ધર્મ બાબતની પ્રવૃત્તિઓ હતી તે

પાટીદારોની સભ્યતા, ઇમાનદારી અને અન્ન - દાન દાતા

ભારતભરમાં ખેતી કરતા પંજાબથી આવેલા કુર્મિઓ- પાટીદારો જે આખા ભારતમાં ફેલાયેલા છે. જ્યાં જેને પાણી, જમીન અને ખેતીવાડીની જમીન મળી ત્યાં તેઓ ગોઠવાઈ ગયાછે. આજે ભારતમાં કુર્મિઓ (કણબીઓ)ની વસ્તી ૨૦ કરોડ છે. અલગ અલગ જગ્યાએ વસતા અને અલગ બોલી બોલતા, વિવિધ નામો ધરાવતા આ પાટીદારો જ્યાં પણ વસ્યા તેઓએ પોતાનું વતન બનાવી દીધું અને જે હાલતમાં રહેતા તે પ્રમાણે પોતાને ઢાળી દીધા. ગુજરાતના પાટીદારોની વાત કરીએ તો તે પાટીદારોએ પોતાની સંસ્કૃતિ, સભ્યતા, નીતિ નિયમો રીતી રિવાજો અને આર્થિક રીતે સાધન સંપન્ન હોવા છતાં તેઓ પોતાની સભ્યતા જાળવી રાખી છે. તેઓ દેશમાં રહેતા હોય અથવા પરદેશમાં વસતા હોય જ્યાં પણ વસ્યા હોય તેઓ પોતાની યોગ્યતા તથા પરંપરાના લીધે આજે દુનિયાના દરેક ક્ષેત્રમાં પોતાનો ડંકો વગાડી રહ્યા છે.ધાર્મિક ક્ષેત્રે, શિક્ષાના ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, ધંધાકીય ક્ષેત્રે અને રાજનૈતિક ક્ષેત્રે પોતાની ઈમાનદારીને લીધે સર્વત્ર પોતાનું સામ્રાજ્ય બનાવી લીધું છે.

ઈમાનદારીના લીધે તેઓ સખી દાતા બની ગયા છે. ધર્મ અને કર્મમાં વિશ્વાસ રાખી તેઓ આજે બધા ક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવે છે. દેશમાં આજે કુર્મિક્ષત્રિય (કણબી) પાટીદારોની વીસ કરોડની આબાદી થઈ ચૂકી છે. ગુજરાતમાં પટેલો, પાટીદારોની આબાદી બે કરોડની થઈ છે. આ મરદના દીકરા પાટીદારોએ જ્યારથી આ ધરતી પર પગ મૂક્યો છે ત્યારથી ખેતીવાડી કરી જમીનદાર અને જાગીરદાર બન્યા છે અને વિશ્વસ્તર પર ઉદ્યોગપતિ બની ગયા છે. આ પાટીદાર પ્રજાએ હમેશા દેવાનું શીખ્યું છે, લેવાનું નથી શીખ્યું. ઈમાનદારી અને દયાવાન હોવાથી હંમેશા ભૂખ્યા અને દુઃખિયાને પાળ્યા છે. કોઈના આગળ હાથ લાંબો નથી કર્યો. પોતાનો પરિવાર ભલે ભૂખ્યો રહે પણ માંગણ ભૂખ્યો ન જાય. પાટીદારોનો હાથ હંમેશા ઉપર રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે. રાજા-રજવાડા અને અંગ્રેજોના જમાનામાં પણ પ્રજાને પોષ્યા છે અને પાળ્યા છે. પાછળનો સેંકડો વરસનો અને હજારો વરસનો પાટીદારોનો ઈતિહાસ જોશો તો આપણે અઢારે વર્ણને પાળ્યા અને પોષ્યા છે. હાથ હંમેશા ઉપર જ રાખ્યો છે કોઈના આગળ હાથ લાંબો કર્યો નથી. પછી ભલે પોતે અને પોતાની ખેતીવાડી ઘર ગીરવી રહી જાય. (હવે જો કે આ પરિસ્થિતિ નથી રહી) પણ હાથ લાંબો નથી કરવો. આ પટેલ પાટીદારોની ખુમારી અને વિવેકતા છે.

- આજે આ પાટીદારો સાધન સંપન્ન છે. વિદેશોમાં વસે છે પરંતુ પોતાના દેશ તથા વતનને ભૂલ્યા નથી ગમે તેવું દુઃખ આવી પડે આ પાટીદારો પોતાના વતનમાં વસતા ભાઈઓની મદદ કરવા આવી જાય છે. પછી ભલે ભુકંપ હોય, દુષ્કાળ હોય, અતિવૃષ્ટિ હોય અથવા વિકાસના કામો હોય, આવે છે.

કહેવતમાં કહ્યું છે કે,

કણબી પાછળ કરોડ, કણબી કોઈના પાછળ નહીં
હળથી બાંધી હોડ પેટ ભરે,
રાજા, મહારાજા અને પ્રજાના
કણબી વાંહે કરોડ, કણબી કોઈના વાંહે નહીં
પણ મુળે મોટી ખોટ કે ઉહુંનું ઓષડ નહીં.

જણાવેલ ઈતિહાસ ગુજરાતી પટેલોનો છે. આજે સાધન-સંપન્ન છે અને હાથ ઉપર જ રાખ્યો છે અને કંઈ પણ ન હતું ત્યારે પણ હાથ ઉપર જ હતો અને ભવિષ્યમાં હાથ ઉપર રહેવાનો છે.

શ્રી ઉમિયા માતાજીનું મંદિર વાંઢાય

વાંઢાય ગામ સંતોની જન્મભૂમિ છે. અહીં સંત શ્રી બિહારી સાહેબ, શ્રી ઇશ્વર રામજી, સંતશ્રી લાલરામજી, સંત શ્રી ઓધવ રામજી અને સંત શ્રી વાલારામજી જેવાએ સંતોએ તપશ્ચર્યા કરીહતી. શ્રી ઉમિયા માતાજીનું મંદિર સંત શ્રી ઓધવરામજીની પ્રેરણાથી સંવત ૨૦૦૩ના રામનવમીના દિવસે અહીં તે જ જગ્યાએ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપવામાં આવી હતી. આ મંદિરને આજે અડધી સદી ઉપર સમય પસાર થઈ ગયો છે.

શરુઆતમાં અહીં નાનકડું મંદિર અને થોડાક ઓરડા હતા. સંતોની ભૂમિ અને કડવા પાટીદારોની કુળદેવીની સ્થાપના થતા લોકોનો વિશ્વાસ વધ્યો અને વિકાસ થવા લાગ્યો અહીં પાણી માટે દેશલપરથી પાઇપ લાઇન દ્વારા પાણી લાવવામાં આવ્યું ઇ.સ. ૧૯૭૪માં શ્રી ઓધવરામજી મા'રાજ ભવનનું નિર્માણ થયું અને તેથી પહેલા ઇ.સ. ૧૯૭૧માં વીજળીકરણ થયું અને ગૌશાળા પણ બની ઇ.સ. ૧૯૭૮માં સંત વાલરામજીની પ્રેરણાથી ઉમા દેવી અને ઇશ્વરરામજી અન્નક્ષેત્રનો પ્રારંભ થયો તે બાદ જરૂરત મુજબ જમીન સંપાદન કરી પાંચ ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું યાત્રાળુઓ માટે ભોજનની વ્યવસ્થા અને અદ્યતન સુવિધાયુક્ત આવાસની વ્યવસ્થા કરવામાં આવી.

આ જ અરસામાં મંદિરનો જીર્ણોદ્ધાર થયો અન્નક્ષેત્ર માટે વિશાળ ભોજન ખંડ, રસોઈ ઘર બન્યા. માતાજીના મંદિરના પ્રાંગણમાં તપસ્વી, બ્રહ્મનિષ્ઠ, સંત શ્રી ઇશ્વરરામ મા'રાજ ખંડ અને તેમાં તેમણે ઉપયોગમાં લીધેલ ઢોલીયો દર્શનાર્થે રાખવામાં આવેલ છે સાથે સાતે માતાજીના મંદિરના પ્રેરણાદાતા પ.પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મા'રાજનું દર્શન મંદિરમાં તેમની પ્રતિમા મૂકવામાં આવી. આ રીતે મા ઉમિયાનું વિશાળ પરિસર લીલાછમ વૃક્ષોથી શોભી ઉઠે છે.

અહી શ્રી ઉમિયા માતાજીના મંદિરની સામે નાના મોટા સભાખંડો આવાસ ભવનો પણ છે જેમાં ૯૫ અદ્યતન સુવિધાયુક્ત રૂમો છે.

વાંઢાય મંદિર ભુજ તાલુકામાં ભુજથી ૨૫ કીલોમીટર દૂર આવેલું છે. અને અમદાવાદથી ૪૦૦ કીલોમીટર દૂર આવેલ છે અહીં ઉમિયા માતાજીના મંદિર સિવાય, રામ મંદિર, ઇશ્વર આશ્રમ અને નજીકમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર (સંસ્કારધામ) આવેલું છે.

કચ્છ કડવા પાટદિારોનું આસ્થા કેન્દ્ર મા ઉમિયા માતાજી મંદિર વાંઢાય કડવા પાટીદારોની કુળદેવી પણ છે.

જેઓનું આસ્થા કેન્દ્ર ઊંઝામાં છે. તે સિવાય વાંઢાય કચ્છમાં પણ ઉમિયા માતાજીનું આસ્થાકેન્દ્ર છે દર વરસે પાટોત્સવ ઉજવાય છે તે સિવાય કચ્છમાં અન્ય માતાજીના મંદિરો મથલ, દયાપર તથા નેત્રા ગામે છે.

કચ્છ કડવા પાટીદારો ઉમિયા માતાજીને પોતાની કુળદેવી માને છે અને દર વરસે રામ નવમીના દિવસે શોભાયાત્રા નીકળે છે. હજારો ભાઈ-બહેનો વડીલો પગપાળા ચાલીને માના દર્શન કરેછે અને પોતાની માનતા, બાધા ઉતારે છે. આ પર્વ રામ નવમીના દિવસ દર વરસે ઉજવાય છે.

તદ ઉપરાંત કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ પાળે છે. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પોતાના ઇષ્ટદેવ ગણી પુજા- અર્ચના કરે છે.

દેશ હો અથવા પરદેશ હો કચ્છ કડવા પાટીદારોના દરેક ઘરમાં ઉમિયાજી તથા લક્ષ્મીનારાયણ ભગવાનું મંદિર જરૂર હશે. આ બંને દેવી દેવતા તથા ઉમિયા માના આશીર્વાદ પાટીદારો પર અમી જેમ વરસે છે. અને આજે પાટીદારો સુખી છે અને સૌ સાધન-સંપન્ન છે. વિક્રમ સંવત ૨૦૦૨ સુધી કચ્છ કડવા પાટીદારો ધર્મ બાબતે પીરપંથી હતા. નારણ રામજી લીંબાણી તથા રતનશી ખીમજી ખેતાણી બંને મોટી વીરાણી ગામના હતા તેઓ સનાતન ધર્મ બાબતે પ્રચાર કરતા હતા સાથે સંત ઓધવજી મા'રાજના આશીર્વાદ પણ હતા.

- ધર્મના ધીંગાણામાં પીર પંથીઓ સનાતન ધર્મ પાળવા તૈયાર ન હતા અને કાકાઓ અને પીરનો જ્ઞાતિ પર દબાવ હોવાથી તેઓ પંથ છોડવા તૈયાર નહોતા. તે સમયમાં નારણ બાપાની અવસ્થા પણ ઘણી થઈ અને તેઓને પાછળથી લકવા મારી જવાથી તેઓ પથારીવશ થયા અને તેમની જે ધર્મ બાબતની પ્રવૃત્તિઓ હતી તે

કમજોર થવા આવે તેમ હતી ત્યારે સંત ઓધવરામજી મા'રાજ તથા રતનશી ખીમજી ખેતાણી તથા તેમના સાથીદારો ભળી કરી આ આંદોલનને ચાલુ રાખવા નિર્ણય કર્યો. પ્રથમ ઊંઝાથી ઉમિયા માતાજીની જલતી જ્યોત લાવી કરી વાંઢાય ગામે (તપોવન) લાવી કરી. માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી. માતાજીનું મંદિર પાટીદાર સમાજને સોંપ્યું અને કહ્યું કે આ તમારી કુળદેવી છે. તમારી 'મા' છે અને તમો બધા ભળી કરી પૂજા અર્ચના કરો સનાતન અને સતપંથના ધિંગાણાઓ મૂકો તમારો સાચો ધર્મ સનાતન છે ત્યારથી પાટીદાર સમાજ ઉમિયા માતાજીને કુળદેવી ગણી વાંઢાય આવે છે અને તેમની પૂજા- અર્ચના કરે છે. ધન્ય હો, ઓધવરામજી મા'રાજને કે જેને ભૂલી ગયેલ અને ધર્મથી વિખુટા થઈ ગયેલા કચ્છ કડવા પાટીદાર સમાજને 'મા' સાથે મિલાપ કરાવી કુળદેવીના દર્શન કરાવ્યા.

ઈ.સ. ૧૮૧૯ના ધરતી કંપની કચ્છ પર અસર

ઈ.સ. ૧૮૧૯ના ધરતીકંપની અસર કચ્છ પર થઈ આ પછી સિંધુ નદીના જે નાના ફાંટાઓ કચ્છમાંથી પ્રસાર થતાં હતા.તે ઈ.સ.૧૮૧૯ના ધરતીકંપના લીધે બંધથતાંગયા.

ધરતી કંપના લીધે નવા બનેલા નીચાણવાળા બાંધમાં દરિયાના પાણી ફરી વળ્યા અને આ ભાગ ખારો પાટ થયો. કેટલાક ભાગો ખડકાળ અને પથ્થરીયા બન્યા. કેટલાક ભાગો માં રણ ઉપસી આવ્યા. આમ કચ્છ ફળદ્રુપતા ઓછી થઈ ગઈ.

છપ્પનીયો દુકાળ (વિક્રમ સંવત ૧૯૫૬)

સંવત ૧૯૫૬ની સાલમાં કચ્છ પર મોટો દુષ્કાળ તૂટી પડ્યો. ઘાસચારાની તંગીથી હજારો પશુઓ મૃત્યુના મુખમાં હોમાઈ ગયા. અને અન્નના અભાવે સેંકડો, હજારો માણસો મરણને શરણ થયા. છપ્પનિયાં દુષ્કાળે આખા કચ્છ અને કાઠિયાવાડમાં કાળો કેર વર્તાવી દીધો.

આ વખતે મહારાવ શ્રી ખેંગારજીએ ખૂબ ઉદારતા વાપરીને તળાવના ખાણેત્રા, સડકોના બાંધકામો વિ. રાહતકામો ખોલીને કચ્છની ગરીબ પ્રજાને દુષ્કાળના દારૂણ પંજામાંથી ઉગારી લીધી. આ કાર્યમાં મહારાવ શ્રીએ એક કરોડ કોરી ખર્ચી હતી. આ પ્રસંગે મહારાવની ઉદારતાનું વર્ણન કરતું કચ્છના પ્રખ્યાત "કવિ રાધવજીનું"નું કાવ્ય નીચે આપવામાં આવ્યું છે.

છપ્પનિયો દુષ્કાળ (કાવ્ય)

છપ્પનિયો દુષ્કાળ દુનિયાના છેડા સુધી છાયો
ભૂમિ પર ભાદરવો, જરા વરસાદ બુંદ ન આવ્યો.
પૃથ્વી અખિલ કે લોક, અન્ન વિના અતિ અકુલાને.
જનની તાત, તન તજે, જનહી અન્ન કાજે વેચાય.
તુટંત તોય પાણી ઘાસ, બિન પશુ પ્રાણ હીન કોટીક ભયે.
તે સમયે જગડુ જાગ્યો, દ્વિતીય કચ્છ ભુપ રાધવ કહે.
વિકટ સમયની વાત જગત પર ભાઈની દિનશે.
તા દિનશે ભુજનાથ, મનન કિનો યહ મનસે.
સરન, સરત પરનાર, નરન હીત કાજ જગાયે.
જન પદસે જન જુથ જુથ, સુન સુન ભુજ આયે.
'રાઘવ' હજુર કીને હુકમ, ખુલ કરદીને ખજન.
દિવાન ધાન તુમ છુટ દો, માન પુત મેરી પ્રજન.

દુલેરાય કારાણી (કચ્છ કલાધર)

પંચોતરાનું પ્લેગ (વિક્રમ સંવત ૧૯૭૫)

સંવત ૧૯૭૫ની શાલે કચ્છ માંડવીમાં ગાઠવાળી મરકી (પ્લેગ)એ પ્રથમ દેખાવ દીધો. એથી આગલા વરસે મુંબઈમાં એ ભયંકર રોગના પગલા પડ્યા હતા. મુંબઈનો ચેપીરોગ ઉતરી આવ્યો. માંડવીનો આ રોગ એકદમ જોરથી ફાટી નીકળ્યો. ધીમે ધીમે આખા કચ્છમાં ફરી વળ્યો. માંડવીને તે એવો પાયમાલ બનાવી દીધો. અનેક ઘરો ઉજ્જડ થઈ ગયા. અનેક કુટુંબો સદાને માટે કચ્છ છોડી ગયા. આ ભયંકર દર્દનો કોઈને કદી અનુભવ ન હોવાથી સૌ એકદમ ભયભીત બની ગયા. બાપ દીકરાને છોડી ભાગી જતો, દીકરો બાપને છોડીને ભાગી જતો. આ રોગના આક્રમણથી બચવા માટે લોકો માંડવીનો ત્યાગ કરી ગામડામાં ભરાયા પછી તો ગામડા આ રોગથી ઘેરાઈ ગયા. લોકો નાસભાગ કરવા લાગ્યા કોઈ કોઈને આશરો આપે નહીં મરકીવાળા ગામમાંથી આવતા માણસો પણ મરકી જેવા મનાવા લાગ્યા. જ્યાં જ્યાં જઈ ઉભા રહેતા ત્યાંથી તેમને જાકારો મળવા લાગ્યો. કોઈ કોઈનું નહી એવો વખત આવી ગયો હતો. માંડવીમાં તો મરકીવાળા ઘરો ખોદી નંખાવતા

જે ઘરમાં આ દર્દના પગલા પડતા તે ઘરનો દિવસ ફરી જતો રાજના અમલદારો પણ મરકીના બહાને અનેક રીતે લોકોને રંજાડવા લાગ્યા. આમ આસમાની અને સુલતાની ઉભય આફતો વચ્ચે કચ્છની પ્રજા ભીંસાઈ રહી હતી. વીસેક વરસ સુધી આ રોગ કચ્છના શહેરો અને ગામડાઓને વળગી રહ્યો હતો પાછળ ધીમે ધીમે આ દુ:ખદાયક દર્દ સ્વયં અદૃશ્ય થઈ ગયું હતું.

"પાટીદારો અને પ્લેગ વિક્રમ સંવત ૧૯૭૫"

આ પ્લેગની બિમારી ભારતભરમાં વીસ વરસ સુધી ચાલી. આ બિમારી કચ્છમાં વસતાં આપણાં પાટીદારોના ઘર-ઘરમાં ફેલાઈ ગઈ. આપણાં તે વખતના વડીલોનું કહેવાનું છે કે આ બિમારીથી ઘર-ઘરમાં પુરૂષોના મરણ થવા લાગ્યા.

એક મડદાને સ્મશાને વિધિ પતાવી આવે ત્યારે ગામમાં બે બીજા મડદા તૈયાર હોય. ગામો-ગામ આ બિમારીથી હા-હા-હા..કર મચી ગયો. ગામડામાં વસતાં પરિવારો જરૂરી વસ્તુઓને લઈ ડુંગરોમાં, જંગલમાં, કેમ્પ બનાવી રહેવા લાગ્યા.

પાટીદારોમાં હજારોની સંખ્યામાં ભાઈઓ મરણ પામ્યા. હજારો વિધવા પોતાના બાળકોને રખડતાં મેલી ચાલી ગઈ. મા-બાપ વગરના બાળકો પણ મરવા લાગ્યા. તો કઈ બાળકોને 'જ્યોતિધામ'માં મૂકી આવતા. તો ઘણાં દયાવાન ભાઈઓ દત્તક લઈ જતા. પુરૂષોના મરણથી ઘણી વિધવા બહેનો રખડી પડી. કોઈ રાખવા તૈયાર ન હતા. આવા કુદરતના બિમારીના કાળચક્રમાં પાટીદાર સમાજ પાર વગરનો હેરાન-પરેશાન થઈ ગયો. ખાવા અન્ન ન મળે. પાણીની પણ અછત, ઘર-ઘરમાં રાડો રાડ થવા લાગી. નાના બાળકોને, ગાય-ભેંસ ન હોવાથી દુધ-છાસ, વગર બહુજ વિકટ પરિસ્થિતિ, પાટીદારોની થઈ. એક જ ઈશ્વર બચાવી શકતા હતા.

આ બિમારીના લીધે વરસો સુધી પરિવારો વાડી, ખેતર, સીમમાં તંબુ તાણીને રહ્યા હતા. આ છુત બિમારી હોવાથી, કોઈ-કોઈના સમાચાર પૂછવા ન જતા. કંઈ ફરી આ બિમારી ન આવી જાય; તેમ માણસો પોતાની ઘર વાડીની સંભાળ લેવા લાગ્યા. અને વરસો પછી આપસમાં આવવા જવાનો વહેવાર ચાલુ થયો.અને રોજીંદા જીવન થાળે પડ્યું. વડીલો કહેતા હતા કે આ બિમારી એ માણસોની સત્યાનાશ કાઢી નાખી. તે વખતે દવા-દારૂ અને ડોકટરો ન હતા. તેથી આ બિમારી લાંબી ચાલી.

પ્લેગ છપ્પનિયો અને છન્નુઓ દુષ્કાળ અને પાટીદારો

આમ તો કચ્છ ઈ.સ. ૧૮૧૯ના ઝારાના જંગ પહેલા ભારતના ઉત્તરાધ, પ્રદેશના જેવી કે રાવી, ચિનાબ, બિયાસ, સિંધુ ને સતલજ જેવી પાંચ નદીઓ વહેતી એવો વિશ્વના અન્ય દેશોમાં હરિયાળો દેશ હતો.

સિંધુ નદીની કોરીનામની એક શાખા કચ્છમાં વહેતી અને કચ્છને હરિયાળી બનાવતી. કચ્છડો બારે માસ કહેવાયો. પૂંજા શેઠની ઉશ્કેરણીથી ગુલામશાહ કલ્હારો કચ્છ પર ચડી આવ્યો. ને કોરી નદી પર બંધ બાંધી ગયો. સિંધુના પાણી આવતા બંધ થયા અને જફા પહોંચવા લાગી.

સંવત ૧૯૦૧થી કરીને ૨૦૦૦ સુધીના ગાળાની એક આખી સદીમાં કચ્છને ટાઢી-સૂકીમાંથી પસાર થવું પડ્યું હતું. જેમાં માંડવી- ભૂજની મરકી (પ્લેગ) અને ૪૦ વરસના અંતરે બે-કારમાં દુષ્કાળો સંવંત ૧૯૫૬, ૧૯૯૬, છપ્પનની ઘણી વાતો અમારા ગામના વડીલોની પાસેથી સાંભળેલી. છન્નુઆ સંદર્ભે થોડી વાતો છપ્પનિયાની પણ મને જરૂર લાગે છે. છપ્પનનો કચ્છ પરથી એવો કે પેટનો ખાડો પૂરવાને ગરીબ પ્રજાને પોતાના પેટના પુત્રો અને પુત્રીઓને વેચવી પડેલી ને, 'કચ્છના છન્નુ આ તોજી છટ્ટ વિને, મડે માલ વધે મારી,' નાના માણસોના ગાય, ભેંસો, ઘેટાં, બકરા તો કાળે ભરખી લીધા હતા. કહે છે કે પછી પેટના વિઆ પણ મંદિરના ઉંબરે મૂકી દેવાની વારી આવી હતી. અને આ બે દુષ્કાળોને વચ્ચે પ્લેગે ખુવાર કીધા હતા. કહે છે કે એક સગા કે પડોશીને બાળીને ઘરે આવે અને બીજા તૈયાર હોય જ" કોઈ ચલા ગયા કોઈ જાવે, કોઈ ગઠરી બાંધ સિંધાવે, કોઈ રહ ગયા અકેલા, સબ ચલા ચલી કા ખેલા." એક ખાટલે રડતો હોયને વહાલાને વિયોગ ભરખી જાય. છતાં કચ્છના રા'બાવાએ તે બધાને બચાવવા રાત-દિવસ એક કર્યા હતા. એ રાજાનો સાચો ઈતિહાસ છે કે આ કાળે અન્ન ભંડારોને માલ ખજાના જતા કરવા પડ્યા હતા. પ્રજાના જગડુઓની સાથે રાજાઓ પણ કસર રાખતા નહીં.

ભૂતકાળની વાતો એ આપણો ઈતિહાસ છે. એને યાદ રાખીએ. છન્નુઓ દુકાળ, છપ્પનિયામાં માવિત્રો બાળકોને મંદિરોને ઊંબરે રખડતાં મૂકી ગયા અને ગવાયુ પેટના જણ્યાને મૂકી દેવાં એ કેવું અઘરું છે, અરે ! ઘરના પાળેલા પશુઓ, ગાય, ભેંસને વેચીએ ત્યારે કેવું દુઃખ થાય છે. એ તો આપણા આખા સમાજ અનુભવની વાત છે.

નવાણોનાં નીર ખૂટ્યાં તો વાડીઓ વાળા ખેડૂતોને દુષ્કાળનો લાભ લઈને વધુ કમાવવાની વાત ભાવના ન હતી. એમને વાજબીભાવે જ્યાં પહોંચાય ત્યાં કચ્છનું પશુધન બચાવી લેવાનું ઉમદા ભાવના હતી.

આપણાં ખેડૂત પાટીદારોની હાલત ખરાબ હતી. તેથી વધુ હાલત ખરાબ મજૂર ભાઈઓની હતી. જાનવરો બધાં દુષ્કાળમાં મરી ગયા. ખાવા-પીવાનું રહ્યું નહીં. માણસો પેટનો ખાડો પૂરવા માટે, જંગલમાં, નદી, તળાવે, કંદમૂળ અથવા જે મળે તે લઈ પેટની બળતરા ઠારતાં. નાના બાળકો છાસ, દૂધ વગર મરી જતા. આવો કારમો દુષ્કાળ ક્યારે જોયો ન હતો. આ દુષ્કાળ આખા ગુજરાતમાં હતો. આવા ગમનના સાધનો ન હોવાથી પરદેશ થઈ ઘાસ ચારો, અનાજ આવી ન હોતા શકતા. આવા ભયંકર દુષ્કાળમાં હજારો માણસો ખાધા-પીધા વગર ખપી ગયા. આવો કારમો દુષ્કાળ જ્યાં સુધી બીજું ચોમાસુ ન આવે ત્યાં સુધી ઉપર આકાશ અને નીચે ધરતી આવી હાલત હતી. ત્યારના કચ્છની અને પાટીદારોની વરસાદ ન થવાથી ખેતીવાડી, સીમશેઢે, ઝાડ-ઝાખડ બધાં સુકાઈ ગયા હતા. ખેતર-વાડીમાં પશુઓ માટે ચારો પણ ન મળવાથી અને માણસો માટે અનાજ, પાણી ન મળવાથી કચ્છના વડીલોના કહેવા પ્રમાણે હજારો માણસો અને લાખો પ્રાણી-પશુઓ મરણને શરણ થઈ ગયા. જેના મા-બાપ મરી ગયા, તેમના છોકરા મરી ગયા. તેમના મા-બાપ પેટનો ખાડો પૂરવા માટે ગીરવી રહી ગયા. ભાઈ ખેતી વાડીમાં કામ કરે અને ઘરવાળા ઘરકામ કરે, ખેડૂત બે માણસનું ખાવાનું આપે અને છોકરાનું પણ ખાવાનું આ બે માણસના ભોજનમાંથી થાય. આવી પરિસ્થિતિમાં ઈશ્વરની દયા વગર કંઈ પણ ન થાય.

સંદર્ભ લેવા પટેલનો ઈતિહાસ.
લેખક : શ્રી ગોવિંદભાઈ. ખોંખાણી

ગુજરાતથી કચ્છમાં ગયેલા બાવન ગૌત્રી પાટીદારો

ગુજરાતથી કચ્છમાં ગયેલ બાવન ગૌત્રી **પાટીદારો** સન. ૧૪૫૦ થી ઈ.સ. ૧૫૦૦ સુધીમાં કડવા-**લેવા** પાટીદારો ગામ ગીરમથાથી પીરાણાં થઈ કચ્છના **પૂર્વ**-રણના રસ્તે અને વાગડમાં શિકરા ગામ વસાવ્યું. **આ** બાવન ગૌત્રી પાટીદારો સમૂહમાં રહેવા વાળી **જ્ઞાતિ** હોવાથી ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૦૦ સુધીમાં **એક પાછળ** એક આવતા રહ્યા અને શિકરા ગામની **આજુબાજુમાં** ગામો વસાવી રહેવા લાગ્યા.

પરંતુ અવારનવાર પડતા દુષ્કાળો તથા **સ્થાનિક** પ્રજાની કનડગત અને વાગડની ખારી જમીન **અને** પાણીની ખેંચ. સમૂહમાં આ ત્રણસો વરસના **ગાળામાં** બાવન ગૌત્રી પાટીદારોનો ભરાવો થવાથી **શિકરા** અને દુધઈ, વોંધ, આધોઈ, જામખડા વિગિરે **ગામોમાં** રહેવા લાગ્યા.

વાગડની જણાવેલ પરિસ્થિતિ પ્રમાણે **અનુકૂળ** ન હોવાથી જેથી કરી આ પાટીદારો શિકરા ગામ **અને** અન્ય ગામોમાંથી પશ્ચિમ કચ્છમાં ઉચાળા ભર્યા **અને** બાવન ગૌત્રી પાટીદારો ઈ.સ. ૧૬૪૬માં **શિકરાથી** માનકુવા જવાવાળા આ પ્રથમ પાટીદારો હતા. **અને** ત્યાંથી આ પાટીદારો પશ્ચિમ કચ્છમાં ગયા. અને **પ્રથમ** ૨૦ ગામો વસાવ્યા. એક પાછળ એક જવાથી **આવા** વીસ ગામોમાં પોતાની અટક પ્રમાણે પશ્ચિમ **કચ્છમાં** જ્યાં સારી જમીન અને પાણી મળ્યું. ત્યાં બીજા **ગામો** વસવતા ગયા.

ઈ.સ. ૧૮૦૦ સુધીમાં કચ્છમાં લગભગ **કડવા** પાટીદારોની વસ્તી એક લાખ જેવી થઈ. અને **૮૦** ગામો વસાવ્યા. વસ્તી વધવાથી જમીન અને **પાણીની** જરૂરત પડવા લાગી. જેથી કરીને બીજા ગામો **વસવા** લાગ્યા. પાટીદારો ત્યારે ખાસ કરીને નખત્રાણા **તાલુકો**, માંડવી તાલુકો અને ખેડોઈ વિભાગમાં વસવાટ **કરવા** લાગ્યા. અને ખેતી કરવા લાગ્યા.

નખત્રાણા તાલુકામાં ઘણા વરસો બાદ **અવાર**-નવાર દુષ્કાળો, સ્થાનિક પ્રજાની **પરેશાની અને** પાટીદારોનો ઘણો ભરાવો થવાથી અને **વરસાદ ન** થવાથી પાટીદારોને લખપત તાલુકામાં દસથી **બાર** ગામો વસાવ્યા. આ ગામો મથલ ગામથી **આથમણાં** પાંચાડાના લગભગ ૨૦ ગામોમાંથી ગયેલ **પાટીદારો** છે અને હાલ ત્યાં ખેતી કરે છે.

લખપત તાલુકામાં ગયેલ આ પાટીદારોને ૧૦૦ થી ૧૫૦ વરસ થયા છે. જેમાં મુખ્ય મોટા ગામો દયા ૫ર અને ઘડુલી છે. બાકીના નાના ગામો છે. જમીન તથા પાણીની તંગી અને અવાર-નવાર દુષ્કાળ પડવાથી, આ પાટીદારો ધંધાર્થે પરદેશમાં ફેલાયેલા છે. ઉપરાંત તે જ સમયમાં ગામ મથલથી ઉગમણાં પાંચાડાના તથા માંડવી વિભાગ અને ખેડોઈ વિભાગના પાટીદારો ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં મહારાજા વડોદરાએ આ પાટીદારોને ખેડવા જમીન આપી. ત્યાં વસાવ્યા. શરૂઆતમાં આ પાટીદારો પોતાની ખેતીવાડીઓમાં (કેમ્પ) કંપામાં રહેવા લાગ્યા. કંપા અપભ્રંશ થયેલો શબ્દ છે. (કેમ્પ)માંથી કંપા થયેલો છે. અને પાછળથી પાકા મકાનો બનાવ્યા અને પરિવારોને કચ્છમાંથી લાવી ફરી રહેવા લાગ્યા. તેમણે પણ આજે ૧૦૦ થી ૧૨૫ વરસ થયા છે. અને કચ્છના જે ગામોમાંથી પરિવારો કંપામાં ગયા છે. તેમનો કચ્છના પાટીદારો સાથે સંબંધ ચાલુ છે. અને અવાર-નવાર પ્રસંગે કચ્છમાં આવે-જાય છે.

કચ્છ પ્રદેશથી ગયેલ પાટીદારોના સાબરકાંઠામાં અને માઉન્ટ આબુની આજુબાજુમાં ખેતી કરતાં કંપાના પરિવારો તથા અન્ય ધંધા કરતા ભાઈઓ આ બધા કંપાઓની સંખ્યા ૪૫૦ છે.

કચ્છનો પ્રદેશ ઘણા વરસોથી ખેતીવાડીમાં પછાત હતો. એ સંજોગોમાં કચ્છના રાજાને ગુજરાતના કાબેલ ખેડૂતો અનાયાસે મળી જતાં. રાજાએ આ ખેડૂતોને આખા કચ્છમાં વસાવ્યા.

સમય જતાં અને જમીન મળી જતાં ગામડાની નવી વસાહતો ઉભી થતી ગઈ. અત્યારે કચ્છમાં કડવા પાટીદારોના ૧૪૫ ગામો છે. અને કચ્છના પાટીદારોની વસ્તી ચાર લાખની છે. કચ્છમાં વરસાદ ન થવાથી કચ્છના પાટીદારો પરદેશમાં ધંધાર્થે વસેલા છે અને ખાસ કરીન લાકડાનો ધંધો કરે છે. અને લાકડાના ધંધાની સાથે ભણેલી પેઢીએ નવા ઉદ્યોગો પ્રત્યે ધ્યાન દોર્યું છે. અને મોટી ફેકટરીઓ ઊભી કરી છે. અને વધુ અભ્યાર્થે વિદેશોમાં પણ જાય છે. આજે કચ્છ કડવા પાટીદાર સમાજ બધી રીતે સાધન-સંપન્ન છે. અને 'મા ઉમિયા અને લક્ષ્મી-નારાયણ ભગવાનનાં' ઘણાં આશીર્વાદ છે.

"પાટીદારો અને પ્રગતિ, ખેતી વેરણ કામ"

માનવી એક સામાજીક પ્રાણી છે. એક સમાન આચાર-વિચાર, ભાષા અને સંસ્કૃતિથી બંધાયેલા માનવ સમુદાય એટલે જ એક આદર્શ સમાજ. સમાજમાં પરસ્પર એક બીજાની ભાવનાને આદર આપી સહકારથી રહી જીવન પંથમાં આગળ વધતાં રહેવું એ જ સમાજનો મુખ્ય હેતુ. આવા ઉમદા હેતુના તાંતણાથી બંધાયેલો આપણો કચ્છ કડવા પાટીદાર સમાજ ભૂતકાળમાં અનેક વિધ ચડતી, પડતી, જાણી, અનુભવી પ્રગતિના પંથે અગ્રસર થતો રહેલ છે. એક આદર્શ સમાજની છાપ ઊભી કરી શકેલ છે. "મા" ઉમિયાના આશીર્વાદ તેમજ પરમકૃપાળુ પરમાત્મા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમકૃપાથી આપણો સમાજ "દિન દુગની રાત ચૌગની" કરી પ્રગતિના પંથે અગ્રેસર થતો રહેલ છે. ભૂતકાળમાં આપણે એક દ્રષ્ટિ કરશું તો આપણને સમજાશે કે આપણો સમાજ ક્યાં હતો અને 'મા' ઉમિયાની કૃપાથી ક્યાં છે. ખૂબ જ અલ્પ સમયમાં આપણા સમાજે સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે જે પ્રગતિ કરી છે તે અજાયબ છે. તેમાં જરાયે શંકાને સ્થાન નથી. ખરેખર શૂન્યમાંથી સર્જન કરી સમાજને પ્રગતિના પંથે લઈ ગયા. ખરેખર શૂન્યમાંથી સમાજને ઉન્નતિના શિખર પર પહોંચાડ્યા. આપણાં વડીલોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આજથી એકસો વરસ પહેલાં જરા દ્રષ્ટિપાત કરશું તો જણાશે કે આપણો સમાજ મુખ્ય ખેતી પ્રધાન સમાજ હતો. ખેતી એજ એક આજીવિકાનું સાધન હતું. કચ્છમાં વરસાદની અનિયમિતતાને કારણે સિમિત સાધનોથી, આપણા વડીલો પોતાનું જીવન માંડ માંડ ચલાવતા હતા. વારંવાર પડતા દુષ્કાળના કારણે આપણાં વડીલોને પોતાની આજીવિકા ચલાવવા માટે કચ્છની બહાર નીકળવાની ફરજ પડી. આપણે સૌ જાણીએ છીએ કે આજનું પાકિસ્તાન એ વખતે ભારતનું અભિન્ન અંગ હતું. પાકિસ્તાન કચ્છની ખૂબ જ નજદીક હોવાથી આપણા વડીલો, પ્રથમસિંધમાં ખેતી કરવા અર્થે પગપાળા જવા લાગ્યા. સિંધમાં ખેતીની કાળી મજૂરી કરી કરીને અન્યક્ષેત્રે પણ વડીલોએ ઝંપલાવ્યું હતું. આ કાળી મજૂરીના પારાકાષ્ટાએ એવું હાથ વેરણના કામ પ્રવૃત થયા.

શિક્ષણનો અભાવ અને આર્થિક પરિસ્થિતિ પણ અનુકૂળ ન હોતા તેઓ શોષણનો ભોગ બન્યા. તેથી આ હાથ વેરણનુ કામકરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. તે વખતે વડીલો ધીરે ધીરે આ હાથ વેરણમાં સારી એવી નિપૂણતા અને નામના મેળવી લીધી હતી. તે જમાનામાં આવા ગમનનાં સાધનો નહીંવત હતાં. છતાં પણ આપણા વડીલો ખૂબ જ કષ્ટ સહન કરીને ભારતના ખૂણે ખૂણે વસેલાં છે. ત્યાં આજીવિકા રળી કમાવવા પ્રયત્ન કરેલ છે.

અહીં એક વાત જે અતિ મહત્ત્વની છે જેનો સીધો સંબંધ માણસની વિકાસશીલતા સાથે જોડાયેલો છે. એ છે માનવીના મગજની સાંપ્રત સમાજ અને જગત આખામાં જુદી-જુદી જગ્યાએ ચાલતી માનવજીવન ઉપયોગી વિચાર ધારા. આપણા વડીલોના એ વખતના જીવન દરમ્યાન કાળી મજૂરી કરવાની ફરજના લીધે તેમજ અત્યંત ગરીબાઈ જીવનને તથા નિર્ધનતા અને નિરક્ષરતા આ બધા તત્ત્વો તેઓને પોતાના જીવનને સુધારા તરફ લઈ જવા માટે બાધારૂપ હતા. કદાચ તેમના આવા સંજોગોને લીધે તેઓ પોતે શુદ્ધ હિંદુ હોવા છતાં તે વખતની પરમાર્ધશક્તિઓનો ભોગ બન્યા. પરિણામસ્વરૂપ તેઓ પોતાના ધર્મનો સાચો પંથ મજબૂરીથી ભૂલી અને વિધર્મીઓની કપટી અને ખતરનાક ચાલનો અજાણતા શિકાર બન્યા. અત્યારે એક વસ્તુ સાબિત થઈ ચૂકી છે કે જે ધર્મના લોકો ધર્માંધ બની જાય છે. તેઓ પોતાના જીવનનો યોગ્ય વિકાસ ગુમાવી બેસે છે. અને સાંપ્રત સમાજની વિકાસશીલતાની સાથે તાલમેલ રાખી શકતા નથી. પ્રગતિ, વિકાસશીલતા વગેરે ગુમાવી બેસે છે.

હિંદુ ધર્મ એક એવો ધર્મ છે. જે સહિષ્ણુ વિશાળ તેમજ દરેક સારી અને પ્રગતિશીલ વિચારધારાનો સ્વીકૃતિ આપી અને અપનાવી લે છે. ટૂંકમાં આ ધર્મ રૂઢીવાદી, સંકુચિત અને કટ્ટરવાદી પણાંનો નથી. કદાચ આ જ કારણને લઈને આજે વિશ્વમાં લઘુમતીમાં હોવા છતાં ખૂબ જ આદરણીય બની શક્યો છે.

આ વિચારો આજથી જ લગભગ સો વરસ અગાઉ આવ્યા અને માર્ગ ભૂલેલા સમાજને સાચા માર્ગે વાળવા માટે કટીબદ્ધ થયા. કાળક્રમે નાની મોટી અનેક સમસ્યાનો સામનો કરીને આજના વિકસીત સ્તરે પહોંચવાડવા નિમિત બન્યા. (કેશરા પરમેશ્વરા) સ્વામીનારાયણ)

ગુજરાતના પાટીદારોની પંજાબથી કચ્છ સુધીની ''સફર''

આજથી પાંચ હજાર વરસના ઈતિહાસ કહે છે. પાટીદારો આર્યપ્રજા મધ્ય એશિયામાં આમુનદી પાસે પામીરના ઉચ્ચ પ્રદેશમાં વસતી હતી. અમુક કારણોને લઈને આ પ્રજા વિખેરાઈ એક ટોળી ઈરાન તરફ ગઈ. બીજુ ટોળી યુરોપ તરફ ગઈ અને ત્રીજી ટોળી અફઘાનિસ્તાનના ખૈબરઘાટના રસ્તે પંજાબમાં આવી. પંજાબ પર થતા અનેક આક્રમણોના લીધે ત્યાની કર્મિ પ્રજાને પંજાબ છોડવું પડ્યું.

- ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦ સુધીના સયમમાં જે કુર્મિઓએ પંજાબ છોડ્યું તેઓ રાજસ્થાન, સૌરાષ્ટ્ર, કચ્છ અને વડનગર સુધી આવી પહોચ્યા.

- આ કુર્મિઓ ઈ.સ. ૨૦૦ સુધીમાં ક્રમેક્રમે હાલના વડનગર, ઊંઝા, સિધ્ધપુર, પાટણવાડો, સૌરાષ્ટ્ર, કચ્છ અને આખા ઉત્તર ગુજરાતમાં ફેલાયા. આ કુર્મિઓનો મોટાભાગ કરડ પ્રદેશમાં આવેલા કડવા કુર્મિઓ(કણબી) હતા. લેવા કુર્મિઓ લેયા પ્રદેશમાંથી નીકળીને અજમેર, મારવાડ, જયપુર, ભિન્નમાલ અને હાલના પાટણવાડાના માર્ગે અડાલજ આવ્યા.

- ઉત્તર ગુજરાત અને અડાલજ પ્રદેશમાંથી લેવા અને કડવા કણબીઓ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ફેલાયા.

- આમ કચ્છમાં પ્રાચીન સમયમાં અનેક નદીઓ વહેતી હતી. કચ્છમાં વહેતી નદીઓમાં આ બંને રણના રસ્તે પ્રાચી, સરસ્વતી, લુણી અને બનાસ નદીઓ વહેતી હતી. આ નદીઓ કચ્છના તે સમયના ફળદ્રુપ પરદેશમાંથી વહેતી અને કચ્છના અખાતમાં પડતી હતી. સિંધુ અને કેટલીક નદીઓ કચ્છના ઉત્તરના પ્રદેશમાં સમુદ્ર ને મળતી હતી.

ઈસ. પૂર્વે ૩૦૦ના અરસામાં પંજાબમાંથી ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં પંજાબમાં થી કુર્મિક્ષત્રિયના ટોળા ગુજરાતમાં આવ્યા. ત્યારે જ કચ્છમાં કુર્મિ ક્ષત્રિયોઓના ટોળાએ પ્રવેશ કરેલો જણાય છે. આ ટોળા ગુજરાતમાં આવ્યા. તેથી પહેલા આ કુર્મિઓ સિંધ, રાજસ્થાન, રાધનપુરના માર્ગોથી કચ્છમાં દાખલ થયેલા જણાય છે. આ કુર્મિઓમાં લેવા અને કડવા એમ બંને પેટાજ્ઞાતિના પાટીદારો વસતા હતા (પરંતુ ઈ.સ. ૩૦૦ પૂર્વે કચ્છમાં કડવાની કોઈ વસાહતો ન હતી.) કચ્છમાં કડવા આંજણા, પાટીદારો કચ્છમાં રાજસ્થાન, ભિન્નમાલ, ઉત્તર ગુજરાત, ઊંઝા, સૌરાષ્ટ્રથી થઈ ઈ.સ. ૧૫૦૦ થી ૧૮૦૦ માં કચ્છમાં પ્રવેશ્યા છે.

સિંધ (પાકિસ્તાન)માં કચ્છના કડવા પાટીદારો

અગાઉ સિંધ જવા માટે ૧૯૬૫ સુધી મુંબઈ થી કરાચી વાયા માંડવી ફેરી સર્વિસ ચાલતી હતી. સામાન્ય માણસો મોટે ભાગે પાકિસ્તાન જવા માટે આ લોંચ નો ઉપયોગ કરતા કચ્છ અને સિંધ પાકિસ્તાનનો નાતો આઝાદી પહેલેથી રહ્યો છે. અગાઉ બંને દેશ એક જ હોવાને કારણે કચ્છના લોકો રણ રસ્તેથી સિંધમાં ઊંટ દ્વારા કે પગપાળા આસાની થી અવર જવર કરી શકતા હતા.

- આપણી જ્ઞાતિના વડીલો પણ ખુબ મોટી સંખ્યા માં કરાંચી અને સિંધના નગરોમાં રોજી રોટી માટે જઈ આવેલા છે. મોટી ઉંમરના કોઈપણ વડીલને પુછશો તો કરાંચી અને કરાંચીની ગલીઓ અને સિંધના ગામડા થી તેઓ સારી રીતે પરિચિત હશે.

- એક જમાનામાં કરાંચીમાં જ કચ્છના પાટીદારોની પાંચ હજાર જેટલી સંખ્યા હતી. સમાજ નો મોટો સમુદાય (વર્ગ) સ્ત્રી અને બાળકો સહિત ત્યાં રહેતા હતા. ઈતિહાસની નોંધપાત્ર એ છે કે જ્ઞાતિનું સુધારા માટેનું વિરાટ પરિષદ પણ કરાંચી માં ભરાયું હતું. પણ કરાચીમાં રહી આવેલા વડીલો ત્યાંના અનુભવોની વાતો કરતા આજ પણ થાકતા નથી. વિભાજને ભારત પાકીસ્તાન વચ્ ભલે એક સરહદ ઉભી કરી દીધી છે. પણ બંને દેશના લોકો અમન જ ચાહે છે. કચ્છ ના હજારો હરિજનો, કોલીઓ , સોઢા, આમેર રજપુતોના કુટુંબો સહિત કચ્છી હિંદુ મુસલમાન આજે પણ સિંધમાં રહે છે. સાવ નજીકના કહી શકાય તેવા સબંધીઓને મળવા બને દેશની પ્રજા આતુર રહે છે. પણ બંને દેશ વચ્ચે સરહદ પાર કરીને પાતોના સબંધીને મળવાનું સ્વપનું માત્ર સ્વપનું જ રહી ગયું છે.

- ભારતની પહેલેથી જ આવા લોકોનો આશાનું કિરણ દેખાયું છે. ૬૫ વરસની મોટી ઉમંરના લોકોને વાઘા બોર્ડર ઉપરથી પગપાળા જવા દેવાનું બંને દેશોએ ચાલુ પણ કરી દીધું છે. બાકીની દરખાસ્તોનો પણ ઝડપથી અમલ થાય તો લાખો લોકો દુઆ અને પ્રાર્થના બંને દેશના શાસકોને મળશે જ. સૌથી ફાયદો કચ્છના લોકો ને થવાનો છે. આજે પણ સિંધ પાકિસ્તાનમાં એક સર્વે મુજબ ચાલીસ લાખ હિન્દુ વસે છે. પણ બંને દેશોની તંગદીલીથી તેમના પરિવાર સગા, સંબંધીઓ, હીંદુસ્તાનમાં વસે છે પણ બંને દેશોના આપસમાં મેળન હોવાથી જલદી થી મળી શકતા નથી.

- સિંધ પ્રદેશ ફળદ્રુપ અને પાણીદાર હોવાથી ગરીબ-અમીર માણસોનો ગુજારો આરામ થી થતો આપણાં પાટીદાર ભાઈઓ લગભગ એકસો વરસથી સિંધમાં પ્રથમ ખેતી માટે ગયા. ત્યાં સિંધું નદીનું પાણી અને ફળદ્રુપ જમીન પર ખેતી કરવા લાગ્યા.

- એક પાછળ એક કડવા પાટીદારો સિંધ જવા લાગ્યા. ત્યારે સિંધ જવા માટે બે માર્ગો હતા. એક માર્ગ દરિયામાંથી લોચ દ્વારા કરાચી બંદરેથી સિંધમાં જવાતુ અને બીજો માર્ગ કચ્છના મોટા રણથી (હાજીપીર) ઊંટથી જતા આ રસ્તો કાદવ કીચડવાળો હોવાથી ઊંટથી જવાતુ એ ચાર જણ ઊંટ ભાડે રાખે અને વારાફરતી એક જણ ઊંટ પર બેસતા અને સામાન પણ ઊંટ રાખતા એ સવારના સિંધના બદીના ગામે પહોચંતા અને રેલથી ગંતવ્ય ઠેકાણે પહોંચતા. કરાચી પાટીદારોનું મુખ્ય મથક હતું અને કરાચીમાં આવતા ભાઈઓ પ્રથમ જ્યોતિષધામ આવતા. ઘણા ભાઈઓ ખેતીનો ધંધો કરતા અને ત્યાં પોતાના ઘરોપણ વસાવ્યા હતા. ઘણા ભાઈ ઓ પરિવાર સાથે રહેતા અને છુટક મજુરો પણ કરતા અને જેને રહેવા ઠેકાણું ન હોતા તેઓ રાતવાસો ''જ્યોતિષધામમાં'' કરતાં. તે વખતે સિંધમાં વસતા પરિવારો પોતાના બાળકોને ભણાવવા-નું પણ ચાલુ કર્યું હતું. ખેતી શિવાય બીજો ધંધો પણ કરવા લાગ્યા. જેમાં લાકડા વેરવાનો મુખ્ય ધંધો હતો. તદ્ઉપરાંત બાંધકામ કરવાનો, બસ સર્વિસ, ટ્રાન્સપોર્ટ વિગેરે., બીજા પણ પોતાના ધંધા કરતા. તે સિવાય ઘણા પાટીદારો ડોક્ટર, વકીલ, કારભારી, દિવાન, પોર્ટપર સરવિસ અને સરકારમાં અન્ય ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા હતા. આઝાદી પછી બધા પાટીદારો હેમ ખેમ પોતાના વતનમાં પાછા આવ્યા.

રોજી મેળવવા પાટીદારો કચ્છથી સિંધ ગયા

આજથી ૭૫ થી ૮૦ વરસ કે એથી પહેલા દ્રષ્ટિપાત કરશું તો જણાશે કે આપણો સમાજ મુખ્યત્વે ખેતીપ્રધાન સમાજ હતો. ખેતી એ જ એક આજીવિકાનું સાધન હતું. કચ્છમાં વરસાદની અનિયમિતતાને કારણે સિમિત સાધનોથી, આપણા વડીલો પોતાનું જીવન માંડ માંડ ચલાવતા હતા. વારંવાર પડતા દુષ્કાળના કારણે આપણાં વડીલોને પોતાની આજીવિકા ચલાવવા માટે કચ્છની બહાર નીકળવાની ફરજ પડી. આપણે સૌ જાણીએ છીએ કે આજનું પાકિસ્તાન એ વખતે ભારતનું અભિન્ન અંગ હતું. પાકિસ્તાન કચ્છની ખૂબ જ નજદીક હોવાથી આપણા વડીલો, પ્રથમસિંધમાં ખેતી કરવા અર્થે પગપાળા જવા લાગ્યા. સિંધમાં ખેતીની કાળી મજૂરી કરી કરીને અન્યક્ષેત્રે પણ વડીલોએ ઝંપલાવ્યું હતું. આ કાળી મજૂરીના પારાકાષ્ટાએ એવું હાથ વેરણના કામપ્રર્વત થયા. શિક્ષણનો અભાવ અને આર્થિક પરિસ્થિતિ પણ અનુકૂળ ન હોતા તેઓ શોષણનો ભોગ બન્યા. તેથી આ હાથ વેરણનુ કામકરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. તે વખતે વડીલો ધીરે ધીરે આ હાથ વેરણમાં સારી એવી નિપૂણતા અને નામના મેળવી લીધી હતી.

સમય જતાં પોતાનું જીવનસ્તર ઉન્નત બનાવવાના ઉદ્દેશથી ભારતના અન્ય શહેર આપણા વડીલો આકર્ષાયા. તે જમાનામાં આવા ગમનનાં સાધનો નહીંવત હતાં. છતાં પણ આપણા વડીલો ખૂબ જ કષ્ટ સહન કરીને ભારતના ખૂણે ખૂણે વસેલાં છે. ત્યાં આજીવિકા રળી કમાવવા પ્રયત્ન કરેલ છે. જૂના સમયમાં ખૂબ જ કષ્ટદાયક મુસાફરી કરવી પડતી હતી. ગામડાથી ભૂજ આવવા બળદગાડા સિવાય અન્ય કોઈ સાધનો ઉપલબ્ધ ન હતા.

(સ્વામીનારાયણ) પરચિય અને કાર્ય પુસ્તક

"ગુજરાતના કડવા પાટીદારોનો કચ્છમાં વસવાટ"

ગુજરાતના કડવા પાટીદારો ક્રમે ક્રમે કચ્છમાં વસવાટ સવંત ૧૬૮૦ થી ૧૬૮૨માં આવી પોતાની સગવડે કચ્છની ભૂમિમાં કચ્છના મહારાવશ્રીની મદદથી નાના ગામડા વસાવવા લાગ્યા. અને જમીનો ખેડીને ખેતી કરવા લાગ્યા.

ગુજરાતમાંથી કચ્છમાં એમ ધીરે-ધીરે કચ્છના વાગડ પરગણાંમાં તેઓ પ્રથમ આવ્યા અને પોતાની સગવડે ગામો વસાવવા લાગ્યા.

ગુજરાતમાંથી કચ્છમાં, કચ્છ રાજ્યના માનકારી ખેડૂતો તરીકે તેઓ રહેવા લાગ્યા. અને તેઓને રહેવા મફત જમીનો તેમજ ખેતી માટે જેટલી જમીનો ખેડી શકે તે જમીનો ખેતી માટે આપવા માંડી. ખેતી માટે કૂવો તેમજ વાડી પર પડેલા ડેલા વિગેરે માટેના સાધનો જેટલી જરૂરત હોય તેટલી સગવડો રાજ્ય તરફથી મળવા લાગી. તેથી ગુજરાતમાંના ઘણાં ભાઈઓને કચ્છમાં આવવાની ઈચ્છા થઈ. કચ્છમાં તે વખતે જ્યાં જયાં ગુજરાતમાંથી આવેલા પટેલો રહેતા હતા. તેવા ગામોમાં તેમને રાજ્ય તરફથી સ્થાનિક અમલદાર તરીકે, રાજ્યના દરબારી, પોલીસ પટેલ તથા રેવન્યુ પટેલ તરીકેનો માનકારી ઊંચો હોદ્દો પણ પટેલોને મળતો હોવાથી કચ્છમાં એ બધા આબાદ રીતે રહેવા લાગ્યા.

ગુજરાતના કડવા પાટીદારો તરીકે તેમજ ભાઈઓમાંથી જે-જે ભાઈઓ કચ્છમાં વસ્યા. તેઓ શ્રી કચ્છ કડવા પાટીદાર તરીકે તેમજ ખેતીનું ઉત્તમ કામ કરનારા, જેઓ કણ બી કરે તેઓ કણબી પણ કહેવાયા. પણ કણબી કોઈ નાત-જાતનું નામ નથી. પણ કણનું બી કરે એટલે કણબી. એ સૂત્રના આધારે. તે વખતે ગુજરાતમાંથી આવેલા શ્રી કડવા પાટીદાર ભાઈઓને કચ્છમાં કણબી તરીકેના નામની નોબતનો સૂર વગાડવા લાગ્યા. ગુજરાતમાંથી કચ્છમાં ખેતી કરવા માટે આવેલા ભાઈઓ ગુજરાતમાં વસતા અસલ કડવા પાટીદાર જ્ઞાતિમાંની જે અસલ બાવન શાખાઓ છે. આ પાટીદારો તેમાં રહેલા જ અસલ કડવા પાટીદારો છે. પણ બીજી કોઈ જ્ઞાતિના લોકો જેવી રીતે કોળી, ગુર્જર, જાટ, આદિવાસી એવી જ્ઞાતિ પટેલ નથી. પાટીદાર નથી. અને કણબી પણ નથી. એવા જુના પાટીદાર જ્ઞાતિના ઈતિહાસ ઉપરથી તેમજ કડવા પાટીદારોના જુના વહીવંચા અને ભાટના જુના ચોપડાના આધારે સત્યતા જણાઈ આવે છે કે ગુજરાતમાંથી આવેલા કડવા પાટીદારો અસલ કડવા પાટીદારો છે. કચ્છમાં આવ્યા બાદ વાહનોના અભાવે અને કચ્છ ગુજરાતથી ઘણું દૂર હોવાથી ગુજરાતમાંના કડવા પાટીદારો સાથે કેટલાંક લોકોએ સગપણ, લેણ-દેણનો સંબંધ ધીમે ધીમે જાળવી ન રખાયો. અને સંજોગોવશાત્ ઓછો થતો ગયો. પણ સંજોગો અને સમયનું જેમ જેમ પરિવર્તન થયું તેમ તેમ પાછા ગુજરાતમાંના કડવા પાટીદારોની

જ્ઞાતિ સાથે સગપણ-સાંતરાની લેવણ-દેવણના સંબંધો ચાલુ થવા લાગ્યા. અને હવે તો દૂર દેશ જેવું તો રહ્યું નથી અને તેમજ વાહનોનું તેમજ ધંધાના સાધનોની સગવડતાથી ગુજરાતની કડવા પાટીદાર સાથે સગપણ-સાંતરા, લેવણ-દેવણ રાબેતા મુજબ ચાલુ થઈ ગયા છે. (ઉપર જણાવેલ કચ્છના કડવા પાટીદારો અને ગુજરાતના પાટીદારોનો સંબંધ સાબરકાંઠામાં કંપામાં વસવાટ કરતાં કડવા પાટીદારો સાથે છે.)

ગુજરાતમાંથી જે કડવા પાટીદારો કચ્છમાં આવ્યા તેઓને ગુજરાત જેવી નંદન વન જેવી ભૂમિ છોડીને કચ્છની કરકસ, ડુંગરાળ અને રેતાળ તથા કાંકરાવાળી ભૂમિમાં આવ્યે, લગભગ ૩૫૦ થી ૪૦૦ વરસ થયાં છે. તે ગાળામાં ગુજરાતના કડવા પાટીદારો કચ્છના નાના મોટા લગભગ ૮૦ ગામો વસાવ્યા. અને આ બાદ રીતે વસવાટ કરેલો. તે દરમ્યાન કડવા પાટીદારો વસ્તી લગભગ ૧ લાખ જેવી સંખ્યામાં વસ્તી હતી. કચ્છમાં કડવા પાટીદારો પોતાની ખેતીમાં જેમ જેમ પગભર થતા ગયા તેમ તેમ ગુજરાતમાંથી લાવેલા પોતાના ધર્મ પોતાની ધાર્મિક ભાવનાથી ખૂબ મહત્ત્વ આપી પોતાની કચ્છ-કડવા પાટીદાર જ્ઞાતિમાં સત્તા જમાવતા ગયાં.

એક તો અભણ અને વળી પાછું રાજ્યનું દરેક રીતનું પીઠબળ હોવીથી તે વખત ના શ્રી કચ્છ કડવા પાટીદારોની જ્ઞાતિના આગેવાન ગેઢેરાઓને પોતાને સતપંથ (સત્યપંથ) કહેવડાવવાની તમન્ના જાગી. અને તે વખતના આગેવાન ગેઢેરા અને જે બોલે તે સાચુ અને પોતાની સત્તાનો દોર છૂટો મેલ્યો. કચ્છની તે વખતની કડવા પાટીદાર જ્ઞાતિ માટેનો કાયદો ગણાતો. પછી તે કાયદો તારણ હોય કે મારણ હોય તેની પરવાહ કરાતી નહી અને તેમાં કચ્છ રાજ્ય જરાપણ હસ્તક્ષેપ કરે નહી.

કચ્છમાંના તે વખત કડવા પાટીદાર જ્ઞાતિના ગેઢેરાઓની જુલ્મી સત્તાનો સૂર્ય મધ્યાહાને પ્રકાશવા લાગ્યો. જે કોઈ વ્યક્તિ પોતાના સમાજના તે વખતના ધર્મનું જરા પણ બોલે તો તેવી વ્યક્તિને ખૂબ પરેશાન કરી તેને નાત બહાર કરાતી અને તેને પાયમાલ કરવામાં જરા પણ પાછી પાની કરાતી નહી. હવે તેને જુલ્મી અને એક હથ્થુ સત્તાનો લગભગ ત્રણસોથી વધુ વરસ સુધી ઉપયોગ દિન-પ્રતિદિન વધવા લાગ્યો. પણ તે અરસામાં કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિમાં અજવાળાનો પ્રકાશ જણાવવા લાગ્યો.

લે. ગોપાલજી સોમાજી - કેશરા પરમેશ્વરા, સ્વામીનારાયણ.

પરદેશ જવા માટે આવાગમનના સાધનો

જૂના સમયમાં ખૂબ જ કષ્ટદાયક મુસાફરી કરવી પડતી હતી. ગામડાથી ભુજ આવવા બળદગાડા સિવાય કોઈ સાધનો ઉપલબ્ધ ન હતા. ભુજથી કંડલા કચ્છ સ્ટેટની નેરોગેજ રેલ્વે છુક છુક ગાડીમાં અને કંડલાથી નવલખી સમુદ્ર માર્ગે લોંચમાં બેસીને નવલખી પહોંચતા. નવલખીથી વિરમગામરેલ માર્ગે આવી વિરમગામથી રેલ દ્વારા મુંબઈ, નાગપુર, કલકત્તા, દિલ્હી, મદ્રાસ (ચૈનઈ) વિગેરે સ્થળોએ સતત ચારથી સાત દિવસ ખૂબ જ કષ્ટદાયક મુસાફરી કરવી પડતી હતી. પરંતુ જેના જીવનમાં આગળ વધવામાં સંકલ્પ હોય તેમના માટે આવી કષ્ટદાયક મુસાફરીઓ પણ વિઘ્નરૂપ બની શકે નહીં આમમુસીબતોનો સામનો કરી આપણા વડીલો કચ્છ બહાર પહોંચી શક્યા છે.

આઝાદી પહેલા આપણા વડીલો સીંધમાં ખેતીકામ, વેરણકામમાટે જતા તે વખતે સિંધમાં જવા માટે બેથી ત્રણ માર્ગો હતા. એક માર્ગ મોટા રણમાં હાજીપીરના રસ્તે ઊંટ પર બેસીને સાંજે રવાના થઈ સવારે પગપાળા સિંધમાં બદીના રેલવે સ્ટેશન પહોંચતા અને ત્યાંથી રેલ દ્વારા ગંતવ્ય ઠેકાણે પહોંચતા. બીજા માર્ગે વિરમગામથી મારવાડ (રાજસ્થાન) થઈ સિંધ ખોખરાપાડા રેલ્વે દ્વારા પહોંચતા અને ત્યાંથી પોતાના નિયત થયેલા ઠેકાણે પહોંચતા અને ત્રીજો માર્ગ માંડવી કચ્છથી સમુદ્ર માર્ગે સ્ટીમ્બર (લોંચ) દ્વારા કરાંચી બંદરે પહોંચતા અને ત્યાંથી અન્ય સાધનો દ્વારા નિયત ઠેકાણે પહોંચતા તે વખતે આવા કષ્ટો સહન કરી આપણી વડીલો ક્યાં ક્યાં કામઅને આજીવિકા માટે મુસાફરી કરતા ત્યારે સિંધ કરાંચીમાં પાંચ હજાર પાટીદારોનો વસવાટ હતો જ્યારે ખેતીવાડીવાળા અન્ય ધંધા કરતા પાટીદારો બે-થી ત્રણ જુદા આમ સિંધમાં આપણા પાટીદારોનો લગભગ આઠથી દસ હજારનો વસવાટ હતો.

સિંધના સંસ્મરણો

- સી. કે. પટેલ (તંત્રીશ્રી પાટીદાર સૌરભ)

કચ્છમાં આપણા સમાજની વસ્તીવાળા દરેક ગામમાં મારા, તમારા કે બાજુના ઘરમાંથી કોઈ'ક ને કોઈ તો સિંધ - હૈદરાબાદ કે કરાંચી જઈ આવેલા હશે ને હશે જ !

આઝાદી પહેલાના અરસામાં કચ્છના કારમા દુકાળોથી ત્રાસેલા આપણા ભાઈઓ રોજી રોટીની શોધમાં સિંધમાં મજૂરી કરવા જતા અને આ પ્રવાહ એટલો મોટો હતો કે જો ભારત - પાકિસ્તાનના ભાગલા ન થયા હોત તો અત્યારે નખત્રાણા કે ભુજમાં છે તે રીતે જ કરાંચીમાં કચ્છ કડવા પાટીદાર સમાજના છાત્રાલયો અને સમાજવાડીઓ હોત !

સમાજની અત્યારસુધીની પ્રગતિના પાયામાં સિંધ જઈ આવેલા આપણા વડિલોનો ફાળો પણ કંઈ નાનો - સૂનો નથી. આપણા વડિલોએ જે હાડમારી વેઠી છે અને જે યાતના ભોગવી છે તે ખરેખર અકલ્પ્ય છે.

સિંધમાં રહી આવેલા પૈકી ઘણા લોકો આજે આપણી વચ્ચે હયાત નથી. જે કોઈ રહ્યા છે તેઓ એ અરસાની સારી-નરસી પળોને નવરાશની પળોમાં મનોમન વાગોળી રહ્યા છે.

ભાગલા વખતના એ યાતના ભર્યા દિવસો અને કોમી હુલ્લડોની યાદ ક્યારેક તેમને ગ્લાનિમાં ડુબાડી દે છે. કરાંચી છોડવાનું દુઃખ જોકે આજે પણ દરેકને છે. પાટીદાર સૌરભે આવા કેટલાક વડિલોની યાદદાસ્તને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો છે...

★ ★ ★

કરાંચીમાં પણ આપણા સમાજનું સંગઠન સારું હતું અને કંઇ થતું તો સમાજ ભેગી થતી

સમાજના માજી પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટી વિથોણના પ્રેમજી પુંજા વાસાણી પણ ૨૧ વર્ષની ઉંમરે કરાંચી ગયા હતા અને ત્યાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રે ઝંપલાવ્યું હતું.

પ્રેમજીબાપાને ખરેખર તો તેમના સાસરાવાળાને કારણે કરાંચી જવું પડ્યું હતું. ધાવડાવાળા તેમના સસરા કાનજી ભીમજી પોકાર કરાંચી રહેતા અને તેમની દિકરીનું આણું લઈ કચ્છમાં આવેલા તે વળતાં જમાઈને પણ કરાંચી લઈ ગયેલા !

પ્રેમજીબાપાએ કરાંચીમાં બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર તરીકે જ કારકિર્દી શરૂ કરી હતી. ૧૯૪૨ના વિશ્વયુદ્ધ વખતે કરાંચીના એમ.ઇ.એસ.માં કામ કરેલું. હિન્દુસ્તાન કન્સ્ટ્રશન કું. માં પણ જોડાઈ પોર્ટના પણ ઘણા કામો કરેલાં.

કરાંચીના એ સુવર્ણ દિવસોને વાગોળતાં પ્રેમજીબાપા કહે છે કે કરાંચી એરોર્ટ, પેલેસ હોટલ અને મરચન્ટ નેવી કલબના મકાનોના બાંધકામમાં પણ અમે કામ કરેલું.

તે વખતે વહાણથી આવતાલોકો કયામારી (કરાંચી) બંદરે ઉતરીને ટ્રામ દ્વારા શહેરમાં જતા કરાંચીમાં તે વખતે પણ પાટીદારોમાં સંગઠન સારું હતું અને કંઇ પણ થતું તો સમાજ ભેગી થતી. તે વખતે કરાંચીમાં સમાજના પ્રમુખ તરીકે લુડવાવાળા કાનજી વીરજી વેલાણી હતા.

સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવ પણ સારી રીતે ઉજવાતો. નારાણ શીવજી (વિરાણી મોટી), પરબત દાના ઘોઘારી (સાંયરા), લાલજી પી. પોકરા (નખત્રાણા), કરશન રાજા પટેલ (વડવા) અને વેલજી રામજી (નખત્રાણા) એ બધા કરાંચીની જાણીતી વ્યક્તિઓ હતી.

ભાગલા વખતે એટલી મોટી નાસભાગ થઈ કે લોકોને કચ્છ આવવા માટે સ્ટીમરમાં ટિકિટની ખુબ મુશ્કેલી રહેતી હતી. આ વખતે ભાઈઓને મદદ કરવામાં પ્રેમજીબાપા, નારણજી પી. પોકાર અને શીવગણ પ્રેમજી દરશડીવાળાએ સારી મહેનત કરી હતી. પ્રેમજી બાપાની પોર્ટમાં ઓળખાણ હતી તે પણ આ સમયે કામમાં આવી હતી.

અધિકારીઓની ઓળખાણને કારણેતે વખતે કરાંચીથી ભુજની ચાર-પાંચવિમાન ટિકિટ પ્રેમજીબાપાને મળી હતી એટલે તેમણે આકાશમાંથી જ પાકિસ્તાની ધરતીને છેલ્લી સલામ ભરી હતી !

૧૫ વર્ષની ઉંમરે કરાંચી ૧૪ આનાની ભેગારી કરવા ગયેલો અને ઠેકા રાખતાં બિલ્ડર બનેલો

વાત છે આઝાદી પહેલાંની. ૧૯૩૦ પછી આઝાદીની ચળવળે ખુબ જ જોર પકડયું હતું. ઠેર ઠેર અંગ્રેજોની વિરૂધ્ધમાં સભા-સરઘસો યોજાતાં.

આવું જ એક સરઘસ મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીની આગેવાની હેઠળ સિંધના પાટનગર કરાંચીમાં નીકળ્યું હતું. આ સરઘસમાં આઝાદીના નારા લગવાતો એક ૨૦ વર્ષનો પાટીદાર યુવાન પણ ચાલ્યો જતો હતો.

ઓચિંતી ગોરા સરકારની પલટન આવી પહોંચી. ગાંધી અને શાસ્ત્રીની ધરપકડો થઈ અને સરઘસકારો પર ઘોડેસ્વાર અંગ્રેજોએ ચાબૂકોનો મારો ચલાવ્યો. આ સરઘસમાં ચાલતા પાટીદાર યુવાનને પણ સણસણતા ફટકા પડ્યા.

આજે ૮૨ વર્ષની ઉંમરે પહોંચી ગયેલ દરશડીના પુંજા અરજણ લીંબાણી આ વાત કરતાં કરતાં જાણે હમણાં જ ચાબૂકના ફટકા પડ્યા હોય તેમ પીઠ પર હાથ ફેરવી કરાંચીની એ ઘટનાને યાદ કરતાં ધન્યતા અનુભવે છે.

પોતાની જિંદગીના દિવસો યાદ કરતાં પુંજા બાપા કહે છે કે ૧૫ વર્ષની ઉંમરે તેઓ કરાંચી ૧૪ આનાની ભેગારી કરવા ગયેલા અને ભેગારી કરતાં કડિયા કામ શીખ્યા. કામમાં ફાવટ આવી ગઈ અને ૨૨ વર્ષની ઉંમરે લગ્ન કરીને કુટુંબ કરાંચી લઈ ગયા અને કામના ઠેકા રાખતાં બિલ્ડર બન્યા.

કરાંચીમાં રણછોડલેન, કોપરામીલ વિસ્તારમાં હજ્જારો પાટીદારો રહેતા હતા. અત્યારે આપણા સમાજમાં બાંધકામ ક્ષેત્રે દરેક સંસ્થાઓમાં સેવા આપતા ધનજીભાઈ લીંબાણી આ પુંજાબાપાના દિકરા છે અને તેમનો જન્મ કરાંચીમાં જ થયો છે.

ભારત - પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારની ગોઝારી ઘટનાનઓને યાદ કરતાં પુંજાબાપા કહે છે : 'ચાર મજલાની મોટી બિલ્ડીંગ બનાવતો હતો અને હુલ્લડો થયાં એટલે ઉપડે એટલી સામગ્રીનું પોટલું બાંધી બાકી બધું છોડીને લાયજાના તેજુ કાંયા ભણસાલીની આગબોટમાં પાંચ રૂપિયા ટિકિટ દઈ કોટેશ્વર આવ્યો.

૨૭ વર્ષ કરાંચીમાં ગાળ્યા પછી તે વખતે છેલ્લી સલામ ભરી આવેલા પુંજાબાપા દરશડીના પોતાના બંગલાની પડખે આવેલા લીમડાના છાંયે બેસીને અમને આ મુલાકાત આપી અને કરાંચીની વાતો કરતાં એટલા ખુશ દેખાતા હતા કે જાણે કાલે જ કરાંચીથી આવ્યા હોય અને અમને ત્યાંના સમાચાર ન આપતા હોય !

તે વખતે ફક્ત કરાંચીમાં જ ૩૫૦૦ જેટલા કચ્છી પાટીદારોની વસ્તી હતી

દેવીસરના ખેતસી દાના છાભૈયાની ઊંમર અત્યારે ૮૦ વર્ષની છે. તેમની યાકશક્તિ ઘણી સતેજ છે. સિંધના સંસ્મરણો અને તે વખતે ત્યાં રહેતા પાટીદારો વિશે તેઓ ઘણું બધું જાણે છે.

૧૦ વર્ષની ઉંમરે જ તેઓ કરાંચી ગયા હતા. ગાડા બળદથી માંડવી અને ત્યાંથી સ્ટીમર માંડવીથી કરાંચીનું ભાડું ૧૧ રૂ. હતું અને ૧૨ થી ૧૩ કલાક સમુસાફરીના લાગતા તેમના કાકા પણ ત્યાં જ રહેતા હતા.

જેઠા નથુ નાકરાણી અને તેમના ભાઈઓની કરાંચીમાં 'પટેલ એન્ડ કું' ના નામે બાંધકામ કંપની હતી. કડિયા કામ કરવા ગયેલા ખેતસીબાપાને શરૂઆતમાં કામ શીખવા માટે એક મહિનો પગાર નહોતો ત્યાર બાદ બે આના અને પછી ચાર આના મળતા.

સિંધમાં ૨૨ વર્ષ દરમ્યાન તેઓ ૧૮ વર્ષ કરાંચીમાં અને બબ્બે વર્ષ નગરઠઠા અને ગુજરાનવાલા (પંજાબ)માં કાઢ્યાં હતા. કરાચીમાં પાર્વતિપતિના મંદિરની બાજુમાં ગાડીખાતા લત્તામાં રહેતા તે વખતે ફક્ત કરાંચીમાં જ ૩૫૦૦ જેટલા કચ્છી પાટીદારોની વસ્તી હતી.

બ્રીટીશરોના વખતમાં કરાંચીમાં પાટીદારો રહેતા એ એરીયામાં લુડવાના શીવગણ કાનજી વેલાણીની કંટ્રોલની દુકાન હતી. કચ્છી અને કાઠીયાવાડના પાટીદારોની સંયુકત સમાજવાડી હતી. માતા ઉમિયાના નામે વૈશાખની પૂનમના સમાજનું મિલન થતું અને સમૂહભોજન પણ થતું.

ઉંટથી લુણા બંદરેથી રામકી બજાર (સિંધ) જતા. દેવીસરથી બદીના સુધી ઉંટમાં બે જણાના પાંચ રૂ. થતા. ચાર દિવસનો રસ્તો લાગતો ૮-૧૦ ઉંટ સાથે જ રહેતા.ઘણા લોકો આ જ રસ્તેથી પગપાળા પણ જતા.

અત્યારે ટપાલ ખાતું એટલું રેઢિયાળ થઇ ગયું છે કે કચ્છમાં પણ ટપાલ પહોંચતાં બે-ત્રણ દિવસ લાગી જાય છે. પણ તે વખતે કરાંચીથી ટપાલ મોકલતા એટલે ૪૮ કલાકમાં તે ટપાલ કચ્છમાં મળી જતી.

કરાંચીમાં ગરીબ માણસો વધારે જતા. બધાને મજૂરી મળી જતી એટલે કોઈ ગરીબ રાત્રે ભૂખ્યું ન સુતું. ૧૯૪૮માં ભાગલા પડ્યા ત્યારે બધા સ્ટીમરમાં ભાગ્યા જયારે હું અને ગામનો એક છોકરો સામજી કાનજી નાકરાણી પ્લેનમાં ભુજ આવ્યા અને ઘરે પહોંચ્યા પછી બધાના જીવ હેઠે બેઠા હતા તેવું તે વખતના ભાગલાનો માહોલ વર્ણવતાં ખેતસીબાપાએ જણાવ્યું હતું.

સિંધના મીરપુરમાં સોહનસીંગ પંજાબીની સો મીલ ભાડે રાખી અમે ચલાવતા !

અરલનાનીના ૭૦ વર્ષના અરજણ લાલજી લીબાણી ૧૬ વર્ષની ઉંમરે પ્રથમ વખત સિંધ- હૈદરાબાદમાં મજૂરી માટે ગયા હતા. તેમના બાપુજી પણ ત્યાં જ રહેતા હતા. બાપ-દિકરો બે જણા વેરણ મજૂર કરતા ત્યારે મહિને બે જણાના ૭ રૂ. મજૂરી મળતી !

સિંધની એ પુરાણી વાતોને વરસો પછી ઢંઢોળવાનું આવતાં જરા વિચારોમાં ખોવાઈ જઈને યાદ શક્તિ સતેજ કરીને પછી આ અરજણબાપા બોલે છે : ૨૦ વર્ષની ઉંમરે હૈદરાબાદથી હું મીરપૂર ગયો અને ત્યાં સોહનસીંગ પંજાબીની સો મીલ ભાડે રાખી હતી. મીરપુરમાં ૧૪ વર્ષ અમે રહ્યા.

મીરપુરમાં વિથોણ અને ધાવડાના પણ ઘણા ભાઈઓ હતા. રણ રસ્તે ગાડા અને પગપાળા દ્વારા ચાર-પાંચ વખત અરજણ બાપા સિંધમાં જઈ આવેલા છે તેમના પત્ની હીરબાઈ પણ ત્યાં ૪ વર્ષ રહી આવેલા છે.

આઝાદીની ચળવળ ચાલતી હતી તે દિવસોને યાદ કરતાં તેઓ કહે છે કે અમે નહેરૂચાચા અને જનાબ ઝીણાને સાંભળવા જતા. સિંધી મુસલમાનો જમીનદારો હતા તેમની પાસે આપણા ભાઈઓ ભાગીતી ખેતી કરતા.

૧૯૪૭માં ભાગલા વખતે હુલ્લડો ફાટી નીકળતાં રેલ્વે મારફત ભાગવું પડ્યું તે પ્રસંગને યાદ કરતાં તેઓ કહે છે કે ભાગતી વખતે હૈદરાબાદમાં રેલ્વેવાળાને બે-ત્રણ હજાર રૂ. જેટલી મોટી રકમ આપી છતાં ડબ્બો મળેલનહીં !

હુલ્લડોને કારણે પાકિસ્તાનથી આવતા પાટીદારોની જમવાની વ્યવસ્થા તે વખતે મહેસાણામાં કચ્છી પટેલોએ કરી હતી. ભારત- પાકિસ્તાનના ભાગલાને તેઓ આજે પણ પાટીદારો માટે દુર્ભાગ્યપૂર્ણ લેખે છે. જો આ ભાગલા થયા ન હોત આપણા સમાજની સમૃદ્ધિ આજે છે તેનાથી વિશેષ હોત અને સિંધમાં આપએ 'રાજ' કરતા હોત તેવું અરજણબાપા આત્મવિશ્વાસ સાથે કહે છે !

ભાગલા વખતે અમે પાછળ રહી ગયા અને જીવ બચાવવા જિન્હા ટોપી પહેરી ઉર્દૂ બોલતા થઈ ગયેલા !

આઝાદી વખતે હું સિંધ- હૈદરાબાદમાં હાજર હતો. કોમી હુલ્લડોને કારણે હિન્દુઓની ભજ પડતાં આપણા બધા ભાઈઓ પણ નાસી છૂટ્યા પણ અમે ત્રણ જણ, હું, કરશન ખીમજી અને ડાયા પચાણ પાછળ રહી ગયા અને સલવાઈ ગયા !

નાગલપરના ૭૪ વર્ષના સામજી કાનજી ધોળુ કટોકટીના એ દિવસોને યાદ કરતાં કહે છે કે પાછળ રહી ગયેલા અમે ત્રણ જણાએ જિન્હાટોપી પહેરી લીધી અને ઉર્દૂમાં જ બોલતા થઇ ગયા ! રામ... રામ છેક હિન્દુસ્તાનમાં આવી બોલવા મળ્યું !

૧૫ વર્ષની ઉંમરે જ પિતા કાનજી પરબત ધોળુ સાથે હાથ વેરણ કરવા ગયેલા સામાજી બાપાએ ત્રણ વર્ષ સુધી કરવત તાણી અને ત્યાર બાદ હૈદરાબાદની બાજુમાં ટેડા આદમ પાસે આવેલ ભાડર ગામમાં ખેતી અર્થે ગયા.

ભાડર ગામમાં તે વખતે ૬૦ ઘર હતા. મોટાભાગે નાગલપરના જ હતાં. જમીનદાર જામ મલુકની ખેતી ભાગબટાઈમાં રાખી હતી. જમીનદારો પ્રમાણમાં સારા હતા. આ જમીનદારો ખેતીસિવાય કંઇ જાણતા નહીં. તેમનો હિસાબ-કિતાબ પણ સિંધી વેપારીઓ જ રાખતા.

બે વર્ષ પછીસામજીબાપા પાછા હૈદરાબાદ આવ્યા અને કરશન ખીમજી સુરાણીની બસ સર્વિસ ચાલતીતેમાં કંડક્ટર તરીકે જોડાયા. હૈદરાબાદથી હાલાના રૂટમાં એ બસ ચાલતી.

તે વખતે કંડકટરના પગાર પેટે સામજીબાપાને મહિને ૭૦ રૂ. પગાર અને રોજનો ૧ રૂ. વાપરવા મળતો ! ભાગલા વખતના દિવસો યાદ કરતાં તેઓ કહે છે : અમારી સાથે પંજાબી મુસલમાનો પણ બસ સર્વિસમાં નોકરતી કરતા હતા. ભાગલા વખતે જુદા પડવાનું દુઃખ તેમને પણ હતું. હુલ્લડોમાં અમારા ઉપર કોઇ ખતરો ન આવે તે માટે પણ આ પંજાબી મુસલમાનોએ અમોને સાથ-સહકાર આપેલો. વિદાય વખતે યાદગીરી રૂપે અમે ફોટા પણ પડાવેલા !

ભાગલા વખતે ખરેખર તો કરાંચીમાં 'ભાગ્યા તે ભાયડા' જેવું વાતાવરણ હતું

લુડવાના વાલજી ખીમજી પોકારે પોતાની ૯૦ વર્ષની આવરદામાં ૪૨ વર્ષ કરાંચીમાં માત્ર બે રૂપિયે મજૂરી કરવામાં જ વિતાવ્યા છે !

કઈ સાલમાં કરાંચી ગયા તે તો બાપાને યાદ નથી પણ પોતે ૧૫ વર્ષના હતા ત્યારે લુડવા ગામના ખેતસી બાપા ગાંઠની ટીકીટ ખર્ચીને માંડવીથી આગબોટમાં બેસાડીને લઈ ગેયલા. કચ્છમાં મજૂરી ન મળતી એટલે પાછળથી કુટુંબને પણ કરાંચી લઈ ગયેલા.

કરાંચીમાં રણછોડલેનમાં તેઓ ભાડાના મકાનમાં રહેતા. લુડવાવાળા કાનજી વીરજી વેલાણી ત્યાં કોન્ટ્રાકટરનું કામ કરતા તેની પાસે તેઓ બે રૂપિય કડિયા કામનું રોજ ભરતા.

જૂનાં સંસ્મરણો યાદ રકતાં વાલજીબાપા કહે છે કે અમને કરાંચીમાં ખૂબ લહેર હતી. તે વખતે સ્ત્રીઓને કામે જવું પડતું નહીં. સામાજિક રીતે પણ સ્ત્રીઓ સલામત હતી. એકલી સ્ત્રી ગમે ત્યાં હરી ફરી શકતી હતી.

ભગાલા વખતે ના-છૂટકે કરાંચી છોડવું પડ્યું તેનું દુઃખ આજે પણ વાલજી બાપાને છે. હુલ્લોડની શરૂઆત થઇને અમે ભાગી છૂટ્યા. કોમી હુલ્લડમાં ખૂબ જ ખૂનખરાબી થઈ એવા સમાચાર કચ્છ આવ્યા પછી અમને પાછળથી આવનારાઓએ આપ્યા ત્યારે અમનો એમ થયું કે ખરેખર 'ભાગ્યા તે ભાયડા'નું જ કામ કર્યું હતું ! એ હુલ્ડોના સમાચારે કરાંચીની સુખની વાતો પણ ભૂલાવી દીધી હતી.

વાલજીબાપાનો હસંતો ચહેરો જોઈ તેનું કારણ પૂછતાં બાપાએ જણાવ્યુ કે આનંદ એ વાતો થાય છે કે અમારી પાસે કરાંચીનીવાતો સાંભળવા કોઈક આવ્યું તો ખરું !

ભાગલા વખતે ઘર વખરી સાથે ભેંસ અને બળદની જોડ પણ સિંધમાંથી લઇ આવેલા

૭૫ વર્ષના નખત્રાણાના જશોદાબેન લધારામ મેપાણી સિંધમાં ૩૦ વર્ષ રહી આવેલાં છે. તેઓ ૧૦ વર્ષનાં હતાં ત્યારે જ તેમના કોટડા (જ) વાળા માવતર સોમજી પોકાર સાથે હૈદરાબાદ ગયાં હતાં.

સિંધના ગામડાઓમાં તે વખતે આપણાં ભાઈઓ ભાગીદારીમાં ખેતી કરતા. નહેરોના પાણી પુષ્કળ હતા એટલે કપાસ અને ઘઉંનું મબલખ ઉત્પાન થતું. કપાસના છોડ એટલા મોટા થતા કે ખેતરે જવાવાળા લોકો કપાસના છોડમાં ધોડીયા બાંધતા તેવું આશ્ચર્ય સાથે જશોદાબેન કહે છે.

એ દિવસોને યાદ કરતાં તેઓ કહે છેકે અમે રહેતા હતા તે વિસ્તારમાં આપણા ભાઈઓના ૫૦ થી ૬૦ ઘર હતા. બધા કાચા ઝુંપડા બનાવી રહેતા હતા. ૩૦ વર્ષ દરમ્યાન તેઓ એક વખત આગબોટમાં અને એક વખત રેલ્વેમાં કચ્છ આવ્યા હતા.

ભાગલા વખતે આપણા ભાઈઓ રાતોરાત ભાગેલા. સામાન બધું ગાડામાં રાખેલું અને પગે ચાલતા આવવું પડેલુ. સો-સવાસો ગાડાની વણઝાર સાથે નીકળી હતી તેના ઉપરથી જ ભજ વખતે લોકો કેવી હાલતમાં ભાગી છૂટયા હશે તેનો અંદાજ આવે છે !

બધી ઘરવખરી તો લેવાય તેમ નહોતી. એટલે કિંમતી સામાન વિગેરે જ બધા લોકોએ ઉપાડયું હતું. વરસોની મજૂરી કરી એકઠું કરેલુ તે આમ છોડીને ભાગવું

પડશે તેવી કલ્પના પણ કોઇને નહોતી ! વેદનાની એ પળોને યાદ રતાં જશોદાબહેન કહે છે બીજું ઘણું બધું અમે ત્યાં મૂકી આવ્યા પણ એક ભેંસ અને બળદની જોડને ત્યાં મૂકી આવતાં અમારો જીવ ચાલ્યો નહીં અને ગાડાની વણજાર સાથે તેને પણ દેશમાં લઈ આવ્યા !

સિંધ - હૈદરાબાદમાં કચ્છી પાટીદારના માલિકીની બસો પણ ચલાતી હતી...

વિરાણી મોટીના ગંગદાસ વીરજી નાકરાણી સિંધ - હૈદરાબાદમાં ૧૮ વર્ષની ઉંમરે રોજી-રોટી માટે ગયેલા અને ત્યાં અંગીયાના સુરાણી કરસન ખીમજીની બસ ચાલતી તેમાં ૩ વર્ષ સુધી કંડકટર તરીકે કામ કરેલું.

અત્રે ૭૩ વર્ષની ઉંમરે વિરાણીમાં જ નિવૃત્ત જીવન ગાળતા ગંગદાસબાપા એ દિવસો યાદ કરતાં કહે છે કે કરસન સુરાણીની તે વખતે પણ જાહોજહાલી હતી. તેમની ૧૦-૧૨ બસો ચાલતી અને વર્કશોપ પણ પોતાનું જ બનાવ્યું હતું. હાલે અમદાવાદમાં એન. કે. ટ્રાવેલ્સ ચાલે છે તે આ જ સુરાણીભાઈઓ છે.

હૈદરાબાદ બાદ તેઓ થોડો સમય મુંબઈમાં હાથ વેરણનું કામ પણ કરવા ગયેલા. પમ છપ્પનુવાના દુકાળ બાદ તેઓ ફરી પાછા બદીના ગયા. તે વખતે બદીનાથી ગામડાઓમાં ડાયા પચાણ નાકરાણીની બસો ચાલતી તેમાં કંડકટરીમાં લાગી ગયેલા.

હૈદરાબાદ -સિંધના ગામડાઓમાં તે વખતે આપણા ભાઈઓ મજૂરી કરતા અને જમીન ભાગે વાવતા. કરાંચી જેવા શહેરમાં આપણા ઘણા ભાઈઓ ગાડી-બંગલા પણ ધરાવતા હતા પણ ભાગલા વખતે પહેરેલા કપડે જ બધાને ભાગવું પડ્યું.

તે વખતે પાકિસ્તાન- ભારત જેવું કંઈ લાગતું જ નહીં. ભાગલા સુધી મુસલમાનો પણ સારો વ્યવહાર રાખતા પણ ભાગલા વખતના હુલ્લડો બાદ મુસલમાનોની દાનત ફરી ગઈ અને સિંધમાં આવેલ હિન્દુઓની તમામ મિલ્કતો પડાવી લીધી અનેબધાને હાંકી કાઢેલા.

કરાંચીની કારીયા હાઈસ્કૂલમાં તે વખતે ૬ ગુજરાતી અને ૨ અંગ્રેજી ભણેલા

કચ્છથી કરાંચી જવાના તે વખતે મુખ્ય ત્રણ માર્ગ હતા. એક તો દરિયાઈ માર્ગ, બીજો હાજીપીરથી રણ માર્ગ અને ત્રીજો રાજસ્થાન - મારવાડ જંકશનથી લુણીગામ થઈ હૈદરાબાદ (સિંધ)નો રેલ્વે માર્ગ.

જીયાપરમાં ૬૬ વર્ષની ઉંમરે નિવૃત્તિ જીવન ગાળતા ભાણજી હીરજી લીંબાણી કરાંચીનીવાતો કરતાં કહે છે કે આપણા કચ્છી પાટીદારો દરિયાઈ અને રણ માર્ગ વધુ પસંદ કરતા. હાજીપીરથી ૨૪ માઈલનું અંતર ઊંટ પર બેસીને કાપતા અને સામે સિંધમાં રામકી બજાર પહોંચતા.

દરિયાઈ મુસાફરીની એક ઘટના હજુ પણ ભાણજીભાઈને બરાબર યાદ છે. એક વખત માંડવીથી સાદી સઢવાળી હોડીમાં ત્રણ રૂપિયા ટિકિટ ખર્ચીને કરાંચી જવા બેઠા બન્યું એવું કે અનુકૂળ પવન ન લાગતાં હોડી આગળ ધપવાનું નામ લે જ નહીં.

સામાન્ય રીતે આવા વહાણને રસ્તામાં ૨ થી ૩ દિવસ જ લાગે પણ અમારું વહાણ મધદરિયે જ અટકી ગયું. પીવાનું પાણી ખૂટી ગયું. વહાણમાં બેઠેલા ૫૦ જેટલા મુસાફરો ભયભીત બની ગયા. પણ ભગવાનની કૃપાથી વહાણ આઠમા દિવસે સલામત રીતે કરાંચી પહોંચી ગયું.

૧૯૩૦ની સાલમાં ભાણજીભાઈ માત્ર બે વર્ષની ઉંમરે પિતાજીની સાથે કરાંચી ગયેલા અને ત્યાં ઈને કારીયા હાઈસ્કૂલમાં ૬ ગુજરાતી અને ૨ અંગ્રેજી ભણ્યા.

કરાંચીમાં તેઓ પાનવાળી કંપાઉન્ડમાં રહેતા હતા. કરાંચી શહેરની વસ્તી તે વખતે ચાર લાખ જેટલી હતી. શહેરમાં તે વખતે બહુમતી હિન્દુઓની હતી.

કરાંચી છોડવું પડશે તેવી કલ્પના પણન હતી પણ ભાગલા પડતાંની સાથે જ ઘરબાર છોડીને નીકળી પડ્યા. આપણા કેટલાક ભાઈઓને મુસ્લિમ ડ્રેસ પહેરીને ભાગવું પડયું હતું.

હુલ્લડ વખતે કુટુંબને કચ્છમાં મૂકી અમે પાછા કરાંચી ગયા હતા

નખત્રાણાના ૬૯ વર્ષના પુંજારામ પેથા સાંખલા ૭ વર્ષની ઉંમરે કરાંચી ગયેલા. તેમના ત્રણ ભાઈઓ અનેપિતા પણ ત્યાં જ હતા અને બધા પત્થરનું ઘડાઈ કામ કરતા.

કરાંચીમાં તેઓ નસરવાનજી મીલની બાજુમાં રહેતા હતા. આ વિસ્તારમાં પાટીદારોના ઘણા કુટુંબ હતાં. પુંજાબાપાના પાંચ કાકા પણ ત્યાં જ રહેતા હતા. કચ્છ અને કરાંચીમાં તે વખતે કંઇ જુદાપણું લાગતું જ નહી.

વઢવાણવાળાગોવિંદ મોતીની કું.માં બધા નોકરી કરતા હતા. પુંજાભાઈના મોટાભાઈ ધનજીભાઈ કંપનીમાં મીસ્રી હતા. ભાગલા પછી પણ ધનજીભાઈ આ કંપનીમાં જ મુંબઈમાં જોડાયેલા રહ્યા હતા.

હિન્દુ-મુસ્લિમ હુલ્લડો વખતે કુટુંબના સભ્યોને કચ્છમાં મૂકી ત્રણ ભાઈઓ પાછા કરાંચી ગયા હતા. પુંજાભાઈ એ દિવસોને યાદ કરતાં કહેછે અમે કુટુંબ મુકવા કચ્છમાં આવેલા ત્યારે બધા હયાત હતા પણ હુલ્લડો અંગેના અહેવાલો જ્યારે બધાને મળ્યા ત્યારે દરેકને એમ થયું કે ના, કામ તો બરાબર જ કર્યું હતું !

કરાંચીમાં તે સમયે આપણા ભાઈઓ મજૂરી ઉપરાંત બિલ્ડર અને સો મીલ વાળા પણ હતા. નખત્રાણાના વેલજી ભગત પોસ્ટમાં સર્વિસ કરતા. સાંયરાના પરબત દાના ઘોઘારી કરાંચી મ્યુનીસીપાલીડીમાં નોકરી કરતા હતા. વિથોણના વાલજી સેંધા સેંઘાણી જમીન લે-વેચનો ધંધો કરતા હતા.

કરાંચી રહેતા આપણા ભાઈઓ લગભગ બધા ગાય-ભેંસો રાખતા. ભાગલા વખતે પણ લોકો આ પશુધનને સાથે લઈ આવેલા.

ઝનૂની મુસલમાનોએ તલવારના એક જ ઝાટકે વેલજીભાઈને ઉડાડી દીધા હતા

ભાગલા વખતે કરાંચીમાં કોમી રમખાણો મોટા પાયે ફાટી નીકળ્યા હતાં. સિંધ પ્રાંતમાંથી હિન્દુઓની ભજ પડી. સિંધમાં રહેતા હિન્દુઓને મુસલમાનોએ એમના જ ઘરમાંથી કાઢી મૂક્યા અને પોતે રહેવા લાગી ગયા. ચારે તરફ લૂંટફાટ અને મારધાડ થઇ ગઈ. લોકો જે હાથમાં આવ્યું તે લઇ કચ્છ ભણી રવાના થયા.

નખત્રાણાના વેલજીભાઈ તે વખતે કરાંચીમાં પોસ્ટ માસ્તર હતા. એક મુસ્લિમે વેલજીબાપાને તલવારના એક જ ઝાટકે પતાવી નાખ્યા. તેમની પત્નીના ઘરેણાં લૂંટી લીધાં અને કાન તોડી લીધા. આ દ્રશ્ય નજરેજોનારા દેશલપર (વાંઢાય)ના અરજણ મેઘજી માવાણી આજે ૭૦ વર્ષની ઉંમરે આ વાત કહેતાં ધ્રુજી ઊઠે છે.

અરજણબાપાનો જન્મ જ કરાંચીમાં થયો હતો. ત્યાં ૧૬ વર્ષ સુધી અભ્યાસ કર્યો અને પછીકડિયા કામ કરવા લાગ્યા. લગ્ન તો તેમના બાળપણમાં જ થઇ ગયેલાં. પણ પ્રથમ આણે પત્નીને કરાંચી લઇ ગયા હતા. કરાચીમાં પોતાનું ઘર પણ હતું.

'ભજ' પડી ત્યારે કચ્છ આવવા આગબોટ ન મળી એટલે બધા પાટીદારો એક સલામત જગ્યાએ ૧૫ દિવસ રોકાણા હતા. અને મિયાં ટોપી પહેરીને બજારમાં કામ પતાવતા !

કરાંચીનું સરનામું તમોને બરાબર યાદ છે ? એવો સવાલ કર્યો ત્યારે ઉત્સાહમાં આવી ગયેલા અરજણબાપા ફટફટ બોલી ગયા :

અરજણ મેઘજી માવાણી
ફૈઝ મહમદ બિલ્ડીંગ
પૂના માઇ મામૈયા ટાવરની સામે, બીજે માળે,
રણછોડ લેન, કરાંચી (સિંધ), પાકિસ્તાન !!

મારી નજરે... કચ્છ પ્રદેશ અને કચ્છના કડવા પાટીદારો !

- સીતારામભાઈ પટેલ (ઊંઝા)

મે માસમાં કચ્છમાં જવાનું થયું. કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા એક વિભૂતિની સ્મૃતિમાં નખત્રાણા તાલુકાના નેત્રા ગામે ભાગવત કથાનું આયોજન થયું હતું. આ વિભૂતિ તે શ્રી કેશરા તેજા હરજી સાંખલા. તેઓ કેશરા પરમેશ્વરા તરીકે પણ ખ્યાતિ પામ્યા હતા. આ કેશરા મુખીનો જન્મ વિ.સંવત ૧૮૨૪ (ઈ.સ. ૧૭૬૮)માં નેત્રા ગામે થયો હતો. તે માણસે આખી જિંદગી કચ્છ કડવા પાટીદાર સમાજની સેવામાં ખર્ચી નાખી હતી. ખાસ કરીને તેમને કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિને પિરાણા પંથકમાંથી મૂળ સનાતન વૈષ્ણવ ધર્મમાં લાવવાનું ભગીરથ કામ કર્યું હતું. તેમણે સમજાવટથી શાસ્ત્રીય રીતે શુદ્ધિકરણ કરાવી મૂળ ધર્મમાં લાવવાનું કામ અજોડ રીતે કર્યું હતું. આ માટે તેમને અને તેમના સાથીદારોને ખૂબ ખૂબ સહન કરવું પડ્યું હતું.

શરૂઆતમાં કચ્છમાં કડવા પાટીદારોએ લગભગ ૮૦ ગામોમાં વસવાટ કર્યો હતો. તે વખતે તેમની ૮૦ હજારની વસ્તી હતી. ગુજરાતમાંથીપિરાણા પંથમાં જોડાનાર પાટીદાર ભાઈઓને કચ્છમાં વસવાટ માટે કચ્છના મહારાવનો રાજ્યાશ્રમ મળ્યો હતો. તેમને જ્યાં ગામ વસાવવું હોય ત્યાં જમીન-જાગીર આપવામાં આવતી હતી. કારણ કે કડવા પાટીદારો પોતે શ્રમજીવી, મહેનત કરવામાં પ્રમાણિક અને ખડતલ હતા. કચ્છમાં આ લોકો સતપંથીઓ તરીકે ઓળખાતા હતા.

શ્રી કેશરા મુખીને આ પંથ યોગ્ય લાગ્યો નહીં. જેથી તેમણે પોતાના સમાજને આ પંથમાંથી મુક્ત કરવાના પ્રયત્નો શરૂ કર્યા. આ માટે તેમને શ્રી સ્વામીનારાયણ પંથે મહત્વની મદદ કરી. કચ્છમાં સ્વામીનારાયણ પંથની શરૂઆત પણ કેશરા મુખીએ કરી. આજ અરસામાં સવંત ૧૮૫૬માં જ શ્રી સહજાનંદ સ્વામીએ ગુજરાતને પોતાનું કર્મ અને ધર્મક્ષેત્ર બનાવ્યું હતું. શ્રી કેશરા મુખીએ સ્વામીનારાયણ ધર્મ અંગીકાર કર્યો. અને શ્રી સહજાનંદ સ્વામીના દર્શન પણ કર્યા હતા. તેમના હાથે જ કંઠી બાંધી હતી. તેમણે તેમના ગામ નેત્રામાં સ્વામીનારાયણ મંદિર પણ બંધાવ્યું હતું.

તેમને આ સ્થિતિ તૈયાર કરવામાં પોતાના જ સમાજના પિરાણા પંથીઓ સાથે ખૂબ સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમને અને તેમના સાથીદારોને હરદમ સંઘર્ષ, ઝઘડા અને સામાજિક બહિષ્કારનો ભોગ પણ બનવું પડ્યું હતું. તેમના સાથીઓને વધુ સહન કરવું પડ્યું હતું. છતાં ધર્મની નિષ્ઠા અને સત્યના આ આરાધકે વિરોધથી જરાય વિચલિત થયા વગર પોતાનું કામ ચાલુ રાખ્યું હતું.

કચ્છના મહારાવ સાથે મીઠા સંબંધોનું જતન કરી તેમણે તેમના કામમાં મહારાવની સંપૂર્ણ સહાય મેળવી. જેથી તેઓ પોતાના જાતિ બંધુઓને પિરાણા પંથમાંથી શુદ્ધિકરણ કરાવી અસલ સનાતન ધર્મ સ્વામીનારાયણમાં લાવવામાં સફળ થયા. તેમણે સંવત ૧૮૬૧માં સ્વામીનારાયણ ધર્મ અંગીકાર કર્યો અને ચુસ્ત સનાતની બન્યા. તે પછી કચ્છમાં સ્વામીનારાયણ સંપ્રદાય ખૂબ ફુલ્યો ફાલ્યો. મંદિરો પણ બન્યા. તે સમયને આજે ૨૦૩ વરસ થયા. તેની સ્મૃતિમાં નેત્રા ગામે કચ્છ કડવા પાટીદાર સમાજે દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી કરી અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કર્યું હતું.

આ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી ઉમિયા માતાજીના પ્રતિનિધિ તરીકે સીતારામભાઈ અને અમૃતભાઈ પટેલને નેત્રા જવાનું થયું. ત્યાં બે દિવસ રોકાવાનું થયું. કચ્છી પાટીદારોને નજદીકથી જોવાનો લ્હાવો મળ્યો.

આ પ્રસંગે અમે નેત્રા ગામ ભાઈ કવિ પટેલની સાથે રહ્યા. શ્રી કવિ પટેલ એક એવું વ્યક્તિત્વ છે કે જે કચ્છી પાટીદાર હોવા છતાં સમસ્ત પાટીદાર સમાજ માટે ખૂબ મોટું કામ કરી રહ્યા છે. તેઓ દિલ્હીમાં વસે છે. ત્યાં તેમનો ફરનીચરનો ધંધો છે. તેઓ નેત્રાની બાજુનું મોટા કાદીયા ગામના છે. નેત્રા તેમનું સાસરીયાનું ગામ છે. અમે તેમના સાળા શ્રી ધનજીભાઈના મહેમાન બન્યા હતા. કવિ પટેલ તો સાથે હતા જ.

કવિ પટેલ દિલ્હીમાં બેઠા બેઠા કુર્મિક્ષત્રિય પાટીદારો અને ગુજરાતના પાટીદારોની એકતામાં મહત્વનો ફાળો આપ્યો છે. તેમણે યુ.પી., મધ્યપ્રદેશ, રાજસ્થાન સાથે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના દીર્ઘદ્રષ્ટા કાર્યકરોનું મિલન કરાવી આખા સમાજને એકતા, ભાઈચારો સાથે સંગઠિત કરવામાં ખૂબ મહેનત કરી છે અને કરી રહ્યાં છે. આવા કવિ પટેલ અમને નેત્રાના મહોત્સવમાં આવકાર્યા અને ત્યાં અમારું સન્માન કર્યું. ત્યાંના શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને કારોબારી સભ્ય શ્રી જીવરાજ બાપાનો પણ સહયોગ પ્રાપ્ત થયો.

કચ્છમાં બે દિવસ દરમ્યાન અમને કચ્છી પાટીદારોની ઉમદા મહેમાનગતિ માણવા મળી સાથે સાથે કચ્છી

પાટીદારોની ખાસિયતોના પણ દર્શન થયાં.

કચ્છની ધરતી સામાન્ય રીતે સુકી છે. વરસાદ પણ ઓછો પડે છે. આવા સંજોગોમાં કચ્છી પાટીદારો લાકડાનો ધંધો આખા ભારતમાં કરે છે. તેઓ વહેરણીયાથી લઈ પોતાના લાકડાની લાટી કે સો મીલના માલીક બન્યા છે. તેઓ ખૂબ જ પરિશ્રમી છે.

તેઓ જ્યાં ધંધો કરે છે તે ગામથી થોડે દૂર મુખ્ય રસ્તા પર પોતાની જમીન ખરીદીને ધંધો કરે છે.

તેઓ કચ્છ છોડી ભારતભરમાં વસે છે. પણ પોતાના વતનને ભુલતા નથી. વરસમાં બે વાર કચ્છના પોતાના વતનમાં અવશ્ય આવે છે. ઉનાળામાં અને જન્માષ્ટમી સમયે ખાસ કરીને વતન આવે છે. પોતાના વતનના ગામના વિકાસમાં પુરા તન, મન અને ધનથી ખાસ રસ લે છે અને ફાળો આપે છે.

પોતાના વતનના વિકાસમાં પરદેશ રહેતા હોવા છતાં ગામ માટે આયોજન ગોઠવતા હોયછે.

કચ્છી પાટીદારોનું નાનકડું ગામ હોય તો પણ ત્યાં શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનનું અને કુળદેવી મા ઉમિયાનું મંદિર અવશ્ય હોય છે. જે મોટા પ્રસંગોએ વાડી તરીકે પણ ઉપયોગી બને છે.

સમયના પરિવર્તન સાથે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરે ઉતારા અને ભોજનની પણ વ્યવસ્થા હોય છે. જેથી બહાર રહેનાર વતનમાં પધારેલ ભાઈને થોડા દિવસ રહેવું હોય તો તેને રહેવા જમવાની પુરી વ્યવસ્થા રહે.

આખા ગામનો કોઈ પણ ઉત્સવ હોય, ત્યારે બહાર વસનારા તમામ લોકો પોતાના વતન દોડી આવી ઉત્સાહ અને ઉમંગથી તેમાં ભાગ લે છે.

કચ્છના ગામડામાં તમામ સગડવવાળા મકાનો હોય છે. આધુનિકતાની અસર કે ધરતીકંપ બાદ (ભૂકંપ) સર્વ ગામોમાં આધુનિક બાંધકામો નજરે પડે છે. પછી ભલે તે મકાન બંધનું બંધ જ રહેતું હોય.

સામાન્ય રીતે પાટીદાર સમાજનો ખેતી સાથે વિશેષ નાતો હોવાથી વસવાટ સારી, જમીન અને પાણીની સગવડ હોય ત્યાં હોય છે. નખત્રાણા તાલુકો પણ આ રીતે સારી જમીન અને પાણીની સગવડવાળો છે.

સામાન્ય રીતે પાટીદાર સમાજનો ખેતી સાથે વિશેષ નાતો હોવાથી વસવાટ સારી, જમીન અને પાણીની સગવડ હોય ત્યાં હોય છે. નખત્રાણા તાલુકો પણ આ રીતે સારી જમીન અને પાણીન સગવડવાળો છે.

કચ્છી સમાજ ધાર્મિકવૃત્તિવાળો વિશેષ છે. ધર્મના કામમાં ઘસાઈ છુટે છે. કુળદેવી માં ઉમિયામાં ખૂબ શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસ ધરાવે છે. કચ્છમાં કેળવણી સંકુલો કે વિદ્યાધામો ઓછા જોવા મળ્યા. પણ અત્યારે શિક્ષણક્ષેત્રે અને હોસ્પીટલો નિર્માણ કરવામાં પાટીદારો જાગૃત થયા છે અને સંકુલો બને છે.

કચ્છી બહેનો આધુનિક હોવા છતાં ઉછાંછળા પણા વગરની છે. ફેશનની દુનિયાની અસર વગરની જેવી લાગે. મર્યાદાશીલની મૂર્તિઓ જેવી લાગે, શહેરની ભભકા વગરની છતાં ગ્રામ્ય જીવન સાથે ભળી જતી લાગે.

મહેમાનગતિની કાળજી લેવામાં બહેનો ખૂબ ચોક્કસ છતાં સહેજ અને સ્વભાવિક હતી.

આ રીતે કચ્છની ઉત્તમ મહેમાનગતિ માણી શ્રી કેશરા મુખીની સ્મૃતિમાં શ્રી સ્વામીનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં શ્રી ઉમિયા માતાજીના પ્રતિનિધિ તરીકે કચ્છી પાટીદારોએ સન્માન કુર્યં. શ્રી કવિ પટેલ જેવા સાથી પોતાના ગામ તેમના ઘેર લઈ ગયા વગર કેમ રહે ? જેથી તેમના અતિ આગ્રહથી અને તેમના નજદીકના ગામ મોટા કાદીયા પણ ગયા. ત્યાંથી પરત થતાં વાંઢાયમાં ઉમિયાના ધામે દર્શન ગયા. ત્યાં અમને જમ્યા સિવાય ના જવાય તેવો ખૂબ આગ્રહ કરી પ્રેમથી જમાડવામાં આવ્યા. ધરતીકંપમાં થોડું અસરગ્રસ્ત થયું હોવાથી ત્યાં નવનિર્માણ થતા મંદિરનું દર્શન કર્યું.

મૂળ દેશલપરના મુંબઈ વસતા શ્રી કાંતિભાઈ એચ. પટેલ અમોને ત્યાં ભેટી ગયા તેમણે અમારી સાથે રહીને મંદિર નિર્માણની માહિતી આપી. સાથે સાથે ત્યાં બાજુમાં ૩૦ એકર જમીનમાં તૈયાર થતા વિદ્યા સંકુલની મુલાકાત પણ લીધી અને શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અને મા ઉમિયાનું મંદિર નિર્માણ થતાં જોયું. આ કચ્છી પાટીદારોની ખાસિયત જોઈ આ સંકુલના કર્તાહર્તા અને ગમે ત્યાં અને ગમે તે કોમના નવનિર્માણ કામ માટે સેવા આપનાર ખૂબ જ અનુભવી એવા શ્રી ધનજીભાઈ પુંજા લીંબાણીની મલાકાત લીધી. તેમણે આખા વિદ્યા સંકુલનો ખ્યાલ આપ્યો. તે બાદ વાંઢાયમાં મંદિર કમિટિના ઉપપ્રમુખ શ્રી બાબુલાલ હીરજીભાઈ ચૌહાણ પણ આવી પહોંચ્યા. અમે બધાએ સાથે ભોજન લીધું.

આમ કચ્છી ભાઈઓનો પ્રેમ અને આવકારનો લાભ લઈ અમે ઊંઝા પરત થયા.

કચ્છ કડવા પાટીદાર સમાજ જાગૃતિની હાકલ-૧

કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૯૨૪માં ઘાટકોપર (મુંબઈ) ખાતે ભરાયેલ પરિષદનો વિસ્તૃત અહેવાલ

ડૉ. મંગુભાઈ પટેલ,
સિન્ડિકેટ સભ્ય, રીડર, ઈતિહાસ વિભાગ, ગુ.યુનિ.

(કરાંચીથી પ્રકટ થતું માસિક 'પાટીદાર ઉદય'માંથી

કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૯૨૪માં ઘાટકોપર ખાતે ભરાયેલ પરિષદે કરેલા ઠરાવો ઉમિયાદર્શન માટે જાણીતા ઈતિહાસવિધ ડૉ. મંગુભાઈ પટેલે ઉપલબ્ધ કરી આપીને આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં કચ્છ પાટીદાર સમાજને જાગૃત કરવા માટે સમાજના અગ્રણીઓએ કેટલી જહેમત ઉઠાવી હશે તેનો ખ્યાલ આપણાં સૌ વાચક મિત્રોને આવે તે માટે અત્રે અમે ડૉ. મંગુભાઈનો ઋણ સ્વીકાર કરીને પ્રસ્તુત લેખ ક્રમશઃ પ્રગટ કરતાં રહીશું. – તંત્રી)

વીર હાકલ સાંભળો – અધર્મથી બચો અને સત્ય માર્ગે પ્રયાણ કરો

આપણી પરિષદ મુંબઈમાં ઘાટકોપર મુકામે એપ્રિલ મહીનામાં ભેગી મળી હતી, જેમાં થયેલું કામકાજ નિર્વિઘ્ને પસાર થયું છે અને હવે આપણે બીજી જ્ઞાતિઓને પેઠે જાગૃત થવાની જરૂર જોતાં એટલું કહી શકાય કે આવી આવી પરિષદોમાં સર્વાનુમતે જે જે ઠરાવો થાય છે, ધારધોરણો ઘડાય છે તેને પાળવાને આપણે હૃદયપૂર્વક તૈયાર રહેવું જોઈએ.

આ પરિષદનો હેવાલ અમે ટૂંકમાં નીચે રજૂ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે હવે આપણે વધુ વખત ઊંઘમાં નહિ રહેતાં કર્મ અને ધર્મને ઓળખી લેશું અને સનાતન વૈદિક ધર્મની શુદ્ધિ પવિત્રતા સાથે તેમાં રહેલી ઈશ્વરની કરૂણા અને કુદરતની ગતિને ઓળખી લઈશું.

ઘાટકોપર ખાતેના ખુલ્લા મેદાનમાં આપણી આ પરિષદની બેઠકની શરૂઆત થઈ હતી. ગામે ગામથી આવેલા આપણા ભાઈઓ માટે ઊતારાની અને બીજી દર-રોજની જરૂરી સગવડોનો પૂર્ણ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. બધા ભાઈઓનો હર્ષ માયો સમાતો નહોતો અને તેઓ બધા જાણે આજે ઇશ્વરનો મહિમા નીરખવા અથવા તો ઈંદ્ર મહારાજને ભેટવા આવ્યા હોય એવો દેખાવ નજરે પડતો હતો. આનંદમાંને આનંદમાં બધા દિવસો વ્યતિત થઈ ગયા અને ભેગા થનાર ભાઈઓએ અને સ્વાગત મંડળના સરનશીને જુદાંજુદાં વ્શાખ્યાનોની હારમાળા કે પુષ્પહારો આપણી સામે સુગંધ દેતા મુકી ગયા છે. આપણી ફરજ છે કે આ ધારા ધોરણારૂપી મધુર અને સુવાસિત પુષ્પો ચૂંટી ચૂંટીને સુંઘી એ અને બીજા જ્ઞાતિ બંધુઓને, બહેનોને અને માતાઓને તેમજ આપણાં ઉછેરતાં બાળકોને તે સુંદર સુવાસ લેવડાવીએ તો આપણા કાર્યની સાફલ્યતા ગણી શકાય.

પરિષદના દિવસની કાગને ડોળે વાટ જોતાં આપણા ભાઈઓ સમીપ આ દિવસો આવ્યા અને તેમાં થયેલા ઠરાવોની નોંધ જયારે તેઓના જાણવામાં આવી ત્યારે અને તે પહેલાં જ પરિષદના મંડપમાં આપણા ભાઈઓએ આપણામાં ઘર ઘાલી બેઠેલાં પેલા પીરાણા પંથના તંત્રને તોડી નાંખી સ્વધર્મને ઓળખવા ઊભા થયા. છાતી કાઢી હિમ્મત ધરી જાહેરમાં તેઓ બોલી ઉઠ્યા કે, "અલબત્ત, અલબત્ત ! અમારો સનાતન ધર્મ અમને સમજાયો છે, અમે અજ્ઞાનતાથી એક બાજુએ દોરવાઈ ગયા છીએ પણ અમારી તે અજ્ઞાનતા-અરે અમારી તે ભૂલ અમને હવે સંપૂર્ણપણે સમજાય છે, અમે પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ કે અમે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ અમારા સ્વધર્મ સ્વીકારીશું અને અન્ય ભાઈઓને તેમ સમજાવી ઉન્નત કરીશું."

અહાહા ! અહોભાગ્ય આપણા અને જ્ઞાતિના કે આવા અનુપમદીવસે જ આપણે પ્રતિજ્ઞા લીધી.

બાદ જ્ઞાતિ સમસ્તે પાળવાના પરિષદે અમુક ઠરાવો કર્યા, તે ઉપર વિવેચનો થયાં અને આપણા હૃદયને વિંધી નાખે એવા પંડિત કાર્તાતિક તથા નરહરી અને પારશર અને ભાઈ ગણાત્રા (વસંત) અનેક દાખલાઓ આપણી સમક્ષ રજૂ કરવાથી આપણને ધર્મઝનુન ઉત્પન્ન થયું ? કોણ કહેશે કે આ ધર્મભાવના નથી ? કોણ કહેશે કે આપણે આપણી ઊન્નતિ ઓળખી નથી ? પરમાત્માની કૃપાથી સર્વ શાંત થયું અને ઠરાવો એક પછી એક ઘણા જ આનંદ અને ઉમંગ વચ્ચે પસાર થયા. હવે માત્ર તેનો અમલ થવાની જ ખોટ છે, જે કરવાની પહેલ આપણા કરાંચી શહેરમાં વસ્તા આપણા ૧૬ કુટુંબોના લગભગ ૬૦ આસામીઓએ કીધી છે જેની નામવાર ટીપ આજના આ અંકમાં આપ સર્વે જોઈ શકશો. એ જાણી અત્યંત આનંદ અને જયજયકાર થાય છે.

પરિષદમાં પસાર થયેલા ઠરાવો

પસાર કરવામાં આવેલા ઠરાવો નીચે મુજબ છે

ઠરાવ ૧લો

ગૌ બ્રાહ્મણ પ્રતીપાલ નોધારાના આધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ મહારાજાધીરાજ મીરઝાં મહારાવ શ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર જી. સી. આઈ.ઈ.નું આ પરિષદ અંતઃકરણપૂર્વક સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઈચ્છે છે.

ઠરાવ ૨જો

પીરાણા સતપથ આપણને સમસ્ત જ્ઞાતિથી અલગ પાડી દેનાર હોવાથી તેમજ તે પંથ આપણે હિંદપણામાંથી ટાળી દેનારો છે એવી પરિષદને ખાત્રી થવાથી આ પીરાણા સતપંથને આપણી જ્ઞાતિમાંથી નાબુદ કરવાનાં દરેક ચાંપતા ઉપાયો લેવા તેમજ કોઈએ દેશોંદ કે વીશોંદના લાગા ભરવા નહીં તેમજ પીરાણાની અમી કે નુરની ગોળી પીવી નહીં અને કાકા તેમજ સૈયદોનો પગ પેસારો આપની જ્ઞાતિમાંથી જલદી દૂર થાય તેવા ઉપાયો કરવા. વળી સ્વજ્ઞાતિ બંધુઓ દેહશુદ્ધ પ્રાયશ્ચિત જેમબને તેમજલદી સનાતન વૈદી કે ધર્મ તરફ પ્રવૃત્તિ કરે એવા ઉપાય તાત્કાલિક યોજવા એ આ પરિષદના દરેક મેમ્બર પોતાની ફરજ સમજે છે અને દેહશુદ્ધ પ્રાયશ્ચિત લઈ પીરાણા સતપંથને તજી દેનારને દરેક પ્રકારની મદદ કરવાનો આ પરિષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૩જો

"આ પરિષદને ખાત્રી થઈ છે કે આપણી જ્ઞાતિના કહેવાતા આગેવાનો પીરાણાના બહાને દશોંદ અને વીશોંદ જેવા લાગા ઉઘરાવી તે પૈકીની મોટી રકમખાઈ જાય છે અને ધર્મની છુટનો કાયદો (Freedom of Religion Act) કચ્છ દેશને લાગુ છતાં જે આપણાં જ્ઞાતિબંધુઓ પીરાણાનો ધર્મ છોડી હિંદુ સનાતન ધર્મ પાળવા પોતાની તીવ્ર ઈચ્છા ધરાવતા હોય તેમના ઉપર અને તેમનાં સગાવહાલાં અને લાગતાવળગતાઓ ઉપર ત્રાસ કરી પોતાની કહેવાતી પટેલાઈની સત્તાનો ગેરકાયદેસર ઉપયોગ કરી તેમને જ્ઞાતિ બહાર મુકી તેમની પાસેથી સખત દંડ લઈ તે રૂપિયા પણ ખાઈ જાય છે જેથી ઉપર જણાવ્યા પ્રમાણે જે નાણાં વિશ્વાસઘાતથી ખાઈ જવામાં આવે છે તેમજ ઉપર જણાવેલા ધર્મની છુટનાં કાયદાનો ભંગ કરવામાં આવે છે તે થતો અટકાવવા માટે તેમજ અત્યાર સુધીમાંએવાં જ જે કૃત્યો કરવામાં આવ્યા હોય તેની કાયદેસર તજવીજ કરી તેમાં ઘટતું કરવા માટે ગૌ બ્રાહ્મણ પ્રતીપાલ નોધારાધાર ધર્મધુરંધર પ્રૌઢ પ્રતાપ મહારાજાધીરાજ મીરઝાં મહારાવ શ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર જી.સી.આઈ.ઈ.નું મુબારક લક્ષ ખેંચવા આ પરિષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૪થો

બાળ લગ્નના અધર્મ યુક્ત અને હાનિકારક રીવાજને સત્વરે નાબુદ કરવા આ પરિષદ ઠરાવ કરે છે અને દરેક બંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે શાસ્ત્રોક્ત રીતે અને ચોરી બાંધીને વેદ વિધી અનુસાર યોગ્ય ઉંમરે આવેલાં જ છોકરાઓને પરણાવવાં.

ઠરાવ ૫મો

વીદ્યા એ સર્વોત્તમશક્તિ હોવાથી તે પ્રાપ્ત કરવા કરાવવા અને જ્ઞાતિના પુત્ર-પુત્રીઓને કેળવણી આપવા આ પરિષદ કરેક ભાઈને વિનંતી કરે છે અને જે જે સ્થળે જ્ઞાતિના ફંડો અને જ્ઞાતિના પૈસા હોય તેનો જ્ઞાતિમાં કેળવણી અર્થે સત્વર ઉપયોગ કરવાની આ પરિષદ આગેવાનોને સૂચના કરવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૬ઠ્ઠો

મરણ પાછળના કારજો શાસ્ત્ર વિરૂદ્ધ અયુક્ત ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનાર હોવાથી તેને સદંતર નાબૂદ કરવા અને તેવાં જમણો નહીં જમવાનો આ પરિષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૭મો

આપણી હિંદુ ગણાતી જ્ઞાતિઓમાં મૂડદાંને અગ્નિદાહ દેવાનો રીવાજ પ્રચલિત છે અને આપણી જ્ઞાતિ હિંદુ હોવા છતાં આપણા કચ્છ અને કરાંચીમાં રહેનારા કેટલાંક પીરાણાપંથી ભાઈઓ અગ્નિ સંસ્કાર કરવાને બદલે મુડદાંને દફનાવી દે છે તે રીવાજ અયોગ્ય અને શાસ્ત્રવિરૂદ્ધ હોવાથી કોઈ બંધુએ મુડદાંને દાટવું નહીં અને મુડદાંને અગ્નિસંસ્કાર કરવો એવો આ પરિષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૮મો

છુટા છેડા એટલે છુટકારાના રીવાજને નામે ચાલતા અતિશરમભરેલા અને અયોગ્ય રીવાજ તરફ આ પરિષદ તીરસ્કારની દૃષ્ટિએ જુએ છે Tlku તેને સંદતર નાબૂદ કરવા આ સભા દરેક જ્ઞાતિભાઈને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૯મો

આપણી પરિષદનું નામ, તેનો ઉદ્દેશ અને બંધારણ નીચે પ્રમાણે રાખવામાં આવ્યું છે તથા નીચે જણાવેલા ભાઈઓની કાર્યવાહકો તરીકે નીમણૂંક કરવાનો આ પરિષદ ઠરાવ કરે છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ ઉદેશ અને નિયમો

આપણી કડવા પાટીદાર જ્ઞાતિ કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, નીમાર્ડ, માળવા વગેરે આ દેશના જુદાજુદા ભાગોમાં વસે છે અને તે દરેક વિભાગમાં જ્ઞાતિ સ્થિતિ સુધારવા સંસ્થાઓ કે મંડળો સ્થાપી લાંબા સમયથી પ્રયત્ન કરવામાં આવે છે. આવા દરેક મંડળો સમસ્ત જ્ઞાતિથી "શ્રી કડવા પાટીદાર પરિષદ" નામે જે મોટી સંસ્થા છે તેના આશ્રય નીચે રહી પોત પોતાની જરૂરિયાતની મુખ્ય સંસ્થાને જાણ કરે છે અને પરિણામે જ્ઞાતિહીન સાધવાનો માર્ગ સરળ થાય છે. આ મુખ્ય સંસ્થાની સ્થાપના પછી દેશકાળને લઈ જ્ઞાતિમાં ઘર કરી બેઠેલા, અધર્મયુક્ત રીવાજોનો ત્યાગ થતો આવે છે અને ઘણા કાળથી એકબીજાથી જુદા પડી ગયેલા પોતાના જ બંધુઓ સાથે ઐક્ય સાધવાનું મહત્વનું કાર્ય સિદ્ધ થતું જાય છે. આ શુભ કાર્યમાં આપણા કચ્છ વિભાગે પણ કેટલેક અંશે ભાગ લીધો છે, પરંતુ સમસ્ત જ્ઞાતિથી આપણાં વિભાગને અલગ પાડી દેનાર કાર્ય આપણા વિભાગે કરવાનું છે તે ઉદ્દેશ અને કાર્ય ધ્યાનમાં લઈ "શ્રી કચ્છ કડવા પાટીદાર પરીષદ" નામે આ સંસ્થા સ્થાપવામાં આવી છે. જેનો ઉદ્દેશ અને નિયમો આ પ્રમાણે છે.

૧. આપણી સમસ્ત જ્ઞાતિથી આપણે અલગ પાડી દેનાર તેમજ હિંદુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપથને જ્ઞાતિમાંથી સત્વર નાબુદ કરવો અને કોઈ પણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમહાથ ધરવું એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે.

૨. આપણને સમસ્ત જ્ઞાતિથી અલગ પાડી દેનારા અથવા જે સનાતન હિંદુ ધર્મ શાસ્ત્રોથી વિરૂદ્ધ હોય તેવા જ્ઞાતિ રીવાજો નાબુદ કરી સમસ્ત જ્ઞાતિ સાથે તે સંબંધ વધારે સૂચવાય તેવા ઉપાયો યોજવા.

૩. જ્ઞાતિનીઆર્થિક સ્થિતિ સુધારવા અને ઐક્ય સાધવા માટે ખાસ જરૂરનું છે કે દરેક ભાઈએ પોતાના જ્ઞાતિ બંધુને બનતી મદદ કરવી તેમજ જ્ઞાતિમાં વિદ્યા વધારવી, ખેતીવાડી સુધારવી વળી દેશની અન્ય જ્ઞાતિઓની હરિફાઈમાં આપણી કોમપછાત રહી જાય નહી તે માટે જે કંઈ કરવું યોગ્ય જણાય તે કરવું.

૪. ઉદ્યાદેશકો રોકીને, સભાઓ ભરીને ચોપાનિયા કે પુસ્તકો પ્રસિદ્ધ કરીને જ્ઞાતિમાં જ્ઞાનનો ફેલાવો કરવો તેમજ સંસ્થાના ઉદ્દેશો બર લાવવા માટે જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે જ્ઞાતિ બંધુઓની મદદ લઈને કીંવા રાજદરબારે અરજો કરીને પણ દાદ મેળવવાનું કાર્ય જ્ઞાતિ હિતાર્થે કરશે અને સં-સ્થાના કાર્ય માટે પગારદાર અથવા બિનપગારદાર માણસો રાખીને તેમજ યોગ્ય ખરચો કરીને પણ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ બર લાવવામાં આવશે.

૫. સંસ્થાનું દરેક પ્રકારનું કામકાજ કચ્છ દેશના જ રહીશ હોય એવ કડવા પાટીદાર બંધુના હિતાર્થે જ થશે પરંતુ એવો પણ ઉદ્દેશ છે કે આ સંસ્થાની સ્થિતિ સુધરતી હોય તો જ્ઞાતિ વિસ્તારમાં બીજા ભાગો તરફ પણ ધ્યાન આપવામાં આવશે વળી કોઈપણ પ્રયત્ને સમસ્ત જ્ઞાતિનાં આપણાં વિભાગનું પ્રતિનિધિત્વ સાચવી રાખવા આ સંસ્થા બનતા દરેક પ્રયત્નો ચાલુ રાખશે.

નિયમો :

૧. કોઈ પણ વિભાગના કડવા પાટીદાર બંધુ આ સંસ્થાના મેમ્બર થઈ શકશે અને સભા તરફથી નક્કી કરવામાં આવેલી ફી આપવાથી સંસ્થાના ઉદ્દેશ અને નિયમોનો અંગીકાર કર્યેથી મેમ્બર તરીકે દરેક હક તેને પ્રાપ્ત થશે.

૨. સંસ્થાની મુખ્ય ઓફિસ મુંબઈ ખાતે રહેશે. જરૂર જણાતાં બીજી જગ્યાએ પેટા ઓફિસો ખોલવામાં આવશે.

૩. સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા માટે બહુમતીનો ઉપયોગ થશે અને જે જે ભાઈઓ જે જે કાર્ય માટે યોગ્ય જણાશે તેમની કમીટીઓ દ્વારા અથવા તો વ્યક્તિ પ્રત્યે નિમણૂંક કરવામાં આવશે. સંસ્થાનો ઉદ્દેશ બરલાવવા અને તેનો વહીવટ કરવા સારું એક વ્યવસ્થાપક મંડળ નીમવામાં આવશે અને તે મંડળને સંસ્થાના ઉદ્દેશના અંતે ઉત્પન્ન થતું દરેક

કાર્ય કરવાની સત્તા રહેશે અને તે માટે ખર્ચ પણ કરી શકશે.

૪. આ સંસ્થાની બેઠક દર વરસે ભરવામાં આવશે અને તે દરમ્યાન વ્યવસ્થાપક મંડળની કોઈ ખાસ સભા બોલાવવાની જરૂર પડે તો તે બોલાવી શકશે. સભા બોલાવવાની ખબર દરેક મેમ્બરને ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી આપવામાં આવશે.

૫. વ્યવસ્થાપક મંડળ પોતાની સભા જ્યારે જ્યારે જરૂર જણાશે ત્યારે બોલાવી શકશે અને ઓછામાં ઓછા ૧-૩ જેટલા મેમ્બરો હાજર હશે તે વખતે સંસ્થાના ઉદ્દેશ વિરૂદ્ધ જતા ન હોય તેવા જરૂર પડતા પેટા નિયમો ઘડવાની તે મંડળને સત્તા રહેશે.

૬. સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા માટે સંસ્થાના નિભાવ અર્થે અથવા સભામાં પસાર થયેલા ઠરાવોના અમલ અર્થે જે કાર્ય કરવાનું પ્રાપ્ત થશે તે માટે કોઈ ખાસ ફંડ કરવામાં નહીં આવ્યું હોય તે સંસ્થાના સામાન્ય ફંડના નાણામાંથી તે માટે ખરચ કરવામાં આવશે. સંસ્થાના નાણા અને હીસાબ તેમજ રજિસ્ટરો કે ચોપડા વગેરે રાખવાનો વહીવટ સંસ્થા અગર તેવી સત્તાવાળી કમીટી જે જે વખતે જેવા જેવા ઠરાવો કરશે તેને અનુસરીને રહેશે અને તે તપાસવાનો કોઈપણ મેમ્બરને સંપૂર્ણ હક રહેશે.

૭. સભાનો સ્તુત્ય હેતુ બર લાવવા માટે જે કાંઈ વિઘ્નરૂપ જણાય તેનો યોગ્ય રીતે નિકાલ લાવવાની વ્યવસ્થાપક કમીટીને સંપૂર્ણસત્તા રહેશે અથવા તે કમિટી તે કાર્ય માટે પદ્ધતિસર જેની નિમણૂંક કરે તેણે કરેલું કાર્ય સંસ્થા તરફથી કરેલુ ગણાશે.

૮. દરેક સભામાં થતા કામકાજની એક નોંધ વ્યવસ્થાપક કમીટી તરફથી રાખવામાં આવશે. તે પ્રોસીડીંગ બુક ગણાશે. દરેકસભા પછી તે મોટી હોય કે વ્યવસ્થાપકો હોય તેના કાર્યનો હેવાલ લખાઈ ગયા બાદ તે કાર્ય જેના અધ્યક્ષપણા નીચે થયું હોય તે તેના નીચે પોતાની સહી કરશે.

૯. કોઈ પણ મેમ્બર સંસ્થાના ઉદ્દેશ કે હેતું અને નિમયોથી વિરુદ્ધ જવાપણુ બને તેવો કોઈ પ્રકારનો હક અથવા વર્તન કરી શકશે નહીં.

૧૦. સંસ્થાએ પસાર કરેલા ઠરાવોનો અમલ કરાવવો અને કરવો એ દરેક ભાઈની ફરજ ગણાશે અને જે કાર્ય માટે જેની નિમણૂંક કરવામાં આવી હોય તે બંધુ તેના કાર્ય માટે સંસ્થાને જવાબદાર રહેશે. પરંતુ જેની પધ્ધતિસર નિમણૂંક નહિ થઈ હોય તેવા કોઈ મેમ્બરના કોઈ પ્રકારના કાર્ય માટે સંસ્થા જવાબદાર રહેશે નહીં.

૧૧. આ સંસ્થાનું કાર્ય એ જ્ઞાતિહીતનું કાર્ય છે. એમસમજીને જે જે વિભાગના ભાઈઓ આ સંસ્થાને જે જે પ્રકારે મદદ કરશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે, પરંતુ પરજ્ઞાતિના કોઈ પણ ગૃહસ્થ તરફની આર્થિક મદદ સ્વીકારવી કે નહીં તેનો વ્યવસ્થાપકો સમયનો અનુસરીને નિર્ણય કરશે.

સૂચના:

દરેક ભાઈઓ આ સંસ્થાના નિયમો અને ઉદ્દેશને બરાબર જાણીને અને સમજીનો મેમ્બર થયા છે એટલે સંસ્થાનો જ્ઞાતિહીત સાચવવાનો ઉદ્દેશ તેમની મદદ વડે જલદીથી બરઆવશે એવી સંસ્થાને ખાત્રી રહે તેટલા માટે નીચેનું અંગીકરણ પત્ર ભરી આપી સંસ્થા તરફ મોકલી આપવું અને જ્ઞાતિહીતના કાર્યમાં જોડાવું એવી દરેક જ્ઞાતિ બંધુઓને વિનંતી કરવામાં આવે છે.

વ્યવસ્થાપક મંડળના મેમ્બરોના નામ મે. પ્રમુખ સાહેબ દેસાઈ, ચંદુલાલ મણીલાલ મિસ્ત્રી, નારાયણજી રામજીભાઈ ઘાટકોપર, ભાઈરતનસી ખીમજી ઘાટકોપર, ભાઈ રતનશી શીવજી કરાંચી, વિશ્રામભાઈ દેવજી ઘાટકોપર, વાલજીભાઈ રામજીભાઈ ઘાટકોપર, વિશ્રામભાઈ પાંચા ગાગાણી કરાંચી, ખીમજીભાઈ શીવજી કરાંચી, નાયાભાઈ શીવજી ઘાટકોપર, રતનશીભાઈ કરસન ઘાટકોપર, નાનજીભાઈ વિશ્રામભાઈ નેત્રા, (સિદ્ધાંતપુર સિન્ધ)

કચ્છ કડવા પાટીદાર સમાજ જાગૃતિની હાકલ-૨

કચ્છ કડવા – પાટીદાર સમાજની
૧૯૨૪માં ઘાટકોપર (મુંબઈ) ખાતે ભરાયેલ પરિષદનો
વિસ્તૃત અહેવાલ.

ડૉ. મંગુભાઈ પટેલ,
સીન્ડીકેટ સભ્ય, રીડર,
ઈતિહાસ વિભાગ ગુ. યુનિ.

(કરાંચીથી પ્રગટ થતું માસિક "પાટીદાર ઉદય"માંથી)

કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૯૨૪માં ઘાટકોપર ખાતે ભરાયેલ પરિષદે કરેલા ઠરાવો ઉમિયાદર્શન માટે જાણીતા ઈતિહાસવિદ્ ડૉ. મંગુભાઈ પટેલે ઉપલબ્ધ કરી આપીને આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં કચ્છ પાટીદાર સમાજને જાગૃત કરવા માટે સમાજના અગ્રણીઓએ કેટલી જહેમત ઉઠાવી હશે તેનો ખ્યાલ આપણાં સૌ વાચક મિત્રોને આવે તે માટે અત્રે ડૉ. મંગુભાઈનો ઋણ સ્વીકાર કરીને પ્રસ્તુત લેખ ક્રમશઃ પ્રગટ કરતાં રહીશું. – તંત્રી)

રા. નારાયણ રામજીભાઈ
જનરલ સેક્રેટરી
અંગીકરણ પત્ર.

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ મુખ્ય ઓફિસ મુંબઈ ઘાટકોપર, જોગ હું નીચે સહી કરનાર ..... નુંખ... ઉંમર.. વર્ષ.. ગામ.. ઠેકાણું આ ઉદ્ધારથી અરજ કરું છું. કે સંસ્થાના ઉદ્દેશ અને નિયમો મેં જાતે સમજીને જાણ્યા છે અને જ્ઞાતિહિતના માટે તે ખાસ જરૂરના છે એવી મારી ખાતરી થઈ છે એટલે તે પાળવા અને પળાવવા હું મારાથી બનતું કરવાનો વિશ્વાસ આપી આ સંસ્થાનો મેમ્બર થવાની માંગણી કરું છું. તે સ્વીકારવામાં આવશે એવી આશા છે, સહી.. અંગુઠાની છાપ.

ઠરાવ ૧૦ : આ પરિષદનો ઉદ્દેશ બર લાવવા માટે પસાર કરેલા ઠરાવો અને તેના અંગે ઉદ્ધારથી થતું દરેક પ્રકારનું કામકાજ કરવાની તથા તે માટે ખર્ચ કરવાની આ પરિષદ પ્રમુખ સાહેબ તથા ભાઈશ્રી **નારાયણજી** રામજીભાઈ જનરલ સેક્રેટરીને સત્તા આપવામાં **આવે** છે.

ઠરાવ ૧૧ : સ્વ. જ્ઞાતિબંધુ ભાઈ **ખેતા સેસા** પોકાર તથા આપણી જ્ઞાતિ પ્રત્યે લાગણી **ધરાવનારા** મનસુખલાલ રવજીભાઈ મહેતાના ખેદજનક **અવસાન** માટે આ પરિષદ અંતઃકરણપૂર્વક દિલગીરી **જાહેર કરે છે** અને તેમના આત્માને ઈશ્વર શાસ્વત શાંતિ **આપે તે માટે** આ પરિષદ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે છે.

ઠરાવ ૧૨ : આ પરિષદનો ઉદ્દેશ બર **લાવવા** અને તેને શોભાવવાના કાર્યમાં અમદાવાદ, **વીરમગામ,** સરઢવ, રૂપાલ, કડી, કલોલ, પાટડી, સુરત, **ભાટપુર,** ભાઠા અને કાઠીયાવાદના દૂર જેવા સ્થળોએથી **પધારી જે** ભાઈઓએ ભાગ લીધો છે તેમનો અંતઃકરણપૂર્વક **આભાર** માનવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૧૩ : શેઠ સાહેબ વેલજીભાઈ **શીવજીએ** પરિષદના કાર્યમાં સહાયભૂત થઈ પોતાની વાડી **પરિષદના** કાર્ય માટે વાપરવા આપી છે તે આ પરિષંદ તે **સાહેબનો** અંતઃકરણપૂર્વક આભાર માનવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૧૪ : આ પરિષદના કાર્યને દીપાવવા **સ્વયં** સેવકોએ અને તેના કેપ્ટનોએ શ્રમલઈ જે જ્ઞાતિ **સેવા** ઉઠાવી છે અને બહાર ગામથી આવનારા **ભાઈઓના** ઉતારા અને ભોજન કાર્યમાં તથા સભામંડપ **વગેરેની** ઉત્તમવ્યવસ્થા રાખવા માટે રા. રતનસીભાઈ **કરસનદાસ** રા. વાલજીભાઈ રામજીભાઈને ધન્યવાદ આપવાનો **આ** પરિષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૧૫ : સનાતન વૈદિક ધર્મના **સ્તંભરૂપ** જ્યોતીરવીભુષણ "મહોપદેશક", "વિદ્યા ભાષ્કર" **પંડિત** કારતાંતીક તથા શાસ્ત્રી નરહરિજી તથા ક્ષત્રિ કુળ **દીપક** સાક્ષરવીર્ય ભાઈશ્રી વસંત અને ગઢસીસાવાળા **(કચ્છ)** પંડિત પરાશરજી એ પધારી અતિ શ્રમલઈ પોતાના **અમુલ્ય** વખતનો ભોગ આપી આપણી જ્ઞાતિને સ્વધર્મ **તરફ દોરવા** માટે આપણને જે અમુલ્ય ઉપદેશ આપ્યો છે તે **માટે આ** પરિષદ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

ઠરાવ ૧૬ : રા.રા. ભાઈ શ્રી **ચંદુલાલભાઈ** મણીલાલે અનેક અગવડો વેઠી આ પરિષદનું **પ્રમુખપદ**

સ્વીકારી બેઠકનું કાર્ય ઉત્તમરીતે બજાવ્યું છે તે માટે આ પરિષદ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે અને તેમણે સ્વીકારેલી જ્ઞાતિ સેવા બજાવવા માટે પ્રભુ તેમને બળ બુદ્ધિ અને દીર્ઘાયુષ બક્ષે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે.

ઉપરોક્ત ઠરાવો આપણા હિતાર્થ માટે અવશ્યના છે અને તે મુજબ વર્તવાથી આપણી જ્ઞાતિનું ભલું થશે ઉપરાંત આપણામાં જે અજ્ઞાનતાએ વાસ કીધો છે તે સર્વાંશે નષ્ટ થશે.

પીરાણા પંથના ધતીંગ તરફ આપણી જ્ઞાતિ ભોળવાઈ ગઈ છે. એમાંથી બચવા આપણે દરેકે કોશિષ કરવી જોઈએ છે અને તેમકરી આપણા સ્વધર્મ - હિંદુ ધર્મનું સંરક્ષણ કરવાની આપણી ફરજ છે એવું અત્રે ઉમેરીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપણા જ્ઞાતિ બંધુઓ તેનું પરિપાલન કરવા જ્ઞાતિ સેવા બજાવવા બહાર આવશે અંતમાં પરિષદમાં અને રીતે ભાષણો અને ઉપદેશ દ્વારા આપણું ભલું ઈચ્છતા અને ઉપદેશ કરતા પંડિત કાર્તાતિક તથા શ્રીયુત નરહરી અને પારાશર અને ભાઈ ગુણાત્રા (વસંતે) જે જે સેવા બજાવી છે તે માટે અમો તેઓ બધાનો એક સામટો આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં તેઓશ્રી આપણને અમુલ્ય બોધ આપી સાચા રસ્તે દોરવાની પરમાત્મા તેમને બુધ્ધિબળ, અને સામર્થ વધુ ને વધુ અર્પે એવી શ્રી પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના છે.

ઠરાવો પ્રત્યે બોલતાં જ્ઞાતિહિત ચિંતક અને પરિષદના પ્રમુખ તથા સ્વાગત મંડળના સરનશીને નિમ્ન યુક્ત ભાષણો પોતાની મધુર વાણીમાં કર્યા હતાં.

સ્વાગત મંડળના પ્રમુખ શ્રીયુત વિશ્રામભાઈ દેવજી પટેલ વીરાણીવાળાનું ભાષણ

સ્વાગત મંડળના ગંગા સ્વરૂપ જ્ઞાતિના પ્રીય બંધુઓ ! દેશપ્રેમી ભાઈઓ !! પૂજ્ય માતાઓ અને વંદનીય બહેનો !!! આપ ભાઈઓ, અને બહેનો તેમજ દેશપ્રેમી અન્ય જ્ઞાતિના બંધુઓ આપણી જ્ઞાતિની ઉન્નતિ અર્થે જુદા જુદા સ્થળો જેવાં કે કચ્છ-કરાચી-ગુજરાત અને સીંધ પ્રદેશ માંહેલા હૈદ્રાબાદ સિદ્ધાતપુર વગેરે ઠેકાણેથી અતિશ્રમવેઠી ભારત વર્ષના મુગટ રૂપ ગણાતા મુંબઈ શહેરના એક અંગરૂપ ઘાટકોપરમાં આપણી જ્ઞાતિની ત્રીજી પરિષદને ફતેહમંદ બનાવવા માટે અતિશ્રમવેઠી પધાર્યા છો એ જાણી મને ભારે આનંદ થાય છે. શિષ્ટાચારના સિદ્ધાંત પ્રમાણે અતિથી સત્કાર નીતિમય નિયમપ્રમાણે, આપ પધારેલા બંધુઓ અમારા જ્ઞાતિ ભાઈઓએ મને સોંપ્યું છે, જેથી હું મારી જાતને અહોભાગ્યશાળી માનું અને પધારેલા દરેક ભાઈઓ તેમજ બહેનોનો ઉપકાર માનું છું.

જ્ઞાતિબંધુઓને આવકાર

દેશ પરદેશથી પધારેલા ભાઈઓને અભિનંદન આપવાનું કાર્ય હું એવું ઈચ્છતો હતો કે તે સ્વાગત કમિટીએ મારા કરતાં કોઈ વધારે લાયક ભાઈને સોંપવું જોઈતું હતું. પરંતુ અત્રેના બધા ભાઈઓની ઈચ્છાથી આ આનંદમય કાર્ય બજાવવા માટે મારી જ પસંદગી કરી છે ત્યારે એ કાર્ય હું અત્યંત આનંદિત થઈને બજાવવા તૈયાર થયો છું. ભૂતકાળના આપણી જ્ઞાતિના ઉન્નતિના અંધકારમય સમય તરફ મારી દૃષ્ટિ ફેરવું છું તો મારી શક્તિની અલ્પતાનું ભાન થાય છે. આજથી ચાર વર્ષ પહેલાં સને ૧૯૨૦ના ઓગસ્ટની તારીખ આઠમીએ આપણી જ્ઞાતિની પહેલી પરિષદ મળેલી તે પરિષદના બાહોશ અને સામાજિક પ્રશ્નોને પૂરતી રીતે જાણનાર સ્વાગત કમિટીના પ્રમુખ ભાઈશ્રી નાનજી પચાણ નાકરણી તરફથી એક સારા વિદ્વાનને શોભે તેવું આપનું થયેલું સ્વાગત એ તમો પધારેલા ઘણા ભાઈઓ તેમજ બહેનો જાણો છો. ઉપરોક્ત પ્રસંગોએ જેમયોગ્યતા શરમાન અને નિયમો જળવાયા છે તેમજ આ પ્રસંગે પણ થવું જોઈએ પરંતુ તે ભાઈઓની વિશાળ બુદ્ધિ અને સાધનોની સગવડતા પાસે અમારાથી કંઈ બની શક્યું નથી. તો પણ હાલના જમાનાને અનુસરીને તમારાં સુખ સાધનો માટે જે કંઈ ગોઠવણોકરવામાં આવી છે તેમાં ન્યુનાધિકતા રહી ગઈ હશે તો તમો સજ્જનો મનમાં ઓછું નહીં આણતા સંતોષ માનશો એવી આશા છે.

આપણી જ્ઞાતિ ઉન્નતિના આ મહાન કાર્યમાં સફળતા મળવાના ઉદ્દેશ આપે અત્રે પધારવા રસ્તાઓની હાડમારીઓનાં દુઃખો ભોગવી જે શ્રમ અને તસ્દી લઈ અમારા આમંત્રણને માન આપી પધાર્યા છો તેના માટે હું

આપને ધન્યવાદ આપવા વિના રહી શકતો નથી. આપે અત્રે પધારવામાં જો પોતાનું કર્તવ્ય અને ફરજ માની હોય તો આં કાર્યની સાફલ્યતા ઉલટ અને ફતેહમાં જરા પણ શંકા નથી. આ આપણી તૃતિય મહોત્સવમાં આ ભવ્ય જ્ઞાતિના મેળાવડામાં આપની આજની હાજરી અને ઉમંગ એવી પુરેપુરી ખાત્રી આપે છે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના અભ્યુદયનો આ અચુક પુરાવો છે.

અત્રે એકત્ર થવાનો સબબ શો ?

પ્રિય જ્ઞાતિ બંધુઓ અને દેશપ્રેમી ભાઈઓ આપણે જે અત્રે ભેગા થયા છીએ તે મુંબઈ શહેરની કે તેના પરાંઓની રમણીયતા જોવા નહીં તેમજ હુન્નર ઉદ્યોગ કે કળાની ખીલવણી અર્થે પણ આપનું ખાસ ભેગું થવું એમ પણ નથી પરંતુ ભેગા થવાનું ખાસ કારણ તો એ છે કે આપણી કડવા પાટીદાર જ્ઞાતિમાં કેટલાક નઠારા રીતરીવાજો ઘર કરી બેઠા છે તેને નિર્મૂળ કરવા. તેમાં પણ કચ્છ તરફના કડવા પાટીદાર ભાઈઓ જે ધાર્મિક અધોગતિ ભોગવે છે તેને સત માર્ગે દોરવા માટે જ આ પ્રયત્ન છે, અને એ પ્રયત્ન સફળ કરવા માટે આપણી જ્ઞાતિના આપણા ગુજરાતી બંધઉઓએ જે મહાન અને કિંમતી વખતનો ભોગ આપી આપણા હિતમાં તેઓએ પોતાનું હિત માન્યું છે એવા ભાઈઓની સલાહથી તેઓના બુદ્ધિબલથી આપણે આપણી કચ્છની જ્ઞાતિની અધમ દશા મટાડી શકીશું એવો સંપૂર્ણ મને વિશ્વાસ છે. આજે દુનિયામાં જે મોટી ઉથલ પાથલ થઈ રહી છે, પ્રજા પ્રજા વચ્ચે હરિફાઈઓ ચાલી રહી છે તેવા પ્રસંગે આપણો માહોમાહ લડ્યા કરશું તો આપણું સ્થાન ક્યાં હશે ? હાલમાં આપણી સ્થિતિ કેવી કઢંગી અને લજ્જાસ્પદ છે તેને સુધારવા પ્રયત્ન નહી કરીએ તો છેક જ છેલ્લી પાયરીએ આપણું સ્થાન શોભશે. માટે ઘાટકોપરના ભાઈઓએ આપને આમંત્રણ કર્યું છે તેની યાદ દેવરાવવાની ભાગ્યે જ જરૂર છે. આપણી જ્ઞાતિની સભાનો આ અપૂર્વ અવસર છે અને દરેક વિભાગોમાંથી આપણા બંધુઓ પધારેલા છે એટલે એક બીજાના વિચારો જાણી જ્ઞાતિમાં સુધારો કરવાનું સુલભ થઈ પડશે અને આપણું કાર્ય ઉત્તમ રીતે સાધી શકાશે. મુંબઈ ઘાટકોપરના વતનીઓ તરફથી મારે આપને જે કંઈ કહેવાનું છે તે હું હમણા ટૂંકમાં જ કહીશ જેનો આપ દિલસોજીપૂર્વક વિચાર કરશો તો આપનો ઉચ્ચ હેતુ અવશ્ય પાર પડશે જ. આપણી પ્રગતિ છેલ્લા સોળ વરસથી આપણી જ્ઞાતિની સ્થિતિ સુધારવા તરફ આપણે ખાસ લક્ષ આપ્યું છે અને તેના પરિણામે ઘણા વરસોથી ચાલ્યા આવતા બાળ લગ્નનો હાનિકારક રિવાજ આપણે કેટલેક અંશે સુધારી શક્યા છીએ. મોટી ઉંમરના દીકરા દીકરીઓના લગ્ન હજુ થોડાક જ થયા છે. તદ્ઉપરાંત લગ્ન જેવી અતિઉત્તમ ધાર્મિક ક્રિયા પીરાણાના પાખંડી મતના આધારે કચ્છ તરફ કરવામાં આવે છે તે ફક્ત ગયા લગ્નસરામાં જ્ઞાતિ સુધારકોની તનતોડ મહેનતના પરિણામે ચારસો લગ્ન વેદવિધિ અનુસાર થયા છે. એ ફતેહ પણ ઘણી મોટી છે જે પ્રમાણે જ્ઞાતિહિત સાધવાને ઉમંગભેર જુવાનીઆઓ હાલમાં જે પ્રમાણે મહેનત કરી રહ્યા છે તે જ પ્રમાણે ચાલુ રાખશે તો આવતા લગ્નસરામાં આપણી જ્ઞાતિના બાળકોના લગ્ન વેદ વિધિ અનુસાર તમામનાં થશે. કુદરત મદદગાર છે. કચ્છના કહેવાતા જુલ્મી આગેવાનો પોતાના સ્વાર્થ માટે પીરાણા પંથ અને બાળ લગ્ન જેવી અશાસ્ત્રોક્ત રૂઢીઓને પોષી રહ્યા છે તે હવે તેમનાથી રાખી રહે તેમ નથી. દુનિયાની તમામ પ્રજા બાળલગ્નને ધીક્કારે છે પરંતુ તે બાળ લગ્ન બાર અને ચૌદ વરસના છોકરાનાં લગ્નના માટે કહે છે. આપણામાં તો બાળલગ્ન પણ શાના કહેવાય. ચાલી દીવસના છોકરા ઓના લગ્ન કરી નાખતાં શરમાતા નથી. ત્યાં બીજી જ્ઞાતિઓ દશ અને બાર વરસના લગ્ન કરી શરમાય છે તે માટે આપણે કેટલા પછાત છીએ તેનો વિચાર તમો ભાઈઓ સભામાં કરશો.

બાળ લગ્નનાં કજોડાં

બાળ લગ્નનાં પ્રતાપે - કજોડાં થાય છે. ચાલીસ દિવસના છોકરાઓના જ્યાં લગ્ન થાય ત્યાં ઉંમરનું પ્રમાણ કન્યા કરતા વર ઓછામાં ઓછો પાંચ વરસ મોટો હોવો જોઈએ એ ક્યાંથી બને ? અરે તે સિવાય કચ્છમાં તો ઘણે ભાગે કન્યાઓ જ મોટી હોય છે અને તે લગ્નનું ટાકણું ન ટળી જાય એટલા માટે વર કરતા કન્યા બે ત્રણ વરસ મોટી હોય એવા દરેક લગ્ને સેંકડો લગ્ન થાય છે અને તેનાં પરિણામો કેવા નઠરાં આવે છે તે આપણે આપણી સગી આંખે જોઈએ છીએ, એવા લગ્નનોને બાળ જલાવી દીઓ તોજ આપણી જ્ઞાતિનું ભલું થશે એ નાલાયક બાળ લગ્નના પ્રતાપે કજોડાં થાય,

કજીયા કંકાશ વધે અને છેવટે છુટા છેડા કરવાના પ્રસંગો કંપારી છુટે તેવા જુલમ ગુજારો છો, તે પ્રભુ અથવા અન્ય કોમો કેમ સહન કરશે, જ્ઞાતિ સુધારકો આગેવાનોના નફટાઈ ભરેલા ચારિત્રો ગાવામાં હદ ઓળંગી ગયા છે, સભ્યતાની ખામી દેખાય છે. પરંતુ જ્યારે આગેવાનોના કુટીલ કારસ્થાનો જોતાં સુધારક ભાઈઓને પણ શું કહેવું હવે બહુ થયું છે. સમય વિચારીને બંધુપ્રેમને યાદ કરી એકબીજા તરફ સ્નેહની નજરે જોતા શીખાય તો સારું નહિ તો અધર્મી કાર્યોનો અંત હવે આવવાનો જ છે અને તેમાં પણ કહેવાતા જુલ્મી આગેવાનોની સખ્ત હાર થવાની ઘડીયો ગણાય છે માટે આગેવાનોને મારી નમ્રતાપૂર્વક વિનંતી છે કે હવે જમાનાને માન આપી - પોતાની ભૂલો કબૂલ કરવામાં ડહાપણ સમાયેલું છે. પ્રભુ તેમને સદબુદ્ધિ આપે.

કચ્છની કડવા જ્ઞાતિ પર કાળુ કલંક

મારે જે કાંઈ કહેવાનું હતું તે મેં કહ્યું છે આપનો બહુ જ કિંમતી વખત લીધો છે છતાં એક વાત હજુ કહેવાની બાકી રહી જાય છે અને તે વાત છે કે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના શીરે એક કાળું કલંક એ પીરાણા સતપંથને જ્ઞાતિએ ધર્મ માની લીધો છે તે છે, અન્ય જ્ઞાતિના બંધુઓની સમક્ષ મારે આ કથા કહેતા ભારે શરમ થાય છે. છતાં પીરાણાના પાખંડી અર્ધદગ્ધ પંથને ધર્મ સમજી જે અમારા જ્ઞાતિ ભાઈઓ માની બેઠા છે, તેઓને શરમ થતી નથી એ અફસોસની વાત છે.

પીરાણા પંથ સંબંધે આપણી જ્ઞાતિના ભાઈઓ તેમજ આજની પરિષદના સેક્રેટરી ભાઈ નારાયણજી રામજીભાઈએ ઘણું કહ્યું છે અને ઘણા પુસ્તકો લખાયા છે અને એકાદ મહિના પહેલાં જ તેઓના તરફથી એક પ્રાસ્તાવિક નિબંધ બહાર પડ્યો છે તેમાં હવે બાકી રહ્યું નથી, છતાં આ સભામાં પણ હું આશા રાખું છું કે તેઓ ભાઈશ્રી આપણી અજ્ઞાનતા દૂર કરવા ઘણું અજવાળું પાડી આપણને સમજાવશે તે સિવાય ભાઈશ્રી નારાયણજીભાઈ પીરાણાના અર્ધદગ્ધ પંથના પોલની બુક બહાર પાડવાના છે, મને તો નવાઈ એ લાગે છે કે પીરાણાના અર્ધદગ્ધ પંથની આટલી બદી પોલ બહાર આવ્યા પછી હવે બાકી શું રહ્યું છે? જેટલું બહાર આવ્યું છે તે જોતાં એક પોતાને સાચો હિંદુ કહેવરાવનારો માણસ એક પળવાર પણ પીરાણા પંથનું કાળુ કલંક કેમ રાખી શકે ? છતાં હજુ કચ્છની કણબી જ્ઞાતિના પીરાણા પંથને સંગ્રહી રાખનાર બહાદુરોના કંઈ ટોટા નથી પડ્યા, ભાઈ નારણજી રામજીભાઈની પ્રતિજ્ઞા છે કે મારી હૈયાતીમાં પીરાણાના પાખંડી મતની કણબી જ્ઞાતિમાંથી જડ કાઢી નાખીશ અને તેમ કરતા જો એ જડ ન નીકળી તો પુનર્જન્મ ધારણ કરીને પણ એ પાખંડી મતનું જ્ઞાતિમાંથી નિકંદન કરવાનો જડ ન નીકળી તો એ ભાઈના પ્રયાસને આપણે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે, આવા વીર બહાદુરો, જ્ઞાતિમાંથી અધર્મનો નાશ કરવા તન, મન અને ધનના ભોગો આપી રહ્યા છે, છતાં આપણી જ્ઞાતિના ઘણા ભાઈઓ સમજે છે છતાં પોતાના મનની નબળાઈ છોડી શકતા નથી અને હિંદુ સમાજમાં ભારે અપમાન સહન કરે છે, છતાં વળગી રહ્યા છે, એવા ભાઈઓની મને દયા આવે છે. સભામાં પધારેલ વિદ્વાનો તેવા ભાઈઓને ખાસ સમજાવશે અને પરમાત્મા તેઓને સદબુદ્ધિ આપે એમ હું ઈચ્છું છું. પીરાણાના પાખંડી મત ઉપર ભાઈ નારણજીભાઈએ તેમજ અન્ય ભાઈઓએ ભારે તૈયાર કરેલી છે. એટલે આ વાત હું અત્યારે બંધ કરૂં છું.

ભાઈશ્રી નારણજી રામજીના ભાષણોથી તથા લેખોથી તેમજ અન્ય જ્ઞાતિ ભાઈઓના ભાષણોથી વીચારીને ગયા. આઠ મહિનાની અંદર થોડા થોડા વખતના અંતર ગામ દયાપર, પાનેલી, રવાપર, ઘાટકોપર અને માટુંગા વગેરે સ્થળે રહેતા ત્રણસો કુટુંબો પીરાણાના પાખંડી મતનું કાળું કલંક ધોઈ નાંખી શુદ્ધ સનાતન ધર્મની દીક્ષા લીધી છે, જેમાંના ઘણા ભાઈઓ આ સભામાં હાજર છે, તેવા દરેક ભાઈઓને હું મારા તરફથી તેમજ સ્વાગ મંડળ તરફથી ખાસ ધન્યવાદ આપું છું. પ્રભુ તેઓના ઉત્તમ કાર્યને મદદરૂપ થાવ એવી પ્રાર્થના કરૂં છું. તે સિવાય જેટલા ભાઈઓ જે પીરાણા પાખંડી મતને બીલકુલ માનતા નથી છતાં કેટલાક સંયોગો કુટુંબ કલેશના તથા જ્ઞાતિના આગેવાનોના જુલમ બીકથી રહી ગયા છે તેઓને મારી વિનંતી છે કે બીવા જેવું કાંઈ નથી, જન સમાજમાં ઉંચું મોઢું કરી ફરવાનું તમને ગમે છે માટે એ કલંક વધે વધુ વાર રાખવું એ શોભા સ્પદ નથી. તરતમાંજ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેવા હું વિનંતી કરૂં છું.

કચ્છ કડવા પાટીદાર સમાજ જાગૃતિની હાકલ-૩

કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૯૨૪માં ઘાટકોપર (મુંબઈ) ખાતે ભરાયેલ પરિષદનો વિસ્તૃત અહેવાલ

ડૉ. મંગુભાઈ પટેલ,
સિન્ડિકેટ સભ્ય, રીડર, ઈતિહાસ વિભાગ, ગુ.યુનિ.

(કરાંચીથી પ્રકટ થતું માસિક 'પાટીદાર ઉદય'માંથી)

કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૯૨૪માં ઘાટકોપર ખાતે ભરાયેલ પરિષદે કરેલા ઠરાવો ઉમિયાદર્શન માટે જાણીતા ઈતિહાસવિદ્ ડૉ. મંગુભાઈ પટેલ ઉપલબ્ધ કરી આપીને આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં કચ્છ પાટીદાર સમાજને જાગૃત કરવા માટે સમાજના અગ્રણીઓએ કેટલી જહેમત ઉઠાવી હશે તેનો ખ્યાલ આપણા સૌ વાચકમિત્રોને આવે તે માટે અત્રે ડૉ. મંગુભાઈનો ઋણ સ્વીકાર કરીને પ્રસ્તુત લેખ પ્રકટ કરેલ છે.

ઉપસંહાર

પ્રિય જ્ઞાતિભાઈઓ દેશપ્રેમી બંધુઓ અને બહેનોને જણાવવાનું કે ઘાટકોપરમાં પરિષદ મેળવવાને અમો ઘણા દિવસથી પ્રયત્ન કરતા હતા પરંતુ વખત અનુકૂળ નહોતો આવતો. જો કે અત્યારે પણ જેવો જોઈએ તેવો વખત અનુકૂળ નથી. કારણકે કામધંધાની તમામ માઠાર છે. પૈસાનો પણ પૂરો અભાવ છે. છતાં ઘાટકોપરમાં જ્યાં સુધી પરિષદ ન ભરાય ત્યાં સુધી ઘાટકોપરવાસી ભાઈઓને ભારે શર્મ જેવું લાગતું હતું પરંતુ તમો સઉ ભાઈઓના પ્રતાપે કુળદેવી ઉમિયા માતાની ઈચ્છાથી આજે અમે અમારું કર્તવ્ય બજાવવા ભાગ્યશાળી થયા છીએ. આજનો દિવસ અપૂર્વ આનંદનો છે. જ્ઞાતિહિતને માટે વિચાર કરવાને આગમમાં અમને જ્ઞાતિ પરિષદ મેળવવા પ્રથમ પ્રસંગ પ્રાપ્ત થયો છે. ઘાટકોપરવાસી ભાઈઓએ જ્ઞાતિનું હિત એ પોતાનું હિત માન્યું છે જેથી હું સભાને ખાતરી આપું છું કે જ્ઞાતિહિતનાં કાર્યમાં અમો પછાત રહીશું નહિ. જ્ઞાતિ ઉન્નતિનાં કાર્યોમાં અમારાથી બનતી કોશિશો કરી છે, અને કરીશું. જ્ઞાતિના હિતાર્થે આ પરિષદમાં પણ સૌ ભાઈઓ તન, મન અને ધનથી જ્ઞાતિસેવાનું અમૂલ્ય ફળ પ્રાપ્ત થાય એવાં જ્ઞાતિહિતનાં કાર્યો આ સભામાં હાથ ધરવામાં આવશે, એવી મારી નમ્ર પ્રાર્થના છે.

સભામાં જે બહેનોએ પધારી અમને આભારી કર્યા છે, તેઓને બે બોલ મારે કહેવાના છે અને તે એ કે જ્ઞાતિ હિતનાં કાર્યોમાં તમારી મદદની ખાસ જરૂર છે. એક હાથથી તાળી પડતી નથી, બે પૈડાં સિવાય ગાડી ચાલી શકે નહિ. ઘણા ભાઈઓની એ ફરિયાદ છે કે પીરાણા ધર્મને તજવામાં ઘરકલેશ થાય છે. માટે તમારે તમારા સ્વામીની ઈચ્છાનુસાર ધર્મકાર્યમાં તમારી સંપૂર્ણ મદદ વિના તે ન થાય. અમો દયાપર ગામે ગયા હતા ત્યાં પુરૂષ વર્ગ કરતાં બહેનોનો ઉત્સાહ અમે વધુ જોયો અને એ ઉત્સાહના પરિણામે દયાપર ગામે આજે કણબી જ્ઞાતિનું નામ અમર કર્યું છે, રામકૃષ્ણાદિ અવતારો, મહારાજા પ્રતાપસિંહજી, શિવાજી, મહાત્મા ગાંધી, તિલક મહારાજ એવા એવા અનેક નર રત્નોને જન્મ આપનારી માતાઓ પણ તમારા જેવી જ હતી.

સીતા, દમયંતી અને સાવીત્રી જેવી માતાઓ પણ માતાના પેટે જ અવતરી હતી. આપણી જ જ્ઞાતિનાં સરોજિની નાયડુ (મદ્રાસ તરફ કણબી જ્ઞાતિને નાયડુની ઉપમા અપાય છે), એ પણ તમારી જ બેન છે. આગળના દાખલાઓ ન લેતાં એક દાખલો અત્યારનો જુઓ. ભારતની દેવકન્યા સમાન શ્રીમતી સરોજિની નાયડુ દેશના માટે શું શું કાર્ય કરી રહ્યાં છે, આફ્રિકાની ગોરી પ્રજાને હચમચાવી રહી છે. એ પણ આપણી જ્ઞાતિની જ બેન છે. તો તમે બીજું કાંઈ ન કરી શકો તો પણ આપણી જ્ઞાતિના હિતમાં પોતાના પતિને સહાનુભૂતિ આપ્યા સિવાય કેમ ચાલે ? તમો તો શક્તિનો અવતાર છો, તમો ધારો તે કરી શકો, માટે જ મારી નમ્ર વિનંતી ધ્યાનમાં લેશો અને જ્ઞાતિના ઉદયમાં તમારો પણ હિસ્સો હોવો જ જોઈએ જે ભૂલશો નહીં. છેવટે અન્ય જ્ઞાતિના ગ્રહસ્થો, વિદ્વાનો, પંડિતોએ ભારી કૃપા દષ્ટિ કરી અમારી દુઃખી જ્ઞાતિની દાઝ હૃદયમાં ધરી અમારા દુઃખમાં ભાગ લેવા પધાર્યા છો, તેનો ઉપકાર હું શી રીતે વાળું ? તમને તો મારા નમસ્કાર છે, નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે જેવી રીતે આજે આપ પધાર્યા છે, તેવી જ રીતે અમારી જ્ઞાતિનું કાર્ય ચાલે ત્યાં

સુધી બાકીના બે દિવસોએ પધારીને તમારી વિદ્વત્તાની પ્રસાદી અમારા જ્ઞાતિભાઈઓને આપવા કૃપા કરશો, એટલું જ નહીં પણ અમારી જ્ઞાતિ અજ્ઞાનના અંધકારમાં ગોથાં ખાય છે, તેનો હાથ પકડી સત્યના સૂર્યનાં દર્શન કરાવવા તમારાથી બને તેટલું કરી અમને અમારી જ્ઞાતિ સુધારવામાં મદદ કરશો એ મારી પ્રાર્થના છે.

સભામાં પધારેલ દરેક ભાઈઓ તથા બહેનોએ મારું ભાષણ શાન્તિપૂર્વક સાંભળ્યું છે, એટલું જ નહિ પણ અમારા આમંત્રણને માન આપી આપે ખાસ તસ્દી લઈ અમારા જ્ઞાતિહિતના કાર્યને દીપાવવા અમને અનુકૂળતા કરી અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેના માટે અમો તમારા હંમેશના ઋણી રહેશું. આટલું બોલી મારું ભાષણ પૂરું કરું છું અને પરિષદના કાર્યમાં જોડાવાને દરેક ભાઈઓ તેમજ બહેનોને વિનંતી કરું છું.

સ્વાગત કમિટીના પ્રમુખનું ભાષણ સમાપ્ત થયા પછી પરિષદના સેક્રેટરી ભાઈ નારાયણજી રામજીએ પરિષદના પ્રમુખ મહાશય હવેથી પોતાનું ભાષણ શરૂ કરશે તે તમો એકચિત્તથી સાંભળશો એવું જાણ કરતા સભાના સર્વ માણસોએ તાળીઓના ગડગડાત સાથે ઊભા થઈ પરિષદના પ્રમુખ મહાશયને માન આપ્યું હતું અને શેઠ ચંદુલાલ મણિલાલ દેસાઈને પોતાનું વિદ્વત્તાભર્યું વ્યાખ્યાન શરૂ કરેલ જે નીચે મુજબ છે.

પરિષદના પ્રમુખ શેઠ ચંદુલાલ મણિલાલ દેસાઈનું ભાષણ

પ્રિય જ્ઞાતિબંધુઓ, સદ્‌ગહસ્થો, માતા અને પૂજ્ય બહેનો, મોહમયી મુંબઈ નગરના એક અંગ રૂપ ગણાતા ઘાટકોપરમાં શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદના ત્રીજા મહોત્સવના પ્રમુખપણાનું અપૂર્વ અને અનુપમ માન આ સેવકને આપવાની આપ સર્વે ભાઈઓએ કૃપા કરી છે માટે હું તમારો અત્યંત આભારી છું.

પ્રમુખપદની દરખાસ્ત મૂકનાર શ્રીયુત નારાયણજી રામજીભાઈએ મને ઉદ્દેશીને જે માનપ્રદ શબ્દો ઉચ્ચાર્યા છે, એટલું જ નહીં પણ જે મહાન વિશેષણો વાપર્યા છે, તે મારી મિથ્યાભિમાની વૃત્તિને ઉત્તેજન કરનારા છે, એટલું જ નહીં પણ એ સર્વ અતિશયોક્તિ ભરેલા છે. મારા તરફના તેઓના સ્નેહના પક્ષપાતને લઈ મારા જ વખાણ કર્યાં છે તેના માટે તેમનો અને બીજા ભાઈઓ જે પ્રમુખપદ માટે ટેકો આપ્યો છે, તે સર્વેનો ઉપકાર માનું છું.

ઈશ્વર-કૃપાથી આપણી બહોળી જ્ઞાતિમાં તેવા અનેક નરરત્નો આપણી જ્ઞાતિમાં છે કે જેની આગળ હું અલ્પ સમાન છું. આ સભાની અંદર પણ મારા કરતાં વિદ્વાન, બુદ્ધિવાન, નીતિવાન, વિનયવાન, પરોપકારી, કાર્યકુશળ અને બીજા અનેક ઉત્તમ સદ્‌ગુણોથી ભરપૂર સમગ્ર જ્ઞાતિ સમૂહને શોભાવે તેઓમાના કોઈ ભાઈની આ ઉચ્ચસ્થાને યોજના થઈ હોત તો વ્યવહાર ઈટીની યોગ્યતા વધારે જળવાત, અને કાર્યસિદ્ધિનો માર્ગ વધારે સરળ થાત.

પ્રિય જ્ઞાતિબંધુઓ, આવડી મોટી ગંજાવર સભાના પ્રમુખપણાની જુમેદારી કંઈ નાનીસૂની નથી. મારા જેવા સાધારણ માણસના ગજા ઉપરનું કામ છે. છતાં આપ સર્વે મુરબ્બી ભાઈઓની આજ્ઞાને માન આપી એ ભાર ઉપાડવાનો સ્વીકાર કરવાં મેં સાહસ કર્યું છે, તે એવી ઉમેદથી કે, આપણી જ્ઞાતિની પરિષદના કાર્યવાહકો, વિદ્વાનો તથા અન્ય સર્વે ભાઈઓ, મારા દોષને તથા અપૂર્ણતાઓને સુધારી લઈ શુદ્ધ અંતઃકરણથી અને ભ્રાતૃભાવથી મારી સહાયતામાં રહેશે એવી આપને પ્રાર્થના કરું છું. સ્વજ્ઞાતિ પ્રત્યેનો સેવાભાવ તો મેં લાંબા સમયથી સ્વીકાર્યો છે અને આજના પ્રસંગથી એ બંધન અતિબળવાન બને છે. આપે સોંપેલું કાર્ય વિકટ છે, પણ મારી અલ્પ શક્તિ પ્રમાણે બનતી સેવા કરીશ.

આપણો ઈતિહાસ શું દેખાડે છે ?

વ્હાલા ભાઈઓ અને બહેનો, દેશના જુદાં-જુદાં ભાગોમાં તસ્દી લઈ અને સંકટો સહન કરી પૈસાનો ભોગ આપી આપણે અત્રે એકત્ર થયા છીએ, એ ઉપરથી એ અનુમાનો થાય છે કે આપણે અત્રે એકઠા થવું ઘણું જરૂરી છે. કોઈપણ કાર્ય જરૂરિયાત વગર કોઈ કરતું નથી. આ સભામંડપમાં આપણને હાજરી આપવાથી જે

આનંદ થાય છે તે જાણે દૈવી આનંદ ન હોય એવું મને સમજાય છે, કોઈ દુઃખી માણસના દુઃખનું આપણા હાથે નિવારણ થતાં હૃદયમાં જે આનંદ થાય અને તેનું અંતઃકરણ આપણા તરફ જે માયાભરી દૃષ્ટિથી ખેંચાતું હોય તે ભાવથી આજે આપણાં અંતઃકરણો એકબીજા બંધુઓના દર્શનથી આનંદિત થાય છે. સ્વ જ્ઞાતિના હિતમાં આપણું પણ હિત સમાયેલું છે, તેથી એ ઉદ્દેશ હંમેશાં યાદ કરીને જ્ઞાતિહિતના કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અહીંયા આપણે એક જ ગામ કે પરગણાના હિત માટે મળ્યા નથી, પરંતુ આપણી જ્ઞાતિ કચ્છ-કાઠિયાવાડ, ગુજરાત, માળવા, નિમાડ જેવા દેશોમાં આપણે રહીએ છીએ છતાં એક જ કુટુંબનો આપણો આ પરિવાર છે, તે કોઈ કાળે ભૂલવું જોઈતું નથી. ઘણો કાળ થઈ જવાથી દેશ ચાલ મુજબ આપણે પહેરવેશ અને બોલવામાં એકબીજાથી જુદાપણું લાગે છે, પરંતુ આપણા મુખ્ય રિવાજો ધર્મ, કુળ અને અસલ સ્થળો જોતાં આપણે એક જ જ્ઞાતિના બંધુઓ છીએ એમ સમજવા સિવાય રહેતું નથી. તેના અનેક ઐતિહાસિક દાખલાઓ આજે પણ મોજૂદ છે, આપણા વડીલોએ ગામો વસાવ્યાની તેમજ આપણી પ્રાચીન જાહોજલાલી ભરેલી સ્થિતિ જેને જાણવી હોય તેમણે આપણી જ્ઞાતિના નરરત્ન સ્વર્ગસ્થ કર્મવીર બંધુ ભાઈશ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈએ રચેલા શ્રી "કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ" નામના પુસ્તકનો અભ્યાસ કરવો કણબી ક્ષત્રીય ઉત્પત્તિ અને ઈતિહાસ નામનું પુસ્તક આપણી જ્ઞાતિના માટે "રામાયણ અને મહાભારત"ની ઉપયોગીતા જેવું છે, આપણી જ્ઞાતિનો સાચો ઈતિહાસ તેમાં સમાયેલો છે, માટે એ પુસ્તક જ્ઞાતિના દરેક ભાઈએ અવશ્ય વાંચવું અને મનન કરવું જોઈએ. એ ઈતિહાસમાં આપણી કચ્છ તરફની કડવા પાટીદાર જ્ઞાતિનો પણ ઈતિહાસ છે, અને એ ઐતિહાસિક દૃષ્ટિએ આપણો જ્ઞાતિ સંબંધ જે જળવાઈ રહ્યો છે, તે જાણી મને ભારે આનંદ થાય છે. સંવત ૧૫૮૦ની સાલથી તે સંવત ૧૯૩૨ની સાલ સુધી ગુજરાતનાં જુદાં જુદાં ગામોમાંથી કચ્છ તરફ પાટીદારો ગયાનો ઉલ્લેખ કુરમી ક્ષત્રિય ઉત્પત્તિમાં છે અને એ વાત બરાબર બંધબેસતી આવે છે. કચ્છની રેતાળ અને ડુંગરાળી ભૂમિને નંદનવન સમાન બનાવનાર તમારા જ વડીલો છે અને જુદાં જુદાં ગામો વસાવી, આબાદ સ્થિતિમાં ત્યાં તમારી પટેલાઈ હજુ ચાલે છે. દેશ કાળના પરિવર્તનથી અજ્ઞાનતામાં આપણી જ્ઞાતિમાં જે અધર્મયુક્ત રીતરિવાજોએ ઘર કર્યું છે તેને નિર્મૂળ કરવા દેશનાં જુદાં જુદાં ભાગોમાં પ્રવૃત્તિઓ ચાલુ છે, અને તે જ પ્રમાણે કચ્છમાં પણ જ્ઞાતિસુધારકોએ એ જ હિંમત ઉઠાવી છે; આ બધી અજ્ઞાનતાઓ આપણામાં જે આવી ગઈ છે, તે કેળવણીના અભાવે.

કોમની કેળવણી સંબંધી હાલત કંગાલ

ગુજરાત, કાઠીયાવાડ અને નિમાડ માળવામાં આપણી જ્ઞાતિ વસે છે. ત્યાં કેળવણીનું જે પ્રમાણ છે, તેથી કચ્છમાં આપણી જ્ઞાતિનું કેળવણી પ્રમાણ તદ્દન કંગાલ હાલતમાં છે. મને ભારે અજાયબી થાય છે કે હિંદુસ્તાન દેશ માંહે નાના મોટાં સાતસો રડવાડાં છે, કચ્છનું રાજ્ય એ મહારાજ્યની ગણત્રીમાં છે. કચ્છ રાજ્ય એ સ્વતંત્ર રાજ્ય છે. બ્રિટિશ સરકારની ઝાઝી દખલગીરી ત્યાં નથી, ચલણી નાણું રાજાના સિક્કામાં ચાલે છે, હથિયારોની ત્યાં તદ્દન છૂટ છે, ખેતીવાડી કરવાવાળા ભાઈઓની વીઘોટીનો ત્રાસ નથી, ઉત્પન્નમાંથી અમુક રાજ્ય ભાગ તરીકે અપાય છે, ઊપજ ન હોય તો કશું આપવાનું નથી. રાજ્યમાં નિમકવેરો બિલકુલ નથી, તે સિવાય કચ્છના મહારાવશ્રીએ અનાજનો એક પણ દાણો પરદેશમાં ન જાય તેનો સખ્ત બંદોબસ્ત કાયદાથી કરેલો છે, એટલે એ દેશની પ્રજાને દુકાળના વર્ષોમાં પણ મોંઘવારી નડતી નથી. આવાં બધાં સાધનો જે રાજ્યમાં હોય તે રાજ્યની પ્રજાની ઉન્નતિ કેમ ન સંભવે છે ? છતાં કચ્છમાં કેળવણીની ખામી ભારે દેખાય છે, અને એ કેળવણીના અભાવે આપણી કણબી જ્ઞાતિને જડવત્ બનાવી મૂકી છે, તે તેનું એક મુખ્ય કારણ છે.

આગેવાનોના જુલ્મોની કથા

મેં કચ્છી પાટીદાર ભાઈઓની ઘણી મીટિંગોમાં ભાગ લીધો છે, અને તે મીટિંગોમાં કચ્છી કણબી જ્ઞાતિના આગેવાનોના જુલ્મોની અને પીરાણા સતપંથની વાતો ઘણે ભાગે વધુ ચર્ચાય છે, એ મારા અનુભવમાં છે, તે સિવાય-કચ્છ કડવા પાટીદાર પરિષદ પહેલી અને બીજીના

રિપોર્ટ વાંચ્યા પછી મને અનેક પ્રકારના વિચારો થાય છે. આપણી કડવા પાટીદાર જ્ઞાતિ દેશના જુદા જુદા ભાગોમાં વિસ્તાર પામેલી છે અને ઠેક ઠેકાણે નાતજાતને લગતી તકરારો જ્ઞાતિના સમજુ પુરુષો મારફત પતાવવાનો રિવાજ ઘણો જ પ્રાચીન થઈ ગયો છે. તે જેટલો ઈષ્ટ છે, તેટલો જ હાલમાં તો ખાસ કરીને કચ્છ દેશમાં આગેવાનોના સ્વાર્થી અને અન્યાયી દોરનો ભોગ થઈ પડ્યો છે. કચ્છના આગેવાનોની જુલ્મી સત્તા અને અધમતાના ઇતિહાસો કહેવા બેસીએ તે કેટલાંયે પુસ્તકો લખાય પરંતુ આપણું કર્તવ્ય અજ્ઞાન અને અધર્મી સ્વાર્થી માણસોની કાળી બાજુ ચીતરવામાં જ સમાયેલું નથી, પરંતુ તેઓને સુધારવા માટે જે જે ઉપાયો લેવા ઘટે તે લેવા દરેક બંધુઓને મારી તો સલાહ એ છે કે તમારા માંહેના જ્ઞાતિસુધારક ભાઈએ આગેવાનોના જુલ્મની ફરિયાદ કોર્ટ મારફતે નહીં પણ ખુદ મહારાજાની રૂબરૂ જણાવવી જોઈએ.

કચ્છના રાવ પાસે ડેપ્યુટેશન મોકલવાની હિમાયત

કચ્છના મહારાવશ્રી પોતાની પ્રજાની પાયમાલી પ્રજાના હાથે કેમ થવા માટે તે માટે આ સંબંધે તમારામાંથી થોડા ભાઈઓનું ડેપ્યુટેશન મહારાજા હજૂર પાસે જવું જોઈએ અને ધીરજથી તમારી બધી વાતો તેમને યોગ્ય રીતે સમજાવવી જોઈએ. મારી પાકી ખાતરી છે કે તમને એટલે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિ, જ્ઞાતિના આગેવાનો થી ગુલામી દશા ભોગવે છે, તેથી જરૂર મુક્ત થઈ શકે. દરેક જ્ઞાતિમાં આગેવાનો હોય છે, તેમને પટેલાઈનો મોહ પણ રહે છે, જ્ઞાતિભાઈઓ ઉપર જોરજુલમ પણ કરે છે. પરંતુ કચ્છના પટેલોને માફક નહીં. પૈસાના સ્વાર્થની ખાતર અમારા તરફના પટેલો આવો જુલમ કરે તો એક દિવસ પણ તેઓની પટેલાઈ ચાલે નહીં.

દરેક માણસે પોતાના પગ પર ઊભા રહેતાં શીખવું જોઈએ

કચ્છના કણબી જ્ઞાતિના પટેલોના ઈતિહાસો વાંચી હૃદયમાં કંપરી છૂટે છે. અને તેની સાથે સાથે કચ્છના કડવા પાટીદારોની ભીરુતા, નિર્માલ્યતા અને મૂર્ખાઈ પણાની પણ હદ આવી જાય છે. કરાંચીમાં મળેલી બીજી પરિષદના રિપોર્ટમાં જે હેવાલ પ્રગટ થયો છે તે ઉપરથી તો એમ જ કહેવાય કે આ પ્રજા હજુ તદ્દન અજ્ઞાન અને જડ જ છે. દરેક માણસે પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઈએ. આત્મબળથી મનુષ્ય ધારે તે કરી શકવા સમર્થ થાય છે. તેના દાખલામાં હું જણાવીશ કે ભાઈશ્રી નારાયણજી રામજીભાઈ તરફથી થોડા વખત પહેલાં એક "પ્રાસ્તાવિક નિબંધ" બહાર પડેલ છે, તેમાં કેટલાંક કુટુંબોએ પીરાણા પંથ આગેવાનોના જુલમને ન ગણકારતાં પોતાની સ્વતંત્રતા સિદ્ધ કરી છે. તે જ પ્રમાણે દરેક માણસો જો વરતે તો આજે આપણા ઉપર કોઈ જુલ્મ કરી શકે તેમ નથી, તે સિવાય પીરાણાના પાખંડી મતના પંથે ચાલીને આજે કચ્છ પાટીદાર ભાઈઓની કેવી અધમ દશા થઈ ગઈ છે, તે સર્વ કોઈના ધ્યાનમાં છે. પ્રાસ્તાવિક નિબંધમાં તેમજ સ્વાગત કમિટીના પ્રમુખશ્રી ભાષણમાં એ સંબંધે ઈશારો કરવામાં આવ્યો છે. આપણી ભાવના ભ્રષ્ટ કાં થઈ ?

સૈયદ ઈમામ શાહના પંથના માર્ગે ચઢાવથી આપણી ભાવનાઓ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ. કેટલાક રીત-રિવાજોમાં પણ અધમતાએ પ્રવેશ કર્યો છે, જ્યાં કાચું સોનું પાકે એવા રસાઈ ગુજરાત પ્રદેશનો ત્યાગ કરી કચ્છમાં આપણી જ્ઞાતિને જવાનું મૂળ કારણ પણ પીરાણા મતનો સ્વીકાર કરવાથી જ થયું છે, અધર્મયુક્ત અધમ પંથને વળગી રહેવાની લાલસા વધતી ગઈ, જેના પરિણામે જીવન ખારાં ઝેર જેવાં થઈ ગયાં. ધન ગયું, માન ગયું, વિદ્યા ગઈ જેના લીધે બુદ્ધિ ગઈ અને સારું સમજવાની શક્તિનો પણ લોપ થઈ ગયો. આમ, અધર્મરૂપી ઝેરી ભાવનઓ પેઢી દર પેઢી ઊતરતી આવી. અફસોસ બંધુઓ, એ સ્થિતિનું જેને ભાન થાય તે તો જરૂર પોતાના ભાઈઓની દયાજનક સ્થિતિ ઉપર આંસુ પાડ્યા સિવાય રહે જ નહીં, પરંતુ એ આંસુ અને હૃદયના ઊભરા કયા ધર્મથી પોસાતાં હૃદયોમાં આવે. એ વાત કોણ સમજી શકે. અરે સમજવા પણ કોને ? સમજવા માટેની વિચાર શક્તિ અને બુદ્ધિ જોઈએ તે ક્યાંથી લાવવી ? તે શક્તિ બક્ષનારી વિદ્યાદેવી અને

એને આપણે કેટલી પેઢીઓનું અંતર તે મહાદેવી સરસ્વતિ આપણા ઉપર પ્રસન્ન કેમ થાય.

મરાઠી સાખી

ધર્મ કર્મને ધોઈ નાખ્યાં
ગાડર સમ ઝુકાવી,
ઉપરથી ઉપહાસ્ય કરાવી,
ગાંઠનું ગરથ ગુમાવી આવી,
રસમય થકી ભાવી ભૂસયું
શરમ જરી નાવી - આવી રસમ,

અધમ દશા માટે અફસોસ

કચ્છના કડવા પાટીદાર ભાઈઓની અધમ દશાના માટે અફસોસ પણ કેટલો કરીએ; આંખે પાટા બાંધી ઈમામશાહને ઈંદ્ર માની લીધો. અમરાપુર મહાલવાની અજ્ઞાન લાલસાએ પાંચ પાંડવ મળી ગૌવધ કીધાની અને સતી પંચાળીને મસ્તક ચામડાં લીધાની વાત પણ સાચી માની લીધી. ફરમાનજી બીસમીલ્લાના કલમા પઢતાં પણ શરમાયા નહીં. દશોંદના દોકડા ભરી ભરી તૂટી ગયા અને બેસ્ત મુકામે પહોંચ્યા પહેલાં તો પરદેશનાં ઝાડ જોવાં પડ્યા. કરવત ખેંચવાની સ્થિતિ પ્રાપ્ત થી, બીજું શું થાય. જ્યારે સગાં, કુટુંબ, બહેન, ભાઈ વગેરેના હિતનો વિચાર આવે નહીં અને અમરાપર પહોંચવાના ખોટા લોભ લોક લજ્જાનો ખ્યાલ પણ મટી જાય અને પાખંડી પીરાણા મતના ઉપદેશની ગોળીઓ જેમને ગળી લાગે તેમની સ્થિતિ બીજી કઈ રીતે વધારે સારી હોવાનું સંભવે પરંતુ એ ધર્મને પોષવાના લાગાઓ ભરવા ઉપરાંત જગતની દષ્ટિએ હલકા દેખાવાનું અને નાક કપાવવાનું દુઃખ જે ભાઈઓના કર્મે આવી પડે તે પણ જ્યારે ફરજિયાત જેવું તેને થઈ પડવાનું દુઃખ પ્રાપ્ત થાય. તેની કઈ દશા ? પાટીદારનું જેનામાંપાણી હોય તે તો જરૂર પોતે જાતે તેમાંથી છૂટવા અને બીજાઓને પણ છોડાવવા પ્રયત્ન કરે જ, તેમ કરવાનો એને જન્મ સિદ્ધ હક પ્રાપ્ત થયેલો હોય છે, અને એ વાતનો કોઈનાથી ઈનકાર પણ થઈ શકે તેમ નથી, માટે સભામાં બેઠેલા તમામ ભાઈઓ અને બહેનોને મારી નમ્ર વિનંતી છે કે આપણી કડવા પાટીદાર જ્ઞાતિ તેમાં પણ કચ્છ વિભાગમાં, પીરાણા પંથનું જે પાખંડ આપણી જ્ઞાતિમાં ઘૂસી ગયું છે, તેને સત્વર નાબૂદ કરવા પોતાની બનતો પ્રયત્ન અવશ્ય કરવો, આજ દિવસ સુધી કચ્છનાં તરફથી પણ હવે તે સંબંધે યોગ્ય બંદોબસ્ત કરવાના ઉપાયો હું અમારા ગુજરાતી ભાઈઓને મળીને કરીશ. આ કાર્ય હિંદુ સમગ્ર જ્ઞાતિએ ઉપાડી લેવાની ખાસ જરૂર છે.

ગુપ્ત પંથનો સડો

મને લાગે છે કે આપણે ઘણા જ મોડા જાગ્યા છીએ. અપવાદ રૂપે ગુજરાતમાં કેટલીક હિંદુ ગણાતી જ્ઞાતિઓમાં આ પંથ છૂપી રીતે માનવામાં આવે છે, અને તે પંથને ગુપ્ત પંથ પણ કહેવામાં આવે છે. તેથી જ આ ગુપ્ત પંથનો સડો આગળ વધ્યો છે. આ પંથના યોજકોએ હિંદુઓને વટલાવીને મુસલમાન કરવા માટે જ આ ગુપ્ત પંથની યોજના કરી છે. તેનો તો દરેક હિંદુ ભાઈઓએ સાચા હૃદયથી તનતોડ મહેનત કરી એવા ગુપ્ત પાખંડી મતની હિંદુ સમાજમાંથી જડ કાઢી નાખવી જોઈએ છે. આ વિષયમાં મારે ખાસ કહેવાનું હતું અને તે મારાથી જેટલું કહેવાયું છે, તે તમો સૌ ભાઈઓએ તેમજ બહેનોએ સાંભળ્યું છે, માટે તેનો સત્વર ઉપાય કરવા હું તમોને વિનંતી કરું છું.

બાળલગ્નની નાશકારક રૂઢી

તે સિવાય આપણી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિમાં જે બાળલગ્ન કરવાથી આપણી અધોગતિ થઈ રહી છે, તે તમો સર્વભાઈઓ જાણો છો. અમારા તરફ ગુજરાતમાં પણ વરકન્યાની લાયકાત જોઈ યોગ્ય ઉંમરે લગ્ન કરવાથી પ્રથા શરૂ થઈ ગઈ છે અને લગ્નો થયાં છે. એક જ તિથિએ લગ્ન કરવાની પ્રથા કેવા સંયોગોમાં આપણામાં પેસી ગઈ છે, તે સંબંધે ઘણા મતમતાંતરો છે. પરંતુ તે ગમે તે કારણે આ રૂઢિ આપણામાં પ્રચલિત છે, પરંતુ હવે એ જૂના વહેમોને સુધારક ભાઈઓ મચક આપતા નથી. મારા સાંભળવા પ્રમાણે કચ્છમાં પણ આપણી જ્ઞાતિમાં બાળલગ્નો અને એક જ તિથિએ લગ્ન થાય છે અને એ બાળલગ્નની નાશકારક રૂઢિએ આપણી જે પાયમાલી કરી છે, તે તમો સર્વ ભાઈઓના ખ્યાલમાં છે.

મને જાણીને ભારે આનંદ થાય છે કે, કચ્છમાં પણ ઘણા ભાઈઓ પોતાના છોકરાઓને એક જ તિથિ અને લગ્ને પરણાવતા, અનુકૂળ તિથિઓએ અને યોગ્ય ઉંમરે લગ્ન કરવાની વાતો બહાર આવી છે. તમારા માંહેલા ભાઈશ્રી નાયાભાઈ ગામ વીરાણીવાળા પોતાની દીકરીનાં પંદર વર્ષની બેન દેવકુંવરનાં લગ્ન ચાલુ વૈશાખ માસમાં કરવાના છે, આ શુભ વરસોની જૂની અને હાનિકારક રૂઢિ અશુભ રૂઢિઓનો જલદી અંત આવશે એ ચોક્કસ છે. બાળલગ્નના સંબંધમાં દરેક સારી પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જેથી એ ચોક્કસ છે કે આપણી જ્ઞાતિને ભારે કલંકરૂપ તેમજ હાનિકારક આ રૂઢિ હવે નાશ પાવાની બાળલગ્નના પરિણામે કજોડાંનો સંબંધ સંસારને ઝેરરૂપ બનાવે અને તેના પરિણામે છૂટાછેડા એટલે છૂટકો કરવાનો રિવાજ આપણામાં પડી ગયો છે, તે જો બાળ લગ્ન અટકાવે અને યોગ્ય ઉંમરના બાળકોની લાયકાત જોઈ સંબંધો કરવાની આપણે કાળજી રાખીશું તો છૂટાછેડા જેવા નામોશીભર્યા રિવાજનો અંત જ આવેલો પડ્યો છે. કન્યા વિક્રય આપણી જ્ઞાતિમાં અપવાદ રૂપ કોઈક જગ્યાએ હશે. કચ્છમાં કન્યા વિક્રય થાય છે. ગુજરાતમાં પણ અપવાદરૂપે થતો હશે, કાઠીયાવાડમાં કન્યા વિક્રય વધારે પ્રમાણમાં થાય છે, એ ભારે નીચું જોવડાવની આપણી જ્ઞાતિના શીરે કલંક છે, ગમે તે વિભાગમાં એ અધમ રિવાજ ચાલુ હોય તો પણ કલંક તો આપણને લાગે માટે તેનો તાત્કાલિક ઉપાય કરવો જ જોઈએ.

કન્યા વિક્રય કરવો એ ક્રૂરતાનું કામ છે

કન્યા વિક્રય જેવું બીજું કોઈ પાપ નથી. પોતાના શરીર અને લોહીમાંથી ઉત્પન્ન થયેલી કન્યાને વેચનારો પીતા સર્વ પાપીઓમાં પાપી છે. બંધુઓ, કન્યા અને ગાય જ્યાં દોરો ત્યાં જાય એ કહેવત પ્રમાણે બીચારી બાળક અજ્ઞાન અને વડીલોની આજ્ઞાને માથે ચડાવનારી કન્યા જ્યારે તેના પેદા કરનાર પિતાના સ્વાર્થનો ભોગ થઈ પડે, ત્યારે પછી જણીને તરત પોતાનાં બચ્ચાંને ખાઈ જનારી નાગણમાં અને એવાં માતાપિતમાં શો તફાવત રહ્યો. દરેક મનુષ્યનો એ ધર્મ છે કે પોતાનાં બચ્ચાંઓને પાળી-પોષી યોગ્ય ઠેકાણે ઘરસંસાર ચલાવવાને શક્તિવાન બનાવવાં એવો જે ઉત્તમ ધર્મ માતપિતાનો કહેવાય. તે ધર્મ ત્યજીને પોતાના ઉદરથી ઉત્પન્ન થયેલી કન્યાનો વિનાશ કરવા લાગે. પિતા અને માતા જ જ્યારે કસાઈ બનીને કન્યાના ગળામાં ફાસો નાખે. રક્ષક જ્યારે ભક્ષક થાય અને વાડ જ્યારે વેલાને ખાય ત્યારે તેમને આધારે રહેલાં બીચારા ગરીબ બચ્ચાંઓનું શું થાએ. ખરેખર કળીયુગમાં અને તે પણ હિંદુ સમાજમાં આ કેવા પ્રકારનું ઘોર કર્મ કહેવાય. પ્રભુ સર્વને સદ્‌બુદ્ધિ આપે અને હિંદુ જન સમાજ આવાં નીચ કર્તવ્યો કરતાં અટકે એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

પ્રિય જ્ઞાતિભાઈઓ, આપણી જ્ઞાતિની અધોગતિ કરનારી અનેક રૂઢિો અને રિવાજો છે. તેમાં પણ આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતિને ગંભીર નુકસાન પહોંચાડનાર તો મરણ પાછના આશાસ્ત્રોક્ત જમઓ જ છે, જો કે આ રિવાજ બધી જ્ઞાતિઓમાં છે, છતાં પણ આપણી જ્ઞાતિએ આ રિવાજને ઘણું જ વધુ પડતું માન આપવાથી આપણી આર્થિક સ્થિતિની ભયંકર હાલત થઈ ગઈ છે.

મરણ પાછળના જમણવારો

બંધુઓ, આપણો ભાઈ, બાપ કે આપણને જન્મ આપનારી માતા ગુજરી જાય કે જેના મોઢાનું દર્શન આપણે ફરીથી કરવા પામતા નથી, તેમજ આપણા ઘરસંસારનો બોજો ઉપાડનારી આપણી ગૃહિણી કિંવા ધર્મની પત્ની આપણને છોડી જાએ, અગર હંમેશના માટે પત્નીનો ત્યાગ કરી તેને એકલી નિરાધાર દુઃખદાયક સ્થિતિમાં છોડી તેનો પતિ સ્વર્ગે સીંધાવે એ પ્રસંગેને આપણે કયા પ્રકારનો ગણી શકીએ. એવા પ્રસંગે ઘઉં, ઘી અને સાકરના પદાર્થો વડે બનાવેલા મિષ્ટાન્ન ભોજન જમાય ખરાં ? આ કૃત્ય તદ્દન અધર્મયુક્ત અને માણસ જેવા પ્રાણીને માટે તો લાયક નથી જ. એટલા માટે આપ તેને તીલાંજલિ આપી તેવાં જમણો નહીં કરવા અને ખાવા પ્રતિજ્ઞા કરશો તો આપણે ઉઠાવેલા પરિશ્રમનું કાંઈક સાર્થક થયું ગણાશે, અમારી તરફ છેલ્લાં પંદર વર્ષથી અમે આ પ્રકારનાં પ્રેત-ભોજનો જ્ઞાતિમાંથી અટકાવવા પ્રયત્ન કરીએ છીએ, તમારા પૈકીના કેટલાંકે 'માતા પિતાનું પ્રેતભોજન' નામે આખ્યાન અમારા વિદ્વાન બંધુ દેસાઈ અમરસિંહજી કરતા હતા તે તમોએ સાંભળ્યું હશે, અમારા તરફ ગુજરાતમાં આખ્યાનની સારી અસર થઈ છે. આપણાં હિંદુ શાસ્ત્રોમાં મરનારી

પાછળ શ્રાદ્ધ ક્રિયા તેમજ પુન્યદાન કરવાનો વિધિ કહ્યો છે અને તે જ પ્રમાણે દશા એકાદશા શ્રાદ્ધાદિક ક્રિયાઓ તો અવશ્ય કરવી જ જોઈએ. પરંતુ મરણ નિમિત્તે જમણો કરવાનું ક્યાંય લખ્યું નથી, પરંતુ ચડસાચડસીમાં કુટુંબ, નાત અને ગામનાં ગામો જમાડવાની જે દેખાદેખી પ્રથા વધતી ગઈ, જેના પરિણામે ગામ, ગરાસ અને ખેતીવાડી, રાચરચીલાં વેચીને પણ એ અવસર ફરજિયાત કરવાના લીધે આપણી હાલત ખરાબ થઈ ગઈ છે. કચ્છમાં તેમને ગુજરાતમાં અને બીજા દેશોમાં આ હાનિકારક રિવાજો આપણી આર્થિક સ્થિતિનું ભારે નખોદ વાળ્યું છે. તમો બધા બારીકાઈથી વિચાર કરશો તો તમને સ્પષ્ટ જણાશે કે આપણે દેશ છોડી પરદેશ આવ્યા છીએ તેનું મૂળ કારણ પ્રેતભોજનનો પ્રતાપ છે. આપણા વડીલોએ મરણ પાછળ એવાં ભારી કારજો કરવાથી ગરીબી હાલતમાં આવી ગયેલાં અને તે ગરીબી આપણને વારસામાં મળતી રહી છે, તેનું આ પરિણામ છે.

સુધારાને લીધે થયેલી પાયમાલી

તમારામાંના ઘણા ભાઈઓએ મરણ પાછળ આવા અઘટિત ખર્ચા ન કરવાના અને તેમાં ભાગ ન લેવાના સોગન લીધા છે તેમ તમો બધા વિચારીને કરશો તો આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધરવામાં જરા પણ વાર લાગશે નહિ. આટલું જણાવ્યા પછી મારે તમને એક અગત્યની વાત કહેવાની છે, તે એ છે કે આપણામાં આટલા બધા કુધારા પેસી ગયા અને તે આપણી પાયમાલી કરી રહ્યા છે, છતાં આપણે જ સમજી શકતા નથી અથવ સમજીએ છે, છતાં આપણે જે તરફ ધ્યાન આપતા નથી તેનું મુખ્ય કારણ આપણામાં કેળવણીની ઘણી જ ખામી છે. કેળવણી એનો અર્થ નિશાળમાં ભણ્યા એટલે કેળવણી લીધી એવી આપણી માન્યતા હોય તો તેમાં ભૂલ થાય છે. હું તેની વ્યાખ્યા કંઈક બીજી જ ઢબે કહેવા માંગુ છું. કેળવણી એટલે આ લોક અને પરલોક બન્નેને સુખરૂપ કરવા માટે જે જ્ઞાન મદદગાર થઈ પડે તે જ સાચી કેળવણી અને તે જ સુવિધા મનાય, ત્યારે જ આપણે ચારે પુરુષાર્થને પ્રાપ્ત કરી શકી, હવે ગમે તે જાતની તે ગમે તેવી કેળવણી પ્રાપ્ત કરવા માટે આપણે પ્રથમ તો ભાષાજ્ઞાનની જરૂર છે. ને તે સંપાદન કરવા નિશાળમાં ભણવું જોઈએ, નિશાળથી ભણી ઊઠ્યા પછી વ્યાવહારિક કેળવણીની ખાસ જરૂર છે. સારી રીતે ભણેલા જો કે બી.એ. કે એમ.એ. હોય પરંતુ વ્યાવહારિક કેળવણીના આધારે તેને કેટલાક લોકો વેદીઓ છે એમ કહેવામાં આવે છે, ભણીગણીને વેદીઆનું અપમાન. ડિગ્રી ન મળે તેના માટે જનસમાજ વહીવટથી વાકેફ થવું જોઈએ.

સ્ત્રી અને પુરુષોએ પોતપોતાનો ધર્મ સમજી ઘરસંસાર ચલાવવો જોઈએ. પુરુષોએ પોતાની ધર્મપત્ની પ્રત્યે કિપાળુ બનવું જોઈએ અને સ્ત્રીએ પતિ પરમ પૂજ્ય ભાવ અને પરમેશ્વરની માની વર્તમાં શીખવું જોઈએ. આ કેળવણી બાળવયમાંથી જ પુત્ર-પુત્રીઓ માતાપિતાએ ઘરમાં જ આપવી જોઈએ. ને રીતની ગૃહ કેળવણી જેના પર બીજા અને જનસ્વભાવનો આધાર બાંધવાનો હોય તેનો તો આજકાલ આપણામાંથી તદ્દન લોપ થઈ ગયો છે. આવી વ્યાવહારિક કેળવણીની ખામીથી આપણા કુટુંબમાં સગાંસંબંધીઓમાં કુસંપનાં વૃક્ષો ઊભાં કરે છે, માટે એ ગૃહ કેળવણી પર ખાસ ધ્યાન આપે, તમો સર્વ ભાઈઓને હું વિનંતી કરું છું કે વ્યાવહારિક, માનસિક, શારીરિક અને ધાર્મિક કેળવણીની દરેક મનુષ્ય માત્રને જાણવાની ખાસ જરૂર છે કે વાણીના અભાવે આપણે બાળલગ્ન કરીએ છીએ. બાળલગ્નના પ્રતાપે જ કજોડાં થાય છે તેથી જ છૂટાછેડા કરવાનો રિવાજ હોય તો કન્યાવિક્રય સંભવે જ. કેળવણીના અભાવે ગજા ઉપરાંત મરણ પાછળનાં કારજો કરી આપણે આર્થિક સ્થિતિની પાયમાલી કરી રહ્યા છીએ વધુ શું કહું ! કેળવણીની ખામીને લઈ આપણી ક્ષત્રિય ગણાતી જ્ઞાતિના ભાઈઓ ઈમામશાહ સૈયદનો બતાવેલો પીરાણા સતપંથ તદ્દન અર્ધદગ્ધ મુસલમાની તે પંથને સ્વધર્મ સમજી માનવા લાગ્યા એ શું બતાવે છે છે આપણી મુર્ખતાનો અદ્‌ભુત નમૂનો સાર્થક કેળવણીની મોટી ખામી, દેવોને પણ દુર્લભ એવો આર્યોનો ઉત્તમ આ હિંદુસ્તાન છે, તેમાં બાવીસ કરોડ હિંદુઓ વસે છે, હિંદુ જ્ઞાતિની પવિત્રતા માટે મોટાં સડસઠ સ્થળો પવિત્ર થઈને પરમાત્માના સ્વરૂપમાં લીન થવાના જ્ઞાન માર્ગના માટે ચાર વેદશાસ્ત્ર, અઢાર પુરાણ, શ્રુતિ સ્મૃતિઓ તદ્‌ઉપરાંત ઉપવાસ કરવા માટે તેત્રીસ કોટીદેવતાઓ ભગવાનના અનેક અવતારી સ્વરૂપો, શક્તિ, દેવી, ઈત્યાદિમાં જેને

હિંદુ ધર્મ ન સમજાયો અને સૈયદ ઈમામશાહે બતાવેલા પીરાણા સતપંથના મુસલમાની કબ્રસ્તાની પંથને હિંદુ ધર્મ સમજી માનનારા અજ્ઞાન હિંદુ ભાઈઓની અજ્ઞાનતા એ સિદ્ધ કરે છે કે તેઓમાં ધાર્મિક કેળવણીની ભારે ખામી છે, કેળવણીનો વિષય એ મહાન વિષય છે. એના ઉપર જેટલું બોલીએ એટલું થોડું છે સભામાં એ બધી વાતો ચરચાશે.

પીરાણા પંથનું કલંક

હું મારા કચ્છી પાટીદાર બંધોઓમાંના કેટલાક ભાઈઓના સમાગમમાં ઘણી વખત આવ્યો છું, તેઓની નિખાલસતા અને ભાતૃભાવના માટે મને ઘણું માન છે. વ્યાવહારિક તેમજ ધાર્મિક કેળવણીવાળા ઘણા ભાઈઓ મારા સમાગમમાં આવ્યા છે, તેવા ભાઈઓની અંતિમ ઈચ્છા ધાર્મિક કેળવણીનો ફેલાવો કરી અજ્ઞાન ભાઈઓને સમજાવી, પીરાણા પંથનું કલંક જ્ઞાતિના ભાઈઓ ઉપરથી દૂર કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે. આ પરિષદના મેળવવાનો મુખ્ય આશય પણ તે જ છે, એવા ભાઈઓને પરમકૃપાળુ પરમાત્મા જરૂર વિજય આપશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

પ્રિય બંધુઓ, મારે જે કહેવાનું હતું તે મેં મારી સમજ પ્રમાણે આપને કહ્યું છે. લાખો ઉપકાર માની છેવટના બે શબ્દો લખવા ચાહું છું.

છેવટના બે બોલ

આ નાશવાન શરીરનો કઈ ઘડીએ નાશ થશે તે કાઈ કહી શકાતું નથી તો પણ અનેક પ્રકારની સંસારની જે ઉપાધિઓમાં આપણે રચ્યાપચ્યા રહ્યા છીએ છતાં એ બધાનો ત્યાગ કરી આ શરીરને એક દિવસ જવાનું છે, સાથે કોઈ પણ આવવાનું નથી માત્ર આપણા હાથે કરેલા સારા કર્મ, ધારણ કરેલો ધર્મ, પ્રાપ્ત કરેલું પુન્ય આપણું સાથી થાય છે. આવા નાશવત સંસારમાં પરમ કલ્યાણકારી ધર્મ અને યશને સીધી કરનારી જ્ઞાતિ સેવાને આપ બંધુઓ ભૂલ્યા નથી, ભવિષ્યમાં કદી પણ ભૂલશો નહિ એવી મારી પ્રાર્થના છે. તમો જો પ્રવૃત્તિ જ્ઞાતિસેવાના માટે ચલાવી રહ્યા છો તેને ચાલુ જ રાખશો જેણે જન્મીને પોતાના કુટુંબ કે જ્ઞાતિનું ભલું નથી કર્યું. તેની જિંદગીમાં અને પશુઓની જિંદગીમાં કાંઈ ફેર નથી. પોતાનાં જ્ઞાતિભાઈઓનાં દુઃખ જોઈને જેને હૃદયમાં બળતરા થતી નથી, આંખમાં આંસુ અને અંતરમાં જેને ખેદ નથી થતો એવા લાગણી શૂન્ય હૃદયમાં અને પથ્થરમાં કંઈ ફરક નથી. માટે મારા પ્રિય જ્ઞાતિબંધુઓ મારી તમને એ જ ભલામણ છે કે જે પુરુષાર્થ તમે અત્યારે કરી રહ્યા છો તે જ પ્રમાણે ચાલુ રાખશો તો થોડા વખતમાં આપણી જ્ઞાતિનો ઉદય અવશ્ય થશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. આટલું કહી હું મારું બોલવું પૂરુ કરું છું અને તમોએ મારું કહેવું શ્રદ્ધાપૂર્વક સાંભળ્યું છે, એના માટે મને ભારે આનંદ થાય છે.

એટલું જ નહિ પણ તમોએ જે મને અનુપમ ભારે માન આપ્યું છે તેના માટે ફરી વાર હું આપ સઘળાં ભાઈઓ તેમજ બહેનોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શાન્તિ શાન્તિ

અમારા જ્ઞાતિબંધુઓ આ ભાષણો દ્વારા જાણી શકશો કે આપણી જ્ઞાતિને ઉન્નત કરવાને આપણા બંધુઓ કેટલો શ્રમ અને મહેનત વેઠી રહ્યા છે છે. તો આપણી પણ ફરજ છે કે તેઓના આ શુભકાર્યમાં સહાય કરવા તન, મન અને ધનથી બહાર પડવું આવશ્યક છે.

તંત્રી : "પાટીદાર ઉદય"

સમાજ જાગૃતિની ચેતનાનો લોક જુવાળ કરાંચીની પરિષદમાં છલકાયો હતો...

સી.કે.પટેલ
તંત્રી શ્રી પાટીદાર સૌરભ

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ પહેલી બેઠક - કરાંચી (તા. ૮-૯-૧૦-૧૧ મી ઓગષ્ટ સને ૧૯૨૦)

કરાંચીમાં કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિની સભા બોલાવવાની વાત કરવી સહેલી હતી પરંતુ તેવી વાત સ્વીકાર્યા પછી કાર્યની શરૂઆત જયારે થાય છે ત્યારે કામકરવાની અને સાધનો પ્રાપ્ત કરવાની ખરી મુશ્કેલી જણાય છે. તેમાં બહાર ગામથી આવેલા મહેમાનોની સરભરા અને સગવડ કરવાની મુશ્કેલીઓ હોય છે તે તો જેણે એવી મુશ્કેલીઓ પસાર કરી હોય તેને જ ખબર પડે.

ચાલુ સમયમાં કરાચીમાં જેવા મોટા શહેરમાં ઉતારાની સગવડ કરવી એ ઘણી મુશ્કેલીનું કામછે, છતાં સન્માનકારીણી સભાએ મુંબઈથી પધારેલા ભાઈઓના માટે એક વિશાળ જગ્યા શેઠ વાલજી ચના ઉમરસીના પોતાના રહેવાસના મકાનમાં રાખી હતી. પરોપકારી શેઠ સાહેબે મુંબઈથી તેમજ અન્ય સ્થળેથી આવેલા ભાઈઓની સગવડની ખાતર બે મોટા હોલ, એક રસોડું, નળ સંડાસ વિગેરેની ઉત્તમપ્રકારની સગવડ કરી આપવા ઉપરાંત રાત્રી અને દિવસે સેંકડો માણસોની આવજાનું દુ:ખ સહન કરવા ઉપરાંત પોતાની મોટર ગાડી, તેમજ ઘોડાગાડીઓનો પણ છુટથી ઉપયોગ કરવાને આપ્યો હતો.

સભાના મુક્કર કરેલા દિવસોથી અગાઉ ત્રણેક દિવસ પહેલા કેટલાક બંધુઓએ સીંધ, હૈદ્રાબાદ, સખર, સીધાતપુર, મીરપુરખાસ, કોટડી, મલીર વગેરે ગામોએથી પોતાની હાજરી આપવી શરૂ કરી હતી. સભા મંડપની રચના રણછોડ લેનમાં કણબી ભાઈઓ રહે છે એજ મોટા કંપાઉન્ડના વિશાળ ચોગાનમાં કરવામાં આવી હતી. ટુંક વખતમાં સભા મંડપને વિવિધ પ્રકારના ધજા પતાકાથી શણગારીને કીટસન લાઈટની ચારે કોર બતીઓથી સભાના ગૌરવમાં ઓર વધારો કરવામાં આવ્યો હતો.

વોલન્ટીઅરોના માથે જે ફરજ નાખવામાં આવી હતી તે ઘણી સખત હોવા છતાં તેઓ આનંદથી સાથે બજાવતા હતા. સ્વયંસેવકોનો મોટો ભાગ કરાંચીમાં રહેનાર યુવકોનો જ હતો અને તેના કેપ્ટન તરીકે ભાઈ શીવજી લધા નખત્રાણાવાળાએ સભાના કાર્યમાં ઘણી જ મહેનત લઈ તેને દીપાવ્યું હતું. મુંબઈથી પધારેલા ભાઈઓની ભોજનશાળાની વ્યવસ્થા કરાંચીના યુવક મંડળના સેક્રેટરી ભાઈ શીવજી કાનજી તથા ગામ વિરાણીવાળા ભાઈ કરશન માના ખેતાણીએ સ્વીકારી હતી અને બાકીના સીંધ પ્રાંતમાંથી આવેલા મહેમાનો સહુ પોતપોતાના સગા વ્હાલાને ત્યાં ઉતર્યા હતા.

સભા મંડપનું કામરીસેપ્શન કમીટીના પ્રમુખ સાહેબ ભાઈ નાનજી પચાણ તથા ગામવીરાણીવાળા ભાઈ વિશ્રામપાંચા ગાંગાણી તથા ગામનખત્રાણાવાળા ભાઈ ખેતા ડોસા પોકારે સ્વીકાર્યું હતું.

તા. ૮-૮-૧૯૨૦ના રોજે મહેરબાન પ્રમુખ સાહેબ તથા બીજા મહેમાનો મુંબઈ તેમજ સીંધ પ્રાંતમાંથી આવનાર હોવાથી તેમને કરાંચીના સ્ટેશન ઉપર લેવાને સ્વાગત મંડળના કેટલાક સભ્ય નેતાઓ વોલીન્ટીઅરો અને સ્વામીશ્રી રેવાનંદજી તથા રા.રા. નારાયણજી રામજીભાઈ તથારતનસી ખીમજી વિગેરે આશરે દોઢસોએક માણસો સ્ટેશન ઉપર ગયું હતું અને સરઘસના રૂપમાં મહેરબાન પ્રમુખ સાહેબ અને મુંબઈ ઈત્યાદી સ્થળોએથી પધારેલા અન્ય જ્ઞાતિ ભાઈઓ અને બહેનોનું સરઘસ શેઠ ચના ઉમરસીના બંગલે - ઉતારે ગયું હતું. તેમજ વ્યવસ્થાપક કમીટીના પ્રમુખ સાહેબ તથા આપણી જ્ઞાતિના હજ્જારો ભાઈઓએ આવેલા મહેમાનોને આવકાર આપ્યો હતો.

આજે રવિવારનો દિવસ હોવાથી આપણા ભાઈઓ કોઈ પણ કામધંધે ગયા નહોતા અને તેઓ મુંબઈ તેમજ અન્ય સ્થળોએથી આવનાર ભાઈઓના દર્શન, તેમજ તેમના મોઢાંથી જ્ઞાતિરીતની વાતો સાંભળવાને ઉત્સુક હતા. જેથી સભાનું કામબધા ભાઈઓની ખાસ ઈચ્છાથી તેજરાત્રે આઠ વાગે શરૂ કરવામાં આવ્યું હતું. સભાના ટાઈમથી અગાઉ કરાંચીમાં વસ્તા આપણા ભાઈઓ જુદી જુદી દશ કમ્પાઉન્ડોમાં રહે છે ત્યાંથી બધાં પરવારીને બહેનો તેમજ ભાઈઓએ સાડાસાત વાગ્યા પહેલા તો સભામાં હાજરી આપી હતી.

તે સિવાય આપણા ગુજરાત અને કાઠીયાવાડમાં રહેતા લેવા પાટિદાર બંધુઓની બસોએક ભાઈઓની હાજરી સભામાં જણાતી હતી. વળી કચ્છ દેશના ગુજર સુતાર ભાઈઓ તેમજ ગુજર લુવાર ભાઈઓની મોટી સંખ્યામાં સભામાં હાજરી હતી, કુલ સંખ્યા લગભગ ૨૨૦૦ માણસની હતી. તેમાં ૫૦૦ સન્નારીઓ અને ૧૭૦૦ પુરુષોની સંખ્યા દષ્ટિગોચર થઈ હતી.

સભા મંડપના ત્રણ દરવાજા વિવિધ પ્રકારના ઝાડ પાનોથી શણગારવામાં આવ્યા હતા અને સોનરી અક્ષરે શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ એવા લેખો ટાંગવામાં આવ્યા હતા. સભાના પુલપીટ ઉપર પચીસેક ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. પ્રમુખ સાહેબના માટે અને રીપોર્ટરોના માટે ખાસ બેઠક ગોઠવવામાં આવી હતી.

પ્રમુખ સાહેબના ટેબલ મધ્ય ભાગમાં દેવી શ્રી ઉમામાતાની સ્થાપના કરવામાં આવી હતી. અને તે માતુશ્રીના નીચે એક સુંદર ફોટાને ફુલોથી શણગારવામાં આવ્યો હતો. એ ફોટો આપણી ગુજરાતની જ્ઞાતિના અદ્વિતીય કર્મવીર જ્ઞાતિ ભક્ત, સદ્ગત ભાઈ પુરુષોત્તમદાસ લલ્લુભાઈ શ્રી કડવા પાટીદાર સમાજના જનરલ સેક્રેટરી અને "કડવાવિજય"ના આદ્ય તંત્રી જ્ઞાતિ સુધારક ભાઈનો હતો. આવી રીતે ઉંચા પ્રકારની ધ્યાન ખેંચનારી ગોઠવણ કરવામાં આવી હતી.

આપણી જ્ઞાતિ તેમજ અન્ય જ્ઞાતિના ભાઈઓ તેમજ બેહનોને સભામાં ભાગ લેવા માટે કંઈ પણ ફી રાખવામાં આવી નહોતી, બરોબર આઠ વાગતાં મહેરબાન પ્રમુખ સાહેબ તથા બીજા અન્ય ગૃહસ્થો અને રાજમાન કે.બી. પટેલ વિગેરે સભામાં પધારતાં આખી સભાએ ઉભા થઈ તેમને માન આપ્યું હતું. અને મહેરબાન પ્રમુખ સાહેબની જય, માતા ઉમીયાજીની જય, વિગેરે શબ્દોનો ધ્વની થઈ રહ્યો હતો. ત્યારબાદ સભાની કામકાજની શરૂઆતમાં બેન દેવકુંવર બહેને સંગીતના સાધનો સાથે ઉમીયાદેવીની સ્તુતિ કરનારું મંગળાચરણ ગાયું હતું. જે ઘણું જ મધુર અને મનોરંજક લાગવાથી શ્રોતાઓના હૃદયમાં હર્ષનો પાર રહ્યો નહોતો. તે સંગીત નીચે પ્રમાણે હતું.

કરાંચીની બેઠક વખતે દેવકુંવર બહેને ગાયેલું,

મંગળાચરણ (રાગ - કલ્યાણક)

હે માતુ પાર્વતી, અમે વંદીએ સતી,
અનંત શક્તિ ઈશ્વરી, કૃપા કરો અતી.. ટેક
વિઘ્ન વિહારી કાર્ય સુધારી, જગ જનુની પ્રતીપાળ;
મંગળકારી કર શીર ધારી, લ્યો શિશુની સંભાળ.. હે માતુ.
જ્ઞાન હિત તજી માન બન્યા, મા બાળક દીન સમાન;
હૃદય ચક્ષુ ઉઘાડો સત્વર, થાય સ્વરૂપનું ભાન.. હે માતુ.
લેશ વિલંબ હવે નહિ કરશો, તજો હોય જો રોશ,
અંતરની આશીષ સમરપી, ક્ષમા કરો સહુ દોષ.. હે માતુ.
જનુની આરત અતિ કરાવે, વધે ન વડપણ લેશ;
કષ્ટ મુક્ત સંતાન બનેથી, વડપણ વધે વિશેષ.. હે માતુ.
વરદાઈ વર આપો એવો, પુરણ થાએ કામ;
અમર સુખનો સૂર્ય પ્રકાશે, જય વરતે સહુ ઠામ.. હે માતુ.

ઉપર મુજબ મંગળાચરણ થઈ રહ્યા બાદ સન્માન કારિણી સભાના પ્રમુખ ભાઈશ્રીનાનજીભાઈ પચાણ નાકરાણી ગામનખત્રાણાવાળાએ પધારેલ ભંધુઓને આવકાર આપતાં નીચે પ્રમાણે બોધદાયક, તેમજ મનરંજક અને અસરકારક ભાષણ કર્યું હતું.

સ્વાગત મંડળના પ્રમુખભાઈશ્રી નાનજી પચાણનું ભાષણ પતિત પાવની ગંગાસ્વરૂપ જ્ઞાતિના પ્રિય બંધુઓ, સદ્ગૃહસ્થો, માતાઓ અને બહેનો।

આજે આપણી જ્ઞાતિની ઉન્નતિ અર્થે, જે ગંજાવર સભા મળી છે તે સભામાં દુર દુરથી જે ભાઈઓ ઘણીજ તકલીફ વેઠી અત્રે પધારેલા છે તેઓને આવકાર આપવાનું માન અત્રેના મારા જ્ઞાતિ બંધુઓએ મને સોંપ્યું છે જેથી હું મારી પોતાની જાતને અહોભાગ્ય માનું છું અને સભામાં પધારેલ સઘળાજ્ઞાતિ ભાઈઓ તરફથી હું આપ સર્વે ભાઈઓનો ઉપકાર માનું છું.

આપણી જ્ઞાતિનો આજનો દિવસ ઈતિહાસમાં હમેશના માટે સોનેરી અક્ષરે કોતરાઈ રહેશે. એટલું જ નહી પણ આજનો દિવસ ઘણો જ પવિત્ર અને માંગલિક છે, જે એક તહેવાર તરીકે પણ આપણને પાળી શકીએ એમહું માનું છું. આપણી કચ્છની જ્ઞાતિમાં આપણી ઉન્નતિ અર્થે ઘણી સભાઓ મળી છે પરંતુ આવી અપૂર્વ ગંજાવર સભા જ્ઞાતિના હિત અર્થે જો મળી હોય તો હું ભાર મૂકીને કહીશ કે તે આ કરાંચીમાંજ પહેલી સભા છે. કારણકે આખા કચ્છ દેશમાં લગભગ બાવન ગામમાં આપણી જ્ઞાતિ વસેલી છે અને તે બાવન ગામમાંના ભાઈઓના સમુદાયને વૈરાટ સ્વરૂપની મળેલી આ સભા કચ્છ દેશમાંના ખેડાઈથી ખેંગાપર પર અથવા વાગડમાં આડેસરથી લખપત સુધીમાં વસતા તમામભાઈઓની આ સભા આવા ઉત્તમપ્રકારના સમુદાયથી ભેગી થાએ અને આપણી જ્ઞાતિની ઉન્નતિ અર્થે આપણે કંઈ વિચાર કરી શકીએ એના માટે આ કરાંચી શહેર જ ભાગ્યશાળી છે.

કરાંચીમાં વસતા મારા જુવાન ભાઈઓના હૃદયમાં ઘણા દિવશો થયાં જે ઉત્કંઠા હતી તે પરમકૃપાળુ આપણી કુળદેવી ઉમાદેવીના પ્રતાપે આજે પરિપૂર્ણ થયેલી જોઈ મને અત્યંત આનંદ થાય છે. અને હું સાથે સાથે કહીશ કે આપણી જ્ઞાતિનું શ્રેય કરવા માટે કેટલા આપણા જ્ઞાતિ ભાઈઓ પોતાની જિંદગી જ્ઞાતિસેવામાં અર્પણ કરી આપણને સન્માર્ગે દોરી જવાને જે પ્રયત્નો કરે છે. તેવા વીર બંધુઓની હાજરી આ સભામાં હોવાથી ઘણો જ આનંદ પ્રાપ્ત થાય છે.

તે સિવાય જુના વિચારના ભાઈઓએ પણ જ્ઞાતિ હીતની વાત હૃદયમાં ધરી આજે સભામાં પધારી અમારા આમંત્રણને માન આપ્યું છે, જેના માટે હું ખાસ તેમનો ઉપકાર માનું છું. એક હાથે તાળી પડતી નથી, એ સુત્રના આધારે હું કહીશ કે મુંબઈવાસી ભાઈઓએ પણ આપણી જ્ઞાતિના ભલા માટે ઘણી સભાઓ ભરી જ્ઞાતિ પ્રત્યેની લાગણીઓ પ્રદર્શિત કરી છે, તેમજ કરાંચીના યુવક મંડળે પણ જ્ઞાતિહિતની સારી સેવા બજાવી છે. જેની અસર આપણા દેશમાં બેઠેલા ભાઈઓને સારી રીતે થઈ છે. હજુ આપણે આપણી જ્ઞાતિના હિતના માટે કશું કરી શક્યા નથી, આપ દીર્ઘદૃષ્ટિથી જોશો તો તમને જરૂર જણાશે કે દુનિયાની પ્રજા પોતાની ઉન્નતિ અર્થે કેટલા વેગથી પ્રવૃત્તિ કરી રહી છે. આપણી માફક કઈ જ્ઞાતિ અને કઈ પ્રજા ઉંઘે છે?

આપણે હાલ જે સ્થિતિમાં છીએ તે સ્થિતિમાં હજુ સુધારો નહીં કરીએ તો આપણી જ્ઞાતિ કઈ દશાને પ્રાપ્ત થશે તેનો આપણે ખાસ વિચાર કરવાની જરૂર છે. આગળ વધેલી અન્ય જ્ઞાતિઓ જેને તમે હલકી અને ઉતરતા વર્ગની કે કઈ જાતની માનો છો તેનું દાસત્વ કરવાનો જમાનો આવી જાય તે પહેલાં આપણે જાગૃત નહીં થઈએ તો આપણી પાછળ થનારી પ્રજા કેવા પ્રકારના શ્રાપ દેશે તેનો ખ્યાલ કરવાની ઘણી જ જરૂર છે. જે સમયે પ્રજાઓનું પ્રારબ્ધ વિજળીના વેગે ઘડાય છે તેવા અણીના પ્રસંગે પણ આપણે ઘોર, નીદ્રા, પ્રમાદ, બેદરકારી એવા ગફલતમાં રહીશું તો શું આપણને તે વિશેષ અધોગતિ પ્રાપ્ત કરાવનારું નહીં થાએ એમતમે માનો છો?

મારું તો ખાત્રીપૂર્વક માનવું છે કે આપ આપના અંતર આત્માને પુછશો તો પણ તમને સાફ જણાયા સિવાય રહેશે નહીં. આપણું કલ્યાણ સાધવા માટે સાંપ્રત સમય એક સોનેરી તક છે. જેથી જેમબને તેમજ્ઞાતિમત કેળવી તેને આગળ વધારવાની ખાસ જરૂર છે. તો બંધુઓ જાગૃત થાઓ અને જ્ઞાતિહિતના માટે તન, મન અને ધનથી મદદ આપી તમારું જ્ઞાતિ અભિમાન પ્રગટ કરો. આપણે બધા ભેગા થઈ એકત્ર પુરુષાર્થ કરવાથી આપણી જ્ઞાતિનું શ્રેય જલદી સાધી શકીશું એવી શ્રધ્ધા રાખી એકબીજા તરફના ગમે તેવા રાગ દ્વેષ છોડી દઈ જ્ઞાતિ સેવા કરવાનું કાર્ય કરવામાં આપણે સામેલ થઈશું તો આપણી કાર્યસિદ્ધિ જલદીથી સફળ થશે તેમાં જરાપણ સંશય નથી.

ભાગ્યદેવી આપણા પર કૃપા કરવા તૈયાર છે માત્ર આપણો પ્રમાદ જ તેમાં અંતરાય નાંખે છે. આટલું બોલ્યા પછી હું આપણી જ્ઞાતિમાં આપણને અધમદશા તરફ લઈ જનારા કેટલાક નઠારા રીતરિવાજો ઘણા વખતથી પડી ગયા છે. એના માટે હું આપનું ધ્યાન ખેંચવા ઈચ્છું છું. મારે દીલગીરી સાથે કહેવું પડે છે કે આપણા જ ભાઈઓ ગુજરાત, કાઠીયાવાડ, માળવા, ખાનદેશ, ઈત્યાદી ઠેકાણે વશે છે ત્યાં તમે જોશો તો ઘણા ભાઈઓ ગ્રેજ્યુએટ થયેલા મળી આવશે. મેટ્રીકથી પરીક્ષા પસાર કરેલા સંખ્યા સેંકડોની જણાશે. વકીલ, બેરીસ્ટર, ડૉક્ટર અને જના હોદ્દા ભોગવતા જોશો. એ ભાઈઓ ક્યાં અને આપણા કચ્છ તરફના ભાઈઓની સ્થિતિ તરફ તમે જોશો તો તમને દિલગીરીનો પાર રહેશે નહીં.

કચ્છ દેશમાં આપણી કડવા પાટીદાર જ્ઞાતિની વસ્તીની સંખ્યા લગભગ ત્રીસહજાર માણસની છે. છતાં આવા સુધારાના વખતમાં પણ તેમાંથી એક પણ ભાઈ હજુ મેટ્રીક થયો નથી. આખી જ્ઞાતિમાં નજર ફેરવશો તો માત્ર અપવાદ રૂપે એક ભાઈ વેલજી રામજી નખત્રાણાવાળાએ અંગ્રેજી છઠ્ઠું ધોરણ પાસ કર્યું છે. તે સિવાય બીજા બે ભાઈઓએ ત્રીજી અને ચોથી અંગ્રેજી સુધીનો અભ્યાસ કરવાનું સાંભળ્યું છે. ત્યારે ગુજરાતી પાંચ ચોપડી ભણેલાની સંખ્યા ભાગ્યેજ પચીસેકની આવી શકશે. આવા પ્રકારની કેળવણીથી આપણે આપણું હીત ક્યાંથી સાધી શકીએ?

દુનિયાના માણસો આપણને કહે છે કે 'કણબી પશુ ન માનવી' તે શું ખોટું છે ? કેળવાયેલા માણસો પોતાની તેમજ પોતાની જ્ઞાતિની ગામની અને દેશની ઉન્નતિ કરી શકે છે. મોટી ખામી તો આપણામાં કેળવણીની છે. જ્યાં દીકરાઓને કેળવણી આપવામાં આપણે કંજુસાઈ કરીએ છીએ. ત્યારે દીકરીઓને કેળવણી તો ક્યાંથી અપાય ? આપણી જ્ઞાતિના કમભાગ્યે આપણે ખરેખર આ વિચાર કોઈ દહાડો કરતા જ નથી. ગુજરાત, કાઠીયાવાડમાં આપણી જ્ઞાતિની ઘણી બહેનોએ ગુજરાતી સાત ચોપડી સુધીનો અને તેથી પણ આગળ અંગ્રેજી અને સંસ્કૃતનો અભ્યાસ કર્યાનું આપણે સાંભળીએ છીએ. ત્યારે આપણા કચ્છ દેશમાં આપણી કોઈ બેન દીકરીને ભણવાનું આપણને હજુ સ્વપ્નું પણ આવતું નથી.

આજે સભાની શરૂઆતમાં વીરાણી ગામવાળા ભાઈ નાયા સીવજીની દીકરી બહેન દેવકુંવર બહેને શરૂઆતમાં મંગળાચરણ ગાયું તેથી આખી સભાને ઘણી જ નવાઈ લાગી

હતી. કેટલાક ભાઈઓ અને બહેનોને પ્રેમના આંસુઓ આવ્યા હતા. મારા સાંભળવા પ્રમાણે બેન દેવકુંવરે ગુજરાતી પાંચ ચોપડીનો અભ્યાસ કર્યો છે અને હજુ એમનો અભ્યાસ ચાલુ છે. ધન્ય છે નાયાભાઈને તેમજ તેમના ધર્મપત્નીને કે પોતાની દીકરીને ભણાવી સુશીલ બનાવવા પોતાનો ધર્મ અદા કરે છે. હું તો બહેન દેવકુંવરનો દાખલો લેવા બેઠેલા સમાજનો તેમજ માતાઓને વિનંતી કરુ છું, કે તમે પણ સહુ પોતપોતાની દીકરીઓને ભણાવતા હોતો કેવુ સારું. દીકરીઓનું ભણતર ઘણું જ કામનું છે. કારણકે એ ભવિષ્યની માતાઓ છે. ભણેલ હશે તો ઘરમાં દરેકે દરેક બાબતમાં ઉપયોગી થઈ પડશે.

આપણા ભાઈઓ પરદેશમાં ધંધા અર્થે જાય છે. અને ત્યાંથી કાગળ મોકલે છે ત્યારે એ કાગળ વંચાવવાને કેટલી ઓશીયાળી ભોગવવી પડે છે એ તમે સૌ જાણો છો તે સિવાય પણ પગલે પગલે ભણતરની જરૂર પડે છે. આ વિષય એટલો બધો અગત્યનો તેમજ ગહન છે કે એના માટે જેટલુ બોલીએ તેટલુ થોડુ છે.

આપણામાં બાળલગ્ન જેવા નઠારા રીતરિવાજો જડ ઘાલીને બેઠા છે. બાળલગ્નથી આપણને કેટલું ઓસરવુ પડે છે તેનો વિચાર સરખો પણ આપણે તેમજ કચ્છમાં આપણા આગેવાન ગેઢેરાઓ કરતા નથી. અગીયાર કે બાર વર્ષે લગ્ન આવે તો પણ બળતરા કે હૈયાહોળી માટે નહિ, મહિના અને દોઢ મહિનાના બાળકોને પરણાવી આપણે જે લહાવો લહીએ છીએ છતાં ભવિષ્યમાં એ લગ્ન કેવા નીવડે છે, તે તમો સૌ જાણો છો.

આ બાળલગ્નના પ્રતાપે છોકરાંઓનો ઘરસંસાર ઝેરરૂપ બને છે. ઘણાંક કજોડાં થાય છે અને છેવટે કુર્મી ક્ષત્રિય જેવી ઉંચ જ્ઞાતિ હોવા છતાં પણ છૂટાછેટા કરવા પડે છે. આવા બધા અનર્થનું મૂળ બાળલગ્ન છે. એ સંદતર નાબુદ કરવાની ઘણી જ જરૂર છે. તે સિવાય આપણામાં મરણ પાછળના જમણો કરી જ્ઞાતિની જે અધમ દશા થઇ છે તેનો તેમો સઘળા ભાઇઓને પણ પાકો અનુભવ છે. આપણો કચ્છમાં જે ગિરાસ ચાસ હતો તે ગીરો મુકી પરદેશના ઝાડ જોવાના શોખથી નથી આવ્યા. પરંતુ બાપદાદાના પછવાડે કારજ કરવાના કરજમાં ડુબી જવાથી અત્રે લાકડાના વ્હેરવા આવ્યા છીએ. મરણ પાછળ મોટા ખર્ચો કરી જ્ઞાતિ ભોજન કરવાનું કોઇપણ શાસ્ત્રમાં લખ્યુ નથી. છતા મરી જનારને પુણ્ય થાય એવા હેતુથી આપણામાં ગુના છોડાવવા ભાવની ક્રિયા કરવામાં આવે છે. તેમજ રૂઢીને વશ થઇ દેખાદેખી જ્ઞાતિભોજન કરવાની એક પ્રથા પડી ગઇ છે જેની કંઇ પણ આવશ્યકતા નથી.

બાવા ઇમામસાહની પાસે અથવા તેમના પાટ આગળ મરનારની મીતે પૈસા આપવાથી પાપમુકત થવાય છે એ વાત તદન ગલત છે. હું ખાત્રી પૂર્વક કહું છું કે આપણી આર્થિક સ્થિતિને દુઃખ દાઇ બનાવનાર તો આ મરણ પાછળના પોચ હોય કે ન હોય તો પણ ફરજિયાત જમણ કરવું પડે છે તેજ છે. બંધુઓ હું આપને વિનંતી કરું છું કે આપણી જ્ઞાતિને પૈસા સંબંધી પાયમાલી કરનારા મરણ પાછળનાં જમણો સદંતર બંધ કરવા જોઇએ.

મેં આપણી જ્ઞાતિની અધમ દશાના માટે કેળવણીની ખામી, તેમજ બાળલગ્નથી આપણી પ્રજા નિર્માલ્ય બની છે તેમજ મરણ પાછળના જમણો કરવાથી આપણી પૈસા સંબંધી દુર્દશા થઇ છે તેના માટે સહેજ ઇશારો કર્યો છે. તે સિવાય આપણી વધુ પાયમાલી આપણા જ્ઞાતિ બંધનની છે. આગેવાન ગેઠેરાઓએ આપણને એવા બંધનમાં બાંધ્યા છે કે આપણે રીત રિવાજ નઠારા હોય તેનો પણ ત્યાગ કરી શકતા નથી. તે સિવાય ગેઢેરાઓના જુલમની વાતો આજે ઠેકાણે ઠેકાણેથી સંભળાય છે. જ્ઞાતિપંચના પૈસા ઉપર તાગડધીન્ના કરનાર આગેવાનોની પોલો હવે છેક જ ઉઘાડી પડી છે. તેમના નિંદણા લાયક કૃત્યો ઉપર કમકમાટી ઉપજે છે. જ્ઞાતિના ગરીબ ભાઇઓના પરસેવાના પૈસાનો તે ઘણો જ ગેરઉપયોગ કરે છે, તે સઘળું વીરાણી સભાના રીપોર્ટથી આપણને જાણ્યું હવે તો હદ વળી ગઇ છે. છતાં મારી ખાત્રી છે કે જુલ્મી આગેવાનો પોતાના ઝાલીમ કૃત્યોના માટે પસ્તાવો કરે કે પંચના પૈસાનું રક્ષણ કરી જ્ઞાતિહિતનું કોઇ કામ કરે એવી આશા રાખવી એ ફોગટ છે.

પીરાણે પૈસા જાય છે તેનો ઘણો જ ગેરઉપયોગ થાય છે એવુ આપણે તેમજ આગેવાનો ગેઢેરાઓ પણ જાણે છે, છતાં પીરાણે પૈસા મોકલવા આગેવાનો મમત કરે છે. એ વાત ખાસ જાણવા જેવી છે. આગેવાનો પીરાણે પૈસા મોકલવાને બહાને પોતાનું ઘર ભરે છે અને આપણી પાસેથી ધર્મના નામે બળ જબરીથી કર ઉઘરાવવાનું નાત બહાર કાઢવાનું શસ્ત્ર તેમની પાસે છે જેથી આપણે ધર્માદાના નામથી રાજીખુશીથી કે નાખુશીથી પણ પૈસા,નાત બહાર થવાની બીકથી આપીએ છીએ. તે પૈસા પીરાણે સૈયદો કુકડા કાપે અને કાકાઓને મોજમઝા કરવામાં વપરાય એથી વધારે બીજું કાંઇકની મીલો અને મોટરો ઉભી થવામાં પૈસા વપરાય છે. તેમાં પુણ્ય થાય છે કે પાપ થાય છે એ તમો સૌ સમજી લેજો.

વીરાણી ગામના આગેવાનો ઘણા દિવસથી સમજી શક્યા છે અને પીરાણે પૈસા નથી મોકલતા તેને પણ આગેવાન ગઢેરાઓઘણી રીતે લલચાવે છે પરંતુ એ આગેવાનોની જાળમાં વીરાણી ગામના આગેવાનોની જાળમાં વીરાણી ગામના આગેવાનો તેમજ યુવક મંડળ ફસાય એવુ હું માનતો નથી કારણકે આગેવાનોની દાનત કેવી નીચ છે તે વીરાણી ગામ ઘણા દિવસથી જાણી ગયું છે. જેથી એક પૈસો પણ વિરાણી માંથી કાકાને સૈયદોને તેમજ આગેવાનો ગેઢેરાઓને મળે એ હવે બનવું મુશ્કેલ છે.

 હું સભાજનોને આગ્રહપુર્વક વિનંતી કરું છુ કે વીરાણી ગામનો દાખલો દરેક ભાઇઓએ લેવા યોગ્ય છે. તે સિવાય મારે ખાસ કહેવુ જોઇએ કે પીરાણા ધર્મ આપણી જ્ઞાતિને બિલકુલ શોભતો નથી, જેના માટે અનેક વખત બાપદાદાએ આપણને બધી પીરાણા ધર્મની વાતો વાંચી છે તેમજ સાંભળી છે. આપણા ગુરૂ મુસલમાન હોઇ શકે જ નહિ. હિન્દુ ધર્મના નામે પીરાણા ધર્મથી આપણા ગુરૂ મુસલમાન હોઇ શકે જ નહીં. હિન્દુ ધર્મના નામે પીરાણા ધર્મથી આપણા બધા ભાઇઓને શરમાવું પડે છે માટે એનો તો પ્રથમ બંદોબસ્ત થવાની ખાસ જરૂર છે. મેં આપને ટુંકામાં આપણી જ્ઞાતિની પાયમાલી કરનારા નઠારા રીતરિવાજ તથા આગેવાનોના જુલ્મ તેમજ પીરાણા ધર્મ સંબંધે થોડું વિવેચન સભામાં ઘણા ભાઇઓ આપને વિસ્તારથી કહી બતાવશે.

હું આપને ફરીથી કહું છું કે અમારા કરાંચીના ભાઇઓના માટે આજનો દિવસ અપુર્વ આનંદનો છે. જ્ઞાતિ હિતના માટે વિચાર કરવાને આ શહેરમાં અમને પ્રથમ જ પ્રસંગ મળે છે. અમારા મનથી જ્ઞાતિ હીત એ અમારૂ પોતાનું હિત છે એવુ અમે ખાસ માનીએ છીએ જેથી અમારાથી બની શકશે ત્યાં સુધી જ્ઞાતિના હિતમાં અમે પછાત રહીશું નહિં, જ્ઞાતિ ઉન્નતિના દરેક કાર્યમાં અમારાથી બનતી કોશીશ અમો જરૂર કરીશું.

જ્ઞાતિના હિતાર્થે આ પરિષદ ભેગી મળી છે. તેનું અવશ્ય રૂડુ પરિણામ આવશે જ અને તેમને જ્ઞાતિ સેવા કરવાનું યાદ રહી જાયે એવા જ્ઞાતિના હિતના કાર્યો આ સભામાં હાથ ધરવામાં આવશે એવી મારી નમ્ર અરજ છે. મારે ખાસ વિનંતિપૂર્વક કહેવાનું કે અત્રે પધારેલી બહેનો પણ આ સભામાંથી કંઇક ઉત્તમ શિક્ષણ ગ્રહણ કરે અને પોતાના સંતાનોને ઉત્તમ બનાવવા પ્રયત્નો કરશે તો અમારો પ્રયત્ન સફળ થયેલો અમે માનીશું.

જ્ઞાતિની સંપતિ કે દોલત-સમાન બળકોને ઉત્તમ રત્નો સમાન બનાવવાનો ભાર માતાઓ અને બહેનો તમારા સાથે છે. તમે જ ઘર સંસારની સાચી રક્ષક અને પોષક છો. તમે દેવીઓ છો, તમે માતાઓ થવાને સર્જાયેલી છો. પૂર્ણ પુરુષોતમ પ્રભુ રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ, અર્જુન, ભીષ્મ અને મહા પ્રતાપી મહારાણા પ્રતાપ અને શિવાજી જેવા વીર પુરુષોને જન્મ આપનારી પણ તમારા જેવી જ માતાઓ હતી. સીતા સાવિત્રી દમંયતી વગેરે સતીઓ પણ માતાના જ પેટે અવતરતી હતી. હિન્દુસ્તાનની દૈવ્ય ભૂમિ ઉપર જે જે યોધ્ધાઓ અને વિદ્વાન પુરુષો કે ધર્મ-ગુરુઓ અને આચાર્યો થઇ ગયા છે. તેઓ પણ માતાના જ પેટે અવતર્યા છે. એ માતાઓ અને તમારામાં એક જ તત્વ છે. માત્ર શક્તિ અને જ્ઞાનની ખામી છે. તે પ્રાપ્ત કરો.

તમારા અને તમારી પુત્રીઓના પેટે એવાજ વીર પુત્રો અને પુત્રીઓ ઉત્પન્ન થાઓ એમ હું ઇચ્છુ છું. માતાઓ અને બહેનોને હું ફરીથી પણ કહું છું કે તમે જ્યારે તમારો ખરો ધર્મ સમજી શકશો ત્યારે જ અમો પુરુષ વર્ગ કંઇક હિંમતથી કાર્ય કરી શકીશું. આપણી ઉન્નતિ કરવામાં જે નઠારા રીતરિવાજો અધર્મયુક્ત હોય તેનો ત્યાગ કરવામાં જરા પણ આળસ નહીં રાખશો એવી તમારી પાસે મારી ખાસ વિનંતી છે. અત્રે સભામાં પધારવા તમે બહેનોએ તેમજ ભાઇઓના જે તસ્દી લીધી છે તેના માટે હું ખાસ અંતઃકરણ પૂર્વક તમારો આભાર માનું છું. અને સભાના કાર્યમાં જોડાવાને નમ્રતાપૂવર્ક વિનંતી કરું છું.

સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ થઇ રહ્યા બાદ કરાંચીના યુવકમંડળના સેક્રેટરી ભાઇ સેવજી કાનજી પારસીયા, ગામ નખત્રાણાવાળાને ઉભા થઇને જણાવ્યું કે પ્રિય જ્ઞાતિબંદુઓ, સદ્‌ગૃહસ્થો, સ્વામીશ્રી રેવાનંદજી, માતાઓ અને બહેનો, આજની આપણી જ્ઞાતિની આ મહાન ગંજાવર સભા જે આપણી જ્ઞાતિ ઉન્નતિની આશારૂપ છે. તે સભા કાર્ય નિર્વિઘ્ને પસાર થાયે એજ હેતુથી આ સભામાં આપણા કાર્યને દિપાવનારા એક વિદ્વાન અનુભવી અને ઠરેલ વિચારના આગેવાનની પ્રમુખ તરીકેની ખાસ જરૂર છે તો પછી મારા વિચાર પ્રમાણે આપણી જ્ઞાતિના સંપૂણ અભ્યાસી ગામ માનકુવાના રહીશ રા. રા. રાજાભાઇ શામજી ધોળુને હું આજની સભાના પ્રમુખ થવાને માટે દરખાસ્ત મુકુ છુ. અને આશા રાખુ છું કે સભાના સઘળા ભાઇઓ મારી દરખાસ્તને ટેકો આપશે. (તાળીઓ)

ઉત્તર પ્રમાણે પ્રમુખની દરખાસ્તને ટેકો આપતા ગામ વીરાણીવાળા ભાઇ નારાયણજી રામજીભાઇએ જણાવ્યું કે યુવકમંડળના સેક્રેટરી ભાઇ સેવજી કાનજીએ પ્રમુખ તરીકે ભાઇ રાજા સામજી ધોળુની જે દરખાસ્ત કરી છે. તેને હું મારા શુધ્ધ અંત :કરણથી ટેકો આપુ છું અને વિશેષમાં જણાવીશ કે રાજાભાઇ શામજી ધોળુની સભાના પ્રમુખ થવાને લાયક છે. આ સભામાં તેઓની ઓળખાણ કરાવી એ એક સુર્યની ઓળખાણ કરાવવા બરોબર છે. રાજાભાઇ સામજી ધોળુનું નામ આપણી કચ્છની જ્ઞાતિમાં જગજાહેર છે. આગેવાને ગઢેરાઓમાંના તે એક છે. જયારે દેશના આગેવાન ગઢેરાઓ પોતાનો ધર્મ શુ છે તે નથી સમજતા ત્યારે રાજાભાઇ સામજીએ જ્ઞાતિની આગેવાની સાથે અનેક વખત પોતાના શુધ્ધ અભિપ્રાયો આગેવાનોને જણાવ્યો છે અને પોતાની સત્યતાની છાપ આગેવાનો ઉપર બેસાડી છે, મારા સમજવા પ્રમાણે તેઓ લગભગ દસ વર્ષથી જ્ઞાતિ સેવા કરે છે. કેટલાક આકરા વિચારના જુવાનીયાઓને પણ તેઓ સારી સલાહ આપતા રહ્યા છે,આજે કરાંચીમાં આપણી જ્ઞાતિની જે મહાન પરિષદ મળી છે તે પણ કેટલેક અંશે તેઓને જ આભારી છે.માટે હું વિનંતી કરૂં છું કે આખી સભાએ તેઓને તાળીઓના અવાજથી વધાવી લીધા છે માટે તેઓશ્રી પ્રમુખપદે બિરાજી સભાનું કામકાજ શરૂ કરાશે.

આપણા અન્ય ભાઇઓ વર્તે છે તે રીતે આપણે પણ વર્તવું જોઇએ...

સી.કે.પટેલ તંત્રી શ્રી પાટીદાર સૌરભ

૮૯ વર્ષ પહેલા કરાંચીમાં ભરાયેલ પ્રથમ પરિષદમાં સભાના પ્રમુખ રાજાભાઇ સામજી ધોળુનું ભાષણ

પ્રિય જ્ઞાતિબંધુઓ સદ્‌ગૃહસ્થો અને બહેનો, આ સભા આપણા જ્ઞાતિના હિતના માટે વિચાર કરવાને ઘણે દુર દુર ઠેકાણેથી અનેક સંકટો સહન કરી અત્રે ભેગી થઇ છે, જ્ઞાતિ સેવાનાં મહાભારત કામની આગેવાની તમોએ મારા ઉપર મુકી જેના માટે હું આપનો અત્યંત આભારી છુ. મારે ખુલ્લા દિલથી કહેવુ જોઇએ કે આજથી આ ગંજાવર સભાના પ્રમુખ તરીકેની તમોએ પુષ્કળ વિચાર કરી મારા માટે કરાંચીના યુવક મંડળના સેક્રેટરી ભાઇ સેવજી કાનજી એ દરખાસ્રત કરી છે. અને તે દરખાસ્તને આપણા જ્ઞાતિભકત ભાઇ નારાયણજી રામજીભાઇએ ટેકો આપી મારા જે વખાણ કર્યા છે. તે કેવળ મારું મિથ્યા અભિમાન વધારવા પુરતાં જ છે. અથવા તો તમોને મારા પ્રેમની લાગણી છે એ સિવાય મને કંઇ જણાતુ નથી. આજ આપણી જ્ઞાતિના ઘણા ભાઇઓ હાજર છે, એટલુ જ નહીં પણ તેઓ મારા કરતાં સર્વાંગ ઉત્તમ લાયકાતવાળા અને વિદ્વાનો છે છતાં તેમોને નિશ્ચર્ય કર્યો છે કે આ પરિષદના પ્રમુખ પદે મારે જ બેસવુ તે હું, માન ખાતર નહીં, પણ જ્ઞાતિ સેવા કરવાની ખાતર એ પદ સ્વીકારુ છું.

અને તમોને મને જે માન આપ્યુ છે. તે માટે હું તમારો ખાસ આભાર માનું છું. આશા રાખુ છું કે તમો ભાઇઓ એકમતથી સલાહ સંપથી મને દરેક રીતે મદદ કરશો કે જેથી આજનું મહાન કાર્ય આપને નિર્વિઘ્ને પસાર કરીશું, ભાઇઓ મને ઘણો આનંદ થાય છે. કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ હમણા થોડા વર્ષો થયા પોતાની ઉન્નતિ કેમ થાય છે એ સંબધોમાં પોતાના વિચારો ફેલાવી રહી છે. તેમા ઘણા ભાઇઓએ જીવતોડ મહેનત કરી આપણા ભાઇઓને સન્માર્ગે દોરવા પ્રયત્ન કરે જાય છે. હું આપ સઘળા ભાઇઓની અપીલ કરું છું કે આપણે પણ એવા સુધારકોના કાર્યને ટેકો આપી તેને ઉત્તેજન આપવુ જોઇએ. થોડાક વર્ષો પહેલાનો જમાનો યાદ કરીએ. તો આપણને સ્પષ્ટ જણાયા વગર રહેશે નહી કે આપણી જ્ઞાતિ એક ખાસ પશુ સમાન ગણાતી હતી તે થોડાક વખતમાં કેટલે દરજે પોંચી છે. એ સઘળું આટલી ઝડપથી કેમ બન્યું એની જ હું તમને યાદ દેવરાવું છું. પ્રથમ શરૂઆતમાં આપણા જનોઇવાળા ભાઇઓએ આપણી જ્ઞાતિનો સડો દુર કરવા પાયો રચ્યો છે. ત્યારે પછી મુંબઇના યુવક મંડળે જે સભાઓ ભરી પોતાના રિપોર્ટો બહાર પાડયા છે, તે તમે સઘળા ભાઇઓ જાણો છો. હમણાં છેલ્લે છેલ્લે વીરાણી ગામની સભાના રીપોર્ટથી જે કચ્છ દેશમાં ખળભળાટ જાગ્યો છે અને આગેવાનોની ઉંઘ ઉડાવવા તેમજ આગેવાનોના કુકર્મી કૃત્યોનો શ્યામ પડદો ઉંચકાયો છે તે ઉપરથી આપણને પણ ઘણુ જાણવાનું છે. ખુલ્લી પાડી દુનિયામાં આગેવાનો તેમજ પીરાણા ધર્મને વગોવે છે.પરંતુ મારે મારી ભુલની કબુલાત આ સભામાં આપવી પડે છે કે એવી રીતે કે આગેવાનોના ચરિત્ર વાંચ્યા, સાંભળ્યા, અનુભવ્યાં તેમજ પીરાણાંના કાકઓની વિદ્વતા તેમજ તેમની રહેણીકહેણી અને તેઓ ભગવા વસ્ત્રો પહેરી સન્યાસી થયા પછી તેઓ કેવી સ્થિતિથી વર્તે છે. તે જાણ્યા પછી તેમજ સૈયદો પણ હરીવંશ બ્રાહ્મણ છીએ એવો ડોળ ઘાલી આપનને કેવું ઉંધુ ચીતુ સમજાવે છે. અને પોતે કેવી રીતે વર્તે છે. તેમજ ખુદ પીરાણા ધર્મ જેની અનેક ટીકાઓ થઇ છે. તે વાંચ્યા પછી મારી ખાત્રી થઇ છે.કે આગેવાનો તેમજ કાકાઓ અને સૈયદો તેમજ પીરાણા ધર્મ આ સઘળુ પોકળ જણાય છે. અને સુધારાવાળાઓની છાતી ઠોકીને હિંમતભરી રીતે સત્ય વાતો બહાર પાડી છે ત્યારે જ આપણને સમજાય છે કે ખરી વસ્તુ આમ છે. હું મારા હમણાંના વિચારથી કહી શકું છું કે આગેવાનોના ચારિત્રની કથા વીરાણી સભાના રીપોર્ટથી આપ સઘળા ભાઇઓએ જાણી છે, તે ઉપરથી કોઇને પણ પુછશો તો તે કહેશે કે જુલ્મી સત્તા વાપરે છે. આગેવાનોને એવા કૃત્યો કરવાં ન શોભે. પીરાણાનો ટીલાયત કાકો તો તમે જાણો છો તેમ મીલ એજન્ટ થયા છે. તેને ભગવાં લુગડાની લેશ પણ શરમ નથી. તમે જાણો છો કે, બાયડી છોકરા ખાતર મિલકત વધારવાની હોય, મીલો લેવી કે સટ્ટા કરવા એ કાકાનો ધર્મ નથી. તેમજ સૈયદોને આપણે પવિત્ર માનતા હતા. અને આપણામાંના ભાઇઓ તેને ગુરૂ કરતા હતા પરંતુ હવે મને જણાય છે. કે સૈયદો તો ખાસ મુસલમાન છે, તેઓ માસાંહારી છે અને સુન્નત બેસે છે અને તેઓ પીરાણા ધર્મને માનતા નથી પણ ખાસ કરીને, તેઓ કુરાનેશરીફને માને છે. તે ઉપરથી કહી શકાય કે તેઓ ખાસ મુસલમાન છે. અને તે આપણા જેવી ક્ષત્રિય કોમને પૂજવા યોગ્ય નથી. ખરું કહીએ તો આ પીરાણા ધર્મ મુસલમાની કર્મકાન્ડ જેવો છે. આપણા જેવા કુર્મી ક્ષત્રિયોને ધર્મ કદાપી શોભે નહીં અને એ ધર્મ સંબધે અનેક ટીકાઓ થઇ છે. જેનો જવાબ કણબી આગેવાનો તેમજ પીરાણાના કાકાઓ અને સૈયદો અપાયા નથી તેથી ખાત્રીથી માની શકાય છે કે હિન્દુ ધર્મ તો નથી જ પછી એને માનવો કે નહી, એ તમારા અંતઃકરણને પુછો તે જ તમને જવાબ આપશે.

ભાઇઓ, આપણી આ સભા તેમજ આપણી જ્ઞાતિની ઘણી સભાઓ ભરાઇ ગઇ છે તેને સુધારવી અને બીજી અન્ય જ્ઞાતિઓમાં સારું સ્થાન પામે એ જોવા માટે આતુર છીએ તો પછી મારા વિચાર પ્રમાણે આપણી જ્ઞાતિના અધર્મ રીત રીવાજ અથવા તો આપણે આતુર છીએ તો પછી મારા વિચાર પ્રમાણે મને એક વાત તો ખાસ મુદ્દાની યાદ આવે છે કે આપણામાં કેળવણીનો છોટો પણ નથી. કેળવણી લીધા સિવાય સત્ય શું

અને અસત્ય શું તે આપણે જાણીએ નહિં. આપણામાંના થોડા ભાઈઓએ સાધારણ કેળવણી લીધી છે તો તેઓ કેવી માન પ્રતિષ્ઠાથી જીવન ગાળે છે. ત્યારે આપણા ઘણા ભાઈઓ કેળવણી વગરના હોવાથી જીવતા મહેનત કરી માંડ માંડ ઉદરપોષણ કરે છે. આજે જમાનો શું કામ કરી રહ્યો છે તેના ઉપર નજર કરો, આપણે તો હજુ એકડેએક ઘુંટીએ છીએ, માંહોમાંહે કલેશ ઈર્ષાથી આપણે પરવારીએ ત્યારે કેળવણી લઈએ ના ? જ્ઞાતિહિતના માટે આપણે ભેગા થયા છીએ તે વાત પણ કેટલાક ભાઈઓના ઠીક નહીં લાગતી હોય તેમ કરીને પણ સમજાવા જોઈએ. તમે એમ ધારતા હોશો કે અમે સુખી છીએ ! તમો પરદેશ આવ્યા છો છતાં તમારા કામ ધંધાની મહેનત જોતા મને એમ લાગે છે કે હજુ આપણે દુઃખી છીએ. આજે આ દુનિયામાં દરેક માણસ એમ ઇચ્છે કે અમો સુખી અને નિષ્કલંક જીવન ગાળીએ. પરંતુ સુખી થવાના ઉપાયો આપણે કરીએ છીએ ? આપણે શરૂઆતમાં જ દુનિયાથી અવળે માર્ગે ચાલીએ છીએ જેથી પરિણામ એ આવ્યું કે આપણને ખુદ બ્રહ્મા આવીને બોધ કરે તો પણ તેનું માનીએ નહીં. આપણી જ્ઞાતિની અધમ દશા થવાનાં મુખ્ય કારણોમાં એક તો આપણે કેળવણી રહિત છીએ. બીજુ આપણામાં બાળલગ્નની નુકસાનકારક રૂઢી છે.

આ દુનિયામાં અઢારે વર્ણ બાળલગ્ન કરવામાં ઘણા જ ગેરફાયદા છે. જેનો પોકાર કરી રહી છે. તેઓ બાર અને પંદર વર્ષના દિકરા દીકરીના લગ્નને બાળલગ્ન કહે છે ત્યારે આપણે ૪૦ દિવસના બાળકોના લગ્ન કરીએ છીએ તેમાં જોડુ કે કજોડું થાએ તેની પરવા કરતાં નથી. મારા સાંભળવા પ્રમાણે બે ત્રણ અને વધારેમાં વધારે છ વર્ષે કન્યા મોટી હોય એવા પણ કજોડા આપણાં થાય છે. પછી એ ઘર સંસાર કેવી રીતે વસે છે. તે તમે જાણો છો. શાસ્ત્રોમાં કેવા પ્રકારે અને કેટલી ઉંમરે કરવાનું કહ્યું છે. તે જો તમે સમજીને વરતો તો આપણી આવી નમાલી દશા ન જ થાએ. આવા કજોડાવાળા બાળલગ્ન કરવાથી આપણો સંસાર ઘણી વખત ઝેર જેવો થાય છે અને તેને લઈને છૂટાછેડા કરવાનો પ્રસંગ આવે છે. આવા હાનિકારક રિવાજોનો ત્યાગ કરી યોગ્ય ઉંમરે પોતાના બાળકો ને પરણાવવા ખાસ ભલામણ કરું છું. તે સિવાય આપણી જ્ઞાતિની ગરીબ હાલત કેમ થઈ તેનુ ખાસ કારણ મરી જવા પછી પ્રેતભોજન ફરજિયાત કરવામાં આવે છે તે જ છે. કોઈ પણ હિન્દુશાસ્ત્રમાં મરી જનારની પાછળ જ્ઞાતિભોજન કરવું એ કયાંય લખ્યુ નથી છતાં આ રૂઢી આપણામાં તેમજ ~~કોઈ~~ કોઈ અન્ય જ્ઞાતિમાં પણ કેવી રીતે દાખલ થઈ છે તેની મને પુરેપુરી ખબર નથી તો પણ હું કહું છું કે એ રૂઢી અયોગ્ય કોઈ પણ યુવાન ભાઈનું મૃત્યુ થયું હોય આખા કુટુંબનું ભરણ પોષણ કરવાનો આધાર તેના ઉપર હોય એવા ભાઈઓના મૃત્યુથી કયો અભાગી માણસ દિલગીર નહિં થાએ ? એ દિલગીરમાં તેના મરણની ખાતર માતર કે લાપસી કરી હોય ત્યારે સારા કપડા પહેરી જમવા બેસવું એ શું માણસ જાતને શોભે તેવું છે ? ન્યાયથી પણ ઉલટુ લાગે છે. આ બધું ઉઘાડી હાની જેવું છે. આપણામાં કોઈ ગરીબ ભાઈ કે બહેન કે દીકરાનું મૃત્યુ થયું હોય અને તેની પાછળ કરજ કરવાની પોચ ન હોય તો પણ આગેવાન ગઢેરાઓ તેમજ તેના પીત્રાઈ ભાઈઓ ફરજીયાત દાહડો કરાવે છે. અને તે ભાઈનું ઘર તડકે થાય છે. ભાઈઓ આપણે એક ટાણું રોક્કળનું જમણ ન જમીએ તેથી શું આપણા પેટમાં ખાડો પડી જવાનો હતો ? આપણે એક ટાણા જમવાથી આપણા જ ભાઈને આખી જીંદગી સુધી ગરીબ બનાવવો તેને શું તમે પુન્ય માનો છો કે ? તો પછી એવુ પાપ ન કરવા હું તમને વિનંતી કરું છું. પણ ભાઈઓ, કે મરનારની પાછળ જ્ઞાતિ ભોજન કરવાથી પુન્ય થાય છે. અને જે પુન્ય થાય છે. તે પુન્ય મરનારને મળે છે.! તો પછી ન્યાયની સિદ્ધિ થાય છે કે મરનારનું પાપ જમનારાઓને જ લેવુ પડે. શું કોઈ મરી જનારનું પાપ તમો એક ટાણું જમીને લેવા તૈયાર છો ! કોઈ નહીં તો આવા હીસાબે પણ મરણ પાછળનું જમણ આપણે જમવું જ ન જોઈએ. તે સિવાય તમો ઘણા ભાઈઓ વિચાર કરીને જુવો કે આપ એ બધા જમીનદાર, જાગીરદાર, ખેતીકાર હતા છતાં આપણી એ ખેતી કયાં ? એ ચાસ આપણી પાસેથી કેમ જતો રહ્યો ? શું આપણે મહાન યજ્ઞ કર્યો હતો કે તેમાં એ પૈસા ખચાર્યા છે ? શું આપણે મહાન કોઈ મોટો વેપાર કર્યો હતો કે મોટી ખોટ જવાથી આપણો ગરાસા ચાસ વેચી નાખવો પડે છે ? ત્યારે શું આપણા બાપ દાદાઓએ મીજલસો કરી ! ગોહરાજાનો જલસો કરાવ્યો હતો ? કે તેમાં આપણી મુડી બરબાદ થઈ છે ? ભાઈઓ, આમાનું કંઈપણ આપણે તેમજ આપણા બાપદાદાઓએ કર્યું નથી પણ ચડચડાસીમાં ગામ અને નાતો કરી જ જમણવારો કરવાથી જ આપણું ઉઠમણુ થઈ ગયું છે. મા પાછળ તો ગામ જરૂર કરવું જ જોઈએ આવા પ્રકારની ખોટી લાજ રાખવા જતાં. લાજ અને ઈજ્જતનું જાહેર લીલામ થઈ ગયું તો એ આપણે એ આંખ ઉઘાડી પાછુ વળી જોયુ નહીં. તેમજ આપણા ભાઈઓ અને આગેવાનોએ પણ આપણને સાચી સલાહ આપી નહી. ઉલટુ એમ સમજાયુ કે ગામ કર્યા સિવાય નહિ ચાલે, લાજ કયાં મુકીએ ! તું કને પૈસા ન હોય તો અમે આપીએ ! પણ ગામ કર્યા સિવાય ચાલશે નહીં. આમ ચડાવી ચડાવીને આપણા આગેવાનોએ કારજ કરાવી આપણી જ્ઞાતિને ગરીબ બનાવી દીધી છે. ભાઈઓ તમે તેમજ હું જાણીએ છીએ તેમ મોટા મોટા ખેડુતોની ખેતી કારજવરા કરવાથી છૂટી ગઈ છે. અને આપણો ગરાસ વેપારીઓએ કરજમાં લઈ લીધા છે. જેથી આપણા ઘણા ભાઈઓને ખેતી મુકીને કરાંચીમાં તેમજ કલકતામાં ઝાડ જોવા પડયા છે એ ઘણી જ દિલગીરીની વાત છે. મરણ પાછળ જમણવારો કરવાથી શું નુકસાન થાય છે. એ મેં તેમને કહ્યું છે, હવે તમને ઠીક લાગે તેમ કરજો. તો પણ મારી છેવટે એટલી સલાહ માન રાખો તો ઘણું જ

સારૂં કે છેવટે કરજ કરીને તો કારજ નજ કરશો. હુ ફરીવાર પણ તમને કહું છું કે આપણી કણબીની જ્ઞાતિ એક ઉચ્ચ કોમ છે. તેનુ ભાન આપણે છેક ભુલી ગયા છીએ જે સુધારો આપણે કરવા માંગીએ છીએ તે સુધારો જ્ઞાતિના આગેવાન કહેવાતા ગેઢેરાઓએ કરવાની ખાસ જરૂર છે, પરંતુ તેઓએ પોતાની પટેલાઇ જતી ના રહે તેની બીકમાં ને બીકમાં હજુ એવા ઉધાં વેતરે જાય છે. કે જમાનો જ તેમને પાંસરા કરશે. હમણા નાતમાં કેટલાક કેસો કોરેટ ગયા છે. સાંભળવવા પ્રમાણે ગેઢેરાઓ કેસમાં હારી ગયા છે. જેવી અપીલો ભુજ ગઇ છે. આગેવાનોને હજુ આપણી જ્ઞાતિના પંચના પૈસા તેઓની પાસે રહે છે તે કોરટોમાં વાપરવાનું જોર છે.અને એ બળ ઉપર કુદાકુદ કરી રહ્યા છે. તેઓને ખબર નથી કે એ પૈસાનો જયારે કોઇપણ આપણી જ્ઞાતિનાં ભાઇ હીસાબ માંગશે ત્યારે આપવો પડશે તેનું ભાન આગેવાન ગેઢેરાઓ રાખતા હોય એમ મને લાગતું નથી. એનો જયારે હીસાબ લેવાય ત્યારે વાત. હું સભામાં બેઠેલા ભાઇઓને કહું છું કે આપણે રાત્ર-દિવસ મહેનત કરી ખારા પાણી જંગીને લોહીને ટીપે જે પૈસા કમાઇએ છીએ તે શું તેની મરજી પ્રમાણે ગમે તેવા ખોટા ખર્ચામાં ઉડાવવા આપીએ છીએ? ના.ના. એમ નથી એ પૈસા આપણા ગરીબ ભાઇઓની ખરી મહેનત અને પરસેવાના છે. તેનો સદ્ઉપયોગ તો આપણી જ્ઞાતિના હિતમાં થાય એવા પુરૂષોની આગેવાનોમાં શ્રધ્ધા રાખી આપણે આજ દિવસ સુધી એ પૈસા આપતા આવ્યા છીએ. પરંતુ હમણા જે હકીકત આગેવાનોમાં શ્રધ્ધા રાખી આપણે આજ દિવસ સુધી એ પૈસા આપતા આવ્યા છીએ . પરંતુ હમણા જે હકીકત આગેવાન ગેઢેરાઓના ચારિત્ર સંબધે વીરાણી સભાના રીપોર્ટથી બહાર આવી છે. તેમજ આગેવાનોએ ખોટી રીતે કોર્ટોમાં પૈસાની બરબાદી કરી છે. તે જાણ્યા પછી તેમજ પીરાણાની સ્થિતિ અને કાકાની રીતભાત તેમજ ત્યાં થતો પૈસાનો ગેરઉપયોગ આવી બાતમીઓ આપણને મળ્યા પછી પણ આગેવાનોને આપવા અથવા પીરાણે પૈસા મોકલવા એ કલરમાં બીજ વાવ્યા બરોબર છે. સૈયદોને તમે પૈસા આપો કે ન આપો એ તમારી મરજી પરંતુ ચોખ્ખી વાત એ છે કે સૈયદોને તમે પૈસા આપો કે ન આપો એ તમારી મરજી પરંતુ ચોખી વાત એ છે કે સૈયદો માંસાહારી છે વીરાણી સભાના રીપોર્ટ પ્રમાણે સૈયદો કુકડા મારતા હોય અને જીવહિંસા કરતા હોય તો આપણી ખરી મહેનતના પૈસા પાપ કરવાને આપણે આપવો નહીં જ જોઇએ. કદી ઇમામશાહ બાવાને આપણે માન આપીએ. કેમકે તેમની રહેણીકહેણી જુદી હતી, તેઓ દેવી પુરૂષ હતા નહીં કે સૈયદો જેવા હતા, તેઓ આપણને અવળે રસ્તે દોરે છે અને પોતે પાપી બની આપણને પણ પાપભાગી બનાવવા પ્રયત્ન કરે છે. માટે તેઓ કોઇ પણ રીતે સમગ કરવો યોગ્ય નથી. સૈયદો ઇમામસાહ તેમજ તેમના બનાવેલા સતપંથ ધર્મને માનતા નથી ! હું એક વખત પીરાણે ગયો હતો ત્યારે ત્યાં એક મારા પીત્રાઇ ભાઇ કે જે પીરાણા ધર્મના શુદ્ધ અનુયાયી છે. તેઓની સાથે સૈયદોમાં ધર્મ સંબંધે વાંદવિવાદ થતાં મને લાગ્યું કે પીરાણા ધર્મની સાથે સૈયદોને કશું લાગતું વળગતું નથી. આ બધી હકીકતો એવા પ્રકારની છે. કે આપણી કણબીની જ્ઞાતિ એકલી કચ્છમાં નથી પરંતુ ગુજરાત, કાઠીયાવાળ, માળવા, ખાનદેશ, ઇત્યાદિ ઠેકાણે મળી કુલ વસ્તી દસલાખની છે.તેમાં કચ્છમાં તો ફકત તેત્રીસ હજાર માણસ જ વસે છે. જેથી આપણે યાદ રાખવું જોઇએ કે આપણા તે ભાઇઓ જેવી રીતે વર્તે છે. તેવી જ રીતથી આપણે વર્તવુ જોઇએ.

ભાઇઓ હું તમોને એક એવી પણ વિનંતી કરુ છું કે સલાહ સંપથી જે વાતોના નિર્ણય કરવાના હોય તે મનમાં કોઇપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા સિવાય ઉતાવળ ન થતા શાંતિથી જો આપણે વિચાર કરીશું તો આપણે આપણી જ્ઞાતિના ભલા માટે ઘણો ઉકેલ લાવી શકીશું. આ સભામાં પક્ષાપક્ષ જેવું જો આપણે નહીં કરીએ અને તો ઘણું જ સારું કામ કરી શકીશું. તો ઘણું જ સારુકામ કરીશું. મેં મુંબઇ સભાઓ જોઇ છે. માળવામાં સુંદ્રક ગામના મને આમંત્રણ હોવાથી હું ત્યાં આપણા જ્ઞાતિભાઇઓની સભા હતી ત્યાં મને આંમત્રણ હોવાથી હું ત્યાં આપણા ભાઇઓની સાથે ગયો હતો અને ત્યાં જ્ઞાતિ હિતનું કામકાજ થતું મેં જોયું હતું આપણામાં અને તેમનામાં રીત-રિવાજમાં કાઇ જાજો ફેર નથી. લગભગ રીત-રિવાજો આપણને મળતા જ છે ફકત એક પીરાણા ધર્મની છાપ આપણા ઉપર છે, તેથી જ આપણને ખાસ શરમાવુ પડે છે. તે જો ન હોય તો તે વખતે એવું પણ બને કે આપણી કચ્છની જ્ઞાતિ આપણા દેશના બીજા ભાઇઓ કરતાં ઓછે દરજ્જે ગણાય નહિં. ગુજરાત ઇત્યાદિ દેશોમાં પણ આપણી જ્ઞાતિના કદાચ કુંવારા હશે તેવા આપણી કચ્છની જ્ઞાતિના નહિં પણ હોય ! તેમાં સઘળા ભાઇઓ સંમત થયો તો આપણા ઉપર જે કાળું કલંક છે. તે પણ મટી જશે. અને આપણે સુખી અને ભાગ્યશાળી થઇશું. ભાઇઓ અને બહેનો તમોએ ઘણીજ શ્રધ્ધાપુર્વક મારૂ ભાષણ સાંભળ્યુ છે. હું એટલો વિદ્વાન નથી કે તમને મારા ભાષણથી ખુશ કરી નાખું તો પણ મારા હૃદયના જે ભાવો હતા તે મે મારી પાસે ખુલ્લા મુકયા છે. અને આંવતી કાલે બપોરના સબજેકટે કમિટિ મળશે તેમાં દરેક ભાઇઓને આવવાની છુટ છે. અને પોતાના વિચારો શુદ્ધ હૃદયથી જે ભાઇ કહે તેનું ખાસ સંભાળપુર્વક વિવેચન સાંભળી નિર્ણય કરવામાં આવશે, મેં તમારો ઘણો કિંમતી વખત લીધો છે.તેમજ તમો કરાંચીવાસી ભાઇઓએ મારી લાયકાત ઉપરાંત જે માન આપ્યુ છે તેના માટે હું ઉપકાર માનું છું.

પરિષદો તથા પ્રચાર

વિ. સંવત ૧૮૩૨થી પહેલા બધા શુદ્ધ હિન્દુ હતા. લગ્ન સંસ્થા બરાબર હતી. ગોર મહારાજ હિંદુ વિધિથી લગ્ન કરાવવા અમદાવાદથી આવતા પણ વિ.સં. ૧૮૩૨માં કચ્છમાં કાકાઓની અવરજવરથી પીરના ધર્મનો પ્રચાર ખૂબ વધી ગયો. તે સમયમાં નખત્રાણાના જ્યોતિષ ધામમાં બધા પાટીદારો ભેગા થયા અને સર્વેને ઇમામશાહ બાવાનો ધર્મ પાળવાનો આદેશ કરવામાં આવ્યો કચ્છ કડવા પાટીદારો પર પીરનો ધર્મ ઠોકી બેસાડવા કેવા કેવા હથકંડા બેસાડ્યા તેનું વર્ણન સ્વ. નારણરામજી લીંબાણીના પુસ્તક "પીરાણા સતપંથની પોલ" અને "કર્તવ્યના પંથે"માં વિગતવાર વર્ણવેલ છે.

ધર્મ ખોટે રસ્તે જઈ રહ્યો છે. તે વડીલોને લાગ્યું. પણ તેનો સામનો કઈ રીતે કરવો ! જ્ઞાતિ સુધારણાનો ઝંડો પણ મોટી વિરાણી ગામે જ ઉપાડ્યો. ગામના વડીલ શ્રી નારણ રામજીને મુંબઈમાં ખૂબ કડવા અનુભવો થયા. પણ જ્ઞાતિ સુધારણાનો ધ્યેય ન છોડ્યો. તેમણે કેટલાક સાથીદારો બનાવ્યા. તે વખતે આપણી વસ્તી કરાંચીમાં ઘણી હતી. કરાંચીમાં આપણાં ભાઈઓને સમજાવ્યા. ચર્ચા સભાઓ ભરી. છેવટે પ્રથમ જ્ઞાતિ સંમેલન પણ કરાંચીમાં ભર્યું. બીજું સંમેલન મુંબઈમાં ભર્યું. અને જ્ઞાતિજનોને ધર્મની સાચી સમજણ આપવાના પ્રયત્નો ચાલુ રાખ્યા. અને ત્રીજુ સંમેલન ફરી પાછુ કરાંચીમાં ભર્યું. આમ જ્ઞાતિજનોમાં ખૂબ-ખૂબ પ્રચાર કરી ધર્મ અને કર્મની સમજણ આપી.

આજથી પંચોતેર (૭૫) વરસ પહેલાંના વડીલો એ પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતિ લાવવા જે મહેનત કરી અને તેના પરિપાક રૂપે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં

મંદિરોની સ્થાપના પ્રથમ વિરાણી ગામે મંદિરથી કર્યું. ત્યાર પછી તો કચ્છમાં પાટીદાર જ્ઞાતિમાં સમાજ સુધારણાનો જુવાળ ફાટી નીકળ્યો અને તેના પરિણામે નખત્રાણા ખાતે અખિલભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા "પાટીદાર વિદ્યાર્થી ભવન"નું નિર્માણ થયું. કચ્છમાં ગામે ગામ શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મની સ્થાપના સંત ઓધવ રામજી મહારાજ તથા શ્રી રતનશી ખીમજી ખેતાણી મુંબઈ વાળાએ કરી હતી. તેમની સાથે તેમના સાથીદારોમાં જણાવેલ વડીલો હતા. શ્રી નથુભાઈ નાનજી, વડીલ ભીમજી કેશરા લીંબાણી મથલના વડીલ પરબત લખુ પોકાર, વડીલ શીવદાસ કાનજી ખોંભડીના રતનશી બાપા વાગડીયા અને અન્ય ગામોના વડીલો પણ સાથે હતા.

(સંદર્ભ : કર્તવ્યના પંથે)

"વડીલોની વ્યાધિ"

આખી જિંદગી કરી કામ, પાળયું કુટુંબ પરિવાર
હવે મા-બાપ થયાં ભારી, કોણ કરે સેવા ચાકરી

ધંધામાં ભાઇઓ ધાર થાય, બટવારામાં ભવાડો થાય,
સમાધાન પંચ ભેળુ થાય, મા-બાપ કોને ત્યાં જાય.

મુકી આવો દેશમાં અમોને, છોડો ખેચાતાણ,
સંભાળશું ખેતીવાડી તમારી, દીર થશે વ્યાધિ અમારી.

બે-ચાર વડીલો ભેળા થઇ, કરશું સુખ -દુઃખની વાતો,
ખેતર-વાડી દેશું થાળે, વડને ઓટે બેસી કરીશું
સિંધની વાતો.

ભલું થજો સમાજવાળાનું, ચલાવે "અપના ઘર"
ખાવા-પીવાની ચિંતા નથી,
ભલે આવે સગાં વ્હાલાં પરદેશી પરિવાર

સવાર-સાંજ મંદિરે જશું, ધરશું ઇશ્વર ધ્યાન,
ઢોલ, નગારાં, ઘંટ વાગે, ગુરૂ વિના ઘર ભણી ભાગે

આવો વડીલો પોતાને ગામ, સંભાળો ઘર-વાડીને ઠામ,
પાછળથી પસ્તાવો થાશે, કરેલુ બધું ફોગટ જશે.

"કવિ પટેલ" કહે સાંભળો મારી વાત,
નહીં આવે જન્મ વારંવાર,
વહી જશે જિંદગી તમારી,
દૂર થશે દિકરા-વહુ-સગા-સંબંધી પરિવાર

જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર

કચ્છમાં આપણી જ્ઞાતિમાં સંતપંથ ધર્મનું જોર હતું. સાચા ધર્મનો મર્મ કોઇ સમજાવનાર ન હોવાને લીધે જ્ઞાતિ પીરાણા પંથના સૈયદોના પંજામાં જકડાયેલી હતી, એક ભેડ ચાલ જેવી જ્ઞાતિની દશા હતી. જ્ઞાતિ ઉપર સૈયદો તથા જ્ઞાતિના ગલઢેરાનો કબજો હતો. ૨૫૦ વરસ પહેલા હિન્દુ ધાર્મિક વિધિઓ જે હતી, તે પણ સૈયદોએ બંધ કરાવી નાખી અને પૂર્ણતા એક હિન્દુને ન રહે તેવી રીતે સામાજીક તથા ધાર્મિક ઢાંચાનું પરિવર્તન થઇ ગયું હતું. સંતપંથ ધર્મ આપણને વારસામાં મળેલ હતો જ્યારે આપણે ગુજરાતથી રોજી અને રોટી માટે કચ્છમાં આવ્યા તેવારે આ ધર્મનો વારસો પણ સાથે લેતા આવ્યા. લગભગ સેંકડો વરસ સુધી પીરાણાના સૈયદોના પંજામાં ફસાયા બાદ જ્ઞાતિમાં ધર્મવીરો, નરવીરો પેદા થયા જેમને આપનો સાચો ધર્મ શું છે તે સમજાવ્યો.

સર્વ પ્રથમ સનાતન ધર્મ બાબત ગામ નેત્રાના બાપા કેસરા બાપા. જેમને કેશરા પરમેશ્વરા પણ કહેવામાં આવે છે. જ્ઞાતિના વિરૂધ્ધ ધર્મ બાબત ઝંડો ઉપાડ્યો, અને તેમને તે વખત જ્ઞાતિના નિયમોનું ઉલ્લંઘન કરીને જ્ઞાતિના સામે બળવો કર્યો. તે વખતે કેસરાબાપાના ભાઈઓને સાથીદારોએ સાથ આપ્યો, પરંતુ જ્ઞાતિના કડક નિયમના આગળ અમુક સાથીદારો પાછા હઠી ગયા. પરંતુ બાપાએ ધર્મનું ધીંગાણું ચાલુ રાખ્યું અને વિદ્વાનોની સાથે ધર્મનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરી બાપા તથા તેમના સાથીદારોએ સ્વામીનારાયણ ભગવાનને પોતાન દેવ ગણી સનાતન ધર્મ અપનાવ્યો. અત્યારે પણ આપણી જ્ઞાતિમાં આઠથી દસ ગામો સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલા છે.

પરંતુ કેશરાબાપા ત્થા તેમના સાથીદારો જ્ઞાતિથી અલગ થવાથી જ્ઞાતિની અંદર ધાર્મિક પરિવર્તન ન આવ્યું. પરંતુ શહીદોનું જોર વધ્યું. એટલે ધર્મમાં અટકાવ આવી ગયો પરંતુ તે વખતે સમાજની અંદર ગામવિરાણીાં નારણ રામજી લીંબાણી બાપાએ ફરીથી ધર્મનો ઝંડો ઉપાડ્યો અને જ્ઞાતિની અંદર જે પીરાણાં પંથનો પગપેસારો વધતો જતો હતો તેને અટકાવવા માટે ઝુંબેશ ઊપાડી ગામે ગામ ફરી સનાતન ધર્મનો પ્રચાર કરવા લાગ્યા . જ્ઞાતિને તેમનો સાચો ધર્મ સમજાવવા લાગ્યા, અને પોતાના સાથીદારો સાથે ભળી કરીને સમાજને જગાડી, જ્ઞાતી ક્યા માર્ગે જાય છે તે બતાવ્યું અને એક પ્રકારની સમાજની અંદર સનાતન ધર્મની ક્રાંતિ ઝગાડી, ધર્મના ધીંગાણા થવા લાગ્યા. પરંતુ નારણ બાપા તથા તેમના સાથીદારો અડગ રહ્યા અને પોતાની જ્ઞાતિને સૈયદોના પંજામાંથી છોડાવવા માટે પોતાના પ્રયાસો ચાલુ રાખ્યા છતાં પણ તે વખતે જ્ઞાતિમા ધાર્મિક પરિવર્તન ધાર્યા પ્રમાણે ન થયું. પોતે ત્થા તેમના સાથીદારોને જ્ઞાતિના ગલઢેરાઓએ નાતબહાર કર્યા. રોટી અને બેટી વહેવાર બંધ કર્યો છતાં પણ બાપા ત્થા તેમના સાથીદારો અલગ રહીને પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી કરાંચીમાં આપણી જ્ઞાતિની મીટીંગ રાખી જેમાં તે વખતે આપણા ઘણા ભાઈઓ સીંધમાં ધંધો કરવા જતા હતા. જ્ઞાતિના ઘણા ભાઈઓ હાજરી આપી, ઠરાવ પાસ કર્યો કે પીરાણામાં પંથના વિરૂધ્ધ ખુલ્લે મનથી અને જ્ઞાતિના નિયમોની પરવાહ કરવા વગર સનાતન ધર્મનો પ્રચાર કરવો. પરંતુ તે વખતે એવું પણ કહેવામાં આવ્યું કે, જ્ઞાતિમાં ધર્મનું ધીંગાણું ન થાય તે માટે ભાઈઓને પ્રેમથી સમજાવી કરીને સમજાવવું.

પરંતુ તે વખતે આપણી જ્ઞાતિના લોખંડી નરવી વીરાણીના રતનશી ખીમજી બાપાએ તેમનો વિરોધ કર્યો કે સમજાવવાથી જ્ઞાતિમાં ધર્મ પરિવર્તન નહિ થાયતે માટે પોતે એકલા મેદાને પડ્યા અને ગામે ગામ જઈને કરીને નીડર બની ગામમાં સભાઓયોજવા લાગ્યા અને ખુલ્લેખુલ્લા પીરાણા પંથની પોલ ખોલવા લાગ્યા અને સનાતન ધર્મનો પ્રચાર કરવા લાગ્યા. તે વખતે ગામેગામ યુવકોમાં ધર્મ તથા શીક્ષણની જાગૃતિ આવી હતી. રતનશી બાપાના પ્રચારથી ગામેગામ હજારો યુવકો રતનશી બાપાને સાથ અને સહકાર આપવા લાગ્યા અને જ્ઞાતિમાં એક જબરજસ્ત ધાર્મિક ક્રાંતિની જ્વાળા ફેલાવવા લાગી સતપંથી ભાઈઓ ગભરાણા કારણ કે હવે પીરાણાનો પોલ ખૂલ્લો થઇ ગયો હતો. યુવકોમાં જાગૃતિ આવી ગઈ હતી. ગામેગામ સનાતન ધર્મનીસ્થાપના થવા લાગી હતી. મંદિરો બનાવવા લાગ્યા હતા. અને વિક્રમ સંવત૨૦૦૨ના

વરસમાં રતનશી બાપાની અથાગ મહેનતના કારણે ગામેગામ મંદીરો બનવા લાગ્યા, અને દરેક મંદીરમાં રતનજી ખીમજી બાપાના ફોટાં મુક્યા. જ્ઞાતિમાં નવુ જોર આવ્યું, નવુ ચેતન આવ્યું, નવી જાગતિ આવી અને જ્ઞાતિ શહીદોના પંજામાંથી નીકળી કરી સનાતન ધર્મની નવી હવા લાગી. અને ત્યારથી જ્ઞાતિની અંદર સનાતન ધર્મનો ઝંડો ગામેગામ ફરકવા લાગ્યો. ધન્ય હો નારણ બાપા ત્થા રતનશી બાપા, જેમની અથાગ મહેનતના કારણે આપણે અત્યારે આ સ્થાને આવ્યા છીએ-એજ.

કચ્છના પાટીદારો અને સનાતન ધર્મ

(શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના.)

ઈ.સ. ૧૪૪૯માં અમદાવાદ પાસેના પીરાણા ગામમાં ઇમામશાહ નામના એક પીર ઉપદેશક ઇરાનથી આવ્યો તેમને અડાલજ અને ઊંઝાના કેટલાક પાટીદારોને પીરપંથી બનાવી કચ્છમાં મોકલ્યા અને કચ્છના ગામડે ગામડે પહોંચી ગયા. આ પીરપંથી પાટીદારોને ફરીથી હિંદુ (સનાતન) બનાવવા માટે નખત્રાણા તાલુકાના વિરાણી ગામના નારણભાઈ રામજી લીંબાણી અને રતનશી ખીમજી ખેતાણીએ અથાગ પ્રયત્ન કર્યા પરંતુ આ પાટીદારો પીરાણાપંથી કાકાઓ અને સૈયદોના દબાવમાં હોવાથી જલદી પીરપંથી છોડવા તૈયાર ન હતા. નારણભાઈ રામજીના તથા રતનશી ખીમજીના ઘણા બધા પ્રયાસથી પાટીદારોમાં સનાતન ધર્મની જાગૃતિ ઘણી બધી આવી પરંતુ પીરાણાપંથી પટેલોને સનાતન ધર્મ કયો અપનાવવો તે નક્કી કરી શક્યો નહી છતાં પણ કેટલાક પાટીદારોએ સનાતન ધર્મ અપનાવ્યો. નારણ બાપાના અંતિમસમયમાં લકવાની અસર થવાથી પથારીવશ થયા. નારણબાપાના ધર્મ બાબતનું આંદોલન ધીમું પડવા લાગ્યું પ્રચાર અને પ્રસાર ઓછો થવા લાગ્યો જેથી કરી રતનશી બાપા અને સંત ઓધવરામજી મા'રાજે બાપાના આંદોલનને ચાલુ રાખવા માટે પાટીદારોની એક સભા વાંઢાય ખાતે બોલાવી જેમાં જ્ઞાતિના વડીલો ઘણી બધી સંખ્યામાં ભેળા થયા અને આ આંદોલનને ચાલુ રાખવા અનુરોધ કર્યો, હિંદુ સનાતન ધર્મ બાબતનો પ્રચાર ગામેગામચાલુ થઈ ગયો.

બાપાને લકવાની બીમારીનો ઘણો ઉપચાર કરવા છતાં બાપાનો આ દેહઆખરે આસો વદ- ૧૪ને સોમવારે (વિ.સં. ૧૯૯૭) રાત્રે ૧૦-૦૦ વાગ્યે આપણી જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારણજી રામજી લીંબાણીના આત્માએ સ્થૂળ દેહનો ત્યાગ કર્યો.

- સનાતન ધર્મ કયો અપનાવવો તે માટે વાંઢાયમાં ઓધવરામજી મા'રાજના સાનિધ્યમાં પાટીદારો ભેળા થયા અને સંત ઓધવરામજી મારાજે રતનશી બાપા અને ભેળા થયેલા વડીલોને મા'રાજે જણાવ્યું કે નારણબાપા જે ધર્મ માટે આંદોલન ચલાવ્યું હતું તે વૈદિક આર્ય ધર્મ હતું અને તે ધર્મનું પાલન કરવું કઠીન છે. એમની આચારસંહિતાનું પાલન તમે નહિ કરી શકો. તમારે માટે લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ એવો છે કે તમો ગમે ત્યારે એમની પૂજા અર્ચના કરી શકશો આ ધર્મમાં કોઈ બંધન નથી ગમે ત્યાં અને ગમે ત્યારે ભગવાનનુંનામલઈ શકશો માટે આ સનાતન ધર્મ તમારે માટે અનુકૂળ છે અને આ ધર્મનો પ્રચાર કરી ગામેગામભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો બનાવો.

- આ સનાતન ધર્મની સંત શ્રી ઓધવરામજી મા'રાજે ઘોષણા કરી અને કહ્યું કે આ તમારી કુળદેવી ઉમિયા મા જે તમારી 'મા' છે તો તમે સૌ પાટીદારો આ બંને દેવતાની પૂજા-અર્ચના કરો. ભગવાનના આશીર્વાદ તમારી ઉપર રહેશે અને કોઈ પણ પ્રકારનું બંધન રહેશે નહીં. ગમે તે વારે નામલઈ શકશો. આ સનાતન ધર્મ તમારો સાચો ધર્મ છે અને તમો આજથી સનાતની બની ગયા છો. તેના સાથે જ સભામાં સનાતન ધર્મનો જયકારો થઈ ગયો અને સેંકડો વરસનો પીરાણાપંથનો પગપેસારો બંધ થઈ ગયો.

- ત્યાર પછી સંત ઓધવરામજી મા'રાજ અને તેમના શિષ્યો તથા રતનશી ખીમજી ખેતાણી અને વડીલો સનાતન ધર્મનો પ્રચાર કરવા લાગ્યા સનાતન ધર્મની જયઘોષ થવાથી દરેક ગામમાં જુવાનીયાઓ જોશમાં અને ઉમંગમાં આવી ગયા. દરેક ગામમાં પાનમૂર્તિ મંદિરો બનવા લાગી ગયા. સર્વત્ર પાટીદારોમાં આનંદ છવાઈ ગયો. પરદેશથી જુવાનીયા પોતાના ગામોમાં આવ્યા અને ગામે ગામમંદિરો બનવા લાગી ગયા અને સનાતન ધર્મનો પ્રચાર જોરશોરથી થવા લાગ્યો.

ચારસો વરસથી ધર્મ ભુલેલા કચ્છના કડવા પાટીદારોને પોતાનો સાચો સનાતન ધર્મ સમજાવ્યો. આજે કચ્છના પાટીદારોના ૧૪૫ ગામોમાં લક્ષ્મીનારાયણ સનાતન ધર્મનો ધ્વજ ફરકી રહ્યો છે.

- ધન્ય હો સંત ઓધવરામજી મા'રાજ અને રતનશી ખીમજી ખેતાણી અને તેમના સાથીદારોને કે જેને રાહ ભુલેલા પાટીદારોને સાચો સનાતન ધર્મ અને કર્મનો રસ્તો બતાવ્યો.

- ચારસો વરસથી ધર્મ ભુલેલા કચ્છના કડવા પટીદારોને પોતાનો સાચો સનાતન ધર્મ સમજાવ્યો. આજે કચ્છના પાટીદારોના ૧૪૫ ગામોમાં લક્ષ્મીનારાયણ સનાતન ધર્મનો ધ્વજ ફરકી રહ્યો છે.

-ધન્ય હો સંત ઓધવરામજી મા'રાજ અને રતનશી ખીમજી ખેતાણી અને તેમના સાથીદારોને કે જેને રાહ ભુલેલા પટીદારોને સાચો સનાતન ધર્મ અને કર્મનો રસ્તો બતાવ્યો.

- આજે કચ્છ- કડવા પાટીદારોના ૧૪૫ ગામોમાં સનાતન ધર્મના મંદિરોમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની રોજ આરતી- પૂજા થાય છે. સાથે ઉમિયા માતાની પણ આરતી થાય છે. આજે આ મંદિરોને ૬૦ વર્ષથી ઉપર સમય થયોછે અને દરેક ગામમાં મંદિરોના ૫૦ વર્ષ થયા તેમની સ્વર્ણ જયંતિ મહોત્સવ ઉજવે છે.

- દેશ હો અથવા પરદેશ હો આજે દરેક કચ્છ કડવા પાટીદારોના ઘરોમાં ભગવાન લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયાના મંદિર હોય છે અને તેમની રોજ પૂજા અર્ચના થાય છે. આ સાથે કચ્છ કડવા પાટીદાર સમાજ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં કંપામાં અને આજુબાજુના વિસ્તારમાં દોઢ લાખ પાટીદારોનો વસવાટ છે અને લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પાળે છે અને તેમની કુળદેવીમા ઉમિયાની પૂજા અર્ચના કરે છે અને કચ્છમાં ૧૪૫ ગામોમાં કડવા પાટીદારોવસે છે અને તેમની કુલ વસ્તી ૪ લાખની છે. ગામડામાં ખેતીવાડીનો ધંધો છે અને પરદેશમાં લાકડાનો ખાસ ધંધો છે અને અન્ય ધંધાઓ પણ કરે છે.

વડીલો દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મનો પ્રચાર

વિક્રમ સવંત ૨૦૦૨ની સાલમાં સંતશ્રી ઓધવ રામજી મહારાજ વાંઢાયવાળાના માર્ગદર્શનથી તેમના શિષ્યો સંત શ્રી દયાલદાસ અને શાંતિદાસજીની હાજરીમાં કચ્છના ગામે ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મના પાનમૂર્તિ મંદિરોની સ્થાપના કરવામાં આવી હતી. અને આ પ્રસંગે સનાતન સમાજના જણાવેલ વડીલો સાથે હાજર રહેતા હતા. જેમાં પ્રથમ વિરાણી ગામના શ્રી રતનશી ખીમજી ખેતાણી, શીવદાસ,કાનજી પટેલ, શ્રી માવજીભાઈ માનાણી, શ્રી પચાણભાઈ શીવજી સોમજીઆણી, શ્રી મેઘજીભાઈ લખમશી પાંચાણી, શ્રી વિસરામભાઈ, રાજા સોમજીઆણી, કોટડાના ભીમજી કેશરા લીંબાણી, શ્રી રતનશી મુળજી લીંબાણી, રામજી નારાયણ મેઘાણી, શ્રી દેવજી વિસરામ ડોસાણી, શ્રી મેઘજીભાઈ તેજાણી અને તેમની સાથે હંમેશા ૫૦ જણની વોલીટીયરની ફોજ રહેતી. રસલીયા ગામના શ્રી સીવગણ કાનજી સેંઘાણી, શ્રી હીરાલાલ ગોપાલ સાંખલા, શ્રી ગંગદાસ હરજી સેંઘાણી, શ્રી લધામેગજી લીંબાણી અને જેઠાભાઈ પોકાર, ઉખેડા ગામના શ્રી ખેતાભાઈ માવજી સાંખલા તથા તેમના પિતાશ્રી માવજીભાઈ સાંખલા, શ્રી રમણભાઈ માવજી સાંખલા, ખીરસરા ગામના શ્રી વિસરામભાઈ બાથાણી જેઓ નથુભાઈ નાનજી માસાઈ ભાઈ થતા હતા. મથલ ગામના વડીલ શ્રી પરબતભાઈ લખુ પોકાર અને ગામના ભાઈઓ, ખોંભડી ગામના રતનશી ભાઈ નારણ અને ગામના વડીલો, નખત્રાણાં ગામના નથુભાઈ નાનજી અને નખત્રાણા ગામના ગુજરાત કંપામાં રહેતા શ્રી પૂંજાભાઈ ખેતશી રૂડાણી, શ્રી વિસરામભગત, વૃદ્ધા પુરા કંપાવાળા (મથલ), શ્રી હંસરાજ મુખી, અણીયોર કંપાવાળા, શ્રી પંચાણ નથુ પોકાર, તથા તેમના પિતાશ્રી નથુબાપા તળાવ કંપાવાળા (મથલ) તથા ગામેગામથી અન્ય વડીલો અને સંતો અને વોલિયંટર યુવાનોની ફોજ સાથે રહેતી. આવા વડીલો અને સંતો સાથે ન હોત તો આપણને ધર્મ બાબત ઘણું સહન કરવું પડત અને ન જાણે આ પાટીદાર કોમની ધર્મ બાબત શું દશા થાત ? ધન્ય છે એવા ધર્મવીરોને જેને આખી પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના મંચ પર બેસાડ્યા. જેના મુખ્ય યોગદાન આપનાર વિરાણી ગામના વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી હતા. તથા તેમની સાથે નખત્રાણાના નથુભાઈ નાનજી કોટડાના ભીમજીભાઈ કેશરા, મથલના પરબતભાઈ લખુ પોકાર, ખોંભડીના શ્રી રતનશીભાઈ નારણભાઈ વાગડીયા અને સીવદાસ કાનજી વિરાણી મોટીવાળા સંત ઓધવરામજીમહારાજના માર્ગદર્શનથી અને આશીર્વાદથી કચ્છના ગામેગામ ફરીને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના કરવા આપણી સમગ્ર જ્ઞાતિને પ્રોત્સાહન આપી જાગૃત કર્યા હતા.

સનાતન સમાજના હોદ્દેદારો

- એ સમય કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની રચના થઈ ચૂકી હતી. તેમના પ્રમુખ વિરાણી મોટીવાળા શ્રી રતનશી ખીમજી ખેતાણી હતા. ત્યારે મંત્રીપદે નખત્રાણાવાળા શ્રી નથુભાઈ નાનજી કેશરાણી હતા. ઉપ-પ્રમુખ પદેશ્રી ગંગદાસભાઈ વિસરામભાઈ ઉગેડીવાળા હતા. અને ખજાનચી શ્રી ભીમજી કેશરા લીંબાણી કોટડા (જ) વાળા હતા.

- નારણબાપાના અંતઃકાળમાં લકવાની બિમારીથી પથારીવશ થયા અને ધર્મનું આંદોલન ધીમું પડવા લાગ્યું ત્યારે સંત ઓધવરામજી મા'રાજ અને ધર્મવીર રતનશી ખીમજી અને તેમના સાથીદારોએ નારણબાપાના આંદોલનને વેગ આપ્યું. આ કચ્છ કડવા પાટીદારોને ક્યો ધર્મ અપનાવવો તે નક્કી ન કરી શક્યા. પણ સંત ઓધવરામજી મા'રાજ અને રતનશી ખીમજી ખેતાણી કચ્છમાં ગામ વીરાણી મોટી ઘાટકોપર મુંબઈ અને તેમના સાથીદારો જેના અથાગ પ્રયત્નોથી આજે કચ્છ કડવા પાટીદારો લક્ષ્મીનારાયણ સનાતન ધર્મનો ડંકો વગાડી સાચા સનાતની બની સાધન સંપન્ન થયા છે. (અને લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ અપનાવ્યો.)

- શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મના સંસ્થાપક સંત ઓધવરામજી મા'રાજ અને રતનશી ખીમજી ખેતાણી અને તેમના સાથીદારો હતા. જેઓ પાટીદારોના ગામડે ગામડે જઈ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના પાનમૂર્તિ મંદિરોની સ્થાપના કરી.

- આ સનાતની પાટીદાર ભાઈઓ અત્યારે પરદેશમાં પણ વસવાટ કરે છે અને વરસમાં બે-ત્રણ વખત પ્રસંગે પોતાના ગામે અને વતનમાં આવે છે અને શ્રદ્ધાથી પોતાના વતનની માટીને માથે ચઢાવે છે. દર ઉનાળે સાતમ-આઠમના ત્યોહાર અને મંદિરોનો પાટોત્સવ ઉજવે છે.

મા-બાપને ભુલશો નહિ

ભુલો ભલે બીજુ બધું, મા બાપને ભુલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એને વિસરસે નહિ ....ભુલો
અસહ્ય વેઠી વેદના ત્યારે દીઠુ તમ મુખડું,
એ પુનિત જનના કાળજા પથ્થર બની કુદસો નહિ ....ભુલો
કાઢી મુખેથી કોળીઓ, મોમાં દઈ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે ઝેર ઉછાળશો નહિ ....ભુલો
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પુરા કર્યા,
એ કોડના પુરનારનાં કોડ પુરવા ભુલશો નહિ ....ભુલો
લાખો કમાતા હો ભલે, મા બાપ જેના ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવુ ભુલશો નહિ ....ભુલો
સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો એ ભાવના ભુલશો નહિ ....ભુલો
ભીને સૂઈ પોતે અને સુકે સુવાડ્યા આપને,
એની અમીમય આંખને ભુલીને ભીંજવશો નહિ ....ભુલો
પુષ્પ બીછાવ્યા પ્રેમથી જેને તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર કંટક કદી બનશો નહિ ....ભુલો
ધન ખર્ચતાં મળશે બધું, પણ માતપિતા મળશે નહિ,
એના પુનિત ચરણો તણી કદી ચાહના ભુલશો નહિ ....ભુલો

ભવાયા અને કડવા પાટીદારનો પ્રસંગ

- નટવરલાલ એન. પટેલ - પૂર્વ તંત્રી 'ઉમાવાણી' - કઠોદરા

એક જમાનો હતો જ્યારે માણસોના મનોરંજન માટેના સમૂહ માધ્યમની કામગીરી ભવાઈ અને રામલીલા બજાવતા હતા. ગામડાનો કૃષિ સમાજ ખેતીમાં પોતાના પાકોનો કરીને નવરો પડ્યો હોય અને વરસાદ વિદાય લઈ રહ્યો હોય ત્યારે આસોમાસથી ફરી ચોમાસુ આવે ત્યાં સુધી ગામડામાં આ બે સંસ્થાઓ ગામસમાજને નિર્દોષ, હિતકારી મનોરંજન પીરસતી હતી. રામાયણ, મહાભારત, પુરાણો, ભાગવતના પ્રસંગો કે અસાઈત ઠાકરે લખેલા ભવાઈના વેશો પરથી ખેલ ભજવતાં હતાં. જે પેઢી એ આ મનોરંજન માણ્યું છે તેના માનસપટ પરથી હજુ ભવાઈનો રંગલો અને રામલીલાનો વિદૂષક ખસ્યાં નહિ હોય. હાલ નવી પેઢીને નવા માધ્યમો આવ્યા છે. જેમાં ટી.વી. ડાયરા, સંગીતના જલસા, રમતો, સિનેમા વગેરેને ગણાવી શકાય. એટલે હવે જૂની બે સંસ્થાને મરણતોલ ફટકો પડ્યો છે. પણ એક વાત નક્કી કે ભવાઈ-રામલીલાએ સમાજનું નહિવત અહિત કર્યું છે, જ્યારે સિનેમાએ તો લગભગ મૂલ્યો પર દુઠારાઘાતજ કર્યો છે. વાસના ઉત્તેજક અને સંકોરનારા દ્રશ્યો, ખૂન, ચોરી, મારફાડ, મદ્યપાન, ઇશ્કી નખરાં વગેરેએ સમાજની બરબાદી જ કરી છે. હા, ભવાઈનો રંગલો અને રામલીલાનો વિદૂષક ક્યારેક વાણી વિકાર દ્વારા ગ્રામ્ય (Valgar) હાસ્ય પૂરું પાડતા હતા. પણ સિનેમા તો હવે ટી.વી.ના પડદે ચેનલો, વિડીયો દ્વારા ૨૪ કલાક કુત્સિત દ્રશ્યો જ પીરસે છે. ભવાયા અને રામલીલા ભજવનારા મોટેભાગે ભોજન માટે ચારફરતી પ્રત્યેક ઘરે એક બે જણ વહેંચાઈ જતા. ભવાયા બહુ લાંબો મુકામકરતા નહિ અને બહુધા પાટીદારોને ત્યાં જ ભોજન લેતા હતા. આ માટે જવાબદાર છે વર્ષો પહેલાં મુસ્લિમશાસકોના જમાનામાં બનેલી એક ઘટના. તેથી ભવાયા અને કડવા પાટીદારોનો ભોજન સંબંધ ઘનિષ્ઠ રીતે સચવાયેલો રહ્યો લાગે છે.

૧૪મી સદીમાં એટલે આજથી ૬૦૦ વર્ષ પહેલા ઔદીચ્યસહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિમાં સિદ્ધપુરમાં અસાઈત ઠાકરનો જન્મથયેલો. બ્રાહ્મણોને પરંપરાથી કડવા પાટીદારોની યજમાનગીરી મળેલી હતી. એ જમાનામાં બ્રાહ્મણોનો ભારે મહિમા હતો તેથી સમાજમાં એમના માટે પૂજ્યભાવ તો હતો જ, પણ અસાઈત આ ભાવને પણ ઠોકર મારવા તૈયાર થયો હતો.

અસાઈત એકવાર પોતાના યજમાન કડવા પાટીદાર હેમાળા પટેલને ત્યાં ઊંઝા ગયા હતા. પટેલનો ચહેરો પડી ગયેલો છે. ચિંતાનો ભાર માથા પર છે. અસાઈત કારણ પૂછે છે, ત્યારે પટેલ કહે છે કે એમની દીકરી ગંગાને ઊંઝા પરગણાનો મુસ્લિમસૂબો ઉપાડી ગયો છે.

અસાઈત જાણતા હતા કે એ સૂબાને સંગીત ખૂબ ગમે છે. એટલે એ પટેલને કહે છે કે ''હું મારી સંગીતની કળાથી તમારી દીકરીને પાછી લાવીશ' તે સૂબાની છાવણીએ જાય છે અને સંગીતથી સૂબાને ખુશ કરી દે છે. ખુશ થયેલો સૂબો અસાઈતને ઈનામમાંગવાનું કહે છે ત્યારે તે કહે છે, ''મારી દીકરી ગંગાને તમારા સિપાઈ ઉપાડી લાવ્યા છે, એ મને પાછી આપો.' સૂબો તરત જ ગંગાને આપી દેવા તૈયાર થાય છે, પણ સૂબાના કેટલાક સ્થઆનિક મળતિયાઓ સૂબાને કહે છે કે ગંગા અસાઈતની દીકરી નથી. એટલે સાચું જાણવા સૂબો કુનેહપૂર્વક અસાઈત માટે ભોજનથાળ મંગાવે છે અને કહે છે કે જો તમે અને ગંગા બાપ દીકરી હોય તો એક ભાણે જમો.

તે જમાનામાં બ્રાહ્મણ અને પટેલ એક ભાણે સાથે જમે તો હાહાકાર મચી જાય અને ન્યાત બહાર મૂકવા સિવાય સજા ન થાય. પણ અસાઈત જુદી માટીનો હતો. એ સંસ્કારથી પણ દ્વિજ હતો. યજમાન હેમાળા પટેલ ખાતર એ સમાજે રચેલા બ્રાહ્મણપણાને ઠોકર મારે છે અને ગંગા સાથે એક ભાણે જમી દીકરી ગંગાને છોડાવી પટેલને સોપે છે.

આ ઘટના સિદ્ધપુરના ઔદીચ્ય બ્રાહ્મણોને મહાપાપ સમાન લાગે છે. અને અસાઈતના ત્રણ ભાઈઓના કુટુંબને નાત બહાર મૂકે છે. હેમાળા પટેલએ ત્રણને ઊંઝા લાવી વસાવે છે અને ત્રણ જુદાં ઘર આપે છે. આ ત્રણ ઘર પરથી ત્રિઘર (તરગાળા) અને એના વંશજો તરગાળા તરીકે ઓળખાય છે. ભવાયા માટે તેથી તરગાળા શબ્દ પણ વપરાય છે.

અસાઈત બ્રાહ્મણ મટી ગયો. એટલે એની યજમાનગીરી ગઈ. ધાર્મિક વિધિ કરાવવાનો એનો અધિકાર ગયો. એ સર્જક હતો એટલે એણે પોતે સમાજની આવી કુરૂઢિઓ સામે બગાવત ફૂંકી અને ૩૬૦ વેશ લખ્યા. આ ભવાઈના વેશ ગામેગામચોકમાં ભજવાતા. એ તે જમાનાનું દીવાલ વગરનું થિયેટર હતું. જેણે દીવાલવાળા થિયેટર કરતાં સમાજને સાત્ત્વિક મનોરંજન પૂરું પાડ્યું હતું. ભવાઈ એટલે ભવ વહી સંસારનો ચોપડો અને એ ચોપડો સમાજ સામે રજૂ કરનારા તે ભવાયા. આ ઘટનાને લીધે ભવાયા કડવા પાટીદાર (પાટીદારો)ને ત્યાં જ મહદંશે ભોજન લેતા હશે એમ માનવા પ્રેરે છે.

કચ્છ કડવા પાટીદારોનાં પાંચાડા

વિક્રમ સંવત ૨૦૦૨માં જ્યારે આપણામાં બારે વરસે લગ્નો થતા બંધ થયા. રજવાડા ખતમ થયાં. પાટીદારો પર રજવાડા તથા ગામધણીની કડનગત ખતમ થઈ અને સાથે સાથે ખેડૂતો પણ આઝાદ થયા. પાટીદારો માટે સોનાનો સૂરજ ઉગ્યો. વાવે તેનું ખેતર-વાડી, રહે તેનું ઘર. પાટીદારો બધી રીતે આઝાદ થયાં. ખેતર-વાડીમાં ગમે તે પાક લઇ શકતા અને ખેતર-વાડી અને ઘરોનાં માલિક બન્યાં. દીકરા-દીકરીઓને ભણાવવા લાગ્યા. લક્ષ્મી નારાયણ સનાતન ધર્મ અપનાવ્યો. ભાઈઓ, દીકરાઓ પદેશ કમાવવા લાગ્યા. આખી જ્ઞાતિ સાધન-સંપન્ન થઇ અને જણાવેલ વિગતો વ્યવહારમાં આવી.

પાટીદાર જ્ઞાતિ તે વખતે આખા કચ્છમાં ફેલાયેલી હતી અને ખેતીવાડીનું કામ કરતા. તે વખતે દૂર પોતાના સગા-વહાલાંને ત્યાં જવું હોય તો વિચાર કરવો પડતો. આવાગમનનું સાધન ન હતું. અને તે વખતે દિવસની મુસાફરી કરવી પડતી હતી, પરંતુ બહેન-દીકરીઓ તથાપરિવારને પરગામ જવું હોય તો એકલાં જઈ શકતાં નહીં. વનવગડામાં હંમેશા ચોર-લૂંટારાઓનો ભય રહેતો અને સાથે પુરુષને જવું પડતું. તે વખતે ગામડાના 'પાંચાડા' વડીલોએ બનાવ્યા હતા. દીકરા-દીકરીના સગપણ કરવા હોય તો પોતાના 'પાંચાડા'માં કરવામાં આવતા. ગુજરાતની જેમ 'ગોળ' પ્રથા જેવું ન હતું. કારણ કે આજે પણ ગુજરાતમાં બનેલા ગોળમાંથી કન્યાના બહાર સગપણ નથી કરતા, પણ કચ્છ કડવા પાટીદારોમાં તેવું નથી. અને આજે પણ કચ્છ સિવાય ભારતભરમાં જ્યાં કચ્છ કડવા-પાટીદારોનો વસવાટ છે. ત્યાં તે પોતાના દીકરા, દીકરીનું સગપણ કરી શકે છે. વિધવા-વિવાહની છૂટ છે અને તે વખતે આ જણાવેલ પ્રમાણે 'પાંચાડા' બનાવવામાં આવ્યા હતા. ખેડોઈ, માનકુવા, માંડવી, આ પાંચાડાને દક્ષિણ (દખણાદો) પાંચાડો કહેવાતો. નખત્રાણા વિભાગને વચલો પાંચાડો કહેવાતો.

કોટડા, મથલથી (ભુખીનદીથી આથમણો વિભાગ) નેત્રા વિભાગનો લખપત સુધીના વિસ્તાર સુધી આથમણો પાંચાડો કહેવાતો. આ બધા પાંચાડામાં સગપણ-સાંતરા થઇ શકતા હતા, પરંતુ પહેલા પોતાના પાંચાડામાં સગપણ કરતા. આ પાંચાડાનો વહીવટ નિયુક્ત કરેલા ગેઢેરાઓ કરતા. આ ગેઢેરાઓના સામે ઊંચી અવાજે વાત પણ ન કરી શકતા. એકહથ્થું અધિકાર હતો. કોઈ વધારે વાત કરે અથવા તેઓની વાત ન માને તો મોટો દંડ, નાત બહાર કરવામાં આવતા. અને જે કહે તે માનવામાં આવતું.

આ પાંચાડામાં ૨૦ થી ૨૫ ગામો આવતા. આનું કારણ એ હતું કે સવારના પગે રવાના થઇ સાંજે જે તે પાંચાડાના આખરી ગામે પહોંચી જવા. આમ તો બધા પાંચાડામાં સંબંધો થઈ શકતા હતા. કોઈ 'ગોળ' જેવું ન હતું અને અત્યારે પણ નથી. છતાં પણ રસ્તામાં ચોર-લૂંટારાના ભયથી સાંજે જે તે ગામે પહોંચી જવાય એવી વડીલોએ ગોઠવણ કરેલી હતી. જાન તથા મામેરા જેવા પ્રસંગે તો ઘોડેસવાર સાથે મોકલતા. જેથી કરી લૂટવાનો ભય ન રહે.

તે વખતે મજૂરવર્ગને પોતાના પશુઓ માટે ઘાસ લેવા સીમમાં જવું પડતું. વગડામાં જે તે પાંચાડાના ખેતરોની રખેવાળી કરતા. બારોટો, રબારી, કોળી, ચોરી કરતા. રખેવાળો ઘાસ લેવા ન આપતા ખાસ કરી ઘાસચારો લેવા બહેનો જતી. ભૂલેચૂકે જે તે પાંચાડાના ખેતરોમાં સીમ શેઢે કોઈ બાઈઓએ ઘાસ લીધું હોય તો આ રખેવાળો કપડાં લઈલેતા અને પૈસા લઈને પાછા આપતા. કોઇના ખેતર અથવા જે તે પાંચાડાના ખેતરોમાં ઘાસચારો લેવાય જ નહીં.

કચ્છના પાંચાડા

(૧) ઉગમણો પાંચાડો
(૨) વચલો પાંચાડો
(૩) આથમણો પાંચાડો
(૪) દખણાદો પાંચાડો

ધાર્મિક વિવાદો બાબતે કેન્દ્રીય સમાજે બહાર પાડેલ શ્વેતપત્ર

કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને સમાધાન સમિતિ દ્વારા ધાર્મિક વિવાદો અંગેના સમાધાનની લાંબા સમયની પ્રક્રિયા દરમ્યાન ખૂબ જ ઊંડાણ પૂર્વકનો અભ્યાસ સમગ્ર રીતે કરવામાં આવેલ છે. અમારી સમક્ષ આવેલા કેટલાક તથ્યો, હકીકતો સાહિત્યોમાંથી ઉભરેલા સત્યો, પૂર્વજોની ચીંધેલી દિશા, વડવાઓના કાર્યો, જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો, અભિપ્રાયો વગેરેને અમો હોદ્દેદારોએ નોંધમાં લીધેલ છે. તેમજ છેલ્લ્ કેટલાક સમયથી ધર્મ વિ,યક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તાર્કિક તલસ્પર્શી અભ્યાસના કારણો કરતા આવી તમામ બાબતોને નજર સમક્ષ રાખીને અવારનવાર મળેલ હોદ્દેદારો અને ટ્રસ્ટીઓની મીટીંગમાં ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુમતે લેવાયેલ નિર્ણયોના અનુસંધાનમાં અને તા. ૨૭-૨-૨૦૧૦ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન બનેલ કલંકિત ઘટનાના અનુસંધાનમાં નીચે મુજબનો શ્વતેપત્ર જારી કરવામાં આવે છે.

(૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મૂળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નિઃશંકપણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

(૨) પુજનીય સંતશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ હતી જેથી આ સમાજ, મૂળભુત હિન્દુ વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે.

(૩) આપણો સમાજ હિન્દુ સનાતન વિચારધારા પર આવી શકે તેવી લાગણીથી આ સમાજની રચના કરવામાં આવી છે અને તેના સારા પરિણામો આવી શક્યા છે પરંતુ અપવાદરૂપ હજી પણ કેટલાક જ્ઞાતિજનો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિને અપનાવી શક્યા નથી તે ખરેખર દુઃખદ બાબત ગણી શકાય.

(૪) સમાજ રચનાના લખાણઓ, તે વખતની પ્રતો, મીનીટસ બુકો વિગેરે પરથી પ્રમાણિક થાય છે કે આ સમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તે જ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

(૫) અત્યાર સુધી અવારનવાર કેન્દ્રીય સમાજ દ્વારા જ જ્ઞાતિના અધિવેશનો બોલાવવામાં આવેલા છે. તેમાં પસાર કરવામાં આવેલ ઠરાવ મુજબ જ્ઞાતિના રીતરિવાજના નિયમ ૧૮ મુજબ બાહ્ય આચરણો અંગે અને નિયમ ૧૯ મુજબ સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગેનું પાલન કરાવવા જણાવવામાં આવેલ છે તેમ છતાં કેટલીક વ્યક્તિઓ આ નિયમોને ગંભીરતાથી લેતી નથી. તેમજ અવારનવાર એક યા બીજા બહાના હેઠળ આપણો સમગ્ર સમાજ હેરાન થયા તેમજ સમાજના પ્રતિનિધિઓની લાગણી દુભાય તેવા કેસો કરે છે અને સમાજને પણ તકલીફમાં મુકે છે જેથી સમાજનું બંધારણ, ધારાધોરણ તેમજ જ્ઞાતિના રીતરિવાજોના નિયમ ૧૮ અને ૧૯નું ચુસ્ત પણે પાલન કરાવવું આ તબક્કે ખૂબ જ જરૂરી બને છે. સમાજમાં એક જ આચાર અને વિચાર કાયમ રહે, એકજ રીતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્ત પણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. જેમણે ઉપરોક્ત નિયમોનો ભંગ કરેલ છે તે વ્યક્તિ તેમજ વ્યકિત સમૂહનું સભ્યપદ રદ કરવાનું રહેછે અને 'સ્વર્ણિમ મહોત્સવ' તેમજ સમાજના તમામ કાર્યક્રમોમાં તેમનો પ્રવેશ નિષેધ કરવામાં આવે છે. આ અંગેની જવાબદારી ભારતભરના તમામ ઝોન અને ઝોનમાં આવતી સમાજને સોંપવામાં આવે છે.

(૬) સમાજના સભ્યપદ મેળવા માટે આ શ્વેતપત્રમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ અનુસાર આપણી જ્ઞાતિના જે કોઈ સભ્ય જન્મથી મરણોતત્ર સુધી સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરાઓ અને સમાજના બંધારણ અને ધારાધોરણ તથા જ્ઞાતિના રીતરિવાજોનું પાલન કરનારને નિયત અરજીપત્રક મેળવીને જરૂરી સભ્ય ફી ભરી કારોબારી સભામાં મંજુર થયે સભ્યપદ આપવામાં આવશે. સમાજના વર્તમાન આજીવન સભ્યોએ પણ સભ્યપદ માટેનું નિયત અરજી પત્રક ભરીને સમાજને સોંપવાનું રહેશે.

પ્રમુખશ્રી,

નખત્રાણા-કચ્છ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

તા. ૨૫-૩-૨૦૧૦ નખત્રાણા (કચ્છ)



ધર્મવીર સ્વ. રતનશી ખીમજી ખેતાણી (દિવાણી)

- કવિ પટેલ - દિલ્હીવાળા

ભારતની આઝાદીથી પહેલાં અને પછીની કચ્છ કડવા પાટીદારોની પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવી ગયો છે. આઝાદી પહેલાં સમાજ ધાર્મિક અને સામાજિક રીતે સમાજના ધારા ધોરણમાં બંધાયેલો હતો. તે વખતે સમાજમાં પાંચાડા પ્રમુખોનો હુકમચાલતો હતો. પીરાણા પંથી ધર્મના લીધે ધાર્મિકરીતે સમાજ બંધાયેલો હતો. આવી પરિસ્થિતિ હોવા છતાં સમાજમાં સુધારાવાદી વલણ અને ધાર્મિક રૂઢીવાદી પરંપરાને ફગાવી દેવા માટે સમાજમાં સાહસવીરોએ એક આંદોલન ઊભું કરી સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયાસો ચાલુ કર્યા હતા. સર્વ પ્રથમઆ પ્રયાસો ગામનેત્રાના ધાર્મિક ક્રાંતિવીર "પટેલ કેશરા પરમેશ્વરા" દ્વારા સમાજમાં ધાર્મિક ચેતના લાવવા માટે ચાલુ થયા. પરંતુ તે વખતે સમાજમાં રૂઢિવાદી પરંપરાને વરેલા વડીલોનો જોઈતો સાથ સહકાર ન મળ્યો છતાં પણ કેશરા બાપાએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને સ્વીકારી સનાતન ધર્મનું બીજારોપણ કરેલ. નારાણ રામજી લીંબાણી અને તેમના સાથીદારોએ ધાર્મિક પરિવર્તનનું આંદોલન ચાલુ રાખેલ. નારાણ રામજી લીંબાણીએ સમાજમાં વીરતા પુર્વક સાહસ કરી ભારતભરમાં જ્યાં જ્યાં આપણા સમાજો હતા ત્યાં સભાઓ ભરી અને વિદ્વાનોને સાથે રાખી સમાજને આર્યસમાજ ધર્મનો સાચો રસ્તો બતાવવા ખૂબ મહેનત કરી. પરંતુ ત્યારે પણ સમાજ પર ધાર્મિક દબાણ હોવાથી નારાણ બાપા તથા તેમના સાત સાથીદારોને જોઈતી સફળતા ન મળી. પણ આ શૂરવીરો સમાજનો બહિષ્કાર હોવા છતાં પોતાના ધાર્મિક પ્રયાસોમાં અટલ રહ્યા. પરંતુ બાપાના આ ધાર્મિક આંદોલનને લઈ પાટીદાર સમાજમાં જાગૃતી અને નવી ચેતનાના પ્રાણ પુર્યા અને તે વખતે નારાણ બાપાની સાથે શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાયના સ્થાપક સૂરવીર નરવીર અને ધાર્મિક પરિવર્તનના ક્રાંતિવીર ગામવિરાણી મોટી વાળા (હાલ ઘાટકોપર મુંબઈ) સ્વ.રતનશી ખીમજી ખેતાણી દીવાણીએ બાપા દ્વારાઅધૂરા રહેલા પ્રયાસને સફળ બનાવવા માટે બીડું ઝડપ્યું અને તેઓએ શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાય સનાતન ધર્મને ગામોગામપોતાના સાથીદારોને સાથે રાખી અને સમાજના ધર્મ ગુરુ બ્રહ્મલીન સદ્‌ગુરુ ઓધવરામજી મહારાજની સાથે રહીને સનાતન ધર્મનો ફેલાવો કરી અને ધર્મનો સાચો મર્મ સમજાવી વિક્રમસંવત ૨૦૦૨ની સાલમાં ગામો ગામશ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને સમાજના ઈષ્ટદેવ ગણી, પાનમૂર્તિ મંદિરો બનાવી સાચો સનાતન ધર્મ અપનાવ્યો. આજે આપણે સનાતન ધર્મના નેજા હેઠળ રહી સનાતન ધર્મના પ્લેટ ફોર્મ પર આપણી સમાજના ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પૂજા અર્ચના કરીએ છીએ. ધન્ય છે આ બંને મહાન સપૂતોને કે જેણે નારાણ બાપાના અધૂરા કામને પૂર્ણ કર્યા. બંને ધર્મવીર સ્વ. રતનશી ખીમજી ખેતાણી વિરાણી મોટી વાળા અને બ્રહ્મલીન ઓધવરામજી મહારાજને કે જેણે આજે સમાજને સાચો રસ્તો બતાવ્યો અને ધન્ય છે બ્રહ્મલીન વાલદાસજી મહારાજને કે જેણે ક.ક.પાટીદાર સમાજ માટે પોતાની પ્રથમફરજ સમજી અધૂરાં કાર્યો પૂરાં કર્યાં. આ બંને ધર્મવીર સ્વ. રતનશી ખીમજી ખેતાણી વિરાણી મોટી વાળા અને બ્રહ્મલીન ઓધવરામજી મહારાજને કે જેણે આજે સમાજને સાચો રસ્તો બતાવ્યો અને ધન્ય છે બ્રહ્મલીન વાલદાસજી મહારાજને કે જેણે ક.ક.પાટીદાર સમાજ માટે પોતાની પ્રથમફરજ સમજી અધૂરાં કાર્યો પૂરાં કર્યાં.

સાથે હું ચાલુ પેઢી તથા ભાવિપેઢીને જાણકારી દેવા માગું છું કે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોના પ્રચારક,સ્થાપક વીર પુરુષ સ્વ.રતનશી ખીમજી ખેતાણી ગામવિરાણી મોટી વાળાને આપણા સમાજે શા માટે ભુલાવી નાખ્યા છે જ્યારે એમના દ્વારા સ્થાપેલ સનાતન ધર્મના પ્લેટ ફોર્મ પર મોટા મોટા ભાષણો કરીએ છીએ અને સમાજને બતાવીયે છીએ કે અમો પણ કંઈક છીએ. શું આનો જવાબ સમાજના વડીલો, અગ્રેસર તથા રતનશી

...ની જેઓ જેમણે સનાતન ધર્મ માટે પ્રયત્નો કર્યા અને લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના કરી ...ો ક.ક.પાટીદાર સમાજને જવાબ આપશે કે રતનશી ...ને શા માટે ભુલવામાં આવ્યા ? જ્યારે સમાજના ...ક સંકુલમાં આપણા સમાજના વડીલોના ફોટાઓ ...વામાં આવે છે જ્યારે રતનશી બાપાનો ફોટો તો ...ગ રહ્યો પરંતુ મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા વખતે રતનશી ...ને શ્રધ્ધાના બે શબ્દો પણ નથી કહી શકતા. ખરેખર ...ના છે, આવું શા માટે ?

સાથે આપણી જ્ઞાતિના ધાર્મિક વડા બ્રહ્મલીન ...વરામજી મહારજને પણ ભૂલી શકીએ તેમનથી. ...રે આપણે પીરાણા પંથી અને સનાતન ધર્મનો સંઘર્ષ ...તો હતો ત્યારે ઓધવરામજી મહારાજે આજથી ...ભગ સિત્તેરથી પંચોતેર વર્ષ પહેલાં ઉમિયા માતાજી ...થી પગે ચાલી સળગતી જ્યોત લાવી વાંઢાય મધ્યે ...મિયા માતાજીની સ્થાપના કરી અને આપણી કુળદેવી ...કે સમાજે સ્વીકારી અને મહારાજશ્રીએ તેમનો ...વટ સમાજને સોંપ્યો અને અત્યારે આપણા પર મા ...મિયાની એટલી બધી કૃપા થઈ છે કે આજે આપણે સર્વે ...ન સંપન્ન થયા છીએ અને ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ ...ભગવાનની કૃપાથી લક્ષ્મી અને નારાયણે આપણા ઉપર ...ર કરી છે. તો કચ્છ કડવા પાટીદાર સમાજને મારી ...ક વિનંતી છે કે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરશો અને સાથે ...રાયણ ભગવાનને રાખજો. નારાયણ ભગવાન વિના ...ક્ષ્મી રહેવાની નથી.

છેલ્લે સ્વ. નારાણ રામજી લીંબાણીએ સમાજ માટે ...ને ઓલ ઈન્ડિયા પાટીદારના અધિવેશન વખતે જે ...ટીદાર સમાજ માટે કાર્યો કર્યા છે તેની જાણકારી માટે ...લ માં યુ.પી. બિહારના મહાસભાના પ્રમુખ ત્યાં દિલ્હી ...નિવાસી કવિ પેટલના સહેયાગથી અક હિન્દી ભાષામાં ...ટીદારોનો ઈતિહાસ પ્રગટ કર્યો છે. આ ઈતિહાસ ખરેખર ...વવા લાયક છે. જે ભાઈઓને આ પુસ્તક જોઈતું હોય ...તે કવિ પટેલને દિલ્હી જાણ કરી મંગાવી લેવું.

ધર્મ જાગૃતિની જ્યોતને ઉજાગર કરનાર શ્રી રતનશીભાઈ નારાયણ વાઘડિયા



કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્યસુધારક પૂ.નારણજી બાપાને નાનપણથી જ એ સત્ય સમજાઈ ગયું હતું કે જ્ઞાતિજનો સનાતન ધર્મનો રાહ ચાતરીને અવળે માર્ગે ચડી ગયા છે. સમજવું અને તેનું વહેવારમાં આચરણ કરવું એ બે વચ્ચે મોટું અંતર છે.

ઘણાં લોકો સત્યને સુપેરે સમજે છે પરંતુ તેનું અનુકરણ કરવાની હિંમત દાખવી શકતા નથી. પૂ. નારાણજી બાપા જેવાં કોઈક જ વીરલા હોય જે સામે પ્રવાહે તરવાની દઢતા અને હિંમત બતાવી શકે એટલે જ તેઓ માત્ર પુરૂષ નહીં પણ મહાપુરૂષ હતા.

પૂ. નારાણજી બાપાએ સો વર્ષ પહેલાં ધર્મ જાગૃતિની જે જ્યોતને જલતી કરી તેમાં દિવેલ પૂરનારા સાથીદારો પણ મળ્યા. એમાંના એક ખોંભડીના રતનશી નારણ વાગડીયા, પણ હતા.

માણસ ગમે તેટલો શક્તિશાળી હોય પણ ક્રાંતિ કરવાની હોય તો તે એકલે હાથે કશું કરી શકતો નથી. પછી તે ધાર્મિક ક્રાંતિ હોય કે પછી સામાજિક કે ધાર્મિક ક્રાંતિ હોય. તેને નિષ્ઠાવાન સાથીદારોની આવશ્યકતા રહે જ છે. નારાણજી બાપાએ પણ તેમની ધર્મ સુધારણાની જેહાદમાં રતનશી બાપા વાગડીયા જેવા સંનિષ્ઠ કાર્યકરો જોડાયા અને જ્ઞાતિને સનાતન ધર્મનો સાચો રાહ મળ્યો.

સનાતન ધર્મ માટે જીવનભર ઝઝૂમનાર શ્રી રતનશીભાઈ નારણ વાગડીયાનો જન્મ પૈતૃક ગામ ખોંભડીમાં વિ.સં. ૧૯૬૨ના વૈશાખ માસમાં થયો હતો.

તેમનામાં ધાર્મિક ભાવનાના બીજ રોપનાર તેમના પિતા શ્રી નારણભાઈ શિવજી વાગડીયા હતા. તેઓ શરૂઆતમાં સતપંથ સંપ્રદાયના અનુયાયી હતા અને ત્રણેક વર્ષ નારણભાઈએ ખોંભડી સતપંથ સમાજનો વહીવટ પણ સંભાળ્યો હતો. એ સમય દરમ્યાન તેમને કણબીની ઉત્પત્તિનો ઈતિહાસ પુસ્તક હાથ લાગ્યું અને તેને વાંચ્યા પછી તેમને લાગ્યું કે ખરેખર આપણે કોણ છીએ અને હાલે ક્યાં જઈ રહ્યાં છીએ.

ધીરે ધીરે તેમને પૂ. નારણજી બાપાના વિચારોનો રંગ લાગતો ગયો અને તે રંગ તેમણે પુત્ર રતનશીને પણ લગાડ્યો.

રતનશીબાપા ભણ્યા ન હતા. માંડ થોડું ગુજરાતી વાંચવા-લખવાનું શીખ્યા હતા. તેઓ ૧૪ વર્ષથી મુંબઈ ગયા હતા. ત્યાર પછી સમય હાથવેરણનું કામ કરવા ગયા હતા અને બે વર્ષ ગુજરાત કંપામાં પણ ગયા હતા.

વિ. સં. ૧૯૯૦માં દાદાશ્રી શિવજીભાઈ વાઘડિયાના અવસાન થતાં તેમને અગ્નિદાહ દેવામાં આવ્યો હતો. ખોંભડીમાં આ પ્રથમ ઘટના હતી.

પિતા નારાણભાઈને મુળ સતપંથમાં માનતા હોવાને કારણે હિન્દુઓએ જમવામાં તેમની સાથે ભેદભાવ રાખતા તે જોઈને ખૂદ આવેલું અને કોટડામાં એક સનતાન ભાઈઓ સાથે થયેલ પછી સમજાયું કે, આપણે પાળીએ છીએ એ જૂનો ધર્મ, સનાતન નથી અને તેઓ શુદ્ધ સનાતન ધર્મ તરફ વળ્યા અને વિ.સં. ૨૦૦ માં તેમનું અવસાન થયું તે પહેલાં પુત્ર રતનશીબાપાએ સાચા ધર્મનો બતાવતા ગયા.

તેઓ મુંબઈમાં શ્રી નારાણભાઈ રૈયા લીંબાણી, શ્રી નાથાભાઈ નાકરાણી, શ્રીરામજીભાઈ નાકરાણી, શ્રી માધવજીભાઈ ભીમજી ભગત, શ્રી મેઘજીભાઈ લખમશી નાકરાણી અને શ્રી રાજાભાઈ શામજી ધોળુના સંપર્કમાં આવ્યા અને તેમની સનાતન ધર્મ પ્રત્યેની લાગણી વધુ પ્રગાઢ બની.

પિતાએ ચીંધેલી રાહ પર ચાલીને રતનશીબાપા અને અન્ય સનાતન ધર્મપ્રેમી ભાઈઓએ સાથે મળીને વિ.સં. ૨૦૦૨માં ખોંભડીમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર બનાવી તેમાં પાનમૂર્તિની સ્થાપના કરી, એટલે તેમને નાત બહાર પણ મૂકવામાં આવ્યા હતા.

પરંતુ તેમણે તેની પરવા કર્યા વિના સનાતન ધર્મ માટે સંઘર્ષ કરવાનું ચાલુ રાખ્યું. એ સમયે સંત શ્રી ઓધવરામજી મહારાજ, શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી, શ્રી નથુભાઈ નાનજી, શ્રી પરબતભાઈ લખુ પોકાર, શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી, ડો. ગંગદાસભાઈ ઉકાણીની સાથે રહીને તેમણે ધર્મજાગૃતિ માટે ગામેગામનો પ્રવાસ ખેડ્યો અને કચ્છમાં જ્યાં જ્યાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો થતાં ત્યાં ત્યાં તેઓ પહોંચી જતા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની જય બોલાવવામાં અગ્રેસર રહેતા.

શ્રી રતનશીબાપાનો જીવનના અંત સુધી સંતો, મહંતો સાથે સમાગમ રહ્યો હતો. તેઓ વાંઢાયની હરિહર પરંપરાના મોટાભાગના સંતો શ્રી ઓધવરામજી, શ્રીવાલરામજી, શ્રી દયાલદાસજી, શ્રી શાંતિદાસજી, શ્રી કરશનદાસજી, શ્રી સેવાદાસજી સાથે તેમનો નજીકનો પરિચય હતો.

સ્વામી તેજેન્દ્રપ્રસાદને પણ તેઓ મળેલા, સ્વામી સચ્ચિદાનંદ સાથે તેમનો નિકટનો પરિચય હતો. પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીએ તો તેમની નળિયામાં પીઠ થાબડી હતી, અને સુશ્રી ભારતી દીદી તો રતનશીબાપામાં સંતશ્રી ઓધવરામજીના દર્શન કરતાં.

વિરાણી મોટીમાં લક્ષ્મીનારાયણ મંદિરને ૭૫ વર્ષ પૂરા થયા ત્યારે શ્રી રતનશીબાપાનું સમાજસુધારક તરીકે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

બેંગ્લોરમાં તા.૧૬-૧૦-૦૮ના રોજ રતનશી બાપાનો આત્મા પરમાત્માની પરમ જ્યોતિમાં વિલિન થઈ ગયો.

બાપાએ ૧૦૩ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવ્યું હતું.

"સુવાસ પ્રસરાવી તમે થઈને શુભ ચંદન,
શ્રદ્ધાસુમન અર્પીએ કરી કોટિ વંદન."

ધર્મ જાગૃતિના જ્યોતિર્ધર શ્રી રતનશી ખીમજી ખેતાણી

- રતિલાલ મ. પટેલ (તંત્રીશ્રી ઉમા દર્પણ)

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતિમાં અમૂલ્ય યોગદાન આપનાર બે સુપત્રો વિરાણી મોટી ગામે સમાજને આપ્યા છે. એક તો જ્ઞાતિના આદ્ય સુધારક પૂ. નારાયણજી રામજી લીંબાણી અને બીજા ધર્મ જાગૃતિના જ્યોતિર્ધર શ્રી રતનશી ખીમજી ખેતાણી (દિવાણી) હતા.

જ્ઞાતિજનોને પિરાણા પંથ છોડીને સનાતન ધર્મતરફ વાળવા નરવીર શ્રી નારાણજીબાપાએ ધર્મ જાગૃતિની જબરદસ્ત જેહાદ જગાવી. કરાંચી અને મુંબઇમાં પરિપદો ભરી પિરાણાનીપોલને ખુલ્લી કરી અને જ્ઞાતિજનોનેસાચો ધર્મ સમજાવવ પ્રચંડ પુરૂષાર્થ કર્યો. તેમની આ ધર્મ જાગૃતિની મસાલને પ્રજવલિત રાખનાર જે હિંમતવાન સાથીદારો હતા. તેમાં વિરાણી મોટીના મોતા પુત્ર રતનશી ખીમજી ખેતાણી મુખ્ય હતા.

રતનશીભાઈનો જન્મ નખત્રાણા તાલુકાના વિરાણી મોટી ગામે ખીમજીભાઈ લખમશી ખેતાણીને ઘેર વિ.સં. ૧૯૪૪માં થયો હતો. તેમને પિતાની છત્રછાયા બાળપણથી ગુમાવી હતી. કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે ગુજરાતી ૩ ધોરણનો અભ્યાસ પૂરો કરીને રતનશીભાઈને નાની ઉંમરે જ કામે લાગી જવું પડ્યું હતું. તેમણે શરૂઆતમાં વિરાણીાં અને ત્યારબાદ મુંબઈમાં નજીવા પગારથી દુકાનમાં નોકરી પણ કરવી પડી હતી.

આગળ જતાં રતનશીભાઈએ સ્વબળે બાંધકામનો વ્યવસાય શરૂ કર્યો અને ત્યારપછી બિલ્ડીંગ મટિરિયલ્સના વેપારમાં ઝંપલાવ્યું અને પ્રબળ પુરુષાર્થને જોરે વ્યવસાયમાં સારું એવું ગજું કાઢ્યું. તેમના દિલમાં પ્રથમથી જ એવી તમન્ના હતી કે મારે મારા સમાજ માટે કંઇક કરી છૂટવું છે.

એ અરસામાં તેમના જ ગામના કર્મઠ પુરૂષ નારાણજી રામજી લીંબાણીએ ધર્મ જાગૃતિની જ્યોતિને જલતી કરી હતી. રતનશીભાઈ પૂ. નારાણજી બાપાના સક્રિય સહયોગીતરીકે જોડાઈ ગયા. પોતાના મુંબઈનો ધીકતો ધંધો તેમના વિશ્વાસપાત્ર સંબંધીઓને સોંપી તેમણે જાણે સમાજસેવાનો ભેખ જ લઈ લીધો અને નારાણજી બાપાના ધર્મ જાગૃતિ કાર્યમાં સહભાગી બન્યા.

પૂ. નારાણજીબાપા અંત સમયે લકવાગ્રસ્ત થઈ ગયા હતા, પરંતુ તેમના નિકટના સાથીદાર શ્રી રતનશીભાઈ અને તેમની સાથે નખત્રાણાના શ્રી નથુભાઈ નાનજીએ કચ્છ કડવા પાટીદારોમાં ધર્મ જાગૃતિ આણવા કમર કસી. તેમને એ વખતે સંત શ્રી ઓધવરામજી મહારાજના પ્રેરણા અને માર્ગદર્શન સાંપડ્યાં, કારણ કે તેમના ગુરૂ પ. પૂ. સંત શ્રી લાલરામજી કે જેઓનું શરીર પાટીદારનું હતું. તેમને છેલ્લી ઈચ્છા પાટીદારોને ધર્મનો સાચો રાહ બતાવવાની હતી. તેમની ઈચ્છા પરિપૂર્ણ કરવાનો તેમના શિષ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજે સંકલ્પ કર્યો તો. એટલે તેઓ પણ ધર્મ જાગૃતિ કાર્યમાં લાગી ગયા હતા.

પૂ. નારાયણજી બાપા સ્પષ્ટપણે માનતા હતા કે, પિરાણા પંથમાં માનતા કોઈ પણ વ્યક્તિ દેહશુદ્ધિ કરાવી યજ્ઞોપવિત ધારણ ન કરે ત્યાં સુધી તેના ઘરનું પાણી પણ પીવાય નહિ. રતનશીભાઈ અને તેમના સાથીઓએ પણ પ્રારંભમાં તો પૂ. નારાણજીબાપાને પગલે પગલે ચાલીને એવું જ નક્કર વલણ લીધેલું, પરંતુ પછીથી તેઓ પ. પૂ. સંત શ્રી ઓધવરામજી મહારાજના સંસર્ગમાં આવ્યા તેઓશ્રી પણ એ વાત સાથે સંમત હતા કે પાટીદાર જ્ઞાતિજનોને સાચે રાહે લાવવા માટે પ્રયત્નો કરવા જ જોઈએ, પણ જ્ઞાતિ બાંધવોથી દૂર રાખીને પરિવર્તન લાવવામાં વેગ નહિ આવે. રતનશીભાઈને સંતની આ વાત ગળે ઉતરી ગઈ અને તેમણે પોતાના વલણમાં ફેરફાર કર્યો. તેઓશ્રીને નખત્રાણાના આવા જ એક યુવાન કે જેમના હૃદયમાં પણ પોતાની જ્ઞાતિ માટે કંઇક કરી છૂટવાની ભાવના ઉભરાતી હતી એવા શ્રી નથુભાઈ નાનજી કેશરાણી (છાભૈયા)નો

સંપૂર્ણ સહયોગ સાંપડ્યો અને આ બંને નિષ્ઠાવાન મહાનુભાવોના નેતૃત્વ હેઠળ એ સમયે ર્મ જાગૃતિની જેહાદને બળવતર બનાવવામાં આવી. ધીરે ધીરે તેમને સમાન વિચારના સાથીઓનો સહકાર મળતો ગયો.

પ્રાપ્ત માહિતી મુજબ આ જાગૃતિ અભિયાન છેડનારાઓએ સામે એ પ્રશ્ન પણ હતો કે સતપંથ છોડ્યા પછી તેનો વિકલ્પ શું ? ક્યાં દેવનાં મંદિરો બનાવવાં જોઈએ. એ માટે પણ તે સમયના આગેવાનો ઘણી બધીજગ્યાએ ફર્યા અને વિદ્વાનો તેમજ સંત-મહંતોના મત લીધા બાદ તેમને સૌને લાગ્યું અને સંત શ્રી ઓધરામજી મહારાજે પણ એ જ માર્ગદર્શન આપ્યું કે હવે આપણે મૂળને જ પકડવું જોઈએ અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને જ ઈષ્ટદેવ ગણી તેનાં મંદિરો સ્થપાવાં જોઈએ.

સુવ્યવસ્થિત રીતે ધર્મ જાગૃતિનું કાર્ય આગળ ચલાવવું હોય તો સંગઠનની જરૂર પડે શ્રી રતનશીભાઈ ખીમજી અને નથભાઈ નાનજીના નેતૃત્વ હેઠળ સૌ ભાઈઓ સંગઠિત થયા અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના નામની કેન્દ્રીય સંસ્થાની સ્થાપના પણ કરી. આસંગઠનના પ્રયાસથી કચ્છનાં ગામોમાં જાગૃતિનું કાર્ય વ્યાપક બન્યું. વિરાણી મોટી ગો વિ. સં. ૧૯૮૬માં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી. કચ્છના કડવા પાટીદારોના ગામોમાં આ સૌ પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર હતું. વિરાણી મોટી ગામે પાછળથી શ્રી લક્ષ્મીનારાયણનું શિખરબંધ મંદિર નિર્માણ કરવામાં આવ્યું, તેમ છતાં એ ઐતિહાસિક ક્ષણની સ્મૃતિરૂપે વિ.સં. ૧૯૮૬માં સ્થપાયેલ મંદિરને પણ કાયમ રાખવામાં આવ્યું છે અને આ વર્ષે વિ. સં. ૨૦૬૦માં આ મંદિરની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરાં થતાં હોઈ તેનું હિરક જયંતી મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના ઉદાર અને સમજાવટભર્યા પ્રયાસોથી વિ.સં. ૨૦૦૦ સુધીમાં કચ્છના ૬૦ માંથી ૨૬ ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણનાં મદિરોની સ્થાપના થઈ શકી હતી. જો કે આ આગેવાનોને આ કાર્યમાં સમાજના રૂઢિચુસ્ત આગેવાનોનો પ્રચંડ વિરોધ ખમવો પડ્યો હતો. તેમ છતાં તેમની કાર્યનિષ્ઠા અડગ રહી હતી.

વિ. સં. ૨૦૦૧ના આસો વદ ૧૪ના રોજ વાંઢાય મુકામે મળેલી કચ્છના તમામ ગામોના સનાતની ભાઈઓની સામાન્ય સભામાં જે ઠરાવો પસાર કરવામાં આવ્યા. તેમ પીરાણા પંથ દ્વારા ચાલતી લગ્નપ્રથાને તિલાંજલી આપીને હિન્દુ શાસ્ત્ર વિધિ મુજબ બ્રાહ્મણો દ્વારા અગ્નિની સાક્ષીએ લગ્નવિધિ કરાવવી અને મરણ બાદ અગ્નિ સંસ્કાર કરી અંતયેષ્ટિ કરવી એ મુખ્ય હતા. આ સિવાય પણ બાળલગ્ન નાબૂદી અને એવા બીજા ચૌદ જેટલા સામાજિક ઠરાવો પસાર કરવામાં આવ્યા. જેની નોધ વિ. સં. ૨૦૦૨માં છપાયેલ સનાતની સમાજના અહેવાલો પરથી મળે છે. એનું સીધું પરિણામ એ આવ્યું કે વિ.સં. ૨૦૦૨ પછી પીરાણા દ્વારા નિયુક્ત મુખી દ્વારા કરાતા બાર વર્ષીય સમૂહલગ્નો સદંતર બંધ થઇ ગયા.

એ સમયે જે કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અસ્તિત્વમાં આવી હતી. તેના પ્રમુખ શ્રી રતનશી ખીમજી હતા, ત્યારે મંત્રીપદે નખત્રાણાવાળા શ્રી નથુભાઈ નાનજી કેશરાણી હતા. ઉપપ્રમુખ પદે શ્રી ગંગદાસભાઈ વિશ્રામ ઉગેડીવાળા અને ખજાનચી શ્રી ભીમજી કેશરા લીંબાણી કોટડા (જ.) વાળા હતા.

એ વખતે વાહન વ્યવહારમાં ટાંચા સાધનો હોવા છતાં લખપતથી માંડીને કંઠી પટનાં ગામડાંનો પ્રવાસ ખેડી, ઠેર ઠેર સભાઓ ભરી જબરદસ્ત ધર્મ ભાવનાનો જુવાળ ઊભો કર્યો હતો. તેમની સાથે ઘણાં ગામોમાં પ. પૂ. સંત શ્રી ઓધવરામજી મહારાજ અને દયાળદાસજી મહારાજ પણ આ ધર્મ જાગૃતિના કાર્ય માટે જતા હતા. સનાતની સમાજના આગેવાનો જે ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો સ્થપાયાં નહોતાં ત્યાં તે ગામના ભાઈઓને

સમજાવીને સંકલ્પ કરાવતા એટલું જ નહિ પણ તેનાં તમામ આયોજનોમાં માર્ગદર્શન અને સાથ સહકાર આપતા અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પણ અચૂક હાજરી આપતા હતા.

આજે જે ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરોની સુવર્ણ જયંતી ઉજવાય છે એ તે વખતના સનાતની સમાજના ધર્મનિષ્ઠ આગેવાનોના પ્રચંડ પુરૂષાર્થ અને સંત શ્રી ઓધવરામજીની પ્રેરણાથી સ્થપાયાં છે.

જે જ્ઞાતિબંધુઓ હજુ જૂના ધર્મને વળગી રહ્યા હતા તેમની સાથે કોઈ દ્વેષભાવ કે દૂરી ન રાખવી અને જ્ઞાતિની એકતા ન તૂટે એ રીતે સનાતન ધર્મ તરફ વાળવા સમજાવવા એવો સનાતની સમાજના એ સમયના આગેવનો તેમજ સંત શ્રી ઓધવરામજીનો સ્પષ્ટ અભિગમ હતો. એટલે જ તો સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને એક નેજા હેઠળ લાવવાના ઉદ્દેશ્યથી વિ. સં. ૨૦૦૦માં ઊંઝાથી ઉમિયા માતાજીની જ્યોત લાવીને સંતોની પાવન ભૂમિ વાંઢાયમાં પધરાવવામાં આવી અને ઉમિયા માતાજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. વિ.સં. ૨૦૦૩ના રામનવમીના શુભ દિને આ મંદિરમાં સંત શ્રી ઓધવરામજી મહારાજી પ્રેરણાથી કુળદેવી ઉમિયા માતાજીની પાકી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આમ ૫૦ વર્ષ પહેલાં કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિમાં ધર્મ જાગૃતિ લાવવાની પ્રેરણાભૂમિ અને કેન્દ્રસ્થાન બનેલું. વાંઢાયનું એ ઉમિયા માતાજી મંદિર આજે પણ સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિના શ્રદ્ધાનું કેન્દ્ર અને એકતાનું પ્રતીક બની રહ્યું છે.

પૂ. નારાણજીબાપા પછી જો રતનશીબાપા અને તેમના સાથીદારોએ ધર્મ જાગૃતિની આ જ્યોતને જલતી ન રાખી હોત તો આજે ચિત્ર કંઈક જુદું જ હોત. શ્રી રતનશીબાપાના નેતૃત્વ હેઠળ આપણી સમાજે ગામે ગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો સ્થાપવાનું જે અભિયાન ચલાવ્યું. તેના ફળ સ્વરૂપે લોકોમાં જાગૃતિ આવી અને આજે ૧૧૦ ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરોની પ્રતિષ્ઠા થઈ શકી છે. રતનશીભાઈનાં શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તેઓ રાત દિવસ જોયા વગર આ કાર્યમાં લાગી રહ્યા હતા. એ માટે તેમને સારો એવો આર્થિક ભોગ પણ આપવો પડ્યો હતો. તેમને મુંબઈની કેટલીક મિલકતો પણ વેંચવી પડેલી. તેની તેમને ચિંતા નહોતી. તેઓ તો ઈચ્છતા હતા કે જ્ઞાતિજનો જાગૃત થાય અને ધર્મનો સાચો રાહ સમજે.

સમય જતાં તેમને સંધિવાની જોરદાર અસર થઈ ગઈ અને તેઓ હરીફરી શકે તેવી સથિતિમાં ન રહ્યાં. એટલે તેમણે આ કાર્યને છોડી જીવનના છેલ્લા ૧૫ વર્ષ મુંબઇ રહેવા જવાની ફરજ પડી જીવનના અંતકાળ સુધી મુંબઈ જ રહ્યા. તા. ૨૮-૯-૧૯૭૦માં રતનશીબાપાનો દેહવિલય મુંબઈમાં જ થયો. શ્રી રતનશીબાપાએ ધર્મ જાગૃતિ માટે કરેલા સેવા કાર્યને જ્ઞાતિજનો ક્યારે ભૂલી શકે તેમ નથી.

(- રતિલાલ મ. પટેલ)

" પડે પાસા પોબાર "

જમાનો થયો ખરાબ, જે ચીજ જુઓ તે મોંઘી.
ઘરધણી કરે વિચાર, માંડ ચીજ થાય સોંઘી.
ગૃહિણી બિચારી શું કરે, મહિને ખર્ચ રૂપિયા પાંચ હજાર.
બાળકોને ભણાવવાનો, બોજ થયો અપાર.
તેમાં ડૉક્ટર કહે, મને આપો મારા કલદાર.
ગૃહપતિ લાવે મહિને રૂપિયા આવે ચાર હજાર.
એક હજારની ખોટ, કેમે કરી ન પુરાય?
ટી.વી. માં એડ આવે લગાતાર,
તેમા ગૃહિણીનો ક્યાંથી થાય ઉદ્ધાર ?
શું લેવું અને શું ન લેવું ? કેમે કરી ઊતરે નહીં પાર!
કેબલ ટીવીવાળાએ મૂકી માઝા, જાહેરાતો નહીં પાર.
ઈનામોની લાલચમાં, ખર્ચ થાય બેસુમાર.
વળી વિશેષ રંગીન ટીવી જોઈએ,
જોઈએ ફ્રીજ, ટેલિફોન, ફર્નિચર.
બંગલો, નોકર ચાકર જોઈએ,
દેખાદેખીમાં જોઈએ મોટરકાર.
ઘર ચલાવવામાં ગૃહપતિ રૂપિયા લાવે ઉધાર.
ઉધાર ન આપે કોઈ, વ્યાજનો કરે વેપાર.
પતિ બિચારો શું કરે બહેનો-ભાઈઓ,
જો ચલાવવો હોય ઘર વહેવાર
તો ખર્ચનો કરજો વિચાર, નહીં તો થાશો બરબાદ.
પગ પ્રમાણે તાણજો ચાદર, પછી જુઓ પડે પાસા પોબાર

શ્રી રતનશી નારણ વાઘડિયા - ગામ ખોંભડી (હાલમાં બેંગ્લોર) વર્ષ ૧૦૨

હાલ મુકામ બેંગ્લોરની મુલાકાત લેતાં જાણવા મળેલ છે કે તમે જે વિરાણી વાળા માહિતી લેવા આવ્યા છો તેવા હજી સુધી કોઈ માહિતી લેવા આવ્યા નથી અને તમે આમંત્રણ આપ્યું તેનાથી ઘણોજ રાજી થયો છું અને કહ્યું કે પ્રથમ મંદિરની પ્રતિષ્ઠા વખતે અમે હાજર હતા, નવા મંદિરની પ્રતિષ્ઠામાં હાજર હતા અને આજે તમે પ્રથમ મંદિરના ૭૫ વર્ષ ઉજવો છો તેમાં પણ બની શકશે, શરીર સાથ દેશે તો જરૂર આવીશ.

વિરાણીમાં પ્રથમ મંદિરની સ્થાપનાની માહિતીઓ આપી અને લાલજી પટેલ નગારાં વગાડતાને મેઘજી લખમસી પાંચાણી તથા જમાના માએ આ મંદિરની પ્રથમ આરતી ઉતારેલ તે મને આજે પણ યાદ છે. અમારા સામૈયા બાઈઉએ ગોતીડાથી કર્યા ને શીવગણ લાલજીએ લક્ષ્મીનારાયણકી જયનો જય ઘોસ કરેલ અને ખૂબ જ મોટો ઉત્સવ ઉજવેલ હતા.

રાજા રામ શામજી ધોળુ માનકુવા વાળા(હાંઢિયો) ઊંટ કરીને માનકુવાથી વિરાણી પ્રતિષ્ઠામં હાજરી આપવા આવેલ આવા માણસોને લક્ષ્મીનારાયણના મંદિરો થાય તેમાં ધગસ હતી.

મારા હિસાબે તમારા ગામના વીડલોએ જે પીરાણા સતપંથનો વિરોધ કર્યો તે ખૂબજ સરાહનીય કૃત્ય હતું. તેના માટે તમારા વડીલોને જેટલી શાબાસી આપીએ એટલી ઓછી છે. આપણો સમાજ ઇસ્લામ ધર્મનો અંગીકાર કરવા તરફ પ્રયાણ કરી રહ્યો હતો અને ચાલબાજો, કપટીઓ અને વિધર્મીઓની કપટી ચાલનો શિકાર બની ગયા હતા. આવા વખતે આપણા સમસ્ત સમાજને જાગૃત કરી પોતાના સાચા ધર્મની જાણ કરાવી અને ભરેલાં ડગલાંમાંથી પાછા વાળ્યા.


એના જીવન દૃષ્ટાંત હું છું કે જ્યારે નાન હતો ત્યારે મારી મા રસોઈ ઘરમાં હાંડલું ઉતારતા ત્યારે 'ભીસ્મીલ્લાહ' બોલતાં. મેં ખાનાઓમાં (જ્યોતિષધામોમાં) કલમા પઢાતા દોઆઓ પઢાતી જોઈ સાંભળી છે. તમારા ગામના શ્રી નારણ રામજીએ વૈદિક ધર્મ અંગિકાર કરી શુદ્ધિ કરાવી અને પોતાના સાથીદારોને પીરાણા વિરૂધ્ધ લડવા માટે પ્રેરણા આપી તૈયાર કર્યા. એનો સંપૂર્ણ યશ એમના ફાળે જાય છે અને એમને અપાયેલું બિરુદ 'આદ્ય સુધારક' તે યથા યોગ્ય છે. પરંતુ શુદ્ધિ કરાવ્યા બાદ નારાયણ બાપાનું વલણ એવું હતું કે જેઓએ શુદ્ધિ કરાવી ન હોય તેઓની સાથે ભળવું નહીં અને ખાવા પીવાનો વ્યવહાર રાખવો નહીં. આ વલણથી સમાજમાં વ્યવહારમાં ગુંથાયેલ દરેક વ્યક્તિઓને ખૂબજ અડચણ પડવા લાગી. શુદ્ધિવાદીઓ તકલીફમાં મુકાયા. આવા સંજોગોમાં નારાણ રામજી લીંબાણી સાથીદારોમાંના વિરાણીના સ્વ. રતનશી ખીમજી ખેતાણી કે જેઓ પરમ પૂજ્ય ઓધવરામજી મહારાજના સંપર્કમાં આવ્યા અને એમનીસલાહથી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોના નિર્માણ કાર્યમાં પ્રવૃત્ત થયા. કાળ ક્રમે આ પ્રવૃત્તિને સમાજના દરેક ગામોમાં યોગ્ય પ્રતિસાદ મળવા લાગ્યો અને ગામે ગામ મંદિરો બંધાતા ગયા અને ધર્મ સભાઓ ભરાઈ ઈ. પ્રચાર કાર્ય જાશવંતુ બન્યું અને આમ લક્ષ્મીનારાયણ ભગવાનની કૃપા સમાજ પર થઈ. આ માટે સ્વ. રતનશી ખીમજીની સાથે નખત્રાણાવાળા શ્રી સ્વ. નથુભાઈ નાનજી કેશરાણી અને કચ્છના જુદા જુદા ગામોમાંથી ઘણાં આગેવાનોનો ખૂબ જ સાથ સહકાર મળ્યો.

મુલાકાત લેનાર

- હિંમતલાલ રતનશી ખેતાણી (દિવાણી) મુંબઈ
- મણીભાઈ શામજી પાંચાણી - મુંબઈ
- ગંગદાસ નાનજી સોમજીયાણી - હૈદ્રાબાદ
- શંભુભાઈ ચંદુલાલ ગોગારી - મુંબઈ

શ્રી રમેશભાઈ માવજી વાગડીયાનું લેક્ચર

લક્ષ્મીનારાયણ સંસ્કારધામ દેશલપર .... તા. ૨૨.૦૮.૨૦૧૦



મંચસ્થ મહાનુભાવો, પધારેલ બન્ધુ-ભગિનીઓ,

થોડા દિવસ પહેલાં જ મને અહીંથી આમંત્રણ આપવામાં આવ્યું હતું ફોન કરીને કે રમેશભાઈ .... ૨૧ અને ૨૨ ઓગસ્ટના અહીં ઉપસ્થિત રહેજો. અહીં આ કાર્યક્રમમાં હાજરી આપજો પણ ..... ૨૧ તારીખના અહીં ઉપસ્થિત ના રહેવાયું કારણ કે આ આમંત્રણથી પણ વધારે અગત્યનું અને ભાવભીનું આમંત્રણ મને સતપંથીઓ દ્વારા કોર્ટમાં હાજર રહેવા માટે આપવામાં આવ્યું હતું. માફ કરજો ભાઈઓ કે હું ગઈ કાલે હાજ રહી શક્યો ના હતો. મારે ત્યાં અમદાવાદ હાજરી આપવી પડી હતી મારા પિતાજીની સાથે.

મૂળ વાત પર આવું. ઈમામશાહને પૂજનારા આપણે, સતપંથ ધર્મમાં અતુટ વિશ્વાસ ધરાવનારા આપણે આ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ક્યાંથી આવી ગયા ? આપણી જ્ઞાતિમાં આ વળી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ક્યાંથી આવી ગયા ? એનો કોઈએ ખ્યાલ કર્યો છે ? સર્વે પ્રથમજ્ઞાતિમાં આ જે સનાતન ધર્મ .. લઈ આવનારા ..... શ્રી કેશરા પરમેશ્વરા. સ્વામીનારાયણ ધર્મ કહો કે સંપ્રદાય કહો તે તેમણે સ્વીકાર્યો. પણ આખી જ્ઞાતિને સ્વામીનારાયણ ધર્મ તરફ વાળી ના શક્યા. તેને કારણો હશે તેમાં હું અત્યારે નથી જતો. પણ બરાબર ૧૦૦ વરસ પછી આપણામાં બીજું એક જ્ઞાતિ રત્ન પાક્યું. તે રત્ન એટલે પૂજ્ય શ્રી નારાયણ બાપા કે જેમણે આપણી જ્ઞાતિને સુધારવા માટે થઈને પોતાનું આખું જીવન ન્યોછાવર કરી નાખ્યું. બાપા આર્ય સમાજી હતા. આર્ય સમાજની વિચારધારામાં હતા વૈદિક વિચારધારા .... પણ સંપૂર્ણ જ્ઞાતિને આર્ય સમાજ તરફ વાળી નોતા શક્યા. એમના જમણા હાથ સમાન વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી કે જેઓ આપણા હિમ્મતભાઈના પિતાશ્રી થતા.

હું એક વાત કહીશ તમને અતિશયોક્તિ નથી લાગતી કે જો શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન આપણને આપવામાં આવ્યા હોય તો તેને માટે જવાબદાર જો કોઈ વ્યક્તિ હોય તો તે વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી જ હતા. અને એમને પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજના સાનિધ્યમાં રહીને આપણા કચ્છના ગામે ગામજઈને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના કરી. મારા રેકોર્ડ પ્રમાણે લગભગ ૬૫ જેટલા ગામડાઓમાં જઈને આ વડીલ શ્રી રતનશીબાપા અને તેમના સહયોગીઓએ મંદિરોની સ્થાપનાઓ કરાવી. પૂજ્ય ઓધવરામબાપુને લાગ્યું હતું કે આ જ્ઞાતિને પોતાની એક સેપરેટ આગવી ઓળખ IDENTITY, એક અંગત INDENTITY ઓળખ ઉભી કરાવી હશે તો આ લક્ષ્મીનારાયણ ભગવાનના તેઓને પુત્ર બનાવવા પડશે. પૂજ્ય ઓધવરામજી બાપા અને વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી સંસર્ગમાં આવ્યા પછી ગણું બધું મંથન કરીને એમને લાગ્યું કે ઈમામશાહના પંથમાં આવીને દરિદ્રનારાયણ થઈ ગયેલી આ જ્ઞાતિને જો લક્ષ્મી પુત્ર બનાવવી હશે તો તેને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ઈષ્ટદેવ તરીકે આપવા પડશે. અને આ ખાનુ તો જ મુકશે જો લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો એમને હાથમાં જલાવશું. અને એટલા માટે થઈને આજે જેટલા પણકચ્છના ગામડાઓમાં આપણો કડવો પાટીદાર વસે છે ત્યાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો છે.

આ વડીલોને અને પૂજ્ય ઓધવરામજી બાપુને આપણે યાદ કરીએ એટલું ઓછું છે અને એના ઋણ આપણા ઉપર કેટલા છે તે ક્યારેય આપણે ઉતારી શકીશું નહિ. આજે જો આપણે સનાતનની થઈને ઉજળા ફરી રહ્યા હોયીએ તો ધોવા કરો આ સંત અને વડીલોને કે જેમણે આપણને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આપ્યા. પૂજ્ય ઓધવરામજી બાપને થયું હતું કે સ્વામીનારાયણ પણ સનાતન હિન્દુ ધર્મ જ પણ આ કોમને જો હું તે ધર્મ તરફ વાળીશ તો તેની ઓળખ (SEPARATE IDENTITY) રહેવાની નથી એની ઓળખ થવાની નથી. કારણ કે એ સંપ્રદાયમાં કે એ ધર્મમાં લોહાણાઓ પણ છે

વાણીયાઓ પણ છે અને અન્ય હિન્દુ જ્ઞાતિઓ પણ એને માનવા વાળી છે. એવી જ રીતે આર્ય સમાજ સંપ્રદાયમાં પણ અન્ય જ્ઞાતિના લોકો ગણા બધા છે. એટલા માટે થઈને ઓધવરામજી બાપુને લાગ્યું હતું કે આ કોમને મારે જો સેપરેટ ઓળખ અપાવવી હશે તો લક્ષ્મીનારાયણ ભગવાનના ઉપાસક બનાવવા પડશે અને તેનો ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ તરીકે સ્વીકાર કર્યા પછી ગામેગામજઈને મંદિરોની સ્થાપના કરી. આજે લગભગ ૮૦ થી ૮૫ ટકા જ્ઞાતિના ભાઈઓ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને તેના ઇષ્ટદેવ તરીકે માનવા લાગી ગઈ છે અને તેનો સંપૂર્ણ શ્રેય પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજને અને વડીલ શ્રી રતનશી ખીમજીને જાય છે.

મારું નાનું એક સુચન પણ છે. જ્યારે આપણે મૂર્તિઓના આવરણ કરતા હોઈએ ત્યારે, હિંમત ભાઈ અમારી ટીમના લીડર છે એટલા માટે નથી કહેતો પણ સત્ય હકીકતોને ધ્યાનમાં રાખીને આ વાત કરી રહ્યો છું કે જો રતનશી ખીમજી ખેતાણી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આપણને આપવામાં કારણભૂત હોય તો તેમની મૂર્તિ પણ આ પ્રાંગણમાં હોવી જરૂરી છે.

અમે ઇતિહાસમાં ડોકિયું કર્યું, ત્યારે આ બધીવાતો અમોને સમજાણી, લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને ૧૯૪૦ પછી આપણે અંગીકાર કર્યો ત્યારે પછી આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૧૯૬૦માં થઈ. કેન્દ્રીય સમાજ અને આપણી આલક્ષ્મીનારાયણ સનાતન સમાજ જુદી નથી અને હોઈ પણ ન શકે. બંને એક જ છે. એ બિલકુલ જુદી નથી. પણ આપણા ભાગ્ય ખોટા કહો કે ગમે તે કહો કે કેન્દ્રીય સમાજના પછીના જે ધરમીયો આવ્યા કેન્દ્રીય સમાજમાં તે ધર્મને ભૂલી ગયા. તેના પણ કારણો અસંખ્ય છે. તેઓ એમકહેવા લાગ્યા કે ધર્મ અને સમાજ જુદા છે. આ કઈરીતે શક્ય બને? મને કહો ભાઈઓ આ કઈ રીતે શક્ય બને. ધર્મ અને સમાજ કઈ જ રીતે જુદા ના હોઈ શકે. હમણા સુધીના ટ્રસ્ટીઓ પાસેથી મેં સંભાળ્યું કે સમાજને ધર્મ સાથે કંઇ જ લેવા દેવા નથી. અરે ભાઈ સમાજ અને ધર્મ એકજ સિક્કાની બે બાજુઓ છે. એ જુદા હોઈ જ ન શકે. પણ આ લોકો એ જુદા કરી નાખ્યા. એટલા માટે હું કહું છું- એટલા માટે જ હું કહું છું ભાઈઓ, કે કેન્દ્રીય સમાજે આપણા સનાતન ધર્મને વેગળો રાખ્યો તેથી આપણી કેન્દ્રીય સમાજને પૈસા માટે ભીખ માંગવાનો વારો આવ્યો. અરે આ કેન્દ્રીય સમાજે લક્ષ્મીનારાયણ ભગવાનને સાથે રાખ્યો હોત તો આજે પૈસાની રેલમછેલ હોત. હું તમોને ખાતરી પૂર્વક કહું છું, પણ આ લોકોએ તેમના કર્યું. અને એટલા માટે જ થઇને આ શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સ્થાપના થઈ. સમાજના સનાતની ભાઈઓને લાગ્યું કે મારી કેન્દ્રીય સમાજ મારી નથી તો મારે કંઇક કરવું પડશે. અને એટલા માટે જ આ સમાજનો ૧૯૯૬માં ઉદ્ભવ થયો આનો જન્મથયો. પણ કેન્દ્રીય સમાજ અને આપણી આ સમાજ જુદી નથી. એ કેન્દ્રીય સમાજને અને આ સમાજને જુદી ગણજો નહિ. એ સમાજ આપણો છે અને તે સમાજના દરેક ભાઈઓ આપણે અહીં છીએ.

જે નિમિત્તે આપણે અત્યારે ભેગા થયા છીએ તે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન માટે આપણે ભેગા થયા છીએ. ગામે ગામથી અત્યારે ભાઈઓ અને બહેનો અત્યારે અહીં આવ્યા છે. આયોજનના વિષયમાં મારો ગજ ના વાગ્યો આયોજન માટે મારાથી પણ વધારે કાબેલ લોકો અહીં ભેગા થયેલા છે. આ મને જે બે વાતો કરવી હતી તે મેં આપ સમક્ષ રજુ કરી. વધારે બોલાઈ ગયું હોય તો વડીલો મને માફ કરજો. તમે મને સાંભળ્યો તે બદલ હું તમારો આભાર માનતા વિરમું છું.

ગુજરાતમાં કણબી પટેલો પેટાશાખથી નીચે મુજબના વિસ્તારોમાં વહેંચાયેલા હતા. હાલમાં એ વિસ્તારોની સરહદ રહેવા પામી નથી. પટેલોના વિસ્તારો મિશ્ર-સર્વક્ષ જોવા મળે છે.

૧. કડવા-કણબી : સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, કચ્છ
૨. લેઉઆ-કણબી : સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, કચ્છ
૩. મુમના-કણબી : સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત (સુરત)
૪. આંજણા-કણબી : મધ્ય ગુજરાત
૬. ચોથીયા-કણબી : ગુજરાતમાં પથરાયેલ છે.
૭. આઠીયા : ગુજરાતમાં અનેક શાખાઓમાં છે.
૮. મારુ : ગુજરાતમાં અનેક શાખાઓમાં છે.
૯. કાછીયા : ગુજરાતમાં અનેક શાખાઓમાં છે.
૧૦. પાંચીયા : ગુજરાતમાં અનેક શાખાઓમાં છે.
૧૧. દુબળા (હળપતિ) : દક્ષિણ ગુજરાતમાં

કવિ પટેલ માટે હિંમતભાઈ રતનશી ખેતાણીનું અને રમેશભાઈ માવજી વાગડિયાનું લખાણ તા. ૨૩-૦૪-૨૦૧૧

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સુધારક વડીલોના ધાર્મિક બાબતે સુધારાવાદી અભીગમને લીધે જ્ઞાતિ મુખ્યત્વે બેધર્મોમાં વિભાજીત હતી જે આજ દિવસ સુધી રહી. તે બે ધર્મો એટલે

૧. આપણો મૂળ સનાતન હિંદુ ધર્મને પુનઃ અંગીકાર કરી ચુકેલા બહુસંખ્યક સનાતની વર્ગ અને

૨. ઈરાનથી આવેલા સૈયદ ઈમામુદીન ઉર્ફે ઈમામશાહ પ્રેરિત અર્ધદગ્ધ પીરાણા સત્પંથ ધર્મને માનતા જ્ઞાતિના અલ્પ સંખ્યક સતપંથી વર્ગ

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું ગુજરાત મુકીને કચ્છમાં હિજરત કરવાનું કારણ જ પીરાણા સત્પંથ ધર્મને અંગીકાર કરવાનું હતું. સંવત ૧૫૯૨ની આજુબાજુમાં ગુજરાતના સ્થાનિક આપણા જ કડવા પાટીદાર ભાઈઓથી તિરસ્કૃત થતાં આપણા પૂર્વજોએ કચ્છ તરફ હિજરત કરી. હિજરત કર્યા પછી લગભગ ૪૦૦-૫૦૦ વરસ સુધી જ્ઞાતિ

૧. દારૂણ ગરીબીમાં ફસાઈ,
૨. સંપૂર્ણતઃ અશિક્ષિત રહી,
૩. કચ્છના સ્થાનિક અન્ય હિંદુ જ્ઞાતિઓથી અછૂત રહી,
૪. પીરાણાના સૈયદો દ્વારા નિર્મિત ગઢેરાઓ અને મુખીઓની નાગચૂડમાં ફસાણી, અને
૫. જ્ઞાતિને મુમના મુસલમાન તરીકે લેવલ લાગ્યું.

આ બધાનું એક માત્ર કારણ હતું પાખંડી પીરાણા સતપંથ મતનો જ્ઞાતિ દ્વારા અગીકાર. ત્યાર પછી મુખ્યત્વે જ્યારે સુધારક વડીલોએ કચ્છ બહારના પ્રાંતોમાં દેશાટન કર્યું ત્યારે તેઓને ભાન થયું કે કેટલી હદ સુધી જ્ઞાતિ ધાર્મિક, આર્થિક અને શૈક્ષણીક બાબતે પછાત રહી ગઈ છે. અને તેવા સુધારાવાદી વડીલોએ જ્ઞાતિ માટે કલંક એવા સત્પંથનો ત્યાગ કર્યો અને જ્ઞાતિના બહુસંખ્યક લોકોને સનાતન ધર્મ અંગીકાર કરાવ્યો અને તેવા લોકોના હિતોની રક્ષા કરવા માટે થઈને જ માત્ર શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સ્થાપના કરી જે સમાજ એટલે આજની આપણી કેન્દ્રીય સમાજ. અને એટલું જ નહિ, કચ્છના ગામે ગામ સત્પંથ ખાનાનો બહિષ્કાર કરાવીને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના કરાવી તેનો ઈતિહાસ ગવાહ છે. એ સુધારક વડીલોને એમ હતું કે હજી જ્ઞાતિના અલ્પસંખ્યક લોકો પીરાણા સત્પંથમાં ભટકાયેલા છે તે વખત જતાં આપણા મૂળ સનાતન હિંદુ ધર્મના પ્રવાહમાં ભળી જશે એટલા માટે કરીને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના બારણાઓ એવા લોકો માટે ૫૦-૫૦ વરસ સુધઈ ખુલ્લા રાખ્યા. પણ તેઓની તે આશા સૌ સનાતાનીઓ માટે નઠારી નીવડી. કારણકે આ પીરાણા સત્પંથ મતમાં આસ્થા ધરાવતા લોકોએ પોતાને હિંદુ તરીકે ઓળખાવવા માટે આપણી કેન્દ્રિય સમાજની આડસ તો લીધી પણ તે કેન્દ્રીય સમાજને આજ દિવસ સુધી પોતાની સમાજ ન ગણી તે ન જ ગણી. અને તેઓએ પોતાની સંપૂર્ણ આસ્થા પીરાણા સત્પંથ અને સત્પંથ સમાજમાં રાખી બાવા ઈમામાંશાહ વાળું તુત ચાલુ જ રાખ્યું.

એટલું જ નહીં આ સત્પંથીઓએ સત્પંથ અને ઈમામાંશાહ બાવનો જ્ઞાતિમાં પુનઃ પ્રચાર ચાલુ કરી દઈને કેન્દ્રીય સમાજના મૂળ સનાતન ધર્મીયોને ધાર્મિક બાબતે વિભાજીત કરવા લાગ્યા અને કેન્દ્રીય સમાજના અમુક હોર્દેદારો અને ટ્રસ્ટીઓ પણ વગર સમજે અને વગર વિચારે આડકતરી રીતે જ્ઞાતિ માટે કલંકિત એવા સત્પંથ ધર્મનો પ્રચાર કરવા લાગી ગયા. તેવે વખતે કેન્દ્રિય સમાજના સનાતની લોકોમાં એક આક્રોશ વ્યાપી ગયો અને તે આક્રોશને વાચા આપવા માટે અમો એટલે કે શ્રી સનાતન ધર્મ જાગૃતિ સમીતીના મુખ્ય સભ્યો જેવા કે હિંમતભાઈ રતનશી ખેતાણી અને રમેશભાઈ માવજી વગાડીયાએ કેન્દ્રિય સમાજની તા. ૦૭-૦૮-૨૦૦૯ની સામાન્ય સભામાં હોદેદારો અને ટ્રસ્ટીઓની માવાળ નીતિઓ અને સત્પંથ તરફી અભિગમ વિરુધ્ધ ખુલ્લે આમ યુદ્ધ જાહેર કરી દીધું અને ત્યારપછી ભારતભરનો પ્રવાસ ખેડીને અમારી સમીતીએ સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાઓ યોજીને જ્ઞાતિમાં ધાર્મિક બાબતે એક ક્રાંતિ આણી જેને લોકો જ્ઞાતિમાં ત્રીજી ક્રાંતિ તરીકે ઓળખવા લાગ્યા.

આ લખાય છે ત્યાં સુધીમાં જ્ઞાતિમાં અને કેન્દ્રિય સમાજમાં ઘણા બધા સુધારાઓ થઈ ગયા છે અને હજુ પણ કરવાના બાકી છે અને ટૂંક સમયમાં તે થશે એવી અમોને પૂરે પૂરી ખાતરી છે.

હિંમતભાઈ રતનશી ખેતાણી - મુંબઈ
રમેશભાઈ માવજીભાઈ વાગડીયા - બેંગલોર

દેશના ભાગલા સમયે દિલ્હીમાં પાટીદારોની પરિસ્થિતિ

૧૨ સપ્ટેમ્બર, ૧૯૪૭

- સી.કે. પટેલ, તંત્રીશ્રી પાટીદાર સૌરભ

મારો...મારો... કાપો...કાપો...!

ભારતને આઝાદી મળ્યા પછીના એ ગોઝારા દિવસો ! દિલ્હીમાં હિન્દુ-મુસ્લિમ રમખાણો ફાટી નીકળ્યાં હતાં અને ભયંકર કત્લેઆમ શરૂ થઈ ચૂકી હતી. પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓને કત્લ કરી તેમની લાશોની ટ્રેનો ભરી ભારત તરફ મોકલવામાં આવતી હતી તો ભારતમાં રહેતા મુસ્લિમો પણ સલામત નહોતા. દિલ્હીમાં શીખોએ મુસ્લિમનો સંહાર કરવાનું શરૂ કરી દીધું હતું.

ભારત-પાકિસ્તાનના ભાગલા થતાં થયેલ હિન્દુ-મુસ્લિમ હુલ્લડોની આંગ સમગ્ર દેશને દઝાડી રહી હતી તેમાં દિલ્હી મોખરે હતું. હિન્દુ-મુસ્લિમો એકબીજાને જાન લેવા માટે તુલી રહ્યા હતા. દિવસો સુધી લોકોએ ઘરમાં જ ભરાઈને અધ્ધર જીવે દિવસો કાઢ્યા હતાં.

દિલ્હીમાં તે વખતે કચ્છના કડવા પાટીદારો મોટા ભાગે પહાડગંજ (લડુગટી)માં રહેતા હતા. આઠ જેટલી સો મીલો મળી ૧૦૦ જણાની વસ્તી હતી. મજૂરીકામ જ કરતા એટલે આર્થિક સદ્ધરતા પણ એટલી નહોતી.

દિલ્હીની શેરીઓમાં મુસ્લિમોનાં ઝનૂની ટોળાં નગ્ન તલવારો સાથે ચીચીયારીઓ પાડતી ઘૂમી રહ્યા હતા. પહાડગંજમાં આવેલ જયભારત સો મીલમાં આઠ જેટલા પાટીદાર ભાઈઓ ફસાઈ પડ્યા હતા. સો મીલથી ઘર તરફ એક જ કિ.મી. દૂર હતું. પણ બહારનું વાતાવરણ જોતાં ત્યાં પહોંચવું ખતરાથી ખાલી નહોતું.

કોટડા (જડોદર)ના મેઘજી પચાણ આણંદાણી, કરશન મેઘજી કાલરીયા, પ્રેમજી શીવજી કાલરીયા, વેલજી કાનજી વાડીયા, અંગીયાના મેઘજી જીવરાજ મેઘાણી, ઉગેડીના હંસરાજ વીરજી સાંખલા, નાગલપરના કરસન ખેતા સેંઘાણી અને વિગોડીના દેવશી રતના કાલરીયા એમ આઠ જણાની હાલત જોવા જેવી થઈ હતી.

બહાર ક્યાંયે નીકળી શકાય તેમ નહોતું અને સો મીલમાં ખુલ્લામાં ફરવું પણ જોખમકારક હતું એટલે બેન્સાના ખાડામાં આ આઠે જણે ૯૨ કલાક સુધી લપાતા-છુપાતા ફફડતાં રહેવું પડ્યું હતું. સો મીલને ચોફેર બેન્સાની પટીઓ લગાવી વિજળી ચાલુ કરી દેવામાં આવી હતી જેથી મુસ્લિમો અંદર પેસી જ ન શકે.

આખરે આ આઠે જણની ભાળ કાઢવા માટે ચોથા દિવસે શીવજી માધા કાલરીયા મિલીટરીવાળાને લઈ સો મીલે આવ્યા અને જવાનો સાથે ઘરે પહોંચ્યા ત્યારે જ બધાનો જીવ હેઠે બેઠો હતો પણ ખરાખરીનો સમય તો હવે આવવાનો હતો તેની કોઈને ખબર જ નહોતી.

૧૨ સપ્ટેમ્બર, ૧૯૪૭ ! જન્માષ્ટમીનો દિવસ હોઈ આ દિવસે હિન્દુઓની સામૂહિક કત્લેઆમ કરવા માટે હિન્દુ મંદિરો પર ત્રાટકવાની મુસલમાનોએ યોજના બનાવી હોવાની અફવા વાતાવરણની શાંતિને ડહોળી રહી હતી.

દિલ્હીના પહાડગંજ વિસ્તારમાં આવેલ એક ત્રણ માળના મકાનમાં રહેતા હિન્દુઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. નીચે દુશ્મનો હણી નાખશે તેવા ભયે ભોંયતળીયે રહેતા ટેક્ષીવાળા વિગેરે નીચેનો દરવાજો બંધ કરી ઉપરના માળે રહેતા શીવજી માધાના ઘરમાં ભરાઈ ગયા હતાં.

આ મકાનની પાછળ જ મુસલમાનો રહેતા હતા અને બાજુના જ કોલસાના ગોડાઉનમાં બોમ્બ અને ઘાતક હથિયારોનો મોટો જથ્થો સંઘરી રાખ્યો હોવાનું આજુબાજુમાં રહેનારાઓનું કહેવું હતું.

બપોરના ૧૧-૦૦ વાગ્યાનો સમય હતો. કર્ફ્યુને કારણે સમગ્ર વિસ્તાર-ભેંકાર ભાસતો હતો અને ક્યારેક મિલીટરીના જવાનોના ભારેખમ બુટના અવાજો સિવાય બીજો કોઈ અવાજ પણ આવતો ન હતો.

અચાનક જ મકાનના પાછળ ભાગમાં થોડો સળવળાટ થયો અને મકાનમાં ભરાયેલા ૩૨ હિન્દુઓ કંઈ પણ સમજે તે પહેલાં જ નીચેથી ફેંકવામાં આવેલા બોમ્બના વિસ્ફોટથી સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો. મકાનમાં ભરાયેલા લોકોની ચીસો અને આક્રંદથી સમગ્ર વાતાવરણ ધ્રૂજી ઉઠ્યું.

મકાનના ઉપરના માળે આસરો લઈ રહેલા શીવજી

માધા કાલરીયાનો પુત્ર પ્રેમજી શીવજી આ બોમ્બ મકાનના ઉપરના માળે આસરો લઈ રહેલા શીવજી માધા કાલરીયાનો પુત્ર પ્રેમજી શીવાજી આ બોમ્બ વિસ્ફોટમાં તે જ વખતે ભગવાનને પ્યારો થઈ ગયો. કરસના મેઘજી કાલરીયાનો જમણો પગ જ ઉડી ગયો ! ઘરમાં આતંક ફેલાઈ ગયું !

જમણો પગ આખો કપાઈ ગયો હોવા છતાં કરસન મેઘજી કાલરીયા જરાયે હિંમતહાર્યા વિના છત ઉપરથી કપાયેલા પગે જ નીચે ઉતરી આવ્યા. મકાનથી ૧ કિ.મી. દૂર સરકારી હોસ્પિટલ હતી ત્યાં સુધી લશ્કરના જવાનોની મદદથી તેમને લઈ જવાયો. હોસ્પિટલમાં હુમલાનો ભોગ બનતા લોકોની ગીર્દી એટલી બધી હતી કે કરસન મેઘજીને છેક ચોથા દિવસે ઘરના લોકો ખોળી શક્યા હતા !

બીજી તરફ પ્રેમજી શીવજી માધાની લાશ આખી રાત ઘરમાંજ પડી રહી જન્માષ્ટમીનો તહેવાર આ રીતે ઘરમાં જ ભરાઈ રહીને દિલ્હીના હિન્દુઓએ ઉચાટભર્યા વાતાવરણમાં જ વિતાવ્યો હતો.

બીજા દિવસે વહેલી સવારે તેમની લાશને બિરલા મંદિરની પાછળના હિન્દુ સ્મશાનમાં બાળીને ૧૦ વાગ્યે ચાર-પાંચ પાટીદાર ભાઈઓ પાછા ફરતા હતા ત્યારે મિલીટરીવાઓએ તેમને અટકાવ્યા. ડાઘુઓની કોઈ પણ વાત સાંભળ્યા વિના મિલીટરીએ તેમને એક કામમાં જોતરી દીધા.

દિલ્હીમાં એ દિવસોમાં હિન્દુ-મુસ્લિમોની કત્લેઆમ એટલા મોટા પ્રમાણમાં હતી કે લાશોના ઢગલા નિકાલ કરવાનું કામ મિલટીરીવાળા માટે માથાના દુખાવારૂપ થઈ ગયું હતું. લોરીમાં મડદાં ભરી તેને જમુના નદીમાં ફેંકી આવવા માટે કોઈ મજૂરો પણ મળતા નહોતા. એટલે મિલીટરીવાળાઓએ પ્રેમજી શીવજીની લાશ બાળીને પાછા આવતા આ ડાઘુઓને મડદાંની લોરી સાથે ફેંકી આવવાની પાંચ ટ્રીપો મારવાનું કામ પૂરું થયા પછી જ છોડ્યા !

દિલ્હીમાં આ ગોઝારા બનાવ પછી ભયથી ફફડતા પાટીદારો અહીં રહેવામાં કોઈ સલામતી નથી તેમ માની બધા સો મીલ વાળાઓએ સો મીલમાં એક-એક માણસ રાખી કચ્છમાં આવવાનું નક્કી કર્યું. પરંતુ વાયા અજમેરની ટિકીટ મળતાં પાછી મુશ્કેલી થઈ એટલે રેલ્વેના અધિકારીને વિનંતી કરતાં વાયા વડોદરાની ટિકીટ કાઢી આપી અને બધા હૂલ્લડોની ભયંકર યાદ સાથે દેશમાં પાછા ફર્યા.

મથલના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પાટીદાર સેવા સંઘના કાર્યાલયમાં હાલે ફરજ બજાવતા કરસન મેઘજી કાલરીયા અત્યારે ૬૨ વર્ષની ઉંમરે પહોંચી ગયા છે. દિલ્હીના એ ગોઝારા બનાવમાં તેમણે જમણો પગ ગુમાવ્યો તે વખતે તેમની ઉંમર ફક્ત ૧૬ વર્ષની જ હતી. જમણો પગ ગુમાવ્યો છતાં તેઓ દેશમાં પાછા આવી ફરીથી દિલ્હી ગયા હતા અને મેટ્રીક સુધીનું શિક્ષણ પણ લીધું હતું.

દિલ્હીના હુલ્લડોને યાદ કરતાં તેઓ આજે પણ ધ્રુજી ઉઠે છે. આજે જ્યારે અમદાવાદ, સુરત કે મુંબઈમાં કોમી તોફાનો ફાટી નીકળે છે ત્યારે તેના અહેવાલો છાપામાં વાંચીને આપણને અરેરાટી થાય છે ત્યારે ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે ફેલાયેલ રમખાણો કેટલાં ભયંકર હતાં. તે તો એ સમયે જોનાર પર વિતી હોય તેમને જ ખ્યાલ આવે.


શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એવોર્ડ

શ્રી ક.વિ. પટેલ દિલ્હીવાળા આપના જીવનના અમુલ્ય વર્ષો આપે લોકજીવનના કાર્યો અને સમાજસેવાના ભગીરથ કાર્યો પાછળ ખર્ચ્યા છે.

આવી પાટીદાર સમાજના સંશોધનની ઉત્તમ કામગીરી માટે શ્રી સરદાર પટેલની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧-૧૦-૧૯૯૯ના રોજ શ્રી પટેલ જાગૃતિ મંડળ આપને સરદાર વલ્લભભાઈ પટેલ એવોર્ડ અર્પણ કરે છે.

શ્રી પટેલ જાગૃતિ મંડળ
મીરા રોડ
પ્રમુખ માનદ્‌મંત્રી
ડાયાભાઈ લોડલીયા

- બાબુભાઈ ધનાણી



આખા બોલા પણ સાચા બોલા

પીરાણા પંથની માયાજાળ સામે કચ્છી પાટીદારોનો સંઘર્ષ

- સીતારામભાઈ જો. પટેલ

ધર્મએ માનવીને જન્મ સાથે વારસામાં મળતા જીવન જીવવના સંસ્કારનું મુળ છે. જીવનમાં ડગલે ડગલે માનવીને ધર્મની આસ્થા જો ડાયે લી હોય છે, કચ્છી પાટીદાર સમાજ માટે ધર્મનું પાસુ જીવન સંઘર્ષનું પાસુ બની ગયુ છે.

કચ્છી પાટીદાર સમાજ લગભગ પીરાણા પંથી હતો. ગુજરાતમાંથી પાટીદારોને કચ્છમાં વસવા આ પીરાણા પંથે ફરજ પાડી હતી.

પીરાણા પંથ આગાખાની નિઝારી શિયા પંથનો ફાંટો છે. હિન્દુસ્તાનમાં હિન્દુઓને વટલાવવા સૌ પ્રથમ નુસરત ગોર આવ્યા. તેમના પછી પીર સૈયદ સમશુદીન, પીર નસીરૂદીન, પીર સૈયદ સદરૂદીન, પીર કબીરદીન અને તે બાદ પીર ઈમામશાહે પીરાણા પંથ કે જે સતપંથ તરીકે ઓળખાય છે, તેની સ્થાપના કરી. ઈમામશાહે આ પંથની એવી ખુબીથી સ્થાપના કરી કે તેમાં દાખલ થનાર ભોળા હિન્દુઓને કે તેને અનુસરનાર વ્યકિતને ખબર પણ ન પડે કે તે અજાણપણે પોતાના વૈદિક ધર્મને છોડી રહ્યો છે. ઈમામશાહે વૈદિક ધર્મને ધીમે ધીમે દૂર કરી સનાતન હિન્દુ ધર્મમાંથી સતપંથ ઉભો કર્યો. સતપંથ અપનાવનાર પોતાના વૈદિક ક્રિયાકાંડની જગ્યાએ ધીમે ધીમે ઈમામશાહે સૂચવેલા ક્રિયાકાંડ અપનાવતો થયો.

ઈમામશાહે હિન્દુશાસ્ત્રોનો અભ્યાસ કરી તે જ શાસ્ત્રોમાં છદ્મવેશે અલગ કથાઓ એવી રીતે ઉમેરી કે કોઈને ખબર ન પડે અને એ જ સતપંથનાં શાસ્ત્રો (ગીનાન) બન્યા. ઈમામશાહે સનાતન હિન્દુધર્મમાંના ભગવાનના દસ અવતારોને તેમના મુરીદો (અનુયાયીઓ) માટે થોડા થોડા ફેરફાર સાથે ચાલુ રાખ્યા. દરેક અવતારના અવતારી કાર્યોને પણ થોડા ઘણા સ્વીકાર્યા અને તેમાં તેમણે ઈસ્લામની કેટલીક વાતો ઉમેરી. આ શાસ્ત્રો તેમના મુરીદોનાં નવાં શાસ્ત્રો બન્યા. હિન્દુ વૈદિક શાસ્ત્રોમાં ભગવાનનો દશમો કલ્કી અવતાર જે હજી થવાનો છે - તેનો ઉલ્લેખ છે, અને તે કયાં, કઈ રીતે થવાનો છે તેની એંધાણીઓ બતાવી છે. જયારે ઈમામશાહે આ દશમો અવતાર એ નિષ્કલંકી નારાયણ અવતાર દર્શાવ્યો છે, જે હિન્દુઓએ ઈમામશાહે બતાવેલ શાસ્ત્રો પ્રમાણે ન વર્તવાને લીધે નારાજ થઈ અરબસ્તાનમાં થઈ ચૂકયો છે અને ઈમામશાહ તેના વંશજ છે તેમ બતાવ્યું છે. કેટલાક તેમને જ દશમો અવતાર ગણે છે.

ઈમામશાહે હિન્દુઓને વટલાવી એવી લાઈન ચલાવી કે હિન્દુઓને તેઓ પોતાના ધર્મ છોડી રહ્યા છે અને નવો સતપંથ અપનાવી રહ્યા છે. એટલે કે પોતે વટલાઈને મુસ્લિમ લાઈન પર ચાલવા લાગ્યા છે, એવો ખ્યાલ પણ ન આવે. આ સતપંથ એટલે ન હિન્દુ કે ન પુરા મુસલમાન એવો ધર્મ બનાવ્યો. અમદાવાદ નજીકનું પીરાણા ગામ ઈમામશાહનું મુખ્ય સ્થાન છે. ઈમામશાહે ત્યાં આજુબાજુના જે લોકો તેમના મુરીદ બન્યા, તેમની સાથેનો વ્યવહાર અન્ય લોકોએ તેમની સાથે ઓછો કીર દીધો. ઈમામશાહની ચતુરાઈએ તેમને અન્ય લોકોએ "મુમના" બનાવી દીધા. તેઓ સમાજમાં

એકલા પડવા લાગ્યા. જેથી તેમને કચ્છમાં જવુ પડયું. ઈમામશાહનું આ વટાળ પ્રવૃત્તિનું કામ કરાવવા વાળા મુખી કે કાકા કે સૈયદોએ તેમને કચ્છમાં મોકલવામાં મદદ કરી. કચ્છમાં મહારાવની કૃપાથી તેમને વેરાન જમીનો મળી. આ જમીનોને તેમણે મહેનત કરી ફળદ્રુપ બનાવી. આમ હિન્દુ પાટીદારો ગુજરાત છોડી કચ્છમાં વસ્યા. કચ્છમાં સતપંથ કે પીરાણાપંથી પાટીદારોનો આખો સમુહ વસ્યો. પીરાણા પંથીઓનું કચ્છ મુખ્ય સ્થાન બન્યું. અહીં ઈમામશાહના મુખીઓ, પટેલો, કાકાઓ કે સૈયદો કચ્છમાં જઈ ઘેર ઘેરથી દશાંશ કે વીશાંશ ઉઘરાવતા થયા. પીરાણા સ્થાનને કચ્છના પાટીદારોની મોટી આવક મળવા લાગી. સાથે સાથે ઉઘરાવનારાઓને પણ મોજ થવા લાગી. તેઓ વર્ષોવર્ષ ત્યાં જવા લાગ્યા. તેમણે હિન્દુધર્મના વિધિ વિધાનો કે ક્રિયાકાંડોમાં પણ ફેરફાર કરાવ્યો. જેમ કે મડદાને હિન્દુધર્મની રીતે અગ્નિસંસ્કાર નહીં પણ મુસ્લિમ રિવાજ પ્રમાણે દાટવાનું શરૂ કરાવ્યું. લગ્નવિધિમાં પણ અર્ધ મુસ્લિમ નિકાહ પઢવાની શરૂઆત થઈ. સૈયદો અને કાકાઓએ ખાસ કરીને પ્રાગજીકાકાએ કોઈપણ વિધિમાં બ્રાહ્મણોને જનોઇઓ ઉતરાવી. દરેક પરિવારની વહી લખનાર વહીવંચા બારોટોને પણ બોલાવવાનું બંધ કરાવ્યું. તેમની જગ્યાએ સર્વ વિધિઓ કાકાઓ કે સૈયદો જ કરવા લાગ્યા તેમની બંદગી કે પ્રાર્થના માટે મંદિરો નહિ , પણ ખાનાઓ બનાવ્યા. આમ ભોળા કચ્છી પાટીદારોને આ લોકોએ પૂરા સતપંથી બનાવી દીધા.

આવા સંજોગોમાં કેટલાક વીર પુરુષો પેદા થયા. લાકડાના ધંધા માટે અને બાંધકામના ધંધા માટે જે લોકો મુંબઈ ગયા, તેમને ધંધામાં ફાવટ આવી પણ મુંબઈમાં તેમને મુમના તરીકે અપમાન સહન કરવાનું થયું. આવા સંજોગોમાં સૌપ્રથમ ધર્મનું આત્મચિંતન કરનાર જેઓ કેશરા પરમેશરાના નામે ઓળખાયા તે શ્રી કેશરાબાપા અને નારાયણ રામજી તથા રતનજી ખેતાણી જેવા માણસોને તેઓ અને તેમનો કચ્છી સમાજ સનાતન હિન્દુ ધર્મશાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. પરિણામે સતપંથ છોડવાનો પાકો નિર્ધાર કર્યો. મુંબઈમાં હિન્દુધર્મના વિદ્વાનોનો અભિપ્રાય લીધો. તેમના માર્ગદર્શન મુજબ સનાતન હિન્દુધર્મ ફરી અંગીકાર કરવા, શુદ્ધિકરણ અને પ્રાયશ્ચિત કર્મ કરી સતપંથ છોડયો. સાથે સાથે સતપંથ પાળતી આખી કચ્છી પાટીદાર જ્ઞાતિને સાચા હિન્દુ સનાતન વૈદિક ધર્મમાં લાવવાના પ્રયત્નો આદર્યા. તેમણે ખૂબ સંઘર્ષ કર્યો. તેમને આખી કચ્છી જ્ઞાતિએ જ્ઞાતિ બહાર મૂકયા. તેમની સાથેનો તેમજ તેમના સગાવહાલાં સાથેનો સઘળો વ્યવહાર બંધ કરવામાં આવ્યો. આ લોકોમાંથી કેટલાક જ્ઞાતિના ડરથી સાથ છોડી ગયા. છતાં તેઓ હિંમત હાર્યા નહિ અને સમાજમાં જાગૃતિ લાવવા મુંબઈ, કચ્છ અને કરાંચીમાં પરિષદો ભરી જોરશોરથી સતપંથ છોડવા પ્રચાર કર્યો. ઘણા સંઘર્ષથી લોકો સતપંથ છોડવા લાગ્યા. આ ઝુંબેશમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો અને તેમના દ્વારા કચ્છના મહારાવનો પણ સાથ મલ્યો, સાથે સાથે શ્રી ઓધવરામજી મહારાજે પણ ખૂબ મદદ કરી. તેમણે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરો બનાવવાનું શરૂ કર્યું. પરિણામે સમાજ પરથી સતપંથની પકડ ઢીલી પડી.

આજે તો સંતપથમાંથી લગભગ ૭૦ થી ૭૫ ટકા કચ્છી પાટીદારો મુક્ત થયા છે. આજની શિક્ષણ લેતી નવી પેઢી શાસ્ત્રોનો અભ્યાસ કરી સનાતન હિન્દુધર્મનો સાચો રસ્તો જાણી ચૂકી છે. શ્રી હિંમતભાઈ રતનજી ખેતાણી અને શ્રી રમેશભાઈ વાગડીયા જેવા કચ્છી પાટીદારો કચ્છી પાટીદાર સમાજને સતપંથ માંથી છોડાવવા માટે આજે ઝુંબેશ ચલાવી રહ્યા છે.

આથી સતપંથના અનુયાયીઓ અને પીરાણાના ગાદી પતિઓએ સનાતન વૈદિક હિન્દુધર્મનાં શાસ્ત્રોનો અભ્યાસ કરી, ભુતકાળમાં ભોળપણમાં ભૂલે ભટકે કરેલી ભૂલોને સુધારી લઇ સનાતન વૈદિક ધર્મના સાચા માર્ગે વળી જવું જોઇએ. કારણ કે ઇમામશાહે સ્થાપેલ સતપંથ એ સનાતન હિન્દુધર્મનો ભાગ નથી જ.

આ સતપંથનો હવે પીરાણા ગાદીવાળા સનાતન સતપંથ તરીકે પ્રચાર કરવા લાગ્યા છે. સનાતન એટલે આદીથી ચાલી આવતું સત્ય. સતપંથ ને સનાતન વિશેષણ લગાવવું પણ યોગ્ય નથી. આ બાબતે "વીકીપેડીયાના ફ્રી એન્સાયકલોપેડીયા"માં આપેલી "સતપંથ" વ્યાખ્યા નીચે મુજબ છે.


Satpanth is a subgroup of Nizari ismailism ismail Sufism formed by conversions from Hindustan 700 yearago by pir Sadrudin (1290 - 1367)and 600 year ago in the 15 th Century by Pir Immam Shah (1430-1520) one of the authors of Ginans. There are villages in Gujarat which are totally 'Satpanthi' such as pirana near Ahmedabad where Immam Shah is buried

અર્થ :

સતપંથ એ નિઝારી ઇસ્માઇલીયા ઇસ્માઇલી સૂફી પંથનું એક પેટા ગ્રુપ છે. કે જે ૭૦૦ વર્ષ પહેલાં પીર સદરુદીન (૧૨૯૦ થી ૧૩૬૭) અને ૬૦૦ વર્ષ પહેલાં પંદરમી સદીમાં પીર ઇમામશાહ (૧૪૩૦ થી ૧૫૨૦) એ હિન્દુઓને વટલાવી ઊભું કરેલું છે. પીર ઇમામશાહ ગીનાન (સતપંથનાં શાસ્ત્રો) ના લેખકો પૈકીના એક છે. ગુજરાતમાં સંપૂર્ણપણે સતપંથને અપનાવનાર ઘણાં ગામો છે. આમાંનું એક પીરાણા ગામ કે જે અમદાવાદથી નજીક છે કે જયાં ઇમામશાહને જમીનમાં દફનાવામાં આવ્યા છે.

બૃહદ કચ્છ

દિલ્હી ગુજરાતી સમાજે યોજેલી સંગીત હરિફાઇમાં કચ્છી પાટીદાર કલાકાર પ્રથમ નંબરે



શ્રી વિસરામભાઇ શીવદાસભાઇ પટેલ (કાદિયામોટા)

નવી દિલ્હી તા.૩ :

નવી દિલ્હી ગુજરાતી સમાજ તરફથી તા.૨૮.૯.૬૯ ના રોજ ગુજરાતી સંગીત હરિફાઇનો ઇનામી સમારોહ યોજાયો હતો. જેમાં દિલ્હીમાં વસતા ગુજરાતી રેડીયો કલાકારો તથા અન્ય ગુજરાતી કલાકારોએ ભાગ લીધો હતો.

આ હરિફાઇમાં દિલ્હીમાં વસતા ૧. શ્રી વિસરામભાઇ શીવદાસ પટેલ(કાદિયામોટા) પ્રમુખશ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-નવી દિલ્હી તથા ૨. નાનજીભાઇ ગંગદાસ પટેલ (ખોંભડી) એમ બે કચ્છી પાટીદાર કલાકારોએ ભાગ લીધો હતો.

આ હરિફાઇમાં ભાગ લેનાર કુલ્લે ૨૬ કલાકારોમાંથી **શ્રી વિસરામભાઇ શીવદાસ પટેલે** પ્રથમ ઇનામ મેળવ્યું છે અને આ રીતે એમણે દિલ્હીમાં વસતા કચ્છી પાટીદાર ભાઇઓનું ગૌરવ

પાટીદારની પ્રગતિની ગાથા

આસમાની અને સુલતાની આફતોથી સદાય ઘેરાયેલા રહેતા, ખેતીકામ ઉપર જ નભતા કણબીનો કોઇ સ્થિર નિવાસ કે મુલક રહ્યો નથી. ગામધણી કે રામધણી રૂઠે, લુટારૂ પ્રજાનાં આક્રમણોથી ખેતી નાશ પામે, ત્રાસ થાય કે વંશવૃદ્ધિને કારણે ભરણપોષણની સમસ્યા ઊભી થાય ત્યારે "ગાજે ત્યાં ગરાજ" જેવી સ્થિતિમાં કણબી સ્થાળાંતર કર્યા કરતા-ભારતભરમાં મુખ્યત્વે અફઘાનિસ્તાનથી પંજાબના ફળદ્રુપ પ્રદેશોમાં અને ત્યાંથી ગંગા-જમનાના ફળદ્રુપ પ્રદેશો (ઉ.પ્ર., બિહાર વિ.) માં થઇને ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે પ્રદેશોમાં વિસ્તર્યા.

મૌર્ય કાળમાં સામાન્ય સંજોગોમાં ખેત-પેદાશોને છઠ્ઠો ભાગ રાજભાગ તરીકે લેવાતો; પરંતુ આફત-કાળ કે યુદ્ધકાળમાં એકચતુર્થાંશ કે તેથીય વધુ ત્રીજો ભાગ રાજા લઇ જતો. પરંતુ જમીનમાલિકી હક સંપૂણપણે ખેડુત કુટુંબિનનો રહેતો. મૌર્ય અને ગુપ્તકાળમાં આ કર વ્યવસ્થાનુસાર રાજભાગ લેવા સિવાય ગામડાઓમાં વહીવટી હસ્તક્ષેપ રાજયનો ન હતો. ગામના પંચ કે પંચાયતોમાં હાથમાં ગ્રામવ્યવસ્થા અને વહીવટીની બાંગ-ડોર રહેતી હોવાથી સમ્રગ રાજય પ્રજામાં અને ખાસ કરીને પંચાયત જેના હસ્તક રહેતી તેવા કુટુંબિયનો અર્થાત્ કણબી પાટીદારોમાં એક પ્રકારની ખુમારી, ખુદ્દારીના ગુણોનું સિંચન થયું, ગ્રામ્ય પ્રજાની આબાદી વધી, સંપ બની રહેતો, જેને કારણે તે કાળ દરમ્યાન શાસકોના સત્તાલોભે આ સ્થિતિમાં પલટો આણ્યો. રાજા જમીનમાલિક બન્યો. ખેડુત-કુટુંબિયન જમીનમાલિક મટી વેઠિયો. ખેડૂત બની ગયા અને માલિકી હકની મમતાના અભાવે ખેતીમાં નીરસ બન્યો. રાજય તરફના આદરને અભાવે રાજય તરફની કૃતધ્નતા રહી નહીં, રાજયવહીવટ અને લડાઇઓમાં રસ લેવાનું બંધ કર્યું અને ઇતિહાસની તવારીખ કહે છે કે ત્યારથી રાજકીય ઉથલ-પાથલ તથા હિન્દુસ્તાનની પડતી શરૂ થઇ. પહેલા ગામડાઓનો જે ખેડુત પાટીદાર રક્ષણ માટે પોતાના સશસ્ત્ર દળો જમાવી રાખતો, ઘરોમાં બખ્તર, તલવારો, કટારીઓ, ભાલા, ધારિયા અને ઢાલ જેવાં હથિયારો કાયમ વસાવેલાં રાખતો (આજે પણ દલા દરિયાની તોપ સોનગઢના કિલ્લામાં ઐતિહાસિક ગવાહી પૂરે છે.) તે જ ખેડૂત રાજયવહીવટ અને વિદેશી આક્રમણો સામે વિમુખ થઇ ગયો, પરિણામે મુસ્લિમ શાસનકાળ શરૂ થયો.

મુસ્લિમ શાસનકાળ દરમિયાન અલ્લાઉદ્દીન ખિલજીના વીસ વર્ષના શાસનકાળ સમયમાં ખેડૂતોને કચડી નાંખવાની નીતિ ધારણ કરવામાં આવી હતી, ખેત-પેદાશોનો અડધો અડધ હિસ્સો રાજભાગ તરીકે છીનવી લેવા ઉપરાંત જજિયાવેરો અને અન્ય અનેક વેરા દ્વારા ખેડૂતને લૂંટીને પાયમાલ કરી દેવામાં આવ્યો હતો.

ત્યાર પછીના શાસક ફિરોજશાહ તગલખે ખેડૂત અને ખેતીની કથળી ગયેલ સ્થિતિ સુધારી આબાદી લેવવા અન્ય તમામ વેરા, જજિયાવેરો વિગેરે નાબુદ કરી ખેત-પેદાશનો ત્રીજો ભાગ જ વેરા વસુલી તરીકે લેવા માંડયો અને ખેતી માટે જરૂરી પાણીની ઉપલબ્ધી અર્થે નહેરો ખોદાવી અને ક્રમશ : ખેડૂતની સ્થિતિમાં બદલાવ આવવા માંડયો. ફિરોજશાહ પછી છેક બાબરના સમય સુધી આ પરિસ્થિતિમાં ઝાઝો ફરક ન પડયો, પરંતુ બાબરના પુત્ર હુમાયુને હટાવી શેરશાહ ગાદી ઉપર આવ્યો ત્યારે તેની દૂરંદેશી નજરે પારખ્યું કે ખેતી અને ખેડૂતની આબાદી સિવાય દેશની આબાદી નથી, તેથી તેણે રાજયવ્યવસ્થાથી માંડી ગામડાઓ સુધી ખેતીની આબાદી અર્થે જે સુધારા કર્યા તે શેરશાહના સુધારા તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તેણે નવેસરથી રાજયવ્યવસ્થા ગોઠવી. ગામદીઠ એકમો બનાવ્યા. દરેક એકમોમાં ખેડવાલાયક જમીન અને બિનખેતીની ખરાબા જેવી ખરાબ જમીન એમ બે વિભાગમાં જમીનોનું વર્ગીકરણ કર્યું. ખેતીના સરેરાશ ઉત્પન્નતાનો આંક કાઢી રાજભાગ તરીકે ખેતપેદાશનો હિસ્સો લેવાને બદલે મહેસુલી રકમનો આંક નક્કી કર્યો અને મહેસુલ ભરનાર ખેડૂતોને જમીનના સ્વત્રંત માલિકી હક્કો આપ્યા.

અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય મહાસભાનાં અધિવેશનો

(૧૮૭૦ થી ૧૯૯૨) ડો. મંગુભાઇ પટેલ (ગુજ. યુનિ. સેનેટસભ્ય)

આ સમયગાળામાં લગભગ ૩૫ અધિવેશનો મળ્યાં. જેમાં ઉત્તર ભારતમાં સૌથી વધારે અધિવેશનો મળેલાં. ઇ.સ. ૧૮૭૦ થી ૧૮૯૪ સુધીમાં આર્ય સમાજી રાવબહાદુર જનકલાલધારીજી સામાન્ય શિક્ષક હતા. તેમણે ભારતભરના કૂર્મીઓનું સંગઠન શરૂ કર્યું. તેમના પ્રમુખપદે બે સભાઓ થઇ પરંતુ અધિકૃત અધિવેશનની શરૂઆત ઇ.સ. ૧૮૯૪ લખનૌમાં થઇ. ફરૂખાબાદના સુપ્રસિદ્ધ વકીલ બાબુ ગેંદાલાલ, લખનૌ નિવાસી નંદલાલજી, ધારાશાસ્ત્રી, મિથિલાશરણસિંહ, ચૂનારના સેશન્સ જજ શ્રી બી. નાગપ્પા, મધ્યહિંદના નાગપુરના બેરિસ્ટર સી.બી. નાયક વગેરેના અધ્યક્ષસ્થાને સંમેલનો થયા હતા. ગુજરાતમાં આ સભા "આખા હિન્દની કણબી સભા" તરીકે જાણીતી થઇ. આ સભાના પ્રમુખપદો શોભાવવામાં મુખપૃષ્ઠ પર આપેલા ત્રણ મહાનુભાવોને બહુમાન મળ્યું હતું. આઠમી ઓલ ઇન્ડીયા કૂર્મી સભાના (બારાબાંકી ૧૯૧૨) અધ્યક્ષ શ્રી ગુજરાત કોલેજના વિદ્વાન અધ્યાપક પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ જેઓ પાટીદાર પરિષદના પ્રમુખ પણ રહી ચૂકેલા. નવમી કૂર્મી ક્ષત્રિય મહાસભા (અમદાવાદ ૧૯૧૩) શ્રી બેરિસ્ટર વિઠ્ઠલભાઇ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી. તેમાં ભારતભરમાં કૂર્મી પ્રતિનિધિઓ અમદાવાદ ખાતે ઊમટી પડેલા. આમ તો આ અધિવેશન માટેનું આમંત્રણ ગણપત પુરાવાળા રાયજીવાળા કુટુંબ તરીકે જાણીતા શ્રી છોટુભાઇએ ગણપતપુરા ભરવા માટે આંમત્રિત કરેલું. આ ગામ નાનું હોવાથી બધાની સમજાવટથી ૧૯૧૩માં અમદાવાદમાં ભરાયું. ૧૧મું અધિવેશન ૧૯૧૭માં આગ્રા ખાતે બેરિસ્ટર શ્રી મગનભાઇ ચતુરભાઇના અધ્યક્ષસ્થાને મળેલું. તેઓ જૂનાગઢ પાટીદાર પરિષદના પણ પ્રમુખ રહી ચૂકેલા તેમજ ૧૨મું અધિવેશન લખનૌ ખાતે સયાજીરાવ ગાયકવાડના ભાઇ શ્રી સંપતરાવ ગાયકવાડના પ્રમુખપદે મળેલુ. આ ઉપરાંત દીવાન ગોંવિદભાઇ હાથીભાઇ અને પાટવી રાજવી શ્રી સૂર્યમલસિંહજીને આ અધિવેશનોમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. શ્રી મગનભાઇ ચતુરભાઇ ગાયકવાડ સરકારની મહેસૂલ નીતિના ભારે ટીકાકાર હતા. તેના કારણે તેમની સનદ્ પણ લેવામાં આવી હતી. તેમણે વડોદરા રાજયમાં ખેડૂત મંડળ પણ સ્થાપ્યું હતું. ત્યારબાદના અધિવેશનોમાં સરદારશ્રીના પુત્ર શ્રી ડાહ્યાભાઇ પટેલ અને સંસદસભ્ય શ્રી ડો. આર. કે. અમીને પણ પ્રમુખપદ શોભાવેલ.

આ કૂર્મી ક્ષત્રિય મહાસભાઓમાં હાજરી આપનાર ગુજરાતના કૂર્મીઓમાંથી શ્રી કુંવરજી મહેતા, કલ્યાણજી મહેતા, નગીનદાસ સંઘવી, દરબારશ્રી રાયસિંહભાઇ, નગીનભાઇ વ્રજલાલ, હીરાલાલ વંસતભાઇ, રામજીભાઇ મિસ્ત્રી, શ્રી છોટુભાઇ, શ્રી બહેચરભાઇ, શ્રી છગનભા, શ્રી સરદાર પટેલ, શ્રી પુરુષોત્તમ પરીખ, કિશોરીલાલ જીવાભાઇ ઠેકેદાર, શેઠ શ્રી સોમનાથ ભદ્રભાઇ, સોમનાથ ઝવેરીભાઇ બેરિસ્ટર, ભાઇલાલભાઇ સારાભાઇ, માણેકલાલ હીરાલાલ, ડો. પિતામ્બર કુબેરદાસ, પારેખ શંકરલાલ વલ્લભાસ, શ્રી કાલિદાસ, મોહનલાલ બેન્કર જુગલદાસ દામોદરદાસ, ચીમનભાઇ જીવાભાઇ, નગીનદાસ પુરુષોત્તમ વનસીપંથ, ખુશાલદાસ ગોકળદાસ બેન્કર, ચુનીલાલ વનમાળીદાસ વગેરેએ આ અધિવેશનોમાં હાજરી આપી હતી. અમદાવાદ ખાતે મળેલ અધિવેશનની નોંધપાત્ર બાબત એ હતી કે આફ્રિકા (જાહીનબર્ગ)થી પાટીદાર યુવક મંડળના પ્રમુખ શ્રી ભાઇલાલભાઇ અને મંત્રીથી હાજર રહ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ ચલાવતા. ગાંધીજી માટે નાણાં એકઠાં કરવાનો અને તેમને સહકાર આપવાનો ઠરાવ થયલો.

વિરમગામ, પાટડી, વડોદરા, મુંબઇ, સુરત, ભરૂચ અને અમદાવાદના આ સામાજિક કાર્યકરો હતા. આ વાત ૯૦ વર્ષ પહેલાની છે. આમાં ઊંઝાનો કોઇ ફાળો નહોતો. આમાં કડવા-લેઉવા-મતિયાનું પ્રતિનિધિત્વ હતું. આ સંમેલનમાં શ્રી કુંવરજી મહેતાને દીપનારાયણસિંહે પોતે લખેલુ "ક્ષાત્રકુલાદર્શ" નામનું પુસ્તક ગુજરાતીમાં અનુવાદ કરવા માટે ભેટ આપેલું. તે પુસ્તકનું શ્રી પુરુષોત્તમ પરીખને વિરમગામ પાટડી અને બહેચરદાસ લશ્કરીની સિદ્ધિઓ જોડીને ૧૯૧૨માં કણબી ક્ષત્રિય ઉત્પત્તિનો ઇતિહાસ નામે પુસ્તક પ્રગટ કર્યું.

શેરશાહ બાદ રાજકીય ઉથલપાથલ થઇ અને વળી મોગલ સામ્રાજ્ય સ્થપાયું. મોગલ શહેનશાહ અકબર પણ શેરશાહ જેવો જ દુરંદેશી હતો. તેના નવ રત્નોમાં મહેસુલી નિષ્ણાત ટોડરમલ હતો. ટોરલમલ ટોડરમલ દ્વારા સર્વાંગી સર્વે કરાવી, ચોક્કસ ધોરણો નક્કી કર્યાં. દરેક ગામમાં કણબીઓને જમીનના માલિકી-હક્કો આપ્યા. આ રીત હક્કો પ્રાપ્ત કરનાર અન્ય કોમના ખેડૂતો પણ હતા. પરંતુ કણબી જેટલી નિષ્ટા, ખંત-મજૂરી, પ્રામાણિકતા અને કોઠાસૂઝના અભાવે અન્ય કોમના લોકો રાજયની સાથેના વ્યવહાર તથા કરભારણ સામે ટકી શક્યા નહીં અને ખેતી છોડીને અન્ય વ્યવસાયોમાં વળ્યા. આવી જમીન પણ ભાગે પડતા હિસ્સાથી કણબી ખેડૂતોને મળી. તેથી આવો હિસ્સો ધરાવનાર કણબી-ખેડૂતોને "ભાગીદાર" અર્થાત (ભાગ એટલે પાંતિ) પાંતિદાર..."પાટીદાર" તરીકે ઓળખ ઊભી થઇ. પ્રત્યેક ગામમાં આવા પાટીદારોના મોભીને "મુખી" નિયુકત કરી ગામનો માલિક બનાવાયો.

પાટીદારો પોતે એકલે હાથે પોતાની આખા ગામની જમીન ખેડી શકે તેમ ન હોવાથી પોપપોતાના જાત ભાઇઓને સારી સવલતો આપીને ખેતી કરવા બોલાવી પોતાની પાસે ગામમાં વસાવ્યા, તેથી ભાઇચારો વધ્યો. સંગઠિત થયા, મજબુત સંગઠિત તાકાત ઊભી થઇ, એક માંથી અનેક રૂપો પોતાની અસલ અટક કણબી કાયમ રાખવા સાથે પાટીદાર સમાજની ઓળખ ઊભી થઇ. કાળક્રમે જમીનના હક્કો સાચવવા, વધુ જમીનો સંપાદન કરવા, પાકોની ફેરબદલી કરવા સાથે વેપારી પાકો લેવા માંડયા. ખેતી સાથે સંલગ્ન ચીજવસ્તુઓ તેમજ જીવનજરૂરી અવેજીની ચીજોનો વેપાર શરૂ કર્યો. આફતોનો સામનો સંઘબળથી કરી, વધુને વધુ સમૃદ્ધ બનતો ગયો. પરિણામ સ્વરૂપ સોલંકી યુગ સુધીમાં તો સમૃદ્ધ ખેડૂત થકી સમૃદ્ધ બનેલ ગુજરાતમાં સહસ્ત્રલિંગ સરોવર, સિદ્ધપુરનો રુદ્રમાળ, મોઢેરા સૂર્યમંદિર, વેરાવળનું સોમનાથ મહાદેવ મંદિર જેવો ઇતિહાસ પ્રસિદ્ધ અનેક શ્રેષ્ઠ સ્થાપત્યો અસ્તિવમાં આવ્યાં. જેનાથી પ્રભાવિત થયેલ દિલ્હીના લોદી બાદશાહો તો બળાપો કાઢતાં અમારા રાજયોમાં તો જોર-બાજરો પાકે છે; જ્યારે ગુજરાતના સુલતાનોના રાજ્યોમાં તો પાટીદારો મોતી પકવે છે એમ કહેતા.

મહંમદ બેગડાની ખેડુત અને ખેતી પ્રત્યેની ઉદાર-કરૂણાભરી નીતીને કારણે તે સમયથી ખેડૂત ખરેખર કણબીમાંથી મોભાદાર પાટીદાર બન્યો. પાટીદારોમાં નવું જોમ અને સ્વાભિમાન પ્રગટયું. ગામોનો ખરા અર્થમાં વહીવટદાર બન્યો. ઇ.સ. ૧૭૦૩માં એક ખાસ સમારંભમાં પીંપળાવ આતે મોગલ શાહજાદ બહાદુરશાહે જાતે હાજર રહી સરકારી દફતરે "કણબી"ના બદલે "પાટીદાર" શબ્દનો કાયદેસર હુકમ કરાવ્યો. "કણબી" શબ્દ લુપ્ત થતો ગયો અને કણબી "પાટીદાર" તરીકે પ્રસિદ્ધ થયો.

મોગલ શાસનકાળના અસ્ત સમયમાં રાજકીય અંધાધૂંધી ફેલાઇ ત્યારે પાટીદારે માથું ઊંચક્યું, મુસ્લિમ સલ્તનતને ગુજરાતમાં તોડી પાડવા મરાઠાઓને નિમંત્ર્યા, જોઇતી મદદ આપી અને ગુજરાતમાંથી મુસલમાની રાજ્ય નેસ્તનાબૂદ કરવામાં પાટીદારે મોટામાં મોટો ફાળો આપ્યો; જેના ફળસ્વરૂપે મહારાષ્ટ્રની પેશવાઇના ચાર સુબાઓ - સિંધિયા, હોળકર, ગાયકવાળમાંથી ગાયકવાડી શાસન વડોદરા ખાતે સ્થપાયું અને આખા ગુજરાતમાં અમરેલી સુધી વિસ્તર્યું. જે અંગ્રેજ શાસનકાળમાં પણ અડીખમ રહ્યું અને છેક ભારતે સાર્વભૌમત્વ પ્રાપ્ત કર્યું ત્યારે વળી એક પાટીદાર સરદાર વલ્લભભાઇની દેશભક્તિ, કુનેહ, સમયસૂચકતા આગળ ઝૂકીને રાષ્ટ્રીય પ્રવાહમાં વિલીન થયું. અંધાધૂંધીના આ સમયમાં બે સાહસિક પાટીદારોએ તો પાટડી, રાય-સાંકળી ને ઢસા જેવાં નાનાં રાજ્યો પોતાની હકુમત નીચે સ્થાપ્યાં, તે ય સ્વતંત્રતા સુધી અસ્તિવમાં રહ્યાં. આમ, અન્યાય અને જુલમ સામે માથું ઊંચકવાની હિંમત. નીડરતાની સાથોસાથ જમીનની માલિકીપણાની ખુમારી, ખુદ્દારી, જગતના તાત તરીકેની આગવી ઓળખને કારણે મોટાઇ, ઉદારતા, ત્યાગવૃતિ અને સાહસિકતા જેવા ગુણો પાટીદારમાં વિકસ્યા. તેના કારણે પાટીદારના નામે ચઢેલી કેટલીક ઐતિહાસિક તવારિખપ સરતા છે. ૧૨માં સૈકામાં સિદ્ધરાજ જયસિંહના રાજ-અમલમાં મેવાસી લૂંટારાઓથી વસેલો ચરોતર, કાનમ અને વાકળ કબજે કરી પાટીદારોએ વસાવ્યા; સંવત ૧૨૪૪માં વાછા પટેલ વસો વસાવ્યું.

શ્રી ઉમિયા માતાજીની સંસ્થાઓના ટેલીફોન નંબરો

સંસ્થાનું નામ	કોડ નં.	ફોન નં.
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા	૦૨૭૬૭	ફેક્સ : ૨૪૫૭૭૨
		મો. ૯૮૨૫૯ ૦૯૬૧૧
		૨૪૫૪૭૨, ૨૪૫૯૭૨, ૨૪૫૭૭૪
શ્રી ઉમિયા, વિશ્રાંતિ ગૃહ, ઊંઝા.	૦૨૭૬૭	૨૪૬૪૭૪
શ્રી ઉમિયા પથિકાશ્રમ, અંબાજી.	૦૨૭૪૯	૨૬૨૧૬૯
શ્રી ઉમિયા પથિકાશ્રમ, બહુચરાજી.	૦૨૭૩૪	૨૮૬૩૩૦
શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલા.	૦૭૯	૨૭૬૬૫૯૫૮ / ૨૭૬૬૨૬૮૬

Visit us: www.maaumiya.com E-mail : umiyamatajiunjha@gmail.com

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
આપણે સૌ આટલું તો કરીએ જ

પંચમુખી કાર્યક્રમ

૧. ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.

૨. કડવા પાટીદારના દીકરા-દીકરીના સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો

૩. દીકરા-દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
આપીએ.

૪. કડવા પાટીદાર દંપતિએ લગ્ન કર્યા પછી વર્ષ દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.

૫. આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશક્તિ ફાળો દર વર્ષે માતાજીમાં ભેટ મોકલાવીએ.

(૧૮મી શતાબ્દી મહોત્સવની સ્મૃતિમાં - સંવત ૨૦૩૩)
શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત

આપણી સંસ્થાઓ

શૈક્ષણિક સંસ્થાઓ

૧.	પાટીદાર વિદ્યાર્થી ભવન - નખત્રાણા	૦૨૮૩૫-૨૨૨૧૪૯
૨.	પાટીદાર કન્યા છાત્રાલય - નખત્રાણા	૦૨૮૩૫-૨૨૨૩૨૨
૩.	પાટીદાર કન્યા છાત્રાલય - ભુજ	૦૨૮૩૫-૨૨૦૧૧૨
૪.	પાટીદાર કન્યા વિદ્યાલય - ભુજ	૦૨૮૩૫-૨૨૦૭૨૮
૫.	પાટીદાર સ્ટુડન્ટ હોસ્ટેલ - ભુજ	૦૨૮૩૫-૨૨૦૩૬૧
૬.	શ્રી નાનજીભાઈ વિરજી ધોળુ (દુર્ગાપુર) કન્યા છાત્રાલય-માંડવી	૦૨૮૩૪-૨૨૩૯૫૩
૭.	પાટીદાર વિદ્યાર્થી હોસ્ટેલ વલ્લભ વિદ્યાનગર	૦૨૬૯૨-૨૩૪૬૧૬
૮.	લખુભાઈ વીરજી ધોળુ (દુર્ગાપુર) વિદ્યાર્થી છાત્રાલય-માંડવી	૦૨૮૩૪-૨૦૫૯૫૩

સામાજીક સંસ્થાઓ

૧.	પાટીદાર સમાજવાડી - ભુજ	૦૨૮૩૨-૨૨૦૭૨૮
૨.	પાટીદાર સમાજવાડી-માંડવી	૦૨૮૩૪-૨૦૫૪૬૦
૩.	પાટીદાર સમાજવાડી-ગાંધીધામ	૦૨૮૩૬-૨૩૦૩૮૯

આપણી પાટીદાર સંસ્થાઓના ટેલીફોન નંબર

ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-ભુજ	૦૨૮૩૨-૨૨૧૫૦૦
દેવાશિષ હોસ્પિટલ-નખત્રાણા	૦૨૮૩૫-૨૨૧૫૪૭
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - વાંઢાય	૦૨૮૩૨-૨૭૬૨૩૨
અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - સંસ્કાર ધામ, દેશલપર	૦૨૮૩૨-૨૭૬૩૪૫
શ્રી ઉમિયા માતાજી મંદિર - દયાપર	૦૨૮૩૯-૨૩૩૪૦૦
ગૌ રક્ષા કેન્દ્ર - મથલ, ઉમિયા માતાજી સંસ્થાન	૦૨૮૩૫-૨૮૪૪૯૨
શ્રી કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ, રવાપર	૦૨૮૩૫-૨૭૫૪૬૨
નેત્રા ઉમિયા માતાજી સંસ્થાન	

આપણી પાટીદાર સંસ્થાઓના ટેલીફોન નંબર

ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા	૦૨૭૬૭-૨૪૫૪૭૨	
ઉમિયા માતાજી સંસ્થાન - નેત્રા - કચ્છ	૦૨૭૬૭-૨૪૫૪૭	
ઉમિયા માતાજી વિશ્રાંતિ ગૃહ - ઊંઝા	૦૨૭૬૭-૨૪૬૪૭૪	
શ્રી ઉમિયા માતાજી મંદિર - સિદસર	૦૨૮૯૮-૨૭૪૪૭૪	
શ્રી ઉમિયા પથિક આશ્રમ - અંબાજી	૦૨૭૪૯-૨૬૨૧૬૯	
ઉમાદર્પણ માસિક - ભુજ	૦૨૮૩૨-૨૫૧૪૮૪	તંત્રીશ્રી રતિલાલ પટેલ
પાટીદાર સંદેશ માસિક - અમદાવાદ	૦૭૯-૨૫૪૬૪૩૯૪	શામજીભાઈ પટેલ, કરમશી પટેલ
પાટીદાર સૌરભ માસિક - નખત્રાણા	૦૨૮૩૫-૨૨૨૪૦૦	તંત્રી શ્રી સી. કે. પટેલ
પાટીદાર દર્શન - નાગપુર	૦૭૧૨-૨૭૬૫૭૩૫	તંત્રી શ્રી જયંતિલાલ પટેલ
પાટીદાર બંધુ - પાટણ	૦૨૭૬૬-૨૨૦૫૭૬	તંત્રી શ્રી બ્રિજેશકુમાર સી. પટેલ

આપણે આટલું તો કરીએ જ

૧. સમાજની સંસ્થાઓ મિલકતો એ આપણી જ છે તેને જાળવીએ તેનું જતન કરીએ.

૨. સમાજે બનાવેલ નિતી નિયમો રીવાજોનું પાલન કરી કરાવી પરોક્ષ રૂપે સમાજને મજબૂત બનાવીએ.

૩. શક્યતઃ સક્રીય રીતે સમાજના કાર્યમાં સમાજને ઉપયોગમાં આવીએ નહિં તો સામાજી કાર્યોના રસ્તાના પત્થર તો ના જ બનીએ.

૪. ઘરમાં ખુશીના પ્રસંગે સમાજને યાદ કરી કાંઇક ભેટ મોકલાવીએ.

૫. આપણી માતૃ સંસ્થાને દીવાળીના પ્રસંગે વર્ષમાં એક વખત ભેટ જરૂરથી મોકલાવીએ.

૬. આપણે તેમજ આપણા સ્નેહીજનો સમાજમાં રૂા. ૫૦૧.૦૦ ભરીને આજીવન સભ્યો બની જઈએ.

૭. આપણી સમાજ એ અખિલ ભારતીય સમાજનો હિસ્સો છે તેમ સમજી તેની સર્વોપરિતા સ્વીકારી રૂા. ૧૧૧૧.૦૦ ભરી સમાજનું સભ્યપદ જરૂરથી નોંધાવીએ.

૮. સમાજના દરેક કાર્યમા ફુલ નહીં તો ફુલની પાંખડી યથાશક્તિ સહકાર આપીએ.

૯. હું સમાજનો છું સમાજ મારી છે, સમાજ માટે હું નહિ વિચારું તો કોણ વિચારશે એવી ભાવના કેળવીએ.

કડવા પાટીદારની શાખો પેટા શાખો તથા ગોત્ર

ગુજરાતમાં વસ્તા બાવન શાખના કડવા પાટીદારની શાખો અસલ સ્થાનો પંજાબ અને ઉત્તર હિન્દમાંના ગામ ઉપર પડી હોય તેવું જણાઈ આવે છે. જે મૂળ વતન તે સ્થળનું ઠેકાણું પણ નીચે દર્શાવવામાં આવેલ છે. સાથે મૃત શાખાની પેટા શાખ ને ગોત્ર પણ આપેલ છે જે ગોત્ર આગળ જણાવેલ લેખ મુજબ જે બાવન ઋષીના નામો પરથી આવે.

	શાખા	મૂળ વતન	સ્થળનું ઠેકાણું	પેટા શાખ	ગોત્ર
(૧)	રૂશાત	રોહતગઢ	જેલમ નદીને કીનારે	દડગા	કાર્તિક ઋષિ
(૨)	માંડલોત	માંડલેહ	મેવાડની ઉત્તરે	લીંબાણી આણદાણી	ભૃગૃ ઋષિ
(૩)	ભેમાત	ભામ	હોંશિયારપુર પાસે	રામજીયાણી	યમદંગની
(૪)	ડાકોત્તર	-	-	સેગાંણી	અગસ્ત્ય ઋષિ
(૫)	મુંજાત	મુંજ	ગુજરાનવાલા પાસે	વેલાણી	અસિત ઋષિ
(૬)	ગામી	ગમ્બાર	માઉન્ટ ગોમરી પાસે	રામાણી, રવાણી, સેંગાણી રાજાણી, વાલાણી, ધનાણી, દાનાણી, નાથાણી, રૂડાણી, ભોજાણી, મેપાણી, લાલજીયાણી, ડોસાણી, સુરાણી, છાભાણી, રૈયાણી, કમાણી, તેજાણી, પદમાણી	વશિષ્ઠ ઋષિ
(૭)	વિજાયત	વજીરપુરા	આગ્રા પ્રદેશ પાસે	કચ્છમાં નથી	અગીરસ ઋષિ
(૮)	ગોઢી	ગોઢ	શરીફપુરા પાસે	માકાણી	અર્પમાં-સર્પમાં
(૯)	મોખાત	-	-	નાકારણી, પાંચાણી સોમજીયાણી, મેઘાણી, માનાણી, જાદવણી,	ભારદ્વાજ ઋષિ
(૧૦)	ફોક	ફુક	લારખાના પાસે	કચ્છમાં નથી	દિવક્ષ ઋષિ
(૧૧)	અમૃતીયા	અમૃતસર	પંજાબમાં	રંગાણી	શૌનક
(૧૨)	ટીલાન	ટિલાયુ	શાહબાગ પાસે	માવણી, સવાણી, લાલાણી, મોપાણી, બંધુકીયા	સૌભારી
(૧૩)	મુંગલા	મંગલપુરા	લાહોર પાસે	કચ્છમાં નથી	કુવાર્સ ઋષિ
(૧૪)	ભુત	ભુતના	લુધિયાણા પાસે	કચ્છમાં નથી	પુલહ ઋષિ
(૧૫)	કડવાતર	-	-	માકાણી	રોમેશ ઋષિ
(૧૬)	પહાણ	પાન	ગોડાબલ રામપુરા પાસે	ઠાકારણી	દધિમી ઋષિ
(૧૭)	ભુવા	ભોવા	લાહોર પાસે	સુરાણી, ભગત, પદમાણી ભોજાણી, નાયાણી, સામાણી, વાલાણી, સેગાણી, પેથાણી, માનાણી, રતનાણી, ખેતાણી	કશ્યપ ઋષિ
(૧૮)	ચેચાંટ	-	-	કચ્છમાં નથી	વેરશીરા ઋષિ
(૧૯)	જુવાતર	જુવા	ઈટાવા પાસે	જબુવાણી વાગડીયા	ત્વષ્ઠા ઋષિ
(૨૦)	સોરઢા	સાનિયા	યુર્નીયલ પાસે	કચ્છમાં નથી	પજંતલિ ઋષિ
(૨૧)	લારી	લાર	ગોરખપુર	વાડીયા	ઉત્તંગ ઋષિ

(૨૨)	લાકોડા	લાખોતર	લાહોર પાસે	કચ્છમાં નથી	શ્રુતિદેવ ઋષિ
(૨૩)	ગુગડા	ગોધા	ભાવલપુર પાસે	ગોરાણી, હળપાણી, માનકુવાઈ, રાવરાણી, ડોસાણી.	યવરવ ઋષિ
(૨૪)	સાકરીયા	-	-	મૈયાત, વાસાણી, ભાદાણી, રવાણી	યવરવ ઋષિ
(૨૫)	મજીઠીયા	મજીઠમંડી	અમૃતસર પાસે	ગોગારી	માર્કંડ ઋષિ
(૨૬)	મનવર	-		સાંખલા પ્રેમજીયાણી	દેવલ ઋષિ
(૨૭)	કનવર	કાતના	મથુરા પાસે	કચ્છમાં નથી	આસુરી ઋષિ
(૨૮)	દાણી	દાણાવલ	જલધંર પાસે	ભાવાણી	સાંડિલ્ય ઋષિ
(૨૯)	ચૈણીયા	-	-	કચ્છમાં નથી	આસુરી ઋષિ
(૩૦)	ચપલા	ચપલ	મહુવા પાસે	કચ્છમાં નથી	આમ્યાન્તરામ ઋષિ
(૩૧)	હોતી	હોતી	પેશાવર પાસે	ચૌધરી	વાલ્મિકી ઋષિ
(૩૨)	હરાણીયા	હર	મેદનીપુર પાસે	કચ્છમાં નથી	બોધ્ય ઋષિ
(૩૩)	ચપલિયા	-	-	પજવાણી	મારતંડ ઋષિ
(૩૪)	શેઠીયા	-	-	ભીમાણી	પુલત્સ્ય ઋષિ
(૩૫)	લહુઓટ	લાહોર	પંજાબમાં	ભગત	રૂચિક ઋષિ
(૩૬)	કલારી	કાલ	જેલમ પાસે	કચ્છમાં નથી	હિરણ્યલાભ ઋષિ
(૩૭)	કાળપુછા	કાળસાયા	લુધિયાણા પાસે	કચ્છમાં નથી	કૌશલ્ય ઋષિ
(૩૮)	વગદા	-	-	કચ્છમાં નથી	યાજ્ઞવલ્કય ઋષિ
(૩૯)	ગોદાળ	ગોન્દા	અલીગઢ પાસે	ચૌહાણ	કૌશિક ઋષિ
(૪૦)	શીરવી	-	-	રૂડાણી, પાંચાણી, ડાયાણી, મેઘાણી, સવજીયાણી, વસ્તાણી	ચ્યવન ઋષિ
(૪૧)	(અ) ભડકા	ભક્કા	ગોપાળગંજ પાસે	પારસીયા	કપિલ ઋષિ
	(બ) ભડકા		-	કાલરીયા	પારાશર ઋષિ
(૪૨)	ફુવારા	-		કચ્છમાં નથી	કૃપાચાર્ય ઋષિ
(૪૩)	ઢાનટોડવા	ઢાનાપુર	ગોડા બલરામપુરા પાસે	કચ્છમાં નથી	કરણ્ય ઋષિ
(૪૪)	ઢાંકણીયા	-	-	કચ્છમાં નથી	જાતુકર્ણ્ય ઋષિ
(૪૫)	કરણાવત	કરંડા	ઘાસીપુરા પાસે	ઉકાણી, ભોજાણી, ખીમાણી, લાખાણી, નરસીંગાણી,	મૈત્રીય ઋષિ
(૪૬)	ધોળુ	ધોળ	મુજફરપુર પાસે	ખેતાણી, નાથાણી,	પીપલ્ય ઋષિ
(૪૭)	દિવાણી	-	-	કાનાણી, કાનજીયાણી, ખેતાણી	ગૌતમ ઋષિ
(૪૮)	ઢોકાણ	ઢેબાલ	ફરીદપુરા પાસે	કચ્છમાં નથી	આદિત્ય ઋષિ
(૪૯)	પોકાર	-	-	બાથાણી, નરસીંગાણી સેંગાણી, પેથાણી, કેસરાણી, રતનાણી, લખાણી, સુરાણી, દાનાણી, ભીમાણી, ઉદેડાઈ, ઉકેડાઈ, લધાણી, ધનાણી, સાગાણી, સામાણી, અજોરીયા વડવાળી, જાળવાળા, લખાણી, તેજાણી	અત્રિ ઋષિ
(૫૦)	ચોપડા	-	-	ચોપડા	કતુ ઋષિ
(૫૧)	કોદાળ	-	-	કચ્છમાં નથી	મીતૃદેવ ઋષિ
(૫૨)	માંડપીયા	માંડી	પંજાબમાં	પારેખ, છાભૈયા, કેસરાણી	અગીરા ઋષિ

કચ્છી પાટીદારો અને તેની અટકો

- ચંદ્રકાન્ત પટેલ
સ્ટેશન પ્લોટ શેરી-૧, માણાવદર-૩૬૨ ૬૩૦. જિ. જૂનાગઢ

ઈ.સ. ૬૦૦ થી ઈ.સ. ૧૩૦૦ સુધીમાં પાટણ અને રાધનપુરના માર્ગે થઈને અડાલજ અને ઊંઝા વિસ્તારના પાટીદારો કચ્છમાં પ્રવેશ્યા હતા. ઈ.સ. ૧૪૪૯માં અમદાવાદ પાસેના પીરાણા ગામમાં ઈમામશાહ નામના એક મુસ્લિમ ઉપદેશકે અડાલજ તથા ઊંઝાના કેટલાક પાટીદારોને મતિયા પટેલ (મુસલમાન) બનાવી કચ્છમાં મોકલ્યા.

ઈમામશાહે ગીરમથા પાસે પીરાણામાં મુકામ કર્યો હતો. જેથી આજુબાજુ વિસ્તારના કણબીઓ પીરાણા પંથમાં દાખલ થવા લાગ્યા હતા. આ પંથના કણબીઓએ કચ્છમાં શિકરા નામનું ગામ વસાવી ત્યાં પીરાણા પંથ શરૂ કર્યો. ગુજરાતના જે કણબીઓ પીરાણા પંથમાં દાખલ થતા હતા તે બધાને કચ્છના શિકરા ગામે મોકલવામાં આવતા. આ કણબીઓ શિકરા પંથકમાંના ગામડાંઓમાં વસી ખેતી કરવા લાગ્યા.

કચ્છમાં ગયેલા લેઉવા અને કડવા કણબી એ બે ઘણી ખરી વાતે મળતા છે. ને બંને આંજણા તથા મતિયા કણબીઓથી જુદા છે. લેઉવા અને કડવા કણબીઓને બેટી વહેવાર નથી પણ તેઓ સાથે બેસી જમે છે. કડવા પાટીદાર ઉમિયાજીને અને લેઉવા પાટીદાર બ્રહ્માણી તેમજ ખોડિયારમાને પૂજે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યોએ ઈ.સ. ૧૯૧૧માં ફાગણ વદ પાંચમના દિવસે ઘડાણી મુકામે મોટો યજ્ઞ કર્યો. આ સમયે કચ્છના બધા જ મતિયા પટેલોને સહકુટુંબ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી હિન્દુ ધર્મમાં દાખલ કર્યા. આજે કચ્છના બધા જ મતિયા કણબીઓ હિન્દુ ધર્મ પાળે છે.

કચ્છના વાગડ વિસ્તારમાં વસવાટ કરતાં પાટીદારોની સંખ્યા વિશાળ છે. વિદ્વાન બારોટ જયદત્તભાઈ જોષીના મતે સંવત ૧૨૬૯માં અલાઉદ્દીન ખીલજીના આક્રમણ પછી હિન્દુઓ ઉપર જજિયાવેરો નાખવામાં આવ્યો હતો. જજિયાવેરો ન ભરી શકે તેવી સ્થિતિવાળા કણબીઓને કાંતો સ્થળાંતર કરવું અથવા ધર્મ પરિવર્તન કરવું. એ બે વિકલ્પોમાંથી એક વિકલ્પની પસંદગી કરવાની ઘડી આવી પહોંચી. આથી પોતાનો હિન્દુ ધર્મ જાળવી રાખવા ઉત્તર ગુજરાતમાંથી ઘણાં કણબીઓ સ્થળાંતર કરી કચ્છમાં આવ્યા અને ત્યાંના અઠોજી જામે તેને વગડો ખેડવા આપ્યો આથી વાગડ તરીકે ઓળખાય છે.

કચ્છી પાટીદારો ઉત્તર ગુજરાત, ત્યાંથી ચરોત્તર પછી હાલાર અને ત્યાંથી હાલના કચ્છમાં આવ્યા છે. જ્યારે વાગડ વિસ્તારના પાટીદારો ઉ.ગુજરાતમાંથી સીધા જ વાગડમાં આવેલા જણાય છે. રાજસ્થાનમાંથી પણ સીધા કચ્છમાં ગયેલા પાટીદારોની જીવનશૈલી ઉપર આજે પણ રાજસ્થાની અસર જોવા મળે છે.

ગોપાલભાઈ ભાગિયા લખે છે કે વાગડ વિસ્તારની ઘણી અટકો જે પાટીદારોની મૂળ અટકો કહેવાય છે તેમાંની છે. દા.ત ગામી, ગોઠી, મુંજાત, સાળવી, ડાકોતરા, ડાકા, ચેચાટ, ચંદાત, સીરવી વગેરે પાટીદારોની મૂળ બાવન અટકોમાંની આ અટકો છે. વાગડમાં જોવા મળતી અટકોની પેટા શાખા જોવા મળે છે. દા.ત. રાવતની મૂછાળા, ઢાઢીની ઢેઢી, સારવીની સંઘાણી, ચંદાતની ચંડાત (સંઘાત) જ્યારે બારસાણિયાની ભાગિયા, ગોઠીમાંથી ગોસરા, ગજોરામાંથી ગજેરા અને ગધેસરિયા. આ અટકો સૌરાષ્ટ્રમાં પણ જોવા મળે છે.

''લેઉવા સમાજ દર્શન''માં ગોપાલભાઈ ભાગિયાએ લખેલ લેખમાં જણાવ્યું છે કે વાગડ વિસ્તારના પાટીદારો પાટણ (ઉ.ગુ.)ની આજુબાજુ આવેલા પાંચ ગામ લેઉવા પાટીદાર તેમજ બેતાલીસ ગામ લેઉવા પાટીદાર તરફથી આવેલાં છે. તે તેઓની કુળદેવીના નામથી જણાય છે. દા.ત. ચંદાત શાખાના વાલમ ગામથી. (સુલેશ્વરી

માતાજી), ભાંડુવા શાખાના ભાંડુ ગામથી (બ્રહ્માણી માતાજી), મુંજાત શાખના સંડેર ગામથી (ઉમિયા માતાજી). આ ઉપરાંત બાલીસાણા (તા.પાટણ) ગામથી દેશલપર તથા ઉમૈયા (તા. રાપર) ગામમાં, સંડેર (તા. પાટણ) ''લેઉવા સમાજ દર્શન''માં ગોપાલભાઈ ભાગિયાએ લખેલ લેખમાં જણાવ્યું છે કે વાગડ વિસ્તારના પાટીદારો પાટણ (ઉ.ગુ.)ની આજુબાજુ આવેલા પાંચ ગામ લેઉવા પાટીદાર તેમજ બેતાલીસ ગામ લેઉવા પાટીદાર તરફથી આવેલાં છે. તે તેઓની કુળદેવીના નામથી જણાય છે. દા.ત. ચંદાત શાખાના વાલમ ગામથી. (સુલેશ્વરી માતાજી), ભાંડુવા શાખાના ભાંડુ ગામથી (બ્રહ્માણી માતાજી), મુંજાત શાખના સંડેર ગામથી (ઉમિયા માતાજી). આ ઉપરાંત બાલીસાણા (તા.પાટણ) ગામથી દેશલપર તથા ઉમૈયા (તા. રાપર) ગામમાં, સંડેર (તા. પાટણ) ગામથી કાનપર (તા. રાપર), સંદાત શાખાના વાલમ ગામથી દુધઈ. (તા. અંજાર)માં સ્થળાંતરો થયા છે.

માનકુવા ગામે ગયેલાઓમાં વેલાણી, ચવાણ, હળપાણી અને ઘોઘારી શાખના પાટીદારો છે, તો ભડલી ગામે ઠાકરાણી, વિરાણી ગામે નાકરાણી, દિવાણી અને ઘોઘારી, અંગિયા ગામે ચોપડા, નખત્રાણા ગામે પોકાર, રામાણી, લીંબાણી, નેત્રા ગામે સાંખલા, વિથોણ ગામે સુરાણી, કરબોઈ ગામે ભાવાણી, મથલ ગામે પોકાર, ઘડાણી ગામે લીંબાણી, ખોંભડી ગામે લીંબાણી, ખોંભડી ગામે પોકાર, મગવાણા ગામે ચોપડા, દરસડી ગામે પોકાર અને બાથાણી, કોટડા ગામે છાભૈયા (છ'ભઈયા) વગેરે શાખના પાટીદારો વસે છે.

કચ્છ વાગડ વિસ્તારની અટકો

(૧) કચ્છી (૨) કડેલિયા (૩) કારોતરા (૪) કારોત્રા (૫) કરણીયા (૬) કાપડિયા (૭) ખાંભલિયા (૮) ખેર (૯) ખાંભલા (૧૦) ગજ્રોરા (૧૧) ગામી (૧૨) ગોસરા (૧૩) ગાંધી (૧૪) ગોઠી (૧૫) ચંદાત (૧૬) ચૌધરી (૧૭) ચામરિયા (૧૮) જત્રારા (૧૯) ડાકા (૨૦) ઢાઢી-ઢાંઢી (૨૧) દેવડા (૨૨) દેસાઈ (૨૩) દુબરિયા (૨૪) ડોબરિયા (૨૫) ઘંઘાત (૨૬) નોર (૨૭) પોલાર (૨૮) પટ્ટણી (૨૯) ફટક (૩૦) બલાત (૩૧) ફુસી (૩૨) બંગારી (૩૩) બારવાડિયા (૩૪) બારસાણીયા (૩૫) બાંભલિયા (૩૬) બેરા (૩૭) ભપ્પા (૩૮) ભાથી (૩૯) ભાટેસરા (૪૦) ભાસડિયા (૪૧) ભાંડુવા (૪૨) ભુટક (૪૩) ભૂષણ (૪૪) મદાત (૪૫) મંજેરી (૪૬) મેરા (૪૭) મોગા (૪૮) મણોદરા (૪૯) મોગા (૫૦) મોર (૫૧) મોગડિયા (૫૨) મુંજાત (૫૩) મણુંદરા (૫૪) મીણાત (૫૫) રાવત (૫૬) ભાગિયા (૫૭) રાવરિયા (૫૮) વાટિયા (૫૯) વાવિયા (૬૦) વાણ (૬૧) વેરાત (૬૨) વૈદ (૬૩) વૈદ્ય (૬૪) સીંધિયા (૬૫) સોઢવિયા (૬૬) સરૈયા (૬૭) સારવી (૬૮) હનાત (૬૯) હાથી (૭૦) હાથિયાણી (૭૧) અનાવડિયા (૭૨) આરેઠિયા (૭૩) અમરોટ (૭૪) ઈસાસરિયા (૭૫) ઋષાત (૭૬) ભોંમેટ વગેરે અટકધારકો વાગડ વિસ્તારમાં પથરાયા છે.

કચ્છ ચોવીસી

(૧) કારા (૨) કાબરિયા (૩) કેરાઈ (૪) પીંડોરિયા (૫) ખીમાણી (૬) ખેતાની (૭) ખોખાણી (૮) ખોખરાઈ (૯) જેસાણી (૧૦) ગામી (૧૧) ટપરિયા (૧૨) ડબાસિયા (૧૩) નારદાણી (૧૪) નાકરાણી (૧૫) પાંચાણી (૧૬) પેથાણી (૧૭) ભંડેરી (૧૮) ભાભાણી (૧૯) ભૂંડિયા (૨૦) ...... (૨૧) ભગત (૨૨) માધાપરિયા (૨૩) માયાણી (૨૪) મેઘાણી (૨૫) મેપાણી (૨૬) રાઘવાણી (૨૭) રામપરિયા (૨૮) રાબડિયા (૨૯) લાઈદા (૩૦) લીંબાણી (૩૧) લાઘાણી (૩૨) વરસાણી (૩૩) વેકરિયા (૩૪) ભગત (૩૫) વાઘાણી (૩૬) વસ્તાણી (૩૭) વાગડીયા (૩૮) વાગજિયા (૩૯) વોરા (૪૦) શિયાણી (૪૧) સવાણી (૪૨) સેંઘાણી (૪૩) હરસિમા (૪૪) હાલાઈ (૪૫) હાલારિયા (૪૬) હિરાણી (૪૭) અજાણી અને (૪૮) અસાણી વગેરે અટકો ભૂજ તાલુકો માંડવી અને નખત્રાણા વગેરે પંથકની છે.

કચ્છ અટક વર્ગીકરણ

A	ગામ ઉપરથી આવેલી અટકો	૪૩ - ૦ = ૪૩
B	વડવા, પૂર્વજ ઉપરથી આવેલી.	૩૯ - ૧૬ =
C	પ્રદેશ ઉપરથી આવેલી	૨૩ - ૧૮ =
D	ચિત્ર-વિચિત્ર અટકો	૫ + ૧૩ = ૧૮
E	માહિતી વગરની અટકો	૧૮ + ૧૦ = ૨૮
F	કાર્ય, કર્મ ઉપરથી પડેલી અટકો	૨૮ - ૨૩ =

A ગામ ઉપરની

(૧) કડેલીયા (૨) કરણીયા (૩) કાબરિયા (૪) કારોતરા (૫) કાતાર (૬) કોરાઈ (૭) ખાંભલિયા (૮) ગજ્જોરા (૯) ચાપરિયા (૧૦) જતરાલા (૧૧) ડબાસિયા (૧૨) ટપારિયા (૧૩) દેવડા (૧૪) દુબરિયા (૧૫) નોર (૧૬) પોલાટ (૧૭) પીંડોરિયા (૧૮) બારવાડિયા (૧૯) બારસિયા (૨૦) બાંભણિયા (૨૧) ભાટેસરા (૨૨) બેરા (૨૩) ભુવા (૨૪) ભૂંડિયા (૨૫) માધાપરિયા (૨૬) મણુંદરા (૨૭)મોગડિયા (૨૮) રાવરિયા (૨૯) રાબડિયા (૩૦) રામપરિયા (૩૧) વાટિયા (૩૨) વાવિયા (૩૩) વેકરિયા (૩૪) વોરા (૩૫) સાંઢા (૩૬) સરિયા (૩૭) સોઢવિયા (૩૮) હોથી (૩૯) અનાવાડિયા (૪૦) આરેઠિયા (૪૧) વાગડિયા (૪૨) હાલારિયા (૪૩) ભાગિયા.

B પૂર્વજ ઉપરની

(૧) ખીમાણી (૨) ખેતાણી (૩) ખોખાણી (૪) જેસાણી (૫) પાંચાણી (૬) નારાદણી (૭) નાકારણી (૮) પેથાણી (૯) ભાભાણી (૧૦) માપાણી (૧૧) મેપાણી (૧૨) મેઘાણી (૧૩) રાઘવાણી (૧૪) લીંબાણી (૧૫) લાઘણી (૧૬) લાદ્દાણી (૧૭) વાઘાણી (૧૮) વસ્તાણી (૧૯) શિયાણી (૨૦) સવાણી (૨૧) હિરાણી (૨૨) સેંઘાણી (૨૩) અજાણી.

C પ્રદેશ ઉપરની

(૧) કચ્છી (૨) વાગડિયા (૩) હાલારિયા (૪) સીંધિયા (૫) બંગાલી.

D વિચિત્ર અટકો

(૧) ચંડાત (૨) ચામરિયા (૩) ડાકા (૪) ઢાઢી (૫) દુબરિયા (૬) ફૂસી (૭) ભપ્પા (૮) ભાંડુવા (૯) ભૂટક (૧૦) સાંઢા (૧૧) કારોતરા (૧૨) કારા (૧૩) ભૂંડિયા (૧૪) ભુવા (૧૫) ભગત (૧૬) કાપડી (૧૭) ગોસરા (૧૮) કારોત્રા.

E માહિતી વગરની

(૧) ઘંઘાત (૨) બલાત (૩) ભાથી (૪) ભાંસડિયા (૫) મદાત (૬) મંજેરી (૭) મેરી (૮) મેરા (૯) મોગા (૧૦) મોર (૧૧) મુંજાત (૧૨) મીણાત (૧૩) રાવત (૧૪) વાટિયા (૧૫) વેરાત (૧૬) સરૈયા (૧૭) સારવી (૧૮) હનાત (૧૯) હાથીયાણી (૨૦) અમરોટ (૨૧) ખોખરાઈ (૨૨) ભંડેરી (૨૩) હાલાઈ (૨૪) હરસીયાણી (૨૫) અસાણી (૨૬) વાણ (૨૭) ભૂષણ (૨૮) સારવી-ગોઠી.

F કાર્ય ઉપરની

(૧) ગાંધી (૨) દેસાઈ (૩) વોરા (૪) વૈદ
(૫) વૈદ્ય વગેરે.

	મૂળ અટક	પેટા અકટ
(૧)	ભાંસડિયા	ભાગિયા
(૨)	બારસાણીયા	ભાગિયા
(૩)	ઢેઢી : ઢાઢી : ઢાંઢી	જાસલિયા
(૪)	ચંડાત	ચંઘાત, સંઘાત
(૫)	ચૌધરી	રૂપરા, ચોરાડિયા, પરાથરિયા
(૬)	પીંડારિયા	ખીમાણી
(૭)	સાળવી	સંઘાણી
(૮)	વોરા	ચોવટિયા, લખાણી, સાવગિયા
(૯)	કાબરિયા	ચલોડિયા
(૧૦)	પંડોળિયા	ખાંભાલિયા, રાબડિયા
(૧૧)	દુબરિયા (ડોબરિયા)	તેલીયા

(૧૨)	રૂપાત	મોરી, ચકમપરિયા, દેથળિયા
(૧૩)	મુંજાત	હરણીયા, ઘોડીયા, કરણાતા, આંગણોજા
(૧૪)	ભોમોંટ	આદરોજા, છનીયારા, જીલરિયા, ભેમાત

અટકનું ઉદ્‌ભવસ્થાન

(૧) બારસાણીયા (૧) બોરસણા નામના ગામ ઉપરથી ઉતરી આવી.

(૨) મંજેરી (૨) મંજેરી નામના ગામ ઉપરથી ઉતરી આવી.

(૩) નોર (૩) નોરતા નામના ગામ ઉપરથી ઉતરી આવી.

(૪) પોલાર (૪) પોલાર શાખાના વર્તમાન કુટુંબના વડવાઓને લૂંટવા બા'રવટિયા આવેલા ત્યારે પરાળના ઢગલામાં સંતાઈ ગયેલા જેથી વર્તમાન શાખ પોલાર થઈ

(૫) હાથિયામી (૫) જાનમાં ચલાખા પહેરીને ગયા ત્યારથી ચલાખિયા તરીકે ઓળખાતા આ કણબીઓ ઘરને આંગણે હાથી બાંધી ભરણ-પોષણ કરે એટલી શક્તિ ધરાવતા હોવાથી ઓળખ હાથિયાણી પ્રકાશમાં આવી.

(૬) મિણાત (૬) મૂળ ગામ પાટણ તાલુકાનું મિયાણા. જાનમાં ગયા હતા ત્યારે ખુશીમાંને ખુશીમાં ગાયોને ખૂબ જ ઘી પાયું જેથી ગાયોને મીણો ચડ્યો માટે ઓળખ મિણાત અસ્તિત્વમાં આવી.

(૭) ઢેઢી-ઢાઢી (૭) જાસોલીયા અટકના આ કણબીઓએ ગાયકવાડી સરકાર વખતે ઘણો જ ઢોલ વગાડ્યો, જેથી ઢાઢીલીલા વખતે વગાડેલો ઢોળ અને ઢાઢી ખેલથી અટક ઢાઢી અને પછી અપભ્રંશ થઈ ઢેઢી થઈ ગઈ છે.

(૮) વરસાણી (૮) લાકડાંના વરા વેચાતા હોવાથી વરસાણી વહેંચવા ઉપરથી આવી છે.

કચ્છમાં ગુજરાત અને સૌરાષ્ટ્રના લેઉવા અને કડવા પાટીદારોની પંજાબના કૂર્મી ક્ષત્રિયો છે. તેઓ ઈ.સ. પૂર્વે ૩૦૦ના અરસામાં ચંદ્રગુપ્ત સમયમાં કચ્છમાં આવીને વસ્યા છે. ત્યારબાદ ઈ.સ. ૧૫૦૦થી ૧૮૦૦ સુધીમાં ઉ.ગુજરાત એ અડાલજ પ્રદેશના ઘણા પાટીદારો કણબી જઈને વસ્યા છે. આમ કચ્છમાં કૂર્મિ (કણબી) ક્ષત્રિયો ઈ.સ. પૂર્વે ...... સમયથી રહે છે.

સંદર્ભ ગ્રંથ

- ગુ. કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઈતિહાસ
- કડવા પાટીદારોનો ઈતિહાસ
- ''લેઉવા સમાજ દર્શન'' (માસિક)
- કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ.

ઈ.સ. ૧૦૦૦ થી ઈ.સ. ૧૮૦૦ના સમયનું કણબીઓનું જીવન

(રાસમાળા ભાગ બીજાના પૃષ્ઠ ૨૩૦ થી ૨૩૮ ના આધારે)

ઉદ્યોગી અને નિયમિત કણબી

ખેડૂત લોકો ઉદ્યોગી અને નિયમશીલ હોય છે. તેમની રીતભાત ઘણી સાદી હોય છે. તેઓ પરોઢિયે ઊઠે છે. અને પોતાનાં ઢોરને ચાર નીરીને થોડીવાર પોતાના ઘરકામે લાગે છે. ઢોર ઘાસ ખાઈ રહે છે. એટલી વારમાં ખેતરમાં જવાને તૈયાર થઈ રહે છે અને ઢોરને હાંકીને સીમમાં જાય છે. ખેડૂતો આખો દિવસ ખેતરના કામમાં રોકાયેલા રહે છે. તેઓ આખો દિવસ ખેતરમાં ખૂબ મહેનત-મજૂરી કરે છે.

આશરે નવ વાગતાં તેમની સ્ત્રીઓ ઘેર રાંધીને તેમના માટે ખાવાનું ખેતરમાં લઈ જાય છે. આ ખાવાના ખોરાકમાં મોટે ભાગે જુવાર બાજરીના રોટલા, છાશ, મરચાં અને ડુંગળી હોય છે.

કણબી અને કચેરી

કણબી કચેરીમાં આવે છે ત્યારે તો ઘણું કરીને ગરીબ અને નમી પડતો જણાય છે. પણ પોતાની જાતના લોકો આગળ તે આડો અને હિંમતવાન હોય છે.

કણબીઓને લગતી કહેવતો

કણબીને ગમે તેના વિના ચાલશે પણ તેના વિના કોઈને ચાલવાનું નથી તેવું બોલવાનું તેને બહુ ગમે છે અને તે ઘણી કહેવતો કહે છે : જેમ કે -

(૧) કણબી પાછળ ક્રોડ, કણબી કોઈની કેડે નહિ.

(૨) જ્યાં વરસાદનું ગાજણું, ત્યાં કણબીનું પાદરું.

(૩) ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય, વધે તે કણબી લઈ જાય.

(૪) ખેડ, ખાતર ને પાણી, લાવે કર્મને તાણી.

(૫) વાવે કણ અને લાવે મણ.

(૬) બાવનિયા ઘરાનાં પાણી આવ્યાં રામ.

(૭) ખેડૂ લોકો શરીર ભીંજવી, ખેતરે કામ કરતા, જેને થાએ ચરરી ગરમી, થોડી રહે અન્ય કરતા.

- કવિ નાનાલાલ

કણબી અને તેના બળદ

કણબીને તેના બળદ માટે ખૂબ મમત્વ હોય છે. તેને ખૂબ સારી રીતે સાચવે છે અને પોતાનાં બાળકો જેટલું તેના બળદ પર હેત રાખે છે.

ગુજરાતના કણબીઓ તેમના બળદને ગોળ, ઘી, લાવસી, અનાજ, ગુવાર, ટોપરાં અને તેલ પણ ખવડાવે છે. તેના બળદ ઘરડા અને અશક્ત થાય ત્યારે તેમને પોતાનાં ઘરડાં માબાપની માફક સાચવે છે અને તેની ચાકરી કરે છે.

ભારતમાં ગુજરાતના કણબીઓના બળદ ખૂબ પ્રખ્યાત છે. જ્યારે કોઈ રાજા મહારાજા અથવા મોટા માણસને ભેટ આપવાની હોય ત્યારે તેને ગુજરાતના કણબીઓના બળદની જોડ ભેટ આપવામાં આવે છે.

જ્યારે મેવાડના રાજા કરણની હાર થઈ અને જહાંગીર બાદશાહે તેની મુલાકાત લીધી ત્યારે તેને ઘણું માન આપવાને તે આતુર હતો. તેથી તેને પોતાની જમણી બાજુએ બેસાડ્યો અને નવાઈની સર્વ જાતની વસ્તુઓ તેને તૃષ્ટિદાનમાં આપી, તે સાથે ગુજરાતના બળદની એક જોડ પણ આપી.

પીંપળાવના વીર વસનદાસના બળદ

પીંપળાવના વીર વરસનદાસ એવા સુંદર, માયાળુ અને મજબૂત બાંધાના બળદ રાખતા હતા. કે અમદાવાદના નગરશેઠે જ્યારે પીંપળાવ મુકામે તેમની મુલાકાત લીધી ત્યારે તેમની પાસેથી એક જોડ બળદની ખાસ માગણી કરી હતી.

આ માગણીના બદલામાં વસનદાસે પોતાના બે બળદ નગરશેઠને ભેટ આપ્યા હતા. આ ભેટના બદલામાં અમદાવાદના નગરશેઠે દિલ્હીના રાજા ઔરંગઝેબ પાસેથી વીર વસનદાસને ખંભાત અને માતર તાલુકાના મહેસુલના ઈજારા તથા અમીનાતની સનદ અપાવી હતી.

અખાત્રીજથી કણબીના કામની શરૂઆત

વૈશાખ સુદ ૩ એ અખાત્રીજનો તહેવાર કહેવાય છે. ત્યારે ગામના ધણી હોય તે સર્વ કણબીઓને એકઠા કરે છે અને તેઓને કહે છે કે તમારે ધંધે લાગવાનો સમય થયો છે. આ વખતે કણબીઓ ગામધણીને કહે છે કે "ના, ના,

ગયા વર્ષે અમારે ઘણા રૂપિયા ભરવા પડ્યા. તમે અમારે માથે ઘણા વેરા નાંખ્યા, અને ખરું પૂછાવો તો અમારે માથે કોઈ ધણી નથી. લોક અમારાં ઘર બાળી નાંખે છે અને તમે તો અમારી સંભાળ લેતા નથી કે અમારી વારે પણ ધાતા નથી."

ગામનો ધણી આવું સાંભળીને જેવાં તેવાં બહાનાં બતાવે છે. તેમાં ઘણું કરીને તો બધું મહેતાને માથે ઢોળી પાડે છે. ને કહે છે કે 'બધો વાંક લુચ્ચા મહેતાનો છે. તેને હવે કહાડી મૂકીશું.'

મારું હેત તમારા ઉપર છે તેટલું બીજા કોઈના ઉપર નથી. તમે તો અમારાં છોકરાં છો. હવે અમે તમારું રક્ષણ કરવામાં ખૂબ ધ્યાન રાખીશું. ગામધણી આમ અખાત્રીજ પહેલાં કણબીઓને રાજી કરીને નવા વર્ષની ખેતી કરાવે છે.

સારું મુહૂર્ત જોઈ ખેતીનો પ્રારંભ

કણબીઓ અને ગામધણી વચ્ચે સમાધાન થયા પછી અખાત્રીજના દિવસે કણબીઓ ખેતીનું કામ મુહૂર્ત કરે છે.

વૈશાખ માસનાં ખેતીનાં કામો

પ્રથમ કણબીઓ ખેતરમાં ગયા વર્ષના કપાસ, ઘઉં, ઉનાળુ જુવાર, બાજરી વગેરે જે ખેતરમાં બાકી વધ્યાં હોય તેને સાફ કરે છે. ખેતરની વાડ સુધારે છે. ખેતરમાં છાણ અને ખાતર ભરે છે. તળાવની તર અને માટી ભરે છે. ત્યારબાદ વરસાદ આવતાં ખેડવાની, વાવવાની, નિંદવાની, ધરુ કરવાની, ધરુ રોપવાની, રાંપ ફેરવવાની વગેરે અનેક વિધિઓ શરૂ થાય છે.

ગુજરાતના કણબીઓની સ્ત્રીઓ આખા ગુજરાતમાં તેમની ખેતીની અનેક વિધિઓની મતલબની એક કવિતા ગાય છે જે નીચે આપી છે.

કણબીના બાર માસ

સાંભળ રે શ્રી કૃષ્ણ ! અમારી વિનંતી;
કણબી કેરા દુઃખની કહુ કથાય જો;
દે દુઃખ ટાળી અવનીના આધાર તું,
અમથી રાખો તેમ રામ કહેવાય જો... સાંભળ રે...

અષાઢ :

ચઢે વાદળાં માસ અષાઢો આવતાં,
મેઘ તણું તો પડવા માંડે નીર જો;
રાશ, પરોણો કણબી કેરા હાથમાં,
ભીંજી જાયે કણબી કેરું શરીર જો.... સાંભળ રે...

શ્રાવણ :

શ્રાવણ માસે મેહુલો વરસે શરવડે;
લદબદ પલળી જાયે નર ને નાર જો;
છોકરાની વહુ સસરા પાસે જઈ કહે,
સસરાજી કાંઈ વાવો ડાંગર જાર જો...સાંભળ રે...

ભાદરવો :

ભારે આવ્યો ભાદરવો મહિનો હવે,
કણબી કેરી નારી લદબદ થાય જો;
ચાર તણો ભારો તો માથે નીગળે,
છૈયાં કેડે રડતાં પલળી જાય જો... સાંભળ રે...

આસો :

આસોમાં આશા તો રાખી અતિ ઘણી,
વાટ જોયલો મેઘ વરસવા કાજ જો;
જાર, બાજરી ડુંડે આવી બેસતાં,
ડાંગર પાણી વણ સુકાયે આજ જો... સાંભાળ રે...

કારતક :

કાર્તિકમાં ઉઘરાતદાર તે આવિયો,
કરે આંકડો સીમ માંહે તૈયાર જો;
એક સિંગ કે કણ નવ કાંઈ ઉપાડશો,
એવી રાય તાણી આપાનો સાર જો... સંભાળ રે...

માગસર :

માગસર મહિનો આવ્યો રૂડી રીતથી,
પહેલો હપ્તો ઘરાવા મંડાય જો;
મુખી, તલાટી ચોરે બેસી જઈ ચઢે,
દુઃખિયો કણબી બહુ રીતે કૂટાય જો... સાંભળ રે...

પોષ :

પોષે બીજો પાક રવીનો થાય છે,
રૂનાં કાલાં ફાટી થાય સમાં જ જો;
જૂની બંધી દૂર કરી છે આ સમે,
પણ તે માત્ર જ નવી ચલાવા કાજ જો... સાંભળ રે...

મહા :

આવ્યો માઘ મહિનો રૂડી રીતથી,
લીલાં કચ્ચ સૌ ખેતર તો દેખાય જો;
રાજાનો જે કર તે સઘળો આપિયો,
પણ માથા પર હીમ તણું ભય થાય જો... સાંભળ રે...

ફાગણ :

ફાગણ મહિનો આવ્યો રૂડી રીતથી,
હીમે ઘઉંનો કીધો પૂરો નાશ જો;
ચાલો આપણ સટીયે પણ શા કામનું,
મુખીએ મૂકી ચોકી ચારે પાસ જો... સાંભળ રે...

ચૈત્ર :

ચોરે તો સૌ થાય એકઠા ચૈત્રમાં,
માગે, "લાવો કર જે તમ પર થાય જો;"
કાંતનારી વિધવાની મજૂરી લે લૂંટી,
સર્વે જોર જુલમથી લૂંટી જાય જો... સાંભળ રે...

વૈશાખ :

જમીનદાર વૈશાખે આવીને લૂંટે,
ગાય ભેંસના દૂધ, દહીંનું જે કાંઈ જો;
છાસ વિના છૈયાં સૌ ટળવળ બહુ કરે,
પણ પાપિયો ચાલુ રહે લૂંટ માંય જો... સાંભળ રે...

જેઠ :

જેઠ મહિનો આવ્યો રૂડી રીતથી,
ચીડાઈ ગયેલો કણબી ઠંડો થાય જો;
સમ ખાતાં ને આશા તેને આપતાં,
ખેતરમાં ખાતર તે પૂરવા જાય જો... સાંભળ રે...
બારે મહિના રૂપામાં પૂરા થયા,
તેમાં કણબી કેરી કથી કથાય જો;
જે કોઈ ગાય, શીખે ને સાંભળે,
વાસ સ્વર્ગમાં તેનો ઝટ થઈ જાય જો...સાંભળ રે...

૧૫. ઈ.સ. ૧૬૦૦ થી ઈ.સ. ૧૮૦૦ના સમયનું કણબીઓનું જીવન કવિ શામળ ભટ્ટના આધારે

નોંધ :

સિંહાસન બત્રીસીની મહાકવિ શામળ ભટ્ટની મૌલિક ભાભારામની વાર્તામાંથી (વાર્તા નં. ૧૯) કણબીઓએ વેઠેલાં દુઃખો અને તેમનું જીવન સમજાવતા કણબીના બાર માસ અહીં આપવામાં આવ્યા છે.

કણબીના બાર માસ

(કવિ શામળ ભટ્ટની ભાભારામની વાર્તામાંથી)

વૈશાખ :

આદ્યપર્વ તો અખાત્રીજ, કરે મુરત ખોળે બહુ બીજ,
ગડમથલે ગાડાં જોતરે, ખાતર પૂંજો મહેનત કરે.
જોડી ગાડુ ખેતર જાય, ખાતર લઈને નાંખે ત્યાંય,
શરીર ઉઘાડે તડકો સહે, ભાર અલેખે માથે વહે.
ક્યારે મન નવ રાખે કુડ, ખાંધે કોવાડો ને કરવું સૂડ,
અદકી મનમાં રાખે આશ, એવે તો આવે જેઠ માસ.

જેઠ :

લાકડ લુકડ તાકે ઘણાં, હળ પંજેઠી કરવા તણાં,
લેઈ કોશ કોદાળો હાથ, હળ બળદને રાકે સાથ,
ખાવું ખોટું ખડધાન ઘાસ, હળ પરોણો હાથે રાશ,
ઊઠે પાછલી થાયે રાત, ખેતરમાં જાયે પરભાત,
વાણિયાને ઉપજાવી રીઝ, જે જોઈએ તે લાવે બીજ.

અષાઢ :

એટલે વરસ્યો અષાઢો મેહ, ધ્રૂજે ગાત્ર ઉઘાડી દેહ,
પૂંજી તે તો પૃથ્વી માંય, વાડ તણી તેને રક્ષાય.
ખરસાણી, બાવળ, બોરડી, નહીં ભ્રાંત તેને મન અડી,
થોડો વરસે જુવે વાટ, ઝાઝો વરસે તો ઊચાટ.

શ્રાવણ :

હવે આવ્યો શ્રાવણ માસ, નીંદવાની કરશે મન આશ,
નરનારી, ભગિની ને ભ્રાત, વેઠે તે શિર વરસાદ,
ભીનાં વસ્ત્ર ને ચૂવે દેહ, ઘેર આવીને સૂવે તેહ.

ભાદરવો :

ભાદરવા કેરી કહું પેર, ઘડી એક ના રહેવું ઘેર,
સામો, ચણચી, બંટ જ બહુ, ભાજી પાલા બાળે સહુ,
પ્રદક્ષિણા ખેતરની કરે, આઠે પહોર અતિશે ફરે.

આસો :

ગળે અન્ન આવે જેટલે, આસોએ આશા થઈ તેટલે,
સુખે માળા સાંતીડાં ઘરે, ગોફળ ગૂંથે ને ગોળા કરે,
હાં હાં હાંકારે 'હોંકાર' છાનો નહીં રહે લગાર
ઘર સૂત્ર સામું નવ જોવાય, સૂવે શિયાળો ખેતરમાંય
કાચું કોરું એ શું ખાય ? રાધ્યું અન્ન નારી લઈ જાય.

કાતરક :

કારતક જાયે એવી પેર, હાકેમ તેડું આવે ઘેર,
આંણ ફેરવે દાંડી દિશ, થઈ બેસે ખેતરનો ધીશ,
ખાતાં માંડ દેખે જેહને, જઈ હેડે ઘાલે તેહને,
એવે આવે ખાતાદાર, તે હેડે ઘાલે નિરધાર.
જુવો કર્મ વિધાતા રાંક, થઈ બેઠો કણબી તે રાંક
એવું દુઃખ બીજા કોને હોય ? અરે રામ તું દૃષ્ટે જોય.

માગશર :

માગશર માસે જાયે અન્ન, ભાગ્યું સારું ઉપાવે અન્ન,
કૂડાં ભૂંડાં દુષ્ટ કલનાર, કલે બાવીસ જો હોયે બાર,
સારો હોય તો સાચું કહે, નહીં તો ખળાવાડે જાય ખલે.

પોષ :

પોષ માસ ઉપર બહુ પ્રીત, કરે મજૂરી ફુલની રીત,
પોષે પૂરે વિચારે મન, સુભાયગ તો પાકે અન્ન,
લણવા ઢાલવાંને હાલરાં, સોવા ઉપણવાને બાજરા,
કૂંડો ભુંડો હોય કોકવાર, વાવે બાવીસ ઊગે બાર,
નીચી દૃષ્ટિ નીચો પાશ, પડે કદી તો થાયે નાશ,
કરજે કહાડે ઘરમાં ખાય, ખેતર સામું નવ જોવાણ.

મહા :

મહા માસનો આવ્યો લાગ, કણ કેરા કરશે બે ભાગ,
અર્ધ ભાગ તો હાકેમ હરે, અર્દમાં આવી લોક જ ઠરે.
પ્રથમ તો બીવાળો અડે, લે વધતું ને ઝાઝું વઢે,
લે રખવાળી ગામ ગરાસ, હવાલદાર પણ રાખે આશ.
ચારણ નીચ વા આવી અડે, ભાંડ ભવૈયા આવી પડે,
જે કોઈ ભીખની ઈચ્છા કરે, તે આવીને ખોળો ધરે.
ચારણ આવી ઊભો જયાંહ, નાવિક દર્પણ લાવે ત્યાંહ,
સુથાર સઈની થાયે વાત, 'ભલો' કહીને આવે ભાટ.
ભૂરશી બ્રાહ્મણ આવે ઘણા, વલવલે ભીખારી ઘણાં.
જેણે સાંચ્યાં બળ ને બીજ, તેપણ આવ્યાં આણી રીઝ,
લૂંટાવતાં રહે એણી પેર, તે આવે કણબીને ઘેર.
તેની માંય તગાવી સાચ, પહેલ પરંતુ જોઈને લાંચ,
વળી માગણ વેરા જાય, પેદા કર્યું તે પૂરું થાય ?

ફાગણ :

ફાગણ માસે હોય વસંત, તે દહાડે પણ દુઃખ અનંત,
કુવે દાવડે કોસે વરત, કણબી બળદને આવે મરત.

ચૈતર :

ઝાડ બીડ જાળવવા રહે, ચૈતર તકડો અંગે સહે,
તડકા સાથે સહુ વહેવાર, પેટ ભરી નવ પામે આહાર
કોરયાં કાચાં પોતે ખાય, પાકાંને પાળો લઈ જાય.
ખાય છાશ ને ઘીને ગરથ, હાકેમ વેરો ભરે સમરથ,
કે કોની અસાવરી ચડે (તો) કરી મજૂરી મિથ્યા પડે.
સુખી થવાને ચઉંટે જાય, મારીને વેઠે લઈ જાય
સામું બોલે મારે માર, અણતોલ્યો ઊપાડે ભાર.
કણબીને નહીં દુઃખનો પાર, પણ ધરતીનો એ પર ભાર.

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ

રતિલાલ મ. પટેલ
તંત્રી : ઉમા દર્પણ - ભુજ

સનાતન ધર્મની રાહથી ભટકી ગયેલી કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિને પૂર્વજો જે ધર્મમાં હતા તે સનાતન ધર્મની મુખ્ય ધારામાં લઈ જવા જ્ઞાતિ સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીએ જાગૃતિનો શંખનાદ કર્યો. જ્ઞાતિજનોને જગાડ્યા. "કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ"ની સ્થાપના થઈ તેના પ્રમુખશ્રી વિરાણીવાળા શ્રી રતનશી ખીમજી ખેતાણી અને મંત્રી નથુભાઈ નાનજી કેસરાણી, સંતશ્રી ઓધવરામજી અને સંતશ્રી દયાળદાસજીએ સાથે રાખીને ગામે ગામ ફરીને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોના નિર્માણની પ્રેરણા આપી.

ધર્મ પરિવર્તનનો પવન જોતજોતામાં સમગ્ર કચ્છ અને ગુજરાતમાં ફરી વળ્યો. અને જ્ઞાતિજનો સતપંથ છોડીને સનાતન ધર્મના પ્રવાહમાં ભળવા લાગ્યા અને ગામેગામ લક્ષ્મીનારાયણના મંદિરો બંધાવા લાગ્યાં પણ એ સમયે લક્ષ્મીનારાયણ મંદિરોને એક સૂત્રે બાંધી શકે અને મંદિરોને માર્ગદર્શન આપી શકે એવા કેન્દ્રીય સ્થાનની સ્થાપના થઈ શકી નહીં, પરિણામે સમાજ સુધારકો અને સંતોએ પ્રગટાવેલી ધર્મ જાગૃતિની જ્યોત ધીરે ધીરે મંદ પડતી હોય તેવું જણાતું હતું.

મહા સુદ પુનમ તા. ૪-૨-૧૯૯૬ના ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે યોજાયેલ કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈબહેનો વિરાટ ધર્મ સભામાં "શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિ"ની સ્થાપના કરવામાં આવી અને બે કિ.મી. લાંબી વિરાટ ધર્મયાત્રા વાંઢાયથી નારાયણજી બાપાની જન્મભૂમિ વિરાણી લઈ જવામાં આવી.

આ સમિતિના પ્રથમ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી હતા. તેમણે સંતશ્રી શાન્તિદાસજી મહારાજ (વિરાણા મોટી) તેમજ અન્ય સંતોને સાથે રાખીને કચ્છમાં અને કચ્છ બહાર ૨૫૦ જેટલી સનાતન ધર્મના પ્રચાર માટે ધર્મસભાઓ યોજી હતી.

સંસ્થાના બીજા પ્રમખ શ્રી જેઠાભાઈ લાલજી ચોપડાના નેતૃત્વ હેઠળ પણ તત્વચિંતક શ્રી હરિભાઈ કોઠારી અને અન્ય સંતોને સાથે રાખીને ધર્મ સભાઓ યોજવામાં આવી હતી. કચ્છના ૧૪૦ ગામના લક્ષ્મીનારાયણ મંદિરોમાં પૂજા અર્ચના અને પ્રાર્થનામાં એક સૂત્રતા જળવાય એ હેતુથી પુસ્તકો અને ઓડિયો કેસેટ અને સી.ડી.તૈયાર કરી ગામેગામ મોકલવામાં આવી.

સંસ્થા દ્વારા આ ધર્મ જાગૃતિનું કાર્ય ચાલુ હતું એ દરમ્યાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોનું કેન્દ્રસ્થાન સ્થાપવા માટેની ચર્ચા પણ ચાલુ હતી અને જમીનની શોધ પણ ચાલુ હતી. વર્ષ ૨૦૦૩માં દેશલપર નજીક રાજય ધોરીમાર્ગ પર પ્રથમ તબક્કે ૨૫ એકર અને ત્યારપછી ૧૫ એકર એમ કુલ્લે ૪૦ એકર જમીન સંસ્થા દ્વારા ખરીદવામાં આવી અને તેના પર શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના નિર્માણનો પ્રારંભ થયેલ.

"શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિ"ને સ્થાને "અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ" નામે ટ્રસ્ટ રજીસ્ટર્ડ કરવામાં આવ્યું.

૨૦૦૫માં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો અને મે-૨૦૦૬માં આ ભૂમિ પર જાણીતા કલાકાર શ્રી રમેશભાઈ ઓઝા "પૂ. ભાઈશ્રી"ના વ્યાસસ્થાને શ્રીમદ્ ભાગવત કથા પરાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

મે-૨૦૦૭માં આજ પરિસરમાં સ્વામી સચ્ચિદાનંદજીની ઉપસ્થિતિમાં વિદ્યાલય ભવનનો શિલાન્યાસ કરવામાં આવ્યો. આજના સમયને અનુરૂપ શિક્ષણની સાથે ભારતીય સંસ્કૃતિના સંસ્કારોનું સિંચન કરવાની પણ આ સંસ્થાની યોજના છે.

વર્ષ ૨૦૦૮ થી ૧૦ દરમ્યાન સંસ્થાએ તૈયાર કરેલા મંદિરની પ્રતિકૃતિસમો વિશાળ ધર્મ જાગૃતિ રથ સમગ્ર કચ્છ અને ગુજરાતમાં ફેરવવામાં આવ્યો અને ધર્મ સભાઓ યોજવામાં આવી. લોકોએ ખૂબજ ઉમળકાથી આ રથયાત્રાને આવકારી. તેને કારણે ધર્મ જાગૃતિનું મોટું કામ થયું. સમયગાળામાં મંદિર અને વિદ્યાલય તેમજ અન્ય ભવનોના નિર્માણ કાર્ય તો ચાલતા જ રહ્યા હતા.

તા. ૧૧ થી ૧૪ મે-૨૦૧૧ દરમ્યાન ચતુર્દિવસી મહોત્સવ યોજાયો. જેમાં ઉત્તમ કોટીના પથ્થરમાંથી નિર્માણ થયેલ શિલ્પકલાથી શોભતાં મંદિરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને પરિવાર દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી.

મંદિરની સામે ખાસ તૈયાર કરાયેલ લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના વેદ મંદિરમાં ચાર વેદોને જગન્નાથપુરના ગોવર્ધન પીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતીના કરકમળોથી સ્થાપિત કરવામાં આવ્યા. આ પ્રસંગે શારદાપીઠ, દ્વારકાના દંડી સ્વામી સદાનંદ સરસ્વતી અને શારદાપીઠ સિગેરીના પ્રતિનિધિ ડૉ. ગૌરીશંકર તેમજ કચ્છના સંતો મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવમાં દંતાલીવાળા તત્વચિંતક સ્વામી સચ્ચિદાનંદજી, જાણીતા કથાકાર રમેશભાઈ ઓઝા તેમજ ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહિર અને મોટી સંખ્યામાં રાજકિય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવના પ્રારંભે ૧૨૫ ઝાંખીઓ સાથેની ૩ કિ.મી. લાંબી શોભાયાત્રાએ સારું આકર્ષણ જણાવ્યું હતું. ચારે દિવસ પરિસર પર હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટી કરાઈ હતી. કૃષિ મેળાનું આયોજન કરાયું હતું અને સાંસ્કૃતિક કાર્યક્રમો અને દાતાઓના સન્માન કરાયા હતાં. વિશાળ સત્સંગ હોલનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ મહોત્સવમાં અંદાજે અઢી લાખ ભાવિકોએ ભાગ લીધો હતો.

હાલોને આપણે ગામડે

ખેતી છોડીને ઘણી બાંધ્યા ધજાગરા,
નિંદર વેંચીને લીધા ખોટા ઉજાગરા,
હાલો શહેર છોડીને વયાં જાયેં, મારા મહેરબાન,
હાલોને આપણે ગામડે.

શહેરની આ સાયબીનું સપનું છે ખોટું,
સ્વારથનાં સગપણ ને દોલતની દોટું,
આંઇ ભૂરાયાં ઢોર થઇ જાયેં, મારા મહેરબાન,
હાલોને આપણે ગામડે.

મોટી મેલાતુથી વહાલી છે ઝુંપડી,
રહેતી જયાં વાલમના હૈયાથી ઢૂકડી,
આંઇ કજિયા કંકાસથી રીબાયેં, મારા મહેરબાન,
હાલોને આપણે ગામડે.

ખેતી તો આપણે ધંધો સહિયારો,
મહિડાં વલોવી ને વાઢીશ હું ચારો,
સાંજે ગાડે બેસીને ઘેર જાયેં, મારા મહેરબાન,
હાલોને આપણે ગામડે.

ચૂલાના રોટલા ને ઘમ્મર વલોણું,
દૂધ નહીં માખણ ને ગોરસનું દોણુ,
તાજાં રીંગણનાં ભડથાં ખાયેં, મારા મહેરબાન
હાલોને આપણે ગામડે

ગલઢેરાં ગામનાં બેઠાં ભાગોળે,
વડલાની છાયામાં ગૌધન વાગોળે,
ઓલાં ટાબરિયા ઝૂલે વડવાયે, મારા મહેરબાન,
હાલોને આપણે ગામડે.

ગરવી ગુજરાતનાં ગોકુળિયા ગામડાં,
ભાંગ્યા તો ખેતીનાં જાણો ઉઠામણા,
બાલકૃષ્ણ પછી પસ્તાયેં, મારા મહેરબાન
હાલોને આપણે ગામડે.

સંત અને સમાજ

પોતાના હોય તે પોતાનાઓ માટે લોહી બાળે, ચિંતા કરે, દુઃખ મુક્ત કરવા તથા સુખ-શાંતિ સ્થાપવા સંકલ્પ તથા પુરૂષાર્થ કરે. સંત, સદ્‌ગુરૂ તથા ઈશ્વર જ આપણા સાચા હિતેચ્છુ છે. વ્યક્તિ, પરિવાર કે સમાજના સાચા હિતેચ્છુ, સંરક્ષક અને સ્વજન તો સંત, સદ્‌ગુરૂ અને ઈશ્વર જ છે. સંત, સદ્‌ગુરૂ અને ઈશ્વરરૂપથી જુદા જણાય છે પરંતુ સ્વરૂપથી ત્રણે એક જ છે. એ પરિવાર તથા સમાજ ભાગ્યશાળી બને છે જ્યાં સંતનું અવતરણ થાય છે. સંતનું અવતરણ એ ઈશ્વરનો અવતરણ જ છે. પાટીદાર સમાજ અત્યંત ભાગ્યશાળી બન્યો છે. કારણ કે સાક્ષાત શ્રી હરિ જેવા પૂ. શ્રી લાલરામજી મહારાજનું અવતરણ થયું. પિતા, માતા, સંત અને સદ્‌ગુરૂની જેમસમાજની ચિંતા કરી, સમાજના ઉત્કર્ષ માટે સંકલ્પ કર્યો, સમાજ માટે હૈયામાં વેદનાની વેદી ઝળહળતી કરી, સમાજોત્કર્ષ યજ્ઞ આરંભ કર્યો. એ સમાજ ઉત્કર્ષ સંકલ્પ યજ્ઞમાંથી પ્રગટ થયા. પૂ. શ્રી ઓધવરામજી મહારાજ સ્વઉત્કર્ષ પછી સમાજના લાલને લાલરામને માતા-પિતા સમાજ સેવા, સમાજ ઉત્કર્ષનો વિચાર આવ્યો, લળ્યા, ભળ્યા, હસ્યા, રમ્યાની સ્મૃતિઓ તાજી થઈ, માની મમતા, પિતાનો વ્હાલ, સ્વજનોનું સ્નેહ અને સમાજ બંધુઓનું ઋણ સ્મૃતિપટલમાં લહેરાવા લાગ્યું. સ્મૃતિ સાગરમાં વિવિધ વિચારો અને સંકલ્પો હિલોળા લેવા લાગ્યા. સંત, સદ્‌ગુરૂ અને ઈશ્વરના સંકલ્પો નિરર્થક નથી બનતા, એ ત્રણે સત્ય સંકલ્પ ઈશ્વર હોય છે. સંકલ્પવૃત્તિ અને પ્રવૃત્તિ અકર્તાભાવે બનતી હોય છે. સંતો અલિપ્ત ભાવે અકર્તાભાવે પ્રવૃત્તિમય બનતા હોય છે. સંત અને સદ્‌ગુરૂની ઉપસ્થિતિ માત્ર શિષ્યો અને સમાજ પ્રકાશવાન બનાવે છે. સૂર્યની ઉપસ્થિતિ માત્રથી જ અંધકાર ઓગળવા લાગે છે તેમસંતની હાજરી માત્રથી સમાજમાં રહેલ અંધકાર ઓગળવા લાગે છે. સંતના વાણી, વિચાર અને વ્યવહાર તથા સંકલ્પ ફળદાયી જ હોય છે. ઈશ્વર સૃષ્ટિનું સર્જન, સંરક્ષણ તથા વિસર્જન સંકલ્પ માત્રથી કરે છે તેમસંત અને સદ્‌ગુરૂ સંકલ્પ માત્રથી સમાજનું રક્ષણ, સંવર્ધન અને પોષણ કરે છે. સંત અને સદ્‌ગુરૂની હાજરી માત્રથી સમાજ દિવ્ય બની દેવ સમાન બને છે. સમાજ સંસ્કારી, શિક્ષિત, આસ્તિક, વ્યસન મુક્ત બની સનાતન તત્વ એવા ઈશ્વર સન્મુખ થાય છે. રામરાજ્યની સ્થાપનામાં મહાત્મા વશિષ્ઠજીનો અનન્યતમફાળો હતો જ. ભગવત્‌પાદ લાલરામજીના હૃદયમાં વિચારોનાં વમળો સર્જાયાં, પુત્ર, પિતા, સંત અને સદ્‌ગુરૂ બની સમાજ ઉત્કર્ષનો નિરધાર કર્યો. શરીર અને મનની શક્તિ જુદી દિશામાં જઈ રહી હતી ત્યારે પોતાની જ આત્મા એવા શિષ્ય ઓધવરામનો વિચાર આવ્યો. ઓધવરામને દીધેલ જ્ઞાન અને શક્તિને સ્વસમાજના ઉત્કર્ષ તરફ વાળવાનો વિચાર આવ્યો, શિષ્યને ઓધવરામને પ્રેરણા કરી, વચન લીધું, સંકલ્પ વ્યક્ત કર્યો. સમાજ ઉત્કર્ષનો અને આરંભ થયો. સમાજ ઉત્કર્ષ યજ્ઞનો સમાજમાં પ્રકાશ પથરાયો, અંધકાર ઓગળવા લાગ્યો. સમાજ દિવ્ય પ્રકાશવાન થયો, સનાતન તત્વ સન્મુખ થયો, સમૃદ્ધ બન્યો એ સનાતન વૃક્ષના મીઠા મધુરા મઘમઘતા રસસભર ફળો આપણને ચારવા મળ્યાં. પાટીદાર સમાજનાં ભાગ્યની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે.

- સંત શ્રી હરિદાસજી મહારાજ

અસ્તુ...

જય વાલરામ... જય ઓધવરામ...

હરિહર પરંપરામાં 'દ્વારા'નું આગવું મહત્ત્વ (વાંઢાય)

હરિહર પરંપરામાં દ્વારાનું મહત્ત્વ ખૂબ જ છે. દ્વારો એટલે 'દ્વાર...ઓ...' ઉપરવાળાનો દ્વાર, બારણું. સ્વર્ગમાં જવાનો દરવાજો. મોક્ષ મેળવવાનું સ્થળ એટલે દ્વારો. કચ્છમાં સૌ પ્રથમ દ્વારો હાલના રાયણ ગામ પાસે બંદરના કિનારેનેણસાગરજીએ સ્થાપ્યો હતો. ઝૂંપડી જેવું પણ નામ દ્વારો. ૮૪ બંદરોના વાવટા જેના કિનારે ફરકતા હતા એ માંડવી બંદરે સ્ટીમરો અને મછવાઓમાંથી ઊતરતા પ્રવાસીઓને રાતવાસો કરવા, નારાયણસરોવર કે હિંગલાજની યાત્રાએ જતા સાધુ-સંતો અને અન્ય સનાતનીઓને માંડવીમાં રાતવાસો કરવાને જરૂરી આસરો, વાસો ને ભોજન મળી રહે એ માટે આ દ્વારો સ્થાપવામાં આવેલો. મૂળ માંડવીના પણ આજીવિકા માટે મુંબઈ જઈ નસીબ અજમાવનાર કલ્યાણજી શિવજી ધોયલા નામના એક માંડવીવાસી જી.આઈ.પી. રેલવે કામના નિરીક્ષણ માટે આવેલા અંગ્રેજ ઈજનેર મી. એન્ડરસનને સ્ટીમરમાંથી કોરી જમીન સુધી ખભે બેસાડી લાવેલા. આ પછી કલ્યાણજી એક દિવસ તેની ઓફિસે પહોંચ્યો. એન્ડરસને તેને ચર્ચગેટથી કલ્યાણ સુધીના રેલવે ટ્રેકના માટીકામનો કોન્ટ્રાક્ટ આપ્યો. મુદ્દત કરતાં છ માસ વહેલું કામ કરી આપતાં ઉદ્‌ઘાટનના દિવસે તેને ડાયસ ઉપર બેસાડવામાં આવેલો અને કલ્યાણજીનું બહુમાન કરવા આ સ્ટેશનનું નામ આજથી કલ્યાણ સ્ટેશન રહેશે એવી ઘોષણા કરવામાં આવેલી. એ કલ્યાણ એટલે મુંબઈનું હાલનું કલ્યાણ સ્ટેશન. એ કલ્યાણજીએ આગળ જતાં અંગ્રેજોના અનેક કોન્ટ્રાક્ટ કામો રાખ્યા. કમાયા અને પૈસાદાર થયા. એટલે વૃંદાવનદાસ પુરુસોત્તમ નામના એક જ્ઞાતિભાઈ સાથે કલ્યાણજી શિવજી એન્ડ કું. નામની પેઢી ઊભી કરી અને કંપની સરકાર તેમજ અંગ્રેજોના કોન્ટ્રાક્ટના કામોમાંથી કમાયેલા આ કલ્યાણજીને માંડવીની ભાનુશાલી નાતે કોઈ કારણે નાત બહાર કર્યા. રા'દેશળજી બાવાના આગ્રહથી કલ્યાણજીને નાતમાં પાછા લેવામાં આવેલા. તે પ્રસંગે નેણસાગરજીના દ્વારની બાજુમાં વિશાલ જમીન પર પાકો દ્વાર બંધાવી નાતને અર્પણ કર્યો અને સન ૧૮૬૦માં ભાનુશાલી નાતનું પ્રથમ નાતતેડું કર્યું. એ માંડવીનો મોટો દ્વારો. એ દ્વારાની વિશિષ્ટતા એ હતી કે એ સમયે સિંધમાં કોટડા, ટંડા અલાયા વગેરે ૫૨ ગામોમાં મીરોએ બંધાવી આપેલા દ્વારાનો વહીવટ આ માંડવીના મોટા દ્વારા થવા લાગ્યો, હેડક્વાર્ટર માંડવી હતું.

એ દ્વારાના પ્રથમ મહંત થયા નેણસાગરજી ગુરુ હીરદાસજી, સુંદરદાસજી ગુરુ નેણસાગરજી, ધરમદાસજી ગુરુ સુંદરદાસજી, લાલસાગરજી ગુરુ ધરમદાસજી, દેવીપ્રદાસજી ગુરુ લાલરામજી, મોરારદાસજી ગુરુ દેવીદાસજી, પુરણદાસજી ગુરુ મોરારદાસજી, લક્ષ્મીદાસજી ગુરુ પુરણદાસજીહાલે આ દ્વારાના ૮મા મહંત તરીકે લક્ષ્મીદાસજી એટલે સાધુરામજી છે. એમની સાથે સાધુ અરજણદાસજી ગુરુ પુરણદાસજી, સાધુ કરશનદાસજી ગુરુ પુરણદાસજી આ દ્વારામાં રહે છે.

આ દ્વારાની પરંપરામાં બીજી પરંપરા છે હમલા-મંજલની. હમલા-મંજલ દેવા સાહેબની જાગીરમાંથી એટલે કે હમલાપુરીમાંથી વાંઢાય દ્વારાની ઉત્પત્તિ થઈ છે. વાંઢાયના જાગીરદાર વેરોજી દેવા સાહેબને ગુરુ કીર આગળ જતાં વિહારી સાહેબ થયા. એમણે વાંઢાયમાં દ્વારાની સ્થાપના કરી.

વિહારી સાહેબ પછી, ચારણકુળના પજ્ઞાચક્ષુ ક્ષેમદાસજી ગાદીએ આવ્યા. એમના પછી ઈશ્વરા-પરમેશ્વરાનો બિરુદ મેળવનાર ઈશ્વરરામજી આ દ્વારાની ગાદીએ આવ્યા. એમણે દ્વારાનો ખૂબ જ વિકાસ કર્યો. સંવત ૧૯૪૮માં સેવક વાલજીભાઈએ મુંબઈમાં ફંડ કરી રૂપિયા પોણો લાખના ખર્ચે ત્યાં રહેલી નાની તળાવડીને મોટી બનાવી 'ઈશ્વર સાગર' નામે મોટું તળાવ-સરોવર બનાવ્યું. વાલજીભાઈની દીકરી રૂક્ષ્મણીબેન કે જે બાળ વિધવા હતા તેમને શિષ્યા બનાવ્યા અને મૈયાજી નામ આપ્યું. જોગાનુજોગ વાંઢાય દ્વારાની ગાદી ઉપરાંત હમલા-મંજલ જાગીરના મહંતપદે પણ ઈશ્વરરામજી આવ્યા. સંવત ૧૯૫૩ના અષાઢ વીદ-૨ના તેઓ સ્વર્ગે સિધાવી ગયા અને એમના ચેલાઓમાં ખટરાગ થતાં ગાદી કોઈને મળી નહીં. એમને ચેલાઓ હતા લાલરામજી, નારણદાસજી, ગરીબદાસજી, મુંદરાના તેજબાઈમા, ભોજાયના બાશ્રી જેઠીબા, કેરાના ખોજા જ્ઞાતિના ઈસ્માઈલ ભગત. ચેલાઓની ખટપટના કારણે વાંઢાય દ્વારાની ગાદી સંવત ૧૯૫૩થી સંવત ૧૯૭૧ સુધી ગાદીપતિ વિહોણી રહી. ઈશ્વરામની છબી મૂકી સેવકો વહીવટ કરતા હતા.

આખરે માંડવી દ્વારાના પુરણરામજીએ રસ્તો કાઢ્યો. ગરીબદાસને કુકમા ગામમાં નિવૃત્તિ આશ્રમ ઉભો કરવાની પરવાનગી આપી અને પાટીદાર જ્ઞાતિનું પીંડ ધરાવનાર લાલજી પટેલને લાલરામજી નામ આપી વાંઢાય દ્વારાની ગાદીએ બેસાડ્યા. પણ તેઓ એક વર્ષની ગાદી ભોગવી સંવત ૧૯૭૧ના મહાવદ-૨ના સ્વધામે ગયા. એમના ચેલા હતા કેશવરામજી અને ગુગલરામજી. પણ એમના વચ્ચે મતભેદ થતાં ફરીથી વાંઢાયની ગાદી સંવત ૧૯૭૧થી સંવત ૧૯૭૬ સુધી મહંત વિહોણી રહી.

માંડવી દ્વારાના મહંત પુરણરામજી ફરીથી વચ્ચે આવ્યા. લાંબો વિચાર કરી એમણે ઉદ્ધવમાંથી 'ઓધવરામજી' નામાભિધાન કરી ઓધવરામજીને વાંઢાયની ગાદીએ પાંચમાં મહંત તરીકે બેસાડ્યા. એમણે વાંઢાય દ્વારાને ખૂબ જ મહિમાવંત બનાવ્યો. ઓધવરામજીએ વાંઢાયમાં સંવત ૧૯૯૨ના વૈશાખ માસની અક્ષયતૃતીયાના દિવસે ગુરુકુળની સ્થાપના કરી. સંવત ૧૯૯૩માં ગુરુકુળના પાકા મકાનો બનાવ્યા. અનેક સેવકોના વિરોધ છતાં વાંઢાયમાં હરિજન છાત્રાલયની સ્થાપના કરી. અંધશાળાની સ્થાપના કરી. સારસ્વત સમાજના છોકરાઓ માટે સારસ્વત એજ્યુકેશન સોસાયટીની રચના કરી, આહીર સમાજમાં શિક્ષણનો ફેલાવો કરવા માટે મહેનત કરી, સંધાર સમાજ માટે પણ પ્રયત્ન કર્યા. ભાનુશાલી સમાજ તો એમના ઉપકારોમાંથી છૂટી શકે એમ નથી. એમણે આ માટે ઠેકઠેકાણે બોર્ડિંગો ઊભી કરવા ટહેલ નાખી, મુંબઈ ઘાટકોપર (ઈસ્ટ)માં ભાનુશાલીવાડી ઊભી કરવા કમર કસી, સંવત ૨૦૧૦માં ઉત્તર ગુજરાતના ધનસુરામાં પાટીદારોના છોકરાઓ માટે બોર્ડિંગ સ્થાપના કરી.

એમણે ઉત્તમમાં ઉત્તમ કામ કર્યું હોય તો તે છે હરદ્વારમાં કચ્છી આશ્રમનું. રૂષીકેશ બદ્રી-કેદાર વગેરેના દર્શન માટે જતા કચ્છી સનાતનીઓને જે તકલીફો ત્યાં પડતી હતી તેના ઉકેલ માટે એમણે હરદ્વારમાં સપ્ત સરોવર પાસે, ગંગામૈયાના સાનિધ્યમાં પોતાના ગુરુ લાલરામજીની યાદમાં 'લાલ રામેશ્વરાશ્રમ' એટલે કે કચ્છી આશ્રમની રૂપિયા એંસી હજારના ખર્ચે સ્થાપના કરી. તે સાથે સાધુ રામદાસજીએ જીવન સંકેલી લેતાં એમના પાછળ ભદ્રા ઉત્સવ કર્યો. મંજલ આશ્રમના સાધ્વી મૈયાજીની સ્મૃતિમાં પણ ભદ્રા ઉત્સવ કર્યો. વાંઢાયામાં ઉમિયા માતાજીના પગલાંરૂપે પાનમૂર્તિની સ્થાપના કરી. તેઓ છૂતાછૂતમાં માનતા નહીં એટલે સને ૧૯૪૨માં મંજલમાં પૂ. રવિશંકર મહારાજના અધ્યક્ષસ્થાને હરિજન-વણકર સંમેલન પણ બોલાવ્યું. એમના પછી દયારામજી, ત્યારપછી શાંતિદાસજી અને ૮મા મહંત તરીકે કરશનદાસજી હાલે ગાદીપતિ છે.

પણ ઓધવરામજીના શિષ્ય વાલરામજી વાત તો અનેક રીતે પ્રેરણાદાયી છે. ભલાભોળા સ્વભાવના, મૃદુભાષી વાણીના વેપારી એવા વાલરામજી કોઈ દ્વારા કે આશ્રમના ગાદીપતિ ન હતા. તેઓ વાંઢાય સંકુલમાં અલગ કુટિર બનાવી ઈશ્વર ભજન કરી સેવકોને લાભ આપતા હતા. તેઓ પણ તા. ૧૫-૮-૧૯૯૩ના સ્વધામ ગયા. હાલે વાલરામજીની કુટિર ભચુ ભગત સંભાળે છે. વાલરામજીના શિષ્ય હરિદાસજી મારાજ હાલે સનાતનીઓમાં ખૂબ જ પ્રિય છે અને આસ્થાના પ્રતીક સમા છે. એમણે ગુરુ વાલરામજીનું નામ ઉજાગર કરવા ગુરુમહિમા વધારવા મુરચબાણમાં આશ્રમ ઊભો કર્યો છે. આ આશ્રમ એટલે જંગલમાં મંગલ વાતાવરણ જોઈ લ્યો. જેમણે શાંતિથી ધર્મધ્યાન કરવું છે તેઓ અહીં આવી શકે છે. બધા સગવડો ઉપલબ્ધ થાય છે. આ દ્વારાના અન્ય ચેલાઓએ પોતાના આશ્રમો ઊભા કર્યા. ગરીબદાસજીએ કુકમા ગામમાં નિવૃત્તિ આશ્રમની સ્થાપના કરી હતી. એમના પછી ભાણદાસજી, વાસુદેવજીહાલે આ આશ્રમ સંભાળે છે. જ્યારે મંજલ (યક્ષ)માં આવેલો મૈયાજીનો આશ્રમ કેસરબેન નામના સેવકબેન સંભાળે છે. ભોજાયમાં બાશ્રી જેઠીબાનો આશ્રમ હતો ત્યાં આજેકોઈ ઉત્તરાધિકારી નથી. એમના સગા ઠાકોરજીની સેવા કરે છે, જ્યારે ભીમપરમાં આશ્રમ હતો તેની સંભાળ હેલા સાધુ શંભુપ્રસાદજી લે છે. વમોટીના દ્વારામાં પણ સાધુ લાલરામજી હતા પણ આગળ જતા તેઓ સંસારી બની ગયા હતા. હાલે આ દ્વારેય નથી ને કોઈ સાધુ પણ નથી. ઝુરા (તા. ભુજ)ના દ્વારામાં એક માતાજી સેવા કરે છે, જ્યારે નિરોણાના દ્વારામાં સાધુ ચતુરદાસજી હતા પછીથી કોઈ ન રહેતાં હાલે એક ભગવાધારી બાવાજી ત્યાં બેઠા છે. કેરામાં ખોજા જ્ઞાતિના ઈસ્માઈલ ભગતનો આશ્રમ હતો ત્યાં હાલે સાધુ ધરમદાસજી છે. હરદ્વાર કચ્છી આશ્રમના મહંતપદે પૂ. હરિદાસજી મારાજ ત્યાં ટ્રસ્ટી મંડળની રચના થયેલી છે અને વહીવટ ચાલે છે. જ્યારે મુરચબાણમાં પણ પૂ. હિરદાસજી મારાજ આ આશ્રમ સંભાળે છે.

- સંત શ્રી હરિદાસજી મહારાજ

પાટીદારો પર સીતલા માતાનો પ્રકોપ
મોટીમાતા (ચેચક મહારોગ)

વિક્રમ સવંત ૨૦૦૪ની સાલમાં કચ્છમાં મોટી આફત આવી પડી. ચેચક(મોટીમાતા)નામના મહારોગની છુત બિમારી વિ.સંવત ૨૦૦૪માં પાટીદારોના ઘરે-ઘરમાં દરેક બાળકોને થઈ. આ બિમારીએ(મોટીમાતાએ) ઘર-ગામ અને દરેક જગ્યાએ બાળકોને નિશાન બનાવી ભીડમાં લીધા. દરેક ઘરમાં માતાએ કબજો જમાવ્યો. આ બિમારીની દવા નહીં થાય એવી એક અંધશ્રધ્ધાને કારણે બાળકોનો ઇલાજ કરાવતા નહીં. જેથી બિમારીથી આવાં બાળકો પથારી વશ થયા. શરીરમાં મોટા ફોલ્લા થયા. મા-બાપ પરેશાન થયા. ઘરમાં જેટલા બાળકો હોય તેને આ છુત બિમારી લાગુ પડી. કોઈ બાળકને નવડાવે નહીં બધા દૂર રાખે કારણ કે આ બિમારીની દવા કરાવશે તો માતાજી વધારે ક્રોધે ભરાશે અને બીજી આફત આવશે જેથી કરી આ ચેચકની દવા કરાવતા નહીં ઘર-ઘરમાં બાળકોની રાડોરાડ થવા લાગી. આ બિમારીએ બાળકો પર એવી અસર નાખી કે, કે કોઈનાથી સહન ન થાય. બાળકોનાં મરણ થવા લાગ્યા. આ બિમારી ઘરમાં જેટલા બાળકો હોય તે બધાને થવા લાગી. અને ખાવા પીવાનું પણ ઓછુ થઈ ગયું. નવમે દીવસે બાળકને માતાજી પાસે નમાવે અને ત્યાર પછી બાળક બચે તેને નવડાવી, નવા કપડા પહેરાવી પછી ખાવા પીવાનું થાય.

આ માતાની બિમારીથી ઘણા પરિવાર બાળક વગરના થઈ ગયા. ઘણા બાળકો અંધ થયા, ઘણા ને ચહેરા પર અને આખા શરીર પર ચેચકના દાગ થઈ ગયા. શરીર કાળુ થયું અને સહન ન થાય તેવી બાળકોની દશા થઈ આ બિમારીને લીધે કોઇ પણ એક બીજાને ઘરે જતાં નહીં. બાળકોને પણ આંગણાની બહાર ન કાઢતા દીલને ધ્રુજાવી નાખે એવી આ છુત બિમારી વરસો સુધી ચાલી.

અંધશ્રધ્ધાને કારણે બાળકોની દવા ન કરાવતા અને બાળકો મરી જતા. પણ કચ્છના રાજાએ આ બિમારી બાળકો ને ન થાય તે માટે ગામોગામ બાળકોના હાથ પર બે રીંગ ટાઈપની કોતરણી કરાવતા. ઘણા પરિવારોએ બાળકોને આ કોતરણી કરાવતા એ બાળકો બચી ગયા અને અંધશ્રધ્ધા ને કારણે પરિવારો બાળકો ને છુપાવી દેતા. જે બાળકોને ચેચકની બિમારી થતી તેમાંથી ઘણા બાળકો મરી જતા અને કેટલાક બાળકો વિકલાંગ પણ થઈ જતાં.

આ ચેચક પાટીદારોના બાળકોની સાથે અન્ય જાતીના બાળકોને પણ થતો. બધી જાતીમાં એજ પરેશાની રોકકળ અને રાડોરાડ થતી. આવી વિષમભરી પરિસ્થિતીમાં બાળકોને ઈશ્વર સિવાય કોઇ બચાવી નહોતા શકતા. આ બિમારીના વખતના વડીલો અને ભાઈઓ આજે પણ હયાત છે અને એમના મોઢે જયારે આ મહારોગની વાતો સાંભળીયે ત્યારે આપણા કાળજા કકળી ઉઠે છે.

આ બિમારીથી જે ઘર પરિવાર બાળકો વગર સુના થઈ ગયાં તે ઘરની દશા કેવી થઈ હશે તે તો જેને અનુભવ થયો હોય તે જ જાણે.

ઘણા પરિવાર પોતાના બાળકોને આ ચેચેકની છુત બિમારીથી બચાવવા ખેતર, વાડી, સીમમાં તંબુ તાણીને રહેતાં જેથી ઘણા બાળકો આ બિમારીથી બચી જતા. બિમારી ઓછી થવાથી પાછા પોતાને ઘેર આવી નવમે દિવસે માતાજી પાસે નમાવતા અને જે પરિવારના બધાં બાળકો મરી જતા તેનો વશં જ ખતમ થઈ જતો અને આ પરિવારની પેઢી પણ ખતમ થઈ જતી. આવી દશા હતી પાટીદારના બાળકોની અને તેનાથી વધારે ખરાબ દશા તો એનાં મા બાપની થઇ હતી કે જેમનો વંશ જ ખતમ થઇ ગયો હતો.

''બંધુકા વિવાહ'' અર્થાત્ બાંધ્યા વિવાહ ૧૦/૧૨ વર્ષે થતાં લગ્ન

પટેલ જીતેન્દ્રભાઈ બી. (એમ.એ., એમ.ફિલ.)

ઈતિહાસ દ્વારા જીવસૃષ્ટિના પાર્દુભાવ પહેલાનાં પુરાતનકાળથી લઈને માનવ સંસ્કૃતિના અર્વાચીનકાળ સુધીનો કેટલોક ઈતિહાસ જાણવા મળે છે અને તે સમગ્ર માનવજાતિની પ્રગતિનો અહેવાલ ગણાય છે. ઊંઝાના રાજકીય ઈતિહાસ તરફ દૃષ્ટિ કરતાં જાણવા મળે છે કે ઈ.સ. ૧૫૬૫માં માધાવતીના કુર્મિ રાજા વજ્રપાલજીને મહેત દેશના ચંદ્રસેન સાથે યુદ્ધ થયું. તેમાં વ્રજપાલજીની હાર થતાં પોતે રસાલો લઈને શ્રીસ્થલ (સિદ્ધપુર)માં ''માતુગયા'' માટે આવ્યા હતા, ત્યારે તેમને શ્રીસ્થલથી ૫ માઈલ દૂર ''ઉમાપુર'' અર્થાત્ (ઊંઝા) ગામ વસાવ્યું હતું તેવા ઉલ્લેખો પુસ્તકોમાં નોંધાયેલા જોવા મળે છે.

વ્રજપાલજીએ પોતનું નાનું સ્વતંત્ર ગામ વસાવ્યું હતું. અને પોતાની કુળદેવી શ્રી ઉમિયા માતાની સ્થાપના કરી હતી. હાલમાં મોલ્લાતોના મોટા મ્હાડમાં માતાજીના મૂળ જૂના સ્થાનક તરીકેની જગ્યાથી પૂજાય છે. હાલનું જાણીતું થયેલ શ્રી ઉમિયા માતાજીનું ભવ્ય મંદિર ઈ.સ. ૧૮૮૫માં બંધાયેલું છે. ઈ.સ. ૭૪૬માં ચાવડા વંશના મુળ પુરૂષ વનરાજે ઊંઝાથી ૧૦ માઈલ દૂર અણહીલપુર પાટણ વસાવી ત્યાં પોતાની રાજધાની બનાવી હતી અને રાજ્યની લગામ પોતાના હાથમાં લઈ આસપાસની ખેડાણ જમીન પર રાજ્યકર (મહેસુલ) ઉઘરાવવા અને પડતર જમીનમાં ખેતીવાડી કરાવી રાજ્યની મહેસુલી આવક વધારવા ખાસ લક્ષ્ય આપ્યું. તેથી કૂર્મિઓના આગેવાન બીજા વ્રજપાલજી તેમજ કેટલાંક કુટુંબો પોતાની માલ-મિલકત લઈને ઊંઝા છોડી ઈડર તરફ ગયા અને ત્યાં કાવર અને જામળા નામના સ્વતંત્ર ગામો વસાવીને રહેવા લાગ્યા. કુર્મિઓ ગુજરાતમાં રહેવા છતાં સારા વર્ષે લગ્ન વગેરે પ્રકારના અવસરો સારૂ પોતાના મૂળ વતનમાં જતાં અને કેટલાંક ત્યાં રહી જતા હતા.

એક એવી હકીકત જાણવા મળે છે કે વનરાજ ચાવડાના રાજ્યઅમલ દરમ્યાન ઊંઝાની આસપાસના કણબીઓના સ્થળાંતરને કારણે ફળદ્રુપ જમીનો વેરાન બનવા લાગી હતી. પરિણામે, રાજ્યનું મહેસૂલ પણ ઘટવા લાગ્યું હતું. તેથી તેમને પ્રદેશ છોડી જતાં અટકાવવા વનરાજના મંત્રી ચાંપરાજે વિચાર કર્યો હતો. પરંતુ રાજસત્તાનો ઉપયોગ નિષ્ફળ લાગ્યો એટલે ધાર્મિક પ્રયોગ અજમાવવાનો વિચાર કર્યો. વનરાજના મંત્રી ચાંપરાજે તે સમયના ઉમિયા માતાના મંદિરના પૂજારીને પાટણ બોલાવી તેનું સન્માન કરી રાજ્યાશ્રય આપેલો. ત્યારબાદ ઊંઝાની આસપાસના કણબીઓ સ્થળાંતર ન કરે તે માટે કોઈ યોજના કરવાનું જણાવેલ. આના અનુસંધાનમાં ધાર્મિક પ્રયોગ અજમાવવાનું નક્કી કરી શરૂ કર્યું.

ચૈત્રી પૂનમના રોજ માતાજીના ઉત્સવ પ્રસંગે માતાજી સમક્ષ પૂજારી ધુણવા લાગ્યો અને પોતાનામાં માતાજીનો વાસ છે એમ કણબી આગેવાનોને કહેવા લાગ્યો. અપકારી કણબીઓ હું તમારા પર ક્રોધિત થયો છું, તમે મારા આશ્રમયાં રહીને આબાદ થયા છો. મહારોગથી મેં તમારૂં રક્ષણ કર્યું છે અને હવે તમે મને છોડીને જતાં રહો છો. જેથી મારી આજ્ઞા છે કે લગ્નપ્રસંગોએ તમો આ સ્થળેથી બહાર જશો નહીં. અહીંયા રહો અને સુખી થાઓ. દર ૯ કે ૧૦ વર્ષે જ્યારે મારા વાહન સિંહનું વર્ષ વીતી જાય, ત્યારે તમો તમારાં નાના-મોટા બધાં જ બાળકોના લગ્ન મારી છાયામાં રહીને કરો. તમે બધાં ભેગા મળીને અક્ષયતૃતિયા અર્થાત્ (અખાત્રીજ) એ પહેલું લગ્ન કરો. હું તમારું ક્ષેત્રય કરીશ, આમ કહી દેવી સ્વરૂપે પૂજારી શાંત થયાં.

ત્યારબાદ બધા કણબીઓએ લગ્ન નિમિત્તેનો હવે પછી લગ્ન કરવાનો વિધિ બ્રાહ્મણને પૂછ્યો. નાગરગોરે (બ્રાહ્મણે) જણાવ્યું કે તમે જેટલા કણબી કુટુંબના આગેવાન છો તેઓ સૌ પ્રથમ દેહશુદ્ધ કરી, જનોઈ પહેરી માતાજી આગળ યજ્ઞ કરો. પછી જે બાળકો કુંવારા હોય તે દરેકનો માંહેમાંહે વિવાહ કરો એટલે અખાત્રીજના દિવસે સર્વને હું પરણાવીશ. આમ અસલ ઉત્તર-હિંદમાંથી જુદા જુદા ૫૨ (બાવન) ગામેથી આવેલ બાવન કુટુંબોના આગેવાનોએ મળી માંહેમાંહે (અંદરોઅંદર) સંબંધો કર્યા અને અખાત્રીજના દિવસે એક જ મુહૂર્તે બધાને પરણાવ્યા.

આમ આ સમયથી એટલે કે ઈ.સ. ૭૪૬ની આસપાસ સામુદાયિક અર્થાત્ ''બંધુકાવિવાહ'' (બાધ્યાવિવાહ)ની પ્રથા ઊંઝા મુકામે શરૂ થઈ હતી. આજે પણ પાટીદારો ઉમિયા માતાને પોતાની કુળદેવી માને છે અને લગ્નના શુભપ્રસંગે પ્રથમ કંકોતરી ઉમિયા માતાને લખે છે. તેના જવાબમાં મંદિરનો પૂજારી સવાશેર કંકુ શુકનમાં મોકલી આપે છે. બાંધ્યા વિવાહનો રિવાજ કણબીઓમાં પ્રચલિત હતો, તેનું ઉદાહરણ કુમારપાળના સમયમાં મળી આવે છે. જેમ કે બંબેરા (ઈડર) ગામે એક જ દિવસે ૭૦૦ કન્યાઓના લગ્ન હોવાનો રાસમાળામાં ઉલ્લેખ છે.

કડવા કણબીઓ લગ્નની બાબતમાં લેઉઆ કણબીઓ કરતાં જુદા પડતા હતા. કડવા કણબીમાં લગ્ન ૧૦ કે ૧૨ વર્ષે આવતાં (થતાં) અને ઘોડિયામાં ઝૂલતા ચાલીસ દિવસના બાળકને પણ પરણાવી દેવામાં આવતું હતું. તેને સુપડામાં રાખીને ફેરા કરવામાં આવતા. જેથી જ કડવા કણબી જ્ઞાતિમાં એક કહેવત પડી હતી કે,

''અડધું છાણું ડોકલી ઘી, કડવો પરણે રાત ને દિ.''

ઊંઝામાં મોલ્લાત શાખાના મુખ્ય પટેલ બાજીદાસ ઘોભણદાસના ચિરંજીવી શામળદાસને ત્યાં ચોપડામાંથી માલુમ પડે છે કે ગયા ૧૫૦ વર્ષથી કડવા કણબીની જ્ઞાતિમાં દર ૧૦ વર્ષે એક જ વખતે લગ્ન થતાં. તે ફક્ત ઉનાળાનો દિવસ અને અખાત્રીજ નક્કી કરવામાં આવતી. કારણ કે તે જ્ઞાતિનો વ્યવસાય ખેતી હતો અને ઉનાળામાં ખેતીમાંથી નિવૃત્તિ મળતી. તેથી ઉનાળો જ ખેડૂતોને અનુકૂળ હતો. વળી, દર ૧૦ વર્ષે લગ્ન કરવાથી ખર્ચ ઓછું થાય તેવું પણ માનવામાં આવતું. ઉપરની કહેવત તેની સાક્ષી પૂરે છે.

દર દસ વર્ષે લગ્ન થતાં, તેમ છતાં લોકોમાં એવી કહેવત હતી કે કડવાના લગ્ન ૧૨ વર્ષે થાય છે. આ લગ્નસમયે સિદ્ધપુરના બ્રાહ્મણો (ગોર) ૭૫-૧૦૦ની સંખ્યામાં ઊંઝા મુકામે એકઠા થતા હતા. ઊંઝામાં કડવા કણબીની માતાજીનું સ્થાનક હતું. તેના વિશે તેમાં અહીંના લોકો એવું કહે છે કે તેમના જ્યારે વિવાહ થવાના હોય તે દિવસે સ્થાનકમાં કમાડ ઉઘડતા હતા અને ત્યાં કાગળ પડેલ હોય ત્યાં સુધી કમાડ બંધ રહેતા હતા. જે વર્ષે વિવાહ હોય તે વર્ષના અમુક દિવસે કમાડ ઉઘડતાં. જ્ઞાતિના બ્રાહ્મણોના કહેવા પ્રમાણે તેઓ કાર્ય કરતા હતાં.

કેટલાંક બ્રાહ્મણો કંકોતરીઓ લઈને કાઠિયાવાડ-નિમાડ વગેરે ઠેકાણે જતાં. તેઓ લોકોને કહેતા કે ''માતા બોલતા તો નથી, પરંતુ પરચો આપે છે.'' ત્યારબાદ પોતાનો મહિમા વધારવાની પરચાની કથા કહે છે કે, ''માતાના મંદિરમાં બારે પહોર અને બત્રીસે ઘજડી ઘીના દીવા બળતા રહે છે અને તેમાં નિયમિત પૂજારી ઘી પૂરતો. જે વર્ષમાં લગ્ન કરવાના હોય તે વર્ષમાં પરચો આપવાને સારૂ માતાના પ્રતાપથી સદર દીવાઓમાં નિયમિત ઘી પૂરાયેલું રહેતું અને ઘીની શગ (દિવેટ) અર્થાત્ (લાંબા સમય સળગતી રહેતાં જ્યોતમાં કાળો કાર્બન જામતો દેખાય છે તે) બંધાતી જતી હતી. પૂજારીને ખાતરી થકી કે આ વર્ષે માતા લગ્ન કરવાનો પરચો આપશે. એટલે તે પહેલાં આજુબાજુના ગામોના પટેલોને ખબર આપી ઊંઝા બોલાવી લેતા હતાં.

સિદ્ધપુરથી બ્રાહ્મણ (પંડિતો) આવતા અને લગ્ન જોશ (મુહૂર્ત) જોવાતા. સદર પટેલો અને તેઓ ભેગા મળી ૩ લગ્નતિથિની ત્રણ જુદી ચિઠ્ઠીઓ કરીને ત્રણ જુદા પડામાં બાંધી તે પડા માતાના મ્હોં આગળ મૂકતાં. એક પાંચ વર્ષની બાળકીને તેડી લાવીને તેની પૂજા કરીને મંડપમાં લઈ જતા અને સદર ત્રણ પડામાંથી એક ઉઠાવવાનું કહેતાં. તેમાંથી જે લગ્નતિથિ નીકળે તે તિથિ મંજૂર રાખતા. પણ તે પડાને વારેવારે ત્રણ લગ્નદિવસ નક્કી કરાતો અને પાડને વધાવી લેતા. તેજ પ્રમાણે માંડવરાતનો દિવસ નક્કી થતો તથા માણેકસ્તંભ રોપાનો તેમજ ગોત્રજ પૂજાનો વગેરે દિવસો પણ તેવી રીતે નક્કી થતા. આ સઘળી વાતો ભોળા ખેડૂતો સાચી માનતા અને બ્રાહ્મણોને દાનદક્ષિણા આપી જમાડી રાજી રાખતા હતાં.

બ્રાહ્મણો એક કથા કહેતા અને તેજ તારીખે લગ્ન કરવાનું સમજાવતા. છૂટા લગ્ન થઈ શકે નહીં તેવો ભય દેખાડતા હતા. પૂર્વમાં માળવામાં કડવા કણબીની વસ્તી હતી. ત્યાં પણ આજે મુહૂર્ત પ્રમાણે લગ્ન થતાં. કડવા પાટીદારોમાં શ્રી ઉમિયાદેવીના નામે ૧૦ વર્ષે લગ્ન કાઢવામાં આવતા. તે વખતે પાટલાવાળાઓ પોતાના બીજા ગોર રોકીને ગામડે-ગામડે માતાજીની કંકોતરીઓ લઈને જતા હતા. ત્યાં તેમને રોકડ રકમ મળતી અને ઘરદીઠ તે

બાંધેલી હતી. ૧૫ દિવસ સુધી તેઓ ત્યાં ધામા નાખીને રહેતા. બીજા પક્ષે કડવાના લગ્નવિધિ કરાવવામાં ઊંઝાના કણબીમાં રૂસાવત અને મોલ્લોત શાખાના અગ્રેસરો હતા. તેઓ દિલના ભોળા હતા. અહીંથી નીકળેલી લગ્નની તિથિનો જ્યાં જ્યાં કડવા કોમનો પાટીદાર વસતો તે તેનું પાલન કરતો એ તે દિવસે ''બાંધ્યાવિવાહ'' કરતો હતો.

આ બંધુકાવિવાહમાં કડવા કણબીઓની જ્ઞાતિમાં એક માસના નાના બાળકને પણ (છોકરાને) પરણાવવામાં આવતું હતું. બે સગર્ભા સ્ત્રીઓ પણ એકબીજા સાથે સુપડામાં ફૂલનો દડો લઈને ફેરા ફરતી હતી. જ્યારે બાળકનો જન્મ થાયત્યારે એક પુરૂષ અને સ્ત્રી બાળકોનો જન્મ થાય તો લગ્ન મંજૂર રહેતા, જ્યારે બંનેને છોકરીઓ અવતરે તો તે ફૂલના દડાને કૂવામાં નાખી દેવામાં આવતો અને લગ્ન ફોક ગણવામાં આવતું હતું.

એક હકીકત નોંધવી ઘટે કે જાન ૧૫ દિવસ સુધી રોકાતી હતી. પરંતુ જાનમાં ઝાઝા (ખાસ) માણસો આવતા નહીં. કારણ કે ઘેરઘેર લગ્નો હતા. ક્યારેક તો મા દીકરીને પરણાવવા ઘેર રહી હોય અને બાપ દીકરીને લઈ પરણાવવા ગયો હોય. કન્યા ઉંમર લાયક થાય ત્યારે તેનું ઉજણું કરી સાસરે મોકલવામાં આવતી હતી અને ફૂલના દડે પરણાવેલ કન્યાને રાંડેલી ગણવામાં આવતી હતી. કારણ કે ફૂલનો દડો કુવામાં નાખી દેવામાં આવતો જ્યારે બીજી વખતે ૧૦ વર્ષે લગ્ન આવે ત્યારે તેને પરણાવાતી, પરંતુ તેને ''હારિયાની કન્યા'' કહેવામાં આવતી. આમ બંને વચ્ચે ''ઉજણાની'' અને ''હારિયાની'' કન્યા જેવા ભેદો પડ્યા હતા. હારિયાની તે કન્યા અર્થાત્ જેનું ઊજણું થતું નથી તેવી કન્યા તેનાં બીજા લગ્ન ગણાતાં હતાં.

શંભુપ્રસાદ બેચરદાસ લશ્કરી પોતાના પુસ્તક ''ભરતખંડનો પ્રવાસ''માં લખે છે કે ઊંઝા ગામ ગાયકવાડ સરકારના તાબાનું છે. પ્રાચીન નામે એનું ''ઉમિયાપુર'' હશે અને તેનો અપભ્રંશ ''ઊંઝા'' છે. કડવા કણબી જ્ઞાતિની ઉમિયા માતાનું દેવાલય જોવાલાયક છે અને તેની સ્થાપના પ્રાચીનકાળની છે.

જ્ઞાતિની ઉમિયા માતાનું દેવાલય જોવાલાયક છે અને તેની સ્થાપના પ્રાચીનકાળની છે.

ગિરજાશંકર કાશીરામ ત્રિવેદી પોતાના પુસ્તક ''ભારત વર્ષની યાત્રા''માં લખે છે કે ઊંઝાનું બીજું નામ 'ઉમાપુર' છે. ગુજરાતમાં કણબી એટલે ખેડૂતોની એક ઉચ્ચ નાત (જ્ઞાતિ) વસે છે. કડવા કણબીનો મોટો ભાગ વેપારમાં જોડાયેલો છે અને બાકીનો ભાગ ખેડૂત છે. લેઉવામાં મોટાભાગના ખેડૂતો અને બીજા જાગીરદાર વેપારમાં સંકળાયેલા છે. વિરમગામ પાસેનું પાટડીનું નાનું સંસ્થાન કણબી જાગીરદારનું છે.

અંતમાં બાંધ્યાવિવાહ અર્થાત્ કડવાઓમાં દર ૧૨ વર્ષે લગ્ન કરવાનો રિવાજ હતો. આ લગ્નની ચિઠ્ઠી ઉમિયામાતાના મંદિરમાંથી મેળવવાનીહતી અને તે માતાજીના મંદિરમાં નાખવામાં આવતી. તેમાં લખેલ તારીખ લગ્ન માટે નક્કી થતી હતી અને કડવા પાટીદારોમાં એક જ દિવસે લગ્ન થતાં. તેની લગ્નતિથિ પણ ઊંઝાથી નક્કી થતી અને તે મુજબ ત્યાંથી કંકોત્રી લઈ લગનીઓ "અસારવા" જતાં ત્યાં કંકોત્રી વધાવવામાં આવતી હતી.

ડૉ. મંગુભાઈ આર. પટેલે પોતાના પુસ્તક રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી (ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતાના જીવનવૃત્તાંતનો અભ્યાસ ઈ.સ. ૧૮૧૮-૧૮૮૯) માં નોંધ્યું છે. તે મુજબ ઊંઝાથી જ્યારે બાંધ્યા લગ્નનો પડો આવતો હતો તે વધાવવાનો અધિકાર પાછળથી જ્ઞાતિબંધુઓએ લશ્કરી કુટુંબને આપ્યો હતો. આ પડો વધાવવા માટે શેઠ શ્રી બેચરદાસ લશ્કરી હવેલીથી પાલખીમાં બેસીને અસારવા ગોળનાં ગાડાં ભરીને જતા હતા. પ્રથમવાર ઉમિયામાતાથી પડો લાવનારા કેશવલાલ શેઠ હતા. જેઓ લશ્કરી કુટુંબના સંબંધી હતા. (જમાઈ થતા હતા.) આ પડો વધાવ્યા બાદ બાંધ્યા લગ્નની તારીખ જાહેર કરવામાં આવતી હતી અને ઊંઝાથી લગ્નની કંકોત્રી લઈને જતા (માણસો) અર્થાત્ ''લગનીયાઓ'' નામની ઓળખાતી વ્યક્તિઓએ કે જેઓ જ્યાં કડવા કણબીઓ વસતા હોય ત્યાં આ (લગ્નીયા) બ્રાહ્મણો કંકુ લઈને જતા હતા. આ પ્રથાને કારણે પાટીદારોમાં બાળલગ્નનો રિવાજ શરૂ થયો હતો. આ રિવાજને નાબૂદ કરાવવા માટે બેચરદાસ લશ્કરીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. એટલું જ નહીં, પણ બ્રિટિશ શાસકો અને સયાજીરાવ ગાયકવાની મદદથી આ બાબતમાં ગણી સફળતા પણ મેળવી હતી.

ટૂંકમાં વનરાજ ચાવડા (ઈ.સ. ૭૪૬)ના શાસનથી શરૂ થયેલ બંધુકા વિવાહની લગ્નપ્રથા ઈ.સ. ૧૯૯૨ની સાલ સુધી ચાલુ હતી. તે તારીખ ૨૪-૧-૧૯૯૨ના સ્પેશ્યિલ ઠરાવથી બરોડા સરકારે બાળલગ્ન પ્રતિબંધક કાયદો કર્યો હતો. તેથી દર ૧૨ વર્ષે થતાં લગ્નો બંધ થયાં અને પુખ્તવયે છૂટક વિવાહ કરવાનો રિવાજ શરૂ થયો.

કડવા પાટીદારમાં બાંધ્યાવિવાહની પદ્ધતિનું ઐતિહાસિક પરિક્ષેપમાં અધ્યયન

-શ્રીમતી અંજના એસ. પટેલ
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ - ગાંધીનગર

માનવ સમાજમાં ઈતિહાસની બહુમૂલ્યતા છે. ઈતિહાસમાં જીવન દર્શન કરાવવાની ક્ષમતા રહેલી છે. મનુષ્યને પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રેષ્ઠ માર્ગદર્શન ઈતિહાસ વડે જ પ્રાપ્ત થાય છે.

ઈતિહાસ હવે કોઈ કલ્પના, સ્વપ્નદર્શન કે મનોરંજનનો વિષય રહ્યો નથી. આજની સમસ્યાઓ ઉકેલવા ઈતિહાસ એક મહત્ત્વની કડી બની ચૂક્યો છે. ઈતિહાસ લેખનના ઉદ્દેશો અને સંદર્ભો બદલાઈ રહ્યા છે. વિસ્તૃત બની રહ્યા છે. ઈતિહાસ હવે કેવળ રાજા-મહારાજાઓ પૂરતો સીમિત રહ્યો નથી. પરંતુ ઈતિહાસના હૃદય સ્થાનમાં ''સંપૂર્ણ માનવી'' આવી ગયો છે.

ઈતિહાસનાં આ નવાં પરિણામો્ ને બદલાવાની સાથે જ્ઞાતિઓ, કુટુંબો અને વિસ્તારનો ઈતિહાસ પણ પ્રચલિત બની રહ્યો છે. આને અનુલક્ષીને કડવા પાટીદાર જ્ઞાતિમાં વર્ષો પહેલાં થતાં એક જ તિથિનાં લગ્ન એટલે કે ''બાંધ્યા વિવાહ'' નો રિવાજ ખૂબ મર્યાદામાં હતો. તે રિવાજનું ઐતિહાસિક અધ્યયન કરવાનો મેં પ્રયત્ન કર્યો છે.

આજે ભારતની દરેક જ્ઞાતિ પાસે પોતાનો ઈતિહાસ છે. પોતાના ઉદ્‌ભવ, વિકાસ અને સિદ્ધિઓને લઈને દરેક જ્ઞાતિ પોતાને ગૌરવવંતિ અનુભવી રહી છે. એ જ રીતે પાટીદાર જ્ઞાતિ પાસે પણ પોતાનો આગવો ઈતિહાસ હતો અને છે.

પાટીદારોમાં સમાજ સુધારણાનાં જે આંદોલનો થયાં છે. તે જ્ઞાતિ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાના શુભ આશયથી જ થયાં છે.

સામાજિક સ્તરના પરિવર્તનોએ પાટીદારોની રહેણીકરણીમાં પરિવર્તન આણ્યું. પાટીદારો પાસે પૈસો આવ્યો. આવક વધી, આથી રિવાજો પણ બદલાયા. અને પાટીદારો કલીનસાહી માયાજાળ અને મોહમાં સપડાયા. કુરિવાજો ઘર કરી ગયા. કન્યા વિક્રય, બાળવિવાહ, પ્રેતભોજન જેવા દૂષણો ઘર કરી ગયાં. આની સામે સુધારકોએ સુધારણા આંદોલન શરૂ કર્યું. સુધારાવાદીઓ સામે પ્રતિ સંઘર્ષ પણ કરવામાં આવ્યો.

કૂર્મીઓ ભારતના જુદા જુદા પ્રદેશોમાં વસવાટ કરે છે. તેઓ જુદી જુદી સંજ્ઞાઓથી ઓળખાય છે. પરંતુ ખાસ કરી કડવા પાટીદારોમાં આ રિવાજ પ્રચલિત હતો. તેઓ ભારતના કેટલાંક પ્રદેશોમાં ફેલાયેલા હતા. ગુજરાત અને મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનમાં તેમની વસ્તી ખૂબ હતી. ઉમિયા દેવીને તેઓ કૂળદેવી માને છે અને તેની આજ્ઞાથી લગ્નનું મુહૂર્ત કાઢતા હતા. કૂર્મિઓ 'સારા અવસર વખતે લગ્ન પ્રસંગે પોતાના માદરે વતન આવતા હતા.'

લગ્ન વગેરે અવસરો સારું પોતાના મૂળ વતનમાં જતા અને કેટલાક ત્યાં રહી જતા. એક એવી પ્રચલિત માન્યતા છે કે વનરાજ ચાવડાનો રાજ્ય અમલ દરમ્યાન ઉંઝાની આસપાસના કણબીઓના સ્થાળંતરને કારણે ફળદ્રુપ જમીનો વેરાન બનવા લાગી. પરિણામે રાજ્યનું મહેસુલ ઘટવા લાગ્યું હતું.આથી મંત્રીચાપરાજે તે સમયના ઉમિયા માતાના મંદિરના પૂજારીને પાટણ બોલાવી તેનું સન્માન કરી તેનો રાજ્યાશ્રય આપેલો. ત્યાર બાદ ઊંઝાની આસપાસના કણબીઓ સ્થળાંતર ન કરે તે માટે કોઈ યોજના કરવા જણાવ્યું. આના અનુસંધાનમાં ધાર્મિક પ્રયોગો અજમાવવાનો શરૂ કર્યો. ચૈત્રી પૂનમના રોજ માતાજીના ઉત્સવ પ્રસંગે માતાજી આગળ પૂજારી ધૂણવા લાગ્યો અને પોતાનામાં માતાજીનો વાસ છે એમકણબી આગેવાનોને જણાવીને કહેવા લાગ્યો કે કણબીઓ, હું તમારા પર ક્રોધિત છું તમે મારા આશ્રમમાં રહીને આબાદ થયા છો. મહારોગોથી તમારું રક્ષણ કર્યું છે અનેહવે તમે મને છોડીને જતા રહો છો ? લગ્ન જેવા ઉત્તમકાર્ય માટે વારંવાર બીજા વિભાગમાં જાઓ છો તેથી લગ્ન નિમિત્તે મળવો જોઈતો બલિ (નૈવેદ) મને મળતો નથી.તેથી મારા

આજ્ઞા છે કે લગ્ન પ્રસંગે તમો આ સ્થળેથી બહાર જશો નહિ. દર નવ કે દસ વર્ષે મારા વાહન સિંહનું વર્ષ વીતી જાય ત્યારે તમે તમારા નાના મોટા બધા જ બાળકોના લગ્ન મારી છાયામાં રહીને કરો. આ સાલમાં તમારી નિયભવી છે માટે બધા ભેગા મળીને અક્ષય તૃતીયાને પહેલું લગ્ન કરો. હું તમારું શ્રેય કરીશ. આમકહીને દૈવીસ્વરૂપ શાંત થયા. ત્યારબાદ સર્વે કણબીઓ લગ્ન નિમિત્તેનો હવે પછી કરવાનો વિધિ પૂછ્યો. નાગરે ગોરે જણાવ્યું કે તમે જેટલા કણબી કુટુંબના આગેવાન છો તેઓ સૌ પ્રથમદેહશુદ્ધ કરી જનોઈ પહેરી માતાજી આગળ ધરી કરો. પછી જે બાળકો કુંવારા હોય તે દરેકનો માંહે માંહે વિવાહ કરો. એટલે અખાત્રીજના દિવસે સર્વેને હું પરણાવીશ.

આ ઉપરથી અસલ ઉત્તર હિંદમાંથી જુદા જુદા ગામેથી આવેલા બાવન કુટુંબોએ માંહે માંહે મળીને સંબંધ કર્યા અને અખાત્રીજના દિવસે એક જ મૂહૂર્તે બધાને પરણાવ્યા. આ સમયથી એટલે કે ઈ.સ. ૭૪૬ની આસપાસ સામુદાયિક લગ્નપ્રથા ઊંઝા મુકામે શરૂ થઈ. આજે પણ મોટા ભાગની શાખાઓના પાટીદારો ઉમિયા માતાને કુળદેવી માને છે અને લગ્નના શુભ પ્રસંગે પ્રથમકંકોતરી ઉમિયા માતાને લખે છે.

બાંધ્યા વિવાહનો રિવાજ કણબીઓમાં પ્રચિલત હતો. તેનું ઉદાહરણ કુમારપાળના સમયમાં મળી આવે છે. બંબેશ (ઈડર) ગામે એક જ દિવસે ૭૦૦ કન્યાઓનાં લગ્ન હોવાનો ઉલ્લેખ રાસમાળામાં પણ છે.

કડવા પટેલ અને લેઉવા પટેલ બંનેના રિવાજો લગભગ સરખા હતા. બેટી વ્યવહાર ચાલતો, સીમંત ગીતો ગાવાની પ્રથા અને મૃત્યુ વખતના રિવાજ પણ સરખા હતા. પણ બંને લગ્નની બાબતમાં જુદા પડતા હતા. લેઉવા પાટીદારમાં છૂટાં લગ્ન થતાં જ્યારે કડવા પાટીદારમાં દર ૧૨ વર્ષે લગ્ન થતાં. કડવા પાટીદારના આ લગ્ન રિવાજને 'બાંધ્યા વિવાહ' એવું નામઆપવામાં આવ્યું હતું.

કડવા કણબીઓમાં લગ્ન દસ-બાર વર્ષે આવતું અને ઘોડિયામાં ઝૂલતા ૪૦ દિવસનાં બાળકને પણ પરણાવી દેવાતું. તેને સુપડામાં રાખી ફેરા ફરવામાં આવતા, કડવા કણબી જ્ઞાતિમાં એક કહેવત પડી હતી કે,

''અડાયું છાણું ડોકલી ઘી કડવો પરણે રાત ને દિ.''

ઊંઝામાં મોહલ્લાત શાખાના મુખ્ય પટેલ બાજીદાસ થોભણદાસના ચિ. શામળદાસના ત્યાં ચોપડામાંથી માલૂમપડે છે કે કડવા કણબીની જ્ઞાતિમાં લગ્ન દર વર્ષે એક જ વખતે થતાં હતાં. તે ફક્ત ઉનાળાનો દિવસ અને અખાત્રીજ નક્કી કરવામાં આવતી. કારણ કે જ્ઞાતિનો વ્યવસાય ખેતી હતો અને ઉનાળો જ ખેડૂતને અનુકૂળ હતો. વળી દસ વર્ષે લગ્ન કરવાથી ખર્ચ ઓછું થાય એવું પણ માનવામાં આવતું. ઉપરની કહેવત તેની સાક્ષી પૂરે છે.

લોકોમાં એવું કહેવાતું કે, 'કડવાનાં લગ્ન બાર વર્ષે થાય છે.' બરાબર દસ અગલ બરાબર બાર વર્ષનું છેટું દર બે લગ્નના અરસામાં હોતું નથી. પણ, સરાસરી લેતાં દસ વર્ષનું અંતર આવે છે. લગ્ન વખતે સિદ્ધપુરના ગોર ૭૫-૧૦૦ની સંખ્યામાં ઊંઝામાં એકઠા થતા અને મિષ્ટાન્ન જમતા, સઘળા કડવા કણબીઓ એમજ માનતા કે કુળદેવી શ્રી ઊમિયા માતા બોલે છે અને લગ્નનો હુકમઆપે છે. કણબીઓમાં વિદ્યા નહીં હોવાથી તેઓ બ્રાહ્મણોના કહેવા ઉપર જ આસ્થા રાખતા. બ્રાહ્મણો અને પૂજારીઓ બડાઈથી એવું તૂત ચલાવતાં કે 'કડવાઓની દેવી બોલી.'

કડવા કણબીની જ્ઞાતિમાં લગ્ન બાર વર્ષે માતા બોલે ત્યારે થતાં તે માટે ઊમિયા માતા સમક્ષ ચિઠ્ઠી નાખી. તેમાં જે તિથિ ઓ તે તિથિએ લગ્ન કરવાનાં રહેતાં. જોકે એવું પણ માનવામાં આવતું હતું કે, ઊંઝામાં કડવા કણબીની માતાનું સ્થાનક આવેલું છે. ત્યાં જ્યારે આ કોમનાં લગ્ન થવાનાં હોય તે વર્ષે કમાડ ઊઘડતા હતા અને ત્યાં એક કાગળ લખેલો પડ્યો હોય. આમદશ કે બાર વર્ષે જ્યારે લગ્ન થાય ત્યાં સુધી સ્થાનકનાં કમાડ બંધ રહેતા એવું માનવામાં આવતું હતું. ક્યારેક એવું પણ બનતું કે પુજારીને ખાતરી થતી કે આ વર્ષે માતા લગ્ન કરવાનો પરચો આપશે, એટલે તે ગામના પટેલોને ખબર આપી ઊંઝા બોલાવી તેના સિદ્ધપુરથી પંડિતો આવતા અને લગ્નના તિથિની ત્રણ જુદી જુદી ચિઠ્ઠીઓ કરી ત્રણ જુદા જુદા પત્ર કરી તે પત્ર માતાજીની આગળ મૂકતા. એક પાંચ વર્ષની બાળાને બોલાવી તેની પૂજા કરી મંડપમાં લઈ જતાં. અને માતાજી આગળ મૂકેલા ત્રણ પત્ર પહેલાં ત્રણ ત્રણ વાર તેમાંની લગ્નતિથિ મંજૂર રાખવામાં આવતી. અને પત્રને વધાવી લેવામાં આવતો. માંડવ રાતનો દિવસ, માણેક સ્તંભ

રોપવાની દિવસ અને ગોત્રજ પૂજા વગેરેના દિવસો પણ આ રીતે જ નક્કી કરવામાં આવતાય ત્યારબાદ બ્રાહ્મણો લગ્ન લઈને લગનીયા તરીકે સમગ્ર દેશમાં જ્યાં જ્યાં કડવા કણબીની વસ્તી રહેતી હતી ત્યાં જતાં. બુરહાપુર, નિમાડ, રાજસ્થાન, ખાનદેશ અને માળવા સુધી જતા. આ બધી જ વાતો ભોળા ખેડૂતો સાચી માનતા. બ્રાહ્મણો એક જ તારીખે લગ્ન કરવા સમજાવતા. છૂટા લગ્નો થઈ શકે નહીં તેનો ભય પણ દેખાડતા.

પૂર્વમાં માળવામાં કડવા કણબીની વસ્તી હતી. ત્યાં પણ આ રીતે જ લગ્નો થતાં. ૧૮૮૦ની સાલમાં એવું બન્યું કે ચોર લૂંટારાઓના ભયથી અને દેશ દૂર હોવાથી તેમજ અવરજવરનાં સાધન નહીં હોવાથી લગનિયાઓ ત્યાં જઈ શક્યા નહીં. લગભગ બે લગ્નમાં લગનિયાઓ ત્યાં જઈ શક્યા નહીં. એટલે ત્યાં કન્યાઓ મોટી થઈ ગઈ. એટલે ત્યાંના બ્રાહ્મણોએ કહ્યું કે, ''માતા તો સર્વ વ્યાપી છે. અહીં તેમની સ્થાપના કરી તમે લગ્ન કરો. પછી પૈસા ઉઘરાવી ઉંઝાના મંદિર જેવું મોટું મંદિર ત્યાં બંધાવ્યું. મૂર્તિ પધરાવવાના સમયે દેવળ તૂટી પડ્યું અને આગળ પડતા માણસો તેમાં દટાયા. આને તેમણે ચમત્કાર માન્યો અને માતાના હુકમવિના લગ્ન ન થાય તેવો ભય પેદા થયો.

કડવા પાટીદારોનાં શ્રી ઉમિયા દેવીના નામે દસ વર્ષે લગ્ન કાઢવામાં આવતા તે વખતે પાટલાવાળાઓ (સિદ્ધપુરના બ્રાહ્મણો) પોતાના બીજા ગોર રોકીને ગામડે ગામડે માતાજીની કંકોતરી લઈ જતા. ત્યાં તેમને રોકડ રકમમળતી. આ રકમઘરદીઠ બાંધેલી હતી. પંદર દિવસ ત્યાં ધામા નાખીને રહેતા. બીજી બાજુ કડવાના લગ્નની તિથિ કાઢવામાં ઊંઝાના કાગલીમાં રૂસાવત અને મોહલોત શાખાના અંગ્રેસરો હતો. અહીંથી નીકળેલી લગ્ન તિથિનું કડવા કોમના પાટીદાર પાલન કરતો અને બાંધ્યા વિવાહ કરતો.

૪૦ દિવસનું સુવાવડનું સુતક લાગતું હોવાથી ૪૦ દિવસની અંદરના છોકરાને પરણાવવાનું નહીં પણ ૪૦ દિવસની ઉપરના બાળકોને પરણાવવામાં આવતાં. આને પરિણામે કજોડ અને બાળલગ્નો સર્જાયા.

જાન પંદર દિવસે રોકાતી, પણ ઝાઝા માણસો આવતા નહીં કારણ કે ઘેર ઘેર લગ્નો થતાં, ક્યારેક એવું પણ બનતું કે મા દીકરીને પરણાવવા ઘરે રહી હોય અને બાપ દીકરાને લઈને પરણાવવા ગયો હોય. આ સમયે લગભગ બધાં જ છોકરા-છોકરીઓને પરણાવી દેવામાં આવતાં. કેમકે જો ન પરણાવે તો બાર વર્ષે લગ્નનો વારો આવે. અને છોકરો કે છોકરી મોટીં થઈ જાય. તેવું કડવા કણબી માનતા હતા. આથી ક્યારેક એવું પણ બનતું હતું. કે દીકરીને મુરતિયો ન મળતો હોય તો ભાડાનો મુરતિયો લાવીને પરણાવવામાં આવતી. લગ્ન પૂરાં થઈ જાય પછી છોકરો તેના ઘરે જતો રહેતો અને છોકરી તેના બાપના ઘરે જતી રહેતી. ફરી જ્યારે બાર વર્ષે લગ્ન આવતાં ત્યારે તેને બીજા મુરતિયા સાથે પરણાવી સાસરે મોકલવામાં આવતી. ક્યારેક ફૂલના દડા સાથે પણ પરણાવવામાં આવતી. ફૂલના દડા સાથે પરણાવેલી કન્યાને રાંડેલી ગણવામાં આવતી. કારણ કે તે ફૂલનો દડો કૂવામાં નાખી દેવામાં આવતો. બીજા લગ્ન ખૂલે ત્યારે તેને પરણાવવામાં આવતી. આવી કન્યાને 'હારિયાની' કન્યા કહેવામાં આવતી, આમઉજણાની અને હારિયાની કન્યા એવા ભેદ પડ્યા. હારિયાની કન્યા એટલે જેનું ઉજાણું થતું નથી તેવી કન્યા. તેના બીજા લગ્ન ગણાતાં.

લગભગ આવા જ સંદર્ભમાં કડવા પાટીદારોના લગ્નની ઉત્પત્તિ વિષે શંભુપ્રસાદ બેચરદાસ લશ્કરીએ ૧૮૯૨માં લખેલ પુસ્તક 'ભારત પ્રવાસ'માં વાત કરેલી છે. આ ઉપરાંત 'ભારત વર્ષની યાત્રા' નામના પુસ્તકમાં તેના લેખક ત્રિવેદી ગિરજાશંકર કાશીરામતેનાથી થોડોક જુદાં મત રજૂ કરતાં જણાવે છે કે, કડવાઓમાં બાર વર્ષે લગ્ન કરવાનો રિવાજ છે. આ લગ્નની ચિઠ્ઠી માતાજીમાં નાખવામાં આવે છે. માતાજી 'હા'નો જવાબ આપે તો જ લગ્ન થઈ શકે છે. આ લગ્નમાં ગર્ભવાળી બે સ્ત્રીઓ પણ ફેરા ફરે છે અને બંનેને જો પુત્રી કે પુત્ર આવે તો લગ્ન ફોક ગણાય છે.

કડવા પાટીદારમાં લગ્નનો દિવસ કેવી રીતે નિર્માણ થતો તે અંગેની રસપ્રદ માહિતી 'કડવા વિજય' સામાયિકમાં જોવા મળે છે.

બ્રિટિશ શાસનમાં કેળવણીની શરૂઆત થતાં કડવા કોમના બ્રિટિશ શાસનમાં કેળવણીની શરૂઆત થતાં કડવા

કોમના ઘણા લોકોએ યુનિવર્સિટી અને પાઠશાળાની ઊંચી ડિગ્રી મેળવતાં તેમનામાં સારું નરસું પારખવાની વિવેકશક્તિ જાગ્રત થઈ. હવે તેઓ એવું વિચારતા થયા કે, આપણી કોમની સાંસારિક, ધાર્મિક તેમજ વ્યવહારિક સ્થિતિ ઘણી અધોગતિ પામેલી છે. આપણી આંતરિક જિંદગીમાં કેટલાયે હાનિકારક અને અનિષ્ટ રિવાજો પેસી ગયા છે. તે દૂર કરવા હાલની સ્થિતિમાં સુધારો કરવો આવશ્યક છે. દસ વર્ષના અંતરે એક જ દિવસે નાના મોટા છોકરાઓનાં લગ્ન કરવાના રિવાજથી થતી હાનિ વિષે પણ તેઓ સભાન બન્યા હતા. તેમને સ્વાભાવિક રીતે જ એવા પ્રશ્નો થવા માંડ્યા કે,

૧. દર દસે કે બાર વર્ષે એક જ વખતે છોકરા-છોકરીનાં લગ્ન કરવાનું કારણ શું?
૨. આપણી જ્ઞાતિનાં સર્વે છોકરા-છોકરીનાં લગ્ન એક જ દિવસે થાય છે. જ્યારે બીજી જ્ઞાતિમાં છૂટાં લગ્ન થાય છે. આવાં છૂટાં લગ્ન આપણી જ્ઞાતિમાં નહીં થવાનું કારણ શું?
૩. શું માતા બોલે છે ? લગ્નનો દિવસ ક્યા ધોરણથી નક્કી થાય છે ? લગ્ન દિવસ નક્કી કરવામાં શ્રી ઉમિયા દેવીની સહાય વગર હુકમકેવી રીતે મેળવવામાં આવે છે?
૪. ઘોડિયામાં ઝૂલતા ૪૦ દિવસના બાળકને પણ પરણાવી દેવાની આજ્ઞા શ્રી ઉમિયા માતાએ આપી છે ? આવી માન્યનતાનું કંઈ પ્રમાણ છે?

આમશિક્ષણ પામેલો કોઈ એક વર્ગ સુધારક તરીકે આગળ આવ્યો. તેઓએ લોકોને જણાવ્યું કે માતા કંઈ બોલતા નથી કે પરચો પણ આપતા નથી. પણ કડવા કણબીની અજ્ઞાનતાનો લાભ લઈને બ્રાહ્મણો આવું જુઠાણું ફેલાવે છે.

કડવા કણબીના આવા 'બાંધ્યા વિવાહ'ના રિવાજ વિષે પર જ્ઞાતિના જિજ્ઞાસુઓ પૂછપરછ કરે છે.

સુધારકોના કહેવા પ્રમાણે લગ્નની તિથિ બ્રાહ્મણો અને ઊંઝા પાટીદારોમાં રુસાવત અને મોલ્લાત દ્વારા નક્કી કરવામાં આવે છે. રુસાવત અને મોલ્લાત શાખાના અગ્રેસરો અક્ષર શૂન્ય અને ભોળા છે. પણ તેમને આમાં કોઈ સ્વાર્થ નથી. પણ બ્રાહ્મણોનો આ પ્રમાણે લગ્નની તિથિ નક્કી કરવામાં સ્વાર્થ રહેલો છે. જે વર્ષમાં કડવા કણબીના લગ્ન થાય છે તે વખતે જેટલી કમાણી તે આખા વર્ષમાં નથી કરી શક્તા તેથી વિશેષ કમાણી દરેક બ્રાહ્મણ આ બે-ત્રણ મહિનામાં કરી શકે છે. આવો સ્વાર્થ તેમનાથી કેમછોડી શકાય ? આથી ભોળી કડવી કોમને સદર રિવાજ નાબૂદ ન થાય એ જ રસ્તે દોરવાને પ્રયત્ન જારી રાખવો એ પોતાનું કર્તવ્ય સમજ્યું છે.

હિન્દુસ્તાનમાં આપણે હિન્દી કારભારમાં ભાગ લઈને તથા રાજ્યમાં વિશેષ હક્ક મેળવવા પ્રયત્ન કરીએ છીએ. હજારોના ખર્ચ કરી કોંગ્રેસ અને કોન્ફરન્સો ભરીને સુધારો કરવા મથીએ છીએ. આવા વખતે આપણે કડવા કણબી લોકોએ કે જ્યારે આપણે બી.એ., એમ.એ. ડિગ્રી મેળવવામાં ભાગ્યશાળી થયા છીએ ત્યારે આપણે આપણા હિતમાં જાગૃત ન થવું જોઈએ?

આપણી કુળદેવી શ્રી ઉમિયા માતા લગ્ન દિવસ નક્કી કરે છે તે માત્ર ભક્તિ જ છે. બીજું માતાએ કોઈ ૪૦ દિવસના છોકરાને પરણાવવાનું ફરમાન આપ્યું નથી.

આપણા હિન્દુઓ પર અનિયમિતતાનો દોષ મૂકવામાં આવે છે. છતાં આપણે આપણા લગ્ન કાર્યમાં જરા પણ અનિયમિત નથી. નક્કી થયેલા દિવસે જ છોકરાં પરણાવી દઈએ છીએ. કડવા પાટીદારમાં આ લગ્ન રિવાજને કારણે બાળલગ્નો પણ વધી ગયાં છે.

કડવા પાટીદાર લોકોમાં આવતી જાગૃતિને કારણે ધીમે ધીમે તેમના સામાજિક કુરિવાજોમાં સુધારો લાવવા પ્રયાસો થવા લાગ્યા. મહારાજા સયાજીરાવ ગાયકવાડે પણ સુધારા માટે પ્રયાસ કર્યા. નામદાર સયાજીરાવ ગાયકવાડને પાટીદાર જ્ઞાતિમાં પેસી ગયેલા બાળલગ્નના રિવાજને કાયદાની રુએ નાબૂદ કરવા માટે વિનંતી કરવામાં આવેલી. 'નામદાર મહારાજા સયાજીરાવને નમ્રતાપૂર્વક વિનંતી' એ લેખ ગુજરાતી પંચના તા. ૬ઠ્ઠી માર્ચ ૧૯૧૦માં છપાયો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, નામદાર ગાયકવાડ મહારાજ અત્યંજોની ઉન્નતિ માટે અને તેમની સ્થિતિ સુધારવા માટે ઘણા પ્રયત્નો કરે છે તેથી મહારાજને પ્રાર્થના કરવાની જરૂર પડે છે કે, જેટલી કાળજી મહારાજા અત્યંભે માટે બતાવે છે એટલી કડવા કોમજે બાળલગ્નરૂપી રાક્ષસના

પંજામાં સપડાઈને અત્યંજો કરતાં પણ અધમસ્થિતિએ પહોંચી છે. તેના તરફ બતાવશો. જ્યાં સુધી કડવા પાટીદારો બાળલગ્ન કરતાં અટકશે નહીં ત્યાં સુધી કેળવણીનો લાભ પણ તેઓ લઈ શકવાના નથી. તેથી નામદાર ગાયકવાડ સરકારને ઘણી જ નમ્રતાપૂર્વક અરજ કરવાની કે બાળલગ્ન પ્રતિબંધક ધારાની રૂએ કડવા પાટીદારોમાં થતાં બાળલગ્નો અટકાવવાં.

આ ઉપરાંત, બાળલગ્નોનાં વિરોધ દર્શાવતી એક પત્રિકા (કડવા પાટીદારના હિતાર્થે એક સૂચન યાને યાચન) છૂટી વેચાઈ હતી.

બાંધ્યા વિવાહ અંગેનો વિવાદ

બાંધ્યા વિવાહ માત્ર પાટીદાર કોમમાં જ નહિ પણ અન્ય જ્ઞાતિઓ માટે પણ આશ્ચર્યકારક રિવાજ બની ગયો હતો. આ વિવાહ અંગેની ચર્ચાઓ અને તે અંગેના સામસામા દાવાઓ પણ શરુ થયા હતા. આ દાવાના વિવાદ છેક ગાયકવાડ સરકાર સુધી પહોંચ્યા હતા. ઊંઝામાં લગ્નનું મુહૂર્ત કાઢવા અંગે ગાયકવાડે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવો પડ્યો હતો. દરબાર શ્રી સૂર્યમલજીએ પણ આ બાબતમાં લવાદ બનવું પડ્યું હતું.

કડવા પાટીદારોમાં એક પક્ષ રૂઢિમાં માનતો - બીજો પક્ષ સુધારામાં માનતો. એક પક્ષ એવું માનતો કે માતાજીની આજ્ઞા ઉથાપી શકાય નહીં. રૂઢિ તોડવાથી પાપ લાગે. બીજો ૧૯મી સીદની સુધારણાની ચળવળની હવાને કારણે કડવા પાટીદાર જ્ઞાતિ પછાતપણામાં જીવે તે સહન કરવા તૈયાર ન હતો. 'જ્ઞાતિ સુધારણાની જે ઝુંબેશ ચાલી તેમાં ગુજરાતના બુદ્ધિજીવી જ્ઞાતિ આગેવાનો ઉપરાંત કેટલાંક અંગ્રેજ અમલદારોએ પણ સાથ આપ્યો હતો. પાટડી દરબાર સૂર્યમલજી, વિરમગામના દેસાઈઓ અને ગાયકવાડ સરકારે પણ એક તિથિનાં લગ્ન બંધ કરાવવા પ્રયાસો કર્યા હતાં.

ઊંઝાના કેટલાક પટેલીયાઓ અભણ હતા. તેઓ આવી રહેલા પરિવર્તનને સ્વીકારવા માટે તૈયાર ન હતા. બીજો પક્ષ ગમે તે ભોગે આ રૂઢિ તોડવા માટે તત્પર હતો. કેટલાક જ્ઞાતિ આગેવાનોએ છૂટક લગ્ન કરવાની ઝુંબેશ શરૂ કરી. સૌ પ્રથમ સુરત અને ભાવનગરે બાંધ્યા વિવાહનું મુહૂર્ત નહીં સ્વીકારી પોતાના આગવા મુહૂર્ત કાઢ્યાં. પુરૂષોત્તમપરીખ અને ભરૂચના ચુનીલાલ વનમાળી દાસે છૂટક લગ્નમાં પરણવાનું સ્વીકાર્યું. ભાવનગરમાં પણ છૂટક લગ્ન થયાં. હીરાલાલ વસંતદાસે પોતાના દીકરાને છૂટક લગ્નમાં પરણાવ્યા. આમ, કડવા કણબીની જ્ઞાતિમાં બાંધ્યા વિવાહનો જે રિવાજ હતો તેને કારણે બાળલગ્નો ઉભાં થયાં હતાં. બાંધ્યા વિવાહનો રિવાજ દૂર કરવા માટે સુધારકો આગળ આવ્યા હતા. પણ સુધારકો અને રૂઢિચુસ્તો વચ્ચે સંઘર્ષ ઉભો થયો. કડવા કણબીની જ્ઞાતિના કહેવાતા પટેલો સુધારકો વિરોધ કરવા લાગ્યા. વળી લગ્ન કાઢતા અને લગ્નનો પડો વધાવવા બાબતે પણ ઝઘડો જોવા મળતો હતો. ઊંઝામાંથી નીકળતા લગ્ન વધાવવા માટે અસારવાના પટેલ વસતા ઘેલજીના કુટુંબીઓએ દાવો કર્યો, જે રૂઢિમાં માનતાં. બીજો દાવો બેચરદાસ લશ્કરી તરફી માણસોએ કર્યો કે જેઓ સુધારો કરવામાં માનતા હતાં.

આ આખી લડાઈમાં બેચરદાસ લશ્કરીના પક્ષવાળાનો વિજય થયો. ગાયકવાડે તેમની તિથિ માન્ય કરી.

છૂટાં લગ્નો અને સમાજમાં પડેલા તેના પ્રત્યાઘાતો

'કડવા પાટીદાર જ્ઞાતિમાં ચાલતાં ૧૨ વર્ષીય પ્રાચીન રૂઢિને તોડવા અનેક યુવાનો મેદાનમાં આવ્યા. સુધારાવાદીઓ, રૂઢિવાદીઓ, મધ્યમમાર્ગીઓ, પાટડીના રાજવીઓ, વિરમગામના દેસાઈઓ અને ગાયકવાડ સરકાર દ્વારા આ પ્રશ્નને ઉકેલવા વગેરેને કારણે લાંબા સંઘર્ષ બાદ સંવત ૧૯૬૯-૭૦ (ઈ.સ. ૧૯૧૩)માં છૂટા લગ્ન શરૂ થયાં.

કડવા પાટીદારોની ૧૦ કે ૧૨ વર્ષીય લગ્ન વ્યવસ્થા ધર્મ સાથે સીધી રીતે જોડાયેલી હતી. એટલે ધર્મની સાથે જોડાયેલો કોઈ રિવાજ દૂર કરવો તે ઘણો જ મુશ્કેલ ગણાય. કારણ કે માનવમાત્ર ધર્મથી ડરીને ચાલનારો છે. આમછતાં સુધારાવાદીઓનો વિજય થયો. છૂટા લગ્નમાં પરણનારનું બહુમાન કરવામાં આવ્યું. ધીરે ધીરે છૂટક લગ્નનો પ્રચાર શરૂ થયો.

બીજી બાજુ વડોદરા રાજયના પ્રજામંડળમાં બેસતાં પ્રજામંડળના પાટીદાર સભ્યોમાં પણ કેટલાં વર્ષે લગ્ન થાય

તે અંગે મતભેદ પડ્યા. પણ સયાજીરાવ ગાયકવાડે ખેડૂત (કણબી) આવી અજ્ઞાનતમાંથી બહાર આવે તે હેતુથી 'બાળલગ્ન પ્રતિબંધક એક્ટ' વડોદરા રાજ્યમાં દાખલ કર્યો. આ કાયદાની સ્વીકૃતિ બ્રિટિશ સરકારે પણ કરી. કડવા પાટીદારો ભારતના અનેક સ્થળોમાં વસતા હતા. નિમાડમાં હોલ્કરનુંરાજ્ય હતું. તેથી હોલ્કરે પણ બાળ લગ્ન પ્રતિબંધક કાયદો કર્યો. માળવામાં બાળ લગ્ન અટકાવવા માટે સિંધિયાએ પણ કાયદા ઘડ્યા. આટલું કરવા છતાં જ્યારે દશ વર્ષીય લગ્ન આવ્યાં ત્યારે પાટીદારોએ મોટો દંડ ભરીને બાળલગ્ન પ્રતિબંધક એક્ટનો ભંગ કર્યો. અનેક પટેલ દંડાયા. સંવત ૧૯૭૧ વર્ષ એ છેલ્લા વિવાહનું વર્ષ હતું. ત્યારબાદ છૂટક લગ્નો થવાના શરુ થયાં. રૂઢિ તોડવી કેટલી મુશ્કેલ છે તેનો અભ્યાસ કરવા નીચેની માહિતી ખૂબ પૂરક બને છે. ૧૯મી સદીની ગુજરાતી પ્રજાના કેટલાક વર્ગોમાં અમુક માન્યતાઓ અને રૂઢિઓ પ્રચલિત હતી. ખાસ કરીને દેશાટન કરવાની મનાઈ, બાળલગ્ન, ભૂતપ્રેત, મેલીવિદ્યામાં શ્રદ્ધા, દહેજ, પહેરામણી, છોકરીને દૂધ પીતી કરવાની, વિધવા વિવાહની મનાઈ વગેરે ચાલ ઘર કરી બેઠા હતાં.

આ જ રીતે કડવા કણબીમાં ગણા કુરિવાજો ઘર કરી ગયા હતા.તેમાંય ધ્યાન ખેંચે તેવો રિવાજ એ હતો કે કડવા કણબીની જ્ઞાતિમાં દર વર્ષે એક જ તિથિએ લેવામાં આવતા. આ સમયનો પાટીદાર સામાજિક, આર્થિક અને રાજકીય રીતે પછાત હતા. તેનું કારણ તેમની અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને સામાજિક કુરિવાજો છે.

તે સમયના કુરિવાજોની ઝાંખી સાહિત્યમા પણ જોવા મળતી હતી. ભવાઈના વેશોમાં અસાઈટ ટાકરે 'કજોડાનો વેશ' લખીને આ રિવાજની ઝાંખી કરાવી છે.

આ ઉપરાંત કડવા પાટીદાર સમાજમાં બીજા પણ ઘણા કુરિવાજો હતા. આ રિવાજો દૂર કરવા અને કડવા પાટીદાર સમાજમાં સુધારો લાવવા માટે પુરુષોત્તમપરીખે કડવા પાટીદાર કોન્ફરન્સ બોલાવવા હિમાયત કરી. 'કડવા પાટીદાર સમાજ સુધારક પરિષદ' અથવા 'કડવા પાટીદાર શુભેચ્છક સમાજ' ના નામે ૧૯૦૦થી ઇ.સ. ૧૯૬૦ સુધી આ સંસ્થાની વાર્ષિક પરિષદો ભરાતી રહી. જુદી જુદી પરિષદો દ્વારા માત્ર ગુજરાતમાં જ નહીં પણ જ્યાં કડવા પાટીદારો વસતા ત્યાં માળવા, નિમાડ, ખાનદેશ, બુરહાનપુર, રાજસ્થાન વગેરે સ્થળે કડવા જ્ઞાતિના કુરિવાજો સામે જેહાદ જગાડવામાં આવી.

જ્ઞાતિ સુધારણા માટે નાની નાની સભાઓ ૧૯૬૦માં ભરવામાં આવી. ૧-૩-૧૯૭૦માં 'કડવા પાટીદાર હિતવર્ધક સભાની સ્થાપન કરવામાં આવી. ૧૯૦૯ થી ૧૯૫૫ સુધી ૧૮ જેટલી પરિષદો ભરાઈ. સૌરાષ્ટ્ર પાટીદારે પરિષદ, અખિલ ભારતીય કુણબી પરિષદ, કચ્છી પાટીદાર પરિષદ અને પાટીદાર પરિષદ જેવી પરિષદો મળી. જેમાં પાટીદારોના કુરિવાજો અંગે ઠરાવો રજૂ કરવામાં આવ્યા. ૧૯૧૮, ૧૯૧૯ અને ૧૯૨૦માં કડવા પાટીદાર સુધારણા યુવક મંડળની પરિષદો પણ મળી. જેમાં હોમરુલીસ્ટ બાર-એટ-લો મગનભાઈ, અને સરદાર વલ્લભભાઈ પટેલ, દરબાર ગોપાળદાસ જેવા મહાનુભાવો આ પરિષદોના પ્રમુખો બન્યા હતા. આ ઉપરાંત કડવા પાટીદારોની બે મહિલા પરિષદો પણ મળી હતી. આમ, સ્રીઓ પણ જાગ્રત બની હતી. સુધારાઓએ વેગ પકડ્યો હતો. તેમનું ધ્યેય એક જ હતું. કુરિવાજો નાબૂદ કરો અને વિદ્યા વાપરો.

આમ, આ પરિષદો દ્વારા બાર વર્ષે આવતા સામુહિક લગ્નની સામે આ લોકોએ ભારે જેહાદ જગાવી, તેની સામે કેટલાંક જ્ઞાતિમુખપત્રો પણ ચલાવ્યાં હતાં. શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં સમૂહ લગ્નોત્સવની શરુઆત વનરાજ ચાવડાના વખતમાં થઈ હતી. તે સમય ઈ.સ. ૭૪૬નો ગણાય. આ લગ્નો સંવત ૧૯૬૬ સુધી (૧૯૧૦) ચાલ્યા અને ત્યારબાદ સુધારાઓના આંદોલનને કારણે તેનો અંત આવ્યો.

પ્રો. અંજના એસ. પટેલ

'કડવા પાટીદારમાં બાંધ્યો વિવાહ લગ્ન પદ્ધતિ ઐતિહાસિક પરિપ્રેક્ષમાં' અપ્રગટ વધુ શોધ નિબંધ, એમ.ફિલ. ગુજરાત યુનિ.૧૯૯૧)

કડવા પાટીદારોમાં ૧૨ વર્ષે લગ્ન કરવાનો રિવાજ કઇ રીતે આવ્યો હતો?

- પ્રો. અંજના એસ. પટેલ

આપણા સમાજમાં અત્યારે સમૂહ લગ્નોનો પવન ફૂંકાઈ રહ્યો છે. ગઈ વસંતપંચમીના જ સિકંદરાબાદ, નાગપુર, કોલ્હાપુર, હુબલી, ત્રિચીનાપલ્લી જેવા શહેરમાં જ્ઞાતિ દ્વારા સમૂહલગ્ન સમારંભનું આયોજન થઈ ગયું.

કચ્છમાં પણ અખાત્રીજના હવે ગામે ગામ સમૂહલગ્નો થવા માંડ્યા છે. શિક્ષણને કારણે સામાજીક ક્ષેત્રે આવેલ આ ક્રાંતિ હવે સમાજના છેવાડાના ઘર સુધી પહોંચી ગઈ છે તે આપણા માટે આનંદની વાત છે.

પણ કડવા પાટીદાર જ્ઞાતિમાં અગાઉ અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાને કારણે દર ૧૨ વર્ષે લગ્ન કરવાનો કુરીવાજ પણ પ્રચલિત બન્યો હતો. ઘોડિયામાં ઝૂલતા ૪૦ દિવસના બાળકને પણ આ "બાંધ્યા વિવાહ" વખતે પરણાવી દેવામાં આવતું કારણ બીજા લગ્ન વળી ૧૨ વર્ષ પછી જ થતાં !

ગુજરાતના કડવા પાટીદારોમાં આ ૧૨ વર્ષે લગ્ન કરવાનો રીવાજ કઈ રીતે પ્રચલિત થયો તે અંગે પ્રો.શ્રીમતી અંજના પટેલે સંશોધન કરીને લખેલ લઘુ નિબંધ અત્રે પ્રસિદ્ધ કરેલ છે. આશા છે કે જ્ઞાતિની વર્તમાન પેઢીને તેમાંથી સમાજના ઈતિહાસ અંગે એક નવી જ જાણકારી મળશે.

- તંત્રી

પ્રચલિત લગ્નપદ્ધતિ

આપણે અસલ સ્થાન પંજાબ છોડી ઊંઝા આસપાસ આવી વસ્યા, ત્યાં આબાદ થયા અને એક નાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું તે વગેરે હકીકત આપણે ગત પ્રકરણોમાં જોઈ ગયા છીએ, પરંતુ જ્યારે ઈ.સ. ૭૪૬ માં ચાવડા વંશના મૂળ પુરુષ વનરાજે આપણા નાના રાજ્યથી માત્ર ૧૦-૧૨ માઈલ ઉપર જ અણહિલ પુર પાટણ વસાવી ત્યાં પોતાની રાજધાની કરી અને રાજ્યની લગામ હાથમાં લીધી ત્યારે તેના રાજનીતિનિપુણ પ્રધાન ચાંપરાજે આસપાસની ખેડાણ જમીનનું મહેસૂલ ઉઘરાવવા અને પડતર જમીનમાં ખેડીવાડી કરાવી રાજ્યનું મહેસૂલ વધારવામાં ખાસ લક્ષ આપ્યું. તેથી કૂર્મીઓના આગેવાન બીજા વ્રજપાલજી તેમ જ કેટલાંક કુટુંબો પોતાની માલમિલકત લઈ, તે સ્થાન છોડી ઈડરના રાજ્ય તરફ ગયાં અને ત્યાં સ્વતંત્ર ગામો વસાવીને રહેવા લાગ્યાં. બીજાં પણ ઘણાં કૂર્મી કુટુંબો ઊંઝા છોડી તેમની પાછળ તે સ્થાનોમાં જઈ સ્વતંત્રપણે રહેવાને લલચાયાં. વળી, હાલ આપણે જોઈએ છીએ કે ધંધાર્થે વિદેશ જઈ ત્યાંના લોકો સાથે ગાઢ પરિચય થવાથી જુદા જુદા પ્રકારના વ્યવહારો બંધાવા છતાં તથા બંને વેવાઈઓ તે જ ભાગમાં સાથે રહેવા છતાં પણ લગ્ન વગેરે પ્રસંગોએ ભાડાં ખરચી, અનેક અગવડો વેઠી લોકો પોતાને ઘેર આવે છે, તે પ્રમાણે તે વખતના કૂર્મીઓ પણ ગુજરાતમાં રહેવા છતાં સારા વર્ષે લગ્ન વગેરે પ્રકારનાં ટાણાં કરવા પોતાના પ્રથમના સ્થાને જતા અને કોઈ કોઈ ત્યાં પણ રહી જતા. ઓણ સાલની ગ્રીષ્મઋતુમાં ઘણા કણબીઓ ઈડર તરફ લગ્ન કરવા જવાના છે તેવી ચાંપરાજને ખબર પડવાથી તેનું દિલ વિશેષ શંકાશીલ બની અધીરું થયું. તેથી ઊંઝા વગેરે વિભાગને પોતાની ખંતીલી ખેતીવાડીથી જેમણે નંદનવન સમાન રમણીય બનાવી મૂક્યો હતો તે કણબીઓ આ પ્રમાણે દેશ છોડી

એક પછી એક ચાલ્યા જાય તો પડતર જમીન ખેડાવી મહેસૂલ વધારવાને બદલે ઊલટાનું ખેડાણ જમીન પણ પડતર રહે તેવો ભય ઊભો થયો, તેથી પ્રધાન ચાંપરાજે આ લોકોને દેશ છોડી જતા અટકાવવાનો વિચાર કર્યો. તેમને નાસભાગ કરતા અટકાવવા માટે રાજસત્તાનો ઉપયોગ નિષ્ફળ જણાયો, તેથી કોઈ ધાર્મિક પ્રયોગ અજમાવવાનો ઈરાદો કર્યો અને તે માટે તે યોગ્ય સહાયક શોધી કાઢવાની તજવીજ કરવા લાગ્યો.

પોતાની યુક્તિ પાર પાડવાની તજવીજમાં પ્રધાન ચાંપરાજ હતો તેવામાં તેને માલૂમ પડી આવ્યું કે કણબીઓએ સ્થાપેલ ઉમાદેવીનો પૂજારી એક નાગર બ્રાહ્મણ છે,જે બાહોશ, વિદ્વાન અને યુક્તિપ્રયુક્તિમાં ચાલાક છે, તેના આડંબરથી લોકોમાં એવી પણ માન્યતા બેસી ગઈ છે કે માતાજી તેને પરચો આપે છે. આ પુરુષને પ્રધાન ચાંપરાજે રાજદૂતો મોકલી પાટણ તેડાવ્યો અને તેને ઘટે તેથી પણ વિશેષ માન આપ્યું, સેવા-ચાકરી કરી અને એક વિદ્વાન તરીકે તેને રાજદરબારમાંથી શીરપાવ અપાવ્યો. પ્રધાન ચાંપરાજે તે નાગર બ્રાહ્મણને એકાંતમાં મોટી લાલચ આપી અને પોતાની ધારણા પાર પાડવા માટે કોઈ યુક્તિ યોજવાનું જણાવ્યું. પ્રધાનની આવી ઈચ્છાને આધીન થવાથી, રાજકૃપા સંપાદન કરવા ઉપરાંત કણબીઓને લગ્ન કરવા પરદેશ જતા અટકાવવામાં પોતાને પણ તે નિમિતની દાનદક્ષિણા વગેરેની સારી પેદાશ થવાનો સંભવ હતો, તેથી બંનેએ મળી એક ગુપ્ત યોજના ઘડી કાઢી અને માતાજીની છાયામાં તેના બહાના તળે તે પાર પાડવાનું મુકરર કરી નાગર મહારાજ ઊંઝા તરફ પ્રયાણ કરી ગયા.

કેટલાક સમય પછી ચૈત્ર માસના દિવસો આવ્યા, એટલે મહારાજ ચંડીપાઠ કરવા બેઠા. મેળાના દિવસે પ્રભાતમાં હજારો માણસોની મૈદની સમક્ષ માતાજીના મંદિરમાં પૂજારી મહારાજ ધૂણવા લાગ્યા કે તે વાત વાયરાની માફક આસપાસ ફેલાઈ ગઈ. તેઓ વિદ્વાન, કાંઈક પવિત્ર અને રૂઆબદાર હોવાથી સઘળા કણબીઓની એવી માન્યતા હતી કે દેવીશ્રીનો તેમને પરચો છે, તેથી સઘળા આગેવાનો સંપૂર્ણ શ્રદ્ધા તથા ભકિત વડે નિખાલસ દિલથી તેમને પગે લાગ્યા અને 'મા હુકમ ! માજી હુકમ !' ઉચ્ચારવા લાગ્યા. આજના જાગતા જમાનામાં પણ માતાજીના ભૂવા કે દેવદેવીઓના ઉપાસકો પાસે સંતાનવૃદ્ધિ કે ધનપ્રાપ્તિ માટે અથવા સ્ત્રીઓ માંદી રહે નહીં, તેમનાં ફરજંદો ચિરંજીવ રહે એવી આશાથી દોરા-ધાગા કે ચિઠ્ઠીઓના લોચા બનાવરાવી હાથે કે ડોકે વળગાડી જીવના જોખમે આપણે સાચવીએ છીએ, ને નિર્દોષ મૂંગાં પ્રાણીઓનો ભોગ આપીએ છીએ, ત્યારે એ જમાનામાં શેષનાગની સહસ્રફણા સમાન પોતાનો ભોગ આપીએ છીએ, ત્યારે એ જમાનામાં શેષનાગની સહસ્રફણા સમાન પોતાનો ચોટલો છૂટો મૂકી ઉગ્રસ્વરૂપે ધૂણતા મહારાજ ક્રોધાયમાન થઈ ફાટી આંખે મેઘના જેવી ગંભીર ગર્જના કરી બોલતા હશે ત્યારે તેની પ્રક્ષકોના હ્રદયમાં કેવી અસર થઈ હશે તેનો આપણને સહજમાં ખ્યાલ આવી શકે છે. પ્રધાન ચાંપરાજ પણ સંકેત મુજબ આવી પહોંચ્યો અને જ્યારે તે ભૂવા મહારાજે જાણ્યું કે સઘળા લોકો આવી ગયા છે અને પોતાના ધૂણવાની તેમના ઉપર સારી અસર થઈ છે ત્યારે એક મોટી બરાડ પાડી બોલ્યો કે, "અરે અપકારી કણબીઓ તમારા પર હું કોપિત થઈ છું. તમે મારા આશ્રયમાં રહી આબાદ થયા છો, કોલેરા, મરકી આદિ બિમારીથી હું તમારું રક્ષણ કરું છું. છતાં પણ લગ્ન જેવા ઉત્તમ કાર્ય માટે તમે વારંવાર પરદેશ ચાલ્યા જાઓ છો, તેથઈ લગ્નનિમિત્તનો બલિ મને મળતો નથી. માટે મારી આજ્ઞા છે કે, મારી પવિત્ર અને પ્રિય એવી ગુજરાતની ભૂમિ છોડીને કોઈ પણ કારણસર ચાલ્યા જશો નહીં, અહીં જ રહો અને સુખી થાઓ. દર નવ કે દશ વર્ષે જ્યારે મારા વાહન સિંહનું વર્ષ વીતી જાય ત્યારે તમે તમારાં બાળકોનાં લગ્ન મારી જ છાયામાં રહીને કરો. ઓણ સાલ મેં તમારા માટે જ સારી નિપજાવી છે, માટે સહુ હળી મળી અક્ષયતૃતીયાએ પહેલું લગ્ન કરો. મારો પુત્ર વનરાજ સારી રીતે તમારું

રક્ષણ કરશે ને યોગ્ય મદદ આપશે. હું પણ ચારે દિશાએ અંબિકા, કાળી, બહુચર. તુળજા આદિ સ્વરૂપે તમારું રક્ષણ કરીશ. મારો આર્શીવાદ છે કે તમે ગુજરાતમાં રહીને આબાદ થશો અને દશે દિશામાં તમારી કીર્તિ ફેલાવશો. મારો સેવક તમને જે જે સલાહ આપે તે પ્રમાણે ચાલી તેની શ્રદ્ધા વડે સેવા કરજો, હું તમારું શ્રેય કરીશ." એટલું કહી દેવીસ્વરૂપે નાગર ગોર શાંત થઈ ગયા, કે 'ઉમિયા માતાકી જય, અંબે માતકી જય' ના ઘોષ વચ્ચે સહુ નાગર ગોરને પગે પડવા લાગ્યા. પ્રધાન ચાંપરાજ પણ પગે પડ્યો. એણે માતાજીનો હુકમ શ્રદ્ધાપૂર્વક માન્ય કરવાની ભલામણ કરી અને તેમને રાજ્ય તરફથી જે જે મદદ જોઈએ તે આપવાનું વચન આપ્યું. ત્યારબાદ સર્વે કણબીઓએ લગ્નનિમિત્તનો હવે પછી કરવાનો વિધિ પૂછ્યો.

નાગર ગોરે દર્શાવ્યું કે, તમે જેટલા કણબી કુટુંબના આગેવાનો છો તેઓ સહુ દેહશુદ્ધ પ્રાયશ્ચિત કરી ઉપવીત પહેરી માતાજીના સાન્નિધ્યમાં યજ્ઞ કરો અને પછી જે જે બાળકો કુંવારાં હોય તે દરેકના માંહોમાંહે વિવાહ કરો. અખાત્રીજને દિવસે હું તે સઘળાંને પરણાવીશ. આ ઉપરથી અસલ ઉત્તર હિંદ માહેથી જુદાં જુદાં બાવન ગામોથી આવેલ બાવન કુટુંબોના આગેવાનોએ મળી વિચાર કર્યો અને માંહોમાંહે સંબંધ કર્યા. અખાત્રીજના શુભ દિવસે પ્રધાન ચાંપરાજની સમક્ષમાં એક જ મુહૂર્તે તે દરેકને પરણાવ્યાં, એટલે રાજ તરફથી દરેક વર-કન્યાને પાઘડી અને સાડી ભેટ આપી ખુશ કર્યા, બીજે દિવસે રાજ્ય તરફથી કણબીઓને ભોજન આપવામાં આવ્યું અને આ શુભ પ્રસંગની ખુશાલીમાં મહેસૂલમાં પણ છૂટછાટ આપી તેમનો પ્રેમ સંપાદન કર્યો. આ પ્રમાણેની નવાજેશોથી કદરદાન કણબીઓ નવા રાજ્યથી સંતુષ્ટ થઈ વફાદાર ખેડૂતો બન્યા, અને પરદેશ નહીં જવાના માતાજીના આદેશને બરાબર વળગી રહ્યા. જેઓ ગુજરાત છોડી બહાર જતા રહ્યા હતા તેઓએ પણ રાજ્ય તરફની આવી ઉદાર બક્ષીસોની વાત સાંભળી ત્યારે તેમાંના કેટલાક લલચાઈને પાછા આવ્યા અને તેમણે જમીનો સંભાળવા માંડી.

આ પ્રમાણે લગ્નની પ્રથામાં નવીન ફેરફાર થયો, પરંતુ માતાજીના નામથી સહુએ તેને અંતઃકરણપૂર્વક વધાવી લીધો અને વારંવાર પરદેશ જવાનું બંધ કરી, નિવૃતિથી દેશમાં રહી ખેતીવાડી કરી ગુજરાતને આબાદ કર્યો. દિવસે દિવસે તેમની વસ્તી વધતી ગઈ અને રાજ્યના સંરક્ષણ નીચે તેઓ આસપાસ ફેલાયા અને આબાદ થયા, એ વગેરે હકીકત આપણે આગળના ખંડમાં સવિસ્તર જોઈશું.

આ વિષે ઐતિહાસિક અને ધાર્મિક પુસ્તકોમાં બારીક શોધ કરી પરંતુ કોઈ સ્થળેથી આધારભૂત બિના મળી આવતી નથી, પણ કેટલીક છૂટીછવાઈ અને ન માની શકાય તેવી અકુદરતી દંતકથાઓ મળી આવે છે. સપ્રમાણ આધારોની ગેરહાજરીમાં અનુભવી વિદ્વાનો, અન્ય જ્ઞાતિના પંડિતો અને શાસ્ત્રીઓ વગેરે સાથે મસલત કરી તેમના અભિપ્રાયો વગેરે સાંભળી આ હકીકત લખી છે. પરંતુ કોઈ વ્યક્તિ યા તે વિષે સૂચન કરશે તો અમારા વિચાર પર નવો પ્રકાશ પડવાથી આભારની લાગણી સાથે તે હકીકત બીજી આવૃત્તિમાં પ્રકટ કરવામાં આવશે.

(કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તા.૧૨.૮.૨૦૦૬ ની સામાન્ય સભામાં પસાર થયેલ જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો

ઠરાવ નં. ૧ જ્ઞાતિના રીતરિવાજો ઠરાવો અંગે :

તા. ૩૦.૪.૧૯૯૩ ના ચતુર્થ અધિવેશનમાં જ્ઞાતિ રિતરિવાજોના ઠરાવો પસાર કરેલ જેમા ૧૩ વર્ષ બાદ તા. ૧૨.૮.૨૦૦૬, સમય સવારે ૯.૦૦ કલાકે. મળેલ સમાજની વાર્ષિક સામાન્ય સભામાં સમયોચિત જરૂરી સુધારા-વધારા તેમજ નવા ઠરાવો કરવાની આથી જ્ઞાતિજનો મંજૂરી આપે છે.

ઠરાવ નં. ૨ બોલામણા સંબધે :

બાળકના જન્મ પછી બોલાવવાના પ્રસંગે બાળકની માતાના સગા-ભાઇ બહેનો તથા કાકાઇ ભાઇઓને જવાનું રહશે. અન્ય કોઇએ જવાનું નહીં અને આવા પ્રસંગે એક ટાણાથી વધારે રોકાવુ નહી.

ઠરાવ નં. ૩ પછેડો આપવા સંબધે :

દીકરીને પહેલુ બાળક જન્મે ત્યારે, તે નિમિત્તે પછેડો બન્ને પક્ષોની અનુકૂળતા પ્રમાણે આપવો.

નોંધઃ ઠરાવ નં. ૨ અને ૩ બન્ને પ્રસંગો સમય હોય ત્યાં સુધી સાથે યોજવા.

ઠરાવ નં. ૪ સગપણ કરવા સંબધે :

(અ) બાળકોના તદન નાની વયે સગપણ કરવા નહીં, સગપણ કરવાની વય નીચે મુજબ રહેશે.
(૧) છોકરાની વય ઓછામાં ઓછી ૨૦ વર્ષ
(૨) છોકરીની વય ઓછામાં ઓછી ૧૭ વર્ષ
(બ) સગપણ કરતી વખતે દિકરીના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી
(૧) સોપારી નંગ (૧)
(૨) ટોપરા અથવા નાળિયેર નંગ - ૨
(૩) ગોળ અથવા મીઠાઇ
(૪) એક રૂપિયાનો સિક્કો શુભ શુકનનો ઉપર જણાવ્યા સિવાય પૈસાની કે બીજી કોઇપણ વસ્તુઓ લેતી દેતી કરવી નહીં.
(ક) સામ સામે લગ્ન કરવા નહીં
(ડ) સોપારી સગપણ થયા બાદ કોઈપણ સંજોગોમાં થયેલ સગપણ ફોક કરવું નહીં.

ઠરાવ નં. ૫ સગાઈ (ટીલા) સંબધે :

(૧) કપડાની જોડી ૧
(૨) ગોળ અથવા મીઠાઇ
(૩) શુભ શુકનના રૂપિયા ૫૧ (એકાવન) રોકડા
(૪) પગના સાંકળા જોડી ૧
(૫) નાકની સળી નંગ ૧
(૬) આ પ્રસંગે વધારે રોકાવવું નહીં ૩૫ વ્યક્તિઓએ જવું
(૭) એકટાણાં થી વધારે રોકાવવું નહીં (અતિ દૂરના સ્થળેથી આ પ્રસંગે આવનારે અનુકૂળતા મુજબ વર્તવું.)
(૮) છોકરાને કોઈપણ સંજોગો ટીલા વિધિ કરવી નહીં.

નોંધ : ઠરાવ નં. ૪-૫ શક્ય બને ત્યાં સુધી સાથે જ ગોઠવવા પરંતુ હસ્ત મેળાપના દિવસે કોઈપણ સંજોગોમાં ટીલા વિધિ કરવી નહીં.

ઠરાવ નં. ૬ તહેવારોના લાગા સંબધે :

સગપણ થયા પછીના આવતાં તહેવારમાં દિકરાના માવિત્રે લાગા (સપેતરૂં) દિવાળી પ્રસંગે રૂા. ૧૦૦/- તથા ત્યાર પછીહોળીના રૂા. ૫૦/- અને જન્માષ્ટમી પ્રસંગે રૂા. ૫૦/- મોકલવા.

ઠરાવ નં. ૭ લગ્ન લખવા તથા વધાવવા સંબધે :

(૧) લગ્ન કરતી વખતે કન્યાપક્ષ લગ્નપત્રિકાના પુડામાં શુભ શુકન તરીકે રૂપિયા ૧૧/- મુકવા
(૨) લગ્ન કરાવતી વખતે વરપક્ષે શુભ શુકન તરીકે રૂપિયા ૧૧/- આપી લગ્ન વધાવવું.
(૩) લગ્નપત્રિકા વધાવવા લઈ જવા માટે કન્યાપક્ષ

તરફથી બે માણસોએ વરપક્ષના ઘેર જવું અને તેઓએ એક ટાણું રોકાવું.

નોંધ : વધુ અંતર હોય તો સંદેશા વ્યવહારનો ઉપયોગ કરી શકાય છે.

ઠરાવ નં. ૮ મામેરાં સંબધે :

(૧) મામેરામાં ભાણેજને વાઘાના કપડા વિગેરે તેમજ બહેનને તથા બનેવીને કપડાની જોડ આપવી, તે સિવાય બાકીનાઓને પહેરામણી બદલ રૂપિયા ૫૦/- રોકડા આપવા અને જમણ તેમજ દાગીના વગેરે બદલ મર્યાદિત રોકડ રકમ ગુપ્તપણે આપવી.

(૨) મામેરાની વળતરમાં ભાઇને સાલ અને ભાભીને બ્લાઉઝ આપી શકાશે અને મામેરુ બેઠું ભરવુ અને તેની જાહેરાત કરવી નહીં. મામેરામાં મર્યાદિત સંખ્યામાં જવું.

નોંધ : મામાએ કન્યાને વાઘાનાં કપડામાં પાનેતર, બ્લાઉઝ અને ચણીયો જ આપવાનો રહેશે.

ઠરાવ નં. ૯ લગ્ન (વિવાહ) સંબધે :

(૧) વર અને અણવર સિવાય જાનમાં વધારેમાં વધારે ૧૨૫ માણસો જઇ શકાશે અને કન્યાપક્ષે જાનને એકટાંણુ જમાડવી.

નોંધ : બહુ દૂરથી આવનાર જાનને અનિવાર્ય સંજાગો સમયે અનુકૂળતા મુજબ વ્યવસ્થા કરી શકાય.

(૨) લગ્ન પ્રસંગે વરપક્ષ લાગા તરીકે નીચે મુજબ આપવાનું રહેશે :-

(ક) પોંખવાના રૂપિયા ૫૦/-

(ખ) પડલું ભરવું નહી વરપક્ષ જાન લઇને કન્યાપક્ષને ત્યાં કન્યાને આપવાની રહેશે. જે પહેરીને કન્યા લગ્ન મંડપમાં આવશે.

(ગ) કાંકણની જોડી નંગ - ૧

(ઘ) મંગળ સુત્ર - ૧

(૩) કન્યાપક્ષ તરફથી વરપક્ષને નીચે મુજબના લાગા આપવાના રહેશે :-

(ક) જમાઇને રોકડા રૂા. ૨૫૦/- અથવા કપડાની જોડ

(ખ) વરના પિતાને રૂા. ૧૫૦/- અથવા કપડા

(ગ) વરની માતાને રૂા. ૧૫૦/-અથવા કપડા

(ઘ) વરના દાદાને રૂા. ૧૦૦/-

(ચ) વરની દાદીને રૂા. ૧૦૦/-

(છ) બાકીના કુટુંબીજનો (કાકા-કાકી, જેઠ-જેઠાણી વગેરે) દરેકને પહેરામણીના રૂા. ૫૦/- આપવા.

(જ) હેલને બદલે રૂા. ૨૦૦/- રોકડા આપવા, લોણારીને રૂા. ૫૦૦/- રોકડા આપવા.

(ઝ) થાળી નંગ- ૧ અને વાટકો નંગ - ૧

(ટ) કન્યાદાનમાં પોતાની શકિત મુજબ રોકડું આપવું અને તેની જાહેરાત કરવી નહીં.

(૪) લગ્નવિધિ પૂરી થયા બાદ કન્યા વરના ઉતારે જાય ત્યારે નવવધુનો ખોળો ભરવામાં વરપક્ષ તરફથી મીઠાઇ આપવાની રહેશે.

(૫) નવ દંપત્તિને વરપક્ષ વાળા આશીર્વાદ આપી શકશે.

(૬) લગ્ન પ્રસંગે બન્ને પક્ષઓ ઇતર લાગા તરીકે નીચે મુજબ આપવાના રહેશેઃ

(ક) ઉમિયા માતાજીને ભેટ યથા શકિત મોકલવી.

(ખ) શ્રી મંદિરને ધર્માદાના રૂા. ૨૫/- (પચ્ચીસ)

(ગ) વરપક્ષ તેમજ કન્યાપક્ષે આ શુભ પ્રસંગ નિમિત્તે શિક્ષણ ભેટ સમાજને મોકલવી અને ગોળ કરવી નહીં.

નોંધ :

(૧) આ પ્રસંગોમાં કોઇપણ જાતનો પ્રસાદ કે મુખવાસ વહેચવાનો નહીં તેમજ અનિચ્છનિય પ્રથા જેવી કે બારણું રોકવું, પગરખા છુપાવવા, ખોળામાંથી રૂપિયા ઉપાડવા વિગેરે જેવી પ્રથાઓ સદંતર બંધ કરવી.

(૨) નવ દંપત્તિની પ્રથમ દિવસે વર કન્યા દ્વારે સામસામે અપાતી ભેટ સોગાત કોઇપણ સંજાગોમાં આપવી નહીં.

(૩) નવ વધુને પિયરપક્ષ તરફથી મળેલ દાયઝો બતાવો નહીં.

(૪) કન્યાપક્ષ વાળાએ વરપક્ષના અણવરોને કોપણ જાતની ભેટ આપવી નહીં.

ઠરાવ નં. ૧૦ સમૂહ લગ્ન સંબધે :

(૧) આપણી જ્ઞાતિમાં સમૂહ લગ્નો દર વર્ષે અનુકૂળતાએ થઇ શકશે.

(૨) કોઇપણ ગામ કે કુટુંબ સમુહલગ્ન (એકસાથે એકજ દિવસે લગ્ન) કરવા માંગતા હોય તો કોઇપણ ગામમાં બન્ને પક્ષવાળા એ વાંધો લેવો નહી. આ સમુહ લગ્નપ્રથાને જો કોઇપણ તોડવા પ્રયત્ન કરે તો તેને કુટુંબ તથા ગામ સમજાવે અને જો ન સમજે તો તેને સહકાર આપવો નહીં.

(૩) સમૂહ લગ્નનો હેતુ સમય, શકિત, નાણાનો બચાવ અને સંગઠન ભાવના વધે તે માટે આયોજન કરવામાં આવે છે જેથી સભ્યોએ સમૂહલગ્નમાં જોડાઇ સહકાર આપવો.

ઠરાવ નં. ૧૧ આણાં સંબધે :

આણાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૨ પુન : લગ્ન સંબધે :

(૧) કોઇપણ બહેન વિધવા બને અથવા જ્ઞાતિ રીત મુજબ છૂટાછેડા મેળવે તેનું પુનઃ લગ્ન થઇ શકશે.

(૨) આવા પુન : લગ્નનું સગપણ કરતી વખતે વરપક્ષ તરફથી રૂા. ૫૦/- ફેરવવાના રહેશે અને સગપણ નક્કી થયા બાદ તે રૂપિયા પ્રસાદી માટે આપવાના રહેશે.

(૩) આવા પુનઃલગ્નમાં વર અને અણવર સિવાય વધારેમાં વધારે ૨૫ (પચ્ચીસ) માણસોએ જવું અને એક ટાંણુ જમવાનું રહેશે.

(૪) તદ્ઉપરાંત વરપક્ષે નીચે મુજબ કપડા તથા દાગીના આપવાના રહેશે :

(ક) કપડાની જોડી ૧ કન્યા માટે

(ખ) નાકની સળી હેમની નંગ ૧

(ગ) મઢેલુ કંકણ નંગ ૧

(ઘ) પગના સાંકળા જોડ નગં ૧, આ ઉપરાત દાગીના કે રોકડ રકમ આપવી નહી

(ચ) પાછા પગના આણાં સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૩ છૂટા-છેડા સંબધે :

(૧) એક વખતે સમજી વિચારીને લગ્નગ્રંથિ થી જોડાયા બાદ છૂટાછેડા લઇ શકશે નહીં. પરંતુ અનિવાર્ય સંજાગોમાં ઉપસ્થિત થતા પ્રશ્નોમાં કુટુંબો/સમાજો દ્વારા સમાધાનના પ્રયાસો સફળ ન નિવડે ત્યારે છૂટાછેડા લઇ શકશે.

(૨) સમાજના કોઇપણ ભાઇએ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી નહીં. કાનૂનના ઓથે રહી "રખાત" નામનું કલંકિત દૂષણ અપનાવી શકશે નહીં. એવું નિંદીત કાર્ય કરશે અથવા જે કોઇ સાથ સહકાર આપશે તેઓ પણ સામજિક ગુન્હાને પાત્ર ગણાશે. આ કાર્ય કરનાર અને કરાવનાર પાસેથી સમાજ જરૂરી ખુલાસાઓ મેળવશે અને તે અંગે સમાજના નિયમની અવગણના કરનાર સાથે કોઇપણ સંગઠન કે સંસ્થાઓના સભ્યપદેથી દુર કરવા જોઇએ. આવાં દુષણો ન થાય તે માટે કુટુંબ પાંખડી કે ગામની તકેદારી સમિતિના સભ્યો અને કાર્યકર્તાઓએ તકેદારી રાખવાની રહેશે.

ઠરાવ નં. ૧૪ મરણ પછીના ખર્ચ (દાડા) સંબંધે :

(૧) મરનાર વ્યક્તિની ધાર્મિક વિધિ બાદ બ્રાહ્મણો અને નીયાણીઓને જમાડવી પરંતુ તેરમુ કરવુ નહીં

(૨) મરનાર વ્યક્તિ પાછળ તેના સ્મરણાર્થે કોઇ રકમ આપવા માંગતા હોય તો તેઓને સમાજના કેળવણી ફંડ, હોસ્પિટલમાં ફંડ અથવા એવા સમાજના કેળવણી ફંડ, હોસ્પિટલમાં ફંડ અથવા એવા સામાજિક ઉન્નતિના કાર્યોમાં તે રકમ આપવા આ સભા ખાસ ભલામણ કરે છે.

નોંધ :

(૧) દૂરના સ્થળે રહેતા સંબધીઓએ રૂબરૂ નહી જતાં સંદેશા વ્યવહારનો ઉપયોગ કરી શકશે.

(૨) અત્યારના સમયે બેસણાની વિધિના દિવસો શકય તેટલા ઘટાડી શકાશે.

(૩) મરણ બાદ અપાતી પાઘડી જેવી પ્રથાને સદંતર બંધ કરવી.

ઠરાવ નં. ૧૫ કુદરતી ઘરભંગ થાય તે સંબધે :

(૧) દીકરીને સાસરાના ઘેર મોકલ્યા પછી મૃત્યુ પામે તો દીકરીને જીવીત સમય દરમિયાન આપેલ દાનની કોઈપણ વસ્તુ પાછી લેવી નહીં.

(૨) જમાઇના મૃત્યુ થાય તેવા પ્રંસગે દીકરીના માવિત્રો તે દિકરીને ત્યાંથી લઈ જવા માંગતા હોય તો દિકરીના માવિત્રો આપેલ દાગીના સિવાય બીજું કાંઈ પાછું લઈ જઈ શકશે નહીં. પરંતુ તે દીકરીને બાળકો હોય અને તે દીકરીના સાથે આવતા હોય ત્યારે માવિત્રો તરફથી અપાયેલ દાગી સાથે આપવના પરત રહેશે. અને ન લાવતા ત્યાં છોડી આવવાના હોય તો તેવા પ્રંસગે દીકરીના માવિત્રોએ દીકરીને આપેલ દાગીના તથા અન્ય કોઈપણ વસ્તુ પાછી લઈ જઈ શકશે નહીં.

નોંધ : જમાઈના મૃત્યુ થાય ત્યારે દિકરીને તાત્કાલિક ઘર મુકાવીને ઉઠાવી લેવાના બદલે તેના ભવિષ્યનો વિચાર કરવા બે માસનો સમય આપવો જોઈએ અને દિકરીના અભિપ્રાય મુજબ આગળનો નિર્ણય લેવો જોઈએ.

ઠરાવ નં. ૧૬ શિક્ષણ સંબધે :

(૧) આ સભા જ્ઞાતિજનોને ખાસ ભલામણ કરે છે કે...આ પ્રગતિશીલ યુગને અનુસરીને સૌ પોતાના બાળકો (પુત્ર પુત્રીઓ) ને ઉચ્ચ શિક્ષણ ફરજિયાત અપાવે પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાની ધગશ ધરાવનારને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે. અને તેની કદર કરે છે.

(૨) સમાજે શરૂ કરેલ શિક્ષણ નીધી ફંડમાં ઉદાર હાથે ભેટ નોંધાવી જેથી જરૂરિયાત મંદ પરિવારના સંતાનોને શિક્ષણ નિધી દ્વારા મદદ કરી શકાય.

(૩) દેશ-પરદેશમાં વસતા સમાજના ભાઈ-બહેનોએ પોતાના ઘરમાં માતૃભાષા ગુજરાતીનો ઉપયોગ કરવો જોઈએ તેવી આ સભા ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૭ લગ્ન વિધિ બાબત :

દરેક ગામ, કંપાઓ તેમજ અન્ય સ્થળો એ લગ્નવિધિ અંગેની બ્રાહ્મણોની પદ્ધતિ અલગ હોય છે. તેમાં અલગ-અલગ પદ્ધતિના કારણે મનદુઃખ ન થાય તે માટે સમાજે વિવાહ સંસ્કારની પુસ્તિકા પ્રકાશિત કરેલ છે.તે મુજબ જ દરેક જગ્યાએ લગ્નવિધિ કરવી જોઈએ તેવો સમાજ આગ્રહ રાખે છે.

નોંધ :

(૧) સરકાર શ્રીના નિયમો મુજબ લગ્ન નોંધણી ફરજીયાત હોવાથી રજીટ્રેશન ઓફિસે ફરજીયાત નોંધ કરાવવી.

(૨) બ્રાહ્મણ અને બન્ને પરિવારોની ઉપસ્થિતિમાં સાદાઈ/ફુલહારથી થતા લગ્નો શાસ્ત્રોકત કરવા જોઈએ.

ઠરાવ નં. ૧૮ બાહ્ય આચરણો અંગે :

જ્ઞાતિમામ સંપૂર્ણ એકવાયતા જળવાય તે માટે કચ્છ-ગુજરાત અને ભારત તેમજ વિદેશમાં વસ્તા આપણા સમાજમાં જ્ઞાતિજનોએ જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો હિન્દુ રીતરિવાજો મુજબ પાળવા (આચરવા) ના રહેશે.

ઠરાવ નં. ૧૯ સામાજીક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગે

સમાજમાં ઉપસ્થિત થતા ધાર્મિક અને સામાજીક પ્રશ્નો સમાજ લેવલે નિરાકરણ લાવવા માટે અલગ પેટા નિયમો સાથેની કેન્દ્રીય સામજિક ન્યાય સમિતિ ની નિમણુક કરવામાં આવેલ છે તેથી સામાજીક તેમજ ધાર્મિક પ્રશ્નો બાબત સમાજમાં મતભેદ ઉભા થાય તેવા સંજાગોમાં તેનો નિકાલ સામાજિક ન્યાય સમિતિ દ્વારા કરવો અને તે નિર્ણય અંતિમ રહેશે. અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તો કોઈએ તેને સહકાર આપવો નહી.

પાટીદાર એક હતા....એક છીએ....એક રહીએ....

ઉઠો પાટીદારો તમે હોંસ ધારો, કરો પ્રેમથી જ્ઞાતિમધ્યે સુધારો,
સુધારા સુધાને જમાનો લૂંટે છે, ઊંઘે જાણજો ભાગ્યદેવી રૂઠે છે.

છેલ્લા બે દાયકામાં 'પાટીદાર' શબ્દ વિશ્વની ચર્ચા એરણે ચડ્યો છે. તેની પ્રગતિના નીતિ, મહેનત, દયા અને વિશ્વાસ ચાર પાયા છે. વિશ્વના અને ભારતના જાણીતા ઈતિહાસકારો, સંશોધકો, સમાજશાસ્ત્રીઓને આ જ્ઞાતિનો અભ્યાસ કરવાની ભારે લેહ લાગી છે. તેના પૂર્વજોનો ઈતિહાસ પ્રાપ્ત કરવામાં યુરોપીયન વિદ્વાનોએ ઘણું કામકર્યું છે. ઘણા તારણો શોધી કાઢ્યા છે. એન્સાયકલોપિડિયા-બ્રિટાનીકા (લંડન, વોલ્યુમ૧૩), બોમ્બે ગેઝેટિયરના વોલ્યુમ, કાસ્ટ ઇન ઇન્ડિયા, બોમ્બે ગેઝેટિયર (બાય જે.એસ. કેમ્બેલ-કે.સી.એસ.આઈ.) ધી પ્રીન્સિપાલ નેશન ઑફ ઇન્ડિયા, બોમ્બે પ્રેસીડન્સ એન્ડ સેન્ટ્રલ પ્રોવિન્સીઝ, ટ્રાઇબ એન્ડ કાસ્ટ-રેવરન્ડ શેરિંગ, પ્રો.એમ. વિલિયમ્સની સંસ્કૃત-ઇંગ્લીશ ડીક્ષસનેરી.

ઉપરોક્ત બધા પુસ્તકો લેખકોએ-કડવા-લેઉવા પાટીદાર એક જ પૂર્વજના સંતાનો હતા, તેમના રિવાજો થોડાંક ફેરફાર સાથે એક જ પ્રકારના હતા, તેમનો મૂળ પુરૂષ કૂર્મ ઋષિ હતા. તે ઋષિની સંજ્ઞા ઉપરથી ભારતમાં વસતી પાટીદાર કોમકૂર્મી તરીકે જાણીતી બની - તે બધાના પ્રમાણો આ વિદ્વાનોએ આપ્યા છે. કૂર્મી, કણબી, પાટીદાર, પટેલ શબ્દની ઉત્પત્તિ વિશેના ખ્યાલો અને માન્યતાઓનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. બીજા પ્રમાણો જોતાં તેઓ વીર્યવાન અને શક્તિમાન જ્ઞાતિમાંથી ઉતરી આવેલા છે. એટલે ક્ષત્રિય છે. પાટીદારો પ્રાચીનકાળથી ક્ષત્રિય તરીકેની મહત્તા ભોગવતા આવ્યા છે. મરાઠાઓ મૂળ કૂર્મીઓ હતા. કૂર્મીનો અપભ્રંશ એ જ 'કણબી'. શ્રી કેમ્બેલ તો ત્યાં સુધી લખે છે કે, ''ગુજરાતના ખેડૂત જેટલો બીજો કોઈ હોંશિયાર ખેડૂત નથી. આ જાતિ આગળ પડતા મજબૂત, હોંશિયાર, સાહસિક અને ઇજ્જતદાર છે. સ્વમાની છે. ઇંગ્લેન્ડના ખેડૂત કરતા તેઓ સંસ્કાર સ્થિતિમાં સારા અને ઊંચા છે. બીજાઓ તરફથી રૂઆબપૂર્વક વધારે માન મેળવે છે. એંગ્લો ઈતિહાસકારોના અભિપ્રાય પ્રમાણે ગ્વાલિયર, સતારા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, નાગપુરના રાજાઓ કૂર્મિઓમાંથી ઉતરી આવ્યા છે. તેમની રીતભાત પાટીદાર ક્ષત્રિયોને મળતી આવે છે. હાલના પાટીદારો પોતાની સ્વતંત્રતા મેળવવાના શોખીન છે.''

બ્રાહ્મણોત્પત્તિ માર્તંડના કર્તા હરિકૃષ્ણ શર્મા કડવા તથા લેઉવા પાટીદારોના સંબંધોમાં તેમની ઉત્પત્તિ લવકૂશમાંથી બતાવે છે. લવકુશ ઊંઝા ઉમિયા માતાના દર્શને આવ્યા હતા તેવું તે લખે છે.

લસુન્દ્રના ભટ્ટ ગોવર્ધનરામે 'લેઉવાપુરાણ' કાવ્યની રચનામાં જણાવ્યું છે પાટીદારો અયોધ્યાના રામચંદ્રના પુત્ર લવ-કુશના સંતાનો છે. રાજસ્થાન ઇતિહાસકર્તા કર્નલ ટોડ પણ કડવાને કુશના અને લેઉવાને લવના વંશજો બતાવે છે.

રાજકીય ઉથલપાથલ થતાં પંજાબમાં એક કૂર્મિટોળું સ્થિર થયું હતું, ત્યાંથી સ્થળાંતર કરી ભારતમાં કેટલાંક પ્રદેશોમાં વિસ્તાર પામ્યા હતાં. હાલ પાકિસ્તાનમાં રાવલપિંડી પાસે લેહક અને કરડ નામના બે પ્રાંતો આવેલા છે. અને તેના આધારે કેટલીક ટોળકીઓએ પોતાની અટકો અને પ્રદેશને સાચવી રાખવા તેને અનુકૂળ અટકો પાડી. પંજાબ, મધ્યપ્રદેશ, ખાનદેશ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસતા પાટીદારોમાં તે અટકો જોવા મળે છે.

પાટીદાર અને પટેલ બંને શબ્દો એક જ છે, એવું

સામાન્ય રીતે ઘણા લોકો માને છે, પણ આ માન્યતા ખોટી છે. કણબી શબ્દ ઘણા પુરાણા કાળથી ચાલતો આવે છે. તેમપટેલ શબ્દ પણ એટલો જ જૂનો છે. પટેલ માટે મૂળ સંસ્કૃત શબ્દ પટ્ટલિક છે. ગામના ખેતરોની જમીન અને ઘરથાળની જમીનના જે વેચાણ કે ગીરો દસ્તાવેજ થતા તેની એક નકલ ગામમાં રહેતી અને તે નકલ ગામનો જે મુખ્ય માણસ હોય તેની પાસે રહેતી. આ માણસને પટ્ટલિક કહેતા, કારણ કે પટ્ટાઓ (પટ્ટ = વસ્ત્ર) ઉપરના લેખો સાચવવાની જવાબદારી એની હતી. સેંકડો વર્ષોથી આ શબ્દ ગામના આગેવાન માટે વપરાતો આવ્યો છે અને તે આજે પણ ચાલુ છે.

કણબીઓને વેચાણ કે ગીરો દસ્તાવેજ સાચવવાનું કામરાજાઓ એટલા માટે સોંપતા હતા કે, તેઓ પ્રમાણિક અને ઉદાર હતા. કોઈનું કદી હરામનું પડાવી ન લેવું, બીજાને મદદરૂપ બનવાની ભાવના રાખવી, ન્યાયની બાબતમાં સ્પષ્ટ કહેવું. આ બધા જ જન્મજાત ગુણોથી કણબીઓ તરફ બીજી જ્ઞાતિઓ આકર્ષાઈ હતી ને ગામનો વહીવટ જ્યાં કણબીઓ હોય ત્યાં તેઓને સોંપાતો, આથી પટ્ટલિક ઉપરથી 'પટેલ' શબ્દ આવ્યો.

પીપળાદના વીર વસનદાસ એક પટેલ હતા. તેઓ તે સમયના મોગલ બાદશાહ ઔરંગઝેબ સાથે સારો સંબંધ ધરાવતા હતા. તેમણે સંવત ૧૭૫૯ (ઈ.સ. ૧૭૦૩)માં સમસ્ત કણબી કોમનો એક મેળાવડો યોજેલો. આ મેળાવડામાં ઔરંગઝેબના શાહજાદા પાસે કણબીને બદલે ''પાટીદાર'' શબ્દ દાખલ કરાવ્યો. પાટીદાર એટલે જેમની પાસે જમાત હોય તે. પાછળથી દિલ્હીના મોગલ બાદશાહ અને ગુજરાતના મોગલ સૂબાઓ પાસે લાગવગ વાપરી મહેસૂલ ઉઘરાવવાના ઈજારાઓ પાટીદારોને અપાવ્યા. શ્રી સયાજીરાવ ગાયકવાડના દીવાન રાવબહાદુર ગોવિંદભાઈ દેસાઈ, પાટીદારોને ગુર્જરો માને છે. માળવા, દક્ષિણ તથા ખાનદેશ થઈ ગુજરાતમાં આવ્યા. ગુર્જરો ખેતી કરવા લાગ્યા અને 'કણબી' તરીકે ઓળખાયા. ગુજરાતના કણબી પંજાબ અને માળવા ગુર્જરોને મળતા આવે છે. કવિ દલપતરામના મત મુજબ હાલના ગુજરાતમાં ખેતી કરનાર મુખ્ય કણબીઓ છે. પરશુરામે પૃથ્વી નક્ષત્રિય કરવાનું કામહાથ ધર્યું ત્યારે તેઓ ક્ષત્રિય નથી એમકહેવા લાગ્યા. અને બચી ગયા પછી વૈશ્યક્ષત્રિય બન્યા.

કૂર્મા મૂળપુરુષ અને કાશ્યપ ગોત્ર પાટીદારનું ગણાય છે. પુરાણોમાં પણ એક કૂર્મઅવતારની વાત આવે છે. કૂર્મ ભગવાન, કઠોરતા, કર્મઠતા, સહનશીલતા, પૌરૂષતા અને લોકકલ્યાણની ભાવનાના દ્યોતક હતા. તે બધા જ ગુણો પાટીદારોમાં આજે જોવા મળે છે.

'કૂર્મી' ભારતમાં જુદા જુદા પ્રદેશમાં ખેતીમાં જોડાયેલા કૂર્મા, કુણબી, કૂનબી, પટેલ, મરાઠા, પાટીલ, રેડ્ડી, કામ્પુસ, નાયડુ નામથી ઓળખાયા છે. આજે ભારતમાં કૂર્મિઓની આબાદી ૨૦ કરોડની છે. સૌ પ્રથમ૧૮૭૦માં શ્રી જનકલાલ ધારીએ 'હિન્દ કણબી સભા' ની સ્થાપના કરી હતી. જે આજે ''અખિલ ભારતીય કૂર્મિક્ષત્રિય સભા''ને નામે ઓળખાય છે. આ સંમેલનમાં ૧૦૦ વર્ષ પહેલાં ગુજરાતમાં કડવા અને લેઉવા પાટીદારોના આગેવાનોએ પ્રમુખ પદ શોભાવ્યા હતા. પાટીદાર પરિષદોમાં પણ કડવા લેઉવા સાથે હતા. સુરત તેનું મુખ્ય કેન્દ્ર હતું.

આઝાદીનાં આંદોલનોનો ઈતિહાસ તપાસો તો પાટીદારોની વીરતા, ત્યાગ અને ખુમારીના પ્રમાણો મળશે. જેલની યાદીમાં પણ તેમના નામો આગળ પડતા છે. સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોઝને મદદ કરનાર પાટીદારો હતા. ખુદ ગાંધીજીએ કબુલ કર્યું છે કે દક્ષિણ આફ્રિકાની લડતમાં પાટીદારોની સહાય ન મળી હોત તો હું નિષ્ફળ જાત.

આ બધુ હોવા છતાં આજના સાંપ્રત રાજકારણમાં પાટીદાર ક્યાં ? પ્રશ્ન ચિહ્ન મૂકવાનું મન થાય. તેનું સ્થાન ભોજનમાં પાપડ-ચટણી જેવું છે. મુખ્ય વાનગી બનવાનો પ્રયત્ન એકતાથી જ થશે. પૂર્વજોનું અધૂરું સ્વપ્ન પુરુકરવા આપણે સૌએ સાથે મળી પુરુષાર્થ કરવો પડશે.

'હતા રાજ્યના થાંભલા પાટીદારો,
ભરાતો ખજાનો તમારાથી વધારે,
દેતા રાજકાજે તમો શીર જ્યારે,
મળે માન ને મરતબો તેણી વારે,
હતી રાજ્યમાં ખ્યાત કૂર્તિ વધારો,
થતા તે બળે રાજ્યના કામદારો,
લડાઈઓ લડીને બતાવી શૂરાતન,
લેતા ગામગરાસ રીઝવી રાજન.

આ બાહોશપણું આધુનિક પાટીદાર સમાજમાં જોવા મળતું નથી. કારણ ઈર્ષા અને અહમ્ આપણા શત્રુ છે. હાથીમલ્લ, રાજરત્ન, રાવબહાદૂર, રાવસાહેબ, ભૂપતિ તાલુકદાર, દરબારશ્રી, દરબાર સાહેબ, દેસાઈ અને અમીન જેવા હોદ્દા ભોગવી ચૂકેલો પાટીદાર આજે ક્યાં ?

આ અભિમાન અને મોભો પુનઃ પ્રાપ્ત કરવો હોય તો એક થાઓ. એકતા પરમોધર્મ, વીરતાપરમોધર્મ, સૂત્રો અપનાવો. સરદારશ્રીની અમરવાણીને યાદ કરો 'સંગઠન વિનાનું સંખ્યા બળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે, પણ જ્યારે ભારી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણાવાણામાં વસાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબૂતાઈ, સુંદરતા અને ઉપયોગિતા અદ્ભૂત બની જાય છે.''

આવો આપણે સૌ સૂરતમાં સૂતરના બારીક તાર ભેગા કરીએ. આજના સૂરત માટે એમકહેવાય છે રાત્રે જેટલું ન વધે તેટલું દિવસે વધે, આ સુરતે ઘુમાવેલી જાહોજલાલી પુનઃ સ્થાપિત કરવામાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પાટીદારો મોખરે છે. તે વાત સૌ કોઈએ કબૂલવી પડશે.

કોણ જાણે કેટલી સદીઓથી ભારતની અન્ય જ્ઞાતિઓ સાથે ગુજરાતનો પાટીદાર નામે ઓળખાતો ધરતીનો જાયો આજે પોતાના માદરે વતનથી દૂર દૂર દેશ વિદેશમાં પૃથ્વી પટે 'પેટિયું રળવા' વિચરતો વિસ્તરતો રહ્યો છે. સુરત તેનાથી બાકાત નથી. વિદેશમાં એડન, ફીઝી, પૂર્વ મધ્ય આફ્રિકા અથડાતો કૂટાતો કેનેડા, યુકે, અમરેકિામાં સ્થિર થયો તે પણ ત્રણ ચાર દાયકા કાળી મજૂરી કર્યા બાદ સ્થિર થયો છે. સૂરતના પાટીદારોની જેમજ ધરતીની ધૂળમાં આળોટી કૃષિસંસ્કૃતિને ખોળે ઉછરેલો કેટલાક ગુણદોષો સાથે બંધુત્વની ભાવનાથી જીવે છે. પાટીદારોના સંગઠનો ઠેર ઠેર ઊભા કર્યા છે. મોટા ભાગની આ સંસ્થાઓ સેવાભાવી છે. આપણું એક જ લક્ષ્ય હોવું જોઈએ - ભવિષ્યનાં સોનેરી સ્વપ્નાં ભાગી, ભૂતકાળને વાગોળવાનું બંધ કરી, સૌ પટેલો ભૂતભવિષ્યને જોડતા વર્તમાનને જ ધ્રુવતારક બનાવી પુનઃનિર્માણને પંથે આગેકૂચ ચાલુ જ રાખો. મહાભારત કહે છે ચાલ્યા કરો જે ચાલે છે તેનું નસીબ ચાલે છે. જે બેસી રહે છે તેનું નશીબ બેસી રહે છે. અર્થ ઉપાર્જન માટે દોડો. આંધળી દોટ મૂકવાની વાત નથી પણ ચાણક્યાના અર્થશઆસ્ત્રમાં આ વાત વિગતે સમજાવી છે, 'અર્થની પાછળની ભાવનામાં પ્રથમતો ભેગું કરવું, બીજું ભેગું કરેલું વધારવું, ત્રીજું વધારેલું જાળવવું ને માવજત કરવી, પણ ચોથી અને મુખ્ય વાત ધન માટે એ છે કે તીર્થસ્વરૂપ વ્યક્તિ અને સંસ્થાઓમાં જઈને ધનનિર્વોચિત કરવું..' આપણે સૌ આ માટે કટિબદ્ધ છીએ - જય સરદાર, જય પટેલ

- ડૉ. મંગુભાઈ પટેલ

નેત્રા શ્રી ઉમિયા માતાજીનું મંદિર અને સમાજ

શ્રી ઉમિયા માતાજી સમાજ-નેત્રા

સામાજિક તેમજ ધાર્મિક બંધારણમાં પરિવર્તન કરવા જરૂર છે તેવી વિચારસરણીની ચર્ચાના અંતે ફેરફાર કરવો જરૂરી છે તેવુ સંવત ૨૦૩૯ની સભામાં નક્કી કરાવામાં આવેલ. ત્રણ વર્ષની ગહન ચર્ચા વિચારણાના અંતે હાલના મંદિરની બ્રાહ્મણો દ્વારા વિધિવત ઉથાપન કરાવી ત્યાં શ્રી ઉમિયા માતાજીના મંદિરનું નિર્માણ કરવાનું સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું.

સંવત ૨૦૪૨ના શ્રાવણ વદી ૮ને બુધવાર, તા. ૨૭-૮-૮૬ના દિને વિધિવત બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર વાતાવરણમાં મા ઉમિયાની પાનમૂર્તિની સ્થાપના કરવામાં આવેલ. આ પ્રતિક અને પ્રતિમાના મંદિરને સંવત ૨૦૬૩ના ઠરાવ મુજબ સંવત ૨૦૬૪ શ્રાવણ વદ ૬ને શુક્રવાર, તા. ૨૨-૮-૨૦૦૮ના શુભ દિવસે શિખરબંધી ધજા પતાકાઓથી સુશોભિત મંદિરમાં માની પાકી આરસ પહાણની સુશોભિત દર્શનીય મૂર્તિ તેમજ અન્ય દેવદેવતાઓને બિરાજમાન કરી હોમહવન યજ્ઞ વિધિ મંત્રોચ્ચાર સાથે પ્રાણ પ્રતિષ્ઠા કરી દેવદર્શન માટે દર્શનાર્થીઓ માટે મંદિરને ખુલ્લું મુકવામાં આવ્યું

આ સમાજ શ્રી ઉમિયા માતાજી સમાજની ઓળખ-નામસાથે જોડાયેલ છે. તેમનુ સંચાલન કમીટી દ્વારા થઇ રહ્યું છે. શ્રી જેઠાભાઇ પચાણભાઇ જાદવાણી પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે.સમાજના બંધારણ નીતિનિયમો મુજબ વહીવટ,ઉત્સવો,સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગો ઉજવાતા રહે છે. મંદિરના ઉત્તર-પૂર્વમાં વાલજીબાપા સાંખલાના મકાનની જગ્યા વેચાણ મળતા જેમાં ભોજન શાળામાં સુંદર વ્યવસ્થા ગોઠવામાં આવેલ છે.

દર બે વર્ષે જનરલ સભાઓનું આયોજન કરવામાં આવે છે, જેમાં વહીવટ અહેવાલો તેમજ અન્ય સામાજિક કાર્યોની ચર્ચાઓ, સુધારા-વધારાઓ, નવા કામો અંગેના ઠરાવો સર્વાનુમતે લેવામાં આવે છે. મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તેમજ મંદિર નિર્માણની યાદગીરીનો પાટોત્સવ શ્રાવણ વદ ૬ના દિવસે ઉજવવામાં આવે છે. આ સ્નેહ સંગઠનના ભાવ સાથેનું મિલન સ્થાનિક તેમજ બહારગામ વસ્તા ભાઇઓ,બહેનો,બાળકો,યુવાનો ખૂબ જ ઉમંગથી ઉજવાતા રહ્યા છે.એક જ ઉમિયા માતાજીના સંતાનો જેવી પ્રેમ લાગણી અનુભવી રહ્યા છે.

(હરિભાઇ જાદવાણી દ્વારા)

કાદિયા મોટા — પ્રસ્તાવના

ભુતકાળના સારા નરસા સંસ્મરણો વાગોળી આપણે હસી શકીએ અને રડીપણ પડીએ ઇતિહાસ અતિતનો સાક્ષી છે.

ભુતકાળમાં શિક્ષણના અભાવે તથા અર્થના અભાવેના કારણે આપણા વડીલો એ કેવી કઠીન પરિસ્થિતિઓમાં પણ સમાજ ઉપયોગી કાર્યો કરેલાં છે જ્યારે જીવન યાપન કરવા માટે તનતોડ પુરૂષાર્થ કરવો પડયો હતો. ત્યારથી તેમની મનો દશા વર્ણવતા ઇતિહાસના પૃષ્ઠોનું વાંચન કરીએ છીએ ત્યારે આપણા રૂવાંડા ઉભા થઇ જાય તેવી અનુભૂતિ થાય છે. ભલે ભણતર ઓછું હતું પણ ગણતર ખૂબજ હતું. કોઠા સુજ જબરી હતી. ગમેતેવી પરિસ્થિતિમાં જીવન કેવી રીતે જીવવું તે તેમને આવડતું હતું, ભગવાનને સાથે રાખી નિષ્ઠાકર્મ કરવાની કળા તેમની પાસે હતી. જમાના સાથે કદમ તાલ મિલાવી અંધશ્રધ્ધા તથા સામાજીક દુષણોને નિવારવા માટે રચનાત્મક કાર્યો કરવાની આવડત તેમની પાસેથી આપણે જાણી શકીએ છીએ આવા વિરાલાઓને તથા તેમના યશસ્વી કાર્યોનો વારસો ભાવિ પેઢી માટે ઉપયોગી બની શકે તે માટે ઉતિહાસ લખવાની જરૂરત હોય છે. સામાજિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રોના વિકાસ માટે સમય સમય ઉપર આવા ઇતિહાસનું પુનરાવર્તન કરી સમાજમાં નિષ્ઠાવાન અને કર્મશિલ વ્યકિતત્વવાળા ઘડવૈયા તૈયાર કરવાનું તથા અદ્‌ભુત પ્રતિભાઓ વિકસાવવાનું કાર્ય સમાજ દ્વારા થતુ રહેવું જોઇએ.

નિરંતર દુષ્કાળ તેમજ મહેનતના વાસ્તવિક મૂલ્યનુ પ્રતિપાદન ન થવાથી આપણા પૂર્વજો માદરે વતન કચ્છની માતૃભૂમિ છોડી ભારતમાં જ્યાં જેને અનુકુળતા તેમજ આશાનું કિરણ દેખાણું ત્યાં વિષમ ભૌગોલીક પરિસ્થિતિ તેમજ ભાષાકીય અડચણને અવગણીને પણ વસવાટ કરવાની ફરજ પડી. પુરૂષાર્થ તથા પરિશ્રમના સમન્વય રૂપી બ્રહમાસ્ત્રથી વિષમ પરિસ્થિતિઓ તથા સિમીત શકતીઓ હોવા છતાં પ્રામાણિકતાના પંથે આગળ વધી વિવિધ ક્ષેત્રે ઝંપલાવી સીધ્ધીઓ પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે.

સંવત ૨૦૪૦ માં સમાજે જયારે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું ભવ્ય સુંદર મંદિરના નવ નિર્માણ પછી ભગવાન શ્રી તથા અન્ય દેવોનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરેલ હતી. ત્યારે સમાજ દ્વારા સોવિનીયર તથા વસ્તી ગણતરી પુસ્તિકાનું પ્રકાશન કરેલ હતું. ૨૫ વર્ષો પછી ગત વર્ષે સમાજે જ્યારે રજત જ્યંતિ મહોત્સવ તથા ફરીથી નવ નિર્મિત નાગેશ્વર મહાદેવ મંદિરના નાગેશ્વરમહાદેવ તથા પરિવારની મુર્તિઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામ ધૂમ અને ઉંમગ અને ભવ્યતાથી ઉજવ્યો અને સમાજની બધી જ કુંવારી તથા પરણેલ નિયાણિઓને સુવર્ણદાન આપી ભવ્યાતિભવ મહોત્સવની યાદ વર્ષો સુધી જળવાંય રહે સચવાઇ રહે છે અને ભાવિ પેઢીનેઓને આવા યાદગાર મહોત્સવો કરવાની પ્રેરણા અને સુગમતા મળતી રહે તે હેતુથી સમાજે એક સોવિનીયર પુસ્તિકાનું પ્રકાશન કરવાનું નક્કી કર્યુ હતું.

આજે આપણો સમાજ ગામ કાદિયા મોટાનો સમાજ એક વટ વૃક્ષ સમાજ ફુલ્યો ફાલ્યો છે તેની શાખાઓ ખૂબજ વિસ્તાર પામેલી છે. ત્યારે સમાજના સૌ પરીવારો ને નજીકથી ઓળખવા તથા પરસ્પર એકતાની ભાવના દ્રઢ બને, સમન્વયતા જળવાઇ રહે એકબીજાનો પરિચય શુલભ બને. ભારત વર્ષમાં પથરાયેલા આપણા પરીવારોને પોતાના સંતાનો સગપણ કરવા માટે સુગમતા રહેવાના ઉદેશ્યથી પ્રેરીત થઇ વસ્તી ગણતરીને પરીવાર દર્શનને આ વખતે પ્રકાશીત થનાર સોવિનીયરમાં સાથે જાડી એક ખૂબજ જનઉપયોગી પુસ્તિકા બનાવવાનું રચનાત્મક કાર્ય કાદિયા મોટાની સમાજે કર્યું છે.

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની અસીમ કૃપાથી આજે એ કાર્ય પરિપૂર્ણ થયું છે અને આ પુસ્તિકાને આપ સૌ સમાજના સભ્યો સમક્ષ રજુ કરતાં અમો સૌ આનંદની લાગણી અનુભવીએ છીએ.

કાદિયા મોટા

શ્રી કારોબારી સમિતિ વતી પ્રકાશન સમિતિ

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ

કાદીયા મોટાનો ઈતિહાસ

શ્રી લક્ષ્મી નારાયણ પાટીદાર સનાતન સમાજ એક સિંહાવલોકન

આપણા હિન્દુ શાસ્ત્રો વેદ પુરાણ કહે છે કે લક્ષ્મી પતિ નારાયણ ભગવાનના નાભિ કમળથી શ્રી બ્રહ્માજી પ્રગટ થયા અને તેમનાથી સમગ્ર સૃષ્ટિના પિતા આદી પુરૂષ શ્રી કશ્યપ ઋષિ ઉત્પન્ન થયા તેમનાથી મહાત્મા અત્રિ, કશ્યપ, વરિષ્ઠ, અગસ્ત, વિશ્વામિત્ર, ભૃગુ અને આ ઋષિઓના સંતાનોથી પ્રજા ઉત્પન્ન થઈ અને આપણે ઋષિ પુત્રો કડવા પાટીદાર કહેવાયા.

આવા ઋષિ વંશથી આવતો આપણો કડવા પાટીદાર સમાજ ચંદ્ર વંશીય ક્ષત્રીય જાતીની એક શાખા છે જે પંજાબ થી ગુજરાત થઈ સમય જતાં કચ્છ પહોંચી પોતાની કચ્છ કડવા પટેલ તરીકેની આગવી છાપ ઉભી કરી તેવું ઈતિહાસ કહે છે. વિક્રમ સંવંત ૨૦૨ ના પોષ સુદ ૫ ને ગુરૂવારે ઉઝા ગામનું તોરણ બાંધનાર આપણા કડવા પાટીદારો જ હતા અને વિક્રમ સંવત ૨૧૨ માં મહેસાણા ગામનું તોરણ બાંધનાર માનાબાપા પણ આપણા કડવા પટેલ હતા. આ વિસ્તારમાં વર્ષો સુધી આપણા વડીલો એ ખેતી કરી અને શાસન પણ કર્યું છે તેવું વહીવંચાઓના ઉલ્લેખમાં છે.

આપણા કડવા પાટીદારોના કુળદેવી માં ઉમિયાજીનું સવંત ૨૧૨ મા સ્થાપિત વિશાળ મંદિર ઊંઝા મુકામ આવેલુ છે. અને સમગ્ર ભારતમાં વસતા કડવા પટેલો માં ઉમિયા આપણી માતા છે. આપણે મા ઉમિયાની વેદકાળથી એટલે કે ૫૦૦૦ વર્ષથી પૂણ શ્રધ્ધા અને ભકિત સાથે પૂજા અર્ચના કરતાં આવ્યાં છીએ.

કાળક્રમે સમગ્ર ભારત મુસલમાન શાસકોના શાસન અથવા પ્રભાવ હેઠળ આવ્યું અને મુસ્લીમ ધર્મનો પ્રચાર વધી ગયો. મુસ્લીમ શાસકોના સંરક્ષણ હેઠળ અનેક સુફીસંતો, ઓલીઆ વગેરે મુસ્લીમ ધર્મનો પ્રચાર કરી હિન્દુઓને મુસલમાન બનાવવા લાગ્યા તેવા કાળમાં આપણો કડવા પાટીદાર સમાજ પણ અમદાવાદ પીરાણા સુફી સંત ઈમામશાહનો મુરીદ બન્યો અને પીરાણાધર્મ તરફ વળ્યો. આપણા વડીલોએ સમયને ઓળખીને પીરાણા પંથને સ્વીકાર્યો પણ હિન્દુ આચરણો ને વ્યવહારથી મુકયા નહોતા દેવસ્થાનોમાં જસોદામાતા અને કૃષ્ણજન્મ જેવા હિન્દુ તહેવારો અને લગ્નમાં ચોરી અને મરણમાં અગ્ની દાહ ચાલુ હતો વળી આપણે શુધ્ધ શાકાહારી જ હતા.

કચ્છમાંથી જામ રાવળને ભગાડી (જેમને પછી જામનગર વસાવ્યું) અમદાવાદના બાદશાહ મહમદ બેગડાની મદદથી રાવ ખેંગારજીએ લાખીયાર વીયરે સંવંત ૧૫૯૦ માં જાડેજા વંશથી રાજસત્તા મજબૂતીથી સ્થાપી દીધી હતી. અને સંવંત ૧૬૦૫ ના માગસર સુદ ૫ ને શુક્રવારે ભુજ નગરનું તોરણ બાંધી અહી નવી રાજધાની પણ સ્થાપી દીધી હતી. સમગ્ર કચ્છમાં શાંતીનું વાતાવરણ હતું. આવા સમયે કચ્છમાં ખેતી માટે ખેડૂતોની જરૂર હતી ત્યારે આપણા પીરાણા ધર્મ અનુયાયી વડીલો કચ્છ રાવના પ્રોત્સાહનથી કચ્છ તરફ વળ્યા. પહેલા ભચાઉ શીકરા આવી વસવાટ કર્યો અને પછી કચ્છના વિભિન્ન પ્રદેશમાં કડવા પટેલો છવાઈ ગયા. પ્રથમ પરીવારો આસરે સવંત ૧૫૮૦ માં શીકરા (ભચાઉ) આવ્યો જેનો ક્રમ લગભગ સંવત ૧૮૦૦ સુધી સવાસો વર્ષ ચાલતો રહ્યો.

સમય જતાં મુસ્લીમ ધર્મનો પ્રચાર વધારે જોરથી થવા લાગ્યો. સંવત ૧૮૧૭ માં મહારાવ ગોડજી ભુજની ગાદી એ આવ્યા ત્યાં સંવત ૧૮૧૯ માં ઝારાનુ યુધ્ધ થયું સિંઘના ગુલામ શાહ બાદશાહની જીત થઈ, ભુજની રાજકુંવરીને પરણાવાની શરતે સમાધાન થયું અને બાદશાહે સિંઘ રવાનો કર્યો. શરત પ્રમાણે કુંવરીને ન પરણાવી જેથી બાદશાહ ફરીથી કચ્છ પર ચડી આવ્યો અને સમાધાનમાં ખાખર જાગીરની જાડેજા કન્યા પરણાવી સમાધાન કરવું પડયું. રાવશ્રી પર મુસલમાનોનું જોર વધી ગયું તેમના કહેવા પ્રમાણે નિર્ણયો લેવા લાગ્યા અને

રાવના અંગરક્ષકો પણ મુસ્લીમ સિધ્ધી બની બેઠા. આ બધુ સહન ન થતા જાડેજા સરદારોએ રાવને આખરે બંધીવાન બનાવ્યા અને સિદિ મુસલમાન દેશ નિકાલ કરી ભગાડયા.

સંવત ૧૮૩૫ થી સવંત ૧૮૭૦ ના સમયમાં રાવ રાયધણજી નું કચ્છ પર શાસન આવ્યું ઇસ્લામ ધર્મનું જોર ઓર વધી ગયું. મહેલમાં મહારાવે મોહમ્મદપનાહ નામના સૈયદને આશરો આપ્યો અને તેના પ્રભાવમાં સંવત ૧૮૪૦ માં પોતે મહારાવે મુસ્લીમ ધર્મ સ્વીકાર્યો અને પ્રજાને મુસલમાન થવા દબાણ કર્યું. મહારાવ તરફથી તમામ હિન્દુ મંદિરો તોડવાનો હુકમ છુટયો અને માંડવી જઇ સંવત ૧૮૪૩ માં મહારાવે પોતે હાજર રહી મંદીરો તોડાવ્યા. માંડવીની હિન્દુ પ્રજાએ બળવો કર્યો અને મહારાવ શ્રીને ભાગી ભુજ આવવુ પડયું અને ભુજના મંદિરો તોડાવવાનો હુકમ છોડયો ત્યાં અંજારથી મહારથી મેઘજી શેઠે ૪૦૦ યુવાનો સાથે આવી મહારાવ શ્રીને મહેલમાં કેદ કર્યા અને ભુજ ના મંદિરો બચાવ્યા.

આવા અંધાધૂનીના સમયે પીરાણાથી પ્રાગજી કાકા અને સૈયદ વલી મહમદ કચ્છમાં પોતાના ભકતોની મુલાકાતે આવ્યા. પાટીદાર સતપંથ સમાજે તેમનું ગામે ગામ ધામધૂમથી સ્વાગત કર્યુ અને સવંત ૧૮૩૨ ના પોષ વદ ૧૩ દિવસે નખત્રાણા જ્યોતિષ ધામમાં જ્ઞાતિ પંચે ભેગા થઇ તેમની હાજરીમાં ઠરાવ કરી બ્રાહ્મણ અને ભાટ ને રજા આપી. લગ્નમાં ચોરી અને મૃત્યુમાં અગ્નીદાહ કરી સમાજ દ્વારા નીમાયેલા જ્યોતિષ ધામના આપણી જ્ઞાતિનાજ મુખીથી ધાર્મિક વિધી તથા લગ્ન વગેરે કરાવવા અને મૃત્યું પર ભૂમિદાહનો ઠરાવ બહુમતે પ્રસાર કર્યો અને અમલ શરૂ થયો.

કચ્છમાં આવ્યાને વરસો વિતી ગયા, ખેતી વ્યવસાયમાં વ્યવસ્થિત ગોઠવાઇ ગયા પણ પરિવારોમાં વધારો થઇ રહ્યો હતો. બધાનો ખેતી ઉપર નીભાવ મુશકેલ હતો. સંવત ૧૮૧૯ ના ઝારાના યુધ્ધ પછી સીંધુ નદીનું પાણી પણ કચ્છમાં આવતું બંધ થઇ ગયુ હતું. વરસ કયારેક નબળુ પડતા હાલત વધારે ખરાબ થઇ જતી હતી. આવા સમયે પરીવારના યુવાનો વર્ષના અમુક મહીના સિંધ, કરાચી, મુંબઇ, અને દિલ્હી વગેરે જગ્યાએ મજુરી કરવા નીકળી પડયા અને લાકડા વહેવારો અને બાંધકામોનો વ્યવસાય હાથમાં લીધો. સિંધમાં ખેતી કરવાનું પણ ચાલુ કર્યું. બહારની સમાજો સાથે યુવાનોનો સંર્પક વધ્યો હાથમાં પૈસાપણ આવ્યા. ખંત મહેનત અને ઇમાનદારીથી ગણા ભાઇઓએ પોતાના વ્યવસાયમાં નામ કાઢયું મુંબઇમાં બાંધકામ ક્ષેત્રમાં કચ્છી પટેલોની બોલ બોલા થઇ ગઇ.

આવા કણબી પટેલ ઠેકેદારોમાં વિરાણી મોટી વાળા નારણભાઇ રામજીભાઇ લીંબાણી નું પણ મુબઇમાં બાંધકામ ક્ષેત્રે નામ હતું. એક સમયે નારણભાઇ ના મિત્ર ગોપાલજી શેઠે કચ્છી લોહાણા શેઠ કેશવજી દામજી સાથે તેમનો પરીચય આપતાં કહ્યુ કે,

ઇ ડીશાજેતા હિદું જેડા પણ
ધરમમે ઇ વડા કાફર આંઇ
ન ઇ હિન્દુંને ન ઇ મુસલમાન ઇનીજનમે,
મરે તડે ડટજે ને પૈણે તડે ધુવા પેન

(તેમનો દેખાવ તો હિન્દુ જેવો છે. પણ ધર્મના બારામાં તેઓ કાફર છે. તેમની જ્ઞાતીમાં મૃત્યુ થાય તો દાટે છે અને લગ્ન થાયતો ઘુઆ પડે છે. તેઓ નથી હિન્દુ કે નથી મુસલમાન.)

નારણબાપાને આ શબ્દો બાણની જેમ લાગ્યા. પોતાના મિત્રોને મળીને ચર્ચા કરી અને વિદ્વાન પંડીતોને મળયા અને પોતાના સાથીઓ સાથે સાતજણ સંવત ૧૯૬૪ ના જેઠ સુદી ૫ ને ગુરૂવારે નાશીક મુકામે ગોદાવરી નદિ કિનારે વિદ્વાન પંડીતોથી દેહશુધ્ધિ કરી જનોઇ ધારણ કરી કચ્છના કડવા પાટીદાર ભાઇઓમાં પ્રથમ સનાતન ધર્મી બન્યા અને જ્ઞાતિમાં સનાતન ધર્મના પ્રચારનો ઝંડો ઉપાડયો.

આપણે આપણા ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાનશ્રીની મર્તિઓના પ્રાણ પ્રતિષ્ઠાના ૨૫ વર્ષ પૂરા કરી રજત જંયતિં મહોત્સવને ધામધૂમથી ઉજવીએ છીએ,

ત્યારે આ સાત વડીલોની દેહ શુધ્ધીને સાથેસાથે સો વર્ષ પૂરા થવાનો સંયોગ થતા આનંદનો ઓર વધી જાય છે. આ પાટીદાર સાત ભાઇઓને સંતશ્રી વાલરામજી અને સંતશ્રી લાલરામજી અને સંતશ્રી ઓધવરાવજી વાઢાય વાળા ના આશીર્વાદ અને સહયોગ મળ્યો અને પાટીદાર ગામોમાં સનાતન ધર્મપ્રચારનું જોર વધતુ ગયું અને ગામેગામ લક્ષ્મીનારાયણના મંદિરો બનાવા લાગ્યા.

આપણા ગામમાં સનાતન ધર્મના પ્રચાર માટે વિરાણી મોટી વાળા બાપા રતનસી ખીમજી ખેતાણી સંવત ૨૦૦૨ ના ઉનાળામાં સમુહ લગ્ન પછી તેમના સાથીઓ સાથે આવ્યા અને મુખ્ય ચોકમાં સભા ભરી માવિત્ર ગોપાલ બાપા મુખીને પ્રમુખ બનાવ્યા અને માવિત્ર હંસરાજ માના ચૌહાણ ને ઉપપ્રમુખ બનાવી સનાતન ધર્મનો પાયો નખાયો, જીવરાજ વિશ્રામ તેજાણી વિરાણી મોટી જઇ રતનશી બાપાથી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની છબી પૂજા માટે લઇ આવ્યા અને આજે આપણું મુખ્ય મંદિર છે તેની આથમણી બાજું જોધાયા પરિવારના મકાન છે તેઓ ગુજરાત કંપામાં ખેતી કરવા જતાં ખાલી હોવાથી ઓસરીમાં મંદિર જેવું બનાવી પૂજા-સેવા કોટડા વાળા ગાભા મહારાજ ધ્વારા ચાલુ કરવામાં આવી અને લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજની સ્થાપના થઇ.

સંવત ૨૦૦૮ માં મુખ્ય ચોકમાં વિશ્રામ વીરજી તેજાણી ધ્વારા લોહાણાના મકાન ખરીદી સમાજ ને ભેટ આપ્યા અને આ દેશી નળીયાવાળા મકાનમાં મંદિર આવ્યું સંવત ૨૦૧૦ માં હાલ સમાજવાડી છે., ત્યાંના લોહાણા મકાન માં વિશ્રામ વિરજી તેજાણી ધ્વારા ખરીદીને સમાજને ભેટ અપાયા અને વાસણ રાખવાનો સમાજનો સ્ટોર બન્યો. સંવત ૨૦૨૦ માં વડીલોએ જુનું નળીયા વાળુ મંદિર તોડી નવું મેંગલોરી નળીયાનું મંદિર બનાવ્યું જે આપણે સંવત ૨૦૪૦ માં નવું મંદિર બનતા હાલ સ્ટોર તરીકે વાપરીએ છીએ.

સંવત ૨૦૪૯ ના શ્રાવણ માસે દશાબ્દી મહોત્સવ સ્વામી સચ્ચીદાનણદજી મહારાજ (દંતાલી આશ્રમ) ની ધર્મ સભા સાથે ધામધુમ થી ઉજવ્યો.

સંવત ૨૦૫૩ ના શ્રાવણ માસે આપણા સમાજ અને મંદિરને પચાસ વર્ષ પૂરા થતાં સુર્વણ જંયતિ મહોત્સવ ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞ સાથે ધામધુમથી ઉજવ્યો.

સવંત ૨૦૫૭ ના ભંયકર ધરતીકંપમાં ભગવાનશ્રી મુર્તીઓ ખંડીત થઇ જતાં સંવત ૨૦૫૮ ના શ્રાવણ માસે પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને સમાજવાડીની આર.સી.સી હોલ રસોડા સ્ટોર રૂમનું ઉદ્ઘાટન ધામધૂમ પૂર્વક કરવામાં આવ્યું.

સવંત ૨૦૬૪ ના શ્રાવણ માસમાં આપણા નવા મંદિર અને સમાજવાડીને ૨૫ વર્ષ પૂરાં થતાં રજત જયંતિ મહોત્સવ આપણા વડીલો અને નીયાણીઓને સન્માનીત કરી ધામધુમથી ઉજવ્યો સાથે સાથે પ્રાચિન નાગેશ્વર મહાદેવના શિવ મંદિરનો જીણોધ્ધાર કરી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો.

તા. ૧૫.૮.૨૦૦૩ થી સમાજવાડીમાં "અપના ઘર" ચાલુ કર્યુ. નામ માત્રનો ચાર્જ લઇ ત્રણે ટાઇમ જમવાની સગવડ સમાજ આપે છે.

આવો આપણે લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ ધીરેધીરે પ્રગતિને પંથે આગળ વધતો રહ્યો છે. સંવત ૨૦૦૨ના વર્ષમાં ગણ્યા ગાંઠયા પાટીદાર ભાઇઓથી ભાડામાં મકાનમાં શરૂઆત કરનાર સમાજ આજે દરેક રીતે સધ્ધર છે અને ગામના લગભગ ૯૫ ટકા પાટીદાર પરિવારો સમાજના સભ્યો છે. ઘણાખરા કુટુંબો પરદેશમાં વસવાટ કરે છે અને ભગવાનશ્રી ની કૃપાથી સુખી અને સંપન્ન છે. શ્રાવણ માસમાં ભગવાનશ્રીના પાટોત્સવ અને જન્માષ્ટમી વખતે બહોળી સંખ્યામાં હાજરી રહે છે. અને ગામમાં મેળા જેવું વાતાવરણ ઉભુ થાય છે. બધા ધાર્મિક અને સામાજિક ઉત્સવો સનાતન અને સમાજના ભાઇઓ સાથે રહીને પ્રેમ પૂર્વક ઉજવે છે. અને સમાજ પણ ગામના તેમજ અન્ય સમાજના વિકાસમાં રસ ધરાવી સહયોગ આપે છે.

વડીલો સમયે સમયે સુચન કરતા રહ્યા છે કે દર પાંચ દશવર્ષે ગામમાં ઉત્સવો ઉજવતા રહો રહેજો જેથી ગામ જાગૃત રહે અને આવનાર પેઢીને ગામ પ્રત્યે ભાવ બન્યો

રહે. એ સુચનને ધ્યાનમાં લઈને સમયે સમયે સમાજ અને પરીવારો વિવિધ ધાર્મિક આયોજન કરી ગામ અને સમાજને જાગૃત રાખી રહ્યા છે. આવા મુખ્ય ઉત્સવોમાં...

૧. સંવત ૨૦૪૫ ના ઉનાળામાં જબુવાણી પરીવાર ધ્વારા આયોજીત રમેશભાઈ ઓઝાની ભાગવત સપ્તાહ

૨. સંવત ૨૦૫૪ ના ઉનાળામાં જાળવાળા પરિવાર ધ્વારા આયોજીત શરદભાઈ વ્યાસની ભાગવત સપ્તાહ.

૩. સંવત ૨૦૫૩ ના અષાઢ માસે જબુવાણી પરિવારના સુરધન સ્વ શ્રી લધાબાપાનો ઉત્સવ.

૪. સંવત ૨૦૬૧ ના ચૈત્રમાસે પોકાર પરીવારના સુરધન રવજીબાપાનો સ્વ સ્વામી સત્યનારાયણ ગિરિજી મહારાજ નારાયણ સરોવર વાળાના સાનિધ્યમાં પરીવાર મિલન ઉત્સવ

૫. સંવત ૨૦૬૧ના શ્રાવણ માસમાં સ્વ. મા. દાનાબાપા મુખીના દાનેશ્વરી આશ્રમમાં મૂર્તિ પ્રતિષ્ઠા અને પરિવાર મિલન ઉત્સવ.

સમાજની આ પ્રણાલિકા ચાલુ થયા પછી આવા ઉત્સવો આપણે અને આપણી અને આવનાર પેઢી વર્ષે ઉજવતી રહેશે અને આપણા ગામને જાગૃત રાખી ગામના અને સમાજના વિકાસમાં અગ્રેસર રહેશે. એજ આપણા ઇષ્ટ દેવ ભગવાન લક્ષ્મીનારાયણ અને કુળદેવી ઉમિયામાતાજીને પ્રાર્થના.

અસ્તુ.

શ્રી કાદીયા મોટા અતિત અને વર્તમાન

ઇતિહાસના ઝરોખામાં બેસી નજર નાખતા આપણે જોઈએ છીએ કે વિશ્વની પૂરાતન માનવ સંસ્કૃતિઓ નદિ કિનારે અથવા સમુદ્ર કિનારે જ ફળીફુલી છે. આપણા હિન્દુ ધર્મએ તો નદિને માતા એવું ઉચ્ચ સ્વરૂપ આપ્યું છે. આપણા ગામ કાદિયાની પુર્વ દિશાઓ ભૂખી નદી (ઘડુલ નદી) આવેલી છે. અને આજે પાણીના તળ ઉંડા જવા છતાં જખોદરા (યક્ષ ધ્રો) જેવા સ્થાનકમાં બારે માસ પાણી રહે છે. આવી ચિરનિરની જગ્યાની આજુબાજુ વર્ષો જૂની માનવ સંસ્કૃતિમાં અવશેષો આવેલા છે.

સવંત ૧૦૦૦ની આજુબાજુમાં કચ્છના પ્રસિધ્ધ રાજા જામ લાખા ફુલાણીના ભત્રીજા જામ પુંઅરાના ત્રાસથી અને કેદથી ઋષિઓને છોડાવવા વિદેશથી બૌતેર જખ કચ્છમાં જે બંદરે ઉતર્યા તેને આપણે જખૌ બંદર તરીકે ઓળખીયેજ છીએ. આ બૌતર જખના બેસણા અમૂક સમય આપણી ભુમિ નદીને ઉગમણે કિનારે જન્માષ્ટમીના મેળાના સ્થળની બાજુમાં હોવાના અવશેષો આવેલા આપણે આજે પણ જોઈએ છીએ એટલે જ આ સ્થળને જખધ્રો (જખ એટલે બૌતેર યક્ષ અને ધ્રો એટલે પાણીનો કુંડ) તરીકે ઓળખીયે છીએ.

નદીને આગળ જતાં ઘડુલ ડેમ પાસે દેસલપર ગુંતલી બાજુ હાજીપીરને રસ્તે પૂરાતનન વિભાગને તાજેજરમાં ખોદકામ કરતા "હડપ્પા કાલીન" (આશરે ૫૦૦ વર્ષ જુની) સંસ્કૃતિના અવશેષો જેમાં વજનીયા, આભુષણો, મુદ્રાઓ વગેરે મળી આવેલ છે. એ સમયના પત્થરના મજબુત કિલ્લા અવશેષો પણ મળી આવ્યા છે. પૂરાતન વિભાગ ધ્વારા હજુ સંશોધન બાકી છે.

આવી ચિર નિતની પૂરાતન જગ્યા જખૌદારાની આજુબાજુ કાંધી અને સંઘારલોકો (જખ બૌતેર ના સેવકો આજેપણ ભુજને રસ્તે જખ બૌતેરની જગ્યાએ તેઓ) સેવા કરે છે.) વર્ષો પૂર્વથી નીવાસ કરતા હતા અને બાંડિયા ગામના (માતાજી નેત્રા ગામની બાજુમાં ત્રણ કિલોમીટર) રજપૂતોની ત્યાં અવર જવર હતી. સમય જતા કાંધી અને સંઘાર લોકોએ અહીંથી પ્રસ્થાન કરેલ અને ભૂજના રાવ તરફથી નદીથી આથમણો પ્રદેશ બાંડીયા ગામના રજપુતો જાગીરમાં મળ્યો હતો.

સંવંત ૧૬૮૦ ની આજુબાજુમાં આપણા વડીલો એ

"શીકરા" (ભચાઉ) ગામેથી નીકળી પટેલોના પ્રથમ ૨૦ ગામ વસાવ્યા તેમાં આ ભુખી નદીના બન્ને કીનારે આવી વસવાટ કર્યો. જેમાં નદિના ઉગમણા કિનારાનો વસવાટ "મથલ" અને આથમણા કિનારાનો વસવાટ " જુનાવાસ" કાદિયા ગામ તરીકે ઓળખાયો. આ જગ્યાએ મુસ્લીમ ફકીર કાદિપીરના બેસણા હોવાથી કાદિયા નામ આપવામાં આવેલ. અત્યારે પણ આ જગ્યાએ મુસ્લીમ ફકીર કાદિપીરના બેસણા હોવાથી કાદિયા નામ આપવામાં આવેલ. અત્યારે પણ આ જગ્યા એ કાદિયા ટોડીયાના રસ્તેથી અંદર જતાં જુના ગામના હનુમાનનું મંદિર અને પૂરાતન ગામના અન્ય અવશેષો મળી આવેલ છે.

આશરે સંવંત ૧૭૪૨ થી ૧૭૫૦ ની વચ્ચે અહીંના વસવાટના સર્વે વડીલોએ આથમણી, કાદિયા ઉગમણી અને હમીરપર ની ત્રણ નવી જગ્યાએ વહેંચાઇને વ્યવસ્થિત વસવાટ કર્યો અને આપણી કાદિયા આથમણી જે આજે કાદિયા મોટા પણ કહેવાય છે તેનું તોરણ બંધાયુ. આપણા કાદિયા મોટાના ગામનું તોરણ કોણ વડીલો બંધાવ્યુ તેના આધાર ભુત પુરાવા તો નથી પણ વહિવંચા ખાડેરાવના રીકાર્ડ મુજબ મુખ્ય રૂપે પોકારના બાપા તેમજ તેમના સગા ના સંબધોથી આવેલા જબુવાણી, સાંખલા, ચોહાણ, રૂડાણી, ભાવાણી, ભીમાણી, ગોરાણી અને સુરાણી પરીવારના વડીલો મુખ્ય હતા. સમયોપરાંત હમીર પર ગામના પરીવારો બન્ને ગામો માં વહેચાઇ ગયા અને હમીર પર જે જડોદાર જાગીરમાં હતુ તેનુ અસ્તીત્વજ મટી ગયું. આજે પણ જડોદારને રસ્તે હમીરપર ગામના અવશેષો અને હનુમાન મંદિર જોવા મળે છે.

કચ્છના દરેક ગામોમાં ભુજના જાડેજા વંશના રાજાઓની આણ વર્તાતી અને તે ગામો તેમના અથવા તેમના જાગીરદારોના ભોગવટા નીચે હતા. આપણુ ગામ "બાડીયા" ગામના જાડેજા પરીવારના ભોગવટામાં હતું. આ જાગીરદારો ગામની તેમજ રક્ષણની જવાબદારી લેતા અને બદલામાં ખેડૂતો પાસેથી ખેતપેદાશો અમૂક ભાગ લેતા.

સવંત ૧૯૦૦ ની આસપાસ આપણા ગામની રક્ષા માટે આપણા જાગીરદારોની દેખરેખમાં એક ગઢ (કિલ્લો) બનાવવામાં આવ્યો તેના અવશેષો આપણે સૌએ જોએલાજ છે. લુટારૂઓ આવવાના સંકેતો મળતાં ગ્રામજનો પોતાના પશુધન અને ઘર વખરી સાથે ગઢમાં પ્રવેશી દરવાજો બંધકરી જાનમાલનું રક્ષણ કરતાં એટલેજ આપણું ગામ કાદિયા ગઢવાળી તરીકે પણ ઓળખાય છે.

વર્ષ દરમિયાન તૈયાર થયેલ ખેતીની પેદાશો નક્કી કરેલો ભાગ સર્વ પ્રથમ જાગીરદાસ પરિવારોનો થતો અને ત્યારબાદ ગામના સુથાર, લુહાર, વાળંદ, હરિજન વગેરેને આપી જેબચતુ તે આપણા ખેડૂત વડીલોઓના ઘરે જતું.

ઈ.સ. ૧૯૪૭ માં આઝાદી મળી ત્યારે કચ્છના મહારાવશ્રીએ ભારતસંઘ સાથે મર્યાદિત જોડાણનો દસ્તાવેજ સહી કર્યો હતો. એટલે રાજાશાહી ચાલુજ હતી. તે પછી કચ્છના છેલ્લા મહારાવ મદનસિંહજી સાથે પ્રજાકીય પ્રતિનિધિઓ સાથે મળી સરદાર વલ્લભભાઇ પટેલના પ્રયત્નોથી તા. ૧.૬.૧૯૪૮ કચ્છ રાજયે ભારતસંઘના ભાગ તરીકે કેન્દ્ર શાસીત રાજયોનો દરજ્જો પ્રાપ્ત કર્યો અને તા. ૧.૮.૧૯૫૨ માં ખેડુતોથી ઉપરોક્ત ભાગ બટવારો પણ થયો અને જાગીરદારોને સરકાર ધ્વારા નક્કી થયેલ વિંઘોટી રૂપે રોકડમાં આપવાનું ચાલુ થયું. જે આજ પર્યંત ચાલુ છે.

જાગીરદારી પ્રથા નાબુદ થતાં આપણા વડીલોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો અને ખેતીની સાથે સાથે એકબીજાના સહકારથી ગામના વિકાસ તરફ ધ્યાન આપ્યું અને ગામ પ્રગતિના પંથે આગળ વધ્યુ.

પૃથ્વી નકશામાં કાદિયા મોટા ગામ ૨૩ અંશ ૨૬ કળા ઉત્તર અક્ષાંસ અને ૬૯ અંસ પૂર્વ રેખાંશ ઉપર આવેલુ છે. કર્ક રેખા નેત્રા ઉપર થઇ ટોડીયાની ઉત્તરે પસાર થાય છે.

જીલ્લા મુખ્ય મથક ભુજથી ઉત્તર પશ્ચિમ માં ૬૬ કિમી અને તાલુકા મથક નખત્રાણાથી ૧૬ કી.મી. ના અંતરે આવેલુ છે. ઉત્તરે ૩ કી.મી. ટોડીયા અને દક્ષિણ પુર્વે ૮ કી.મી કોટડા (જટોદર) થી પાકા રસ્તે અને પશ્ચિમમાં ૫ કી.મી. રસલીયા અને દક્ષિણ માં ૫ કી.મી. ઉખરડાથી કાચા રસ્તે અને પાટનગર ગાંધીનગરથી ૪૫૦ કિ.મી.ના અંતરે જોડાયેલુ છે.

આપણા ગામમાં પોસ્ટ ઓફિસનો પ્રારંભ સંવંત ૨૦૦૪ માં થયો. સર્વ પ્રથમ પોસ્ટ માસ્તર કોટડા વાળા

ગાભા મહારાજ બન્યા.

સંવંત ૧૯૯૦ માં ગામના બાળકોના અભ્યાસ માટે "લોહાણા કેળવણી મંડળ" ધ્વારા પ્રથમ સ્કુલની સગવડતાનો પ્રારંભ કરવામાં આવ્યો સાત માસ્તરો સાથે શ્રી નારણભાઇ વીરજીભાઇ મુખીના મકાનની બેમાળની મેડીમાં ચાલુ કરતા બંન્ને કાદિયા ગામના વિધાર્થી અભ્યાસ કરવા લાગ્યા. સંવત ૨૦૦૦ ને લગભગ લોહાણા કેળવણી મંડળની સ્કુલ બંધ થતાં ગ્રામજનો ધ્વારા સ્કુલ ચાલુ કરવામાં આવી. જે સમયે અનુકુળ જગ્યાએ ચલાવ્યા બાદ સંવંત ૨૦૧૫ (સન ૧૯૫૯) માં વથાણમાં ભાઇઓ ધ્વારા જમીનના સહયોગથી સ્કુલ માટે સ્થાયી ભવન બાંધવામાં આવ્યુ. સમય જતા આ ભવન નાનું પડતા ગ્રામજનોના ફાળાથી તે ભવન તોડી બે માળની વિશાળ ભવનવાળી સ્કુલનું નિમાર્ણ કરવામાં આવ્યું, અને સ્કુલને સરકારી માન્યતા મળી. સન.૨૦૦૧ ના વિનાશકારી ધરતીકંપમ્રાં સ્કુલ ભવન ક્ષતિગ્રસ્ત થતાં સરકાર ધ્વારા તેજ જગ્યાએ નવું ભવન બનાવ્યું જે આજે આપણી સક્ષમ હયાત છે. અને ધોરણ ૧ થી ૭ ગુજરાતી ના અભ્યાસ માટે સરકાર ધ્વારા ૫ શિક્ષકો નિયુકત કરેલ છે. અને વથાણમાં સરકાર ધ્વારા બનાવેલ બાલમંદિર ભવનમાં એક મુખ્ય શિક્ષક અને સહાઇકાની સગવડ છે.

કચ્છમાં પંચાયત પ્રથા ચાલુ થતાં આપણા ગામના પ્રથમ પંચાયતનો પ્રારંભ તા. ૧.૧૨.૧૯૫૯ નો થયો અને ગામનો વહીવટ પંચાયત અને સરકાર ધ્વારા નીયુકત તલાટી ધ્વારા સંયુકત રીતે થવા લાગ્યો અને ગામમાં સંપુર્ણ લોકશાહી આવી.

આપણા ગામના તળનું પાણી ખારૂ હોવાથી ખોભડીની વાટમાં આવેલ તળાવ તથા વાડીયુંના કૂવેથી માતાઓ ને માથે બેડું લઇ પીવાનું પાણી ભરવા જવું પડતુ હતું સમય જતા સરકાર ધ્વારા પીવાના પાણી માટે બે સાર્વજનિક કૂવા રસલીયાના રસ્તે એક હરિજન માટે અને બીજો સવર્ણ કોમ માટે બનાવવામાં આવ્યા ત્યાંથી પણ માતાઓને પાણી સીચીં કાઢવું પડતું અને ગામ તળથી પણ આ કૂવા દૂર હતા. સંવત ૨૦૨૨ સન ૧૯૬૬ માં ગામને પાણી પુરવઠા યોજનનો લાભ મળ્યો અને રસલીયાના રસ્તે ડુંગરોની બાજુમાં કૂવો અને પાણીની ટાંકી બાંધી પાઇપ લાઇન ધ્વારા ગામના ઘરે ઘરે પાણીના જોડાણ આપી "વોટરવર્કસ" નો પ્રારંભ થયો. આ સમય દરમીયાન ગામ વિજળી સપ્લાયથી પણ જોડાઇ ગયું હતું.

ઇ.સ. ૧૯૫૮ માં નખત્રાણાથી નેત્રા માટે કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ ધ્વારા બસ સેવા ચાલુ કરવામાં આવી. ત્યારબાદ ઇ.સ. ૧૯૬૦ માં કચ્છ જીલ્લાનું નવા બનેલા ગુજરાત રાજયમાં જોડાણ થતાં કચ્છની બસોનો વહીવટ પણ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ ના અંતર ગત આવ્યો જે આજ પર્યંત ચાલુ છે.

સંદેશા વ્યવહાર માટે ટેલીફોન સેવા પણ આપણા ગામને ઉપલબ્ધ છે. અને ગામને દેશ પરદેશ સાથે સંર્પક વધ્યો. સંવત ૨૦૦૨ માં ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાન મૂર્તિવાળુ મંદિર બનતાં તેની સેવા પૂજા કોટડાના ગાભામહારાજ કરાવા લાગ્યા. દોઢ વર્ષ બાદ કાકુ મહારાજ ઉર્ફે રતનસી પ્રધાન જોષી (બોડા પરીવાર) ધ્વારા સેવા પૂજા ચાલુ થઇ જે આજ દિવસ સુધી તેમના સુપુત્રો વાલજી મહારાજ અને જેષ્ઠારામ મહારાજ ધ્વારા કરવામાં આવી રહેલ છે.

આપણો કચ્છ જીલ્લો ભૂકપં ઝોનમાં આવેલો છે. વખતો વખત કચ્છને ભયંકર વિનાશક ભૂકંપોનો સામનો કરવો પડયો છે અને કચ્છની ભૌગોલિકતાની સાથે સામાજીક અને ધાર્મિક સંસ્કૃતિને પણ બદલી નાખી છે. તા. ૧૬.૬.૧૮૧૯ નાદિવસે આવેલ ભયંકર ભૂકંપે કચ્છને તહસ નહસ કરી નાખ્યું. કચ્છ જમીનના તળમાં પરીવર્તન થતા સિંધુ નદી નો એક ફાંટો કચ્છમાં આવતો હતો તે બંધ થયો અને લખપતનો લીલોછમ પ્રદેશ વેરાન બન્યો. ભુકંપે ભુજના રાજ મહેલો ખંડેર જેવા બનાવેલા. ગામેગામ કારો કેર વર્ત્યો હતો. ત્યારબાદ ઇ.સ. ૧૯૫૬ માં ભૂકંપમાં અંજાર શહેર ખતમ થયું હતું. હાલ ૨૬.૧.૨૦૦૧ ભૂકંપની દાસ્તાનો આપણી સમક્ષ છે. આપણા ગામમાં આ ભૂકંપે સ્કૂલ ભવનને પણ નુકસાન થયુ. આપણા લક્ષ્મીનારાયણ મંદિરમાં ભગવાનશ્રીની મૂર્તિઓ ખંડીત થઇ ગઇ. ઇ.સ. ૨૦૦૨ના શ્રાવણ માસમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. પરદેશથી આપણા ગામના ભાઇઓ તત્કાળ આગળની રાહતની જવાબદારી ઉપાડી લીધી, અસરગ્રસ્તો ને સરકારી તેમજ બીન સરકારી સંસ્થા

તરફથી આર્થિક તેમજ વસ્તુ રૂપે સહાયતા કરવામાં આવી. સૌએ સાથે મળી ગામને પાછું ઉભું કરી પહેલાં કરતા પણ વધુ રળીયામણું કરવામાં આવ્યું.

દાન દાતાઓ ધ્વારા તેમના પરિવાર વડિલોના સ્મણાર્થે બનાવેલ ગેટો ગામની શોભાને વધારી રહ્યા છે. કોટડા (જડોદર) થી આવતા રસ્તા ઉપર "જાળવાળા ગેટ" આવે. ટોડીયા થી આવતા મેન રસ્તા ઉપર "વડાઇયા ગેટ" આવે વથાણ માંથી મંદિર તરફ જતા રસ્તા ઉપર "ભાવાણી ગેટ" આવેલ છે. તે સીવાય પોકાર પરિવાર ધ્વારા તેમના સુરધન રવજીબાપાના સ્થાનકે જવાના રસ્તે ઉપર ગેટનું નિર્માણ કરવામાં આવેલ છે. અને સતપંથ સમાજ ધ્વારા તેમના અર્થવેદ આશ્રમ તરફ જવાના રસ્તા ઉપર ગેટ બનાવેલ છે.

કાદિયા ગામમાં મંદિરોમાં મુખ્ય પાટીદાર સનાતન સમાજ ધ્વારા નિર્મિત ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું ભવ્ય મંદિર આવેલ છે. તેની પાસે સતપંથ સમાજનું નિષ્કલંકી નારાયણનું મંદિર આવેલ છે. તેની સામે જલારામબાપાનું મંદિર છે. ગત વર્ષે જેનો જીર્ણોધ્ધાર કરી નવું બનાવેલ ભવ્ય નાગેશ્વર મહાદેવનુંમંદિર અને તેની પાસે હનુમાનજી મહારાજનું મંદિર શોભાયમાન છે. તે સિવાય હનુમાનજીના બીજા બે મંદિરો આવેલા છે.

આપણા ગામની સમાજવાડીયોમાં લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજની ભવ્ય સમાજ વાડી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પ્રાગણમાં ગામના મુખ્ય ચોક ને અડી આવેલા છે, સતપંથ સનાતન સમાજની સમાજવાડી તેમના મંદિરમાં અને મહાજન સમાજની સમાજવાડી નાગેશ્વર મહાદેવ મંદિરની સામે આવેલ છે.

કાદિયા મોટા ગામની જડોદાર જતાં રસ્તામાં મુસ્લીમ ફકીર કાદીપીરની દરગાહને ખૂબજ ભવ્યતાથી મંદિરના રૂપમાં રાખવામાં આવેલ છે. સમય પર્યંત વર્ષમાં એક વખત ગામ આખુ કાદિપીરે જતુ અને સૌ તેની પેડીનો પ્રસાદ લેતા.

કાદિયા નાના જતાં વચ્ચે સંતશ્રી પાલાભગતના બેસણા છે અને હરિજન સમાજ ધ્વારા વર્ષમાં એક દિવસ મોટો ઉત્સવ મનાવવામાં આવે છે.

જબુવાણી પરિવાર ધ્વારા તેમના સુરધન શ્રી અને લધાબાપાના સુંદર મંદિરનું નિર્માણ કરી બેસાડયા છે. તેવી રીતે પોકાર પરિવાર ધ્વારા તેમના સુરધન શ્રી રવજીબાપા તથા રૂડબાઇ ફઈમા ના પાળીયાના બેસણા માટે સુંદર મંદિર બનાવવામાં આવેલ છે. મુખી (પોકાર) પરિવાર ધ્વારા તેમના બાપા સંતશ્રી દાના બાપાને અનુપમ મુર્તિરૂપ આપી મંદિરમાં બેસાડવામાં આવ્યા છે.

કાદિયા ગામની રસલીયા જતાં કાચા રસ્તે ડુંગરની ધાર ઉપર ભગવાન શ્રી સ્વામીનારાયણ ના પગલાં આવેલા છે. ખોભડી જતાં કાચા રસ્તે હોળીમોરીની બાજુમાં હરીજનના સંત ત્રીકમ દાસજીના પગલા આવેલા છે.

તળાવો : કાદિયા મોટા ગામની સીમમાં ગામની ઉત્તરે ખોભડીના રસ્તા ઉપર ગામનું મુખ્ય તળાવ આવેલુ છે. જે પહેલા ના સમયમાં પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત હતો તે સિવાય બીજા નાના તળાવોમાં કોત્તાખડીયું, મીદડીખડીયું, ભીમતળાવ, રાતુંતળાવ, રામોરાઇ વગેરે આવેલા છે.

ડુંગરો : મોરધર, ચેરાખઝર, મ્યારભેટ, હોળીમોરી વગેરે નાના ડુંગરો આવેલા છે. પહેલાના સમયમાં રસલીયાની વાટે એક ધ્રુંઘલ (જળપ્રપાત) આવેલ હતો.

આપણા ગામનું રળીયામણું વથાણ ટોડીયા અને કોટડાના રસ્તા ઉપર બસસ્ટેડ અને સ્કુલભવનની શોભા ધરાવતું વૃક્ષોથી સુશોભિત ગામનું કેન્દ્ર સ્થાન છે. જ્યાં દિવસભર ચહલપહલ બની રહે છે. અને ત્યાં મુખ્ય અવાડાઓ ગામની શોભા વધારે છે.

આજનું આપણા સક્ષમ રળીયામણું દેખાતું કાદિયામોટા ગામ આપણા વડીલો અને આપણી સૌની પરિશ્રમતા અને એકતાનું પ્રતિક છે. જે આજુ બાજુના ગામોમાં ગૌરવવંતું સ્થાન ધરાવે છે.

ઇતિહાસ એ કોઈપણ સમાજની કથા છે. ઇતિહાસ એક દર્શન છે, અરિસો છે. આજનો વર્તમાન આવતી કાલનો ઇતિહાસ છે. ભવિષની બારી કોણે ઉઘાડીને જોઇ છે. ? ભાવિ કેવુ હશે તે કોને ખબર છે ? તેતો જયારે વર્તમાન થશે ત્યારે જ ખબર પડશે. પરંતુ અતિત તો પોતાના પેટમાં આપણો ભવ્ય વારસો સાચવીને બેઠેલો રહેલો છે.

કાદિયા ગામના પાટીદારોનું મુળ શાખ પ્રમાણે વર્ગીકરણ (૨૦૦૯)

ક્રમ	મુળશાખ	પરણેલા પુરૂષ	પરણેલી સ્ત્રી	દિકરા	દિકરી	કુલ
૧	સાંખલા	૬૭	૭૬	૪૭	૪૪	૨૩૪
૨	જબુવાણી	૧૬૨	૧૭૪	૧૨૧	૧૧૨	૫૬૯
૩	ગોરાણી	૭	૮	૯	૮	૩૨
૪	ચૌહાણ	૧૦૨	૧૦૯	૮૪	૬૦	૩૫૫
૫	અજોરીયા	૩૭	૩૭	૨૯	૨૮	૧૩૧
૬	જાળવાળા	૨૪	૩૦	૧૯	૧૧	૮૪
૭	રૂડાણી	૩૩	૩૬	૧૯	૨૧	૧૦૯
૮	તેજાણી	૪૨	૪૬	૩૧	૨૦	૧૩૯
૯	લખાણી	૫૧	૫૨	૩૬	૨૧	૧૬૦
૧૦	ભીમાણી	૧૯	૨૨	૧૮	૧૭	૭૬
૧૧	મુખી	૧૪૧	૧૪૮	૧૦૧	૭૮	૪૬૮
૧૨	પોકાર	૧૬	૧૮	૧૭	૧૧	૬૨
૧૩	સુરાણી	૩૪	૩૭	૨૬	૧૮	૧૧૫
૧૪	વડાઈયા	૪૨	૪૩	૩૦	૩૪	૧૪૯
૧૫	નાકરાણી	૩	૪	૪	૧	૧૨
૧૬	રામાણી	૨	૨	૧	૩	૮
૧૭	ભીમાણી	૨૮	૨૯	૨૩	૧૬	૯૬
૧૮	સતપંથ	૪૩	૪૭	૩૫	૪૩	૧૬૮
કુલ		૮૫૬	૯૨૧	૬૫૪	૫૪૬	૨૯૭૭

કડવા પાટીદારની શાખાઓ, પેટા શાખાઓ તથા ગોત્ર

ક્રમ	શાખ	મુળવતન	સ્થળનું ઠેકાણું	પેટાશાખ	ગોત્ર
૧	રૂશાત	રોહતગઢ	જેમલનદીને કીનારે	દડગા	કાર્તિક ઋષિ
૨	માંડલોત	માંડલેહ	મેવાડની ઉત્તરે આણદાણી	લીંબાણી	ભૃગુ ઋષિ
૩	ભેમાત	ભામ	હોશિયારપુર પાસે	રામજીયાણી	યમદંગની
૪	ડાકોત્તર	-	-	સેંગાણી	અગત્સય ઋષિ
૫	મુંજાત	મુંજ	ગુજરાનવાલા પાસે	વેલાણી	અસિત ઋષિ
૬	ગામી	ગમ્બાર	માઉન્ટ ગોમરી પાસે	રામાણી, રવાણી, સેંગાણી,રાજાણી વાલાણી, ધનાણી, દાનાણી, રૂમાણી, ભોજાણી,મેપાણી,લાલજીયાણી,કમાણી, ડોસાણી, સૈયાણી, તેજાણી, પદમાણી	વશિષ્ઠ ઋષિ
૭	વિજાયત	વજીરપુરા	આગ્રા પ્રદેશ પાસે	કચ્છમાં નથી	અગીરસ ઋષિ
૮	ગોઢી	ગોઢ	શરીફ પુરા	માકાણી	અર્પમાં-સર્પમાં
૯	મોખાત	-	-	નાકરણી, પાંચાણી, સોમજીયાણી, મેઘાણી, માનાણી, જાદવાણી	ભારદ્વાજ ઋષિ
૧૦	ફોક	કુક	લારખાનાપાસે	કચ્છમાં નથી	દ્વિજ ઋષિ
૧૧	અમૃતીયા	અમૃતસર	પંજાબમાં	રંગાણી	શૌનક
૧૨	ટીલાન	ટિલાયુ	શાહબાગ પાસે	માવાણી, સવાણી, લાલાણી, મેપાણી	સૌભારી
૧૩	મુંગલા	મંગલપુરા	લાહોર પાસે	કચ્છમાં નથી	કુવાર્સ ઋષિ
૧૪	ભુત	ભુતનાથ	લુધાણિયા પાસે	કચ્છમાં નથી	પુલહ ઋષિ
૧૫	કડવાતર	-	-	મીકાણી	રોમેશ ઋષિ
૧૬	પહાણ	પાન	ગોડાબલ રામપુરા પાસે	ઠાકરણી	દધિચી ઋષિ
૧૭	ભુવા	ભોવા	લાહોર પાસે	સુરાણી, ભગત, પદમાણી, ભોજાણી, નાયાણી, સામણી, વાલાણી, સેગાણી પેથાણી, માનાણી, રતનાણી, ખેતાણી	કશ્યપ ઋષિ
૧૮	ચેચાંટ	-	-	કચ્છમાં નથી	વેદશીરા ઋષિ
૧૯	જુવાતર	જુવા	ઇટાવા પાસે	જબુવાણી વાઘડીયા	ત્વેષ્ઠા ઋષિ
૨૦	સોરઠા	સાનિયા	યુર્નીઅલ પાસે	કચ્છમાં નથી	પતંજલિ ઋષિ
૨૧	લારી	લાર	ગોરખપુર	વાડીયા	ઉત્તંગ ઋષિ
૨૨	લાકોડા	લાખોતર	લાહોર પાસે	કચ્છમાં નથી	પતંજલિ ઋષિ
૨૩	ગુગડા	ગોધા	ભાવલપુર	ગોરાણી, હળપાણી, માનકુવાઇ, રાવરાણી, ડોસાણી	યવરવ ઋષિ
૨૪	સાકરીયા	-	-	મૈયાત, વાસાણી, બાદાણી, રવાણી	શ્રુંગી ઋષિ
૨૫	મજીઠીયા	મજીઢમંઠી	અમૃતસર પાસે	ગોગારી	માર્કંડ ઋષિ

ક્રમ	શાખ	મુળવતન	સ્થળનું ઠેકાણું	પેટાશાખ	ગોત્ર
૨૬	મનવર	-	-	સાંખલા પ્રેમજીયાણી	દેવલ ઋષિ
૨૭	કનવર	કાતના	મથુરા પાસે	કચ્છમાં નથી	આસુરી ઋષિ
૨૮	દાણી	દાણાવલ	જલંધર	પાસેભાવાણી	સાંડિલ્ય ઋષિ
૨૯	ચેણીયા	-	-	કચ્છમાં નથી	ગાલવ ઋષિ
૩૦	ચપલા	ચપલ	મહુવા પાસે	કચ્છમાં નથી	આમ્યાન્તરમ ઋષિ
૩૧	હોતી	હોતી	પેશાવર પાસે	ચૌધરી	વાલ્મિકી ઋષિ
૩૨	હરાણીયા	હર	મેદની પુર પાસે	કચ્છમાં નથી	બોધ્ય ઋષિ
૩૩	ચપેલીયા	-	-	પજવાણી	મારતંડ ઋષિ
૩૪	શેઠીયા	-	-	ભીમાણી	પુલત્સય ઋષિ
૩૫	લહુઓટ	લાહોર	પંજાબમાં	ભગત	રૂચિક ઋષિ
૩૬	કલારી	કાલ	જેલમ પાસે	કચ્છમાં નથી	હિરણ્યલાભ ઋષિ
૩૭	કાળપુછા	કાળસાયા	લુધિયાણા પાસે	કચ્છમાં નથી	કૌશલ્ય ઋષિ
૩૮	વગદા	-	-	કચ્છમાં નથી	યાજ્ઞવલ્ક્ય ઋષિ
૩૯	ગોદાળ	ગોન્દા	અલીગઢ પાસે	ચૌહાણ	કૌશિક ઋષિ
૪૦	શીરવી	-	-	રૂડાણી, પાંચાણી, ડાયાણી, મેઘાણી શીવજીયાણી, વસ્તાણી	ચ્યવન ઋષિ
૪૧	અ ભડકા	ભક્કા	ગોપાળગંજ પાસે	પારસીયા	કપિલ ઋષિ
	બ ભડકા	-	-	કાલરીયા	પારશર ઋષિ
૪૨	કુંવારા	-	-	કચ્છમાં નથી	કૃપાચાર્ય ઋષિ
૪૩	ઢાનટોડવા	ઢાનાપુર	ગોડા બલરામપુરા પાસે	કચ્છમાં નથી	કરણ્ય ઋષિ
૪૪	ઢાકણીયા	-	-	કચ્છમાં નથી	જાતુકણ્ય ઋષિ
૪૫	કરણાવંત	કરંડા	ઘાસી પુરા પાસે	ઉકાણી, ભોજાણી, ખીમાણી લાખાણી, નરસીંગાણી	મૈત્રીય ઋષિ
૪૬	ધોળુ	ધોળ	મજરફપુર પાસે	ધોળુ, નરસીંગાણી	પીપલાદ ઋષિ
૪૭	દિવાણી	-	-	કાનાણી, કાનજીયાણી,ખેતાણી, નાથાણી	ગૌતમ ઋષિ
૪૮	ઢોકાણ	ઢેબાલ	ફરીદપુરા પાસે	કચ્છમાં નથી	આદિત્ય ઋષિ
૪૯	પોકાર	-	-	બાથાણી, નરસીંગાણી, સેંગાણી, પેથાણી, કેસરાણી, રતનાણી, લખાણી, સુરાણી, દાનાણી, ભીમાણી, ઉદેડાઇ, ઉકેડાઇ, લઘાણી,ઘનાણી, સાગાણી, સામાણી, અજોરીયા,વડવાળી, જાળવાળા, મુખી તેજાણી, ભાભાણી, સવાણી, રાજડાય	અત્રિ ઋષિ
૫૦	ગોગારી	-	-		ક્રતુ ઋષિ
૫૧	કોદાળ	-		કચ્છમાં નથી	ભતૃદેવ ઋષિ
૫૨	માંડ પીયા	માંડી	પંજાબમાં	પારેખ, છભૈયા, કેસરાણી	અંગીરા ઋષિ

" અત્રિઋષિ "

કરસનભાઇ પટેલ, સેવક

એક વખત અત્રિઋષિને બ્રહ્માએ સૃષ્ટિ રચનાની આજ્ઞા કરી ત્યારે અત્રિઋષિએ સો વર્ષ સુધી એક પગે ઉભા રહીને ઘોર તપશ્ચર્યા કરી અને મનમાં ચિંતવન કરવા લાગ્યા કે, "આ જગતનો જે ઇશ્વર છે. તેને શરણે હું જાઉ છું અને તે ઇશ્વર મને પોતના જેવો દિકરો આપે.

આ પ્રાર્થના સાંભળીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય દેવો અત્રિઋષિએ પુછયું કે, "મેં તો આ જગતના જે ઇશ્વર એક જ છે, તેમને એક ને જ બોલાવ્યા છે. અને મેં પુત્રોત્પથિ માટે એક જ ભાવનાને ચિત્તમાં ચિતવ્યા છે અને તમે ત્રણેય કેવી રીતે આવ્યા?

આ સાંભળી ત્રણેય દેવોએ હસીને મધુર વાણીથી જવાબ આપ્યો "અમારા અંશથી ઉત્પન્ન થયેલ ત્રણ પુત્રો તમારે ત્યાં થશે.

ઋષિ તમે જે વસ્તુનું ધ્યાન કરો છો તે જ અમે ત્રણ છીએ. પછી અત્રિઋષિને ત્યાં બ્રહ્માના અંશથી ચંદ્ર, વિષ્ણુના અંશથી દત્તાદેય અને શંકરના અંશથી દુર્વાસા પુત્ર રૂપે થયા. જે દત્તાત્રેયના નામની ઓળખાય છે. આજે પણ એમની મૂર્તિ પૂજાય છે. આ અંગે નારદે કમાલ કરી છે. અત્રિઋષિને ત્યાં જમીને તેઓ સીધા જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્યાં ગયા અને વાત મૂકી કે આજે અનસૂયાના ઘરેથી જ જમીને આવું છું. અનસૂયા માતાએ એવી તે રસોઇ બનાવી કે તમે તેની તોલે આવી ન શકો. હજુ પણ દાઢમાં એમનો સ્વાદ ભુલાયો નથી.

બ્રહ્માણી બોલ્યા : એવુ તે તેમણે શું બનાવ્યું હશે કે જેના કારણે તમે અમોને સંભળાવો છો? નારદજી બોલ્યા : લાડુ બનાવ્યા હતા. તમને એમાં ખબર ન પડે. અરે લાડુ તો અમે પણ બનાવીએ છીએ. અનસુયાના જેવા જ લાગે.

નારદજી બોલ્યા : પણ અનસુયાના જેવો સ્વાદ ન આવે. આમ વિષ્ણુને ત્યાં લક્ષ્મી દેવીને વાત મૂકી અને પછી ગયા શ્રી શંકરને ત્યાં પણ એમને એ જ વાત મુકી અનસુયાના અસ્તિત્વ તોલે તમે ન આવી શકો.

બ્રહ્મા, વિષ્ણુ, શંકર ત્રણે જણા ઉપડયા અનસુયાને ત્યાં. ત્યાં જઇને જોયુ કે અનસુયા માતા તો નિરાંતે પોતપોતાનું કામ જ કરે છે. આ ત્રણેય દેવોએ માગણી કરી ખાવાનું આપો.

માતા અનસુયા તો એમને માટે ખાવાનું લઇ આવ્યાં પણ એમણે શરત કરી કે અમે ત્રણ દેવ છીએ. અમને જમાડવા હોય તો કપડા કાઢીને અમને જમાડો. માતા અનસુયા વિચારમાં પડી ગયા, ત્રણેયને બાળક બનાવી દીધા અને જમાડયા : એમની શરત પૂર્ણ કરી છે. ને બુદ્ધિનો વિષય. આમ અનસુયાએ શિયળ સાચવ્યુ.

ઘણો વખત વીતવા આવ્યો ત્રણ દેવીઓ ભેગી મળી અને પતિની શોધ કરવા નીકળી. જતા જતા એમણે અનસુયા માતાને વાત કરી, તો અનસુયા માતાએ ઘોડીયામાં અંગુઠો ચૂસતા ત્રણેય બાળકો બતાવ્યાઅને કહ્યુ કે " જેનો પતિ હોય તે લઇ લો વાત પુરી થઇ ગઇ "

ત્રણે દેવીઓ વિચારમાં પડી એક સમાન અને એક જ રગંરૂપ ને આકાર. હવે કરવું શુ આમ ત્રણેયના સ્વરૂપ રંગ આકાર સમાન દેખાતાં માતા અનસુયાને વિંનતી કરી કે અમે તો તમારું સતિત્વ જાણવા એમને (પતિઓ) મોકલ્યા હતા. તમે આવા ખૂબ બુદ્ધિશાળી હશો એની તો અમને ખબર જ ન હતી.

એટલામાં અત્રિઋષિ આવ્યા અને નાટક જોયુ. તેઓ પણ વિચારીને પાણી છાંટયું. આ ત્રણે દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અસલ સ્વરૂપે દેખાયા. આ વાર્તા પરથી એમ જાણી શકાય છે. કે મહાનતા ની મહાનતા જરૂર દેખાય છે. કદી કોઇની પરીક્ષા કરવી ન જોઇએ. આજે પણ દત્તાત્રેયના રૂપે ત્રણે દેવ પૂજાય છે અને સંસાર રચાયેલો દેખાય છે.

શ્રી લક્ષ્મીનારાયણે નમઃ   શ્રી ગણેશાય નમઃ   શ્રી ઉમિયા માતાયે નમઃ

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ

મુ. પોસ્ટ - કાદિયા મોટા, તા. નખત્રાણા (કચ્છ) ફોન (૦૨૮૩૫) ૨૮૭૭૧૫

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટા દ્વારા તા. ૨૮-૮-૨૦૧૦ના રોજ કારોબારીએ બહાર પાડેલ શ્વેત પત્રના ઠરાવો. તેમજ રાત્રે ૯.૦૦ કલાકે બોલાવામાં આવેલ સામાન્ય સભામાં નિચે મુજબના ઠરાવો સર્વાનુમતે પાસ કર્યા છે. તેનુ દરેક સભ્યોએ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

ઠરાવ-નં. ૧

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટાના સભ્ય સનાતન વૈદિક હિન્દુ ધર્મને માનતા અને પાડતા કાદિયા મોટા ગામના પાટીદાર જ્ઞાતિના વંશજો જ થઇ શકશે. પિરાણા સતપંથ ધર્મને માનતી અને અનુસરતી કોઇપણ વ્યકિત આ સમાજનો સભ્ય બની અથવા રહી શકશે નહી. આ સમાજના કોઇ પણ સભ્યએ એમના બાહ્ય આચરણો જન્મથી મરણોતર સુધી હિન્દુ તરીકેના પાળવાના રહેશે.

અ. આ સમાજમાં લક્ષ્મીનારાયણ ભગવાનને માનવવાળા સભ્યો હોવા છતા અંદરથી પિરાણા સતપંથ ધર્મનો જય જયકાર બોલાવતા હોય છે. અને એમના સ્થાનકોમાં જેવા કે પિરાણા-કાદિયા મોટા આશ્રમ નિષ્કલંકિધામો - જયોતિષધામો સ્થાનકો વગેરેમાં દર્શન-પુજા-અર્ચના કરવા જાય છે. તેવા સભ્યોને આ સમાજ સદંતર કરવાનો આદેશ આપે છે. તેમાં કોઇ પણ પ્રકારની ઢીલાસ અથવાતો બાંધ છોડ કોઇપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી.

બ. મરણોતર બાદ આ સમાજના સનાતન ભાઇઓના પિરાણા જઇને ગુનો છોડાવવો. નારણ બલી ચડાવવી. મધરાતની પૂજા તેમજ સતપંથ સમાજના કોઇપણ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવો નહિં. એવા બાહ્ય - આચરણો કરવાવાળા અથવાતો કરાવવાવાળા આ સમાજના સભ્ય રહી શકશે નહીં.

ઠારાવ ન. ૨

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજના કાદિયા મોટાના કોઇપણ કુટુંબ તેમજ પરિવારમાં તેના સગા સંબધીઓ અગર પિરાણા સતપંથ ધર્મને માનનારા અથવા અનુસરતા હોયતો તેઓ તેની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ રાખી શકશે નહી.

ઠરાવ-ન. ૪

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટાના ધાર્મિક હિન્દુ ઉત્સવોના સમુહ કાયક્રમોમાં પિરાણા સતપંથ ધર્મને માનતી - અનુસરતી સમાજ વ્યકિત તેમજ પરિવાર તેમજ વ્યકિત સમુહને કોઇપણ પ્રકારનું આમંત્રણ આપવું નહી અને પિરાણા સતપંથ સમાજના કોઇપણ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લેવો નહી, તેમજ એમનું આમંત્રણ સ્વીકારવું નહી. તેમજ આપવુ નહી.

ઠરાવ-નં.૫

સતપંથ સમાજના સભ્યભાઈઓ શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટામાં સનાતન ધર્મ અંગિકાર કરવા ચાહતા હોય તો એવા ભાઈઓને આ સનાતન સમાજ આમંત્રીત કરે છે, સાથે સાથે હાલક પાડે છે કે એક મગની બેફાડો છે. તેને આપણે એક કરીએ છીએ. જાગ્યા ત્યારથી સવાર માની નિયમોના આધારે વૈદિક હિન્દુ સનાતન ધર્મ અંગીકાર કરવા માટે એક વર્ષનુ ટાઈમ આપવું એવો સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ કરેલ છે.

ઠરાવ-નં.૬

ઉપરોકત ઠરાવોનું પાલન કરવા તેમજ કરાવવા માટે સમાજના દરેક પરિવારોની નૈતિક ફરજ બને છે, તેથી દરેક પરિવારોએ સમાજના આ ઠરાવોનું ચુસ્ત પણે પાલન થાય તેની જબાબદારી પરિવારના વ્યકિતઓની રહેશે. એટલા માટે આ સમાજમાં એક વાયતા જળવાય છે એ હેતુ થી દરેક સભ્યો એવમ્ પરિવારો આપણો મુળ સનાતન હિન્દુ ધર્મ પાડવા માટે આ સમાજ આદેશ કરે છે.

ઠરાવનં.૭

ઉપરોકત ઠરાવોની પ્રતો (નકલો) કચ્છના ગામોની સનાતન સમાજોને મોકલવી તેની સાથે સાથે કચ્છ બહારની સમાજોને પણ આ ઠરાવોની નકલ મોકલવામાં આવશે.

ઉપરોકત ઠરાવો શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટાની સામાન્ય સભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે. અને તે તા. ૨૯.૮.૨૦૧૦થી લાગુ પાડવામાં આવે છે.

કાદિયા મોટા
શનિવાર, તા ૨૮.૮.૨૦૧૦

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટા

રણમલ માનાભાઈ પોકાર પ્રમુખ શ્રી — જીવરાજ મનજી જબવાણી મંત્રીશ્રી.

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ કાદિયા મોટા
પ્રકાશન સમિતિ

૧. નાનજીભાઈ રામજી લખાણી
૨. જીવરાજભાઈ મનજી જબુવાણી
૩. મોહનલાલ લધાભાઈ મુખી
૪. લખમશીભાઈ મુળજીભાઈ સાંખલા
૫. દેવજીભાઈ પ્રેમજીભાઈ સાંખલા

વડીલોના આશિષ

જણાવતા અંત્યત હર્ષ અનુભવીએ છીએ કે આપણા ગામમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું શિખર બંધ મંદિર બંધાવી કરી તેમા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન, કુળદેવી ઉમીયા માતાજી તથા આદ્યશકિત અંબામાં તેમજ સમસ્ત દેવ પરીવાર મંડળની સ્થાપના કરી ઉજવેલ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભગીરથ કાર્ય સંપ સલાહ થભિાઈઓ, માતાઓ, બહેનો તેમજ બાળકોએ પરીપુર્ણ કરી એક યાદગાર પ્રસંગનું નિર્માણ કર્યુ.

ઉજવેલ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ ગામ પુર્વ ઇતિહાસની યાદગાર રૂપે એક સ્મરણિકા પુસ્તક બહાર પાડી સમાજ તેમજ ગૌરવ વધારેલ તે બદલ અમો સર્વ વડીલો ખરા અંતઃકરણ પુર્વક તેમનો શુભાર્શીવાદ આપીએ છીએ. આવા ભગીરથ કાર્ય ગામ તેમજ સમાજમાં કાયમ કરતા રહો એજ આશિષ.

શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર
સનાતન સમાજના મુરબ્બીઓ

પ્રાણ પ્રતિષ્ઠા વખતે ગામના મુખી બાપા શ્રી નારણ વિરજી પટેલોનો સાથ અને સહકાર

મંદિર પ્રાણ પ્રતિષ્ઠા વખતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના શીખર બંધ મંદિરના આ પ્રસંગે ગામના વડિલ બાપાશ્રી નારણ વિરજી મુખી તરફથી ખુબ જ સાથ અને સહકાર મળેલ હતો. ત્રણ દિવસ ચાલેલ કાર્યક્રમમાં નારણબાપા પધારેલ મહેમાનો, વડીલો તથા સંતો સાથે રહી કરીને આ પ્રંસગને શોભાયમાન બનાવ્યો હતો અને દરેક કાર્યક્રમમાં તેમનો ખુબ જ સાથ અને સહકાર મળેલ હતો અને ધાર્મિક પ્રસંગે અમોને માર્ગદર્શન મળેલ હતું. ગામના કોઈપણ પ્રસંગે નારણબાપા હંમેશા હાજર રહે જ અને તન મન અને ધન થી ભોગ આપે છે. ગામના વિકાસ કાર્યમાં પણ હંમેશા આગળ રહે છે. સડકનું કામ હોય કે સ્કુલનું કામ હોય તળાવ વિગેરેનું કાર્ય હોય આવા કાર્યોમાં બાપા હંમેશા તન મન અને ધન થી ભોગ આપે છે. અમારા મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યમાં, અમોને સાથ અને સહકાર આપી કરી બાપાને આભારી બનાવ્યા છે. આર્શીવાદ આપેલ છે. આ ૠણ બાપનું અમો ભુલી શકીએ તેમ નથી. બાપા દિધાર્યુ રહે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

લી.
શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતાન સમાજ
કાદીયા મોટા

કાદિયા મોટામાં સનાતન ધર્મની સ્થાપના અને વડીલો

આપણા ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિર (પાન મુર્તી) ની સ્થાપના વિક્રમ સવંત ૨૦૦૨ માં કરવામાં આવી તે સમયે જ્ઞાતિના નરવીર વીરાણીના રતનસીં ખીમજી બાપાના સાથે સહયોગથી આ મંદિરની સ્થાપના કરવામાં આવી. આ અરસામાં ગામમાં તેમજ કચ્છમાં સતપંથ સમાજનું ખુબ જ જોર હતું. ને જ્ઞાતિ તેમના સૈયદોના પંજામાં જકડાયેલી હતી. પરંતુ ગામમાં વડીલો અને કુટુંબીજનો નીડર બની બહાર આવ્યા. કુટુંબના સગાઓના વિરોધ હોવા છતાં તેઓએ પીરાણા પંથને તિલાંજલી આપી કરીને હીંમત પુર્વક સનાતન ધર્મ અપનાવ્યો જે તેમને ધન્યવાદ આપવા ઘટે.

પ્રથમ ગામમાં જોધાઇચ્છાના નાના મકાનમાં ભગવાન શ્રીનું મંદિર બનાવી પાનમુર્તિની સ્થાપના કરવામાં આવી જ્યારે લગભગ ગામના અડધા લોકોએ સનાતન ધર્મ અપનાવ્યો, પરંતુ રૂઢીચુસ્ત વડીલો તેમજ કુટુંબીજનો ના ત્રાસથી પાછા સતપંથમાં ચાલ્યા ગયા સનાતન ભાઇઓ પોતાની યાદશક્તિ પ્રમાણે સંસ્થાને ચલાવા લાગ્યા

અને ધર્મનો પ્રચાર કરવા લાગ્યા. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમ કૃપાથી સનાતન ધર્મ ભાઇઓ સદ્ધર થવા લાગ્યા અને ચોકમાં પુર્વ બાજુમાં મકાન લઇ તેમાં પ્રભુની પાનમુર્તિ ની ધામધુમથી ધાર્મિક ઉત્સવ ઉજવીને સ્થાપના કરી નિત્ય મુજબ ભક્તિભાવ થી પ્રભુની સેવા કરવા લાગ્યા ગામના ચોકમાં મંદિર આવવાથી સભ્યોનો વધારો થવા લાગ્યો તે દરમિયાન સનાતન ધર્મને ખુબ વેગ રૂપી વંટોળ આવ્યો ને સર્વ જગ્યાએ સનાતન ધર્મને ખૂબ આવકાર મળવા લાગ્યો. ગામે ગામ નવા મંદિરોની પ્રાણની પ્રતિષ્ઠાઓ થવા લાગી, વળી દેશમાં તથા પરદેશમાં ખેતી તેમજ ધંધા નો વિકાસ કરવા લાગ્યા અને દરેક ક્ષેત્રમાં આગળ વધવા લાગ્યા ફકત ખેતી પર નિર્ભર ન રહેતા પરદેશમાં હરેક પ્રકારના વ્યવસાયો કરી ગૌરવભેર જીવન વ્યતિત કરવા લાગ્યા.

જીર્ણ થયેલ ચોક પરના એ મંદિરનું નવ નિર્માણ કરી તેની જગ્યાએ પાકુ બાંધકામ કરી ફરીથી તે જ મંદિરમાં પાનમુર્તિ ની ધાર્મિક વિધી કરવામાં આવી. આપણા વડીલોએ આપેલ ભોગ તેમજ વેઠેલ તડકા છાયાના પ્રતાપે સનાતન ધર્મ અહીં સુધી પ્રગતિ કઇ રીતે પામ્યો જે અહીં સુધી જણાવવામાં આવેલ છે. આપણા સમાજના તે વખતના વડીલો જેમણે આપણા સુનાતન ધર્મ માટે વધતો ઓછો અંશે ભાગ આપેલ, તેવા નરવીરોને આપણે અહિં યાદ કરીએ કે જેઓ શ્રી

સ્વ પટેલ ખીમજી વિશ્રામ ભીમાણી
સ્વ પટેલ વિશ્રામ વિરજી તેજાણી
સ્વ પટેલ શીવદાસ સોમજી જાળવાળા
સ્વ પટેલ હંસરાજ માના ચૌહાણ
સ્વ પટેલ નાગજી માવજી લખાણી
સ્વ પટેલ ગોપાલ રામજી મુખી
સ્વ પટેલ અરજણ વાલજી તેજાણી
સ્વ પટેલ રણમલ માના ચૌહાણ
સ્વ પટેલ દાના માવજી ચૌહાણ
સ્વ પટેલ જેઠા નાનજી સાંખલા
સ્વ પટેલ હંસરાજ પુંજા સાંખલા
સ્વ પટેલ દેવજી માધા ચૌહાણ
સ્વ પટેલ દેવજી લાધા અજોરીયા
સ્વ પટેલ કરસન પ્રેમજી પોકાર
શ્રી પટેલ રતનસી કાનજી સુરાણી
સ્વ પટેલ દેવજી હંસરાજ ભાવાણી
સ્વ પટેલ નાનજી તેજા મુખી
સ્વ પટેલ શીવદાસ રણમલ જોધાઇઆ
સ્વ પટેલ રતનસી દાના વડાયા
સ્વ અબજી રામજી જબુવાણી
અને અન્ય ભાઇઓ

શ્રી લક્ષ્મી નારાયણ પાટીદાર સનાતન સમાજ કાદીયા મોટા
કારોબારી સમિતિ (વિ. સંવત - ૨૦૬૭-૨૦૬૯)

હોદેદારશ્રીઓ

પ્રમુખ	શ્રી મનજી ડાહ્યાભાઇ વડાઇયા	(રાણાઘાટ)
ઉપપ્રમુખ	શ્રી હરજી કાનજીભાઇ જબવાણી	(પોંડીચેરી)
મંત્રી	શ્રી જીવરાજ મનજીભાઇ જબવાણી	(હૈદરાબાદ)
સહમંત્રી	શ્રી વિસનજી લાલજી સાંખલા	(અમદાવાદ)
ખજાનચી	શ્રી જીવરાજ પુંજાભાઇ જબવાણી	(ગોજારીઆ)
સહ ખજાનચી	શ્રી પ્રભુરામ દેવજી ભાવાણી	(કાદિયા મોટા)
સહ ખજાનચી	શ્રી હરીલાલ કરમશી જબવાણી	(કાદિયા મોટા)
ઓડીટર	શ્રી રતનશી કરમશી ચૌહાણ	(ઇન્દોર)
	શ્રી લખમશી મુળજી સાંખલા	(આણંદ)

ટ્રસ્ટીઓ

શ્રી નાનજી રામજી લખાણી (ઉદયપુર)
શ્રી પ્રેમજી જેઠા સાંખલા (આંણદ)
શ્રી ક.વી પટેલ જાળવાળા (નવી દિલ્લી)

શ્રી શામજી ભીમજી તેજાણી (પુના)
શ્રી નરશી રતનશી સુરાણી (કોન-કલ્યાણ)
શ્રી ખેતાભાઇ જીવરાજ અજોરીયા (બેંગલોર)
શ્રી દેવસી મનજી જાળવાળા (નવી દિલ્લી)

નાણા સમિતિ

શ્રી રવજી જેઠા જબવાણી (ઉદયપુર)
શ્રી મોહનભાઇ લધા પોકાર (ચૈન્નઇ)
શ્રી જીવરાજ ખેતા પોકાર (હૈદરાબાદ)
શ્રી વાલજી કાનજી ચૌહાણ (હૈદરાબાદ)
શ્રી દેવજી પ્રેમજી સાંખલા (આણંદ)

સલાહકાર સમિતિ

શ્રી નાનજી મેઘજી અજોરીયા (કડોદરા)
શ્રી મુળજી મનજી જબવાણી (પોન્ડીચરી)
શ્રી રણમલ માના પોકાર (હૈદરાબાદ)
શ્રી પ્રેમજી ડાયા ચોહાણ (પાદરા)
શ્રી વાલજી રતનશી રૂડાણી (મદુરાઇ)

કારોબારી સભ્યો

શ્રી શિવજી વાલજી જબવાણી (પોન્ડીચેરી)
શ્રી દેવસી માવજી જબવાણી (બેંગલોર)
શ્રી તેજાલાલ કેસરા જબવાણી (નારણગાંવ)
શ્રી લીલાધર જેઠા જબવાણી (ઉદયપુર)
શ્રી મોહનલાલ રામજી પોકાર (હુપરી)

શ્રી વાલજી અબજી પોકાર	(પુના)
શ્રી દયારામ રામજી પોકાર	(ઓભલા)
શ્રી માધવજી કાનજી પોકાર	(સંબલપુર)
શ્રી હંસરાજ ખેતાભાઇ પોકાર	(બેંગલોર)
શ્રી રામજી રવજી પોકાર	(અમદાવાદ)
શ્રી શીવજી ભીમજી તેજાણી	(પુના)
શ્રી રવજી કાનજી તેજાણી	(ખાનાપુર)
શ્રી દેવશી હંસરાજ સાંખલા	(મુંબઇ)
શ્રી ગોપાલ કાનજી લખાણી	(વલસાડ)
શ્રી ભીમજી લખમશી લખાણી	(ચોફુલા)
શ્રી ગંગદાસ જેઠા વડાઇયા	(હૈદરાબાદ)
શ્રી જંયતીલાલ રતનશી વડાઇયા	(ઇન્દાપુર)
શ્રી ગોપાલ કરમશી યોધાઇયા	(ઇન્દોર)
શ્રી કરશન રામજી રૂડાણી	(આણંદ)
શ્રી દેવજી ખીમજી રૂડાણી	(ડીંડીગલ)
શ્રી લાલજી મુલજી ભીમાણી	(ઉમરેઠ)

રસોડા સમિતિ

શ્રી બાબુલાલ નારણ ચૌહાણ	(હૈદરાબાદ)
શ્રી દેવશી કાનજી તેજાણી	(અહમદનગર)
શ્રી પુરષોત્તમ નારણ વડાઇયા	(કાદિયા મોટા)
શ્રી ભીમજી પ્રેમજી જબુવાણી	(કાદિયા મોટા)
શ્રી હરીલાલ હંસરાજ અજોરીયા	(કાદિયા મોટા)
શ્રી ધીરજ પ્રેમજી નાકરાણી	(કાદિયા મોટા)
શ્રી હરીભાઇ કરમશી જબુવાણી	(કાદિયા મોટા)

યુવક મંડળ

પ્રમુખ

જયંતીલાલ કેસરા જબુવાણી (નાસિક)

મંત્રી

દિનેશ પ્રેમજી સાંખલા (આણંદ)

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન મહિલા મંડળ
કાદિયા મોટા

કારોબારી સમિતિ

પ્રમુખ

શ્રીમતિ જયાબેન મોહનલાલ પોકાર (હુપરી)

ઉપ પ્રમુખ

ગોમતીબેન ભીમજી જબુવાણી (કાદિયા)

મંત્રી

શ્રીમતિ જયાબેન રતનશી ચૌહાણ (ઇન્દોર)
સ.મંત્રી શ્રીમતિ પાર્વતીબેન જીવરાજ પોકાર (હૈદરાબાદ)

ખજાનચી

શ્રીમતિ હંસાબેન હરિભાઇ પોકાર અજોરીયા (કાદિયા)

કાદીયા મોટા મધ્યે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મના સ્થાપક વડીલો જેમને સનાતન ધર્મ માટે વિધર્મીઓ સામે વિદ્રોહ કરી ગામમાં પાનમૂર્તિ મંદિરની વિક્રમ સંવત ૨૦૦૨ માં સ્થાપના કરી

વડીલોની યાદી

૧ સ્વ. પટેલ ખીમજી વિશ્રામ ભીમાણી	૧૧ સ્વ. પટેલ ગોપાલ રામજી મુખી
૨ સ્વ. પટેલ જેઠા નાનજી સાંખલા	૧૨ સ્વ. પટેલ દેવજી હસંરાજ ભાવાણી
૩ સ્વ. પટેલ વિશ્રામ વિરજી તેજાણી	૧૩ સ્વ. પટેલ અરજણ વાલજી તેજાણી
૪ સ્વ. પટેલ હંશરાજ પુંજા સાંખલા	૧૪ સ્વ. પટેલ નાનજી તેજા મુખી
૫ સ્વ. પટેલ સીવદાસ સોમજી જાળવાળા	૧૫ સ્વ. પટેલ રડમલ માના ચૌહાણ
૬ સ્વ. પટેલ દેવજી માધા ચૌહાણ	૧૬ સ્વ. પટેલ સીવદાસ રડમલ જોધાઈયા
૭ સ્વ. પટેલ હંસરાજ માના ચૌહાણ	૧૭ સ્વ. પટેલ દાના માવજી ચૌહાણ
૮ સ્વ. પટેલ દેવજી લધા અજોરીયા	૧૮ સ્વ.રતનશી દાના વડાઈયા
૯ સ્વ. પટેલ નાગજી માવજી લખાણી	૧૯ સ્વ. અબજી રામજી જબુવાણી
૧૦ સ્વ. પટેલ રતનશી કાનજી સુરાણી	૨૦ સ્વ. મનજી રામજી જબુવાણી

ગામ ખોંભડીના સનાતની વડીલો

સૌજન્ય : લક્ષ્મણ ભાઈ પટેલ

માધવજી ભીમજી ભગત	રતનશી નારણ વાગડીયા
કાનજી ભીમજી ભગત	લધ્ધા માવજી ભગત
નારણ ભીમજી ભગત	નથુ માવજી ચવાણ
લાલજી લધા ભગત	મુળજી લધા ચવાણ
રતનશી મુળજી વાસાણી	નથુ માવજી પજવાણી
મેઘજી શીવજી વાગડીયા	પ્રેમજી ભીમજી ચવાણ
માવજી શીવજી વાગડીયા	શીવજી ગોપાલ ભગત
લધારામ ભીમજી રવાણી	નાનજી પ્રેમજી ચવાણ

કચ્છ કડવા પટીદાર સનાતન સમાજ દીલ્હી

(૨૦૧૦ થી ૨૦૧૨)

ટ્રસ્ટીશ્રીઓ

(૧) શ્રી લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ
(૨) શ્રી રવિલાલ ખીમજી ચોપડા
(૩) શ્રી મુળજી જીવરાજ સેંઘાણી
(૪) શ્રી દેવશી મનજી પોકાર

કારોબારી સમિતિ

(૧)	પ્રમુખ	શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા - પાટીદાર સનાતન સમાજ
(૨)	પ્રમુખ	શ્રી કવિ પટેલ - દિલ્હીઝોન તથા ઉત્તર ભારતઝોન.
(૩)	ઉ. પ્રમુખ	શ્રી કવિ પટેલ - પાટીદાર સનાતન સમાજ
(૪)	મહામંત્રી	શ્રી રવિલાલ કરસન સેંઘાણી
(૫)	મંત્રી	શ્રી વાલજીભાઈ દેવશી માંકાણી
(૬)	મંત્રી	શ્રી અમૃતલાલ નારણ પોકાર
(૭)	ખજાનચી	શ્રી કરસન વિસરામ ચૌહાણ

સભ્યશ્રીઓ

(૧) શ્રી રતનશી હીરજી દીવાણી.
(૨) શ્રી રામજી નારણ પોકાર
(૩) શ્રી દામોદર મુળજી સાંખલા
(૪) શ્રી ભીમજી નાનજી રવાણી
(૫) શ્રી પ્રવિણ નાનજી ચૌહાણ
(૬) શ્રી રવિલાલ ખીમજી સાંખલા
(૭) શ્રી કાન્તીલાલ ઘન્નારામ સાંખલા
(૮) શ્રી ગોપાલ રામજી ગોરાણી
(૯) શ્રી લાલચંદ પરબત રવાણી
(૧૦) શ્રી હરિલાલ મેઘજી સેંઘાણી
(૧૧) શ્રી હરિલાલ નાનજી ચૌહાણ
(૧૨) શ્રી ખીમજી જીવરાજ ચૌહાણ
(૧૩) શ્રી જગદીશ કરસન ચૌહાણ
(૧૪) શ્રી કીશોર ગંગારામ સાંખલા
(૧૫) શ્રીમતિ મજુલાબેન ઝવેરભાઈ સાંખલા
(૧૬) શ્રીમતિ રાધાબેન રવિલાલ સેંઘાણી

સલાહકાર સમિતિ

(૧) શ્રી ઘન્નારામભાઈ હીરાલાલ સાંખલા
(૨) શ્રી અમૃતભાઈ વિશ્રામ સેંઘાણી

સમાજવાડી સમિતિ

(૧) શ્રી શિવજી વિસરામ ચૌહાણ
(૨) શ્રી દામોદર મુળજી સાંખલા
(૩) શ્રી કાનજી દેવજી ચૌહાણ

દિલ્હી સરદાર પટેલ સેવા સંસ્થાન દ્વારા શ્રી કવિ પટેલનું થયેલ સન્માન



સરદાર પટેલ સંસ્થાન સેવા સંસ્થાન દ્વારા છત્રપતિ શિવાજી જયંતીના સમારોહ પ્રસંગે સમાજ ઉપયોગિતા તથા પત્રિકાના ક્ષેત્રમાં અને વિવિધ ક્ષેત્રમાં અપાયેલ યોગદાન બદલ સરદાર પટેલ સેવા સંસ્થાન અને પટેલ ટાઈમ્સ પત્રિકાની તરફથી સમાજ સેવાઓનું B.J.P. પ્રમખ (U.P.) અને મંત્રીશ્રી ઓમપ્રકાશ પટેલના હસ્તે સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે ગુજરાતી પાટીદારોને આમંત્રણ આપી પત્રકારત્વક્ષેત્રે તથા પાટીદાર સમાજ સેવાના ક્ષેત્રે આપેલ યોગદાન બદલ શ્રી કવિ પટેલનું શાલ ઓઢાડી મંત્રીશ્રી ઓમપ્રકાશ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું. તેમની સાથે સમાજના અગ્રણી શ્રી રવિલાલભાઈ ખીમજી ચોપડા તથા શ્રી રતનશીભાઈ સોમજી રવાણી અને શ્રી નરસિંહ કવિ પટેલનું પણ પ્રમુખશ્રીના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સંસ્થા દર વરસે સરદાર પટેલ જયંતિ, શિવાજી જયંતિ તથા શાહુજી મહારાજ જયંતિ, સુભાષચંદ્ર જયંતિ અને આંબેડકર જયંતિ તથા ધાર્મિક તહેવારો ઉજવે છે અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ ચલાવે છે.

આ સમારોહની અધ્યક્ષતા મંત્રીશ્રી ઓમપ્રકાશ પટેલે અને સંચાલન સરદાર પટેલ સેવા સંસ્થાનના પ્રમુખશ્રી અને પટેલ પત્રિકાના પ્રધાન સંપાદક શ્રી રાજકુમાર પટેલે કર્યું હતું.

Wonder man Kavi Patel

(In the meeting at Lucknow)

લક્ષ્મીનારાયણ ધર્મના પ્રચારક

સ્વ. રતનશી નારાયણ વાગડીયા



ગામ : ખોંભડી કચ્છ ❋ **જન્મ : સવંત ૧૯૬૬**

પિતા શ્રી નારાયણ શિવજી વાગડીયા અને માતા શ્રી કંકુબેન નું એક માત્ર સંતાન શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ જે સતપંથ બાબતે ભટકાઇ ગયેલ તેમાં જાગૃતિ માટે સમય સમયાંતરે થયેલ પ્રયત્નો માં ખોંભડી ગામમાં સનાતનનો ઝંડો ઉપાડનાર તેમના પિતાશ્રી તરફથી મળેલ વિચારોનો વારસો તેમના જીવન પર્યંત કામે લાગ્યો. પોતાની ૨૨ વર્ષની ઉંમરમાં જ પિતાશ્રીનું અવસાન થતાં ખોંભડી ગામમાં પિતાશ્રી એ અધુરૂં મુકેલ કાર્ય પુરૂં કર્યું.

જ્ઞાતિ લેવલે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું સૌ પ્રથમ મંદિર જયારે વિરાણી ગામમાં થયું તે વખતે હાજરી આપનાર તેઓશ્રીએ તે મંદિર ના ૭૫ વરસની ઉજવણીમાં પોતાની ૯૮ વરસની વયે પણ હાજરી આપી અને ભાષણ કરી ને જુની વાતોની યાદ સૌને અપાવી હતી.

૧૦૨ વરસની લાંબી આયુ ભોગવવાને લીધે તેમના સનાતની વિચારોનો સંપૂર્ણ વારસો તેમના પૌત્ર રમેશભાઇ વાગડિયાને સાંપડયો. હિંમતભાઈના પિતાશ્રી રતનશી ખીમજી ખેતાણીની જુની વાતો વાગોળવાનો મોકો પણ હિંમતભાઇને સાંપડયો. તા. ૭.૮.૨૦૦૯ થી હિંમતભાઈની આગેવાની હેઠળ શરૂ થયેલ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ જાગૃતિ અભિયાનમાં રમેશભાઈ માવજી વાગડિયાને પણ તેમના વિચારો કામે લાગ્યા.

ગામે ગામે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિર ઉદ્‌ઘાટન પ્રસંગે અચૂક હાજરી આપનાર આ વ્યકિતત્વની નોંધ કદાચ જ્ઞાતિએ નહિં લીધી હોય પણ એ સનાતની ને આપણી કોટી કોટી વંદન કરીએ.

લક્ષ્મીનારાયણ ધર્મના સ્થાપક પ્રમુખ

સનાતની ધર્મ ધુંરધર સ્વ. રતનશી ખીમજી ખેતાણી



જન્મ : સવંત ૧૯૪૪ — સ્વર્ગવાસ : સવંત ૨૦૨૬

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મની જયોત જગાડનાર પ્રખર સનાતની સ્વ. રતનશી ખીમજી ખેતાણી ગામ વિરાણી મોટી હાલ ઘાટકોપર - મુંબઈ વાળા હતા.

સ્વામીનારાયણ શ્રી કેશરાબાપા પછી તેમના અનુયાયી બીજા મર્દ પુરૂષ શ્રી નારણ રામજી લીંબાણી થયા. કેશરાબાપાના અવસાન બાદ આ મહાપુરૂષે પીરાણા પંથવાળાને સતપંથ માંથી કચ્છ કડવા પાટીદાર સમાજને પાછા સનાતની બનાવવાનું અભિયાન ચલાવ્યું પરંતુ નારણબાપાને અંતિમ સમયમાં લકવા મારી જવાથી તેમના દ્વારા ચલાવેલ આંદોલન ધીમુ પડવા લાગ્યું. આ સમયમાં કચ્છ કડવા પાટીદારના ઈષ્ટગુરૂ ઓધવરામજી મહારાજ આગળ આવ્યા અને ધીમુ પડેલ આ આંદોલન ચાલુ રાખવા અને સમાજના પ્રખર સનાતની સ્વ.રતનશી ખીમજી ખેતાણી અને તેમના સાથીદાર વડીલોને સાથે રાખી. શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મની સ્થાપના કરી. ગામે ગામે પાન મૂર્તિ મંદિરો બનાવી સનાતન ધર્મની સ્થાપના કરવા વાળા ખાસ ઓધવરામજી મહારાજના આશીર્વાદ સાથે રતનશી ખીમજી ખેતાણી બાપા ગામ વિરાણી મોટી વાળા હતા.

સમાજે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને પોતાના ઈષ્ટદેવ બનાવી ઠેર ઠેર તેમના મંદિરો બનાવ્યા. સનાતન ધર્મ માટે સ્વ. રતનશી ખીમજીએ ખૂબ મહેનત કરી. તેમણે કચ્છમાં ઠેર ઠેર ફરીને સતપંથ છોડી, સનાતન ધર્મ અપનાવા અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન અને કુળદેવી "માં" ઉમિયાને પૂજવા લોકોને જાગૃત કર્યા. પરીણામે આજે કચ્છ કડવા પાટીદારોના ૯૦% લોકો સનાતની બની ગયા છે.

નામ રહંત ઠાકરા, નાણાં નહીં રહંત;
કિર્તિ કેરા કોટડા, પાડયા નહીં પડંત.

જય લક્ષ્મીનારાયણ